Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી ગ્રંથમાળા ગ્રંથાંક ૧૩૫

# આંતર જ્યોતિ

( ત્રીજો વિભાગ )

રચયિતા આચાર્ય
શ્રીમદ્ કીર્તિસાગરસૂરીશ્વરજી

: પ્રકાશક :
વિજાપુર જૈનાચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી જ્ઞાન-
મંદિર તરફથી સેક્રેટરી શા. ભોગીલાલ અમથાલાલ
વિજાપુર.

કિં ૩-૦-૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી ગ્રંથમાળા ગ્રંથાંક ૧૧૫

# આંતર જ્યોતિ

( [illegible] )

રચયિતા આચાર્ય
શ્રીમદ્ કીર્તિસાગરસૂરીશ્વરજી

: પ્રકાશક :
વિજાપુર જૈનાચાર્ય શ્રી બુદ્ધિસાગર સૂરીશ્વરજી જ્ઞાન
મંદિર તરફથી સેક્રેટરી શા. ભોગીલાલ અમથાલાલ
વિજાપુર.

કિં ૩-૦-૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વીર સંવત ૨૪૮૪
વિક્રમ સંવત ૨૦૧૪
ઈસ્વીસન ૧૯૫૮

પ્રત. ૧૦૦૦

: મુદ્રક :
પંડિત મફતલાલ ઝવેરચંદ ગાંધી,
નયન પ્રિન્ટિંગ પ્રેસ,
ઢીંકવાની વાડી, રીચીરોડ પુલ
નીચે, અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બે બોલ

"અતિદુર્લભ મનુષ્ય ભવ પામીને મનુષ્યો જો ખાવા પીવામાં વિષય વિલાસોમાં દિવસો-મહિના તથા વર્ષો, વ્યતીત કરવામાં આવે તો તે મનુષ્ય ભવની સફલતા મેળવી શકે નહી. એટલું જ નહિ પરંતુ પશુ પંખી વિગેરેનું આયુષ્ય બાંધી અત્યંત કષ્ટ દાયક પશુ પંખીના ભવમાં યાતના-વેદના વેઠવાનો વખત લાગી આવે એવા દુઃખો વેઠવા પડે નહી તે માટે યૌવનમાં વિષય કષાયના વિકારોને નિવારવા બલ બુદ્ધિને વાપરવાની ખાસ જરૂર છે. સમજણ વિનાના મનુષ્યો વિષય કષાયના વિકારોમાં સુખ માનતા હોવાથી તેમાં જ આસક્ત બને છે. પણ તેની પાછળ દોડતી આવતી આધિ-વ્યાધિ વિડંબનાઓ દેખતા નથી. તેથી જ શોક સંતાપ-પરિતાપાદિકના દુઃખો કદાપી ખસતા નથી.

પારકાઓની ચિન્તામાં, નિન્દા કરવામાં, તેઓના સંકટ દુઃખાદિવેલાયે ખુશી થવામાં તથા પરિગ્રહ વિગેરેને વધારવામાં વખત વ્યતીત કરવામાં સાચા સુખના સાધનો તરફ-દૃષ્ટિપાત પણ કયાંથી થાય.

સાચા સુખના સાધનો મેળવી તેઓનું રક્ષણ કરવા વિપત્તિઓથી મુક્ત થવાનો અવસર મલે તે માટે સમ્યગ્ જ્ઞાનીઓએ કૃપા કરીને વિવિધ ઉપાયો બતાવ્યા છે. સાધનો બતાવીને બેસી રહ્યા નથી પણ આત્મગુણો તરફ નજર પડે તે માટે વારે વારે પ્રયાસ કર્યો છે. આ આત્મગુણો તરફની નજર તેજ આંતરજ્યોતિ. આ આંતરજ્યોતિ તરફ નજર રાખવામાં આવે તો આત્મિક-વ્યવહારિક કર્તવ્યોમાં ચીકણા કર્મો ન બંધાય. તે માટે અમોએ આ ગ્રંથ નિરૂપણ કરેલ છે. આ વિવેચનમાં દૃષ્ટિદોષથી તેમજ પ્રેસના દોષથી જે ભૂલો રહેલી હોય તે સુધારી વાંચવા ભલામણ છે. આ આંતર જ્યોતિ ભાગ-૩ અઢી મહિનામાં છાપી આપેલ શ્રી નયન પ્રેસના માલીક પંડિત : મફતલાલ ઝવેરચંદભાઈની અમો કદર કરીએ છીએ. તથા આ ગ્રન્થમાં કાનો માત્ર અગર બીજા અક્ષરો રહી ગયા હોય તે સુધારી વાંચવા તસ્દી લેશો.

લી.
કીર્તિસાગરસૂરિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આંતર જ્યોતિ ભાગ–૩માં આવેલ મદદ તરીકેની રકમની યાદિ

૨૧૦–૦–૦ ઉપાધ્યાય–કૈલાસસાગરજી ગણી વર્યના ઉપદેશથી–અમદાવાદ–જૈન સોસાયટીની તરફથી.

૧૨૦૦–૦–૦ અનુયોગાચાર્ય પંન્યાસ–મહોદયસાગરજી ગણીના ઉપદેશથી જુદા જુદા શ્રાવકો તરફથી.

૧૦૦–૦–૦ સાધ્વીજી–મનોહરશ્રીજીના ઉપદેશથી શ્રી. ગોલવાડના ઉપાશ્રય તરફથી.

૧૦૦–૦–૦ સંઘવી-શ્રાવક-મણીલાલ લોદ્રાવાળા તરફથી હા–કંકુચંદભાઈ તથા–બબલદાસ.

૫૧–૦–૦ પ્રાંતીજ–શેઠ–રતિલાલ કેશવલાલભાઈ તરફથી.

૫૦–૦–૦ વિજાપુર-શા સકરચંદ–અમથાલાલ તરફથી. હા બાબુલાલ.

૪૧–૦–૦ પ્રાંતીજ શ્રાવિકા–દીવાળીબાઈના ઉપાશ્રય તરફથી.

૪૧–૦–૦ પ્રાંતીજ હુમડના ઉપાશ્રય તરફથી.

૨૫–૦–૦ પ્રાંતીજ–શ્રાવિકા રેવાબાઈ તરફથી હા. શા–શામળદાસ તુલજારામે આપ્યા.

૨૫–૦–૦ મેસાણા–સોમચંદ–ચુનીલાલ તરફથી

૨૫–૦–૦ મેસાણા–પુનમચંદભાઈ કોઆચંદ તરફથી

૨૫–૦–૦ ઘાટકોપર–શા–નેમચંદભાઈ તારાચંદભાઈ તરફથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આંતર્જ્યોતિર્દ્રષ્ટા-શાંતમૂર્તિ

## શ્રીમદ્ કીર્તિસાગરસૂરીશ્વરજી મહારાજ



જન્મઃ-સં. ૧૯૪૬ દીક્ષાઃ-સં. ૧૯૬૯

પંન્યાસ પદઃ-સં. ૧૯૮૪ આચાર્ય પદઃ-સં. ૧૯૯૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આંતર જ્યોતિ ભા–૩: શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | લિટી | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૩ | ૪ | ળા | ળ |
| ૯ | ૯ | તે | તેના |
| ૧૭ | ૨૨ | તેઆ | તેઓને |
| ૧૯ | ૮ | તેઘી | તેથી |
| ૧૯ | ૧૪ | ૦ | ને |
| ૨૯ | ૨૩ | કોઇન | કોઇની |
| ૩૧ | ૧૯ | પસા | પૈસા |
| ૩૧ | ૧૦ | સ્હેલ | રહેલ |
| ૩૩ | ૨૧ | બવા | બાવા |
| ૩૩ | ૨૪ | રાત્ર | રાત્રી |
| ૩૬ | ૯ | આત્ત | આર્ત |
| ૩૯ | ૯ | મ | માં |
| ૪૩ | ૧૪ | ઓ | એ |
| ૪૫ | ૨૪ | શ્રમણુ | શ્રવણુ |
| ૪૮ | ૨૦ | ગોઢવણુ | ગોઠણુ– |
| ૫૭ | ૬ | क | के |
| ૫૮ | ૧૧ | ગની | બની |
| ૫૮ | ૧૩ | થળેલી | મળેલી |
| ૬૦ | ૨ | ઇચ્છ | ઇચ્છા |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| પૃષ્ઠ | લિટી | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૬૨ | ૮ | વષ | વેષ |
| ૬૮ | ૧૭ | ૬૬ | ૬૨ |
| ૭૧ | ૫ | ૦ | ૨ |
| ૭૨ | ૧૭ | ૦ | વ |
| ૭૩ | ૧૧ | ચલુ | ચાલુ |
| ૭૬ | ૧૬ | कृति | विकृति |
| ૭૬ | ૧૬ | जाँ | जा |
| ૮૧ | ૨૦ | એ | એક |
| ૮૬ | ૧૮ | હે | હવે |
| ૮૭ | ૬ | આ | અ |
| ૮૭ | ૨૪ | વષ્ણુવ | વૈષ્ણવ |
| ૮૯ | ૧૬ | જાવા | જોવા |
| ૯૨ | ૭ | ના | નું |
| ૧૦૧ | ૮ | આમ | આમ સાંભળી |
| ૧૩૫ | ૧ | હઠ | હઠા |
| ૧૩૫ | ૧૫ | હતા | હતા વળી |
| ૧૪૧ | ૨૨ | તા | તો |
| ૧૪૩ | ૧૬ | હશે | હશે નહિ |
| ૧૬૬ | ૧૬ | સન્મા | સન્માદિ |
| ૧૬૮ | ૭ | લાવ્યો | આવ્યો |
| ૧૭૧ | ૧૯ | પ્રાડવા | પાડવા |
| ૧૭૪ | ૧૨ | સૃષ્ઠિ | સૃષ્ટિ |
| ૧૭૫ | ૭ | થણ | પણ |
| ૧૭૮ | ૧૧ | ને | ૦ |
| ૧૮૬ | ૭ | વ | પ |
| ૧૯૧ | ૮ | સંબધી | સંબંધ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| પૃષ્ઠ | લિટી | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૧૯૧ | ૧૧ | ના | ઓ |
| ૧૯૧ | ૧૯ | વરતુ | વસ્તુ |
| ૨૦૮ | ૪ | પકી | પૈકી |
| ૨૦૯ | ૧૧ | આત્મા | આત્માને |
| ૨૪૧ | ૭ | થી | ની |
| ૨૧૩ | ૬ | કય | કર્ય |
| ૨૧૫ | ૭ | અને | પરંતુ |
| ૨૧૯ | ૧૧ | સાર | મારૂ |
| ૨૪૨ | ૮ | તુ | તું |
| ૨૫૭ | ૭ | સ્પૂલ | સ્થુલ |
| ૨૫૯ | ૧૦ | ઠાં કેરે | ઠાકોરે |
| ૨૬૬ | ૧૬ | પદા | પદાથી |
| ૨૬૬ | ૧૯ | બ | બધા |
| ૨૭૩ | ૪ | ક | કર્યું |
| ૨૮૯ | ૧૬ | અ | માં |
| ૨૮૯ | ૨૩ | વદ્ય | વૈદ્ય |
| ૨૯૩ | ૧૬ | ધણી | ઘણી પીડા |
| ૨૯૫ | ૬ | ન | ને |
| ૨૯૯ | ૨૦ | વ | વૈ |
| ૩૦૨ | ૧૪ | નિન્ધ | નિંદ્ય |
| ૩૦૪ | ૧ | ના | તા |
| ૩૦૭ | ૪ | ખોડણ | ખોડખાંપણ |
| ૩૦૯ | ૬ | આચ્ય | આચ્ચ |
| ૩૧૪ | ૩ | નો | ના |
| ૩૧૪ | ૧૪ | ની | થી |
| ૩૧૮ | ૨ | યે | યો |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| પૃષ્ઠ | લિટી | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૩૧૯ | ૯ | વષ | વૈષ |
| ૩૨૩ | ૭ | ભૂલ | મૂલ |
| ૩૩૩ | ૧૯ | સહૃય | સહૃદય |
| ૩૩૪ | ૫ | યાતમા | યાતનામાં |
| ૩૩૪ | ૧૭ | પરોપાર | પરોપકાર |
| ૩૫૬ | ૧૯ | અજ્ય | અંજેય |
| ૩૬૨ | ૧૨ | ગજાર | ગુજારી |
| ૩૬૮ | ૮ | સંઠેટાને | સંકોટ |
| ૩૬૯ | ૩ | ખી | બી |
| ૩૭૯ | ૧૮ | પણ | પણ ન માન્યુ |
| ૩૮૦ | ૯ | થી | ની |
| ૩૮૨ | ૧૭ | ખુદ્ધિ | બુદ્ધિ |
| ૩૮૪ | ૫ | સર | દર |
| ૩૮૫ | ૧૮ | શે | શો |
| ૩૯૫ | ૧૬ | પીડ | પીડા |
| ૩૯૫ | ૨૦ | ૦ | દિ |
| ૪૦૭ | ૧૨ | મ | માં |
| ૪૦૭ | ૧૩ | આખ | આગ્રહ |
| ૪૦૭ | ૩૨ | તનુ | તિ |
| ૪૧૪ | ૧૪ | ખતે | અ તે |
| ૪૫૦ | ૧૩ | પઠે | પડે |
| ૪૫૪ | ૧૩ | ની | થી |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ ह्रीँ श्रीँ क्लीँ अर्हं नमः॥
सद्‌गुरु श्रीमद्‌बुद्धिसागरजी सूरीश्वराय नमो नमः
ऐं ऐं ऐं ऐं ऐं शारदायै नमः

卐

# આંતર જ્યોતિ

## ભાગ ૩ જો

卐

### ૧ સમ્યગ્ જ્ઞાનથી આત્મતત્ત્વ પરખાય. મળેલ વસ્તુઓની સફલતા—

સમ્યગ્ દર્શન અને સમ્યગ્ જ્ઞાન દ્વારા સજ્જનો વ્યવહારિક કાર્યો કરતાં છતાં લેપાતા નથી, નિર્લેપતામાં રહીને કર્મના બંધનનો રાગ-દ્વેષ અને મોહના વિકારોને હઠાવે છે. તથા આત્મતત્ત્વને શોધતા રહે છે એટલે તેઓને આધિ-વ્યાધિ અને ઉપાધિ બહુ સતાવી શકતી નથી. ત્યારે સંસારિક સુખમાં આસક્ત બનેલ અજ્ઞાનીઓને વ્યાવહારિક કાર્યોમાં અજ્ઞાનતાના યોગે આધિ-વ્યાધિ અને વિડંબનાઓ વારે વારે સતાવ્યા કરે છે. સાધન સંપન્નતા પણ આત્મલાભને લેવામાં અશક્ત બને છે અને જીવન પર્યંત વિવિધ ચિન્તાઓમાં ઘેરાતા રહે છે.

#### ભરવાડનું દૃષ્ટાન્ત

એક ભરવાડના હાથમાં પારસમણિ, ચિન્તામણિ હાથમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવ્યો પણ તેના સ્વરૂપને અને તેના પ્રભાવને નહી જાણતો હોવાથી ઘેટાના ગળે બાંધ્યો, અજ્ઞાનતાયે વસ્તુ તત્ત્વની ઓળખાણ થતી નથી. જેથી મનુષ્યો પુણ્યોદયે પ્રાપ્ત થએલ અનુકુલ સાધનોની સત્ય સાર્થકતા કરવા સમર્થ બનતા નથી તે સદાય બીચારા રહે છે. બહાદુર બનતા નથી/ આ ભરવાડને ચિન્તાચૂરક ચિન્તામણિ પ્રાપ્ત થયો છતાં બીચારો ને બીચારો રહ્યો કારણકે તેના સ્વરૂપને પ્રભાવને જાણતો નથી. તેને પથરો માની ઘેટાના ગળે બાંધ્યો છે.તેવામાં તેના તત્ત્વને જાણનાર–અને પ્રભાવને પીછાણનાર ઝવેરીએ તેની માંગણી કરી. તેના કહ્યા પ્રમાણે મિષ્ટાન્ન પૂર્વક પચીસ રૂપિયા આપીને લઇ લીધો અજ્ઞાની ભરવાડ, આટલું મળવાથી ઘણો ખુશી થયો પણ સત્ય લાભને લઈ શકયો નહી. બત્રીશ દોષને ટાળવા માટે પ્રયત્ન કરનારને હીનતા દીનતા ભાસતી નથી. અજ્ઞાની માણસોને ચિન્તામણિ–કામકુંભ કામધેનુ અને કલ્પવૃક્ષ કરતાં પણ અધિક મહિમાવંત અને જેની કિંમત મ્હોટો ઝવેરી પણ કરી શકે નહી. એવો મનુષ્યભવ પુણ્યોદયે મળ્યો. પરંતુ ખાનપાનમાં, મોજશોખમાં–વિષય કષાયના વિકારોમાં લંપટ બનવાથી અને તેમાં ખુશી થતા હોવાથી તેની સાર્થકતા અને સફલતા કરી શકતા નથી. જેઓ સમ્યગ્જ્ઞાન મેળવી શકશે નહી અને આત્મ સ્વરૂપને ઓળખશે નહી તો તેઓની હીનતા અને દીનતા ખસશે પણ નહી. પશુની માફક મનુષ્ય ભવ પૂરો કરીને જશો માટે અરે ભાગ્યશાલિઓ ! તમોને મહાપુણ્યોદયે મનુષ્યભવ. દશ દૃષ્ટાન્તે દુર્લભ પ્રાપ્ત થયો છે. માટે રાગ–દ્વેષ અને મોહના વિકારોને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કબજે કરવા પૂર્વક મૂલમાંથી તેઓનો ત્યાગ કરવા તત્પર બનો અને આત્મિક તત્ત્વને ઓળખવા સમ્યગ્જ્ઞાન દર્શન અને ચારિત્રનો ઘણા દૃઢભાવથી આદર કરીને, અજ્ઞાનતા અને પ્રમાદને હઠાવી આત્મસ્વરૂપને ઓળખે તો આત્મ સ્વરૂપને ઓળખ્યા પછી દીનતા–હીનતા અને યાચનાઓ જે ચિન્તાઓને કરાવી રહી છે તે આપોઆપ પુણીયા શ્રાવકની માફક ખસી જશે.

## શ્રાવકનું દૃષ્ટાન્ત

પુણીયા શ્રાવકે મનુષ્ય ભવની સફલતા કરવા માટે રૂની પુણીઓ વેચી જે મળે તેમાં સંતોષ રાખીને આત્મ સ્વરૂપને ઓળખવા અનાદિકાલની અજ્ઞાનતા-હીનતા-દીનતા-અને યાચનાઓને ટાળવા માટે સામાયિક કરવાની ટેવ પાડી. આત્મસ્વરૂપને ઓળખવાનું લક્ષ્યમાં રાખીને દશ માનસિક. દશ વાચિક અને બાર કાયિક દોષોને ટાળવાનો અભ્યાસ આદર્યો. તેમાં લગની હોવાથી સફલતાને પ્રાપ્ત કરી. પ્રભુ સર્વજ્ઞ મહાવીર સ્વામીએ તેમનું સામાયિક વખાણ્યું. અને સમ્રાટ્ શ્રેણિક નૃપને કહ્યું કે, જો પુણિયા-શ્રાવકના એક સામાયિકનું ફલ તમોને મળેતો નરકના આયુષ્યનો બંધ તૂટે છે તેમના સામાયિકમાં નરકના આયુષ્યને તોડવાની શક્તિ હશે ત્યારે જ પ્રભુએ કહ્યું હશે જ ને, તો આ શ્રાવકની સામાયિકમાં કેટલી શક્તિ ? કેવો મન-વચન અને કાયા પર કબજો ? તથા સંતોષ–નિર્લેપતા પણ કેવી ? આવી તાકાત મેળવવા માટે લગની લગાડવી તે આવશ્યક છે કારણ તે વિના અનાદિકાલના વિષય–કષાયના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિકારો અને વાસનાના આવિર્ભાવો ખસતા નથી. આવું સામાયિક ક્યારે થાય ? જ્યારે તમો સાંસારિક સુખની આસક્તિ ટાળીને તેમજ સમ્યગ્ જ્ઞાનાદિકને પ્રાપ્ત કરવા પૂર્વક બત્રીશ દોષને ટાળવા લગની લગાડો તો જ થાય દુન્યવી સુખની મીઠાશ લેવામાં અને તેમા શચી માચી રહેવામાં કર્મોના બંધનોને તોડનાર નિર્મલ સામાયિક બની શકતું નથી. માટે સંસારના પદાર્થોની આસક્તિને દૂર કરો. આસક્તિ રાખીને વ્રત નિયમને લેનારની તેનું પાલન કરવામાં અને પોષણ કરવામાં દઢતા રહેતી નથી. સહેજ પ્રતિકુલતા આવવાથી વિવેકને વિસારી વિવિધ બાનાઓ કાઢીને લીધેલા વ્રત નિયમને વિસારે છે.

## લાલસાનું દૃષ્ટાન્ત

એક લાલશા નામના માણસે ગુરૂ પાસેથી કોઇની વસ્તુ પૂછયા વિના લેવી નહી એવી બાધા લીધી. તેને દરરોજ કારણવશાત્ બે ગાઉ દૂર રહેલ ગામમાં જવું પડે છે. માર્ગે રહેલા આંબાના વૃક્ષોને દેખી મનમાં તેની કેરીઓ લેવાની અભિલાષા દરરોજ રહ્યા કરે છે. એક દિવસ તે માર્ગે જતાં મનોહર કેરીઓવાળો આંબો દેખ્યો. માનસિક વૃત્તિ કાબુ રહી નહી અને લીધેલી બાધા ભાગે નહી તેવી યુક્તિ કરીને આંબાની પાસે આજ્ઞા માગવા લાગ્યો. અરે આંબા ! તારી કેરીઓ, દશ બાર લઉં. આંબો તો ક્યાંથી બોલે ? પણ પોતે બોલવા લાગ્યો. 'લે.' દશ-પંદર. આ પ્રમાણે બોલી પંદરેક કેરીઓ લઇ લેતો અને મનમાં માનતો કે, લીધેલી બાધા સચવાય છે અને કેરીઓ પણ મળે છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આંબાના ઉપર કેરીઓ ઓછી થયેલી જોઈને વિચાર કરવા પૂર્વક તેનો માલિક સંતાઈ રહ્યો, તેવામાં 'લાલચા' આવીને આંબાને કહેવા લાગ્યો. 'અરે આંબા! કેરીઓ લઉં દશ, બાર?' 'લે. દશ પંદર' આ પ્રમાણે બોલી ધોકા વડે પંદર કેરીઓ તોડી પાડીને જ્યાં લેવા જાય છે તેટલામાં સંતાઈ રહેલ આંબાનો માલિક આવીને કહેવા લાગ્યો કે, 'અરે ધોકાશા! લાલચાને દશ મારૂં કે બાર?' 'માર દશ કે પંદર ધોકા!' આમ કહીને ધોકો લઈને લાલચાને પંદર ધોકા લગાવ્યા. લાલચાને ઘણો માર પડયો. પંદર દિવસે ચાલવાની શક્તિ આવી. હવે કેરીઓ લેવાની કલાને ભૂલી ગયો. તે માર્ગે જાય છે પરંતુ તેનું નામ પણ લેતો નથી. આ પ્રમાણે કેટલાક માણસો આસકિતને રાખીને બાધાઓ તો લે છે. પરંતુ તે વસ્તુઓ હાજર થતાં બાધાઓને ભૂલી જાય છે. તેથી કર્મરાજા ધોકા લગાવે તેમાં શી નવીનતા? જ્યારે આફત આવીને હાજર થાય છે. ત્યારે અન્ય ઉપર દોષનો આરોપ કરીને વ્યાકુળ બનવા પૂર્વક વૈર લેવાની અગર તેનો બદલો લેવાની વૃત્તિ રાખે છે. પણ વેર વળતુ નથી. અને અધિક અધિક દુઃખી થતો રહે છે. જો આસકિત ઓછી કરે તો લીધેલા વ્રત નિયમ સારી રીતે પાળી શકાય ને વિષયના વિકારોનું જોર ચાલી શકે નહી. માનસિકવત્તિ તથા પાંચ ઇન્દ્રિયો પણ કબજે આવે. અને આનંદ પૂર્વક જીવન પસાર થાય. માટે આત્મતત્ત્વને ઓળખવા આસકિતનો ત્યાગ કરીને વિવેકપૂર્વક વ્રતો-નિયમોને લેવાં અને પાલન કરવું તે અતિ ઉત્તમ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૨ પરોપકારમાં સ્વોપકાર પણ સધાય છે.

સમ્યગ્જ્ઞાની વિચાર અને વિવેક પૂર્વક પ્રત્યેક પ્રાણીઓ ઉપર કરૂણા લાવીને શક્ય સહકાર–સહાયને આપીને પોતાની ફરજ બજાવી સ્વજીવનની ઉન્નતિ સાધે છે. તેઓ સમજે છે કે પરોપકાર વિના આત્મોન્નતિ જલ્દી સધાતી નથી. અને આનંદ પૂર્વક જીવન વ્યતીત થતું નથી. પરોપકારને સ્વોપકાર માને છે તેઓ સારી રીતે માન્યતાને ધરાવે છે કે પરોપકાર વિના પોતે આગળ વધી શકે તેમ નથી. જે જે માણસોએ સ્વોન્નતિને સાધી છે તે પરોપકારના આધારેજ. એટલે તેવા પ્રસંગે શક્ય પરોપકારને કરવામાં પાછા પડતા નથી.

### ડોક્ટરનું દૃષ્ટાન્ત

સામાન્ય સ્થિતિમાન્ એક શ્રાવકના પુત્રે અન્યની પાસેથી મદદ લઇને ડોકટરી અભ્યાસ સારી રીતે કરી ડોકટર બન્યો પણ ધાર્મિક અભ્યાસ સારા પ્રમાણમાં પ્રથમ કરેલ હોવાથી જે જે દર્દીઓ આવે તેઓના ઉપર કરૂણા ભાવ લાવીને જો તે દર્દીઓની સારી સ્થિતિ ન. હોય તો "ફી" લેતો નહી. અને મફત દવા આપતો તેથી તેની ગામ નગરમાં સારી રીતે પ્રસિદ્ધિ થઈ. સદ્ગૃહસ્થો પણ તેની પ્રશંસા કરવા લાગ્યા. અને ધંધો અધિક પ્રમાણમાં ચાલવા લાગ્યો. કમાણી ઘણી થતી હોવાથી પરોપકારમાં પ્રેમ અધિક વધ્યો. એક મજુર, આખો દિવસ મજુરી કરી જે પૈસાઓ પ્રાપ્ત થાય. તેના આધારે માતપિતા પુત્રાદિનું ભરણ પોષણ કરતો પણ તાવ આવતો હોવાથી મજુરી કરી શકાતી નહીં. કુટુંબ પૈસાના અભાવે ભૂખે રહેવા લાગ્યું. ડોકટરને દવાના પૈસા આપવાની પણ તાકાત નહોતી. આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડૉક્ટરને બીમાર પડેલ મજુર અને તેના પરિવારની દશાની ખબર પડી. કરુણા લાવી ત્યાં આવીને તેને દવા તથા ભરણુપોષણાર્થે પચીશ રૂપિયા આપી પરોપકાર કર્યો. અને સ્વોન્નતિને સાધીને સદ્ગતિને મેળવી આમ સ્વોપકાર સ્હેજે થાય છે.

૩ વિવેક કરીને જ્ઞાનવરણીય કર્મોને દૂર હઠાવો.

અનાદિ કાલથી આત્મા કર્મોવડે લિપ્ત બનેલ છે. અને રાગ-દ્વેષ અને મોહ વડે અધિકાધિક લિપ્ત બનીને ચાર ગતિમાં ચોરાશી લાખ યોનીઓમાં પરિભ્રમણ કરે છે. કર્મો વડે જ કર્મો બંધાય છે. આઠ કર્મો સિદ્ધ ભગવાનોને નથી તેથી તેઓ કર્મોને બાંધતા નથી અને રાગ-દ્વેષ અને મોહના અભાવે અનંત-અવ્યાબાધ સુખનો અનુભવ કરી રહેલ છે. આપણે રાગ-દ્વેષાદિકનો જો ત્યાગ કરીએ, સર્વથા-સર્વદા અને સર્વત્ર જો તેઓનો ક્ષય થએલ હોય તો અનંત સુખનો અવ્યાબાધ રીતે અનુભવ કરી શકીએ. જ્ઞાનાવરણીય કર્મથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે, અને દર્શનાવરણીય કર્મથી દર્શનાવરણીય કર્મ બંધાતુ રહે છે. અને દર્શનાવરણીય કર્મથી મિથ્યાત્વ મોહનીય કર્મ બંધાય છે. અને મિથ્યાત્વ મોહનીય કર્મના આધારે ચારે ગતિમાં પરિભ્રમણ કરવું પડે છે. જો મિથ્યાત્વમોહનીય કર્મનો ક્ષય થાય તો કર્મોનો ભાર નથી કે લાંબો કાળ ટકી શકે, માટે પ્રથમ જ્ઞાનાવરણીયનો ક્ષય કરવા માટે સમ્યગ જ્ઞાનની આવશ્યકતા રહેલી છે. સમ્યગ્ જ્ઞાનથી વસ્તુગતે વસ્તુની સમજણ પડે છે. હેય જ્ઞેય અને ઉપાદેયની સમજણ પડતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુંઝવણ રહેતી નથી. દર્શનાવરણીય કર્મનો ક્ષય થવા પૂર્વક આત્માના ગુણોમાં-તથા જિનેશ્વરના ગુણોમાં શ્રદ્ધા થાય છે, અને સાથે સાથે અનુકંપા-વૈરાગ્ય-સંવેગ અને પ્રશમાદિ સદ્‌ગુણો પણ આવીને નિવાસ કરે છે. આ સદ્‌ગુણોના બલથી ચારિત્રને આવવાનો અવકાશ પ્રાપ્ત થાય છે અને ચારિત્રથી કર્મોની નિર્જરા પૂર્વક આત્મિક વિકાસ સધાતો રહે છે. તેથી અપૂર્વ સત્યાનંદનો અનુભવ થાય છે. રાગ-દ્વેષ અને મોહનો સર્વથા ક્ષય થયેલો હોવાથી જન્મ જરા-અને મૃત્યુની જંજાળ રહેતી નથી. માટે વસ્તુને વસ્તુગતે જાણો વસ્તુ વસ્તુ સ્વરૂપે જ્યાં સુધી સમજાશે નહી અર્થાત્ હેયજ્ઞેય અને ઉપાદેયની સમજણ પડશે નહી ત્યાં સુધી દરેક બાબતમાં મુંઝવણ રહેવાની જ. અને અસત્યને સત્ય તરીકે માની બેસાશે તથા સત્ય વસ્તુ તરફ આદર ભાવ રહેશે નહી ઉપેક્ષા વૃત્તિ રહેવાની જ અસત્ય તથા ક્ષણ વિનાશી વસ્તુઓમાં આદર વધતાં. પ્રેમ વધતાં સત્ય સુખ મળે પણ ક્યાંથી? અસત્ય વસ્તુ કદાપિ સત્ય સુખને આપવા સમર્થ બનતા નથી તેમજ મુંઝવણના યોગે ઉત્પન્ન થયેલ ચિન્તાઓ વ્યાધિઓ અને વિડંબના-ઓને ખસવાનો માર્ગ મળતો નથી. એટલે જ્યાં સુધી વસ્તુઓને તેના સ્વરૂપે જાણીએ નહી વિચાર વિવેક દ્વારા પૃથ-ક્કરણ કરીએ નહી ત્યાં સુધી મોહનીય કર્મોનું બલ રહેવાનું જ અને વિવિધ વિડંબનાઓ સર્વત્ર આવીને ઉપસ્થિત થવાની જ તમોને આધિ-વ્યાધિ અને વિડંબનાઓ દુઃખ જનક ભાસતી હોય તો સમ્યગ્જ્ઞાન દ્વારા વિચાર અને વિવેક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરીને વસ્તુના સ્વરૂપને સત્ય રીતે ઓળખો જેથી મુંઝવણ થશે નહી. અને ચિન્તાદિક પણ સ્વયમેવ ખસી જશે. ચિન્તાઓ વ્યાધિઓ અને વિડંબનાઓને દૂર કરવાની શક્તિ તમારામાં ભરપૂર છે. પરંતુ તેના સાધનોને મેળવતા નથી તેથી તમોને ઉપલબ્ધ કયાંથી થાય ? ચિન્તાદિક વર્ધક સાધનોને મહામહેનતે પણ મેળવો છો. અને વ્યાધિ. વિડંબનાઓને દૂર કરવા અભિલાષા પૂર્વક પ્રયાસ કરો છો તો તે વ્યાધિ વિગેરે કેવી રીતે ટળશે ? વિચાર કરો વિવેક લાવો ? કદાપિ તે ટળશે નહી. અને મુંઝવણમાં વધારો થતો રહેશે આથી ધારેલ કાર્ય સંપૂર્ણ થશે નહી.

પોલીસોએ કોર્ટમાં એક મ્હોટી ચોરી કરનારને ન્યાયાધીશની આગળ ઉભો રાખ્યો. ન્યાયાધીશે, તે ચોરને પૂછયું કે તારૂં નામ શું છે ? તેણે કહ્યું કે " લખો " બીજીવાર પૂછયું તેના જવાબમાં ચોરે કહ્યું કે 'લખો' ત્રીજીવાર પૂછતાં પણ તેણે ' લખો 'કહ્યું. ન્યાયાધીશ સમજ્યો એવું કે, લખો લખો બોલ્યા કરે છે પણ નામ દેતો નથી. તેથી તે મુંઝવણ થઇ. સત્ય વસ્તુની ખબર પડી નહી. વળી તેને ચોરને કહ્યું કે તારા આપનું નામ શું ? તેણે કહ્યું કે ' માંડો ' આ પ્રમાણે ત્રણ વાર પુચ્છતાં ચોરે માંડો માંડો કહ્યા કર્યું. ન્યાયાધીશને મુંઝવણનો પાર રહ્યો નહી. અને મનમાં બબડવા લાગ્યો કે આ મૂર્ખ " લખો અને માંડો " તેનું નામ અને તેના આપનું નામ પુચ્છતાં બોલ્યા કરે છે. માટે આ પાગલ હોવો જોઇએ અને પાગલની જુબાની લેવી તે મુર્ખાઈ છે. આમ ધારીને તેને છોડી દીધો. આ ચોર તે ન્યાયાધીશની સામે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરતો નાશી ગયો. પોલીસો ઝંખવાણા પડયા. અને કહેવા લાગ્યા કે મહામહેનતે તેને પકડયો અને તમોએ જલ્દી મૂકી દીધો એ ઠીક ન કર્યું. ન્યાયાધીશે કહ્યું કે તેનું નામ તથા તેના બાપનું નામ પુચ્છતાં. લખો અને માંડો આમ બોલ્યા કરતો હતો તેથી પાગલ જાણીને તેને છોડી મૂકયો. પોલીશે કહ્યું કે 'સાહેબ તે પાગલ નહોતો પણ આપ તેનું નામ સમજ્યા નહિ તે ચોરનું નામ લખો હતું અને તેના બાપનું નામ માંડો હતું તેથી તે પ્રમાણે બોલતો હતો.' આ સાંભળીને ન્યાયાધીશને ચિન્તાનો પાર રહ્યો નહી. આ લોકો મારી હાંસી કરશે અને ફજેતી કરશે પણ હવે શું કરવું. ? ચોર પાછો પકડાય એમ નહોતો. આ પ્રમાણે ન્યાયાધીશને પણ નામની સમજણ ન પડતાં ચિન્તાનો પાર રહ્યો નહીં. તો આત્માના તત્ત્વની સમજણ પડે ક્યાંથી ? બરોબર વિચાર કરીને બીજા જાણકારને પુચ્છયું હોત તો તો નામની અને સ્વરૂપની સમજણ પડત.

**નિમિત્તો, સારાં હોય તો, બુદ્ધિબલ સફલ થાય છે.**

નિમિત્તો, માનવોને બુદ્ધિ-શકિત અને સત્તાને વધારવામાં સારી રીતે મદદ કરે છે, પરંતુ તે સારા અને અનુકુલ મળ્યા હોય તો જ. ખરાબ અને પ્રતિકુલ નિમિત્તો મળતાં બુદ્ધિ-શકિત વિગેરેમાં બગાડો પેસે છે અને હાંસી પાત્ર થવાય છે. ભલે પછી રાજા મહારાજા હોય કે શેઠ શાહુકાર હોય. એટલે શુભ નિમિત્તોનો આદર કરવાની આવશ્યકતા રહેલી છે. દરેક માનવો સ્વયંબુદ્ધિબલમાં આગળ વધી શકતા નથી અને બુદ્ધિબલની વ્યાવહારિક તેમજ ધાર્મિકકાર્યોમાં ખાસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જરૂર છે. જો બુદ્ધિ ન હોય તો દરેક કાર્યો સારી રીતે બની શકતાં નથી અને સફલતા ધારણ કરી શકાતી નથી, બુદ્ધિબલથી ગમે તેવી વ્યાવહારિક કાર્યોમાં ગુંચવણ પડી હોય તો પણ સુગમતાએ તે ઉકેલી શકાય છે અને ધાર્મિક કાર્યોમાં સફલતા મેળવી શકાય છે.

એક બુદ્ધિમાન માણસ કોઈ એક ગામ તરફ જતો હતો માર્ગમાં આંબાવાડીયું આવ્યું. એક આંબા ઉપર મનોહર કેરીઓ ઝુકી રહેલ હતી. તેથી કેરીઓ ખાવાનું મન થયું. પણ આંબાનું વૃક્ષ ઘણું ઉંચું હતું. તેથી કેરીઓને લઇ શકાય એમ નહોતી. તેથી તેણે કેરીઓનું ભક્ષણ કરતા વાંદરાને બેત્રણ પથરાઓ માર્યા. તે પથરા તેઓ ચૂકાવીને ઘણી રીસ સાથે કેરીઓ પોતાના હાથમાં હતી તે લઇને પથરા મારનારને મારવા માંડી. આ પ્રમાણે માણસ પથરાઓ મારે છે.અને વાંદરા કેરીઓ મારે છે. આ પ્રમાણે દશ બાર કેરીઓ લઈ માણસ ચાલતો થાય છે. નિમિત્ત સારાં હોય તો યથેચ્છ લાભ થાય છે અને ખરાબ હોય તો લાભને બદલે નુકશાન થઈ બેસે છે.

**૪ વિચારપૂર્વક વિવેક કરવાથી બુદ્ધિબલમાં વધારો થતાં આધિવ્યાધિ અને ઉપાધિઓ ટળી જાય છે.** અને સહનતા વિગેરે ગુણો આવીને વસે છે. માટે લાભ કરનાર વિચારોને કરવા. ખરાબ વિચારોની સામે શુભ વિચારો કરીને ખરાબ વિચારોને હઠાવવાની ટેવ પાડવી તે જરૂરની છે. વિચારકોને એવા નિમિત્તો મળતાં ખરાબ વિચારો આવે છે. પણ તેઓ, તેઓના સામેના શુભ વિચારો ઉપસ્થિત કરીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હઠાવી શકે છે. એટલે ખોટા વિચારોનું જોર ચાલતું નથી, અને આપોઆપ ખોટા વિચાર ખસી જાય છે. જેઓ ખરાબ વિચારોના સામેના શુભ વિચારો કરતા નથી તેઓના ઉપર તે દુષ્ટ વિચારો ઘેરો ઘાલે છે. અને મન તનને તપાવી નાંખે છે. જે પંડિતનો ફાંકો રાખતા હોય તેઓ જો દુષ્ટ વિચારોનો સામનો કરી શકે નહીં તો તેની પંડિતાઈ લાભ આપવાને બદલે નુકશાનકારક બને છે. સાધુતા પણ શુભ વિચારો વડે શોભે છે અને આત્મકલ્યાણને તે સાધુતા સારી રીતે સાધી શકે છે. ક્રોધના વિચારો કેવા કેવા વિકારો અને વિપાકો વડે અત્યંત દુઃખકારક બને છે. તેનો રીતસર વિકારો નાશક ક્ષમાના વિચારો જો કરાય તો તે ઉત્પન્ન થએલ ક્રોધના વિચારોમાં પરિવર્તન થાય છે અને તન મનમાં શાંતિ રહે છે. અભિમાન-ગર્વના વિચારો નમ્રતાને ધારણ કરીને ટાળવા જાઈએ. માયાના વિચારોને ટાળવા માટે તેના વિપાકોને પરિણામનો વિચાર કરીને સરલતા ધારણ કરવી. તથા સર્વ પાપોના મૂલભૂત લોભના વિચારોને સંતોષ ધારણ કરીને સમ્યગ્ જ્ઞાનપૂર્વક ઉપયોગ રાખવો. કે જેથી તનમનને તપાવનાર ચિન્તાઓ દૂર ખસી જાય.અને સમત્વનો લાભ લેવાય.

## ચિન્તાઓ થવાનું કારણ આપણા વિષય કષાયના વિચારો અને વિપાકો છે.

જ્યાં સુધી તેવા દુષ્ટ વિચારો રહેશે ત્યાં સુધી અનુકુલ સાધનો હાજર હોવા છતાં પણ ચિન્તાઓ દૂર ખસવાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહી. માટે સદ્દવિચારો કરીને શાંત બની સર્વ ધાર્મિક કાર્યો કરો તેથી ધાર્યો કરતાં અપૂર્વ લાભ થશે ધૈર્ય–ઉદારતા–ક્ષમા–નમ્રતા સરલતા અને સંતોષાદિ ગુણો આવીને નિવાસ કરશે સદ્દબુદ્ધિને ધૈર્યાદિગુણો સાથે ગાઢ સંબંધ રહેલો છે. તેથી જ ગર્વિત બનેલા નૃપનો ગર્વ–અભિમાન ઉતારી શકાય છે. અને સદ્દગુણો વડે વાસિત બનાવી શકાય છે. એક રાજાને પોતાની સત્તાનો સંપત્તિનો અને સાહ્યબીનો ઘણો ગર્વ હતો અને મદમાં આવી સિંહાસન પર આરૂઢ થઈને અધિકારીઓને તથા શેઠ શાહુકારોને કહેતો કે, પ્રભુ જે ન કરે તે અમે અમારી સત્તાના આધારે કરવા સમર્થ છીએ. માટે પ્રભુ કરતાં અમે અધિક શક્તિમાન છીએ. આ પ્રમાણે સભામાં અભિમાન પૂર્વક બોલતા નૃપને સાંભળીને એક સજ્જન સદ્દગુણીને બહુ લાગી આવતું.

એકદા નિર્ભય બની સમયને બરોબર પીછાનીને ધૈર્યને ધારણ કરવા પૂર્વક અભિમાની રાજાને કહ્યું કે, મહારાજા! તમે કહો છો તે બરાબર છે. પ્રભુની સત્તા શકિત અને અનંત સામર્થ્ય છે. એટલે તમો જે અપરાધો ગુન્હા કે ભૂલો કરો તેવી ભૂલો અપરાધો તે પ્રભુ કરી શકે નહી. અન્ય ગુન્હેગારોને તમે હદ બહાર કાઢી મૂકો પણ પ્રભુની સત્તા તો સર્વવ્યાપક છે. એટલે ગુન્હેગારોને તે કયા સ્થળે કાઢી મૂકે? આ પ્રમાણે સાંભળીને નૃપનો ગર્વ ગળી ગયો અને કહેવા લાગ્યો કે તેં ધિરતા પૂર્વક સારી રીતે ટકોર કરી. હવે હું સમજ્યો કે પ્રભુની અનંત સત્તા અને સુખ કયાં? અને મારી મર્યાદાવાળી સત્તા અને સાહ્યબી કયાં? અત્યારસુધી ગર્વમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવીને જે બોલ્યા કરતો હતો તેથી પ્રભુનો ગુન્હેગાર બન્યો હવે આવા વિચારો અને ઉચ્ચારો કરીશ નહી.' આ પ્રમાણે નૃપ સમજણના ઘરમાં આવીને નમ્ર અને સરલ બન્યો. આ પ્રમાણે ખુશામતનો ત્યાગ કરીને જેઓ નિર્ભય બનેલ હોય છે. તેઓ પોતે પોતાના આત્માનો ઉદ્ધાર કરવા. તેમજ પરનો ઉદ્ધાર કરવા સમર્થ બને છે. આ રાજા તો ગુણાનુરાગી–અને ગુણગ્રાહી હતો તેથી જલ્દી નમ્રતા ને ધારણ કરીને થતી ભૂલોને સુધારી સરલ અને સંતોષી બન્યો પરંતુ કેટલાક એવા હોય છે, યુક્તિપૂર્વક સમજાવતાં ગર્વિત હોવાથી રાવણની માફક પોતાનો ગર્વ મૂકતા નથી, આવા અભિમાનીઓ ન માને તો સજ્જનોએ અફસોસ કરવો નહી. પરંતુ પોતાના સદ્ગુણોમાં દૃઢ થવું. કારણ કે જેઓ સમજાવ્યા સમજતા નથી અને અત્યંત મદમાં આવી અપરાધોને વધારતા રહે છે. તેથી તેઓ ગુણોના ભાજન લાયક થતા નથી. આમ સમજી ઉપેક્ષા ભાવ ધારણ કરવો. કે જેથી આત્મહિત તો સધાય. અફસોસ કરવાથી અગર ચિન્તાઓ કરવાથી તો સદ્ગુણોમાં હાની પહોચે છે, કેટલાક ભાગ્યશાલીઓ, અન્યજનો અગર સ્વજનને અભિમાન–મમતાનો ત્યાગ કરવા લાગણી પૂર્વક સમજાવે તે છતાં પણ અહંકાર–મમતાનો ત્યાગ કરતા નથી ત્યારે ઘણો પરિતાપ કરીને ઝુર્યા કરે છે અને ચિન્તા કરીને અતિ દુઃખી બને છે તે ઉચિત નથી. તે વખતે આ માણસો કર્મોના વિકારોથી અધિક ઘેરાએલ છે. આમ સમજી આત્મકલ્યાણમાં રહેવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૫ મનુષ્યજન્મનો સાર જો કોઇ હોય તો સમ્યગ્ જ્ઞાનીઓની વિનયપૂર્વક આરાધના કરીને સમ્યગ્ જ્ઞાની બનવું.

આ કરવાથી સંસારિક આધિ-વ્યાધિ અને વિડંબનાઓનું જોર ચાલશે નહી; સમ્યગ્ જ્ઞાનરહિત મનુષ્યો સહજ પ્રતિકુલતા ઉપસ્થિત થતાં તેનું મ્હોટું રૂપ ધારણ કરીને વારે વારે ચિન્તાઓ કર્યા કરે છે તેથી જે પ્રતિકુલતા આવી છે. તે અધિક જોર પકડે છે. એટલે પ્રતિકુલતાને નિવારવાના ઉપાયો હસ્તગત થતા નથી. તથા દરેક બાબતોમાં અનુકુલતા આવે છે તે ગર્વને ધારણ કરીને ઉન્મત્ત બની વિષય કષાયોના વિકારોમાં આસક્ત બનીને પરિણામે અત્યંત દુઃખનું ભાજન બને છે. જો તેઓ સમ્યગ્જ્ઞાનીની વિનયપૂર્વક આરાધના કરે તો સમ્યગ્જ્ઞાની બનીને પ્રતિકુલતાના પ્રસંગે તથા અનુકુલતાના સંયોગો પ્રાપ્ત થતાં શોક પરિતાપાદિકને રાગ-દ્વેષ અને મોહાદિકને હઠાવી આત્મિક વિકાસને સાધવામાં સમર્થ બને. અને દુન્યવી પદાર્થોની આસકિતનો ત્યાગી બની આનંદપૂર્વક જીવનને પસાર કરે માટે સમ્યગ્જ્ઞાનીઓના પ્રત્યનીક થવું નહીં. તેઓની પાસે વિરુદ્ધ વર્તન કરવું નહીં. તેઓ જેમ પ્રસન્ન રહે તે પ્રમાણે વર્તન રાખવું. તેમની આશાતના કરવાથી તેમજ તેઓના સામે પડવાથી કોઈ જ્ઞાની બનતા નથી પણ જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. અને આ ભવમાં-પરભવમાં સમ્યગજ્ઞાની થવાતું નથી તેથી વારે વારે દરેક પ્રસંગે મુંઝવણ આવીને ઉપસ્થિત થાય છે. તથા જ્ઞાન સાધનોની આશાતના કરવાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે સાધનોનું રક્ષણ થતું નહિ હોવાથી સાધનોને માટે ઘણી મુશ્કેલી આવી પડે છે માટે તેની પણ આશાતનાનો ત્યાગ કરવાની આવશ્યકતા છે.

**૬ વ્યાવહારિક કાર્યોમાં સમ્યગ્જ્ઞાનના અભાવે અનેક પ્રકારના કંકાસ વિખવાદ વિગેરે ઉપસ્થિત થાય છે.**

સમ્યગ્જ્ઞાનના અભાવે અહંકાર-અભિમાન ઇર્ષ્યાદિને આવવાનો અવકાશ મળી આવે છે. આવા દુર્ગુણોનો જ્યારે પ્રવેશ થાય છે ત્યારે માનવો માણસાઇને પણ ગુમાવીને પશુવૃત્તિ ધારણ કરે છે સહજમાં અભિમાનને ધારણ કરીને ઝગડો ઉભો કરે છે. એક પિતાના બે ભાઇઓ યુવાવસ્થામાં આવ્યા પછી વિચાર કરે છે કે પિતાની પુંજીના આધારે જીવન વ્યતીત કરવાથી પ્રવીણુતા. સ્વાધીનતા તેમજ અનુભવ આવશે નહી. માટે આપણે પરદેશમાં જઇ આપણે સ્વયં વ્યાપાર કરીને ધનને પ્રાપ્ત કરીયે: તેથી સારી રીતે પ્રસિદ્ધ થઈશું. આમ વિચારી બન્ને ભાઇઓ પરદેશમાં જઈને કુશલતા પૂર્વક વ્યાપાર કરવા લાગ્યા. ધનાદિકમાં જ ધ્યાન હોવાથી વિષય કષાયોના વિકારોમાં વશ ન બનતા પૈસો પ્રાપ્ત કરવા લાગ્યા. પાંચ વર્ષમાં તો સારી કમાણી કરીને પોતાના વતન તરફ તેઓએ પ્રયાણ કર્યું. પરંતુ માર્ગમાં સમ્યગ્જ્ઞાનના અભાવે મ્હોટાભાઇના મનમાં મોહ પેઠો તેના યોગે તેને મુંઝવણ-ચિન્તાઓ થઇ કે, મારી હુંશીઆરીથી જ આ સઘળું ધન પ્રાપ્ત થયું છે. ન્હાનાભાઇએ તો કાંઈ કામ કર્યું નથી માટે તેને મારી નાંખીને સઘળા ધનનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હું માલિક બનું અને સુખી થાઉં. આ પ્રમાણે દુષ્ટ વિચારોના આધારે પોતાના વતનમાં આવ્યા પછી જમણુ વીરનો પ્રસંગ ઉભો કરીને લાડુમાં વિષ નાંખ્યું. પણ ખ્યાલ રહ્યો નહીં જેથી વિષવાળો લાડવો પોતે ખાધો. વિષના વિકારોથી વ્યાપ્ત બન્યો. ઉપાયો તો ઘણા કર્યા પણ હળાહળ ઝેર હોવાથી મરણ પામ્યો. સઘળી મિલ્કતનો માલિક નાનો ભાઇ થયો અને મ્હોટો ભાઈ દુર્ગતિનું ભાજન થયો.

## ૭ સદાચાર એ પુણ્યનું અનન્ય સાધન છે, તેથી જ કરેલો ઉદ્યમ-સફલ થાય છે.

જો સદાચાર હોય નહી તો કરેલા પુરૂષાર્થ યથેચ્છ લાભ આપી શકે નહી માટે ઉદ્યમની સાથે સદાચારનું પાલન કરવા કટીબદ્ધ થવું જોઈએ પુણ્યાનુબંધી પુણ્ય સદાચારો વડે જ બંધાય છે દેવ ગુરૂ ધર્મની સાથે તેમની શ્રદ્ધા પ્રીતિ અને ભક્તિ સહિત અને આજ્ઞા પૂર્વક જે સદ્વર્તન રાખે છે તેમના જીવનમાં અપૂર્વ પરિવર્તન થાય છે. માનસિક વૃત્તિમાં શુભભાવનાઓ આવીને વસે છે વચનમાં અમૃત આવીને સ્વપરને ઉપકારક બને છે કાયાની પ્રવૃત્તિ નિયમ બદ્ધ બને છે. ચક્ષુઓમાંથી કરૂણા ભાવ વર્ષે છે. દરેક પ્રાણીઓ પ્રત્યે મૈત્રી ભાવના સ્વયમેવ આવીને વસે છે. એટલે તેઓ સમકિત શ્રદ્ધાની સાથે સદાચારી હોવાથી તેઓને અભિમાન અહંકાર કે આસક્તિ બહુ અલ્પ હોય છે. અને જગતમાં પ્રશંસા પાત્ર બની આત્મહિત સાધી શકે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમદાવાદમાં શાંતિદાસ શેઠ દેવગુરૂ અને ધર્મના ઉપાસક હતા અને ઝવેરાતનો વ્યાપાર કરતા હતા. કદાપિ કોઈને કપટ કરી છેતરતા નહી. ન્યાયસંપન્ન વિભવ વાળા હોવાથી ઝવેરાતમાં સારી કમાણી તેમને થતી. એક વખત દીલ્હી શહેરમાં આ શેઠ ઝવેરાતના વ્યાપાર માટે આવેલ છે. તે વખતે જહાંગીર બાદશાહનું રાજ્ય હતું. એકદા આ બાદશાહ વિચારવા લાગ્યો કે આ શહેનશાત મ્હને મળી.તેનું કયું કારણ હશે ? સઘળા રાજાઓ તાબે બનીને મારી સેવા બજાવે છે તેનું કારણ હોવું જોઈએ ? સભામાં આવેલ ઝવેરીઓને પ્રશ્ન કર્યો કે તમે ઝવેરાતની કિંમત સારી રીતે કરો છો. તો મારી કિંમત કેટલી ? તે બરોબર તપાસ કરીને કહો ? ઝવેરીઓ મુંઝવણમાં પડયા. અને માંહોમાંહી વિચાર કરવા લાગ્યા કે, કરોડોની કિંમત કહીશું, તો પણ આ બાદશાહ કહેશે કે મારી પાસે અબજોની કિંમતના હીરાઓ અને ઝવેરાત છે. તેનો હું સ્વામિ છું. તમોએ તે ઝવેરાતની કિંમત કરી પણ મારી કિંમત કેટલી તે કહો ? આ પ્રમાણે સાંભળી ઝવેરીઓ વિમાસણમાં પડેલ છે. તેટલામાં શેઠ શાંતિદાસ તેમની પાસે આવ્યા. અને ઉદાસીનતાનું કારણ પુચ્છયું. ઝવેરીઓએ કહ્યું કે બાદશાહ જહાંગીરે પોતાની કિંમત પુછી છે. કેટલી કિંમત આંકવી તેની મુંઝવણમાં પડયા છીએ. શેઠે કહ્યું કે આમાં મુંઝવણમાં પડવા જેવું નથી. જહાંગીરની કિંમત હું કરીશ ! ઝવેરીઓને આશ્ચર્ય થયું કે આ યુવાન શાંતિદાસ કેટલી કિંમત આંકે અને કેવી રીતે કહે છે. તે જોઈએ તો ખરા ! ઝવેરીઓ શેઠ શાંતિદાસને સાથે લઈને જહાંગીર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાદશાહની સભામાં હાજર થયા. બાદશાહે કહ્યું. કે; મારી કિંમત આજેજ કરવી પડશે. શાંતિદાસે કહ્યું કે 'બાદશાહ ? કાંટો મંગાવો ! જોખીને તમારી કિંમત કરીયે.' બાદશાહે હીરાઓ જોખવાનો કાંટો મંગાવ્યો તેમાં હીરાઓ મૂકીને બન્ને પલ્લામાં વારાફરતી હીરાઓ જોખીને કહ્યું કે 'જહાંપનાહ ! આપની કિંમત આંકી તમારી કિંમત એક રતિની (ભાગ્ય) છે. બાદશાહે વિચાર્યું કે શેઠ વિચારીને બોલેલ હશે. તેથી તેનો અર્થ પુછયો. શેઠે કહ્યું કે મનુષ્ય પણામાં અમે તથા પ્રજાઓ અને તમે સરખા છીએ. પરંતુ રતિ કહેતાં ભાગ્ય તમારૂ અધિક છે, એટલે તમે બાદશાહી ભોગવો છો. આ પ્રમાણે સાંભળી બાદશાહે શેઠને અમદાવાદના નગર શેઠની પદવી આપી. અને બહુ સન્માન કર્યું. આ પ્રમાણે સદાચારી શેઠને પુણ્યથી સઘળી સાહ્યબી મળી.

## ૮ ડાહ્યા સમજુ માણસો પણ વસ્તુનું સ્વરૂપ જ્યાં સુધી ન સમજાય ત્યાં સુધી ભ્રમણામાં પડે છે અને વિવિધ અનર્થને કરી બેસે છે.

વસ્તુ સ્વરૂપ સમજ્યા પછી ભ્રમણા—ભ્રાંતિ રહેતી નથી, તેથી હેય ત્યાગ લાયક વસ્તુઓ ત્યાગ કરી શકાય છે. વિષય કષાયના વિકારોનું બલ રહેતું નથી. અમદાવાદ શહેરમાં ગીરધર ગોપાળની પેઢીની પ્રસિદ્ધિ સારી હતી તેથી તે પેઢીમાં થાપણ મૂકવા ઘણા લોકો આવતા. એક વખત બહાર ગામના એક શેઠનો નોકર પોતાના શેઠની થાપણને મૂકવા આ પેઢી ઉપર આવ્યો. ગીરધર ગોપાલે રૂપિયા ગણીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેની થેલી તિજોરીમાં ન મૂકતાં તિજોરી ઉપર મૂકીને સાંજરે વાળુ કરવા જતા હતા તે વખતે નરોડાનો મોતીલાલ વાણીયો પણ રૂપિયા લેવા આવ્યો હતો. તેથી શેઠ તેને પોતાને ઘેર લઈ જઈને જમાડીને કહ્યું કે, 'જા, દુકાને સૂઈજા. સવારે નરોડે જજે. મોતીલાલ–દુકાને સૂઈ ગયો. પેલા નોકરે તિજોરીના ઉપર મૂકેલી રૂપિયાની થેલીને ચોરી જવાની ભાવના કરી. તેથી મધ્યરાત્રિએ આવીને દુકાનમાં પ્રવેશ કરીને થેલી ઉપાડી નાઠો. નિદ્રામાં ઘેરાયલ મોતીલાલને ખબર પડી નહી. થેલી લઇને આ નોકર નાઠો તો ખરો પણ કોટના દરવાજા બંધ હોવાથી તેનાથી બહાર જઈ શકાયું નહી. તેથી તેણે પાસે રહેલ ઉકરડામાં થેલીને સંતાડી એક ઓટલા પર સૂઈ ગયો. જ્યારે આ નોકરે ચોરી કરી ત્યારે સામેની બાજુએ હીરાલાલ નામે શેઠ નામુ લખતા હતા. ખડખડાટ થવાથી તપાસ કરવાને પોતાના પુત્રને મોકલ્યો. તેણે ચોરીની વાત પોતાના પિતાને કહી. પિતાના કહેવાથી તે પુત્ર પેલા નોકરની પાછળ ગયો. ગુપ્ત પણે રહીને ઉકરડામાં થેલીને મૂકતાં જોઈ લીધી.

પેલો ચોરી કરનાર નોકર સૂઈ ગયા પછી ઉકરડામાંથી થેલીને લઇને શેઠના પુત્રે થેલી પોતાના પિતા હીરાલાલને આપી. શેઠે વિચાર કર્યો કે સવારમાં ચોરીની બીના કહીને ગીરધર ગોપાલને થેલી આપીશું. પણ સવારમાં અગત્યનું કામ આવી પડતાં હીરાલાલ પુત્ર સાથે બહાર ગામ ગયો અને મોતીલાલ વહેલો ઉઠી દુકાનની કુંચીઓ ગીરધર ગોપાલને આપીને સ્વગામે ગયો. ગીરધર ગોપાલ નવ વાગે પેઢી ઉપર આવ્યા. દુકાન ઉઘાડી દુકાનમાં થેલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહી હોવાથી નરોડાના વાણીઆ પર શંકા આવી. જરૂર તેમણેજ લીધી હશે એમ ધારી પોલીસને સાથે લઈને તેઓ નરોડા ગયા. મોતીલાલે તેઓને સ્વાગતપૂર્વક પોતાને ઘેર લઈ ગયો અને કહ્યું કે, કહો કેમ આવવાનું થયું. તેઓએ કહ્યું કે, અલ્યા–તને રૂપિયા ધીરીએ છીએ. સાથે જમાડીએ હુકાને પણ સુવાડીએ છીએ. અને દરેક બાબતમાં સહકાર આપીયે છીએ છતાં તેં ચોરી કરી, તે સારૂં કર્યું નહી. તિજોરી ઉપર રહી ગએલી થેલીને તેં લીધી છે તે પાછી આપ? નહીતર પોલીસને સ્વાધીન કરવામાં આવશે કોઇ પણ તારો વિશ્વાસ રાખશે નહી. અને ફજેતી પૂરેપૂરી થશે માટે કોઈ જાણે નહી એવી રીતે પાછી આપ. મોતીલાલ સમજ્યો કે, આ શેઠ કોઈ પણ રીતે સમજશે નહી. એટલે બે હજાર રૂપિયા લઇ પોતાની દીકરીનો એક ગૃહસ્થના પુત્ર સાથે વિવાહ કર્યો. અને તે બે હજાર રૂપિયા ગીરધર ગોપાલને આપ્યા આ બે હજાર રૂપિયા લઇને ગીરધર ગોપાલ અમદાવાદ આવ્યા. આ બાજુ બહાર ગામથી આવેલ હીરાલાલે થેલી પાછી આપી. ગીરધરને બહુ પસ્તાવો થયો તે બે હજાર પાછા આપવા નરોડા ગયા. પણ મોતીલાલે લીધા નહી. મહાજનના કહેવાથી સ્વ. પુત્રીને મોતીલાલના પુત્ર સાથે પરણાવી કન્યાદાન તરીકે બે હજાર આપીને સદ્‌ગૃહસ્થ બનાવ્યો.

## ૯. સ્વાર્થ સાધવા ખાતર પુત્રો પણ પિતાના આશયનો અવળો અર્થ કરે છે.

લોકો પોતાનું જીવન સુખથી પસાર થાય તે માટે અનેકવિવિધ આરંભસમારંભ કરીને ધનોપાર્જન કરે છે. ધનાદિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપાર્જના કર્યા પછી આસક્તિના યોગે તેનો સદુપયોગ કરતા નથી. તેઓ સમજે છે કે ધનાદિક હશે તો સગા વહાલાં સેવા ચાકરી કરશે પરંતુ તે ધનાદિકથી જ્યારે ચિન્તાઓ ઉત્પન્ન થાય છે. ત્યારે તેઓને સમજણ આવે છે. સુખ તો અનાસક્તિના યોગે પ્રાપ્ત થાય છે.

એક શેઠે કષ્ટોને સહન કરી ઘણું ધન મેળવ્યું. પરોપકારાર્થે એક રૂપિયો પણ ખરચ્યો નહી કોઇ કહે. ત્યારે તેને કહે છે, કે વૃદ્ધાવસ્થા જ્યારે આવશે ત્યારે ખર્ચીશું. અને પુણ્યનું ભાતુ બાંધીશું. આમ કરતાં અસહ્ય વ્યાધિએ તેના ઉપર ઘેરો ઘાલ્યો. દવાઓ વિવિધ કરી પણ આરામ થયો નહીં. સગાં વહાલાં તથા ગામના લોકો જોવા આવ્યા અને કહેવા લાગ્યા કે, અસાધ્ય વ્યાધિ થએલ છે. માટે હવે તો કાંઈ પરોપકારાર્થે કહો. સ્વપુત્રોને બોલાવી તિજોરી તરફ હાથ કરે છે ત્યારે પુત્રો મહાજનના સદ્‌ગૃહસ્થોને કહે છે. કે અમારા પિતા એમ કહે છે કે બધા રૂપિયા ભીંતોમાં અને મકાનોમાં નાંખ્યા છે. શેઠથી હવે બોલી શકાતું નથી. તેથી પોતે હાથની આંગળીઓ હલાવીને એમ કહેવા માગે છે કે. પાંચ હજાર રૂપિયા ધર્માદા ખાતે આપો પરંતુ પુત્રો કહે છે. કે અરે ભાઇઓ અમારા પિતાશ્રીને સંન્નિપાત થયો છે. આ પ્રમાણે પુત્રોના વચનો સાંભળી શેઠ બહુ પસ્તાવો કરવા લાગ્યા. જ્યારે હાથમાં ધન હતું ત્યારે કાંઇ પણ પરોપકારાર્થે ખર્ચાયું નહી. હવે ભાવના થઇ ત્યાં પુત્રો કહે છે કે સન્નિપાત થયો આતો મનની મનમાં રહી ગઈ. શેઠ પરલોક ગયા. અને કાંઈ પણ આત્મહિત સાધી શકયા નહીં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**૧૦ સંસારિક વિષયસુખો પડછાયા છે અને આત્મિક વિકાસથી ઉત્પન્ન થએલ જ્ઞાન તેજ સાચું સુખ છે**

જેઓને આત્મતત્ત્વનું ભાન નથી. તથા જેઓને પોતાના આત્મામાં કેટલી શક્તિ રહેલી છે તેની શ્રદ્ધા અને જ્ઞાન નથી તેઓ વિવિધ પ્રકારે બોલતા સંભળાય છે. કે અમો શ્રીમંત અને ધનાદિક પરિવારવાળા હોવાથી સુખી છીએ ત્યારે કેટલાક જનો કહે છે કે પુત્રાદિકના અભાવે અમો દુઃખી જીવનને ગુજારીએ છીએ. શ્રીમંતો પણ કહે છે કે, અમો પુત્રાદિકના અભાવે દુઃખી છીએ. સત્તાધારિઓ અધિકારીઓને આપણે બોલતાં સાંભળીએ છીએ કે. નોકર, સેવકો તથા પત્ની પુત્રાદિક અમારા તાબામાં રહેતા નથી. અમારી આજ્ઞા મુજબ કાર્યો ને કરતા નથી. સ્વચ્છંદતાએ ગમે તેમ બોલ્યા કરે છે. ઈચ્છા પ્રમાણે વર્તન રાખે છે તેથી બહુ દુઃખ થાય છે. બીજાઓ ઉપર સત્તા-અધિકાર ચલાવીએ છીએ ઘરમાં સત્તા અધિકાર ચલાવી શકતા નથી. આ દુઃખ કયાં જઈને કહેવું. વ્યાજના આધારે આજીવિકા ચલાવનારો કહે છે કે સરકારે અમારી આજીવિકાનું સાધન બરજોરથી ઝુંટવી લીધું. કયાં જઈને પોકારો કરીએ રક્ષક ભક્ષક બને ત્યાં શો ઉપાય ? સરકાર પણ ઘણા પ્રકારે બૂમો પાડે છે, કે અમારા ઉપર અન્ય સત્તાધારીઓ, સત્તાનો દુરૂપયોગ કરી દબાણો પુનઃ પુનઃ કર્યા કરે છે, એટલે અમોને સુખ નથી. વ્યાધિગ્રસ્તો, માનસિક ચિન્તાવાળાઓ પણ વારે વારે પોકારો પાડયા કરે છે કે આ વ્યાધિઓ આ ચિન્તાઓ કયારે ટળશે ! આ પ્રમાણે જેમણે આત્મ સ્વરૂપનું ભાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્યું નથી તેઓ નિરન્તર દુઃખમય જીવનને ગુજારે છે માટે દુઃખોને ટાળવાનો ઉપાય. આત્મતત્ત્વને ઓળખીને પદાર્થોમાંથી સંયોગમાંથી આસક્તિનો ત્યાગ કરવો જરૂરનો છે.

## ૧૧ ઈર્ષ્યાળુ, શ્રીમંત કે સાધારણ વ્યક્તિના પ્રાણો લેવાની ગોઠવણ કરે છે પણ છેવટે તે એવડો દંડાય છે.

ધનાદિક પ્રાપ્ત કર્યા પછી શ્રીમંતને મહોટાઈ મેળવી પ્રશંસા પાત્ર બનવાની ઈચ્છાઓ રહ્યા કરે છે, જો કે દરેકને મહત્તા મેળવવાની ઈચ્છા હોવી જોઈયે. પરંતુ ઉન્માર્ગને ગ્રહણ કરવા પૂર્વક ન હોવી જોઈયે. એટલે અન્ય શ્રીમંતને સમાજમાં હલકો પાડવા ખાતર કપટ કળા કેળવવી અને હલકા પાડવા પ્રયાસો કરવા તે હિતકર નથી. દરેક શ્રીમંતો પુણ્યોદયે પુરુષાર્થને કરવાથી મહત્તાને મેળવી પ્રશંસા પાત્ર બને છે. આ પ્રમાણે જો માન્યતા ધરાવાય તો દુઃખદાયી પ્રસંગ ઉપસ્થિત થાય નહી. પરંતુ મૂઢ અજ્ઞાનીને એવી કુટેવ હોય છે, કે અન્ય જનોને હલકા પાડી પોતે પ્રશંસનીય બનવું.

એક શહેરમાં જીનદાસ નામે શ્રાવક મહોટા શ્રીમંત અને ધાર્મિક હતા તેની મ્હોટી પેઢી ઘણા વર્ષોથી ચાલતી હતી લાખો રૂપિયાની લેવડ દેવડ થતી હતી. તેથી શેઠ તરીકે તેમની પ્રસિદ્ધિને જાણીને બીજો શ્રીમંત તેમના પર અદેખાઈ ધારણ કરતો. અને તે શેઠ શહેરમાં કેમ હલકો પડે ને મૂળમાંથી નષ્ટ કેમ થાય તે ખાતર લાગ જોઈ રહેલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતો, તેમાં જીનદાસે પાંચ લાખનો માલ લીધેલ હોવાથી પાંચલાખની હુંડીને ચૂકવવાનો પ્રસંગ ઉપસ્થિત થયો. માલના ભાવ બેસી ગએલ હોવાથી લીધેલ વસ્તુઓ જલ્દી વેચી શકાઈ નહી. માલના રૂપિયા ભરવાનો વખત આવ્યો. નાણા જો ચૂકવે નહી તો આબરૂ જાય અને આપણોને મૂકનારાઓ દરોડો પાડે તેથી જીનદાસ શેઠ ગભરાયા. તિજોરીમાં પાંચ હજાર હતા તેથી કાંઈ પાંચ લાખની હુંડી ભરપાઇ કરી શકાય એમ નહોતી. તેથી બીજાની પાસે ઉધારે રૂપિયા લેવા ગયા. પણ પાંચ લાખ જેવી રકમ મળી નહી. તેથી થાકી અદેખાઇ કરનાર શ્રીમંત પાસે જઇને પાંચ લાખની માગણી કરી. અને કહ્યું કે વ્યાજ સહિત બે મહિનામાં રૂપિયા પાછા આપીશ. અદેખાઈ કરનાર મનમાં સમજયો કે આ લાગ સારો આવ્યો છે. મૂલમાંથી નાશ પામે તેવો ઉપાય કરવો. આમ વિચારીને જીનદાસને કહેવા લાગ્યો કે, શેઠ વ્યાજની જરૂર નથી તેમજ ગીરો મૂકવાની તમારે આવશ્યકતા નથી. તમારા જેવા શેઠની પાસેથી વ્યાજ લેવું તે ઉચિત ન કહેવાય. સુખેથી ઇચ્છા મુજબ રૂપિઆ લઇ જાઓ પણ શરત એટલી કે બે મહિના થયા પછી જો રૂપિયા આપી જાઓ નહી તો સવાશેર માંસ તમારા શરીરમાંથી લઉં, શેઠને અન્યોપાય હતો નહી તેથી તે પણ કબુલાત પૂર્વક લખાણ કરી આપ્યું. પાંચ લાખ રૂપિયા લઇને હુંડીના રૂપિયા ચૂકવી આપ્યા. પરંતુ બે મહિના સુધીમાં માલનું કોઈ ગ્રાહક થયું નહિ. અને રૂપિયા આપી શકાયા નથી. ઈર્ષાખોર શ્રીમંત, તગાદો કરવા લાગ્યો. કે રૂપિયા આપી શકાયા નહી તેથી શરીરનું સવાશેર માંસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપો આ સંભાળી શેઠે વિચાર કર્યો કે મારો નાશ કરવાની આ કળા તેણે કરી છે માટે ઘરેણાં વેચીને પણ રૂપિયા ભરી દેવા તે હિતકર છે. ઘરેણા વેચીને ભરવા ગયા ત્યારે પેલો કહેવા લાગ્યો કે, તમારા લખાણુ મુજબ શરીરનું માંસ આપો. રૂપિયા રૂપિયા લેવાનો વખત વ્યતીત થઈ ગયો. શેઠે રૂપિઆ આપવા માંડયા અને તે લેવા માટે તેને ઘણી આજીજી કરી પણ નહી માનતાં તમારા શરીરનું માંસ જ આપો તમોએ લખી આપ્યું છે મારે રૂપિયા જોઇતા નથી. છેવટે આ ફરિયાદ રાજાની આગળ ગઈ–કે જીનદાસ તેના લખાણુ મુજબ માંસ આપતો નથી. માટે મહેરબાની કરીને અપાવો રાજાએ દીવાનને કહ્યું

**દીવાને–ચુકાદો આપ્યો કે જીનદાસ શેઠ શરીરનું માંસ સવાશેર આપે પણ જો કાપતી વખતે વધારે કપાશે અગર લોહી નીકળશે તો લેણદારના ઘરની સંપત્તિને લુંટી લેવા પુર્વક તેને શુળીએ ચઢાવામાં આવશે.**

આ પ્રમાણેનો ચૂકાદો સાંભળી પેલો ભયભીત બન્યો આતો લેવા ગઇ પૂત્ત અને ખોઈ આવી ખસમ જેવી બીના બની. શરીરને કાપવા જતાં નિયમ રહે નહી. વધારે જો કપાય તો શુળીએ ચઢવાનો વખત આવશે. આમ સમજી સવાશેર માંસ લેવાની વાત બંધ કરી અને પાંચ લાખ રૂપિયા લેવા માટે કહ્યું. દીવાને કહ્યું કે તમોને રૂપિયા આપવા છતાં લીધા નહી અને રાજાની પાસે ખોટી ફરિયાદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી તેથી તમારા દશલાખનો દંડ કરવામાં આવે છે અને પાંચ વર્ષની કેદની સજા કરવામાં આવે છે. ઇર્ષ્યાખોર શેઠને દશ લાખ દંડ તરીકે ભરવા પડયા અને પાંચ વર્ષ કેદમાં રહેવું પડ્યું. માટે ધનાદિકને પ્રાપ્ત કર્યા પછી કોઇના ઉપર અદેખાઈ ધારણ કરીને અન્યને હલકો પાડી નષ્ટ કરવાની ઈચ્છા પણ કરવી નહી.

પ્રાયઃ મનુષ્યોને સંપત્તિ વૈભવ મળ્યા પછી અભિમાન અદેખાઇ વિગેરે દુર્ગુણો આવીને ઘેરા ઘાલે છે તેથી તે આંખો છતાં અંધ બને છે, કાન હોવા છતાં બધિર બને છે. હિત શિખામણ માનતો નથી અને સંપત્તિના મદમાં એવું કરી બેસે છે કે તે પોતે વિપત્તિના વાદળો ઉપસ્થિત કરે છે. સંપત્તિનો મદ કોને છાજ્યો છે? તેનો વિચાર કરો તપાસ કરો. શ્રદ્ધાવંત અને ટેકવાળા જીનદાસ શેઠની પ્રશંસા થઈ અને વિપત્તિના વાદળો વિખરાઈ ગયા. માટે આંખોમાં અમી રાખીને દરેક પ્રાણીઓનું શુભ ચિન્તવવું જોઇએ. તેનાથીજ આત્મકલ્યાણ સાધી શકાય છે.

## ૧૨—વિઘ્ન સંતોષી મનુષ્યો અન્યની ઉન્નતિને નિહાળી જેમ વર્ષાઋતુમાં મેઘજળથી નવ પલ્લવિત થએલ વનસ્પતિને દેખી "જવાસો" સુકાઇ જાય છે. તેમ સુકાઇ જાય છે.

પરંતુ તેઓ વિચાર કરતા નથી કે સામના પુણ્યોદયે અને પુરૂષાર્થેએ લઇને ઉન્નતિ થઇ છે. જો તે વિઘ્ન સંતોષીઓ અદેખાઇનો ત્યાગ કરવા પૂર્વક સદ્‌વર્તન રાખે તો તેઓની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ ઉન્નતિ થાય. તેઓને આ વાત ગમતી નથી અને અનુવર્તન કરવામાં પાછા પડતા હોવાથી, મનમાં સદાય બળતા રહે છે. અને સ્વોન્નતિ સાધતા નથી.

એક નૃપના દરબારમાં ચતુર મંત્રી હતો. તેના પર અન્ય અધિકારીઓ અદેખાઇ કરતા. પણ આ ચતુર મંત્રી દરેક બાબતમાં પ્રવીણ હોવાથી રાજા તેના પર અધિક પ્રીતિ રાખતો–અન્ય મંત્રીઓ મનમાં બળ્યા કરતા પણ તેમનું કાંઇપણ ચાલતું નહીં. જ્યારે તેઓ બહુ અકળાયા ત્યારે નૃપને કહેવા લાગ્યા. કે તમો ચતુર સાગર મંત્રી પર ઘણો પ્યાર રાખો છો. અને દરેક બાબતમાં તેની સલાહ લઈ રાજ્યનું કાર્ય કરો છો. અમો શું મૂર્ખા છીએ. કે અમારી સલાહ લેતા નથી? અમો તેના કરતાં સવાયા કાર્યો કરવા સમર્થ છીએ. રાજાએ તે મંત્રીઓનું વચન સાંભળીને કહ્યું કે તમો ચતુર મંત્રીના કરતાં સવાયા બુદ્ધિમાં છો તો કહો મને જે લાત મારે મારૂ અપમાન કરે તેને શી શિક્ષા કરવી, તેમણે વિચાર કર્યા સિવાય એકદમ જવાબ આપ્યો કે તેનું મસ્તક ઉડાવી દેવું જોઇએ. ચતુર મંત્રીને પુછયું–કેમ શી શિક્ષા કરવી.? વિચાર કરીને ચતુર મંત્રીએ કહ્યું કે, મહારાજા! તેના પર મૃદુતાને ધારણ કરી જે માગે તે યોગ્ય આપવું. પેલાઓ આ સંભાળી હાંસી કરવા લાગ્યા, કે દેખો મહારાજા! તમારા ચતુર મંત્રીની ચતુરાઇ!

૧૩ અદેખાઈ કરનાર પ્રથમ હૃદયમાં બળે છે અને બુદ્ધિમાનોની આગળ હલકો પડતાં અધિક બળતો રહે છે. જેથી કહેવા લાગ્યા કે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તમોને લાત મારનાર અને અપમાન કરનાર ઉપર નમ્રતા-મૃદુતા બતાવે છે તેમજ વળી કહે છે કે જે માગે તે આપવું. શું તમારા વહાલા મંત્રીની બુદ્ધિમત્તા ? કદાચ તેની સલાહ લીધા કરશો તો કલ્યાણ કલ્યાણ થઈ જશે. આ પ્રમાણે તેઓનું કથન સાંભળી નૃપે ચતુર મંત્રીને કહ્યું કે તમે જે બીના બતાવી તેનું સ્પષ્ટીકરણ કરો. તમારૂં કથન મારે ગળે ઉતરતું નથી. ચતુર મંત્રીએ કહ્યું કે આપ વિચાર કરો તો સમજાય એવી બીના છે. મહારાજા ? એવો કયો આપના કરતાં સમર્થ છે કે તમોને અપમાન કરીને લાત મારે અને વળી તમે તેને ઉચિત માગવા પ્રમાણે આપો ' આપના મહારાણી રીસાયા અને ક્રોધાતુર બનીને લાત મારે અગર રાજકુમાર રીસાય અને રીસ કરીને લાત મારી અપમાન કરે તેને તમે શું કરો ? તેઓનું મસ્તક ઉડાવી દેશો ? નૃપે કહ્યું કે તે તો કદાચ રીસાય-અને લાત મારે એથી માથું ઉડાવી દેવાય કે ? નહિ જ તો-મહારાજા ! મહારાણી કે પુત્ર સિવાય તમોને લાત મારીને અપમાન કરનાર અન્ય કોઇ સમર્થ હોય તે હું દેખતો નથી. મહારાજાએ તેનું ચાતુર્ય દેખી આનંદપૂર્વક તેની પ્રશંસા કરીને શીરપાવ આપ્યો. પેલાઓ મનમાં વધારે બળવા લાગ્યા. પણ કરે શું ? પોતાની જ અદેખાઈથી પોતે જ હલકા પડયા. અને હાંસી પાત્ર બન્યા. ત્યાર બાદ અદેખાઇ કરવાની ખો ભૂલી ગયા. અને વિઘ્ન સંતોષપણાનો ત્યાગ કરીને ગુણાનુરાગી બની બુદ્ધિ પ્રમાણે પોતાનું કર્તવ્ય બજાવવા લાગ્યા. માટે કોઈની ઉન્નતિ દેખીને ખુશી થવું પણ હરિફાઇ કરીને અદેખાઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કદાપિ કરવી. નહી. અને મનમાં બળવું નહી. પુણ્યોદયથી પુણ્યશાળીને બુદ્ધિ તથા સંપત્તિ આવી મળે છે.

## ૧૪ ધનાદિક વસ્તુઓ, સ્વજન વર્ગ ઉપર-તેમજ આત્માના ગુણો તરફ આસક્તિના યોગે વિશ્વાસ-શ્રદ્ધા બેસવા દેતી નથી.

દેખાદેખી-હરિફાઈ બે પ્રકારની છે. એક હરિફાઈ એવી છે કે તે હરિફાઈ કરનાર સમર્થ હોય નહી તો દરેક બાબતમાં પાછો પડે છે. અને હરિફાઈ કરનાર સમર્થ અને બુદ્ધિમાન હોય તો તે આગળ વધે છે, જ્યારે ધાર્મિક હરિફાઈ કરનાર આત્મિક વિકાસમાં આગળ વધે છે અને વિષય કષાયોના વિકારોને હઠાવી સ્વતંત્ર બને છે. ત્યારે વ્યવહારિક કાર્યોમાં હરિફાઈ કરનાર પોતાની બુદ્ધિ અનુસારે સંપત્તિ વૈભવને મેળવે છે. પણ તેમાં જો આસક્તિને ધારણ કરે તો તે આત્મિક વિકાસમાં આગળ વધતો નથી. વિષય કષાયના વિકારોમાં અધિક પરાધીન બનતો રહે છે. તેથી ચિન્તાઓ વ્યાધિઓ વધે છે છેવટે આર્ત્તધ્યાને જીવનને વ્યતીત કરી દુર્ગતિનું ભાજન બને છે.

**કોઇ એક નગરમાં** શ્રીમંતોની હરિફાઈ કરીને એક વણિકે ઘણું ધન મેળવ્યું. એક બે તિજોરીઓ લાવીને ખરીદ કરેલ ઝવેરાતને તેણે તેમાં ભર્યું ભરતાં એક ખાનું બાકી રહેલ છે. તેમાં પ્રવેશ કરીને કોઇ પણ સ્વજન વર્ગ દેખી ન શકે તેવી રીતે તે ઝવેરાતને દરરોજ તપાસતો. પત્ની પુત્રાદિકનો પણ વિશ્વાસ રાખતો નહી. આસક્તિના યોગે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુત્રાદિક તે સ્થલે આવી બેસે તો ધમધમાવીને કાઢી મુકતો એક વખત આ વણિક ઝવેરાતની તપાસ કરવા તિજોરીનું બારણું અડધું વાસી તેના ખાલી ખાનામાં પેઠો છે. તેવામાં નાના છોકરાએ ધક્કો મારી બારણું બંધ કર્યું. ચાવીઓ તિજોરીમાં રહેલી હોવાથી ઉગાડી શકાયું નહી. આ વિવેક વિહીન વણિક ઘણી બૂમો પાડે છે પણ કોઇ સાંભળી શકતું ન હોવાથી તેને બચાવી શકયું નહિ અંતે ગુંગળાઇને મરણ પામીને અધોગતિમાં ગયો.

## ૧૫—અવિકારી સત્ય સુખની પ્રાપ્તિ કરવી હોય તો કુપટ કળાનો ત્યાગ કરીને સંતોષને ધારણ કરો.

મનુષ્યોને કપટ કળા કેળવવા માટે ઘણો પ્રયાસ કરવો પડે છે અને કપટ કળાને કેળવવા અન્યજનોને છેતરે છે. અને બકવા લાગે છે કે અમો કેવા કુશળ છીએ પેલાને ધાપ મારી ધારેલ કાર્ય પાર પાડયું, પણ વસ્તુતઃ વિચાર કરીએ તો તે કપટ કરનાર જ ઠગાય છે, કારણ અન્યાય-વિશ્વાઘાત કરીને ઇષ્ટ કાર્ય કર્યું, અગર પૈસાઓ પડાવ્યા તેથી આત્મવિકાસ ઉપર જે આવરણ આવ્યું તેની તેને ખબર પડતી નથી. અને ધાપ મારી ધારેલ કાર્ય પાર પાડયું. અગર પૈસા પડાવ્યા તેથી સુખને બદલે કપટ કળા ખુલ્લી પડવાનો ભય તો સ્હેલ છે; એટલે મનમાં શાંતિ જોઇએ તે રહેતી નથી. મુખ મુદ્રા પર શ્યામતા ફેલાય છે. વચન પર અસર થતી રહે છે. જ્યારે કપટ કળા ખુલ્લી પડે છે. ત્યારે તો તેને દુઃખનો પાર રહેતો નથી. કોઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રસંગે જીવનમાં ભયંકર જોખમ લાવી બરબાદી કરી મૂકે છે. માટે નીતિશાસ્ત્રો તેમ જ ધર્મશાસ્ત્રો ફરમાવે છે કે કપટ કળાનો ત્યાગ કરવો તેનાથી કદાપિ સત્ય શાંતિ મળશે નહીં ઉલટી વિવિધ વિડંબનાઓ ઉપસ્થિત થશે કોઈ વિશ્વાસ ધારણ કરશે નહી અને જીવનમાં સરલતા નમ્રતા ક્ષમા અને સંતોષાદિ ગુણોને આવવાનો આવકાશ મળશે નહી. તમો જે સુખ શાંતિને ચાહો છો. તેથી લાખો ગાઉ દૂર જશો સુખશાંતિને માટે પ્રથમ દંભનો ત્યાગ કરીને ન્યાય સંપન્ન વિભવવાળા બનો અન્યાય કળા કપટ પ્રપંચથી કોઇને પણ સત્યશાંતિ મળી નથી અને મળશે પણ નહી. માટે જે ન્યાયથી તેમજ પુણ્યોદયે જે પ્રાપ્ત થએલ છે તેમાં સંતોષ રાખો.

## ૧૬. કામ વિકારને સંતોષવા ખાતર કપટ કળા કરનારને જીવનનું જોખમ આવી લાગે છે.

કપટ કરનારને આ લોકમાં જ ભયંકર જીવના જોખમમાં આવવું પડે છે. તે વખતે પોતે કરેલી કળાથી કોઈ પણ સહાય કરનાર મળતું નથી. તેને પ્રાણો વૃથા, ગુમાવવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે. મઠધારી એક બાવાને તેના ભક્ત ગૃહસ્થે જમવાનું આમંત્રણ આપેલ હોવાથી તે બાવો તેને ઘેર જમવા ગયો. જમતાં જમતાં તે ગૃહસ્થની પુત્રીનું રૂપ દેખી અત્યંત કામાતુર થયો પરંતુ લાજ મર્યાદાથી તે કામને દબાવી સ્વ સ્થાને આવ્યો પણ તે રૂપાળી પુત્રી ઉપરથી તેનો મોહ ગયો નહી. તેને માટે અનેક

For Private And Personal Use Only

ઘટનાઓને ઘડે છે તેવામાં તે ગૃહસ્થ ભક્ત બાવાજીને પ્રણામ કરવા આવ્યો. બાવાજીએ પોતાના દંભને પાર ઉતારવા માટે પોતે ઉદાસી હોય તેવો દેખાવ કર્યો. ભકતે કહ્યું કે, કેમ તમો ઉદાસી દેખાવો છો ? તેણે કહ્યું કે તમારા તરફની ચિન્તાને લઇને ઉદાસી છું. ભકત બોલ્યો કે મારા તરફની શી ચિન્તા તમોને છે ? જલ્દી કહો તો તેનો ઉપાય કરવામાં આવે. તમો જે કહો તે પ્રાણોના જોખમે પણ કરવાને હું તત્પર બનું. બાવાજીએ બરોબર દેખાવ કરીને કહ્યું કે, અરે ભક્ત ! કહી શકાય એમ નથી પણ તારો આગ્રહ હોવાથી અને તું શ્રદ્ધાવાળો હોવાથી કહું છું. જ્યારે તારા ઘેર જમવા બેઠો તે વખતે તારી પુત્રીને મેં બરોબર નિહાળી છે તે રૂપવતી છે પરંતુ પીઠસર્પી છે તેથી તારા કુલને નાશ કરનારી આગળ જતાં નીકળવાની. અને જો તેને પરણાવીશ તો પણ નાશ કરશે. તારા કુલનો નાશ થતાં અમારી મહત્તા પૂજા વિગેરેને હાનિ પહોંચવાની તેથી ઉદાસી બનાયું છે. ભકતે ભયભીત બનીને કહ્યું કે ઘર પરિવારાદિ નષ્ટ થાય નહી તેનો ઉપાય જરૂર તમારી પાસે હશેજ. બાવાએ કહ્યું ઉપાય તો પણ તારાથી તે પ્રમાણે બની શકશે ? ભકતે કહ્યું કે તમે જે ઉપાયને બતાવો તે હાલમાંજ કરૂ. બાવાએ કહ્યું કે, તે તારી પુત્રીને એક પેટીમાં પૂરી નદીમાં વહેતી મૂક ! કોઈ જાણે નહી તેવી રીતે, એટલે તારૂ ભાગ્ય ખીલશે અને કુલાદિકનું રક્ષણ પણ થશે. અંધ ભક્ત તે કબૂલ કરીને ઘેર આવ્યો બવાએ પોતાના શિષ્યોને કહ્યું કે મધ્યરાત્રે નદીમાં તરતી આવતી પેટીને હું જ્યાં

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધ્યાનાદિક કરૂ છું ત્યાં લાવીને મૂકજો. મારે એક દેવને પ્રસન્ન કરવા માટે અનુષ્ઠાન કરવાનું છે, કદાચ બૂમો પોકારો સંભળાય તો પણ જ્યાં હું બેઠો છું ત્યાં તમારે આવવું નહી. જો આવશો તો અનુષ્ઠાનમાં વિઘ્ન આવશે અને દેવ પ્રસન્ન નહી થાય. ચેલાએ સત્ય માની નદી કિનારે ગયો. અને પેટીની રાહ જોવા લાગ્યો. ભકતે ઘેર આવીને વહાલી પુત્રીને ઉદ્‌ભ્રામિત થએલ હોવાથી રડતી કકળતી છતાં પેટીમાં પૂરી મધ્યરાત્રીએ નદીમાં વહેતી મૂકી. નદીમાં તરતી પેટીને તે વખતે આવેલ એક રાજકુમારે વચમાંથી ઉપાડી લીધી. પોતાના સ્થળે લાવી તેને ઉઘાડી. તેમાંથી એક બાળા નીકળી તેણીને પુછવાથી રડતી પુત્રીએ સઘળી બીના રાજકુમારને કહી. રાજકુમારે તેને બહેન ગણી આશ્વાસન આપ્યું. અને મદારીની પાસેથી એક રીંછ લાવી પેટીમાં પૂરી તેને બંધ કરી તે પેટીને પાછી નદીમાં વહેતી મૂકી. કિનારે ઉભેલા શિષ્યે તરતી આવતી પેટીને ગ્રહણ કરી પોતાના ગુરૂના બેસવાના સ્થળે મૂકી બારણું બંધ કરી બહાર જઈને બેઠો. બાવાએ પેટી ઉઘાડી. તો પુત્રીના બદલે રીંછ નિકળ્યું ભૂખ્યા રીંછે તેને કરડી ખાધો. આ ગૃહસ્થની પુત્રીનું રક્ષણ થયું. બાવાજી મરણ પામી. દુર્ગતિનું ભાજન બન્યા.

## ૧૭ ભાગ્યની સફલતા પુરૂષાર્થના આધારે છે.

અરે ભાગ્યશાલી ! તારી કામનાઓ સફલ થઈ હોય કે નહી થઇ તો પણ ભાગ્યનો કે કર્મ ભાગ્યનો વાંક કાઢીશ નહી. માનવદેહ–આર્યકુલ–ઉત્તમ—જાતિ—સંપૂર્ણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંગોપાંગ—ધર્મ શ્રવણની રૂચિ, સમ્યગ્જ્ઞાનાદિક આ સર્વ ભાગ્યના આધારે જ મળેલ છે. માટે તું કમ ભાગ્ય નથી. પણ ભાગ્યશાલી જ છે. જેઓને ઉપરોક્ત સાધન મળ્યા નથી તેના કરતાં તું ઉત્તમ છે માટે હતાશ બનીશ નહી. દુર્લભ માનવદેહાદિ પ્રાપ્ત થએલ છે. તેજ ઉત્તમતાની નિશાની છે. માટે પ્રમાદનો ત્યાગ કરીને ધર્મ સહિત વ્યવહારિક કાર્યો કર! જે આશાઓ સફલ થઈ નથી તે સફલતાને ધારણ કરશે. ચિન્તાઓ કરવાથી કે નિરાશ બનવાથી આશાઓને સફલ કરવાના સાધનો પ્રાપ્ત કરી શકાતાં નથી. આથી તો બુદ્ધિ અને શક્તિનો હ્રાસ થયા કરે છે. વખતની કિંમત પણ અંકાતી નથી. હું ભાગ્યશાલી છું જ. આમ માનીને આળસનો ત્યાગ કરવા પૂર્વક ઉભો થા? અધુરા કાર્યોને પૂર્ણ કર. અધુરા કાર્યોમાં નિષ્ફલતાને માન નહી. પણ અડધી સફલતા માન? આ ફત્તેહની નિશાની છે જેઓ કાર્યો કરતા હતાશ નિરાશ બને છે તેઓ પ્રાપ્ત થએલ સફલતાને ઉતાવળથી દેખી શકતા નથી. અને તે કાર્યોને મૂકી દે છે. પણ જો તેઓ ધીરતાને ધારણ કરી વિચાર પૂર્વક તપાસ કરે તો જરૂર તેમને સફલતાની ખબર પડે. જે માણસો ઉતાવળા થતા નથી. પણ ધીરતાપૂર્વક કાર્યો કરતા રહે છે. તેઓનેજ સફલતા વરમાલા પહેરાવે છે.

## ૧૮ જે અનુકુલ સાધનો મળ્યા છે તે પાપ બંધ માટે નથી.

આત્મોન્નતિના સાધનો પ્રાપ્ત થયા છતાં જેઓ વિષય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કષાયોના વિચારોમાં તેમજ વિકારોમાં ફસાઇ પડેલા છે તેઓ અભાગ્યશાલી છે. જેઓને પુણ્યોદયે સર્વ પ્રકારે અનુકુલતા મળ્યા છતાં પણ પુણ્યાનુબંધી પુણ્યને પ્રાપ્ત કરવા માટે સદાચાર કે સદ્‌વ્રતનું પાલન કરતા નથી તેમજ વિવિધ વિડંબનાઓમાં સપડાય તો પણ અનાચારોનો ત્યાગ કરે નહી. તે કમભાગ્યવાન્ કહેવાય.

સાધનોની અનુકુલતા, પુણ્યાનુબંધીપુણ્ય વધારવા માટે છે, નહી કે પાપોનો બંધ કરવા માટે જ્યારે સદાચારનું પાલન હોય નહી. ત્યારે આર્ત્તધ્યાનના યોગે પાપનો બંધ થતો રહે છે-

પુણ્યનો ભોગવટો ભોગવતાં પાપાનુબંધનો જે ખ્યાલ રાખે નહી. તે માનવો ભવિષ્યમાં અનુકુલતા કયાંથી પ્રાપ્ત કરી શકે ? માટે પુણ્યાનુબંધી પુણ્યને પ્રાપ્ત કરવા માટે નિષ્કામભાવે સદ્વિચાર સદુચ્ચાર અને સદ્‌વર્તનશાલી બને કે જેથી અનાસક્તિભાવે રહી શકાય. મિથ્યાત્વનું જોર ચાલે છે તે ચાલે નહી. અને નિશ્ચિંત્ત રહી શકાય.

વસ્તુઓના સ્વરૂપનું જ્યાં સુધી સમ્યગ્‌જ્ઞાન થતું નથી ત્યાં સુધી મિથ્યાત્વની પ્રબલતા અલ્પ થતી નથી; અને પુણ્યાનુબંધી પુણ્યનો લ્હાવો મળતો નથી. તથા મિથ્યાત્વના વેગમાં તણાએલ મુગ્ધજનોને આત્મ ધર્મની વ્યાવહારિક ધર્મોની અને નીતિધર્મની વાત પણ પસંદ પડતી નથી. તેથી બાહ્યપૌદ્‌ગલિક વિકારોની અધિક પ્રબલતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોવાથી આધિ-વ્યાધિ અને વિવિધ વિડંબનાઓને આવવાનો અવકાશ મળે છે એટલે દુન્યવી વસ્તુઓ હાજર હોવા છતાં પણ સત્ય શાંતિ મળતી નથી, વસ્તુઓના સ્વરૂપને સમજવામાં આવે તો તે પ્રથમથી જ ચેતી જાય. અને, મિથ્યાત્વની પ્રબલતાને હઠાવે.

## ૧૯. ભવાભિનંદી અને પુદ્ગલાનંદીના વર્તનમાં વચનમાં અને મનમાં ભિન્નતા હોય છે.

એટલે મનમાં જુદુ વચનમાં ભિન્ન અને વર્તનમાં ભિન્ન હોય છે તેઓ સત્ય વસ્તુઓને પારખી શકતા નથી. અને પારખવા માટે પ્રયત્ન કરવા સમર્થ બનતા નથી. ભવાભિનંદી જીવો મનોહર-ઇષ્ટ પદાર્થોનો લાભ થતાં હર્ષઘેલા બને છે અને તે ઇષ્ટ પદાર્થોનો વિયોગ થતાં શોક ઘેલા બને છે આવી પાગલ દશામાં માનસિક સ્થિરતા હોય કયાંથી ? અને માનસિક સ્થિરતા સિવાય સત્ય વસ્તુઓ પરખાતી નથી. માટે ઇષ્ટાનિષ્ટ પદાર્થોના મોહનો ત્યાગ કરો. પુદ્ગલોમાં જે આનંદ ભાસે છે તે ભ્રમણાનું કારણ છે.

જગતમાં વિવિધ વિડંબનાઓ પ્રાણીઓને ઉપસ્થિત થાય છે તે પોતે જાતે કરેલા કર્મોનો પરિપાક છે. પરિણામ છે. મનુષ્ય દેવ-નરક અને તિર્યંચપણાએ ઉત્પન્ન થવું તે શુભાશુભ કર્મનું ફલ છે. તેમાં વળી મનુષ્યના ભાગે મ્હોટી જવાબદારી છે. કારણ કે મનુષ્ય ભવમાં તરવા અને બૂડવાની અગર ઉચ્ચ સ્થિતિ અને અધમ સ્થિતિને મેળવવાની સર્વ સાધન સામગ્રી મળી રહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાધનો પ્રાપ્ત કરીને તમે જો અધમ સ્થિતિને મેળવી તો જવાબદારીને સમજ્યા નથી. અને ઉચ્ચ સ્થિતિ કરી તો જવાબદારીને અદા કરી એમ કહેવાય. માટે મનુષ્ય ભવ અને ઉત્તમ સાધનો મળ્યા હોવાથી રાગ-દ્વેષ અને મોહની જંજાળમાં પડો નહી. સાધનોને મેળવી સાધ્ય જે આત્મ વિકાસ સાધવાનું છે તેનું વિસ્મરણ કરો નહી. જીભની માફક નિર્લેપ ભાવે રહો.

## ૨૦ તમારી સત્તા, સંપત્તિ સાહ્યબી તેમજ પરિવાર વિગેરે સાત પ્રકારે તુટતા આયુષ્યને ક્ષણ ભર પણ ટકાવી રાખશે નહી.

તથા આધિ-વ્યાધિને મૂલમાંથી નાશ કરી શકશે નહી. તૂટતા આયુષ્યને સાંધવાની સત્તા-સંપત્તિ વિગેરેમાં નથી. તો પછી આધિ-વ્યાધિ વિગેરેને મૂલમાંથી નાશ કરવાની તાકાત તેનામાં કયાંથી હોય ! જેમ અધિક આસકિત રાખશો તેમ અધિક ચિન્તાઓ ઉપસ્થિત થવાની અને હાથમાં તાળી દઇને સંપત્તિ ખસી જશે ત્યારે તો ચિન્તાઓનો પાર રહેશે નહી. તમોએ સત્તા-સંપત્તિ વિગેરે પ્રાપ્ત કરીને ચિન્તાઓને ઓછી કરી કે વધારી ? વ્યાધિઓ કેટલી મૂલમાંથી હઠાવી ? ચિન્તાઓ તેમજ વિચારો અશુભ વિચારો, ઉચ્ચારો અને આચારો પોતાની મેળે દૂર ખસીને શુભ થશે નહી, પણ પ્રત્યાખ્યાન,યથાશક્તિએ કરવાથી. શકય ત્યાગ કરવાથી ખસશે ધનાદિક, પરિવાર વિગેરેની તથા શરીરની ચિન્તા અલ્પ થતી જશે કેટલાક એવા હોય છે કે વડીલોની મુનિવર્યોની શરમથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમજ આગ્રહથી ખાવા-પીવાનો અમુક નિયમ લે છે. પણ ચિત્તમાં કપટ રાખે છે તેથી તેમની ચિન્તાઓ અને વ્યાધિઓ ખસતી નથી.

## એક જૈન શ્રાવકનું દૃષ્ટાન્ત

કોઇ એક આચાર્ય મહારાજે ઉપાશ્રયમાં આવેલ શ્રાવકના શરીરની નબળી હાલત દેખી. તેથી પુછયું કે આવી શરીરની સ્થિતિ હોવાથી ધાર્મિક ક્રિયાઓમાં સ્થિરતા તને થાય છે? તેણે કહ્યું કે ખાવાપીવામાં. વ્યવહારના કાર્યોમાં અને ધાર્મિક કાર્યોમાં રહેતી નથી પણ દરેક બાબતમાં ચિન્તા ભય પણ વિગેરે રહ્યા કરે છે માટે કોઈ એક મંત્ર યંત્રાદિક આપો કે જેથી ચિન્તાદિ રહે નહી. આચાર્ય મહારાજે કહ્યું કે, બ્રહ્મચર્ય વિના મંત્રાદિક સફલ થાય નહી. માટે પ્રથમ બ્રહ્મચર્યની બાધા લે? તે પણ બાધા પાંચ-છ માસ સુધીની આ સિવાય તારા શરીરની હાલત સુધરશે નહી. અને ચિન્તા શોકાદિક દૂર ખસશે નહી. આમ સાંભળતાં જ ભાઇ તો ચૂપ થયો. પુનઃ આચાર્યમહારાજે કહ્યું કે મૌન કેમ ધારણ કર્યું. શારીરિક સ્થિતિ સુધારવા માટે પાંચ-છમાસનો બ્રહ્મચર્ય પાળવાનો નિયમ લે તેથી શરીરમાં શક્તિ આવશે અને ચિન્તાદિકને આવવાનો અવકાશ મલશે નહી. આ પ્રમાણે પુનઃ પુનઃ કહેવાથી. "ના" કહેતાં શરમ આવવાથી કચવાતે મને કહ્યું કે ભલે મહારાજા આપનો આટલો આગ્રહ હોવાથી પાંચ-છમાસ તો નહી પણ પચીશ દિવસની બાધા આપો. આચાર્ય મહારાજે તેની કપટકલાને બરોબર સમજ્યા સિવાય પચીશ દિવસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બ્રહ્મચર્યને પાળવાનો નિયમ આપ્યો પેલો મનમાં તો વિચાર કરે છે કે "હાશ" આ લફરામાંથી છૂટયો. ઘેર આવીને જે પ્રમાણે હતો તે પ્રમાણે વર્તન કરવા લાગ્યો. વીશ દિવસ ગયા પછી તેને પુછયું કે અરે ભલા બ્રહ્મચર્યને પાળે છે ને "હા મહારાજ ! પચીશ દિવસની બાધા લીધી છે તો દિવસે પાળું છું. રાત્રીની બાધા લીધી નથી તેથી રાત્રીમાં પાળતો નથી આચાર્ય મહારાજ તો આ સાંભળી વિચારમાં પડયા કે બાધા લેવાની ચાલબાજી આની જુદા પ્રકારની છે તેમણે કહ્યું કે તારા શરીરની હાલત માટે તેમજ ચિન્તા ઓછી કરવા આ નિયમ આપ્યો તેમાં પણ કાંટાલા ? મહાનુભાવ સમજ ! ત્યારે પેલો કહેવા લાગ્યો કે, જીવીએ કે મરી જઈએ તો પણ તેવી બાધા પાલી શકાશે નહી. આવા માણસની શારીરિક સ્થિતિ સુધરે કયાંથી ? અને ચિન્તા શોક વિગેરે હઠે પણ કયાંથી ? આવા માણસોને વિવિધ વ્યસનો વળગેલા હોય છે. એક તો બ્રહ્મચર્યના પાલન વિના શારીરિક નબળાઇ હોય છે તેમાં વળી દિવસમાં પચાશેક બીડીઓ પીવાનું વ્યસન હોય છે તેથી તેમનું કાળજું ખવાતુ જાય છે. આ ભાઇને બીડીઓ પીવાનું પણ વ્યસન લાગુ પડેલ હતું તેથી મહારાજે કહ્યું 'કે અલ્યા બમણો મીઠો માર ખાઈ રહેલ છે તેનું તને ભાન નથી. માટે બીડી નહી પીવાની બાધા લે, આચાર્ય મહારાજનો આગ્રહ હોવાથી બાધા તો લીધી પણ બીડીઓ પીવી અને બાધામાં વાંધો આવે નહી તેવી રીતે વિચાર કરી નામમાં જ ફક્ત તફાવત. એવી સીગા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રેટ પીવા લાગ્યો. એકવાર ગુરૂ મહારાજે સીગારેટ પીતાં દેખીને કહ્યું કે અલ્યા. તેં બાધા લીધી છે અને બીડીઓ પીવે છે કેમ ? તેણે ધીઠ્ઠાઈથી કહ્યું કે, 'ગુરૂમહારાજ ! સીગારેટની ક્યાં બાધા લીધી છે ? બીડીની બાધા લીધી છે. નામમાં તફાવત હોવાથી બાધા ફરે છે ? પેલો કહે છે કે સીગારેટ તો પીવાનો જ. આ માણસો શારીરિક. આત્મિક બલ ઓછુ કરે એમાં શું કહેવું ?

એકવાર સંઘ ભેગો થયો છે અને નવીન ઉપાશ્રય બંધાવવાનો હતો તેથી ટીપ કરવા માટે પાંચ જણાને ઉભા કર્યા. તેમાં આ ભાઇ સાહેબ પણ આવી ગયા. અને શરમથી બાધા લીધી કે. 'જ્યાં સુધી ટીપ કરવા ન જઇએ ત્યાં સુધી રોટલી ખાવી નહી.' મહાજનને વિશ્વાસ બેઠો કે, ચોક્કસ ટીપ કરવા બીજે દીવસે જશે એક મહિનો લગભગ થવા આવ્યો, પણ આ ભાઇ જઈ શકયા નહી. ઘરમાં સ્રીને કહ્યું કે રોટલીની મારે બાધા છે માટે કુલકાં બનાવીને આપ, આ પ્રમાણે કહીને રોજ ખાવા લાગ્યો.

એકવાર આ ભાઇ ભાણામાં કુલકા ખાઈ રહેલ છે તેટલામાં બાધા લેનાર પાંચમાંથી એક ત્યાં આવ્યો. અને તેને કુલકાં ખાતો દેખીને કહ્યું કે અલ્યા આ શું કરે છે ? આ ભાઇ કહેવા લાગ્યા કે રોટલી ખાતો નથી પણ કુલકાં ખાઉ છું આવેલ વ્યક્તિએ કહ્યું કે આમાં તફાવત નામનો છે માટે તારી બાધામાં શો માલ ? આવી રીતે જાહેર મહત્તાને મેળવવા માટે વ્રત નિયમ બાધા વિગેરે લે પણ આસક્તિ હોવાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાળી શકતા. નથી. તેઓની ચિન્તાઓ વ્યાધિઓ ખસતી નથી અને પુનઃપુનઃ સંતાપ ઉપજાવે છે માટે બલને વાપરી કપટ કલાને દૂર કરી બાધા વિગેરે લેવામાં આવે તો આત્મબલ વધે અને સાથે સાથે શારીરિક શક્તિ આવે થાય. માટે નિષ્કપટભાવે વ્રત નિયમ વિગેરે લેવાની આવશ્યકતા છે.

**આત્માના સ્વરૂપને જે રૂપે છે તે સ્વરૂપે જાણવું ૨૧ હોય તેણે તત્ત્વને જાણવા માટે પ્રથમ સામાયિકને અને તેના અર્થને જાણવા માટે જરૂર પ્રયત્ન કરવો**

મન વચન અને કાયાના બત્રીસ દોષોને શાસ્ત્રકારોએ દર્શાવ્યા છે તેઓનો ત્યાગ કરવા તમન્ના રાખવી જેમ જેમ આ દોષો દૂર ખસતા જાય છે તેમ તેમ તિરોભાવે રહેલ આત્મતત્વનો આવિર્ભાવ થાય છે. જ્યારે આંશિક પણ આત્મિક સ્વરૂપનો પ્રાદુર્ભાવ થાય છે ત્યારે રાગ–દ્વેષ અને મોહ જે સંસારિક વસ્તુઓમાં રહેલ છે. તે અલ્પ થતા જાય છે. અને પદાર્થોમાંથી રાગ–દ્વેષ અને મોહ અલ્પ થતાં પ્રત્યાખ્યાન ત્યાગ કરવાની ભાવના સાથે અમુક કાલ સુધી તે તે પદાર્થોનો ત્યાગ થાય છે. આ ત્યાગ પણ આત્માનો ગુણ છે. આ પછી પ્રત્યાખ્યાનના યોગે અતીતકાલના થએલા દોષોની નિન્દા થાય છે. વર્તમાનમાં સંવર થાય છે અને ભવિષ્યમાં ત્યાગ યોગે આસક્તિ અલ્પ થવાથી આત્મ તત્વના પ્રકાશનો આરંભ થાય છે એથી અલ્પ. પરિગ્રહ હોય અગર ન પણ હોય તો પણ ચિન્તા શોક થતાં નથી. આત્મ પ્રકાશમાં આનંદ પૂર્વક ઝીલાતું હોવાથી અધિક પરિગ્રહની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવશ્યકતા રહેતી નથી. એટલે ત્યાગ પ્રત્યાખ્યાનમાં આગળ વધતાં સંવર વધે છે. અને સાથે સાથે અશુભ વિચારાદિક આવી શકતા નથી તેથી તપસ્યા કરતાં સત્તામાં રહેલાં કર્મો પણ ઉદયમાં આવી ક્ષય પામે છે. જેમ જેમ કાયા-માયાની મમતા ટળતી જાય છે. તેમ આનંદના ઉભરાઓ આવ્યા કરે છે અને અનુક્રમે ઘાતીયાકર્મોનો ઘાત થતાં કેવલ્યજ્ઞાનનો પ્રાદુર્ભાવ થાય છે. માટે પ્રથમ સામાયિકની બરોબર આરાધના કરી બત્રીસ દોષોને ટાળવા માટે લક્ષ દેવાની ખાસ જરૂર છે. આત્મસ્વરૂપ જાણ્યા પછી બીજા પદાર્થો જાણવાની જરૂર કે પ્રયાસ કરવો પડશે નહી.

કોઈ એક ભાગ્યશાલીને આત્મસ્વરૂપને જાણવાની ઇચ્છા થઈ તેથી તેણે મહાજ્ઞાની-સંવેગી-વૈરાગી-ત્યાગી-આત્મદર્શનીક પાસે આવીને કહ્યું કે, મને આત્મસ્વરૂપનો લાભ થાય તેનો ઉપાય બતાવો ? જ્ઞાનીઓ આવેલ જીજ્ઞાસુ પાત્ર છે કે નહી. તેની પરીક્ષા માટે કહ્યું કે સામે દેખાતા વૃક્ષની પાસે જમીનમાં દાટેલ ચિન્તામણિને તું લઇ આવ, જીજ્ઞાસુ ત્યાં ગયો. અને ચિન્તામણિને હસ્ત ગત કર્યો પણ તેમાં તે મુંઝાયો નહી. અને વિચાર કરવા લાગ્યો કે આ આત્મત્વથી ભિન્ન છે અને માગણી કરીશ ત્યારે તે જે વસ્તુઓ આપશે તે વિયોગવાળી વસ્તુઓ આપશે તે પણ ક્ષણ વિનાશી આ વિચારી વિવેક તેણે લાવી મહાજ્ઞાની પાસે આવીને કહ્યું કે, તમે એનો ત્યાગ કર્યો છે માટે તમારી પાસે તે ચિન્તામણિ રત્નના કરતાં સાથેને સાથે અને સમીપમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ સમીપ રહેનાર કોઇ શાશ્વત વસ્તુ હોવી જોઇયે મારે તેનો જ ખપ છે તે આપો, કે જેથી સર્વથા-સર્વદા-અને સર્વત્ર આનંદના ધોધમાં ઝીલી શકાય. આ પ્રમાણે તે જીજ્ઞાસુને સાંભળી મહા મુનિરાજ બહુ ખુશી થયા અને કહ્યું કે. ચિન્તામણિ-કલ્પવૃક્ષ કરતા પણ સામાયિક અત્યંત મહિમાવંત વસ્તુ છે. પણ ચર્મચક્ષુઓ વડે દેખી શકાય એમ નથી. એ તે કયારે દેખાય સારા જગતમાં પરિભ્રમણ કરતી માનસિક વૃત્તિઓને પ્રથમ અંતરમાં ઉતારી આત્માના ગુણોમાં સ્થિર કરે ત્યારે જ સામાયિક સાક્ષાત્ દષ્ટિગોચર થાય એમ છે અને તે આત્મિક ગુણોમાં સ્થિર થતાં આનંદ આવતો હોવાથી બીજે સ્થલે પરિભ્રમણ કરવાનું બંધ થાય છે. અને તેથી મનના જે દશ દોષો છે તે ખસે છે. મનના દશ દોષો ખસે તો વચનના દશ દોષો તથા કાયાના બાર દોષો ટળતા જાય છે શાશ્વત-અપૂર્વ-અવ્યાબાધ વસ્તુને પ્રાપ્ત કરવી હોય તો રાગ-દ્વષ અને મોહ મમતા અહંકારાદિકને મૂલમાં ખસેડવા માટે "સામાયિક" કરવાની ખાસ આવશ્યક્તા છે. માનસિકવૃત્તિઓ તરફ લક્ષ દેતાં આત્મ શક્તિ આગળ તેઓનો વેગ બંધ પડતો જાય છે અને આત્મિક શાક્તનો વિકાસ થતો રહે છે. આ પ્રમાણે શ્રવણ કરીને આ ભાગ્યશાલી બત્રીશ દોષોને ટાળવા માન-સિક વૃત્તિઓને અંતરમાં વાળી તે વૃત્તિઓ ઉપર લક્ષ દેવા લાગ્યો. અનુક્રમે તે વત્તિઓને પરિભ્રમણ કરવાનું બંધ થયું. અને આત્મિક શક્તિઓનો સાક્ષાત્કાર થવાનો આરંભ થયો માટે સામાયિક કરીને માનસિક વત્તિઓ ઉપર લક્ષ રાખો કે તે ક્યાં દોડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૨૨ પર નિન્દાના ત્યાગપૂર્વક સ્વદોષોને નિન્દી ગુણવાન બનો.

અન્ય માણુસોની આગળ બીજાઓના દોષોને કહેવા અગર જાહેર કરવા તે નિન્દા કહેવાય છે. આ નિન્દા કરવાથી વેર વિરોધાદિક ઉત્પન્ન થાય છે અને વધે છે વેર ઉત્પન્ન થતાં તથા વૃદ્ધિને પામતાં સત્તા-સંપત્તિ અને શક્તિ હોવા છતાં પણ સુખ શાંતિ મળી શકતી નથી અને તેની સાથે રહેલા સદ્‌ગુણો પણ ખસવા માડે છે. જ્યાં પરસ્પર વેર વિરોધાદિકક હોય ત્યાં સુખશાંતિને તથા સદ્‌ગુણોને આવવાનું મળતું નથી કારણ કે તેનો અનાદિકાલીન વિરોધ છે. એટલે અન્યજનોના દોષોને બીજા આગળ કથન કરતાં નિન્દા કરતાં આનંદ ખસવા માંડે છે અને વૈર વિરોધની પરંપરા વધતાં નિન્દા કરનારની બાહ્યોન્નતિ કે આત્મોન્નતિમાં વિવિધ વિઘ્નો આવીને ઉપસ્થિત થાય છે. માટે જો નિન્દા કરવાની ટેવ પડી હોય તો પોતાનામાં રહેલાં દોષોની નિન્દા ગર્હા કરો આથી દુર્ગુણો,દોષો ખસવા માડશે.સદ્‌ગુણોમાં વધારો થશે અને ઉત્તરોત્તર આત્મવિકાશ થતો રહેશે. બીજાઓના દોષો અન્યજનો આગળ કહેતાં તે તે દોષોને સાંભળનાર તમને કહેશે કે, તેના જેવા તમારામાં પણ દોષો રહેલા છે. તે વખતે તમારો મિજાજ કાબુમાં રહેશે નહી અને કંકાસ બોલાબોલી કરવા માંડશો અગર ઘણું ખોટું લાગશે. અને સાચા થવા ખાતર અનેક જુઠાણાં અસત્યો ઉપસ્થિત કરવાં પડશે. છતાં જો શ્રમણ કરનાર નહી માને તો મારામારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર આવતાં પણ વિલંબ થશે નહી. માટે અન્યની નિન્દા કરવાનો ત્યાગ કરી સ્વનિન્દા ગ્રહણ કરો કે જેથી શાંતિ રહે અને સંપાદિકનો લાભ મળે.

## ૨૩ બીજાના દોષોને જોવાની ટેવથી હાનિનો વિચાર કરો.

અન્યજનોના દોષોને બીજા આગળ કહેવા નહી. તેમજ બીજાના દોષોને જોવા પણ નહી. કારણ તે દોષોને જોતાં અગર કહેતાં તે દોષો કહેનારને પણ વળગે એવો સંભવ છે કહેનાર સદ્‌ગુણી હોય નહી. તેમજ જોનાર આત્મદર્શી ન હોય તો તેવા દોષો આવીને વળગે તેમાં નવાઇ શી ? એટલે દુર્યોધનની દૃષ્ટિનો ત્યાગ કરી ધર્માત્મા યુધિષ્ઠિરની દૃષ્ટિનો વિચાર કરવો.

અન્યજનોના દોષોને જોવામાં અગર કથન કરવામાં જેટલો વખત વ્યતીત થાય છે તેટલો વખત પોતાના દોષોને જોવામાં કાઢવામાં આવે તો જે જે દોષો રહેલા છે તેઓને દૂર કરવાની ભાવના પૂર્વક પ્રયત્નશીલ બનાય. અને સદ્‌ગુણો આવીને વસે. પરના દોષોને જોવા અને અન્યજનો આગળ કહેવા તે દુર્ગતિ જવાની નિશાની છે અને અધમતાને લાવવાનું નિમંત્રણ છે.

નિન્દા કરનાર અને દોષોને જોનાર બમણો બંધાએલ જાણવો એટલે રાગ–દ્વેષ અને મોહ વિગેરે તેને બરોબર ફસાવી દુઃખ દેવામાં બાકી રાખતા નથી, તેને અધિકાધિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કષાયનોનો શિકાર વધતો રહે છે. રાગ–દ્વેષના બંધનો દૃષ્ટિ ગોચર થતાં નથી. તે રાગ–દ્વેષથી ઉત્પન્ન થએલ નિન્દા તેને ઈન્દ્રિયગોચર ન થતી હોવાથી વેર વિરોધાદિક વધારી નિન્દા દુઃખો દેવામાં બાકી રાખતી નથી. કહેવાય છે. કે દેવની નિન્દા કરવાથી દરિદ્રતા આવે અને ગુરૂઓની નિન્દા કરવાથી કુલનો ક્ષય થાય. સમ્યગ્ જ્ઞાનના સાધનો તથા સમ્યગ્ જ્ઞાનીઓની તથા ધર્મીજનોની નિન્દા કરવાથી વિવિધ વ્યાધિઓ ઉત્પન્ન થાય છે. સામાન્ય જીવોની નિન્દા કરવાથી પાપ બંધાય છે તો દેવ ગુરૂ અને ધર્મની નિન્દા કરવાથી. પાપ શું નહી બંધાય ? જરૂર બંધાય જ નિન્દાનો ત્યાગ કરો. અને નિન્દા કરવી જ હોય તો પોતાના અપરાધોની ભૂલોની નિન્દા કરો. અને તેવી ભૂલો તથા અપરાધો થાય નહી. તેવી કાળજી રાખો નિન્દા કરવાની ટેવવાળા. ભલે પંડિતો હોય કે ધાર્મિક કહેવાતા હોય. તો પણ તેથી તેમને વિડંબનાઓ આવીને વળગે છે.

કોઈ એક શહેરમાં શેઠની પુત્રી સારી રીતે વ્યવહારિક અને ધાર્મિક અભ્યાસ કરીને નિપુણ બનેલ હતી. તેથી ઘરમાં પાડોશમાં અને સારા શહેરમાં તેને સઘળા માણુસો સન્માન સત્કાર કરતા પણ આ પુત્રીને પર નિન્દા કરવાની બુરી ટેવ પડેલી હતી. તેથી કોઈના દોષોને દેખી બીજાની આગળ નિન્દા કરવા મંડી પડે પેલો મૂર્ખો છે. પેલો છે તો પંડિત પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યભિચારી છે પેલો બુદ્ધિમાન્ છે પણ ઉઠાવગીર છે પેલી સ્ત્રી બોલવામાં જુઠ્ઠી છે અને ચોટ્ટી છે ઘરમાંથી ચોરી કરીને છાનું સંતાડે છે. આ પ્રમાણે વિવિધ નિન્દા કરીને મળેલ સુઅવસરને વૃથા ગુમાવે છે. અને તેમાં કેવી વિડંબનાઓ ગુપ્ત રહેલી છે. તેનો ખ્યાલ આવતો નથી. અવસર મળ્યો કે લવરી–નિન્દા કરવામાં બાકી રાખતી નહોતી.

એક વતખ રાજાની રાણી સોળેય શણગાર પહેરી દાસ–દાસીઓની સાથે ઉદ્યાનમાં કેલિ કરવા ગમન કરી રહેલ છે. મુખે પાન ચાવતી અને દાસ દાસીઓ સાથે હસીને વાતો કરતી એવી રાણીને શેઠ પુત્રીએ દેખીને પાસે રહેલી ગોઠણને બીજવાઈને કહેવા લાગી કે, 'સાંભળ બેન ! આ રાણીએ સોળ શણગાર પહેર્યા છે. મુખમાં તાંબુલ છે અને પાછી દાસ દાસીઓ સાથે હાંસી–મશ્કરી કરવા પૂર્વક બોલી રહી છે કોઇ પ્રકારની લજ્જા નથી તો આ રાણી કેવી રીતે શિયળ પાળતી હશે ? મને તો બેન ! તેના શીયળ પતિવ્રતા ધર્મમાં શંકા થાય છે નહીતર આ પ્રમાણે વર્તન હોય નહી. આ રાણી કોઈની સાથે વ્યભિચાર કરતી હોવી જોઇએ. આવું વર્તન રાજાની રાણીને શોભે નહી. આ પ્રમાણે પોતાની ગોઠવણને કહેતી શેઠ પુત્રીની વાતને પાછળ રહેલી દાસીએ સાંભળી. દાસીએ રાણીને વાત કહી. રાણીએ નૃપને પોતાની નિન્દા કરતી શેઠ પુત્રીને બોલાવવાનું કહ્યું નૃપે શેઠપુત્રીને બોલાવી નિન્દા કરતી હતી તેણીને પુચ્છયું કે તું જે રાણી સંબંધી વાત કરતી હતી તે નજરે દેખેલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે કે ઉપર ઉપરથી વાત કરે છે. શેઠપુત્રી કાંઇ પણ પુરવાર કરી શકી નહી. તેથી રાજાએ ગુસ્સામાં આવી દેશનિકાલની સજા કરી. તેથી આ શેઠપુત્રીને ઘણી વિડંબનાઓ સહન કરવી પડી. માટે પરનિન્દાનો ત્યાગ કરી સ્વદોષોની નિન્દા નિરંતર કરો. કે જેથી દોષો ટળે અને ગુણોનો પાદુર્ભાવ થાય.

૨૪ સ્વેચ્છાને પૂર્ણ કરવા માટે મનુષ્યો નીતિ-માર્ગનો તથા ધર્મમાર્ગનો ત્યાગ કરી ધનાદિકને મેળવવા માટે નિરન્તર ચિન્તાઓ-શોક કરતા માલુમ પડે. અને પુણ્ય-પ્રયાસના આધારે તે માણસો ધનાદિકને પ્રાપ્ત કરી ઇચ્છા પૂરી કરે છે. અને પૂરી થઇ એમ માને છે ખરા. પણ પોતાના કરતાં અધિક સંપત્તિ માનોને દેખી પૂરી થએલી ઇચ્છાને અધુરી માનતા પાછા ઝુરે છે. ચિન્તા કરે છે. તેવા સંપત્તિમાન બનવા માટે પ્રયત્નશીલ બને છે પણ તથા પ્રકારનું પુણ્ય અને પ્રયાસ ન હોવાથી ધાર્યા પ્રમાણે સંપત્તિ સાહ્યબી ન મળતાં ન્યાયને વિસારી કોઇ પણ પ્રકારે પાપસ્થાનકને સેવીને પણ ઇચ્છા પૂરી કરવા ધારણા રાખે છે અને પાપો સેવીને ધનાદિક મેળવવા મથે છે. માનો કે ધનાદિક તેઓએ પ્રાપ્ત કર્યું પણ તે ધનાદિકના આધારે જે સુખને મેળવવાની આશા હતી પણ તેના બદલે નિરાશા હાજર થઇ. આ પ્રમાણે આશાઓને પૂરી કરવા જતાં નિરાશા મળતી હોવાથી નિરાશા ટળે અને આશા સફલ થાય તેનો વિચાર કરવો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અગત્યનો છે. દુન્યવી પદાર્થોથી કદાપિ આશા ઇચ્છાઓ પૂર્ણ થતી જ નથી આમ સમજી આશા-ઇચ્છાઓને પૂર્ણ કરવા માટે શુભ વિચારો કરવા પૂર્વક અહંકાર-મમતાનો ત્યાગ કરી સ્વપર હિતકારી ધાર્મિક કાર્યો કરવા જોઈએ. તેથી આશા પૂરી થવાની અને નિરાશા ટળવાની. સ્વપર હિતકારી કાર્યો કરવા તેજ આશાઓને પૂર્ણ કરવાનો અને સત્ય સુખ મેળવવાનો અનન્ય ઉપાય છે.

કોઇ એકને એવી માન્યતા હતી કે. જો પૈસાઓ હશે તો બધાયે પુછતા આવશે માન સન્માન આપશે અને બીજાઓ મારી પાસે આવીને આજીજી કરશે. અને બોલેલા બોલો ઝીલશે આમ ધારણા રાખી નીતિ ન્યાય ધર્માદિને ભૂલી ધંધો કરવા લાગ્યો છુપું પાપ કરતો તથા છળ કપટાદિકને કરતો વ્યાપાર કરી રહેલો છે પુણ્યોદય હોવાથી ધંધો ધમધોકાર ચાલી રહેલો છે. અને પૈસાઓ સંપત્તિ-સાહ્યબી માન-સન્માનાદિ પણ સારી રીતે મળે છે પણ પૈસાઓ વિગેરે, અનીતિથી અત્યંત આરંભથી પ્રાપ્ત કરેલા હોવાથી હૃદયે ખેદ ઉદ્વેગ વિગેરે થતા હોવાથી જોઇએ તેવી શાંતિ નહોતી. જુદા જુદા પ્રકારે ચિન્તાઓ થતી હોવાથી વિચાર કરવા લાગ્યો કે પૈસાઓથી મહત્તા-શાંતિ મળશે આવી માન્યતા ખોટી હતી. માટે શાંતિ-મહત્તા વિગેરેને મેળવવાનો માર્ગ જુદો હોવો જોઇએ કોઈ તત્ત્વજ્ઞાની આત્મજ્ઞાનીની પાસે જઈને તે માર્ગને જાણી તે માર્ગે પ્રયાણ કરું આમ વિચારી તે મહાશય સમ્યગ્જ્ઞાની પાસે ગયા. સત્ય

For Private And Personal Use Only

સુખ શાંતિનો માર્ગ પુચ્છયો ગાંધીનગર-382009 તેમ પણ કે એ સત્ય સુખશાંતિને પ્રાપ્ત કરવી હોય તો સ્નેહ રાગ-કામ રાગ અને દૃષ્ટિ રાગનો ત્યાગ કરી ન્યાયનીતિ પૂર્વક સદા-ચારોનું સેવન કરો સદાચારો સદ્‌વિચારોને ઉત્પન્ન કરે છે અને પછી વિવેકરૂપી ચક્ષુઓનું ઉદ્‌ઘાટન થાય છે. અને વિવેક પૂર્વક વ્યાપાર કરતાં ખેદ ઉદ્વેગ-શોક પરિતાપને આવવાનો અવકાશ મળશે નહી. આ પ્રમાણે સદ્‌ગુરૂ પાસે સમ્યગ્‌જ્ઞાનનો ઉપદેશ શ્રવણ કરી વર્તન કરવામાં તત્પર બનેલ હોવાથી પૈસાઓ સાથે સંપત્તિ-સાહ્યબી પ્રાપ્ત થઈ અને ખેદ-ઉદ્વેગ-ચિંતા વિગેરે ચાલી ગયા. અને આત્મવિકાસ સધાતાં સદ્‌ગતિને પણ મેળવશે ભક્તિ સેવાનું ફલ આ જગતમાં ન્યાયનીતિ પૂર્વક શક્ય વેપાર કરી શાંતિને મેળવવી તે છે. શાંતિ-સુખ રહે નહી. અને ખેદ-ઉદ્વેગ રહેતો મેળવેલા ધનાદિકથી શો લાભ ?

૨૫ જ્યારે આપણને આપણા આત્માની અનંત શક્તિની શ્રદ્ધા બેસે તો બહાર આવશ્યક વસ્તુઓ માટે. ભટકવાની—પરિભ્રમણ કરવાની જરૂર રહેતી નથી. પણ આત્માની અનંત શક્તિ ઉપર વિશ્વાસ નહી હોવાથી બહારની વસ્તુઓ માટે ભટકવું પડે છે તેમજ શોક-પરિતાપ કરવો પડે છે. જ્યારે આત્માની-આત્મિક ગુણોમાં બરોબર શ્રદ્ધા પૂર્વક ભાન થશે ત્યારે અસંતોષ-તંગી વિગેરે માલુમ પડશે નહી. અનંત નિધાનના અધિકારી બન્યા પછી. ભટકવાનું હોય ક્યાંથી અને જીવનમાં સંતાપ વિગેરે રહે ક્યાંથી ? રહેજ નહી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૬ અસંતોષ પરિતાપાદિકથી આપણને માલુમ પડે છે કે આપણે હજી અનંત શક્તિ-સમૃદ્ધિ અને શુદ્ધિના સ્વામી સાથે એકાગ્રતા પૂર્વક સંબંધ બાંધ્યો નથી. તેથી બહાર આપણી દૃષ્ટિ ભમ્યા કરે છે. અને પરિભ્રમણતા કરવી પડે છે. જો અનંત જ્ઞાનબલના સ્વામી સાથે દુન્યવી વિષયાસક્તિને નિવારી એકાગ્રતા પૂર્વક સંબંધ બાંધીશું તો કદાપિ પરિભ્રમણ કરવું પડશે નહી. અને અનંત ઋદ્ધિ-સિદ્ધિ અને શુદ્ધિ આપોઆપ આવીને હાજર થશે. ખેદની વાત તો એ છે કે આપણે આપણા આત્માના ગુણોને જાણવા માટે વખત કાઢયો નથી. અને જાણવા માટે વિચારણા પણ કરી નથી. તો પછી ચાહના કયાંથી હોય ? સમુદ્રમાં મોતી મણી વિગેરે કિંમતી વસ્તુઓ ભરપુર હોય છે. પણ ઉંડા ઉતર્યા વિના અને એકાગ્રતાને ધારણ કર્યા સિવાય મણિ, મોતી વિગેરે વસ્તુઓ કયાંથી મળે ! શારીરિક શક્તિ તથા મહત્તા સત્તાદિને પ્રાપ્ત કરવા ખાતર પુનઃ પુનઃ વિચાર કર્યો તેમજ પ્રયાસ કરીને તે તે સત્તાદિકને પ્રાપ્ત કર્યા પણ આત્મિક શક્તિ-સત્તા-જ્ઞાન વિગેરે કયારે મેળવશો ?

સંયોગે મળેલા તેમજ ક્ષણ વિનાશી પદાર્થો ફાટી જતાં તૂટી પડતાં તથા નાશ પામતાં તથા અલ્પ મળતાં માનવોને બહુ લાગી આવે છે અને પુનઃ પ્રાપ્ત કરવા અથાગ પ્રયાસ કરવામાં આવે છે. પરંતુ ક્ષણે ક્ષણે વિષય કષાયના વિચારો અને વિકારોથી તૂટતી નાશ પામતી આત્મ શક્તિ-સત્તાદિકને પ્રાપ્ત કરવા માટે વિચારણા પણ કરવાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વખત મળતો નથી. આ કેવી બુદ્ધિમત્તા ? માટે જો બુદ્ધિ શક્તિ હોય તો આત્મિક શક્તિ વિગેરે મેળવવાની આવશ્યકતા છે. આત્મબલને પ્રાપ્ત કર્યા પછી જગતમાં પરિભ્રમણ કરવું પડશે નહી.

## ૨૭ કડવાશને મોળાશને તથા પ્રતિકુલતાને પોતાને મનગમતી બનાવવાની શક્તિઓ મનુષ્યમાં રહેલી છે.

જો ડહાપણ હોય તો કડવાશને તથા મોળાશને મીઠી બનાવી શકાય છે અને પ્રતિકુલતાને પણ અનુકુલતામાં ફેરવી શકાય છે પણ સહિષ્ણુતાને બરોબર કેળવી હોય તો જ, તેમજ વિચારણા વિવેકના આધારે શત્રુઓને પણ મિત્ર તરીકે બનાવી શકાય છે. સાંસારિક સંબંધો તથા ધનાદિકની અગવડતામાં-પ્રતિકુલતામાં સદ્વિચાર અને વિવેક કરવામાં આવે તો તે વિવેકીને અગવડતા કડવાશ જેવું ભાસતું નથી અને જાગ્રતી રહે છે તેથી જ અનંત સુખ સમૃદ્ધિ-અને શુદ્ધિના સ્વામી પાસે જવાની તાકાત ઉત્પન્ન થાય છે. માટે પ્રથમ પ્રતિકુલતામાં-અગવડતાની કસોટી માની આનંદમાં રહેવા માટે ટેવ પાડવાની જરૂર છે જ્યારે વિવેકદ્વારા જગતના સંબંધો અને પદાર્થોમાં જે આસક્તિ છે તેને દૂર કરવામાં આવે ત્યારે જ પ્રતિકુલતામાં અનુકુલતા ભાસે છે અને ભાસશે. નહીતર તે જ આસક્તિ કેવો માર ખવરાવે છે અને તેને દુર કરવામાં કેવો આનંદ રહે છે તેનું દષ્ટાંત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપવામાં આવે છે તેથી માલુમ પડશે. એક સારા શહેરમાં રાજમાર્ગે રહેલી દુકાનના ઓટલા ઉપર ચાર પાંચ ગોઠીઆઓ બેઠા છે. (મિત્રો) માંહોમાંહી વિકથાની વાતો તથા ગામ ગપાટા મારી રહેલ છે તેટલામાં એક ભાઇના હાથનું સો રૂપિયાનું ઘડીઆળ નીચે સરકી પડયું. તેની તેને ખબર રહી નથી. બીજે સ્થલે માનસિક વૃત્તિ દોડતી હોય ત્યારે સરકી પડતી વસ્તુઓ ભલે કિંમતી હોય તો પણ ખબર પડતી નથી. આ ભાઈ ચાલી ગયા અને સરકી પડેલી કિંમતી ઘડીઆળ ઓટલે બેઠેલા પાંચ ગોઠીઆએ દેખી તેને ગ્રહણ કરવા તેઓ પાંચે ય દોડયા. તેમાંથી આગળ આવેલા એકે તે ઘડીઆળ લીધી. બીજાએ કહ્યું કે, આ ઘડીઆળ મૂકીદે, જો નહી મૂકે તો બે ચાર તમાચા–લાફા લગાવીને લઇ જઇશ. પ્રથમને ઘડીઆળની આસક્તિ ઓછી હતી. તેમજ મારની ભીતિ હતી. તેથી મૂકી દીધી, બીજાએ તે ઘડીઆળ ગ્રહણ કરી ત્યારે ત્રીજાએ કહ્યું કે, આ ઘડીયાળ મ્હને આપ–જો આપીશ નહી તો માર મારીને પણ લઇશ. બીજાને રાગ અધિક હોવાથી ત્રીજાને આપી નહી. ત્યારે તેણે પેલાએ ત્રણ ચાર તમાચા લગાવ્યા. અને અધિક મારવા જાય છે. ત્યારે વધારે મારની ભીતિ હોવાથી ચાર તમાચા ખાઇને તેણે ત્રીજાને આપી. ત્રીજાના કરતાં ચોથો અધિક બલવાન અને આસક્તિમાન્ હોવાથી. તેને કહ્યા વિના ચાર પાંચ લાફા લગાવીને કહ્યું કે આ ઘડીઆળ તારી નથી માટે મૂકી દે. નહીતર માર મારીને અધમુઓ કરીશ, પેલાએ ઘડીઆળનો ત્યાગ કર્યો કહી. જેથી હાથમાં રહેલી સોટી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લગાવી. આ–ભાઇએ પણ બરોબર માર ખાઇને ચોથાને આપી. ઘડીઆળ હાથમાં લઈને હર્ષમાં ઝીલે છે. તેટલામાં પાંચમાએ કહ્યું કે આ ઘડીઆળ તારી કે તારા બાપની નથી. આતો માર્ગમાં સરકી પડેલી છે. માટે મ્હને આપી દે નહીતર એવો માર મારીશ કે પંદર દિવસે પણ ઉભો થઈશ નહી. આ પ્રમાણે કહ્યું પણ ચોથાએ આપી નહી નહી ત્યારે પાંચમાએ. તમાચા–લાતો અને સોટીઓનો માર માર્યો. આ પ્રમાણે માર પડવાથી તમ્મર–મૂર્ચ્છા આવી. ઘડીઆળ પાંચમો લઇને ચાલ્યો જાય છે. તેવામાં તેને પોલીશે પકડયો. પોલીશે માર મારી તે ઘડીઆળ છીનવી લીધી ત્યારે કોઈ પ્રકારનો ઉપાય ચાલ્યો નહી આસક્તિ અને અત્યંત રાગથી માર ખાનાર અને ઘડીઆળ માટે મારનાર બધાયે વિલખા પડયા. અને પરસ્પર પસ્તાવો કરવા લાગ્યા. પ્રથમ ઘડીઆળને ગ્રહણ કરનારે બીજાને તરત આપી તેથી તેણે માર ખાધ્યો નહી. અને આનંદમાં રહ્યો માટે ડહાપણ–કુશલતા–પ્રવીણતા જો હોય તો અત્યંત રાગનો ત્યાગ કરી પ્રતિકુલતામાં અનુકુલતાને ધારણ કરો.

## ૨૮ સુખશાતા–અને શાંતિને પ્રાપ્ત કરવા અને રક્ષણ કરવા જતાં જો સત્ય-સંતોષ–સમતાદિ ગુણો હણાય તો તે સુખશાતા કે શાંતિની પણ કિંમત નથી.

અર્થાત પરિણામે અશાતા અને અશાંતિ હાજર થવાની. માટે સત્ય–સંતોષ–સમત્વઘવાય એ રીતિએ સુખશાતા–કે શાંતિ ખાતર વર્તન રાખવું તે ભયંકર જોખમ ખેડવા બરો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બર છે. અરે મહાયાતના–સંકટો અને વિડંબનાઓને આવવાનું આમંત્રણ છે, પણ મહા દુઃખ–વિડંબના વિગેરે સહન કરીને સત્ય–સંપાદિને જાળવવામાં આવે તો સુખશાતા અને સત્ય શાંતિને આવવાનો માર્ગ. સુગમ અને સરલ બને છે. અને પછી તે સુખ શાંતિ, આમંત્રણનો રાહ જોતી નથી વૈષયિક સુખ–શાંતિના અભિલાષિજનો આવી સુખ શાતા ખાતર સત્ય–સંતોષ–સમતાદિ ગુણોનું લીલામ કરીને પાછા હરખાય છે. પોતાને બહાદુર–શુરવીર માની બેસે છે પરંતુ જ્યારે સત્ય–સંતોષાદિ સદ્ગુણોના અભાવે સુખશાંતિ ખસી જાય છે ત્યારે વિવિધ વિલાપો કરવા બેસી જાય છે. માટે પ્રથમ સહન કરીને સત્ય–સંતોષાદિ ગુણોને સાચવ્યા હશે તો વિડંબના વિગેરે આવવાનો માર્ગ મળશે નહી. અને સાથે સાથે આત્મોન્નતિ સધાતી રહેશે. વિડંબના–અશાંતિ–કલહ કંકાસાદીને દૂર કરનાર અને સત્ય સુખશાતા શાંતિ અને અનંત આનંદને અર્પણ કરનાર–અહિંસા–સત્ય–સંતોષ અને સમત્વાદિકને કોઇ પણ ઉપાયે સાચવવા લગની લગાડવી જોઈએ. આ સિવાય કરોડો પ્રયાસો કરશો તો પણ તે સુખ શાતા આવી મળશે નહી. અને કાંઈ હશે તે પણ ખસી જશે. આ સત્યાદિગુણો તે આપણું જીવન–પ્રાણો અને સાચી સંપત્તિ છે.

**૨૯ ધનાદિકને પ્રાપ્ત કર્યા પછી તેની સાર્થકતા સફલતા કરવા સમત્વની જરૂર રહેવાનીજ. અને સમત્વને પ્રાપ્ત કરવા માટે સમ્યગ્જ્ઞાન**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાથે ધર્મની પણ અગત્યતા રહેવાની જ.

સમ્યગ્જ્ઞાન પૂર્વક ધર્મની આરાધના વિના સમત્વ રહેવું તે અશક્ય છે. માટે સમત્વ પ્રાપ્ત કરવા માટે નીતિ-શાસ્ત્ર પણ કહે છે કે.

अजरामरवत्प्राज्ञो विद्यामर्थंच चिन्तयेत् गृहीतइव कशेषु, मृत्युना धर्ममाचरत्

પ્રકૃષ્ટ બુદ્ધિમાન્ પ્રથમ સમ્યગ્ જ્ઞાનને પ્રાપ્ત કરીને તેના અર્થની વિચારણા પુનઃપુનઃ કરે તથા વિચારણા કરીને મૃત્યુએ કેશ વાળમાં મને પકડયો છે. આમ વિચારી ધર્મની સદા આરાધના કરે તો ધર્મની આરાધના યોગે સમત્વ હાજર થાય છે. એટલે રાગ–દ્વેષ મોહના વિચારો અને વિકારો ખસે છે પછી જે સંયોગે પ્રાપ્ત થએલ ધન પરિ. વારની સાર્થકતા અને સફલતા સધાય છે. તેજ સાધનો સહકારને આપવા સમર્થ બને છે સમત્વ સિવાય ફક્ત મેળ· વેલ ધનાદિક સાધન–સામગ્રી, અહંકાર, મમતા, અદેખાઇ વિગેરેને ઉપસ્થિત કરીને આત્મદશાને અસ્તવ્યસ્ત કરી દુર્ગતિમાં ફસાવે છે. જો સમ્યગ્ જ્ઞાનપૂર્વક ધર્મની રીતસર આરાધના હશે તો ધન–પરિવારનો ભાર નથી કે, સમત્વ લાભને હઠાવી શકે.

ગૃહસ્થપણામાં જો સમ્યગ્જ્ઞાન સાથે ધર્મની આચારણા હશે નહી તો સમભાવ તો આવશે નહી. પણ તેના સ્થાને કલહ–કંકાશ અદેખાઇ વિગેરે આત્મગુણ ઘાતક દુર્ગુણો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવી હાજર થશે અતએવ આધિ-વ્યાધિ ઉપાધિની વિટંબનાઓ આવીને બરોબર ઘેરો ઘાલશે. પછી તે ઘેરાને હઠાવવા પ્રયાસ કરશો તો પણ હઠવો દુઃશક્ય બનશે. માટે આ ભવમા તથા પરલોકમાં અનુકુલ સાધન-સામગ્રી મેળવવી હોય અને સાચા સુખના લ્હાવા લેવા હોય તો સમ્યગ્જ્ઞાનને મેળવી તેના અર્થની વિચારણા કરી આચરણા પૂર્વક સમત્વને પ્રાપ્ત કરો.

### ૩૦ ધનાઢયો બલવાનો આધિકારીઓ પ્રાયઃઅભિમાની હોવાથી કોઇ માણુસ તેમની થએલી ભૂલો

અપરાધોને બતાવે, ત્યારે જે બતાવનાર ઉપર કોપાતુર બની બે ચાર ગાળો ચોપડાવીને તેની બરોબર ખબર લેવાની બાકી રાખતા નથી. કારણ કે તેમને યોવન-ધન સંપત્તિ અને પ્રભુતા મળેલી છે એટલે તેમાં આસક્ત બની થએલી ભૂલોને અપરાધોને સુધારવાની વૃત્તિ જાગતી નથી અને બતાવનારની બરબાદી કરી બેસે છે. સદ્વિચારને વિવેક વિનાની ધન સંપત્તિ પ્રભુતા વિગેરે. કયા દોષોને ઉત્પન્ન કરતા નથી ? એટલે તેમને પુણ્યોદયે પ્રાપ્ત થએલી સાધન સામગ્રી તેઓને પતન માટે થાય છે માટે સત્તાધારી- ધનાઢયો. અધિકારીઓએ. સદ્વિચાર-અને વિવેકને ધારણ કરી કોઇ ભૂલોને અગર અપરાધોને જણાવેત્યારે તેઓને સુધારવા માટેપ્રયાસ કરવાની આવશ્યકતા છે

### ધોલકાના જીણુહા શેઠનું દૃષ્ટાંત

જીણુહા શેઠ સામાન્ય સ્થિતિવાળા હોવાથી ઘી તેલ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કપાસાદિકનો વેપાર કરી સ્વાજીવિકા ચલાવતા હતા છતાં કોઈને પાસે પોતાની દીનતા-હીનતા બતાવતા નહીં. તેમજ યાચના પણ કરતા નથી. સાથે સાથે ઘણા બળવાન હોવાથી ધનુર્ધર પણ હતા. મારેલું બાણ ખાલી જતું નહીં. તેથી ભાથાને તથા ધનુષ્યને પણ ધારણ કરીને વેપાર માટે ગામો ગામ જતાં. અને શ્રી. ભક્તામર સ્તોત્રને એકાગ્રતા પૂર્વક ભણતા. તેથી શ્રી. ચક્રેશ્વરી દેવીએ એક વશીકરણ રત્ન આપ્યું. ત્યારથી તેમની ઉન્નતિ થવા લાગી. સમ્યગ્ધારી દેવ-દેવીઓ, જે હીનતા-દીનતાને ધારણ કરતા નથી અને જે નિર્ભય હોય છે તેઓને સ્તોત્ર ભણતા પણ દેવી પ્રસન્ન થાય છે એકદા શ્રી ભક્તામાર સ્તોત્રને ભણીને વેપાર માટે બીજા ગામ આ શેઠ ગયા. ત્યાંથી સારો લાભ લઈ પાછો સ્વગૃહે આવે છે.

તેટલામાં માર્ગમાં ત્રણ ચોરોએ પડકાર કર્યો. ઉભો રહે વાણીયા, જે તારી પાસે છે. તે મૂકી દે. તેમના પડકારથી આ શેઠ ગાંજ્યા જાય એવા નહોતા. ધારણ કરેલા ભાથામાં તો ઘણા બાણો હતા. પણ તેમાંથી ત્રણ બાણોને કાઢી એક એક બાણો વડે. ત્રણેય ચોરોને પરાસ્ત કર્યા-આ ચોરોએ. ભીમદેવ રાજાની પ્રજાઓને બહુ લૂંટી અને હેરાન કરી હતી. તેથી લોકો ત્રાસ પામેલા હતા. અને કબજામાં આવતા ન હતા, આ ચોરોને પરાસ્ત કરેલ હોવાથી ધોળકા શહેરમાં પણ તેમની સારા પ્રમાણમાં પ્રશંસા થવા લાગી. ભીમદેવ નૃપે પણ ચોરોને પરાસ્ત કર્યાની બીના જાણી-તેથી તેને સન્માન પૂર્વક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બોલાવી કોટવાળની પદવી આપી. અને સોનાની મુઠવાળી તરવાર આપી તેના વખાણ કર્યા,શેઠને કોટવાળ થવાની ઇચ્છ નહોતી. પણ રાજાનો અત્યાગ્રહ હોવાથી સ્વીકારવી પડી. તે અરસામાં સેના પતિએ. નૃપને કટાક્ષ પૂર્વક કહ્યું કે હે રાજન્ તરવાર તો જેને તરવારને ખેલવાનો અભ્યાસ હોય તેને અપાય. જિણહાને તો ઘી તેલ કપાસાદિકને તોળવાનું આપવું જોઈએ, તેમને તોલવાનો સારો અભ્યાસ છે. આ સાંભળીને જિણહાએ કહ્યું કે તરવાર–ભાલા–ધનુષ્યધર વિગેરે શસ્ત્રોને ધારણ કરનાર ઘણા હોય છે. પણ હે શત્રુ–શલ્ય ! રણમાં પરાક્રમ બતાવી શત્રુઓને જીતનાર વિરલ હોય છે, તથા હે રાજન્ ! અશ્વ શસ્ત્ર શાસ્ત્ર વીણા અને પુરૂષ–નારી, જો યોગ્ય માણસના પનારે પડે તો યોગ્ય થાય છે. અને અયોગ્યના પનારે પડેતો અયોગ્ય થાય છે. આ પ્રમાણે શેઠના વચનો સાંભળી રાજા પ્રસન્ન થયો અને એ કોટવાળ તરીકે સ્થાપક કર્યા. જિણહા શક્તિશાળી હોવાથી ચોરોનો ઉપદ્રવ રહ્યો નહી. સારી રીતે તપાસ કરતા હોવાથી પ્રજાઓ પણ આનંદમાં રહેવા લાગી. શેઠ કોટવાળ તરીકે હોતે પણ પ્રભુ પૂજા દરરોજ કરતા તથા ભકતામર ગણવાનું પણ ચૂકતાં નહી. અને ગુરૂ–ધર્મની આરાધનામાં ખામી રાખતા નહી. એકદા પ્રભુ પૂજા કરવાને જીનમંદિરે જાય છે અને હાથમાં ફૂલોથી ભરેલી ચાંદીની થાલીમાં કેશર વાટકી છે ત્યારે તેમના હાથ નીચે રહેલા સેવકોએ એક ચોરને બાંધીને લાવેલ છે. અને કહ્યું કે. આ ચોર જાતનો ચારણ છે. તેણે પ્રજામાંથી એક માણસનું ઉંટ ચોરેલું હતું. જેની તપાસ તમે તથા અમોએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી પણ પત્તો લાગતો નહોતો. આજ સવારે તેના ઘરમાં-થી પકડયો છે કહો, આને શી શીક્ષા કરવી ? શેઠ મુખે બોલ્યા નહી પણ સ્થાલીમાં રહેલ એક પુષ્પનું બીજડું તોડી સંજ્ઞા કરી. પેલો ચારણ સમજી ગયો કે, મસ્તક દૂર કરવાની શિક્ષા ફરમાવી છે હવે બુદ્ધિ જો નહી વાપરૂ તો પ્રાણ જશે. આમ જાણી તે વખતે કોટવાળને કહ્યું–હે જિણશા શેઠ તમોને હજી જીનેશ્વર તારોતાર મલ્યા નથી તમો દરરોજ જીનેશ્વરની પૂજા કરો છો પણ બરોબર જીને-શ્વરના ગુણોને જાણ્યા નથી. અને જો જીનેશ્વરના ગુણોમાં તારોતાર મળ્યા હોત તો જે હાથે જીનેશ્વર પૂજ્યા હોય તે હાથે મારી નાંખવાની શીક્ષા ફરમાવત નહી. જિણહાને આ વચન સાંભળી બહુ લાગી આવ્યું અને મનમાં વીજળીનો આંચકો જેમ લાગે તે પ્રમાણે દુઃખ થયું. વળી આગળ ચારણે કહયું કે હે શેઠ ? ચારણે ઉંટ ચોર્યું તે તો તેના ઘરમાં સમાતું નથી પણ તમોએ તો જીનેશ્વરની આજ્ઞા વિરૂદ્ધ એવી ચોરી કરી છે કે જાણો ભુવનમાં તે ચોરી સમાતી નથી. આ સાંભળી શેઠે થાળી નીચે મૂકીને ચાર-ણના પગે પડયા. અને થએલ ભૂલની માફી માગી મનમાં ઘણો પસ્તાવો કરવા લાગ્યો અને કહયું કે તેં મ્હને બરોબર જ્ઞાન આપ્યું. ચારણને મૂક્ત કરવામાં આવ્યો. શેઠ પણ હવે પૂજાની સાથે પ્રભુના ગુણોમાં રમણતા કરવા લાગ્યા. આવા અધિકાર પઢે શોભે છે.

**જગતમાં જે જે રસ મીઠાશને મનુષ્યોએ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૬૧ અનુભવ્યો હશે પણ જે એક રસ બાકી રહ્યો છે. તેનો અનુભવ કર્યો હશે નહી.

ઇન્દ્રિયોના વિષયોનો રસ અગર મીઠાશ માટે માણસો જીવન પર્યંત પ્રયાસ કર્યા છે અને નિરન્તર કાયમ રહે તે માટે ચિન્તાતુર પણ હોય છે. પરંતુ તેઓને ખ્યાલ હોતો નથી કે, આ રસ અને મીઠાશ ક્ષણ વિનાશી છે છતાં નિરન્તર ચિન્તાતુર બની તેવા રસ માટે પાપ સ્થાનકોને પણ સેવતા પાછી પાની કરતા નથી, પણ વષયિક મીઠાશમાં અને રસાસક્તિમાં કેવી ભયંકરતા (રસાસક્તિને લીધે) એવી ફસાવે છે કે તેઓની વિવિધ દવાઓ કરે તો પણ ખસવી નથી. તેથી દુઃખમય જીંદગાની પસાર કરવી પડે છે આવી મીઠાશ. અને રસના કરતાં એક એવો રસ છે કે તેનો અધિક રસ લેતાં આધિ-વ્યાધિ અને વિડંબનાઓ આવી શકે નહી અને આધિ વિગેરે હોય તે પણ મૂલમાંથી પણ-નિવારવા સમર્થ છે. આવા રસની જરૂર હોય તો અને આધિવ્યાધિ વગેરે દુઃખોને દુર કરવા હોય તો તે રસ તમારી પાસે છે અન્યત્ર શોધવાની જરૂર નથી, પણ તે રસને તથા મીઠાશ તરફ અદ્યાપિ તમોએ નજર કરી નથી. અન્યત્ર જે મન વચન અને કાયાની પ્રવૃત્તિ છે તેને પાછી વાળી અન્તરમાં અનંત રીદ્ધિસિદ્ધિ અને શુદ્ધિનો સ્વામી જે પોતાનો આત્મા છે અને આત્મિક ગુણો છે તે તરફ મીંટ માંડીને જોયા કરો તેમાં મીઠાશ અને રસના સાગરો રહેલા છે તે હસ્તગત થશે પછી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અન્ય રસમાં જે આસક્તિ રહેલ છે. તે દૂર ખસશે. અને સાથે સાથે આધિ-વ્યાધિની વિડંબનાઓ ટળશે અને તે ટળ્યા પછી પુનઃ આવવાનો અવકાશ મળશે નહી. અનુક્રમે સર્વ સંકટોથી મુક્ત બનાશે.

૩૨ બાહ્યઆત્માઓ, જે જે બહારથી રૂપમાં અધિક હોય તેમજ સરસ હોય તેવી વસ્તુઓમાં આસક્ત બનીને તે તે વસ્તુઓને મેળવવા માટે પોતાની કેટલી શક્તિ રહેલી છે. તેનો પણ વિચાર કરતા નથી. અને વિવિધ ઉપાયો કર્યા કરે છે. પણ સાથે સાથે અપાયનો વિચાર કરતા નહી હોવાથી અનેક વિડંબનાઓમાં ફસાઈ પડે છે. અને મરણાંત કષ્ટ પણ આવી લાગે છે. માટે ઉપાયો કરતાં અપાયોનો પણ વિચાર કરવાની ટેવ પાડવી તે હિતકર છે કારણ કે અપાયો ઉપસ્થિત થતાં પહેલાં તેઓને હઠાવવાનો વિચાર જાગ્રત થએલ હોવાથી સુખપૂર્વક દૂર કરી શકાય છે અપાયોને હઠાવવાનો વિચાર અને પ્રયત્ન અન્તરાત્મામાં થયા વિના બનવો અશક્ય છે. માટે બાહ્યાત્માઓએ કાર્યો કરતાં અપાયો કષ્ટોને નિવારવા માટે અન્તર દૃષ્ટિમાન્ બનવાની ખાસ જરૂર રહેવાની કારણ કે અપાય-વિઘ્ન કષ્ટ કોઈ પણ પ્રાણીઓને પ્યારૂ લાગતું નથી માટે ઉપાયો કરતાં અપાયોનો પણ વિચાર અને પ્રયાસ કરશો ત્યારે નિર્વિઘ્ને સુખશાંતિ પૂર્વક કરેલા ઉપાયો સફલ બનશે. અને જે બહારની વસ્તુઓ તથા વ્યક્તિમાં જે આસક્તિ રહેલા છે તે ઓછી થશે પછી દુન્યવી વસ્તુઓ માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ પુન્ય પાપનો વિચાર કર્યા વિના જે દોડધામ થાય છે તે થશે નહી. અને સુખશાંતિ પૂર્વક જીવન પસાર થશે. કષાય વિષયાદિકના જે વિચારો અને વિકારો ઉછાળા મારી રહ્યા છે તે પણ શાંત થશે અને આત્મશકિત સમૃદ્ધિ અને શુદ્ધિ કેટલી રહેલી છે. તેની ખબર પડશે અને આત્મશકિત વિગેરેનો ખ્યાલ આવતાં તેનો આવિર્ભાવ કરવાનો પ્રયાસ થશે અત્યાર સુધી આત્મિક બલ–સિદ્ધિનો ખ્યાલ નહોતો તેથી જ સુખને માટે પ્રયાસ કરતાં અપાયો કષ્ટો આવીને હાજર થયા અને કાર્યની સિદ્ધિ થવા પામી નહી.

## ૩૩ ગુપ્ત રહેલા અને દૃષ્ટિગોચર ન થતાં એવા "મારાઓ"થી બચવા માટે ભાવના પૂર્વક પ્રયત્નશીલ બનવાની અગત્યતા છે.

શ્રીમંતો કે સત્તાધારીઓની પાછળ પ્રાય: મારાઓ, તેઓને લૂંટી લેવા અગર ઠાર મારવા માટે તૈયાર હોય છે. ભલે પછી મુસાફરી કરતાં હોય કે, શહેર–ગામમાં ફરતા હોય તેથી તેઓનાથી સ્વસંપતિનું તથા પ્રાણોનું રક્ષણ કરવા માટે ચેતતા હોય છે. તેથી સંપત્તિ અને પ્રાણોનું રક્ષણ કરવા તેઓ સમર્થ બને છે. અને સુખી થાય છે. તે પ્રમાણે બહુ છાના કરેલા પાપો અને વિષય કષાયના વિચારો કે વિકારો એ પણ "મારાઓ છે." આમ માનીને તેઓનાથી બચવા માટે નાશી છૂટવું અગર જ્ઞાન–દર્શન–ચારિત્ર રૂપી શસ્ત્રો હોય તો સામનો કરી સ્વસંપતિનો તથા ભાવ પ્રાણોનો બચાવ કરવો યોગ્ય છે. પાપ અને વિકાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રૂપી મારાઓ નજરે દેખાતા નથી. માટે તેઓની સારી રીતે તપાસ કરવાની જરૂર છે. એક ક્ષણ માત્ર પણ પ્રમાદ કરવો નહીં જો પ્રમાદમાં પડયા અને સામનો કર્યો નહી, અગર નાસી ગયા નહી. તો આવી બન્યુ સમજવું, દુર્ગતિના ગહન ગર્તામાં ધકેલી દેશે માટે દુન્યવી મારાઓ કરતાં, આ પાપ-અને વિકારો ઘણા ખરાબ છે. સંસારના મારાઓથી સ્વસંપત્તિ અને પોતાના પ્રાણોનું રક્ષણ કરવા ખાતર તમો સારી રીતે સાવધાની રાખી તો હવે તદ્દન ગુપ્ત રહેલા તે મારાઓ સર્વસ્વ લૂંટે તે પહેલાં સાવધ ક્યારે બનશો ? તે મારાઓથી લૂંટાએલ પોતાની સંપત્તિ પુનઃપુનઃ પ્રાપ્ત થવી બહુ દુર્લભ છે. માટે સાવધાની રાખી સાવધ બની ક્ષણે ક્ષણે નિરીક્ષણ કરો અને સમ્યગ્ જ્ઞાનાદિથી સામનો કરો. સામનો એવો કરો કે પુનઃ તેઓ સર્વસ્વ લૂંટવા આવી શકે નહી.

## ૩૪ વિષય કષાયોના વિચારો અને આવકારોની કારમી કતલને જાણી તેઓને હઠાવે તે પંડિત અને શૂરવીર કહેવાય !

અરે પંડિતો અને શૂરવીરો ? તમો અશુભ વિચારો અને વિકારોથી કારમી કતલ જે થઇ રહેલ છે તે દેખી ન હોય તો તે દેખવા જેવી છે અને દૂર કરવા જેવી છે. તેણે એવી કારમી કતલ કરી છે, કે તમોને તથા રાગીઓને માંહોમાંહી યુદ્ધ કરાવી તથા સર્વસ્વ લુંટી લઇ, ઉન્માર્ગે ધકેલી દીધા છે. આવા વિચારો અને વિકારોને તમો જોઈ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકો અને હઠાવી શકો એવી તાકાત તમારામાં છુપી રહેલી છે. આવી તાકાતને પ્રગટ કરવા માટે પ્રથમ તત્વજ્ઞાન મેળવી શુભ વિચારો નિરન્તર કર્યા કરવા. તેથી અશુભ વિચારો જે હશે તે ખસવા માંડશે અને સાથે વિકારો જે કારમી કતલ કરી રહેલ છે તે નાશ પામશે આ સિવાય કારમી કતલને હઠાવવાનો અન્યોપાય નથી. લાખો પંડિતો અને શૂરવીરોએ તત્વજ્ઞાનને પ્રાપ્ત કરી શુભ-અને શુદ્ધ વિચારો કરવા પૂર્વક અશુભ વિકારોને હઠાવી સત્ય વિજયમાલા પહેરી છે એટલે તેઓએ સુખશાન્તિને મેળવી છે. તમો-પણ સદ્‌ગુરૂદ્વારા તત્વજ્ઞાન-આત્મજ્ઞાનને મેળવી અશુભ-વિચારોને તથા વિકારોને ખસેડવા પૂર્વક તેમની ભયંકર અને કારમી કતલ જે સદાય થઈ રહેલ છે તે બંધ કરાવો. અને પ્રાપ્ત થએલ સત્તા સંપત્તિ-સિદ્ધિ અને શુદ્ધિનું રક્ષણ કરો તથા કંચન-કામિની-કુટુંબ, કંકાસ અને કંપની કરતાં સદ્વિચારોની તથા વિવેકની કિંમત, અનંત ગુણી માનો અને જે સદ્વિચારો દ્વારા કંચન-કામિની વિગેરે જે મળેલ છે. તેની સાર્થકતા કરો.

**૩૫ જે તિરોભાવે રહેલી તમારી સંપત્તિ-સત્તા અને શકિત છે. તે તમારી વાટ-રાહ જોઈ રહેલ છે તેને કયારે પ્રાપ્ત કરશો ?**

તમે તો સંપત્તિ-સત્તા અને શકિતને મેળવવા માટે અન્યત્ર પરિભ્રમણ પુનઃ પુનઃ કર્યા કરો છો પણ ધર્મ અને આત્માને ભૂલી દુનિયામાં જે સાચી સંપત્તિ છે તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્યાંથી ઉપલબ્ધ થાય ? કર્મોદયથી ભલે પરિભ્રમણ કરો પણ આત્માને તથા પ્રભુના ધર્મને વિસરો નહી. જ્યારે વિસરશો નહી ત્યારે કદાપિ આત્માની તિરોભાવે રહેલી સત્તા-સંપત્તિ પ્રાપ્ત કરવાની સાચી અભિલાષા થશે અને અભિલાષા પ્રમાણે પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ બનાશે. અત્યાર સુધી દુન્યવી લાભની ખાતર સ્વજન વર્ગની અધિકારી વર્ગની, સંપત્તિ-સત્તાવાળા વર્ગની આજ્ઞાઓને વિનય પૂર્વક અમલમાં મૂકી-આળસ પણ લાવ્યા નહી. તે પ્રમાણે અનંતરીદ્ધિ-સમૃદ્ધિ-સત્તા-સંપતિ અને શકિતના સ્વામી અરિહંત જીનેશ્વરની આજ્ઞાઓને જ્યારે બરોબર માનશો ત્યારે તિરોભાવે રહેલી સ્વસંપત્તિ જે તમારી વાટ જોઇ રહે છે તે જરૂર પ્રગટશે. તમારામાં જે તાકાત રહેલી છે તેને સ્ફુરાયમાન કરો અને પ્રમાદ-નિદ્રા નિન્દા વિકથા વિગેરે ત્યાગ કરો અને સ્વશકિત ખીલવો બાહ્યભાવનો ત્યાગ કર્યા સિવાય અન્તરાત્મા બનાતું નથી અને અન્તરાત્મા બન્યા વિના પોતાની તાકાતને જોવાની-કેળવીને પ્રાપ્ત કરવાની પ્રવૃાત્ત થતી નથી. માટે અન્તરાત્મા બનવા પ્રથમ કોશીશ કરો લાગણી રાખો-ભૌતીક સુખની લાલચમાં આત્મશકિતનો આર્વિભાવ કરવાનું જ્ઞાન-વિજ્ઞાન પ્રાપ્ત કર્યું નહી, તેથી આત્માની અભિલાષા, અધુરીને અધુરી રહી છે માટે પ્રથમ આત્મશકિતનો આર્વિભાવ થાય તેવું જ્ઞાન-વિજ્ઞાનને મેળવી સુખની અભિલાષાને પૂર્ણ કરો.

ભૌતિક સુખની ખાતર રાજા મહારાજાઓ સ્વસંપત્તિ સત્તા અને શક્તિને પણ ખુવાર કરીને યુદ્ધો કરે છે પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યારે ઈષ્ટ સુખ મળતું નથી ત્યારે ચિન્તાઓ વલોપાત કરે છે કે સંપત્તિ વિગેરે ખુવાર કરી છતા ઈષ્ટ સુખ કેમ ન મળ્યું. અને પરિ તાપાદિકે આવીને સ્થાન લીધું પરંતુ જો તેમને સમ્યગ્જ્ઞાન હોત અગર સમ્યગ્ જ્ઞાનને પ્રાપ્ત કર્યું હોત તો માલુમ પડત કે ભૌતિક સુખ તે સાચુ સુખ નથી અને ક્ષણભંગુર છે, આમ માલુમ પડતે, ભૌતિક સુખની લાલસા, ચિન્તા પરિતાપ–શોકાદિને આમંત્રણ આપી રહી છે, આમ ખ્યાલ આવત, અને સાંસારિક સુખ ખાતર જે શકિત સંપત્તિ વગેરે વેડફાઇ છે. તે વૃથા જાત નહી અને આત્મ વિકાશ માટે પ્રયત્ન શીલ બનત, જયારે સમ્યગ્ જ્ઞાન દ્વારા ભૌતિક સુખની લાલસાની કારમી કતલ ખરેખર માલુમ પડે છે ત્યારે તેના ઉપરની લાલસા ઇચ્છા ટળતી જાય છે. અને આત્મોન્નતિ કરવાની લાલસા જાગ્રત થાય છે. અને શકય પ્રયાસ પણ સધાય છે.

અત્યાર સુધી તમોએ ભૌતિક, સાંસારિક, વૈષયિક સુખને માટે જ્ઞાનને મેળવ્યું કે આત્મસુખ શકિત માટે પ્રાપ્ત કર્યું! તેનો દહરોજ ખ્યાલ કરો. અને તેનો વિચાર કરો, અને વિચાર કરશો ત્યારે ખ્યાલ આવશે કે ઈષ્ટ સુખને બદલે વિવિધ વ્યાધિઓ અને વિડંબનાઓ આવી છે માટે નિરન્તર ઇષ્ટ એટલે સાચા સુખ માટે સ્વસત્તા–શકિતનો સદ્ઉપયોગ કરી રાગ–દ્વેષ અને મોહ વિગેરેને કબજે કરી સત્ય સત્તા–શકિત અને સંપત્તિને પ્રાપ્ત કરો પ્રાદુર્ભાવ થએલ સાચી સત્તા–સંપતિ અને શકિતઓને છીનવી લેવાની લૂંટી લેવાની કે દાબી દેવાની કોઇની પણ તાકાત છે નહી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૩૬ ધનાદિકને મેળવવાની લાલસા કે આશા, અનાચરણોને દેખવા દેતી નથી. અને ઉન્માર્ગે પગલાં ભરાવે છે તેથી પરિણામે સુખી બનાતું નથી.

ઉન્માર્ગે મેળવેલી ધનાદિક સાધન સામગ્રી વાળાના શુભ વિચારો પણ અશુભ બને છે એવા વિચારો જ્યારે હોય ત્યારે શુભ ગતિ અને શુભ અવસ્થા હોય ક્યાંથી? માટે સુખશાંતિના અર્થીઓએ કષ્ટો આવી પડે તો પણ ઉન્માર્ગને ગ્રહણ કરવો નહી. અને જીનાજ્ઞા મુજબ વર્તન રાખવું તે હિતકર અને શ્રેયસ્કર છે.

### શ્રી પાર્શ્વદત્ત શેઠનું દૃષ્ટાંત

મગધ દેશમાં અશોકપુર નગર હતું. તત્ર શ્રીમાન્ પાર્શ્વદત્ત અને પ્રિય શ્રી બન્ને દંપતી જીનાજ્ઞા પ્રમાણે બાર વ્રતો લીધાં હોવાથી સુખી જીવનેજીવતાં હતાં, વિચાર વર્તનમાં તફાવત હતો નહી, પણ સુખ સંપત્તિ–સાહ્યબી સદાય કોઈની પણ કાયમ રહેતી નથી. પાર્શ્વદત્ત શેઠને વ્યાપારમાં મ્હોટી ખોટ હાનિ થઈ, મકાનો વિગેરે સ્થાવર મિલ્કત વેચી નાંખી પણ જે ખામી આવી તેને પૂર્ણ કરી શકયા નહી. તેથી ગામડામાં ગયા. કાપડ વિગેરેનો ધંધો કરવા લાગ્યા. પણ પેટ પૂરતું ધન, મળતું ન હોવાથી કષ્ઠ પડવા લાગ્યું. પણ વ્રત ધર્મમાં દૃઢ રહીને સહન કરે છે આર્ત્ત કે રૌદ્ર ધ્યાન કરતા નથી. પાછા પોતાના–નગરમાં આવ્યા, લોકોના મેંણા સહે છે અને ધર્મ ધ્યાને તત્પર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બને છે એકદા પ્રિયશ્રી. માટીની ખાણે માટી લેવા ગઈ ખોદતાં રત્ન–સોના મહોરોનું નિધાન દેખ્યું પણ ગ્રહણ કર્યું નહી. સ્વગૃહે આવી પોતાના પતિને નિધાનની વાત કહી. પાર્શ્વદતે નગરના નૃપતિને પણ તે બીના કહી. રાજાએ પોતાના સેવકોને મોકલી તે નિધાન પોતાની પાસે મંગાવ્યું, સ્વાધીન કરવાનો વિચાર કરે છે એટલામાં સત્યના પ્રભાવે દેવવાણી થઈ કે આ નિધાન પાર્શ્વદત્તના ભાગ્યનું છે. તેને જ આપ, રાજાએ આગ્રહ પૂર્વક નિધાન અર્પણ કર્યું પાર્શ્વદત્ત તે ધનનો સાત ક્ષેત્રમાં ઉપયોગ કરી પુણ્યશાલી બન્યો આ પ્રમાણે જે વિપત્તિમાં પણ સત્ય ધર્મમાં દૃઢ બને છે. તે જય પામે છે અને સુખી થાય છે.

૩૭ તમો ઈષ્ટ વસ્તુઓને તેમજ ઈષ્ટ સંયોગોને મેળવવા માટે અને અનિષ્ટ સંયોગોને દૂર કરવા માટે ક્યાં સુધી ચિન્તા શોક પરિતાપાદિ કર્યા કરશો ?

ચિન્તાઓ–શોક પરિતાપાદકથી જો ઇષ્ટ વસ્તુઓ અને સંયોગો મળતાં હોય અને અનીષ્ટ વસ્તુઓ નિમિત્તો દૂર ખસતા હોય તો દુનિયામાં પશુઓ માનવીઓ તથા દેવો વિગેરે દુઃખોને પામે નહી અને અક્ષય પદને પામે પરંતુ સાંસારિક સુખની લાલસાએ જે ચિન્તા પરિતાપાદિક કરવામાં આવે છે તેથી તે તે વસ્તુઓ ન મળતાં અધિક દુઃખ અને વલોપાતાદિક થયા કરે છે અને જે કંઇ સુખ છે તે પણ ખસી જતાં હૃદયમાં બળતરા થાય છે માનસિક વાચિક અને કાયિક વૃત્તિઓ પ્રવૃત્તિઓ શાંતિના બદલે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અશાંતિ ઉપસ્થિત કરે છે માટે સાંસારિક સુખની લાલચ આતર ચિન્તા–શોક પરિતાપાદિકનો ત્યાગ કરી આત્મકલ્યાણ કેવા પ્રકારે સધાય તેમજ ઉત્તરોત્તર આત્મોન્નતિ કેવા પ્રકારે થાય દુઃખમય–દુઃખજનક અને દુઃખની પરંપરાને વધારનાર એવા સંસારનો અંત કેવી રીતે થાય. એની ચિન્તા–વિચારણા પુનઃપુનઃ કરશો. અને એવા નિમિત્તો અને સંયોગો પ્રાપ્ત થાય તે માટે વિચારણા પૂર્વક પ્રયત્ન શીલ બનો પ્રયત્ન શીલ બનવાથી અલભ્ય વસ્તુઓ પણ લભ્ય બને છે. આ પ્રમાણે વર્તન કરવાથી દુનિયાની વસ્તુઓની લાલસા ચિન્તા તથા પરિતાપ વિગેરે ખસી જશે. અને તેના બદલે સ્થિરતા ગંભીરતા, સહનતા, પાપભીરૂતા ઇન્દ્રિય નિગ્રહ વિગેરે સદ્‌ગુણો આવી હાજર થશે.

કોઈ એક માણસને સ્વપત્નિ મરણ પામવાથી ઘણું કષ્ટ પડ્યું અને દરરોજ શોક સંતાપ–વલોપાત કરવા લાગ્યો તેથી ચક્રમ બન્યો મગજ અને માનસિક શક્તિ ગુમાવી બેઠો હતો, તે હતો ખાનદાન, તથા સદ્‌ગુણી–આબરૂદાર જો ચિન્તા વિગેરેનો ત્યાગ કરી સદ્‌ગુણોમાં વૃદ્ધિ કરવા માટે પ્રયત્ન કર્યો હોત તો ચક્રમ બનત નહી. અને ધર્મ સાધનની સારી મોસમ મળી છે આમ માનીને આત્મિક વિકાસ સાધત; પણ આ મુજબ તેનું વર્તન નહી હોવાથી પાગલદશા પ્રાપ્ત થઈ વ્યાપાર–લક્ષ્મી–શકિત–સાહ્યબી ગુમાવી બેઠા સારી સ્થિતિ હોત તો વળી કોઇ કન્યા પરણાવત આ તો ન રહ્યો ઘરનો અને ન રહ્યો ઘાટનો, આવી કહેવત તેને લાગું પડી. આ પ્રમાણે કેટલાક, વ્યાંપારમાં-સટ્ટામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધન ગુમાવી બેસે છે ત્યારે હિંમત હારીને ચિન્તા સાગરમાં બૂડે છે અને શુદ્ધિ બુદ્ધિ અને સિદ્ધિઓને ગુમાવી પાગલ જેવા થાય છે માન–સન્માન ખાતર દરિયામાં–કુવામાં પડી અમુલ્ય મોંઘેરા મનુભવને સફલ કરતા નથી. અરે ચિન્તા–પરિતાપ –વલોપાત કરવામાં કેવી કારમી અને ભયંકર કતલ રહેલી છે તે જાણુવા જેવી છે અને દૂર કરવા જેવી છે. ચિન્તાદિ કરનાર, દુર્ગતિના ભાજન બને છે અને દુર્ગતિમાં ગયા પછી શુભ વિચારોને જણાવનાર તથા ધાર્મિકોપદેશ આપ-નાર સદ્‌ગુરૂ મળવા દુ:શકય બને છે. તેથી જ સંસારની રખડપટ્ટી ખસતી નથી.

૩૮. દરેક પ્રાણીને જીવન વ્યાવહારિક કાર્યોમાં મદદ–ટેકાની જરૂર રહેલી છે સહકાર સિવાય મુસાફરી તથા વ્યવહારમાં સુગમતા રહેતી નથી. બાલકોને માતપિતાનો ટેકો, યુવાવસ્થામાં સ્વજનવર્ગ ધન દ્વારા શેઠ શાહુકારનો ટેકો અને વૃદ્ધાવસ્થામાં ચાલતી વખતે લાકડીનો ટેકો હોય છે, તેથી સુખેથી જીવન પસાર થાય છે આ બીના તો ચાલુ ભવની કરી પરંતુ પરભવમાં ઉપરોક્ત મદદ કે ટેકો ખપમાં આવે તેમ નથી. માટે પરભવમાંટેકો– સહકાર અગર સહાય મળે તે માટે ઉપાય કરેવાની ખાસ અગત્યતા રહેલી છે જો પરભવ માટે ટેકાના ઉપાયો કર્યા હશે તોજ પરલોકમાં સર્વ પ્રકારે અનુકુલતા આવી મળશે આ ભવમાં ટેકાના આધારે સુખશાંતિ પૂર્વક સ્વજીવન પસાર કર્યું, પણ પરભવમાં મુસાફરી માટે ભૂલ્યા તો પ્રતિકુલતા પગલે પગલે આવી હાજર થશે માટે આ ભવના સહકાર ખાતર તમોએ પ્રયાસ કરીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુગમતા મેળવી તે પ્રમાણે પરલોકની મુસાફરી માટે વિચાર-વિવેક પૂર્વક પ્રયાસ કરવાની જરૂર છે એટલે આ ભવમાં અને પરભવે જીવન વ્યવહારમાં વિઘ્નો-વિડંબના આવે નહી. કદાચ આવે તો તેઓનું જોર ચાલે નહી. કેટલાક શેઠ-શાહુકારો-તથા પંડિતો પણ આ ભવના ટેકા માટે કેળવણી-કંચન-કામિની-કુટુંબ-કંપની વિગેરેનો સહકાર-મદદ લઈને મનમાં મલકાય છે. અને આ ટેકો જો હોય નહી તો કપટ કલાને કેળવીને પણ પ્રાપ્ત કરતા માલુમ પડે છે અને પરભવના ટેકાને ભૂલે છે તેથી કેળવણી વિગેરે સફલતા ધારણ કરતી નથી. કેટલાક પંડિતો-શેઠીઆઓ બે ભવના ટેકાને સાધે છે. તેથી ચાલુ ભવના સંસ્કાર યોગે બીજા ભવમાં પણ સુખેથી જીવન પસાર કરવા પૂર્વક આત્મોન્નતિ સાધીને રાગ-દ્વેષ અને મોહના બંધનોને હઠાવી પરમપદને પ્રાપ્ત કરે છે.

૩૯ લોભી-આસક્ત મનુષ્યો, જે સ્થલે ઇષ્ટ વસ્તુઓ તદ્દન હોતી નથી અને સંકટ ભરપુર રહેલ છે ત્યાં ઇષ્ટ વસ્તુઓને દેખી રહેલા હોય છે અને સુખની માન્યતા ધારણ કરી રહેલ હોય છે પણ સંકટ ભારોભાર તેમાં રહેલું હોય છે તેને દેખી શકતો નથી તેથી અનિચ્છાએ તેમાં ફસાઇ પડે છે લોભ અને આસક્તિની કારમી કતલ એવી છે કે. શાણા મનુષ્યને પાગલ બનાવી સર્વસ્વ લૂંટી લઈ, ઉન્માર્ગે ચઢાવી દુર્ગતિમાં ધકેલી દે છે એક વણિક ધીરધારનો ધંધો કરતો બહાર ગામમાં પણ પૈસાઓને ધીરી વ્યાજ જે આવે. તે આધારે સ્વાજીવિકાને ચલાવવા પૂર્વક સ્વજન વર્ગનું પરિપાલન કરતો,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકાદ ઉઘરાણી લેવા બાહિર ગામમાં ગયો ત્યાં ઉઘરાણીમાં સો સોના મહોરો મળી તે ખીસ્સામાં નાંખી પોતાના ગામ તરફ પાછા વળતાં વચમાં મ્હોટું જંગલ આવ્યું, આ માર્ગે ગમન કરતાં તેની પાછળ એક રીંછ, જંગલમાંથી નીકળ્યું. આ રીંછ. વણિકને મારવા માટે દોડતું દેખી વણિકે વિચાર કર્યો કે. ભયભીત બની નાસી જઈશ તો પણ આ મ્હોટા વગડામાં મ્હને પકડી પાડશે આમ વિચારી હિંમત ને ધારણુક રીને તે રીંછની સામે જઇને એકદમ તેના બે કર્ણો પકડી લીધા. કાન પકડેલા હોવાથી. જોર ચાલ્યું નથી. પરંતુ તે બે કર્ણો મૂકી દે તો ક્રોધાતુર બનેલ આ રીંછ. માર્યા વિના મૂકે નહી. આ તો બડી ફસામણ આવી. કાનોને મૂકાતા નથી અને પોતાના ગામ તરફ ગમન કરાતું નથી, એ અરસામાં આ જંગલમાં કોઇક દૂરથી આવતો માણસ દેખી વિચાર પૂર્વક એક યુક્તિ શોધી કાઢી ગજવામાં રહેલી પચાસેક સોના મહોરો હાથની કૂણી વડે જમીન ઉપર સેરવી નાંખીને રીંછનું માથુ વારે વારે હલાવવા લાગ્યો પેલો માણસ સમીપમાં આવીને પુચ્છવા લાગ્યો કે તમો રીંછના કાનોને પકડી તેનું મસ્તક કેમ હલાવ્યા કરો છો ? વણિકે કહ્યું કે, અરે ભલા માણસ શું દેખતો નથી ? રીંછના માથામાંથી સોના મહોરોને બહાર કાઢું છું દેખ ? આ જમીન પર આ સઘળી પડી છે આ પ્રમાણે સાંભળી આ માણસ ઘણો લોભી હોવાથી કહેવા લાગ્યો કે તમે એકલા સોના મહોરો કાઢશો ? મને પણ તેના મસ્તકમાંથી કાઢવા દો, લોભની પ્રબલતાએ એટલો પણ વિચાર કર્યો નહી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે આ રીંછના માથામાં સોના મ્હોરો હોય ખરી કે? લોભી મનુષ્ય, જ્યાં ઇષ્ટ વસ્તુ હોય નહી ત્યાં તે વસ્તુને દેખતો હોય છે તેથી મ્હોટા સંકટમાં આવી પડે છે અને પાછળથી પસ્તાવો કરી દુઃખનું ભાજન બને છે લોભીના કહેવાથી વણિકે કહ્યું કે, તું પણ રીંછના કાનોને પકડી માથુ હલાવીને સોના મ્હોરોને મેળવ, લોભી, તેના કાન પકડી તેનું મસ્તક વારે વારે હલાવવા લાગ્યો પણ એકેય સોના મ્હોર નીકળતી નથી. ત્યારે કહેવા લાગ્યો તારૂ ભાગ્ય એવું હશે હું શું કરૂં? આમ કહી જમીન ઉપર પડેલી સોના મ્હોરોને લઈ ગામ અને ઘર ભેગો થયો આ લોભી બે ઘડી માથું હલાવ્યા કરે છે. છતાં એક પણ સોના મ્હોર નીકળી નહી. પરંતુ હાથ દુઃખવા આવ્યા ત્યારે પસ્તાવો કરવા લાગ્યો હવે શું કરવું? જો રીંછના કાનોને મૂકી દેવામા આવે તો ખીજાએલ આ રીંછ માર્યા વિના મૂકશે નહી. લોભી જનોના આવા બે હાલ થાય છે જો કોઇ શસ્ત્રધારી આવે તો આ રીંછની ચુંગાલમાંથી મૂકાવી શકે. અને ઘર ભેગો થાય. લોભ કરવો હોય તો ધર્મની આરાધનામાં કરો આ સિવાય અન્ય લોભ કરવામાં ફમામણી આવશે. તમો ધારતા હશો કે લોભ કરવાથી લાભ મળતો રહેશે. અને લાભ મળે છે. પણ કયા સ્થલે? તે તો વિચારો? જ્યાં કાંઇ પણ મળવાનું નથી અને ગુમાવવાનું તો નકકી છે. ત્યાં લોભ કરવાથો શું પ્રાપ્ત થવાનું? પરિશ્રમ-તથા અમુલ્ય અવસર વૃથા જવાનો મોહરૂપી રીંછ તમારી પાછળ છે અને તમો સંસાર રૂપ મહાભયંકર જંગ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લમાં પુણ્યરૂપી ઉઘરાણી લઈને મુસાફરી કરી રહેલ છો જો સાવધાની રાખશો નહી તો તે મોહ રીંછ તમોને માર્યા સિવાય મૂકશે નહી. માટે તેના બે કાનોરૂપી અહંકાર અને મમકારને પકડો કબજે કરીને આ રીંછને બલહીન બનાવો તો જ તેના ભયથી મુકત થવાની વિચારણા. જાગ્રત થશે અને મુકત બની શાશ્વત સ્વઘરમાં આવી શકશો

**૪૦ સદ્‌ભાવનાઓને ભાવી જે ભાગ્યશાલીએ વ્રત નિયમની સારી રીતે આરાધના પૂર્વક પોતાના આત્માને બલવાન બનાવેલ છે તે સંકટમાં ભયભીત બનતા નથી.** અને ભીતિના પ્રસંગે ગભરાતા નથી વ્યાકુલ બનતા નથી. પરંતુ દઢતાને ધારણ કરી તેજસ્વી બને છે. નીતિશાસ્ત્રકાર કહે છે કે:–

तप्तं तप्तं पुनरपि पुनः काञ्चनंकान्तवर्णं–घृष्टं घृष्टं पुनरपि पुनश्चंदनंचारुगंधम् । छिन्न श्छिन्नः पुनरपिपुनः स्वादत्रा. निक्षुदण्डः प्राणान्तेऽपि प्रकृति कृति जायते जायते नोत्तमा नाम् ।

કાંચનને પુનઃ પુનઃ તપાવવમાં આવે તો પણ શ્યામ બનતું નથી પણ ઉજ્વલ બને છે.

ચંદનને વારે વારે ઘસવામાં આવે તો પણ તેની સુગંધી જતી નથી પરંતુ અધિક સુગંધને અર્પણ કરે છે. તથા શેરડીના સાંઠાને પુનઃ પુનઃ કાપવામાં આવે તો પણ તે શેરડી રસ વિનાની બનતી નથી. પણ મધુર રસ આપી કાપનારને. ગંડેરી કરનારને ખુશ કરે છે. તે પ્રમાણે ઉત્તમ વ્રતી જનોને કોઇ તિરસ્કાર ધિક્કાર કરવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્વક ઘણું અપમાન કરે, અગર ગાળો ભાંડે કે લાઠીઓના માર મારે તો પણ તેમના સ્વભાવમાં વિકાર થતો નથી. પણ તેઓ કસોટી માનીને અધિક સ્વધર્મમાં–સ્થિર થાય છે. તેથી તેઓ પ્રશંસા પાત્ર બને છે. એક શ્રાવકની માફક કરોડોની સંપત્તિ હોતે પણ એક શેઠ વ્રતધારી બની દેવ–ગુરૂ અને ધર્મની સેવા–ભક્તિ કરવા પૂર્વક સાધર્મિ-જનોની સેવા ભક્તિ કરવામાં તત્પર હતા, તથા નિરાધાર–લુલા–અંધ વિગેરેની સેવા કરવામાં પણ ખામી લાવતા નહી. વ્યાવહારિક કાર્યોમાં તથા વ્યાપાર ધંધામાં ન્યાય નીતિને રીતસર પાલન કરતાં હોવાથી દરેક માણસો તેમનું સન્માન કરતાં એકદીઉપાશ્રયમાં સાંજરે પ્રતિક્રમણ કરીને તથા સર્વે-મુનિવર્યોને સુખશાતા પુછી પોતાના ઘર તરફ ગમન કરતાં માર્ગમાં બે માણસો ગાળા ગાળી કરતાં મારામારી કરી રહેલ છે. મારા મારી કરતાં એકે બીજાને ખંજર માર્યું અને ભીતિથી ખંજરને શરીરમાં કાઢયા વિના નાઠો, જેને ખંજર વાગ્યું છે. તે માણસ ખંજરની સાથે ભૂમિમાં પટકાઇ પડયો પીડા ઘણી થતી હોવાથી ઘણું રડે છે. તૃષા પણ બહુ લાગેલી છે. ઘર તરફ જતાં આ શ્રાવકે, રડતા પીડા પામતા આ માણસને દેખી તેની પાસે આવી ઉભા રહ્યા. તે માણસની આવી અવસ્થા દેખી આ ધાર્મિકનું હૃદય દયાર્દ્ર બન્યું. તેના કહેવાથી શરીરમાં રહેલું ખંજર બહાર કાઢે છે.

તેવામાં પોલીશ આવી તથા પોલીશનો અધિકારી આવ્યો અને કહેવા લાગ્યો. કે શેઠ તમોએ આ માણસને ખંજર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માર્યું છે. તેથી તમો ગુન્હેગાર બન્યા છો શેઠે કહ્યું મેં ખંજર માર્યું નથી મારનારો ખંજર મારીને નાશી ગયો છે. આ પીડાતાના ઉપર દયા આવવાથી શરીરમાં રહી ગએલ ખંજરને બહાર કાઢું છું. પોલીસ અને તેના અધિકારીએ કહ્યું કે તમેજ આ માણસને માર્યું છે તમારી ચાલાકી હવે ચાલશે નહી. આમ કહીને હાથમાં બેડીઓ લગાવી જેલની કોટડીમાં તેઓ લઇ ગયા. અને કહેવા લાગ્યા. એક હજાર રૂપિયા આપો તો મુક્ત કરવામાં આવે નહીતર તમારા પર ફોજદારી કેશ માંડવામાં આવશે. તમો વધારે દુઃખી થશો માટે પ્રથમ ચેતી એક હજાર રૂપિયા આપી દો આ સાંભળી શેઠ નિર્ભય બની કહેવા લાગ્યા. આમ દમદાટી આપવાથી હું ગભરાતો નથી. તમારાથી થાય એટલું કરી લો ! સેવાભક્તિ કરતાં દયાને કરતાં કસોટી આવે, પણ જે ગભરાય નહી. તો પરિણામ સારૂ આવે છે. પોલીશ અધિકારીએ પોતાના સ્વાર્થ ખાતર શેઠને માર માર્યો તો પણ હિંમત રાખીને કહેવા લાગ્યા. મેં તો તે માણસના શરીરમાં ખંજર બહાર કાઢ્યું. મારનારો નાસી ગયો છે. એક પૈસો પણ તમોને આપીશ નહી. જેને ખંજર વાગ્યું છે. તેના સગાં વહાલાંને ખબર પડતાં ત્યાં આવી તેને ઘેર લઇ ગયા. દવા સારવાર કરતાં સાજો થયો. અને સગાં વહાલાંને તથા અન્ય માણસોને કહેવા લાગ્યો કે પેલો ખંજર મારીને નાશી ગયો પણ અમુક શેઠે શરીરમાંથી ખંજરને બહાર કાઢી મરતો બચાવી લીધો તેમનો ઉપકાર ભૂલાય એમ નથી. પોલીશે ફોજદારી કેશ માંડયો. શેઠને કોર્ટમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બોલાવવામાં આવ્યા, જુબાની લેવામાં આવી. શેઠે કહ્યું કે મેં ખંજર માર્યું નથી પણ જેને ખંજર વાગ્યું હતું તેના શરીરમાં રહેલા ખંજરને બહાર કાઢયું છે. ન્યાયાધિકારી સાક્ષી માગે છે. તે અરસામાં જે પેલો ખંજર મારીને નાસી ગયેલ તે રસ્તે જતાં બીજા પોલીશે તેને પકડયો અને કોર્ટમાં હાજર કર્યો. તથા જેને ખંજર વાગ્યું હતું તે માણુસ પણ કોર્ટમાં હાજર થયો તેણે કહ્યું કે સાહેબ! શેઠે મને ખંજર માર્યું નથી. પણ મારા ઉપર દયા આવવાથી શરીરમાં રહેલ ખંજરને બહાર કાઢયું છે. મારનાર તો આ પોલીશના હાથે પકડાએલ સામે ઉભો તેજ છે ખંજર મારનાર કાંઈ બોલી શકયો નહી. કોર્ટમાં જોવા આવનાર માણુસો સમુદાયને દેખતાં ન્યાયાધીશે બીના ગુન્હેગાર અને નિર્દોષ તરીકે જાહેર કર્યો. દયા કરતાં શેઠની કસોટી બરોબર થઈ, પણ કસોટીમાં આવતાં દઢ થયા. ત્યારે પ્રશંસા પાત્ર બન્યા. સેવા ભક્તિનો પ્રભાવ વધ્યો અને શેઠ આનંદ પૂર્વક તથા સન્માન સહિત પોતાને ઘેર આવ્યા માટે સેવા–ભક્તિ કરતાં સંકટ આવે તેને કસોટી માનીને દઢ બનવું.

૪૧ અજ્ઞાની મનુષ્યો પ્રાણો કરતાં તથા પુણ્ય કરતાં પૈસાઓને અધિક સુખદાયક માનતા હોવાથી પ્રાણો–પુણ્ય કાર્યો તથા ધર્મના ભોગે પણ પૈસાઓનું રક્ષણુ કરવા ઘણો પ્રયાસ કરતાં માલુમ પડે છે. ભલે પોતાના પ્રાણો નાશ પામે, પુણ્ય ક્રિયાઓ દાનાદિક તથા સદાચારો નાશ પામો પરંતુ પૈસાઓ રહો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંપત્તિ નાશ પામે નહી. આવા માણસો, પોતાના પ્રાણોનું તથા સદાચારોનું અને પૈસા–સંપત્તિનું પણ રક્ષણ કરી શકતા નથી. કારણ કે પોતાના પ્રાણો અને પુણ્ય–સદાચારોના આધારે પૈસા સંપત્તિનું રક્ષણ થાય છે. તથા તેના સદુપયોગ દ્વારા જ લાભ મળતો જ રહે છે.

પ્રાણો અને પુણ્ય–સદાચારો ગયા પછી જે પ્રયાસ કરીને તેમજ કાળાં ધોળા કરીને પસા, સંપત્તિ પ્રાપ્ત કરી છે. તેતો તેના ખપમાં આપતી નથી. અન્ય સંબંધીઓના ઉપયોગમાં આવશે. આમ તે માણસો માનતા હોય તે પણ મહતી ભ્રમણા છે. પુણ્ય અને પ્રાણો હશે તોજ તે સંબંધીઓ, પ્રાપ્ત થએલ પૈસો અગર સંપત્તિને ઉપયોગ કરવા શક્તિમાન્ બનશે. જો તેઓને પુણ્યોદય હશે નહી તો તે પોતે ઉપયોગ કેવી રીતે કરી શકશે ? માટે સંપત્તિના ભોગે, પુણ્ય સદાચારોનું તથા પ્રાણોનું રક્ષણ કરવું તે મોંઘેરા મનુષ્ય ભવની સાર્થકતા છે. નહીતર જેનું પુણ્ય હશે, સદાચારો હશે તેજ ભોગવશે એક કથા કહેનાર બ્રાહ્મણની માફક કોઇ એક બ્રાહ્મણ કથાઓ કહેવામાં અતિકુશલ હતો. તેની કથા સાંભળવા માટે બહાર ગામના લોકો પણ આવતા, અને કથાઓ શ્રવણ કરી ઘણા ખુશી થતા. કોઈક શ્રોતાઓ આની–બેઆની રૂપિયા ભેટ તરીકે મૂકીને પોતાના સ્થલે જઈને પોતાના આનંદની વાત અન્યજનોને પણ કહેતા. તેઓ પણ કથા સાંભળી બ્રાહ્મણ જાણી યથાશક્તિ રૂપિયા વિગેરેની ભેટ મૂકતાં. આ કથા કહેનાર બ્રાહ્મણ પાસે ઘણું ધન વધ્યું. તેમજ ભય પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાથે વધવા લાગ્યો તેથી જમીનમાં એક કોઠીને રાખી, તેમાં ભેગું થએલ ધન નાંખતો અને કહે–તો કે મારી પાસે કાંઈપણ નથી. કોઈ સગો વહાલો આવે ત્યારે કૃપણતા હોવાથી પોતાના હાથની હથેળી બતાવતો અને દીનતાનો દંભ કરીને ખસી જતો દીકરો–દીકરી હોત તો મનાય કે તેઓને માટે સંઘરતો હશે. તે પણ નહોતા, એક દિવસે આ બ્રાહ્મણના મિત્રે બહાર ગામથી આવી પાંચસો રૂપિયાની માગણી કરીને કહ્યું કે મહારે અગત્યનું કાર્ય હોવાથી. અને તમે સ્નેહી હોવાથી રૂપિયાની ખાસ જરૂર પડી છે માટે રૂપિયા આપીને મને સહાય કરો બાર મહિનામાં પાછા આપીશું. તમારી મદદ સિવાય મારૂ અગત્યનું કામ સફલ થાય એમ નથી. આ પ્રમાણે પુનઃપુનઃ પ્રાર્થના કરતાં પણ આ કથા કરનારે ચોખ્ખી "ના" સંભળાવી. જેથી ઉદાસ થઈને પોતાના ગામ જતો હતો તે વખતે તેની સ્ત્રીએ કહ્યું કે જ્યારે એ હોય નહી ત્યારે આવજો તમોને રૂપિયા આપીશ. મિત્ર તેના તેના ઘેર ગયો. અને કથા કરનાર બ્રાહ્મણ બહાર ગામના લોકોનો અત્યાગ્રહ હોવાથી તે ગામમાં કથા કહેવા માટે ગયો અહીં આ બ્રાહ્મણીએ સંદેશો મોકલાવ્યો તેથી તેનો મિત્ર રૂપિયા લેવા આવ્યો. બ્રાહ્મણીએ ભૂમિમાં ઉતારેલી કોઠીનું બારણું ઉઘાડીને તેમાં રહેલી રૂપિયાની થેલીને લેવાનું કહ્યું, આ મિત્ર થેલી લેવા જાય છે. તેટલામાં તે કોઠીમાં રહેલ નાગદેવે કહ્યું કે, એ રૂપિયો લઈશ તો પણ તારા પ્રાણનો નાશ કરીશ. આ ધનનો માલિક કથા કરનાર બ્રાહ્મણ ન તેમજ તેની પત્ની પણ નથી. આતો કોઠીમાં રહેલ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મિલ્કતના દાસ છે રખેવાળ છે તારે જો રૂપિયાનો ખપ હોય તો **કાશીનગરીમાં શ્રી પાર્શ્વનાથના સાચા સેવક ધમલા માળીની** રજા ચીઠ્ઠી લઈ આવી આ કોઠીમાં નાંખજે પછી સુખેથી રૂપિયા લઈ જજે. નાગદેવે કહેલી વાત બ્રાહ્મણીએ પણ સાંભળીને અફસોસ કરવા લાગી. કે મારા પતિ મમતાના યોગે મારૂ મારૂ કરીને ધન ભેગું કરે છે. પણ જ્યારે એક રૂપિયો પણ લેવા જશે ત્યારે તેને ખબર પડશે કે આ ધન કેના ભાગ્યનું છે? પેલો મિત્ર કાશીમાં આવી ધમલા માળીને મળ્યો. રૂપિયાની ચીઠ્ઠી લખી આપવાનું કહ્યું ત્યારે ત્યારે તેણે કહ્યું કે કોઈ જગ્યાએ મેં થાપણ મૂકી નથી કે જેથી ચીઠ્ઠી લખી આપવાથી રૂપિયા મળે, આવેલ તેના મિત્રે કહ્યું કે તમારા માટે નાગદેવ, મારા મિત્રે ભેગું કરેલ ધનની રક્ષા કરે છે મારા મિત્રને ઘેર રૂપિયા લેવા ગયો ત્યારે નાગદેવે કહ્યું કે ધમલા માળીની ચીઠ્ઠી લઈને આવે તો તને લેવા દઉં. તેથી તમારી પાસે ચીઠ્ઠી લેવા આવ્યો છું. મહેરબાની કરી ચીઠ્ઠી લખી આપો તો મારૂં અગત્યનું કામ પાર પડે ધમલા માળીએ વિચારીને કહ્યું કે, મેં લખી આપેલી ચિઠ્ઠીથી કામ સરતું હોય તો લખી આપું લખી આપેલી ચીઠ્ઠીને લઈ આ બ્રાહ્મણ મિત્ર તેના ઘેર આવી. કથાકાર બ્રાહ્મણને બ્રાહ્મણીને દેખતાં કોઠીમાં લાવેલી ચીઠ્ઠી નાંખીને રૂપિયા લીધા. અને પોતાને સ્થાને ગયો બ્રાહ્મણ લેવા જાય છે ત્યારે નાગદેવે કહ્યું કે એક રૂપિયો લઈશ તો પણ તારા પ્રાણો નાશ પામશે આ પ્રમાણે નાગદેવનું વચન સાંભળી કથાકારક બ્રાહ્મણ ઘણો પસ્તાવો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવા લાગ્યો નાહક્ક, આસક્તિને ધારણ કરી પોતે ખાધુ નહીને પોતે બીજાને આપ્યું નહી. સગા વહાલા મિત્રો વિગેરેને મદદ કરી નહી. પૈસા મેળવવાને માટે કરેલ પ્રયાસ વૃથા ગયો એક રૂપિયો કોઠીમાંથી લેવાતો નથી તેથી વલો-પાત કરવા લાગ્યો ધમલો માળી, શ્રી પાર્શ્વનાથ પ્રભુના તીર્થમાં જે યાત્રાળુઓ આવે તેઓની સારી રીતે સાર સંભાળ રાખતો જોઇતું કરતું લાવી આપતો અને જાત મહે-નત કરી પોતાનો નિર્વાહ ચલાવતો આખો વખત નવકા-રવાલી ગણુતો, અને યથા શક્તિ ધર્મની આરાધના કરી આનંદમાં રહેતો. આયુષ્ય પૂર્ણ થએ પૈસાને ભેગા કરનાર બ્રાહ્મણુનો પુત્ર થયો આ પુત્ર જ્યારે રૂપિયા લેવા જાય ત્યારે તેને નાગ દેવતા લેવા દે, તેનો બાપ લેવા જાય જ્યારે એક રૂપિયો પણુ લેવા દે નહી તેમાં ઉદારતા અને સદાચાર ને પ્રભાવ છે માટે પૈસા કરતાં પુણ્યને સદાચારને તથા ઉદારતાને અધિક માનો.

**પંડિતો બુદ્ધિમાનો આભવમાં એવું સુંદર કાર્ય કરે કે, આભવમાં તથા પરભવમાં તેનો વિપાક–ફલ સારૂ આવે.** વિના બિચારે કરેલા કાર્ય દુઃખજનક ફલ આપે છે. આમ સમજતા હોવાથી તુચ્છમાં પણુ તુચ્છ કાર્ય, પણુ પ્રથમ વિચાર અને વિવેક લાવીને કરે છે. જેઓને વિચાર અને વિવેક નથી તેઓ ભલે મનુષ્ય તરીકે ગણુાતા હોય, પણુ પશુપંખી સમાન ગણુાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**" सगुण मपगुणं वा कुर्वता कार्यजातं, परिणतिरवधार्या यत्नतः पंडितेन–अतिरभसकृतां कर्मणा माविपत्ते र्भवति हृदय दाही शल्य तुल्यो विपाकः**

પંડિત પુરૂષે ગુણવાળુ અથવા ગુણ વિનાનું કાર્ય કરતી વખતે પ્રયત્નથી તે કાર્યનું પરિણામ શું આવશે તેનો પ્રથમ વિચાર કરવો, કેમકે અતિવેગથી, વિચાર કર્યા વિના કરેલા કાર્યનો મરણ પર્યંત હૃદયને દાહ કરનાર શલ્ય જેવો વિપાક આવીને ઉપસ્થિત થાય છે. મૂર્ખ માણસ પોતે જાતે વિચારી પોતાને મૂર્ખ માનતો હોય કે જાણતો હોય તે બુદ્ધિમાન છે. અરે અભિમાની પંડિત, પોતાના અભિમાન કે અહંકારને જાણતો નથી તે મૂર્ખ જેવો છે. કારણ પોતાનો આત્મા કેવો છે તે જાણ્યો નહી. જેટલા અપરાધી. અનાચારી માણસો છે. તે પોતાના અપરાધને તથા અનાચારને જાણતા નથી અને માનતા નથી અને અપરાધ–અનાચાર સેવીને ખુશી થાય છે. પ્રશંસા અનુમોદના કરવા મંડે છે તે મૂર્ખોમાં પણ મૂર્ખ કહેવાય. વિચારક અને વિવેકી પ્રથમ પોતાના આત્માને સારી રીતે જાણે અને જાણીને થતાં અને થએલા દોષોને નિવારવા પ્રયાસ કરતો રહે, પોતાના આત્માની સમ્યગ્જ્ઞાની સાથે તુલના કરે કે જ્ઞાની બનવાને યોગ્ય છું કે નહી ? આમ તુલના કરતો પોતેપોતાને ઓળખતો રહે છે.

એટલે ભવિષ્યમાં થતાં અપરાધો અટકે છે. અને અનુક્રમે સમ્યગ્જ્ઞાની જેવો બની આત્માને સંપૂર્ણતયા નિર્મલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવા સમર્થ બને છે વ્યાપારમાં અને વ્યાવહારિક કાર્યોમાં વિચાર અને વિવેક કરનાર મળી આવશે પણ પોતે કેવો છે તેનો વિચાર અને વિવેક કરનાર કેટલા ? બહુજ અલ્પ પ્રમાણુમાં હોય છે તેઓ પોતાના આત્માની શક્તિને પ્રાપ્ત કરે પણ કયાંથી ? દરેક કાર્યોમાં તેવા માણુસો પાછા પડે છે અને બેહાલ દશામાં આવી પડે છે એક બ્રાહ્મણુની માફક પાણીપતના યુદ્ધમા ઈબ્રાહિમલોદી મરાયો પઠાણો મરાયા અને મોગલોના હાથમાં રાજ્ય આવ્યું તે વખતે શેરખાં નામના પઠાણુને લાગ્યું કે ભવિષ્યમાં મોગલોને હરાવવા હોય તો બંગાળ અને વિહાર વચ્ચેનો રોહતાસ ગઢનો કિલ્લો મળે તો સારૂ પણુ રોહતાસ ગઢ નૃપ ચિન્તા-મણીના તાબામાં હતો. સુગમતાએ કિલ્લો કબજે કરાય એમ નહોતો એટલે શેરખાં પઠાણે એક બ્રાહ્મણુને બોલાવી ગુપ્ત રીતે કહ્યું કે આ રોહતાસનો કિલ્લો છે. તેમાં મારા સીપા-ઈઓને પ્રવેશ કરાવો અને કિલ્લો કબજામાં આવે તો તને મંત્રી બનાવીશ. તેથી તારી મહત્તા વધશે લોભી બ્રાહ્મણે પૂરતો વિચાર કર્યા વિના સીપાઈઓને કિલ્લામાં દાખલ કરવાનું માથે લીધું. અને ચિન્તામણી રાજા પાસે જઈને કહેવા લાગ્યો કે, મોગલો ધસી આવે છે અને આવેલા છે, તેથી અમારા ગામની સ્ત્રીઓ દાસ–દાસીઓ તથા પુરૂષો ત્યાંથી નાસી છૂટયાં છે. જો આપના શરણે રાખો તો ધર્મભ્રષ્ટ થતાં બચી જાય.અને જીવનપર્યંત ગામના લોકો તથા અમારો પરિવાર તમોએ કરેલ ઉપકાર ભૂલશે નહી. પ્રથમ તો રાજાએ માન્યું નહી. પણ અધિક કાલાવાલા કરવાથી માન્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિશ્વાસઘાતી આ બ્રાહ્મણને આટલો પણ વિચાર આવ્યો નહી કે એક પઠાણ મુસલમીને મંત્રી પદની લાલચ આપી. પણ બ્રાહ્મણો ઉપર વિશ્વાસ રાખનાર આ રાજાને દગો નહી દેવો. દગો દેવામાં પઠાણ તરફથી મંત્રી પદ મળશે કે નહી મળે તેનો વિચાર કર્યો નહી. નૃપ ચિન્તા-મણીની આજ્ઞા મળતાં આ બ્રાહ્મણ શેરખાં પઠાણને મળ્યો રાજાને કહેલી વાત પણ સંભળાવી. પઠાણે ખુશી થઇને પોતાના સીપાઇઓને પડદામાં રાખી સ્ત્રીઓ આવે છે આ બાનાઓ રોહતાસના કિલ્લામાં પ્રવેશ કરાવ્યો એક બે વાર હીંદુ સ્ત્રીઓને ડાળીઓમાં બેસાડી પ્રવેશ કરાવ્યો અને પછી પઠાણ સીપાઈઓને આ પ્રમાણે બારસો પંદરશો સી-પાઈને દાખલ કર્યા. રાજાને ખબર પડવા દીધી નહી. રાજા તો જાણે છે કે સઘળા હિન્દુઓ મારે શરણે આવ્યા તેથી તેઓની સારવાર કરવી. આમ ધારણા રાખી જ્યાં પેલા સીપાઈઓ, સ્ત્રી વેશે રહ્યા છે ત્યાં આવીને ખબર પૂછવા લાગ્યો પણ સ્ત્રીઓના બદલે તેમજ હિન્દુઓના બદલે પઠા-ણોને દેખી રાજા વિચાર કરવા લાગ્યો કે બ્રાહ્મણે દગો કર્યો અને હિન્દુઓના બદલે પઠાણોને પ્રવેશ કરાવ્યો હે શો ઉપાય ? આમ વિચારે છે એટલામાં આવેલ શેરખાં પઠાણે સીપાઈઓને ઈશારો કર્યો, અને ત્યાંજ ચિન્તામણિ નૃપનું શીર કપાઈ ધડથી જુદું થયું. સાથે રહેલા સુભટોને યુદ્ધ કરી નાશી નાંખ્યા. હવે દગાખોર બ્રાહ્મણ શેરખાંની પાસે આવી કહેવા લાગ્યો તમોએ કિલ્લાની સાથે રાજ્યને કબજે કર્યું. તો મને મંત્રીપદ આપો પઠાણ કહે લાગ્યો રાજાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેં વિશ્વાસ ઘાત કર્યો. તો પછી લાગ મળે મારા વિશ્વાસને ઘાત કેમ નહી કરે તારા જેવા સેતાનને મંત્રીપદ કેવું ? આમ કહીને તેનો પણ શીરછેદ કરાવ્યો મનની મનમાં રહી. અને દુર્ગતિમાં ગયો માટે સારા સદ્ગુણવાળું કે ખરાબ ગુણવાળું કાર્ય કરતાં ભવિષ્યમાં તેનું ફલ કેવું આવશે તેનો વિચાર આવશ્ય કરવો જોઈએ સારા કાર્યોમાં પણ વિચાર અને વિવેક કરતાં સુંદરમાં સુંદર લાભ પ્રાપ્ત થાય માટે દરેક કાર્યો કરતાં ભાવિનો વિચાર કરવો લોભને લઈને પેલા બ્રાહ્મણે વિશ્વાસઘાત કર્યો. પણ પોતાના જ પ્રાણો ઉગારી શક્યો નહી. માટે કોઈની સાથે પ્રસંગ પાડતાં પણ વિચાર કરવાનો છે.

## ૪૨ શંકા લાવીને અન્યને મારી નાંખવાના ઉપાય કરવા નહી.

કોઈ એવા માણસો હોય છે સદાય શંકા. બીજાઓના વચનો સાંભળીને કરતા હોય છે અને એવું માની બેસે છે કે આ માણસો મારી વાતો કરી રહેલ છે અને મારી ફજેતી લોકમાં કરશે બીજા માણસો તો બીજી સામાન્ય વાતો કરતા હોય છે પણ દોષી હોવાથી પોતે એમજ માનતા હોય છે. કે મારી વાતો જ કરે છે તેથી જ શંકાતુર બની અન્યજનોને દુઃખ દેવા અગર સંકટમાં સપડાવવા વિવિધ ઘાટ ઘડનારને જ નુકશાન થાય છે અને પોતાનાના અનાચારો જાહેરમાં આવે છે।

એક ગામમાં રસિકલાલ કરીને વષ્ણુવ હતો તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાના પુત્રની સાથે કમાવા પરદેશ ગયો ઘરમાં એકલી તેની સ્ત્રી છે તે ખાવા પીવામાં જ આનંદ માનવા લાગી. તપ જપની વાત સાંભળતાં જ ભડકે છે તેનો પતિ, ઘણું ધન આપી ગએલ હોવાથી કોઈની પણ પરવા તેણીને હતી નહી. ગમે ત્યાં જવામાં તેની સંકોચ થતો નહી. અનુક્રમે સ્વચ્છંદી બનેલ હોવાથી બદચાલની થઈ કોઈ પણની લાજ શરમ નહી હોવાથી આવેલ ધનની બરબાદી કરવા લાગી.

કોઈ સંબંધી શીખામણ દેતો તેની બરોબર ખબર લે ઝગડો ઉભો કરી કલંક પણ દેવામાં બાકી રાખે નહી એટલે તેણીને કોઈ, કહી શકતું નહી. પણ તેવામાં એક આવો, તેની શેરીમા ભીક્ષા માગવા આવે છે. તે ભીક્ષા માગતા બોલે છે કે "કરેગા વો ભરેગા—ખોદેગા વો પડેગા" આ પ્રમાણે બાવાનું વચન સાંભળી શંકાતુર બની અને મનમાં માનવા લાગી કે મારી ફજેતી આ પ્રમાણે બોલીને કરી રહ્યો છે. અને મારો ધણી આવશે ત્યારે મારી બદ-ચાલની બીના કહી દેશે. માટે તે આવ્યા પહેલાંજ બાવાનો ઘાટ ઘડી નાંખવો હળાહળ વિષ નાંખી આ રાંડે ચાર લાડુઓ બનાવ્યા. અને ભીક્ષા લેવા માટે આવેલા બાવાજીને બોલાવી ચાર મોદકો આપ્યા. બાવાજી લઈને ઝુંપડીમાં આવ્યા ચારલાડુઓને બીજે દિવસે ખાવાના રાખી જે રોટલા વિગેરે ભીક્ષામાં આવ્યું હતું તે ખાઈને રાત્રીમાં સૂઈ ગયો બનવા જોગ છે કે મધ્યરાત્રીએ બે માણસો આવીને ઝુંપડી ખખડાવી બાવાજી જાગ્રત થવા પૂર્વક ઉભા થઈને બારણા ઉઘાડી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બહાર આવીને પુચ્છયું. તમે કોણ છો? આવેલ મુસાફરોએ કહ્યું. પાસેના ગામના અમો રહીશ છીએ અને પરગામથી આવતા માર્ગમાં ભૂલા પડવાથી ઘણું મોડું થયું. તેથી તમારી પાસે આવ્યા છીએ, બાવાજીએ તે બેને ઝુંપડીમાં લાવી તેઓને ભૂખ લાગેલી હોવાથી તે રાંડે આપેલા ચાર લાડુઓને ખાવા માટે આપ્યા. આ બે જણા લાડુઓ ખાઈ પાણી પીને સૂઇ ગયા. સવારમાં મરણ પામેલ હોવાથી બાવો ગભરાયો પાસેના ગામમાં જઈ લોકોને બોલાવી સઘળી વાત કહી. લોકોએ કહ્યું કે, જે લાડુઓ ખાવા માટે આપ્યા તેમાં વિષ હોવું જોઇએ. નહીતર મરણ પામે નહી.

બાવાજીએ કહ્યું કે, અમુક શેરીમાં અમુક બાઇએ મ્હને ભીક્ષામાં આપ્યા હતા. શારૂ થયું કે મેં ખાધા નહી. નહી તો આ બે માણસોની માફક મરણ થાત, આ રાંડને પણ ખબર પડી કે, લાડુઓના ખાવાથી બે મુસાફરો તેની ઝુપડીમાં આવેલા મરણ પામ્યા. અને બાવાજી બચી ગયા. તે જાવાને માટે બાવાજીની ઝુપડીમાં આવી. પોતાનો પતિ અને પુત્ર મરણ-પામેલ દેખી છાતી કુટવા લાગી. અને ઘેર આવી શોક સંતાપ કરવા લાગી. પતિ અને પુત્ર મરી ગએલ હોવાથી. અને આવક ન હોવાથી ભીખારી બની. અને છેવટે ભીખ માગવા લાગી. બાવાજીને મારવા માટે જે દગો કર્યો તે તેણેને જ નડયો માટે દગો કરો નહી. સદાચાર પાળીને સદ્ગતિને પ્રાપ્ત કરો.

કોઇ પણ પ્રાણીઓનું અહિત ચિન્તવવું નહી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કારણ કે જગતમાં રહેલા સર્વજીવો, આપણા મિત્ર બનેલ છે અને બને છે અને બનશે. તેઓના વિના આપણે આગળ વધ્યા નથી. પૃથ્વી પાણી વિગેરે પણ આપણને સહકાર આપી રહેલ છે તો પછી તેઓનું અહિત કેમ ચિન્તવાય? તમો, જેને શત્રુ–પ્રતિકુલ માની બેઠા છો તેઓએ પણ તમોને મદદ કરી છે અને મદદ કરી રહેલા છે કિંમતી વસ્તુઓ–સુવર્ણ વિગેરેની કિંમત જાણવા માટે કસોટીની જરૂર છે તે મુજબ પ્રતિકુલ વર્ગ, આપણો કષ કાઢી ઉજ્વલ બનાવે છે તેથી તેનું પણ અહિત ચિન્તવવું નહી. તેઓનું પણ અહિત ચિન્તવવામાં આપણે પોતાનું અહિત કરીયે છીએ માટે દેહના ભોગે પણ અહિત ચિન્તવવું નહી. તેમજ અહિત કરવા પ્રયાસ પણ કરવો નહી તેથી જ આપણે દરેકનું હિત કલ્યાણ ઇચ્છીએ. કલ્યાણ ઇચ્છીએ માટે દરેકનું હિત કલ્યાણને ઇચ્છો અન્યજનોનું અહિત ઇચ્છનારની તેમજ અહિત કરનારની દશા બુરી થાય છે અને નહી ધારેલ નુકશાન આવી પડે છે.

**એક પટેલની માફક**–પટેલે મહામહેનત કરી ભૂમિને ખેડી અનાજ વાવેલ છે. મોલ તૈયાર થવા આવ્યો તેવામાં ઉંદરો પડયા. અને તૈયાર થએલ મોલને ખાવા લાગ્યા. તેઓને મારી નાંખવા સોમલ–ઝેર નાંખી જાર બાજરીની રાબ બનાવી, તેનું ભોજન ખેતરે મૂકયું. ઉંદરો ખાવાની લાલચે આવીને ખાવા લાગ્યા. ખાધ્યા પછી સર્વે ઉંદરો મરણ પામ્યા. પટેલ ખુશી થઈને વધેલી રાબનું પાત્ર ખેતરની બહાર મૂકયું. તેવામાં તેનાજ બે બળદો ચરતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચરતાં તે સ્થલે આવીને રાબને ખાવા લાગ્યા. અને તે રાબને ખાઈ તે હજારની કિંમત વાળા મરણુ શરણુ થયા. મરણુ પામેલ બળદોને દેખી પટલ છાતી કુટવા લાગ્યો. અને વલોપાત કરવા લાગ્યો કે “હાથના કર્યાં હૈયે વાગ્યા.” સો બસોના માલને રક્ષણ કરવા માટે ઉંદરોને સોમલની રાબ ખવરાવી મારી નાંખ્યા. પણુ એક હજારના બે બળદો મરણુ પામ્યા. હવે આવતી સાલમાં કેવી રીતે ખેતી કરીશ. બીજા બળદોને લાવવા માટે ઘરમાં નાણાં નથી. આ પ્રમાણે નુકશાન થએલ હોવાથી પાગલ જેવો બન્યો. માટે શાસ્ત્રકારો. પુકારીને કહે છે કે કોઈ પ્રાણીનું અહિત ચિન્તવો નહી. કરો નહી.

બીજા કોઈ પટેલે પોતાના ખેતરમાં શેરડી વાવી અને તૈયાર થવા આવી છે. તેવામાં શિયાળ વરૂ વિગેરે પ્રાણીઓ આવી ઘણું નુકશાન કરે છે. ચોરો આવીને કાપી લઈ જાય છે. તેથી પટેલે તેઓને ફસાવવા એક મ્હોટી ખાઇ ખોદી. અને તેના ઉપર ઝાંખરાં કરાઠો વિગેરે નાંખી, દેખાય નહી તેવી કરીને પોતે સંતાઇ રહેલ છે. પ્રાતઃકાલ થયો છતાં પટેલ પોતાના ઘેર ગયો નહી. તેથી પટલાણી ચિન્તા કરવા લાગી. તેમને ભુખ લાગી હશે, તો ભાતુ આપવા હું પોતે ત્યાં જઉં. આમ વિચારી ભાતુ લઈ ને આવતી તેણીને ખાઇને ખોદેલી છે. તેની ખબર નહી પડવાથી તેજ ખાઇમાં પડી અને હાથ પગ ભાગી ગયા લાવેલું ભાતુ, ખાઇમાં વેરાઇ ગયું. અને રડવા લાગી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેણીનું રૂદન સાંભળી પટેલ દોડતો આવ્યો હાથ પગ ભાગી ગયા છે એવી પોતાની સ્ત્રીને દેખી છાતી ફાટ રડવા અને કુટવા લાગ્યો અને કહેવા લાગ્યો કે, અરેરે ! હાથના કર્યાં હૈયે વાગ્યાં "જે ખોદે તે પડે" પટલાણી સાજી થઇ ત્યાં સુધી ઘરમાં રહેવું પડયું. અને પોતાના હાથે રાંધવાનો વખત આવ્યો તે અરસામાં શિયાળ વરૂ વિગેરે તેમજ ચોરોએ તૈયાર થએલ શેલડીના ખેતર સાફ કરી નાંખ્યું. પટેલને તો બે બાજુએથી સંકટ નડયું. થોડો માલ બચાવતાં સઘળો એ માલ નાશ પામ્યો પટલાણી સાજી તો થઈ પણ ખોડ રહી માટે નુકશાન કરતા પ્રાણીંઓ તરફ દયાભાવ રાખવો અને રક્ષણ માટે બીજો ઉપાય શોધી લેવો, ખાઈ ખોદવાનો ઉપાય ન કરતાં ખેતરમાં એક મ્હોટો ચાડીઓ ઉભો કર્યો હોત તો શિયાળ વિગેરે ભય પામીને નાસી જાત ચોરોને પણ ભ્રાન્તિ થાત અને શેરડી કાપવા આવત નહી. પરંતુ દયા રહિતને આવો ઉપાય સુઝે કયાંથી ? અહિતના વિચારો કે વિકારો, દયા વિનાનાને સુખેથી જીવવા કયાંથી દે ?

નુકશાન થવાના પ્રસંગે દયાભાવ વાળો સજ્જન, બીજાઓના પ્રાણો જાય નહી. અને અધિક કુષ્ટ પડે નહી તે મુજબ બુદ્ધિપુર્વક ઉપાયો યોજે છે તેથી વધારે નુકશાન થવાનો પ્રસંગ આવતો નથી. માટે દરેક પ્રાણીઓ ઉપર હિત થાય એવા વિચારો કરો અને અમલમાં મૂકો, જીવન નશ્વર છે સંયોગે મળેલા સબંધો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તથા પદાર્થો વિયોગવાળા છે આમ ચિન્તવીને સ્વહિત અને પરહિતની વિચારણા કરો ધાર્યા પ્રમાણે અનુકુલ નિમિત્તો મળતા રહેશે, અન્યથા વિપત્તિઓ આવી ઉપસ્થિત થશે.

### ૪૩ અદેખાઈ, સત્તા–સંપત્તિ–સાહ્યબી વિદ્યમાન હો તે પણ સુખેથી જીવનને વીતાવવા દેતી નથી.

પુનઃ પુનઃ હૃદયમાં દાહ ઉત્પન્ન કરી માનવતામાં અનિચ્છનીય પ્રસંગો ઉપસ્થિત કરે છે પવિત્ર કાર્યો સદાચારોના સતૂફલોને બેસવા દેતી નથી.

મનુષ્યો ધારે છે કે અમો ધાર્મિક કાર્યો કરીને માનવતાને સફલ કરીએ, છતાં જો અદેખાઇને દૂર કરે નહીં તો તેઓને માનવતાની સફલતા–અને સાર્થકતા કયાંથી પ્રાપ્ત થાય ? માટે ધર્મિજનોએ પ્રથમ વિવિધ વિઘ્નોને ઉત્પન્ન કરનાર અદેખાઇને દૂર કરવાની જરૂર છે. આ સિવાય માનવતા અને ધાર્મિકતા શોભાસ્પદ બનશે નહી. અદેખાઇ પોતાના જાતિભાઇઓમાં થાય તો અત્યંત હાનિકારક બને છે અને દાવાનલની માફક આચરણ કરે છે

એક માણસે બજારમાં લુહારને કુઠારો–કુહાડા બનાવતો દેખી પુછયું કે પચાસ-સો કુહાડા શા માટે બનાવ્યા છે.

લુહારે કહ્યું કે એક મ્હોટા વનને કાપવાની રાજાએ આજ્ઞા આપી છે તેથી. સઘળા કુઠારો બને છે. આ બીના સાંભળી આ માણસ મહોટા વનને દુભાતા મનથી કહેવા લાગ્યો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અરે મ્હોટા વન ! તારૂ આવી બન્યું છે. રાજાએ તારા સર્વ વૃક્ષોને કાપવા માટે લુહાર પાસે કુહાડા તૈયાર કરાવ્યા છે. માટે ચેતવું હોય તો ચેતીજા ? વને કહ્યું ભલે રાજાએ કુહાડા તૈયાર કરાવ્યા પણ અમારા જાતિભાઈ ભેગા ભળ્યા નથી ત્યાં સુધી ચિન્તા કરવા જેવું નથી. આ માણસ સાંભળીને ચાલ્યો ગયો. ત્યાર બાદ સૂકા લાકડાનાં હાથા બનાવી કુહાડામાં લાગું કર્યાં. વનના વૃક્ષોને કાપવા માંડયા–તે અવસરે પેલો માણસ ત્યાં આવી કહેવા લાગ્યો. અલ્યા તારા વૃક્ષો કપાય છે. તેનો ઉપાય કર્યો કે નહી ? મ્હોટા વને કહ્યું કે હવે એકેય ઉપાય રહ્યો નથી. શુષ્ક પણ જાતિ ભાઇઓ ભેગા ભળ્યા છે.

હવે તો મારા વૃક્ષોને કાપી નાંખશે હવે મારૂ શું ચાલી શકે ! આ મુજબ અદેખાઈને લઇને શત્રુના હાથા જ્યારે જાતિ ભાઈઓ બને ત્યાં જ્ઞાતિ–સમાજની દુર્દશા થાય. માટે અદેખાઈને તો પ્રથમ ત્યાગ કરવા લાયક માનવી જોઇએ જેથી ધાર્મિક ક્રિયાઓની સાથે માનવ ભવ પણ સફલ થાય. અદેખો માણસ બહારથી સારો દેખાય છે પણ હૃદયમાં હળાહળ ઝેરવેર વશેલું હોય છે કયારે તે બીજા પાસે નુકશાન કરાવશે અગર વૈર વિરોધ કરાવશે તે કહી શકાય નહી. માટે અદેખાઇથી બહુ સાવધ રહેવાની જરૂર છે. માયા–મમતા–અભિમાન વિગેરેનો જો આપણે ત્યાગ કરીયે તો કોઈ પણ આપણા ઉપર અદેખાઈ કરે નહિ. એટલે ઇર્ષ્યા-અદેખાઈને ત્યાગ કરવાનો સાચો ઉપાય જો કોઈ હોય તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માયા મમતાનો ત્યાગ છે માયા મમતાના ત્યાગથી જ એકતા સંપ આવી વસે છે.

## ૪૪ અનંત ઋદ્ધિ સિદ્ધિ અને સમૃદ્ધિને પ્રાપ્ત કરવાનો પહેલો ઉપાય વ્યવહારમાં પ્રમાણિકતા

ન્યાય નીતિનું પાલન કરવું. અને તેના પાલણ પુર્વક દેવગુરૂ અને ધર્મની આરધના કરવી તે છે પ્રમાણિકતાનું જો રક્ષણ થયું નહી તો ધાર્મિક ક્રિયામાં ઉજ્વલતા આવતી નથી. એટલે ધાર્મિક ક્રિયામાં યથાર્થ ફલ મળવાનું હોય છે તે મળતુ નથી.

એક બાજુ ધર્મની આરાધનામાં લાખ રૂપયા ખર્ચે અને બીજી બાજુ વ્યાપાર વિગેરે વ્યાવહારિક કાર્યોમાં ન્યાય-પ્રમાણિકતા સાચવે નહી. તો ધર્મની આરાધનાને બદલે વગોવણી થાય છે કે કેટલાક વળી એવા હોય છે, જે ન્યાય નીતિ અને પ્રમાણિકતાને સાચવતા હોય છે તેઓને વેદીયા ઢોરનો ઇલ્કાબ આપીને અપ્રભાજના જ કરે છે તે પણ સારૂ કરતા નથી.

## એક શેઠની કથા

એક શેઠ કાપડના મ્હોટા વેપારી હતા, અને તેમણે દુકાને એકજ ભાવ આ પ્રમાણે પાટીયું લગાવ્યું હતું તેથી ઘણા લોકો તે દુકાને આવી કાપડ ખરીદતા-અને શેઠને સારી કમાણી થતી ધન પણ સારી રીતે ખરચતા-પણ જાતિ ભાઇ પ્રમાણિક હોય તેને ગુમાસ્તા તરીકે રાખતા નહિ તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શેઠ સમજતા કે, વ્યાપારમાં પ્રમાણિકતા રાખનારને યથેચ્છ લાભ મળતો નથી. આમ સમજી કોઈ નટ્ટખટ-બોલવામાં ચાલાક હોય તેને રાખતા-એક સાધારણ સ્થિતિના પ્રમાણિકતાને પ્રધાન તરીકે માનનાર પાડોશીએ આ શેઠને કહ્યું કે અરે શેઠજી મારા પુત્રને ગુમાસ્તા તરીકે સારો પગાર આપીને રાખો તો આજીવિકાનું કષ્ટ-ઓછું થાય. અને ધર્મક્રિયામાં સ્થિરતા થાય, માટે મહેરબાની કરી મારા પુત્રને ગુમાસ્તા તરીકે રાખો, ઘણી આજીજી કરી ત્યારે શેઠે તેના દીકરાને ગુમાસ્તા તરીકે રાખ્યો. આ પુત્ર તેના પિતાએ પ્રમાણિકતાના સંસ્કારો નાંખેલ હોવાથી પ્રમાણિક તથા ચાલાક અને બુદ્ધિમાન હતો તેથી બીજા ગુમાસ્તા કરતાં લોકો તેને સારો કહેતા-એક વખત એક બાઈ સાલ્લો લેવા માટે આ શેઠની દુકાને આવી બીજા ગુમાસ્તાએ શેઠના ઇસારાથી છિદ્ર વાળો સાલ્લો આપ્યો. આ પ્રમાણિક ગુમાસ્તાને લાગ્યું કે આ બાઇ સાલ્લો લઇને ઘેર જશે અને તપાસ કરશે ત્યારે રાડ પાડતી શેઠની દુકાને આવશે. તો શેઠની આબરૂમાં હાનિ થશે. આમ ધારી તે બાઇને કહ્યું કે આ સાલ્લો છિદ્ર વાળો છે માટે પાછો લાવ બદલી આપું આમ કહીને તે પ્રમાણિક ગુમાસ્તાએ બદલી આપ્યો. પણ શેઠને ખમી શકાયું નહિ તેથી તેના પિતાને કહ્યું તમારો પુત્ર વેદીયા ઢોર જેવો છે વ્યવહારની રીત બરોબર જાણતો નથી. માટે હવે દુકાને મોકલતા નહી. એની અમારે જરૂર નથી. પ્રમાણિક પિતાએ સ્વપુત્રને પુછ્યું કે તારો શો અપરાધ આવ્યો કે દુકાને તને આવવાનું 'ના' કહે છે.' પુત્રે કહ્યું કે :-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અપરાધ તો કર્યો નથી. પણ એક બાઈ સાલ્લો લેવા આવી હતી. આપેલો સાલ્લો છિદ્રવાળો હતો તે મેં બદલી આપ્યો તેથી શેઠને અણગમો થયો હશે ! શેઠની આબરૂ સાચવવા માટે આ પ્રમાણે કર્યું. પણ શેઠને પસંદ પડયું નહી. તેથી જ મને રજા આપી હશે.' પિતાએ કહ્યું કે સારૂ કર્યું. આપણે તો પ્રમાણિકતા--ન્યાય-નીતિનું રક્ષણ કરવું તેજ કમાણી છે માટે ચિન્તા કરવા જેવું નથી. બીજે સ્થલે ગોઠવણ કરીશ. શેઠે આ પ્રમાણિકને રજા આપ્યાની વાત જાહેર થઇ. પ્રમાણિકતા છૂપી રહેતી નથી. તેથી બીજા શેઠે તેની કદર કરીને તે પ્રમાણિકને ગુમાસ્તા તરીકે અધિક પગારે રાખ્યો આ પ્રમાણિક ગુમાસ્તાથી બીજા શેઠની દુકાને અધિક પ્રમાણમાં ગ્રાહકો આવવા લાગ્યા. તેથી અધિક લાભ થયો. પાંચ વર્ષો પછી તેને ભાગીદાર બનાવ્યો. ભાગીદાર બન્યા પછી ગુમાસ્તા તરીકે હતો તે શેઠ તરીકે ગણાવા લાગ્યો. માટે પ્રમાણિક ન્યાય નીતિમાનને જે વેહીયા ઢોર કહે છે. તેજ મ્હોટી ભૂલી કરે છે. જે પ્રમાણિક અને ધાર્મિક શેઠ હોય છે તે પ્રમાણિક મુનીમને અગર ગુમાસ્તાને વેદીયો ઢાર કહે નહી પણ તેની કદર કરીને અધિક પગાર આપે. અને ધર્મની પ્રભાવના કરે. પણ અપ્રભાજના કરે નહી જેઓ સાચા ધાર્મિક હોય છે. તે નીતિ--ન્યાય અને વ્યાવહારિક કાર્યોમાં પ્રમાણિકતાને પ્રધાન પણે રાખીને તે તે કાર્યો કરે છે. અને તેથી જ મનવચન અને કાયામાં નિર્મલતા આવી વસે છે.

૪૯ હોવા છતાં તે બાહ્ય દૃષ્ટિ મનુષ્યો, પોતાની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૪૫ પાસે અનંત લાભદાયી વસ્તુઓ પણ જાણી શકતા નથી.

કારણ કે તેઓની નજર બહાર પરિભ્રમણ કરતી હોય છે ત્યારે આન્તર દૃષ્ટિ અન્તરાત્મ મહાશયો. પોતાની સમીપમાં રહેલ અમુલ્ય વસ્તુઓને તથા કીંમતી વસ્તુઓ જાણી તેનો વિવેક કરીને આ લોક અને પરલોકમાં સાથે રહેનારી વસ્તુઓ ગ્રહણ કરે છે તેથી જ તેમને દીનતા–હીનતા ભાસતી નથી. અને આનંદમાં ઝીલ્યા કરે છે ત્યારે બાહ્ય દૃષ્ટિવાળા મનુષ્યો. પોતાની પાસે સત્ય વસ્તુઓ હોવા છતાં અજ્ઞાનતાથી પોતાને દીન–હીન અને દુઃખી માની વારે વારે વલોપાત કરે છે

## ચિન્તામણિ રત્નની કથા

એક શેઠ, પૈસા–પરિવાર–પ્રતિષ્ઠા વિગેરેથી સંપન્ન હતા. તેથી પોતાને સુખી સમજતા–પણ અજ્ઞાનતા–રાગ–દ્વષ મોહ વિગેરે કેવા કેવા દુઃખ દાયક છે અને કારમી કતલ છે તથા બાહ્ય દૃષ્ટિની કેવી ભયંકરતા છે તે સમજતા નથી. એકદા બહાર પરિભ્રમણ કરતા ચિન્તામણિ હસ્તગત થયો પણ તેના સ્વ-રૂપની તથા પ્રભાવની ખબર નહી હોવાથી તેને રૂપાળો પથ્થર માની કોઈ ખપમાં આવશે આમ માની ઝવેરાતની પેટીમાં મૂકયો ચોરોએ તેના ઘરમાં ખાતર પાડયું. શેઠ ભર નિદ્રામાં હોવાથી તેમને ખબર પડી નહી. પ્રમાદ મગ્નને કેટલી. અને કોણ ચોરી કરી રહેલ છે. તેની ખબર કયાંથી પડે ? સવારમાં શેઠ જાગ્યા ઘરમાં ખાતર પડેલ હોવાથી શોક સંતાપ કરવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાગ્યા. લોકો ભેગા થયા. શેઠ પેટીને દેખાડવા લાગ્યા, દેખાડતા પેટીને પણ દેખાડી અને કહેવા લાગ્યા કે આ પેટીમાંથી સઘળુ ઝવેરાત ચોરો લઇ ગયા. પણ ફક્ત આ રૂપાળો પથ્થરો રહી ગયો. જે જોવા આવ્યા હતા તેમાં પ્રવીણ એક ઝવેરીએ આ પથ્થરને ઓળખ્યો. બરોબર તેનું સ્વરૂપ જાણીને કહ્યું કે અરે ! શેઠ શા માટે સંતાપ-પરિતાપ કરો છો. આ રૂપાળો પથ્થરો નથી પણ ચિન્તામણી છે. અને આ પ્રભાવશાલી ચિન્તામણી રત્ન છે. તેનાથી તમો માગણી કરશો તે મળી રહેશે. તમે આને ઓળખ્યો નહી. તેના પ્રભાવને પિછાન્યો નહિ. તેથી પરિતાપ કરીને દુઃખી થાઓ છે, શેઠને હવે સમજણ પડી-શોક સંતાપ ત્યાગ કરીને વિચારવા લાગ્યા કે પ્રમાદ-નિદ્રાથી ઝવેરાત વિગેરે ચોરો લઈ ગયા-પણ મારી પાસે ચિન્તા ચૂરક ચિન્તામણિ છે. માટે હવે દીન-હીન બનવું તે પામરનું કામ છે. આમ સમજી શેઠ આનંદમાં રહેવા લાગ્યા. આ પ્રમાણે બાહ્ય દૃષ્ટિમાનની પાસે પણ ચિન્તામણિ કરતાં પણ અત્યંત-પ્રભાવશાલી અને અનંત અવ્યાબાધ સત્ય સુખને આપનાર પોતાની પાસે નજીકમાં નજીક પોતાનો આત્મા છે. પણ નજર બહાર ભમતી હોવાથી પરખાતો નથી. તેના સ્વરૂપનો ખ્યાલ આવતો નથી. તેથી કોઈ વખતે વિપત્તિ આવે કે ભારે નુકશાન થાય કે ચોરો માલ મિલ્કત ચોરી જાય ત્યારે પરિતાપ-પોકારો પાડી પોતાને દીન-હીન માની અત્યંત કષ્ટને અનુભવે છે. તે વખતે તેને તો પોતાના આત્માને તે ચોરો લઈ ગયા નથીને? માટે આત્માના સ્વરૂપને જાણી તથા તેનામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહેલી અનંત શક્તિને પીછાની પરિતાપાદિકને દૂર કર? આત્માને જાણી જો તેની બરોબર આરાધના કરીશ તો કોઈ પ્રકારે હીનતા દીનતા ભાસશે નહિ માટે અરે ભાગ્યશાલી એક આત્માને ઓળખ તેના સત્ય સ્વરૂપને જાણ આ મનુષ્યનું સત્ય કર્તવ્ય છે. અરે ભાગ્યવાન તમો કહો છો કે "ઓળખાણ તે સુખની ખાણ છે" આમમાની જગતમાં દરેક સ્થલે દરેક વસ્તુઓની ઓળખાણ કરી. દરેક જગ્યાએ સંબંધ બાંધ્યો પણ જેની સાચી ઓળખાણ કરવાની હતી અને સત્ય સંબંધ બાંધવાનો હતો ત્યાં બાંધ્યો નહી. તો તમારો સંતાપ પરિતાપાદિક કયાંથી ટળે !

## ૪૬ ભવ્યતાના પરિપાક યોગે બાહ્ય દ્દષ્ટિજનો અન્તરાત્મા સદ્ગુરૂનો યોગ મલવાથી, સમ્યગ્ (દ્દષ્ટિમાન્ બનીને અન્તરાત્મ દ્દષ્ટિ બને છે

જે પોતાની ભૂલોને અપરાધોને સમ્યગ્ રીત્યા જાણી દૂર કરે છે તેને કલેશ કંકાસ રહેતો નથી.

એક ધનાઢય શેઠને અલંકાર તરીકે મોતીનો કંઠો પહેરવાનો શોખ હતો. તેથી નાહી-ધોઈ-સ્વચ્છ કપડા પહેરીને મોતીનો કંઠો ધારણ કરતા કોઇ પ્રસંગે પહેરવાનો વિસરી જાય તો મન ઉદાસી બનતું. આમ દરરોજ પહેરવાથી કંઠાનો દોરો ઘસાવા લાગ્યો એકદા-સારા કપડા પહેરી મોતીનો કંઠો ધારણ કરવા પૂર્વક દેરાસર જીનેશ્વરના દર્શન-સ્તવન કરીને પોતાને ઘેર આવ્યા તે વખતે એક સાધર્મિ બંધુ મલવાને માટે આવ્યો. સુખશાતા પૂછે છે. તેવામાં તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કંઠનો દોરો તૂટી ગયો અને મોતીઓ પહેરણમાં અને ધોતીઆમાં સરકી ગયાં–તેનું ભાન રહ્યું નહી. વાતચીત પૂરી થઇ એટલે ગળામાં કંઠો નહી દેખવાથી શેઠને શંકાની સાથે સંતાપ થવા લાગ્યો આવેલ સાધર્મિક બંધુને પુછે કે, ‘તમે તો કંઠો લીધો નથી ને ? આવેલ મિત્ર કહે છે કે. હું તમારી સમક્ષ બેઠો છું. નાશી ગયો નથી તપાસ કરી જુઓ અને કંઠમાંથી તે કંઠો લઉ તો તમને ખબર ન પડે ? તે કેમ બને ? આમ પછી શેઠ તરત ઉભા થયા. તે તુટલો કંઠો અને છુટા પડેલા મોતી નીચે પડેલાં દેખ્યા–શેઠ શરમાયા–મિત્રોની પાસે માફી માગી. આ પ્રમાણે જ્યારે મનુષ્યો. સામાની શીખામણમાની પોતની જાતને જ્યારે બરોબર તપાસે ત્યારે અજ્ઞાનતા ટળે છે અને અજ્ઞાનતા ખસતાં કલેશ કંકાસ પણ ખસી જાય છે.

## ૪૭ ચેતન હોય છે તેઓને પોતાના વિચારોની તથા અન્યજનોના વિચારોની અસર થાય છે.

સારા શુભ વિચારો હોય તો સારી અને બુરા વિચારો હોય તો ખરાબ અસર થયા વિના રહેતી નથી. કહેવત છે ‘મનોમન સાક્ષી’ દંભીજનોના વિચારોની અસર શુભ વિચારક જાણે ત્યારે તે ચેતી જાય છે. અને તેથી દંભીની ઘટનામાં ફસાતો નથી. પણ દંભી પોતે પોતાની દંભની રચનામાં ફસાઇ પડી અફસોસ કરે છે. માટે પોતાના હિત અને પરના કલ્યાણ માટે સારા વિચારો કરવાની ટેવ પાડવી

મૈત્રી, પ્રમોદ, અનુકંપા અને માધ્યસ્થ્ય ભાવનાના વિચા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રોથી તેમજ અનિત્યાદિક ભાવનાના વિચારો કરવાથી ખરાબ વિચારો ખસે છે. અને શુભ વિચારોને સ્થાન મળે છે.

## ડોશીની કથા

**એક ડોશી** વૃદ્ધાને પરિવારમાં એક રૂપાળી કન્યા હતી, તે કન્યાની સાથે ડોસી પાંચ ગાઉ દૂર બીજા ગામમાં જવા માટે નીકળી. માર્ગમાં કન્યાને થાક લાગ્યો. તેથી એક વડના વૃક્ષની છાયમાં આરામ લેવા બેઠા. તેવામાં એક સાંઢ-ણીવાળો જતો હતો તેને તે ઓળખતી ન હતી છતાં કહેવા લાગી.

અરે સાંઢણીવાળા મારી કન્યાને થાક લાગ્યો છે. માટે તું સાંઢણી ઉપર બેસાડ અને અમુક ગામ આવે ત્યારે ઉતા-રજે. હું ધીમે ધીમે તે ગામની ભાગોળે આવીશ. આ પ્રમાણે ડોસીનું વચન સાંભળી સાંઢણીવાળો કહેવા લાગ્યો. મારે જલ્દી જવું છે. હું રોકાઈશ નહિ. તમે ધીમેધીમે ચાલી ગામમાં જાઓ. આમ કહી તેણે ચાલવા માંડયું. અડધો ગાઉ ગયા પછી તેનો વિચાર મલીન થયો. અને વિચાર કરવા લાગ્યો કે, મેં મ્હોટી ભૂલ કરી. તે કન્યાને બેસાડી નાશી ગયો હોત તો આ ડોશી શું કરવાની હતી ? પછી તે કન્યાને સમજાવી.

લગ્ન કરીને પત્ની બનાવત આ પ્રમાણે વિચાર કરીને સાંઢણીને ઉભી રાખી ડોસીની અને કન્યાની રાહ જોવા લાગ્યો. ડોસીને પણ વિચાર આવ્યો કે હું કેવી મૂર્ખી કે જેને ઓળખતી ન હતી છતાં મારી દીકરીને બેસાડવા માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહ્યું. કદાચ આ કન્યાના રૂપમાં મુગ્ધ બની તે નાશી ગયો હોત તો હું શું કરત? કયાં શોધત? માટે કોઈ કહે તો પણ અજાણ્યાની સાથે કદાપિ મોકલું નહી. આ મુજબ વિચાર કરીને ધીમે ધીમે ચાલવા માંડયું. જ્યાં પેલો ઉભો છે ત્યાં આવી પહોંચ્યા. પેલો કહેવા લાગ્યો ડોસીને ફસાવવા. 'ડોસીમા ડોસીમા-જગતમાં રહેલા ઝાડો, છાયા ફુલ ફલાદિક આપી ઉપકાર કરે છે. નિર્મલનીર ભરેલી નદીઓ શીતલ જલ આપી પ્રાણીઓને શાંતિ અર્પણ કરવા પૂર્વક ઉપકાર કરે છે તથા પશુ પંખીના હાડકા-તથા પીછાં લોકો લઈને પોતાના કામમાં લે છે તેથી પશુ પંખીઓ પણ ઉપકાર કરે છે પણ મનુષ્ય જેવો મનુષ્ય થઈને કોઈ પણ પ્રકારે ઉપકાર કરે નહી તો તે પશુપંખી કરતાં પણ નીચ હલકો ગણાય. માટે તમારી આ કન્યાને સુખેથી સાંઢણી ઉપર બેસાડો તમે કહેલ ગામમાં ઉતારીશ. ડોસીએ કહ્યું કે, 'તને જે કહી ગયો તે મને પણ કહી ગયો 'મારી પુત્રીને બેસાડવી નથી. તું તારે માર્ગે ચાલ્યો જા, અમો ધીમે ધીમે ઇષ્ટ ગામમાં પહોંચીશું. પેલો પણ વિચારવા લાગ્યો કે મારા વિચાર બદલાયા તો ડોસીના વિચાર પણ બદલાયા. આમ વિચારી ચાલવા માંડયું. ડોસી દીકરી સાથે પોતાના ઈષ્ટ ગામમાં પહોચી.

આ ઉપરથી માલુમ પડે છે કે વિચારોની અસર બીજા ઉપર પડે છે અને વિચારો બદલાય છે માટે દરરોજ અશુભ વિચારોનો ત્યાગ કરી શુભ વિચારો કરતા રહો.

૪૮—કેટલીક વાર સામા માણસનો આશય-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અભિપ્રાય જાણ્યા અને સમજ્યા સિવાય સામા મનુષ્ય ઉપર દોષ દેવાય છે તથા ભૂલોને દેખાડાય છે. તેથી કંકાસ-કલેશ-વેર વિરોધ વિગેરે ઉભા થાય છે. અને સ્નેહ પ્રેમમાં પથ્થરાઓ પડે છે. સામે મળે ત્યારે પણ સુખશાતા પુછાતી નથી. પરંતુ જ્યારે સામાનો આશય-અભિપ્રાય શુભ જણાય છે ત્યારે ઘણો પસ્તાવો થાય છે. માટે કોઇ માણસે કહેલ વચનને સાંભળી ઉછળી પડવું નહીં. અને શંકાતુર પણ બનવું નહી. પણ બરોબર તપાસ કરવી. કે જેથી સંપ-પ્રેમને ક્ષતિ પહોંચે નહી

## ઠાકોરની કથા

એક ઠાકોરનો દીકરો ધાર્મિક ઉપાધ્યાય પાસે ભણવા આવતો ઠાકોરને અને ઉપાધ્યાયને સારો પ્રેમ થયો ઉપાધ્યાય વ્યાવહારિક કેળવણીની સાથે નીતિ ન્યાય અને ધર્મનું સારી રીતે જ્ઞાન આપતા.-ઠાકોરનો પુત્ર શ્રદ્ધાળુ હોવાથી. તે કેળવણીથી કુશળ કુશળ અને બહાદુર બન્યો એક વખત લાખ રૂપિયાના દાગીના પહેરી ઠાકોરનો પુત્ર ભણવા સારૂ આવેલ છે, એ અરસામાં બહાર ગુંડા તથા બહારવટીઆને આવ્યાની બૂમ પડી. ઉપાધ્યાયે વિચાર કર્યો. આ પુત્ર અલંકાર યુક્ત છે. કદાચ ઘર તરફ જતાં ગુંડાઓ કે બહારવટીઓને તેને પકડી ઘરેણાં લેવા મારી નાંખશે. તો ઠાકોર મહારી ભૂલ કાઢશે. માટે પહેરેલા અલંકારોને ઉતરાવી પુત્રને મોકલુ; આમ વિચારી, ઘરેણા કાઢી લઇ તેને ઘેર મોકલ્યો, ઘરેણા વિનાના દીકરાને દેખી ઠાકોરે કહ્યું કે ઉપાધ્યાય બુદ્ધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બગડી છે. તેથી મારા દીકરાના ઘરેણાં લઈ લીધાં. વાત ગામમાં પ્રચાર પામી ઠાકોર પણ તેમની પાસે જઈ જેમ તેમ બોલવા લાગ્યા. પણ ઉપાધ્યાયે જ્યારે સાચી સમજણ પીડી. ત્યારે ઠાકોર શરમીંદો બન્યો અને પસ્તાવો કરવા માટે સામાના આશયને પણ જાણવાની જરૂર છે.

## ૪૯ આપણે જેઓએ આદરમાન-સન્માન આપીયે. તેઓ જરૂર આપણી સમીપમાં આવતા રહે.

પરંતુ જેઓને આદરમાન આપીએ છીએ, તે કેવો છે ? વિશ્વાસ લાયક છે આત્મહિત કરનાર છે. કે નહી તેની તપાસ અવશ્ય કરવા લાયક છે. જો બરોબર તપાસ કરવામાં આવે નહીં. તો જેઓના ઉપર વિશ્વાસ રાખીને આદરમાન આપવામાં આવે છે. તે કદાચિત્ વિંશ્વાસઘાતી નીવડે તો બહુ નુકશાન થાય, માટે જેઓ સમીપમાં આવે છે. તેની જરૂર તપાસ કરો. ઉન્નતિ કરનાર હોય તો જરૂર આદરમાન આપો. અને હાની કરનાર હોય તો તેઓને દૂર કરવામાં એક ઘડીનો પણ વિલંબ કરો નહી. તમોએ જે ક્રોધ-માન માયા લોભાદિકને આદરમાન આપી પાસે રાખ્યા છે. તે કલ્યાણ કરે છે કે વિશ્વાસઘાતી છે સત્તા-સંપત્તિ-બલ-બુદ્ધિને મલીન કરનાર છે. કે લૂંટનાર છે. તેનો ખ્યાલ કર્યો કે નહી ! તમે બુદ્ધિમાન્ અને બહાદુર બની તેઓને દૂર કર્યા ન હોય તો આજથી આરંભી યુક્તિ અને જ્ઞાન પૂર્વક ખસેડવા માટે બુદ્ધિબલને સારી રીતે સ્ફુરાયમાન કરો ? તોજ તમારી સત્તા-સંપત્તિ વિગેરેનું રક્ષણ થશે અને સારા નિમિત્તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મળતાં વધારો થશે. માટે આળસ-પ્રમાદિકનો ત્યાગ કરી જાગ્રત થાઓ તમે જે કષાયાદિકને માન સન્માન આપી પોંધાડયા છે. તેઓએ તમારી સત્તા-સંપત્તિ-બલ-બુદ્ધિ વિગેરેને છીનવી લીધી છે. તેનો ખ્યાલ કરો અને દૂર કરવા માટે તત્પર બનો !

એક ઠાકોરની પાસે ચાર ચારણ (ભાટો) આવીને તેની વિવિધ પ્રકારે પ્રશંસા કરતા-તેથી ઠાકાર તેઓને બહુ દાન માન આપીને રસોડે જમાડતા. તેથી ખુશી થઇને દરરોજ તેની પાસે તે ચારણો આવવા લાગ્યા. અને ઠાકોરના વખાણ કરીને ખુશી કરતા.

ઠાકોર પણ ખુશી થઈને દરરોજ દાન-માનાદિ આપવામાં ખામી રાખતો નહિ ઠાકોરને ખ્યાલ રહ્યો નહી કે દરરોજ દાનાદિ આપવામાં ખજાનો ખાલી થાય છે કે વધારો થાય છે ? ઠકરાણીને ચિન્તા થઈ કે આ પ્રમાણે પેંધેલા આ ચાર ચારણોને દાનાદિક આપવાથી થોડા વખતમાં ખજાનો ખાલી થશે અને ખાલી થતાં વિવિધ વિડંબનાઓ આવીને ઘેરી લેશે ઠાકોરને ભાન નથી કે પ્રશંસા સાંભળવામા કેટલી હાનિ થાય છે. દરરોજ પોતાની પ્રશંસા ખાતર તેઓ ધન માલને વેડફી વેડફી નાંખે છે માટે બુદ્ધિ વાપરી તેઓને જરૂર ખસેડવા કે બીજીવાર ઠાકોર પાસે આવે નહી. અને નુકશાન પણ થાય નહી. આ પ્રમાણે વિચાર કરે છે તેવામાં ઠાકોરની આજ્ઞા આવી કે. મને આનંદ આપનાર એવા આ ચારણોને જમાડવા માટે સુંદર રસોઇ બનાવો ઠકરાણીએ રસોઈ તો બનાવી પણ સાથે ચાર તાવીથાને તપાવી લાલ ચોળ બના-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વીને રાખ્યા. ચારણો જમવા બેઠા. તપાવેલા તાવીથાને દેખી ચારણોએ પુછયું કે શા માટે આ તાવીથા તપાવીને લાલચોળ બનાવ્યા છે. ઠકરાણીએ કહ્યું તમારા માટે તમને જમાડીને લગાવવા માટે. ઠાકોરનું મગજ હમણાં મલીન થયું છે. તેથી મને આજ્ઞા આપી છે, કે તાવીથા તપાવી તૈયાર રાખજે આમ સાંભળી ચારણો જમ્યા વીના મુઠીવાળીને ભાગ્યા ઠાકોરે આવીને કહ્યું કે તેઓ હે ઠકરાણી કયાં ગયા? ઠકરાણીએ કહ્યું આ તાવીથાને માગતા હતા. મેં આપ્યા નહી તેથી રીસ ચઢાવીને જમ્યા વિના ગયા. ઠાકોરે-તાવીથાને લઇ તેઓની પાછળ દોડયો. તાવીથા તાવીથા બોલતા ઠાકોરને સાંભળી ચારણો ભડકયા કે શું ઠાકોર શરીરે લગાવી દેશે? આમ સમજી એવા ભાગ્યા કે બીજી વાર આવવાની ખો ભૂલી ગયા. ઠકરાણીની ચિન્તા ઓછી થઈ આ પ્રમાણે એવી યુકિત કરો કે ચાર કષાયો પણ ખો ભુલી જાય અને સ્વ સંપતિનું રક્ષણ થાય તથા સારા નિમિત્તો મળતાં તેમાં વધારો થતો રહે.

## ૫૦ વ્રત નિયમ જીવનમાં નવજીવન અર્પણ કરે છે એટલે નિયમબદ્ધ બનેલ પ્રાણીઓ પોતાના જીવનની સફલતા પ્રાપ્ત કરે છે

નિયમબદ્ધ માનવી-તથા પશુઓ હોય નહી તો પોતાના જીવનને ઉન્માર્ગે લઈ જવા પૂર્વક મહાયાતનાઓના ભાજન બને છે. ઘોડાને લગામ હોય તોજ કબજામાં રહે અ ભડકે નહી. તથા હાથીને અંકુશ ન હોય નહીં. તો મદોન્મત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બની માનવીઓને હેરાન પરેશાન કરતાં વાર લગાડે નહી. તે માટે નિયમ-વ્રતની ખાસ જરૂર છે માનવીને નિયમાદિક હોય નહિ તો સિંહ વિગેરે શીકારી પશુઓ કરતાં અધિક ક્રૂર બની સ્વપરની ઉન્નતિમાં મોટા વિઘ્નો ઉભા થાય છે એટલે સ્વપરનું કલ્યાણ સાધવું અશક્ય બને છે નિયમ બદ્ધને બહુ શોક-સંતાપ વિગેરે દોષો હોતા નથી.

## એક આચાર્યની વાત.

વિદ્વાન આચાર્ય મહારાજનું વ્યાખ્યાનને સાંભળવાનો એક ચોરને વિચાર થયો અને રસિક વ્યાખ્યાન હોવાથી આ ચોર એક દિવસ પણ પાડતો નહી. ચાર-પાંચ મહિના સુધી સતત વ્યાખ્યાન સાંભળ્યું. તેથી કોઈ એક નિયમ લેવાની અભિલાષા થઈ પણ લીધેલો નિયમ પળાશે કે નહી. તેની શંકા થતી હોવાથી ગુરૂ પાસે નિયમ લઈ શકતો નહી આચાર્ય મહારાજે તેના ભાવને જાણી નિયમ બદ્ધ બનવા માટે કહ્યું કે અરે તેં ચાર માસ સુધી અમારૂ વ્યાખ્યાન સાંભળેલ છે કોઈ એક નિયમ લે ? મહારાજ ! મારો ધંધો ચોરીનો છે. એટલે ભાવના તો થાય છે પણ નિયમ લઈ શકતો નથી. ગુરૂ મહારાજે કહ્યું કે તારાથી પાલન થાય તેવો નિયમ લે.

**૫૧ નિયમ વિનાનો માનવી પશુ કરતાં નીચ ગણાય છે. નિયમ બદ્ધ બનેલ ચોર હોય તો પણ અંતે પોતાના આત્માની ઉન્નતિ કરવા ભાગ્યશાલી બને છે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આચાર્ય મહારાજનો આગ્રહ થવાથી, તે બાધા લેવા માટે તૈયાર થયો. અને કહ્યું કે, મને "ગાડુ" ન ખાવાનો નિયમ, બાધા આપો. ગુરૂ મહારાજે ભાવિ સાફ જાણી. તેવો પણ એટલે ગાડુ ન ખાવાની બાધા આપી. ચોર પણ બાધા લઇ ખુશી થયો કે આવી બાધા લેવાથી પેલા ગુરૂ મહારાજ પ્રસન્ન થયા. અને ગાડુ ખાવાનો પ્રસંગ પણ કયાંથી આવવાનો છે? પરંતુ બન્યું એવું કે દશ ચોરોને સાથે આ ચોર ચોરી કરવા એક સોનીના ગૃહમાં પેઠો નિદ્રાવશ બનેલ સોનીને અને તેના પરિવારને ખબર પડી નહી. આ ચોરો લગભગ લાખ રૂપિયાનો માલ ચોરી રાત્રિમાં નાઠા. માર્ગમાં એક મંદિર આવ્યું તેના ઓટલે બેઠા. અતિશય ક્ષુધા લાગેલ હોવાથી ખાવાનું શોધવા લાગ્યા. મંદિરમાં એક ગાડુ, ખાંડની ચાસણી કરીને બનાવેલ દેખ્યું. આ ગાડુ તેણે મૂકેલું હતું કે કોઇ એક માણસે 'જો પુત્ર થશે તો ખાંડનું ગાડુ મૂકીશ' આ પ્રમાણે બાધા–રાખેલ હતી. ભાવિભાવના યોગે તેને પુત્ર થયો તેથી તેણે આવી અંબિકા માતાની પાસે તેણે એ ધરાવેલ હતું. આ ખાંડના ગાડાને દેખી વરૂની માફક ભૂખ્યા થએલ ચોરો તેને ખાવા લાગ્યા. નિયમ વાળાને કહેવા લાગ્યા કે તમે કેમ ખાતા નથી? તેણે કહ્યું કે ગુરૂ મહારાજ પાસે ગાડુ ખાવાની બાધા લીધી છે. માટે હું તો ખાઇશ નહી. સાથેના ચોરોએ આગ્રહ પૂર્વક બહુ સમજાવ્યો છતાં લીધેલ નિયમનું રક્ષણ કર્યું શ્રદ્ધા હતી કે નિયમને સાચવવામાં અત્યંત લાભને કલ્યાણ છે

બન્યું એવું કે જે ચોરોએ, ખાંડનું બનાવેલ ગાડુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખાધુ તેઓ પ્રાતઃકાલમાં ઉઠયા નહી. તેમને મરણ શરણુ થએલ દેખી વિચાર કરવા લાગ્યો કે, જો મેં ખાધું હોત તો મારી દશા આવી થાત, ખાંડની ચાસણી બનાવતાં તેમાં ગીરોલીનું ઝેર પડેલું હતું. તેથી નિયમ બદ્ધ ચોર સિવાય બીજા ચોરો મરણ પામ્યા. ચોરીનો માલ નિયમ વાળા ચોરની પાસે આવ્યો. અને મનમાં વિચાર કરવા લાગ્યો કે એક સામાન્ય નિયમ લેવાથી પ્રાણોનું રક્ષણ થયું. અને હું મરણ શરણુ થયો નહી. અને નિયમ વિનાના સર્વે મરણ પામ્યા. માટે તે ગુરૂ મહારાજની પાસે જઇ તે કહે તે મુજબ નિયમો ગ્રહણ કરી જીંદગીને સુધારૂ તથા આ ચોરીના માલને ધાર્મિક માર્ગે વાપરૂં ગુરૂ મહારાજની પાસે આ ચોર આવીને કહેવા લાગ્યો. અરે ગુરુદેવ ! ગાડુ ન ખાવાની બાધાથી મારા પ્રાણો બચ્યા નહિતર મારી સાથે આવેલ ચોરોની માફક મારી પણ દશા થાત. માટે જે આપની અભિલાષા હોય તે નિયમો મ્હને આપો. ગુરુ મહારાજે તેની શ્રદ્ધા જાણી શકય નિયમો આપ્યા. અને દઢતા પૂર્વક પાલન કરવાનો ઉપદેશ આપ્યો. નિયમોને ગ્રહણ કરીને ગુરુ મહારાજને અંજલી જોડી નમ્રતા પૂર્વક કહેવા લાગ્યો કે આજથી આરંભી ચોરી કરીશ નહી. પરદારાને માતાની માફક માનીશ તથા અભક્ષ્ય ચીજોને પ્રાણાંતે પણ ખાઇશ નહ, અને આ ચોરીના માલને ધર્મના માર્ગે વાપરીશ. ગુરુદેવે કહ્યું કે. ચોરીનોમાલ ધાર્મિક માર્ગે વાપરવામાં લાભ-કલ્યાણ સધાય નહી. ન્યાય નીતથી પ્રાપ્ત કરેલ ધનાદિક ધર્મ માર્ગે વપરાય તો જ પુણ્ય થાય લાભ તથા ભાવની વૃદ્ધિ હોય તો મમતા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોહ ખસે ત્યારે આ ચોરીનો માલ કયાં વાપરૂં તેમ પુછતાં ગુરુ કહે તેના માલીકને આપી આવ. તે શોક સંતાપ કરતો હશે. ભીખારી જેવો બની વલોપાત કરતો હશે.

તું જ્યારે આ માલ પાછો આપીશ ત્યારે આનંદમાં આવશે માટે જા, અને તેના માલીકને આ માલ પાછો આપી આવ ચોરે કહ્યું આપે જે ઉપદેશ આપ્યો તે બરોબર છે. પણ આ માલ આપવા જતાં તેનો માલિક પોલીસ પાસે પકડાવી મ્હોટી વિડંબનામાં નાંખશે ધર્મ કરતાં ધાડ 'આ કહેવતની સાર્થક્તા કરશે માટે તેના તેમજ માલીકની પાસે જતાં હિંમત ચાલતી નથી. પગ ઉપડતા નથી ગુરૂદેવે કહ્યું કે 'ધર્મનું પાલન કરવું છે અને નિર્ભય બનવું નથી તે કેમ બને ? માટે સર્વથા ભયથી મુક્ત બનીને આ માલ પાછો આપી આવ. ધર્મના પ્રભાવે ઉની આંચ આવશે નહી. સોનીના મનમાં પણ ધર્મ ભાવના જાગશે હિંમત રાખ હથીઆર કરતાં તેમાં અધિક બલ છે.

આ પ્રમાણે શ્રવણ કરીને સોનીની પાસે ગયો. માફીની સાથે ચોરેલો માલ પાછો આપ્યો. અને ગુરૂદેવે આપેલ નિયમનો લાભ જે થયો હતો તે સઘળો કહી બતાવ્યો. સોની માલીકે ખુશી થઇ માફી આપી. અને તેની પ્રશંસા કરીને કહેવા લાગ્યો કે હું પણ ગુરૂદેવની પાસે જઇ શ્રદ્ધા પૂર્વક ચોરી નહી કરવાનો નિયમ લઈશ ? સોનીએ પણ ગુરૂ મહારાજની પાસે ચોરી ન કરવાનો નિયમ લીધો. આ પ્રમાણે બે જણા ધર્મના માર્ગે વળ્યા. માટે અરે પુણ્ય-શાલીઓ નિયમ વિના એક ઘડી પણ રહેવું નહી. નિયમથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇન્દ્રિયો અને માનસિક વૃત્તિઓ કબજામાં આવે છે. કબજામાં આવેલી વૃત્તિઓ, મનુષ્યોને અનંત સાચા સુખને, સાચી સંપત્તિ સમર્પે છે જ્યારે વૈષયિક સુખના સ્વરૂપ બરોબર જાણી તેમાંથી આસક્તિ ખસે છે ત્યારે જ નિયમ વ્રતાદિક લેવાની ભાવના જાગે છે, તે ભાવના દૃઢ વતી હોય છે. ત્યારે વિવેક પૂર્વક વ્રતાદિકનું પાલન થાય છે.

દાનાદિક, યોગ્યજનોને આપવામાં પુણ્યનો બંધ અને મમતા રહિતતા થાય છે. પરંતુ તે જ્યારે આશંસા—એટલે આ લોકની અને પરલોકના સુખની અભિલાષા હોય નહી ત્યારે જ માટે શાસ્ત્રકારો કહે છે કે, જે દાનાદિક કરો તે નિષ્કામ ભાવે કરો તથા અભિમાનાદિક દશ દોષોનો ત્યાગ કરો તેમજ દાનાદિક સત્કાર્યો કરવામાં શંકાદિને નિવારો કંટાળો લાવી શરમથી, દાક્ષિણ્યથી આપશો તો તેનું ફલ મેળવી શકશો નહી. કદાચિત દાનાદિક આપવા ઇચ્છા થશે નહી. ત્યારે અનેક યુક્તિ કરવા પૂર્વક બાના બતાવશો તો પણ સામે દાન લેનાર હુંશીઆર હશે તો મૌન ધારણ કરવું પડશે.

એક રાજા પ્રાતઃકાલે બ્રાહ્મણ પંડિતોને યથેચ્છ દાન આપતો પણ દાન લેનારા વધી પડયા. તેથી કંટાળો આવ્યો જો કે અપયશની ભીતિયે સઘળા બ્રાહ્મણોને દાન દેતો પણ દાન દીધા પછી પસ્તાવો કરતો અને કંટાળતો સઘળા બ્રાહ્મણોને શરમથી દાન દીધા પછી એક પંડિત બ્રાહ્મણ દાન લેવા માટે આવ્યો આશીર્વાદ આપ્યો ત્યારે રાજાને દાન દેવાની ઇચ્છા નહી હોવાથી તેણે યુક્તિ શોધીને કહ્યું કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આગળના બ્રાહ્મણને ઋષિઓને દાન લેવા માટે વારે વારે વિનતી કરતા છતાં તે લેતા નહી. નિસ્પૃહ હોવાથી રાજાઓ તેઓને પગે પડતા અને સામે જઈ સત્કાર–સન્માનાદિક કરતા. હાલ બ્રાહ્મણ પંડિતો તો ઉલ્ટા રાજાઓની પાસે આવી નમ્રતા ધારણ કરી દાન લેવા માટે પુનઃ પુનઃ પ્રશંસા કરે છે માટે તેઓમાં બ્રહ્મ તેજ–વર્ચસ્વ જેવું દેખાતું નથી. તેથી જ રાજાની પાસે દાન લેવા માટે વારેવારે આજીજી કરે છે તમારૂં બ્રાહ્મણત્વ કયાં રહ્યું છે કે દાન–સન્માનાદિક આપીએ. પંડિત રાજાની દાનત સમજી ગયો. અને કુશળતા પૂર્વક કહેવા લાગ્યો. પ્રથમના રાજાએ પ્રમાણિક અને ગમે તેવા યાચકો આવે તેઓને દાન દેતાં કંટાળતા નહિ તથા તે રાજાઓ વ્યસન વિનાના તથા પાપભીરૂ હોઇને પોતાની તથા પ્રજાની ઉન્નતિ ઇચ્છતા તેથી તેઓ સામે જઇ નિસ્પૃહ બ્રાહ્મણો તથા ઋષિ–મુનિઓને વારેવારે વિનતિ કરતા ત્યારે હાલના રાજાઓ પોતાનું અને પ્રજાઓનું ગમે તે થાય તેની પરવા રાખ્યા વિના સાત વ્યસનોમાં આસક્ત બની પ્રજાને પીડવામાં અને ચુસવામાં કયાં બાકી રાખે છે ? માટે તમે જેવા તેવા અમે. આ પ્રમાણે પંડિત બ્રાહ્મણનું વચન સાંભળી આ રાજાએ મૌન ધારણ કર્યું. અને અનિચ્છાએ દાન આપવું પડયું. પણ લાભ શો ? માટે અન્યના દોષો બતાવી દાન દેવું તે ઉચિત નથી. પુનઃ આ નૃપની પાસે એક નિર્દોષ બ્રાહ્મણે આવી આશીર્વાદ અર્પણ પૂર્વક દાનની માગણી કરી. ત્યારે વળી બીજી યુક્તિ શોધી કાઢીને કહ્યું કે અગસ્તિ ઋષિ જાતે બ્રાહ્મણ તેજસ્વી વર્ચસ્વી હતા. તેમણે એક અંજ-

૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લિમાં દરિયો પીધો. તમે જો સમુદ્ર પીઓ તો દાન-માન સત્કારાદિક આપું. બ્રાહ્મણ વિચારમાં પડયો અને કહેવા લાગ્યો કે હે રાજા! 'માગણો ભલો નહી સગા બાપકો' આ કહેવત જાણું છું. પણ એકેય ઉપાય નથી ત્યારે તારા જેવા રાજા પાસે માગવા આવેલ છું. પરંતુ તમે સૂર્યવંશી રાજા કહેવાઓ છો અને રામચંદ્રજી પણ સૂર્યવંશી નૃપ હતા. તેમણે મહાન દરિયામાં પથ્થરોને તરાવ્યા. અને પૂલ બાંધી લંકામાં જઇ રાવણને જીતી સીતાજી લાવ્યા. તમે દરિયો તો નહી પણ એક નદીમાં એક પથ્થરને તરાવો તો મહાન્ માનું. માટે યુક્તિનો ત્યાગ કરી ખુશી થઇને દાન આપો. રાજાએ છેવટે દાન આપ્યું. બ્રાહ્મણ દાન લઇને ગયો. પણ જે લાભ જોઈએ તે મલ્યો નહી.

આ રાજા દાન દેવામાં કંટાળતો હોવાથી તેણે યાચકો પોતાની મેળે સમજીને ચાલ્યા જાય તેવી યુક્તિ શોધી કાઢી. સવારના વખતે વધેલી દાઢીના વાળોને ફેરવતા ફેરવતા અગર વાળતાં જેટલા વાળ હાથમાં આવે તેટલી સોના મ્હોરોનું દાન દેવું તેવો સંકલ્પ કર્યો. દરરોજ દાઢીમાં હાથ ફેરવતાં મોં વાળા એક-બે-ત્રણ આવે, તેટલી સોના મ્હોરોનું દાન દેતો. અને આવો મારે નિયમ છે એમ યાચકોને તે રાજા જણાવતો. કોઇ વખતે એકેય વાળ હાથમાં આવે નહી ત્યારે કહેતો કે તમારા ભાગ્યમાં નથી નહીતર હાથ ફેરવતા એક તો આવે! માટે તમોને આપવામાં આવશે નહી. આમ કહીને આશા ભરેલા યાચકોને વિદાય કરતો. એક વખત સવારમાં એક પંડિત બ્રાહ્મણ આવ્યો આશીર્વાદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્વક યાચના કરી. રાજાએ પોતાનો નિયમ કહી સંભળાવ્યો કે આ ડાઢીને ઓળતાં-જેટલા મોંવાળા હાથમાં આવશે. તેટલી સોનામહોરો આપીશ. આ પ્રમાણે કહીને હાથ ફેરવતાં એકજ મોંવાળુ હાથમાં આવ્યું. તેથી રાજા કહેવા લાગ્યો કે તારા ભાગ્યમાં એક જ સોના મહોર છે તારા ભાગ્યમાં વધારે હશે નહી તેથી એકથી અધિક આવ્યા નહી. પંડિતે કહ્યું કે આમ ભાગ્ય-અભાગ્યની પરીક્ષા થાય નહી. ભાગ્યા-ભાગ્યની પરીક્ષા કરવી હોય તો તમારી દાઢી મારા હાથમાં આપો, કેટલા મોંવાળા હાથમાં આવે છે તે માલુમ પડશે. રાજા ચૂપ થયો અને વિચાર કરવા લાગ્યો કે આ બ્રાહ્મણ માથાનો મલ્યો. નહી આપું તો નગરીમાં ફજેતી કરશે તેથી પ્રજાનો પ્રેમ મારા ઉપરથી ઓછો થશે. પ્રેમના આધારે રાજ્યની આબાદી-આઝાદી સ્થિર રહે છે. આમ ધારી યથેચ્છ દાન આપીને વિદાય કર્યો. પણ પુણ્યબંધાદિક આવી મુક્તિથી કયાંથી થાય ?

**૫૨. કેટલાક મનુષ્યો એવા હોય છે કે આ કામ કરવા જેવું છે અને તું કર. ત્યારે તેઓ કાર્ય કરે નહી.**

—અને ચોકખો "નકાર" સંભળાવી દે. અને આ કાર્ય કામ કરવા જેવું નથી માટે તું કર નહી ત્યારે ખુશી થઈને તેવું કામ કરવા બેસે. નિષેધ કરવામાં આવે તો પણ માને નહી. અને કહે કે. તમારે કહેવાની જરૂર નથી. અમે બધુ સમજીએ છીએ. તમારે ડહાપણ ડોળવાની આવશ્યકતા નથી. શું અમો ગમાર પાગલ છીએ. સારા નરસા કામની અમોને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખબર પડે છે માટે તમે વારે વારે ટક્ ટક્ કરો નહી. આ પ્રમાણે કહીને મગરૂરી ધારણ કરીને પાછા મલકાય છે એટલે આ કામ કર નહી. તો કહે કે કરૂં છું અને આ કામ કર તો કરૂં નહી. આ પ્રમાણે પોતાની બુદ્ધિનું લીલામ કરી અંતે ઘણા સંકટમાં આવી ફસાય છે.

એક શેઠ સાધન સંપન્ન હતા. પણ તેના પુત્ર અને પત્ની અવલચંડાં હતાં. જ્યારે શેઠ પુત્રને કહે કે, પૈસાઓને કામ વિલાસમાં વેડફી નાંખ નહી મોજમજામાં લહેર નથી, લાહ્ય છે તેથી ધર્મ-ધન-આબરૂમાં હાનિ પહોંચે માટે આ ઉન્માર્ગે જા નહી. ત્યાં પહેલો જાય. બુદ્ધિ બલાદિક હાનિ થતી હોય તો પણ એવો સ્વભાવ પડેલો હોવાથી અભિમાનમાં તેને માલુમ પડે નહી. તોફાની પણ એવો કે બે જણુ સાથે ઝઘડો કર્યા વિના ચેન પડે નહી. ઉન્માર્ગે ગમન કરનારને કલેશ કંકાસ-ઝઘડો થયા સિવાય રહે નહી. છતાં પોતાને પ્રવીણ માનતો હોવાથી પિતાની શીખામણને કદાપિ માનતો નહિ. એક વખત કામવિલાસી અન્યજનો સાથે મહાન્ કંકાસ થયો. આ માણસોએ તેને એવો માર્યો કે ઉભો થઈ ચાલી શકયો નહી. તેના પિતાને ખબર પડી. એટલે એક માસ સુધી સારવાર કરી ત્યારે ઉભો થઇ ચાલવાની શક્તિ આવી આમ છતાં પણ ઉન્માર્ગને ત્યાગ કરતો નથી.

છેવટે પિતા ખેદનો ત્યાગ કરી ધર્મક્રિયા કરવા લાગ્યા. તથા પત્ની પણ એવી વિચિત્ર અને કજીઆળી મલી હતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે આ કામ કરવા જેવું છે તો તે કામ કરે નહી. બીજું કરે. તેથી શેઠને ધાર્મિક ક્રિયા કરતાં પણ સ્થિરતા રહેતી નહી.

એક વખત ઘરમાં મેમાનો આવ્યા ત્યારે શેઠે કહ્યું કે મેમાનો–સગાંવહાલાં ઘણે વર્ષે આવ્યા છે માટે રસોઈ સુંદર બનાવજો, સ્ત્રીએ કહ્યું કે 'મૂઆ તમારા મેમાનો હું તો તબીયત નરમ હોવાથી રસોઈ કરવાની નથી.' શેઠે કહ્યું કે 'તારા માટે નવા સાલ્લા તથા સુંદર ઘરેણું ઘડાવીશ' તો તેણે કહ્યું 'રસોઇ સુંદર બનાવીને સન્માન પૂર્વક જમાડીશ. કેટલી વાનીઓ બનાવું.' 'પંદર બનાવજે' આમ કહી શેઠે મહેમાનની સરભરા–સન્માનાદિક કરવા લાગ્યા. રસોઈ તૈયાર થઈ, મહેમાનો જમવા બેઠા–પંદર વાનીઓ પીરસવામાં આવી છેવટે ભજીઆં માગ્યા ત્યારે સ્ત્રીએ કોપ કરીને કહ્યું કે, પંદરવાનીઓ કહી હતી. ભજીઆંની વાત કયાં કહી હતી? આમ કહી, મૂઆ તમારા મહેમાનો હું તો રાંધી રાંધીને મરી ગઈ. આ પ્રમાણે મહેમાનો સાંભળી મનમાં હસવા લાગ્યા. અને ખેદ કરવા લાગ્યા. શેઠ તો સ્વભાવે સારા છે. વિવેકી પણ છે પણ બાયડી માથાની મળી છે. શેઠ વિચાર કરવા લાગ્યા કે આ સ્ત્રીએ તો મારી આબરૂ લીધી. હાંસી-પાત્ર બનાવ્યો મહેમાનો જમીને પોતાના સ્થાને ગયા.

એક વખત ગુમાસ્તાએ તેના પિયરમાંથી આવેલો કાગળ આ સ્ત્રી આગળ વાંચ્યો. કે તમારા માત પિતા ઘણા માંદા પડયા છે. આ સાંભળી સ્ત્રી પિયરમાં જવા તૈયાર થઇ, શેઠે કહ્યું કે વરસાદ ઘણો પડવાથી નદીમાં ઘોડાપૂર આવેલ છે, માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બેત્રણ દિવસ જવાનું બંધ રાખો પણ આ માને કયાંથી ! ભલે પૂર આવ્યું. મને તરતાં આવડે છે.

મારા માતાપિતા માંદા પડેલ હોવાથી ગયા વિના ચાલશે નહી આમ કહી ચાલવા માંડયું. શેઠે કહ્યું કે 'ગુમાસ્તાને અગર મુનીમજીને સાથે લેતી જા.' 'નાના તેઓનું કામ નથી. એકલી જ જવાની,' અવલ ચંડો સ્વભાવ તો હતો કે જે શેઠ કહે તે કરવું નહી. અને કહે નહી તે કરવું. આવો વિચિત્ર સ્વભાવ હોવાથી કોઈને પણ સાથે લીધા વિના પિયર જવા નીકળી. સગાં સંબંધીએ પણ કહ્યું કે નદીએ ઘોડાપુર આવેલ છે તેથી ખરેખરો તરનાર હોય તો પણ તરી શકે નહી. માટે પૂર ઉતર્યા પછી જવું તે હિતકર છે, અભિમાની અન્યોની શિખામણ હિતકર હોય તો પણ માને નહી. અને મદમાં ને મદમાં મગ્ન બનેલ હોવાથી વિવિધ વિડંબનાઓમાં આવી ફસાય છે એવી વિડંબનાઓમાં ફસાય કે તેવા અવસરે સહકાર-સહાય કરનાર કોઈ પણ હોય નહી. ભલે પછી પોકારો કરવા પડે આ સ્ત્રીએ કોઇ સગાં સંબંધીની શિખામણ માની નહી. અને નદીમાં તરવા લાગી. પૂરનું જોર વધારે હોવાથી થાકી ગઈ, અફસોસ કરવા લાગી. હવે હાથ પગનું બલ ઓછું થએલ છે અને પૂર ઉપરા ઉપરી આવે છે હવે મારૂં થશે શું ? સહાય માગવાની ઇચ્છા થઇ પણ તે વખતે તેના પોકારો પણ કોઈ સાંભળી શકે એમ નહોતું. મુખમાં ભરી ગએલા નદીના પાણીએ તેણીને ડુબાડી. મરણ પમાડી. માતપિતાને મળી શકી નહી. નદીની મધ્યમાં મરણ શરણ થઈ. માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઈ સારી શિખામણ આપે તે માનવી પણ તુચ્છ માનીને તરછોડવી નહી. સારી શિખામણ માનવાથી અભિમાન-અજ્ઞાનતા-અદેખાઈ રાગ-દ્વેષ વિગેરે અત્યંત દુઃખદાયી દોષો ખસતા જાય છે અને સમ્યગ્જ્ઞાન-સહિષ્ણુતા-ઉદારતા-પાપભીરૂતા-સદ્‌વર્તન વિગેરે સદ્‌ગુણોને આવવાનું સ્થાન સુલભ બને છે.

## ૫૩ કાયા-માયા અને તેની મમતામાં મુગ્ધ બનેલ અજ્ઞાની માનવો ઉપકારી ઉપર ઉપકાર કરવો તો દૂર રહો પણ તે ઉપકારને ઓળવી અપકાર કરવા તત્પર બને છે.

પરંતુ ઉપકારીનું પુણ્ય હોવાથી અપકાર કરવા અગર સંકટમાં નાંખવા તૈયાર થએલ ને અપકાર નડે અને તેને પોતાને મહાવિડંબનામાં ફસાવે અરે પ્રાણોના જોખમમાં પણ પોતે આવી પડે છે. તેઓને તેનાથી નીકળવાનો લાગ ફાવતો નથી. ઉપ-કારી પર ઉપકાર કરનાર તેનો બદલો વાળનાર-તથા નિષ્કારણ ઉપકારીઓ પણ જગતમાં વિદ્યમાન છે તે અપકાર કરનારને માલુમ હોતી નથી કે ઉપકારી ઉપર અપકાર કરવા જતાં નિષ્કારણ ઉપકારીઓ મને ફાવવા દેશે નહી. અને કરેલો અપકાર મને પોતાને ભયંકર નીવડશે. હું પોતે નાહક્ક કારમી વિડંબનામાં ફસાઇ પડીશ. પુરાણુમાં એક કથા છે. કશ્યપના પુત્રે જગતના મનુષ્યોને કબજે કરવા શંકર-મહા-દેવની કષ્ટ સહન કરીને ઘણા કાલ સુધી આરાધના કરી. શંકરદેવે પ્રસન્ન થઈ વરદાન આપવા ઇચ્છા દર્શાવી. વૃત્રાસુરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાન ભૂલી–ભ્રમણામાં પડી એવું માગ્યું કે તે માગણી પોતાના જ પ્રાણોને નાશ કરનાર થઈ. દેવ પાસે એવી માગણી કરી કે હું જે માણસ અગર દેવ ઉપર હાથ મૂકું તે વ્યક્તિ બળીને ભસ્મીભૂત થાય. શંકરે "તથાસ્તુ" કહીને વરદાન આપ્યું. વૃત્રાસુરે, વિચાર્યું કે મારા જેવો કોઈ આ-રાધના કરે અને મારી માગણી મુજબ શંકર વરદાન આપે તો તે માનવી કે અસુર પ્રથમ મારા ઉપર તે વરદાનનો અખતરો કરે માટે આવો વર આપનારને પહેલ જ ભસ્મી-ભૂત કરવો કે જેથી મારી હરિફાઈ કરનાર કોઈ બને નહી. આમ વિચારી વરદાન અર્પણ કરનાર શંકર દેવનેજ ભસ્મી ભૂત કરવા તૈયાર થયો. શંકર નાઠા. બ્રહ્માની પાસે ગયા. બ્રહ્માએ કહ્યું કે હવે વૃત્રાસુરને હઠાવવાની મારી શક્તિ નથી. વિષ્ણુ પાસે જાઓ. શંકરે વિષ્ણુ પાસે આવીને વૃત્રાસુરની સઘળી બીના કહી. વિષ્ણુ તેની પાસે આવીને કહેવા લાગ્યા કે અરે વૃત્રાસુર! શંકર તો ગંજેરી અને ભાંગ પીનારા છે. તેનો વિશ્વાસ રાખવા લાયક નથી. તેં વળી તે ગાંડાના વચન ઉપર વિશ્વાસ રાખી મહાકષ્ટ સહન કર્યું. જગતના પ્રાણીજનોને કબજે કરવાની અને મ્હોટા બનવાની બીજી યુક્તિ બતાવું. જમણો અને ડાબો બે હાથ મસ્તક ઉપર મૂકી મહા વિષ્ણુની પાર્શ્વેગમન કરીને પ્રાર્થના કર. તો તારી ધારણા પ્રમાણે થશે. વૃત્રાસુર મોહમુગ્ધ બનેલ હોવાથી સ્વભાન ભૂલી બે હાથ પોતાનાજ મસ્તક ઉપર મૂકે છે તેજ વખતે પોતેજ ભસ્મીભૂત થાય છે. જગતને જીતવાની ઈચ્છા તેને જ નાશ કરનારી થઇ. માટે ઉપકારી ઉપર અપકાર ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરતાં તેનો બદલો વાળવાની દરરોજ ભાવના ભાવવી. અને શક્તિ હોય તો બદલો વાળવા માટે વિલંબ કરવો નહી. અપકાર કરવા તત્પર બનશો તો કોઈ નિષ્કારણ ઉપકારી તમારી ખબર બરોબર લેશે. કદાચ એવો ઉપકારી કોઇ મળશે નહી તો પણ કર્મ રાજા તો તયાર છેજ. માટે અપકાર કોઈના ઉપર કરો નહી. જગત સંસાર–અગર તેમાં રહેલા પ્રાણીજનો ઉપર સત્તા મેળવી મહાન્ બનવું હોય તો મહા પ્રભુ દેવાધિદેવ વીતરાગનું શરણ સ્વીકારી મન-વચન કાયાને કબજે કરવા પૂર્વક દેવાધિદેવ વીતરાગે મહાન્ બનવા માટે અને અનંત અવ્યાબાધ સુખ માટે જે જે આજ્ઞા ફરમાવી છે તે તે આજ્ઞા મુજબ વર્તન રાખો કે જેથી જગતના પ્રાણીજનોને કબજે કરવા ખાતર મહાવિશ્વયુદ્ધો કરવા પડશે નહી. અને સુગમતાથી સ્વરાજ્યને પ્રાપ્ત કરી મહાન્ ચક્રવર્તી બનશો. પછી સઘળી આશાફલીભુત થશે. એવી ફલશે કે કોઈ પ્રકારની ઇચ્છા કે આશા ઉત્પન્ન થશે નહી.

કામાસક્ત–વિષયાભિલાષી વ્યક્તિઓ પણ ઉપકારી ઉપર અપકાર કરવામાં બાકી રાખતા નથી. પોતાની દુષ્ટ વાસનાને સંતોષવા ખાતર ઉપકારીના પણ પ્રાણોને નાશ કરવા તૈયાર થાય છે પરંતુ તે કામાસક્તિ કે વિષયાભિલાષા અપકાર કરનારના પ્રાણોનો ભયંકર જોખમમાં નાંખે છે પહેલા એક અસુરે મહાદેવની આરાધના મહાકષ્ટને સહન કરવા પૂર્વક કરી. મહાદેવ શંકરે વરદાન આપ્યું તેની માગણી મુજબ કે જા તારા કથન મુજબ જેના માથા ઉપર હાથ મૂકીશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે બળી ખાખ થશે આવું વરદાન પ્રાપ્ત કરી ઘણો મદોન્મત્ત બન્યો અને શંકરની પાસે બેઠેલા રૂપાળા પાર્વતીને દેખી કામાતુર બની તેણીની માગણી શંકરની પાસે કરી. જો પાર્વતી નહી આપે તો હે શંકર! તને જ ભસ્મીભૂત કરી નાંખીશ. ભસ્મીભૂત થવાની ભીતિયે દોડતા–દોડતા શંકર બ્રહ્માની પાસે આવ્યા. સહકારની માગણી કરી. બ્રહ્માના કહેવાથી. શંકરે વિષ્ણુ પાસે જઇને અસુરની સઘળી વાત કહી. મારૂં આવી બાબતમાં અશક્ત પણું છે આમ કહીને વિષ્ણુએ મોહિની રૂપ ધારણ કરીને તે અસુરની પાસે આવીને કહ્યું કે 'તારે પાર્વતીનું શું કામ છે? હું પોતે તને વરવા માટે આવેલ છું.' મોહિનીના રૂપમાં મુગ્ધ બનેલ અસુર તો પાગલ જેવો બન્યો અને કહેવા લાગ્યો કે, 'તું જે પ્રમાણે કહીશ તે મુજબ વર્તીશ' મોહિનીએ કહ્યું કે 'તમે મારી આગળ તાંડવ નૃત્ય કરો પછી યથેચ્છ કરીશ.' તાંડવ નૃત્ય કરવામાં ડાબો હાથ મસ્તક ઉપર મૂકવો પડે તે મુજબ તેના રૂપમાં મુગ્ધ બનેલો પોતાનો હાથ માથા ઉપર મૂકે છે તેટલામાં પોતે ભસ્મીભૂત થયો અને શંકરને ભય રહ્યા નહી. તેથી તે અસુરનું નામ ભસ્માસુર પડયું. ઉપકારીના ઉપર અપકાર કરતાં કાંઇ પણ લાભ મળ્યો નહી માટે ઉપકાર ભૂલો નહી.

દરરોજ આત્મિકગુણોને પ્રાપ્ત કરવાના અભિલાષી મહાશયો આત્માના ગુણો તરફ દૃષ્ટિ રાખી વ્યાવહારિક કાર્યો કરતા હોવાથી તેઓની માયા–મમતા–મૂર્છા દેહગેહાદિમાં રહેતી નથી તેથીજ તે મહાભાગો પ્રાણાંતે પણ ઉપકાર કરવામાં ખામી લાવતા નથી. તે મહાશયોને પૂર્ણ આત્મિકગુણોમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રદ્ધા હોવાથી દેહગેહાદિ પરોપકાર આગળ તુચ્છ ભાસે છે અને પરોપકાર કરવામાં આત્માનો વિકાસ માનતા હોવાથી આનંદ પૂર્વક દેહગેહાદિકને અર્પણ કરે છે. જ્યારે દેહગેહાદિકમાંથી મમતા–માયા ખસે છે ત્યારેજ સ્વોપકાર પૂર્વક પરોપકાર કરવાની અભિલાષાનો આવિર્ભાવ થાય છે અને તેજ અભિલાષા. પરોપકાર કરવામાં વારે વારે પ્રેરણા કરતી રહે છે તેથી પરોપકાર કરવામાં તે મહાશયો પાછા હઠતા નથી. બીજાને કાર્ય કરવાની કબુલાત આપી હોય તે પ્રસંગે લાખો રૂપીઆના નુકશાન પણ ગણતા નથી. પ્રતિજ્ઞાનું પાલન કરે છે તેઓને પરોપકારની તથા પ્રતિજ્ઞાની અધિક કિંમત હોય છે.

સંભળાય છે કે કર્ણનૃપતિને એવી પ્રતિજ્ઞા હતી કે સ્વસમીપે આવીને માગણી કરનાર જે માગે તેને અર્પણ કરવું. સારા ભાવથી દાન દેતા હોવાથી આ નૃપતિની પાસે હજારો યાચકો આવતા. કર્ણ તેઓને કહ્યા મુજબ દાન આપી સંતોષ પમાડતા હતા. તેથી તેમનું પુણ્ય ઘણું વધ્યું. આ કર્ણનૃપની પરીક્ષા કરવા માટે કૃષ્ણ મહારાજે બ્રાહ્મણનું રૂપ ધારણ કરી યાચના કરી, કે 'હે નૃપતિ ! મારી પત્નીએ મરણ પામ્યા પહેલાં કહ્યું કે, મને વીશ ખાંડી ચંદનના લાકડાથી બાળજો. અન્ય કાષ્ઠોથી બાળતા નહી. માટે તું વીસ ખાંડી ચંદનને આપ, જેથી મેં કરેલી કબુલાત વૃથા જાય નહી.' રાજાએ સર્વસ્થલે તપાસ કરાવી પણ વીસ ખાંડી ચંદન મળ્યું નહી. તેથી વિચારે ચડયા વિચાર કરતાં લાખો રૂપિઆનો વ્યય કરીને ચંદનનો જે આલીશાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહેલ બનાવ્યો છે તે યાદિમાં આવ્યો. ખુશી થવા પૂર્વક બ્રાહ્મણને કહ્યું કે તમારા કથન મુજબ તમોને ચંદન અર્પણ કરૂં છું. આ પ્રમાણે કહીને ચંદનના મહેલને તોડીને ૨૦ ખાંડી ચંદન આપીને તેને વિદાય કર્યો. આ પ્રમાણે પોતાનો બંગલો તોડીને કર્ણે ચંદન આપેલ હોવાથી દાન આપવામાં કુશળ એવા અર્જુનનો ગર્વ ગળી ગયો. અને કર્ણરાજાની પ્રશંશા કરવા લાગ્યા. આવા નૃપતિ રાજ્ય સાહ્યબી વિગેરેનો ભોગવટો કરે છે છતાં નિર્લેપ રહીને આત્મજ્ઞાન પૂર્વક આત્મિક વિકાસ સાધવામાં સમર્થ બને છે. વળી સંભળાય છે. કે યુદ્ધમાં કર્ણ અર્જુનધનુર્ધરના બાણો વાગવાથી ઘણી વ્યથા–વેદનાને ભોગવી રહ્યા છે તે વખતે દાન દેવામાં કેવી દૃઢતા છે તેની પરીક્ષા કરવા કૃષ્ણ મહારાજે બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને ધનની યાચના કરી. આ વખતે કર્ણ નૃપની પાસે કાંઈ પણ ધનાદિક હતું નહી. તેથી અફસોસ કરવા લાગ્યા. પણ સ્મરણ થતાં કહ્યું કે, દાંતોમાં જડેલી સોનાની રેખાઓ શા ખપમાં આવશે, શરીરની સાથે આ રેખાઓની પણ રાખ થવાની જ માટે દાંતોને તોડી રેખાઓનું દાન, આવેલ બ્રાહ્મણને આપું, આમ વિચારણા કરી સેવકો દ્વારા દાંતોને તોડાવી સોનાની રેખાઓનું દાન કરી વીતરાગનું શરણ સ્વીકારી દેહનો ત્યાગ કરી સદ્‌ગતિ પ્રાપ્ત કરી. આ પ્રમાણે દેહગેહની મમતાને મૂકયા વિના સ્વોપકાર કે પરોપકાર સાધી શકાતો નથી. અને સાધ્યા સિવાય આત્મોન્નતિ કદાપિ થતી નથી અને થશે પણ નહી. દેહ ગેહ ધન પરિવારમાં બદ્ધ બનવાથી અનિચ્છાએ ચિન્તાઓ હાજર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય છે વિકલ્પ સંકલ્પની પરંપરા વધતી હોવાથી જીવને કોઈ પ્રકારે સ્થિરતા થતી નથી. અત એવ દેહગેહાદિક, સત્ય શાંતિને અર્પણ કરવા સમર્થ નથી. માટે તેનો ત્યાગ કરી ચિન્તા વિનાના બનો !

મન-વચન અને કાયા પશુઓને તથા પંખીઓને હોય છે અને મનુષ્ય-દેવને પણ હોય છે પણ પશુ પંખીઓ તેની પ્રાયઃ સાર્થક્તા સફલતા કરવા શક્તિ ધરાવતા નથી. મન-વચન અને કાયાની સાર્થક્તા કે સફલતા કરવાની શક્તિ ધરાવતા હોય તો મનુષ્યો અને દેવો છે. દેવો તો આજના કાલમાં પ્રત્યક્ષ નથી. મનુષ્યો પ્રત્યક્ષ હોવાથી જોઈ શકાય છે કે અમુક ભાગ્યશાલીઓએ આપેલ વચનની સફલતા કરી પોતે આપેલ વચનનું પાલન કર્યું. આપેલ વચન મુજબ વર્તન રાખતાં માનસિક વૃત્તિઓ નિર્મલ થાય છે. આત્મોલ્લાસ જાગ્રત થાય છે. જેણે વચનનું પાલન કર્યું તે સદાય જીવતો છે પણ જેણે વચન પાલ્યું નહી. અને કપટ કલા કરી પોતાનું કામ સાધી લીધું તે જીવતો છતાં મરેલો સમજવો. માટે સદાય જીવતું રહેવું હોય તો આપેલ વચનો નુકશાનીને સહન કરીને પણ પાળો અને જીવતા રહો. એક નગરમાં જીનદાસ પુત્ર પરીવારાદિક સાધનોથી સંપન્ન હતા. તથા ધાર્મિક હોવાથી નુકશાનીના ભોગે પણ આપેલ વચનોનું પાલન કરતા, તેમને પૈસા અને પ્રાણો કરતાં પ્રમાણિક્તા અધિક વહાલી હોવાથી આપેલ વચનની કિંમત અધિક જાણતા. નુકશાનીને સહન કરીને આપેલ વચન પ્રથમ પાળતા હોવાથી તેમની પ્રતિષ્ઠા સારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીતે વધી. એક વખત શેઠ ચૌટામાંથી પોતાના ઘેર જવા નીકળ્યા માર્ગમાં એક રમતીઆળ છોકરીના હાથમાંથી કાચની બરણી પડી ફુટી ગઇ. તેથી રડવા લાગી. રડતી છોકરીને દેખી દયા આવેલી હોવાથી શેઠે કહ્યું કે તું રડ નહી બીજી લાવી આપું છું. બરણી લેવા જાય છે તેવામાં પુત્ર તથા મુનીમે આવીને કહ્યું કે શેઠ પાછા વળો અને દુકાને પધારો. લાખ રૂપિયાનો લાભ થાય એમ છે. જો જલ્દી નહી આવે તો લાભ મળવો અશકય બનશે. શેઠે કહ્યું કે લાભ મળો કે ન મળો પણ રડતી છોકરીને બરણી આપ્યા પછી બીજી વાત. આમ કહીને બરણી વેચાતી લઇને રડતી દીકરીને આપી. આ છોડી પણ ખુશી થઇ. શેઠ પણ ઉપકાર અને લાખનો લાભ થએલ હોવાથી અધિક ખુશી થયા. વચનનું પાલન થયું અને લાભ ગયો નહી. એ લાભો પ્રાપ્ત થયા. માટે વચનના પાલનમાં કષ્ટ પડે તો પણ ભૂલવું નહી.

આહાર-વ્યવહારમાં નિયમબદ્ધ રહેનાર મનુષ્યો ઓછી તદ્દન ઓછી વસ્તુઓથી જીવનનિર્વાહ ચલાવી શકે છે અલ્પ વસ્તુઓથી આહાર-વ્યવહાર ચલાવવામાં જરૂરીઆત પણ ઓછી થાય છે. તેથી પૈસાનો અને પુણ્યનો બચાવ થવા પૂર્વક વધારો થતો પણ રહે છે પણ ઓછી વસ્તુઓથી વ્યવહારાદિક કાર્યો ચલાવવામાં શ્રદ્ધા સહિત ટેવ પાડવી જોઇએ. ટેવ પડયા પછી અધિક વસ્તુઓની જરૂર પડતી નથી અને "ઓછી છે" એમ મનાતું નથી. નિયમબદ્ધ બનેલાને તથા અલ્પ વસ્તુઓથી જીવનનિર્વાહ ચલાવનારને ઈચ્છાઓ અને આશાઓ પણ ઓછી થાય. પુનઃ પુનઃ ઉત્પન્ન થતા સંકલ્પ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને વિકલ્પો શાંત થતા જાય છે તેથી અલ્પ ઉપાધિવાળાના કષાય અને વિષયના વિચારોની તથા વિકારોની ફસામણી રહેતી નથી. આવા ભાગ્યશાલિને જો સત્સંગ-સદ્ગુરૂની સંગતિ થાય તો તે મહાશય આત્મોન્નતિ કરવામાં સમર્થ બને. પુણ્યોદયથી ખાવા પીવાની પહેરવાની સામગ્રી અધિક પ્રમાણમાં ભલે હોય તો પણ તેની જરૂરિયાત તેઓને રહેતી નથી. અલ્પ વસ્તુઓથી ચલાવી શકે છે અને વધેલી અધિક સામગ્રીને પુણ્યાર્થે પરોપકારમાં વાપરે છે તથા સાત ક્ષેત્રોમાં વાપરી મમતા-માયાને ઓછી કરતાં આત્મિક ગુણોનો આવિર્ભાવ કરી આનંદમાં ઝીલે છે.

આત્માના ગુણોનો આવિર્ભાવ કરવા તથા પુણ્યાનુબંધી પુણ્યની સાચી કમાણી કરવા માટે મહાપ્રભુ મહાવીર સ્વામિ એ ફરમાવ્યું છે કે. શ્રદ્ધા સહિત નિયમ બદ્ધ બની વ્રતાદિકની આરાધના કરી તથા જીવન નિર્વાહને અલ્પ વસ્તુઓ દ્વારા ચલાવો. તેથી પાંચ ઇન્દ્રિયો તથા માનસિક વૃત્તિઓ કબજામાં આવશે. અને માનવભવની સાર્થકતા તથા સફલતા સધાશે. એકદમ પાંચ ઇન્દ્રિયો તથા માનસિક વૃત્તિઓ અને તેઓના વિકારો ટળશે નહી, માટે પ્રથમ અલ્પ વસ્તુઓથી ચલાવી લેવાની ટેવ પાડો આવી ટેવથી ઇચ્છાઓ અને આશાઓ બહુ જોર પકડશે નહી.

'એક કંદોઈની દુકાનમાં વિવિધ પ્રકારની મીઠાઇ હતી, ગ્રાહકોને તે મીઠાઇ વેચાતી આપી ઘણી કમાણી કરતો પણ તેને મીઠાઈ ખાવાની ઈચ્છા થતી નહોતી. ઘરમાં જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાદી રસોઈ થતી તે જમી લેતો તે પણ ચાર પાંચ વાનીઓથી નિભાવી લેતો. કોઈ કહે કે દુકાનમાં વિવિધ મીઠાઈ છે તે કેમ ખાતા નથી ? ત્યારે કહેતો કે તે મીઠાઈ ખાવામાં આવે તો કમાણી ક્યાંથી થાય ! અંતે જે સાદુ ભોજન મળે છે. તે પણ મળશે નહી. સાદી રસોઈ જમવાનો ટેવ પડેલી હોવાથી મીઠાઈ તરફ માનસિક વૃત્તિઓ જતી નથી. અને જે કમાણી થાય છે. તેને પરોપકારે યથાશક્તિ વાપરૂં છું તેથી માનસિક વિકલ્પ–સંકલ્પ તથા તેઓના વિકારો ઉછાળા મારતા નથી. આ પ્રમાણે જે ભાગ્યશાલીને પુણ્યની કમાણી કરવી હોય તો અલ્પ વસ્તુઓથી જીવનનો વ્યવહાર ચલાવવા ટેવ પાડવી તે આવશ્યક છે. આ પ્રમાણે વર્તન રાખ્યા વિના અનાદિકાલની ચાર સંજ્ઞાઓએ નિવાસ કરેલ છે તેની પરાધીનતા ખસવાની નહી, તો પછી આત્માના ગુણોનો આવિર્ભાવ પણ ક્યાંથી થાય ?

સમજુ માણસો, સંસારને દારૂખાના રૂપે માને છે દારૂખાનામાં ફટાકડા–હવાઈ–દારૂથી ભરેલી કોઠીઓ વિગેરે વિવિધ જાતની વસ્તુઓ ભરેલી હોય છે તેમ સંસાર રૂપી દારૂખાનામાં કામ–ક્રોધ–માન–માયા–લોભ–અદેખાઇ વિગેરે સળગાવનારી વસ્તુઓ તેમજ સળગી જનારી વસ્તુઓ હોય છે કોઈ એક અગ્નિની ચીનગારી, દારૂખાનાની દુકાનમાં નાંખે તો એક વસ્તુ સળગી ફુટતાં તેની અસર સઘળી વસ્તુઓને થતાં સઘળી દારૂખાનાની દુકાનો ભયંકર જોખમમાં આવી પડે બળી ખાખ થાય છે તે પ્રમાણે સંસાર રૂપી દુકાનમાં કોઈ અજ્ઞાની માણસે અદેખાઇ ધારણ કરી બીજાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર મેહણા રૂપી અગ્નિની ચીણગારી નાંખી. તેટલામાં ક્રોધાનલ સળગે છે અને પાસે રહેલા સંબંધીઓ તેની અસરમાં આવે છે તેથી કમાણી પુણ્યની કરવાની હોય છે તે નાશ પામે છે અને ભયંકર જોખમમાં આવવું પડે છે. માટે દારૂખાનાની દુકાનવાળાઓને વારે વારે ઉપયોગ રાખવો પડે છે તે મુજબ સંસારી જીવોને પણ પુનઃ પુનઃ ઉપયોગ રાખવાની જરૂર છે ચીણગારી પડે નહી તે પ્રમાણે દુકાન–સંસાર ચલાવો. મ્હોટા શહેરમાં ઘણીવાર ઉપયોગ નહિ રાખવાથી દારૂખાનાની દુકાનો બળીને ખાખ થએલ છે. તેથી તે દુકાનવાળાને ઘણી નુકશાનીમાં ઉતરવું પડેલ છે. તે પ્રમાણે સંસાર રૂપી દારૂખાનામાં એવા નિમિત્તો મળતાં ક્રોધ દાવાનલ સળગતાં વાર લાગતી નથી. તેથી. ભારે જોખમમાં–નુકશાનમાં માનવો ને આવવું પડેલ છે એથી થએલ એવી નુકશાની હજારો ભવોમાં પરિભ્રમણ કરતા પણ પુરાતી નથી. તે નુકશાનીને પૂર્ણ કરવા માટે કરેલા પ્રયાસો વૃથા જાય છે માટે, સંસાર રૂપી દારૂખાનાની દુકાન માંહીને સળગી ઉઠે દાવાનલ ઉત્પન્ન થાય. તેવો નિમિત્તો પાસે રાખવા નહી. હોય તો દૂર ખસેડવાં

જે ભાગ્યશાલીઓ પ્રભુની આજ્ઞાઓને પૂર્ણ ભાવથી માની તે આજ્ઞાઓ મુજબ વર્તન રાખે છે. અને પ્રભુના ગુણોનો આદર સત્કાર કરે છે તે ભાગ્યવંતોની પાછળ સત્તા-સંપત્તિ અને સમૃદ્ધિ દોડતી આવે છે અને ચિન્તા રહિત બની અનુક્રમે પ્રભુમય બની અનંત સુખના સ્વામી બને છે પરંતુ પ્રભુની આજ્ઞાઓને ભૂલી તથા તેમના ગુણોનો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનાદર કરી સંસારના વૈષયિક સુખના રસિકો પૈસાઓને પ્રભુમાની તેની પાછળ દોડંદોડ કરતા માલુમ પડે છે અને અત્યંત કષ્ટોને પણ સહન કરી પૈસાઓના સ્વામી બનવા વિવિધ મનોરથો કરે છે પરંતુ જ્યારે ઇષ્ટ પૈસાઓ મળતા નથી ત્યારે પ્રભુની મૂર્તિને પણ ફગાવી દે છે મનમાં ખોટા વિકલ્પો કરી પાપનો બંધ કરતા રહે છે એક પૂજારીની માફક. એક બ્રાહ્મણ ધનનો અર્થી હતો પણ પ્રયાસ કરતાં પૈસાઓને મેળવી શકયો નહી. તેથી વિષ્ણુ મંદિરમાં પૂજારી બની બહારથી ભક્તિ સેવા કરતો હોવાથી વૈષ્ણવો તેના ઉપર અધિક આદર સન્માન કરવા લાગ્યા. કોઇ વખત પૈસાદાર વૈષ્ણવો, શત રૂપીયા–હજાર રૂપીયા તથા સોના મહોરો વિષ્ણુની મૂર્તિ આગળ ભેટ તરીકે મૂકતા તેથી આ પૂજારી તે ધનને ગ્રહણ કરી ધનાઢચ બન્યો અને પ્રભુના ભકતો ભેટ મૂકી પોતાને કૃતાર્થ માનવા લાગ્યા. પ્રભુજી અમોને વૈકુંઠમાં લઈ જશે. આ માની આનંદમાં રહેવા લાગ્યા.

એક વખત પૂજારી વિષ્ણુ ભગવાનની આરતિ ઉતારી રહ્યો છે. તેવામાં એક વૈષ્ણવ ભકતે આવી એક હજાર સોના મહોરો ભેટ તરીકે મૂકી. તે અરસામાં આવેલ બાવાએ તે સોનામહોરો દેખી મનમાં લાલચ ધારણ કરી પૂજારીને કહેવા લાગ્યો કે, 'મારી પાસે છોટેલાલજી વિષ્ણુની મૂર્તિ છે, તેમની આરતિ ભેગાભેગી ઉતારો' પૂજારીએ તે મૂર્તિને પાસે મૂકી આરતિ ઉતારી ભક્ત હતો તે ખુશી થયો કે, એ ભગવાનોની આરતિ ઉતરી અને ભેટ તરીકે મૂકેલી સોના મહોરોની સફલતા થઈ. આરતિ ઉતારી રહ્યા પછી પૂજારી જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભેટ તરીકે રકમ આવી છે તે લેવા લાગ્યો. બાવાજીએ કહ્યું કે મેં મૂકેલી મૂર્તિની પણ આરતિ ભેગાભેગી થઈ છે માટે જે ભેટ તરીકે રકમ આવી છે તેમાંથી અડધી રકમ મ્હને મળવી જોઇએ' પૂજારીએ કહ્યું કે–'અડધી રકમ તને મળશે નહિ માંહોમાંહી બોલાબોલી થઇ. પૂજારી ક્રોધના આવેશમાં આવી 'લે તારી છોટેલાલજીની મૂર્તિ' આમ કહીને તે મૂર્તિને તેણે બહાર ફેંકી દીધી. બાવો કહેવા લાગ્યો કે 'મંદિરમાં જે મૂર્તિ રહેલ છે તેને પ્રભુ તરીકે માને છે અને આ નાની વિષ્ણુની મૂર્તિને પ્રભુ તરીકે ન માનતાં અનાદર કરીને ફગાવી દીધી. તેથી આમ માનવામાં આવે છે કે તું પૈસાનો પૂજારી છે નહી કે પ્રભુનો' પાસે રહેલા ભકતે પણ આ બનાવ દેખી પૂજારીને ઠપકો આપ્યો ઘણા વર્ષો સુધીનો ખાઇબદેલો હોવાથી વધારે કહી શકાયું નહી. પણ નાખુશ બનીને કહ્યું કે 'તમો પૈસાના પૂજારી છો પ્રભુના નહી.'

આ મુજબ સંસાર સાથે વિષય સુખના રસિકો, જ્યારે પૈસાની બાબત આવે છે ત્યારે પ્રભુને ભુલી માયા મમતામાં આસકત બની અનંત સંસાર પરિભ્રમણ કરી મહાકષ્ટોને સહન કરે છે. પૈસા માટે અનેક પાપારંભો કરી અનંત દુ:ખોની યાતના સહે છે. એટલી પણ સમજણ હોતી નથી કે ભાગ્યનુસારી લક્ષ્મી છે અને ભાગ્ય–પુણ્યાધીન છે. આવું ભાગ્ય કે પુણ્ય પ્રભુનાં આજ્ઞા પૂર્વક સેવા ભક્તિ કરવાથી ઉપલબ્ધ થાય છે અને ભાગ્યાનુસારે પૈસા મળે છે. ફક્ત પૈસાના પૂજારો બનવાથી ભાગ્ય–પુણ્યની પ્રાપ્તિ થતી નથી. બીજ હોય તો વૃક્ષની સાથે ફલાદિક આવી મળે–બીજ વિના ફલાદિકના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનોરથ કરનાર. તથા પ્રયાસો કરનાર ઉન્માદી સમજવા. ઉન્માદિને પ્રયાસ કરે પણ કાંઈ મળતું નથી ઉલ્ટું જે પાસે હોય તે ગુમાવી બેસે છે. માટે પ્રભુ પૂજારી બનો.

**૫૪ પૈસામાં આસક્ત બનેલ, વ્રત નિયમ–પ્રમાણિકતા વિગેરેનો ત્યાગ કરી પૈસાના પૂજારી બને તો તે ધનાદિક, તેઓને પાયમાલ કરી નાંખે છે. પાયમાલ કરે છે એટલું જ નહી પણ અનંત સંસારમાં પરિભ્રમણ કરાવે છે.**

પૈસા–ધનાદિકના પૂજારીઓને કદાચિત્ બાહ્ય લાભ મળતો હોય તો સદ્‌ગુરૂઓની પણ અવહેલના કરવા તે પાછા હઠતા નથી. જ્યારે ધન–પૈસો પાસે હોતો નથી. અને સામાન્ય સ્થિતિમાં હોય છે ત્યારે શુભ ભાવનાના વિચારો હરરોજ કરતા હોય છે કે, 'અરે સદ્‌ગુરૂદેવ, જો મ્હને પૈસાઓ પ્રાપ્ત થાય તો નવકારશી–પોરિષી—એકાસણા—આયંબીલ કરીને તથા પ્રભુ પૂજા–દાન વિગેરે કરીને ધર્મની આરાધના કરૂં. પણ હમણાં મારી તેવી પૈસાદાર જેવી પરિસ્થિતિ નથી. તો કેવી રીતે આરાધના કરૂં. પૈસાઓ, મળે તો સઘળી ચિન્તાઓ ઓછી થાય. અને સુખશાંતિ મળે. આ મુજબ વિચારો કરતાં અને સદ્‌ગુરૂ વિગેરેને પોતાના મનોરથોને દર્શાવતા જણાય છે, કદાચિત્ પુણ્યોદયે પૈસાઓ પ્રાપ્ત થાય. ત્યારે તેની સંભાળ કરવામાં તે પૈસાઓમાં વધારો કરવામાં પહેલાં કરેલા મનોરથો ક્યાં ખસી જાય છે કે તેની ખબર પડતી નથી. એટલે પૈસાના પૂજારી બનો પ્રભુ–વ્રત–નિયમાદિકને વિસારે છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિષ્ણુને અને લક્ષ્મીને મહત્તા માટે વાદ વિવાદ થયો કે બેમાં મ્હોટુ કોણ ? તેની પરીક્ષા કરવા વિષ્ણુ સંન્યાસીનું રૂપ ધારણ કરી એક નગરના રાજાને ધર્મનો–આત્માનો અને સદ્ગુણોને મેળવવા માટે ઉપદેશ આપવા માંડયો. રાજા તથા પ્રજા આનંદથી સાંભળે છે તેવામાં લક્ષ્મી પણ નગરમાં આવી. પ્રજાઓને સોના મહોરો આપવા લાગી ઉપદેશ શ્રવણ કરવાનું ભૂલી સઘળી પ્રજા–લક્ષ્મી તરફ વળી. અને આજીજી કરવા લાગી. લક્ષ્મીએ સઘળી પ્રજાને સોના મહોરો આપી. આ વાત રાજાએ સાંભળી. રાજાએ લક્ષ્મીને બોલાવી કહ્યું.

'અરે લક્ષ્મીજી તમોએ સઘળી મારી પ્રજાને સોના મહોરો આપીને ખુશી કરી. પણ હું તેઓની રક્ષા કરનાર નૃપતિ રહી ગયો માટે સારા સઘળા ભંડારો સોના મહોરોથી ભરપૂર કરો. લક્ષ્મીજીએ કહ્યું કે પેલો સંન્યાસી મારી ઘણી નિન્દા કરે છે દરેક સ્થલે મને હઠાવવા ઉપદેશ આપે છે. તમે તેના નાક અને કાન કાપો તો ભંડારો ભરી દઉં.' રાજા લક્ષ્મીજીના કહ્યા મુજબ તે સંન્યાશીનું નાક–કાન કાપવા તૈયાર થયો. તેટલામાં સંન્યાસી–અને લક્ષ્મીજી બે અદૃશ્ય થયાં. લક્ષ્મીએ સંન્યાસી રૂપે બનેલા કૃષ્ણને કહ્યું કે 'કહો ? આપણા બેમાંથી હવે કોણ મહોટું છે' કૃષ્ણજીએ કહ્યું કે 'માયા મમતામાં આસક્ત બનેલા તારી મહત્તા માને આદર સત્કાર કરે તેમાં નવાઈ શી ?' પણ સમ્યગ્જ્ઞાનીઓ તો ત્હને તુચ્છ માને છે તારો ત્યાગ કરવા પૂર્વક પરમાત્મામાં લય લગાડી જન્મ મરણના પરિભ્રમણોને દૂર કરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. સંસારરસિકોએ ત્હારી મહત્તા માની તેથી મ્હારી મહત્તા ઓછી થતી નથી. ખાનપાનાદિના રસિકોને મહારી મહત્તાની સમજણ નથી. સમ્યગ્જ્ઞાનાભાવે તારૂં માન વધારે પણ જન્મ મરણાદિક વિડંબનાઓને ટાળવા માટે તારામાં શક્તિ નથી. ભલે તે માયા મમતામાં મુંઝાએલ ત્હારો આદર કરે તેમાં મ્હને અદેખાઇ કે દ્વેષ નથી. પણ તેઓ તારામાં આસક્ત બનેલા આધિ–વ્યાધિ–ઉપાધિના સંકટોને ટાળવા માટે સમર્થ બનતા નથી તેથી અમો ઉપદેશ આપીયે છીએ કે માયા મમતાનો ત્યાગ કરી તથા ધનાદિકને સાધન તરીકે માની સાધ્યને ભૂલતા નહી. દુઃખ ચિન્તા–વ્યાધિ–ઓનો ક્ષણિક પ્રતિકાર કરો છો તે સાચા સુખનું સાધન માની શકાય નહી. માટે અભિમાનનો ત્યાગ કરી નમ્રતા ધારણ કરવી જોઇએ. આ પછી લક્ષ્મીજી સમજી ગયાં અને પરમાત્માનું ધ્યાન ધરવા લાગ્યાં. અરે ભાગ્યશાલીઓ લક્ષ્મીજી પણ પરમાત્માનું ધ્યાન ધરે છે તો તમારે પણ લક્ષ્મીનો મોહ મૂકી પરમાત્માનું ધ્યાન ધરવું—

**૫૫ કેટલાક શ્રદ્ધા વિનાના માનવો કહે છે કે અમો પરમાત્માનું ધ્યાન સદા ધરીયે તો ભૂખે મરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તથા વિવિધ વિઘ્નો આવી અમોને હતાશ બનાવી દે.**

તેઓનું આ મન્તવ્ય ભ્રમણાવાળું છે. પરમાત્માનું ધ્યાન એટલે તેમની આજ્ઞા મુજબ વ્યવહારિક કાર્યોમાં વર્તન રાખવું. પરમાત્મા કહે છે કે જે વ્યવહારિક કાર્યોમાં આજ્ઞા પ્રમાણે વર્તન રાખે છે. તેઓ માયા–મમતાને નિવારી વિષય કષાયના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિકારોને હઠાવી અનંત સુખના સ્વામી બને છે પરમાત્માની આજ્ઞા પરમાત્માથી ભિન્ન નથી. તે આજ્ઞા મુજબ વર્તન રાખવાથી ભરપુર ભંડારો ભરાય છે. અને સાથે સાથે વ્યાધિ વિડંબના, તથા વિઘ્નો ખસતા જાય છે. કદાચિત્ વ્યાધિ વિગેરે ઉપસ્થિત થએલ હોય પણ તેઓનું જોર ચાલતું નથી. પરમાત્માનું ધ્યાન કરનાર. તેમની આજ્ઞા મુજબ વર્તન કરવાર–તેમની આજ્ઞા મુજબ વર્તન કરનારને વિઘ્નો પણ લાભ દાયક નીવડે છે. એક પટેલના ઘરમાં દશબાર ભેંસાં હતી. તે પૈકી ચારભેંસો માંદી પડી. પટલાણી કકળાટ કરવા લાગી કે આ ભેંસો સાજી ક્યારે થશે બીજી ભેંસો ચરવા જાય છે આ ભેંસોથી જવાતું નથી. ઘરમાંથી ઘાસ નાંખવું પડે છે. એવામાં બન્યું એવું કે. જે ભેંસો જંગલમાં ચરવા ગઈ છે. તેણીઓને ચોરો લઈ ગયા. ઘરમાં પટલાણી જ્યારે ભેંસો આવી નહી. ત્યારે ઘણી ચિન્તા કરવા લાગી. પટેલ, સદાચારી અને ભક્ત હતા. તેમણે કહ્યું કે ભેંસો માંદી પડી તો ચોરો તેને લઇ ગયા આપણા ભાગ્યમાં હશે તો પોતાની મેળે ચોરાયેલ ઘરમાં આવીને ઉભી રહેશે તપાસ કરીશું. માટે તેની ચિન્તાને ત્યાગ કરી પરમાત્માના ઉપર વિશ્વાસ રાખી શાંત બનો ! પટલાણીએ કકળાટનો ત્યાગ કર્યો, પરમાત્મા ઉપર વિશ્વાસ રાખી શક્ય વર્તન રાખ્યું.

હવે ચોરો ભેંસોને ચોરી તો ગયા પણ પટેલના ઘર સિવાય ભેંસોને 'ચેન' પડતું નથી. તથા ચોરો પાસેથી જેઓએ તે ભેંસોને વેચાતી લીધી છે તેઓને પોતાના બચ્ચા વિના તે દોવા દેતી નથી. તેથી તેઓએ પણ અન્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થલે વેચી. ત્યાં પણ દેવા દેતી નહી હોવાથી પરંપરા એ મહારાષ્ટ્ર (દક્ષિણ)ના રહેવાસી એક પટેલે વેચાતી લીધી. ત્યાં પણ ભેંસોને ગમતુ નથી. અને પોતાના બચ્ચાઓને સંભાળે છે. ને ત્યાંથી નાસી છુટવા ભાવના રાખે છે. ધનતેરસ દિવાળીમાં તે દક્ષિણના પટેલો ગાય-ભેંસો બળદ વિગેરે અલંકારોથી શણગારી, રેશમી વસ્ત્રોને ઓઢાડી તેઓની આગળ ઢોલ વગાડે છે. તે મુજબ આ ભેંસો આગળ પટેલ અને તેનો પરિવાર વિગેરે તે ભેંસોને શણગારી ઢોલ વિગેરે વગાડવા પૂર્વક નાચતા હતા. ભેંસોના સ્વભાવ મુજબ તેણીઓ ભડકીને નાઠી, નાસતાં નાસતાં મૂલ પટેલના આંગણામાં આવીને ઉભી રહીને પોતાના બચ્ચાઓને ધવરાવી ખુશાલીમાં આવી રેંકવા લાગી. પટેલે પટલાણીને કહ્યું કે ભાગ્યમાં હતી તો ભેંસો આવી. પ્રભુની ભક્તિ થઈ ચિન્તા ચાલી ગઈ. આ પ્રમાણે પરમાત્માની આજ્ઞા મુજબ ચિન્તાનો ત્યાગ કરી વર્તન કરનારને દુઃખો ખસી જાય છે. અને ગએલ સંપત્તિ આવી મલે છે. માટે શ્રદ્ધા રાખવી. તથા ચાર પાંચ ચોરો ચોરી કરવા નીકળ્યા. તે પૈકી એક ચોરને પગમાં મ્હોટો સખત કાંટો વાગ્યો. તેથી જઈ શકાયું નહી. અને જ્યાં કથા વંચાતી હતી ત્યાં જઈને બેઠો પેલા ચોરી કરવા નીકળેલા ચોરો હર્ષમાં આવ્યા. કે તેને ભાગ આપવો પડશે નહી. આમ ખુશી થઇને કોઈ ધનાઢયના ઘરમાં પ્રવેશ કરી મ્હોટી ચોરી કરી પણ શેઠ જાગ્યા. તેથી તેઓની પાછળ પોલીશ દોડાવી પોલીસે ચોરોને પકડી લીધા. કેદમાં પૂર્યા. ચોરેલું ધન પાસે રહ્યું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહી. જેને કાંટો વાગ્યો હતો. તેના પર પોલીશને શંકા ગઈ પણ સાક્ષીઓ ન મળવાથી મુકત કર્યો તે મનમાં માનવા લાગ્યો કે કાંટો વાગ્યો તે સારૂ થયું. નહીતર તેઓના જેવી મારી દશા થાત, માટે જે વિઘ્ન આવ્યું તે લાભદાયક થયું છે. આ પ્રમાણે સમજણના ઘરમાં આવેલ સજ્જનોએ વિઘ્નો આવે તો પણ પરમાત્માની આજ્ઞા પ્રમાણે વર્તન રાખવું. તેમાં જ કલ્યાણ છે અને સત્ય શાંતિ છે પરંતુ જે ભૌતિક સુખમાં મગ્ન બને છે તે ભૂલો સ્વયં કરેલી છતાં બીજા ઉપર દોષોનું આરોપણ કરી ક્રોધાતુર બની સ્વ-પરની ઉન્નતિમાં પોતે જ વિઘ્નો લાવી મૂકે છે જ્યારે તે વિઘ્નોને દૂર કરવાના સાચા ઉપાયો મળતા નહી હોવાથી બોલાબોલી કરી મારામારી ઉપર આવે છે એટલે બમણો દુ:ખી બને છે એક તો વિઘ્ન ઉપસ્થિત થયું. મારામારી કરી ઉભુ કરેલું દુ:ખ–આ પ્રમાણે વિઘ્નને દૂર કરવા માટે અવળો ઉપાય લીધો. તેથી તે ટળે કયાંથી ?

કોઈ ગામમાં વૈરાગી ત્યાગી મહાત્મા ગામની પાસે રહેલ પર્વતની ગુફામાં પરમાત્માનું ધ્યાન કરતા હતા. તેમના દર્શનાર્થે ઘણા માણસો આવવા લાગ્યા. જો કે ધ્યાનમાં વિઘ્ન આવતું છતાં આવેલા મનુષ્યોને ઉપદેશ આપી સન્માર્ગે વાળતા, મનુષ્યોને ધાર્મિક લાભ સારી રીતે મળતો તેથી અહોભાગ્ય માનતા, એક ભક્તને ભાવના જાગી તેથી રાત્રિમાં શીરો બનાવી તે મહાત્માની પાસે આવીને કહ્યું કે મહાત્મન્ ! આ શીરો આપના માટે બનાવી લાવ્યો છું. તમે આરોગો મહાત્માએ કહ્યું કે રાત્રિએ બનાવેલ કોઇ પણ વસ્તુને અમો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખાતા નથી..માટે પાછો લઈ જા, ભકતે વિચાર કર્યો રાત્રિએ ખાશે નહી. પણ દિવસે જરૂર ખાશે આમ વિચારી ગુફાના એક ખુણામાં મુકી સુખ શાતા પુછી પોતાને ઘેર ગયો તો ગયા પછી બીજો ભગત આવ્યો ગુફામાં અંધકાર હોવાથી મહાત્માને શોધવા લાગ્યો. શોધતાં એક ખુણે મુકેલા શીરાના ભાજનમાં તેનો પગ પડયો અને સાચુ સ્વરૂપ નહી જાણવાથી ક્રોધાતુર બની મહાત્માને ગાળો દેવા લાગ્યો. કે સારી રીતે ખાઇને અહીંઆંજ આ ભાજનમાં વિષ્ઠા કરો છો. તમે કેવા પ્રમાદી છો ગુફામાંથી બહાર નીકળી એક ફર્લાંગ દૂર જઇને ઝાડે જતા હોતો મારો વિષ્ઠાથી પગ બગડયો છે તે બગડત નહી. આવ્યો દર્શન કરવાને વિષ્ઠાથી પગ ખરડાયો. તમોને વધારે શું કહેવું ? મહાત્માએ શાંત બની કહ્યું કે અમો રાત્રિએ ખાતા નથી. અને રાત્રિએ ઝાડો કર્યો પણ નથી, એક ભકતે આવી શિરો મૂકયો હશે પણ તેં શિરાને વિષ્ઠા માની તેથી તું આ પ્રમાણે આવેશમાં આવી યદ્વા તદ્વા બોલ્યા કરે છે બરોબર તપાસ કર–કે આ શીરો છે કે વિષ્ઠા ? દીવો લાવી તપાસ કરતાં વિષ્ઠાને બદલે શિરો માલુમ પડયો આવેલ ભકતને ઘણો પસ્તાવો થયો. ભક્તિ કરવી જોઇએ તેને બદલે વિભક્તિ થઇ મોટો અપરાધ થયો. આ પછી આજીજી કરીને પગમાં પડીને માફી માગવા લાગ્યો. મહાત્માએ કહ્યું કે, આમાં તારી ભ્રમણા થવાથી ભૂલ થઈ છે. તારો આત્મા ભ્રમિત બન્યો. અમોને રોષ–તોષ નથી. આ પ્રમાણે ભ્રમણામાં પડેલ માનવીઓ સુખના સાધનોને દુઃખદાયક માની સુખસાધનોને દર્શાવનાર ઉપર અણગમો લાવી જેમ તેમ બોલવામાં બાકી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાખતા નથી. પણ જ્યારે સત્ય સ્વરૂપનું ભાન થાય છે. ત્યારે પોતાની થએલ ભૂલોથી ઘણો પસ્તાવો થાય છે માટે ભલે તમે સંસારમાં વ્યાવહારિક કર્યો કરો પણ તે વ્યાવહારિક કાર્યોમાં ભૂલો કરો નહીં. સત્યાસત્યનો ખ્યાલ કરો. સુખાર્થે જે કાર્યો કરો છો. તે દુઃખદાયક બને નહી તેનો બરોબર વિચાર પૂર્વક વિવેક કરો. જો ભ્રમણામાં પડી વિચાર વિવેક કરશો નહી. તો તેજ વ્યવહારના કામો તમોને ઉન્માર્ગે ખસડી લઈ જશો. પછી એકેય ઉપાય સન્માર્ગે આવવાનો સુઝશે નહી. માટે સત્યસ્વરૂપને જાણી સુખી થાઓ.

## ૫૬ શુભ નિમિત્તો પ્રાપ્ત થતાં જે શુભ વિચારો હોય છે તે દૃઢ થાય છે. તથા અશુભ વિચારો દૂર ખસવા પૂર્વક શુભ વિચારોને પ્રાદુર્ભાવ થાય છે. તેથી આત્મ વિકાસ ઉત્તરોત્તર સધાતો રહે છે.

શુભનિમિત્તો દેવગુરૂ છે. દેવદર્શનથી સમકિત ફરશે છે. અને ગુરૂમહારાજ ઉપદેશ આપીને તેને દઢ કરે છે. અને દઢ થએલ શ્રદ્ધાવાળો ભાગ્યશાલી ચારિત્રવાન્ બને છે. માટે ગુરૂદેવની વાણીને સાંભળી શ્રદ્ધાને દઢ કરી સચ્ચારિત્રવાળા બનો કેટલાક એવા હોય છે. કે ગુરૂ દેવની વાણી સાંભળી ખુશી થાય છે. પણ વર્તનમાં મુકતા નથી. એક કાને સાંભળી બીજે કાનથી તે વાણીને દૂર કરે છે. તેથી તેઓને યથાર્થ લાભ મળતો નથી. આ મનુષ્યો ભલે પૈસાદાર હોય તો પણ કોડીના કહેવાય છે. જ્યારે સામાન્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થિતિનો કોઈ એક ભાગ્યશાલી ગુરૂદેવનો ઉપદેશ સાંભળી મગજમાં ધારી રાખી તે મુજબ વર્તન રાખે છે. તે ભલે સાધારણ સ્થિતિ વાળો હોય તો પણ કરોડોની કિંમતનો ગણાય છે. એટલે શુભ નિમત્તો પ્રાપ્ત થતાં શ્રદ્ધા પૂર્વક વર્તનથી કિંમત અંકાય છે.

એક રાજાએ સુવર્ણની બે મનુષ્યોની સરખી મુર્તિઓ બનાવી. સંભાળ પૂર્વક સભામાં લાવી કહ્યું કે આ બે મૂર્તિઓની કિંમત કેટલી ? સભ્યજનોને બાહ્ય દૃષ્ટિએ તપાસ કરતાં તફાવત માલુમ પડયો નહી. અન્તર દૃષ્ટિવાળા એક સજ્જને તપાસ કરતાં ફેરફાર માલુમ પડયો રાજાને કહ્યું કે એક મૂર્ત્તિની કિંમત કરોડોની છે. અને બીજીની એક કોડીની પણ નથી. કેવી રીતે ? એક મૂર્તિના કાનમાં નાંખેલી સળી બીજા કાનમાં જઈને બહાર નીકળી પડે છે, ત્યારે બીજી મૂર્તિના કાનમાં સળી તેના મગજમાં જઈ સ્થિર થાય છે. આ પ્રમાણે બેમાં જેમ ફેરફાર છે. તે પ્રમાણે મનુષ્યોમાં ફેરફાર સમજવો જે ઉપદેશ સાંભળી મગજમાં ધારી રાખે છે. અને વર્તનમાં મુકે છે તે ઉત્તમ બને છે.

**૫૭ સ્તુતિ-ભક્તિ પુર્વક આજ્ઞા પાલનનું આકર્ષણ**

**સર્વે આકર્ષણોથી અધિક બલવાન છે ધન- જોબન—રૂપ—રામાદિકના આકર્ષણો તેની આગળ તુચ્છ છે. ધન-રૂપ-રામાદિકનું આકર્ષણ ક્ષણવિનાશી હોઇ તે સ્થાયી નથી.**

સ્તુતિ-ભક્તિ સહિત આજ્ઞા પાલનના આકર્ષણ દ્વારા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પડેલા સંસ્કારો સ્થાયી હોઈ બીજા ભવોમાં પણ સાથે આવે છે અને આત્મ વિકાસમાં વધારો કરે છે ધનાદિકના આકર્ષણોથી પડેલા સંસ્કારો આત્મ વિકાસમાં વિવિધ વિઘ્નો ઉપસ્થિત કરી કષાયના વિચારો અને વિકારોમાં વધારો કરતા હોવાથી અનેકભવમાં પરિભ્રમણ કરવામાં નિમિત્ત રૂપ બને છે. માટે રૂપ-રમા-દામાદિકના આકર્ષણનું નિયંત્રણ કરીને ભક્તિ સ્તુતિ પૂર્વક જીનેશ્વર દેવ અને ગુરૂમહારાજની આજ્ઞામાં રંગાવું તે હિતકર અને શ્રેયસ્કર છે દેવ-ગુરૂની સ્તુતિ-ભક્તિ કરે પણ જો આજ્ઞા માને નહી તો યથાર્થ ફલ મળતું નથી તેથી આજ્ઞાની પ્રધાનતા છે માટે આજ્ઞાના પાલન પૂર્વક સ્તુતિ ભક્તિ કરવાની આવશ્યકતા છે. શ્રાવકો-કે સાધુઓ દેવગુરૂની આજ્ઞા પાલનની સાથે સ્તુતિ ભક્તિ કરે છે તેઓના ઉપર ગુરૂઓ અધિક પ્રેમ રાખે છે તે જ પ્રેમ અથવા આકર્ષણ હોય છે તે પક્ષપાત કહેવાય નહી. કેટલાક કહે છે દેવગુરૂઓને પક્ષપાત છે અમોને ઇષ્ટ વસ્તુઓ અર્પણ કરતા નથી. અને બીજાઓ જે છે તેઓને ઈષ્ટ વસ્તુઓ આપે છે માટે તેઓ પક્ષ કરે છે પણ તેઓ વિચાર-વિવેક કરીને જાતે તપાસ કરે તો તેઓને ભાન થાય કે સ્તુતિ. ભક્તિ પૂર્વક તે દેવ ગુરૂઓએ કહેલી આજ્ઞાઓનું કેટલું પાલન કર્યું ? પણ તેઓને પક્ષપાતની ધુન લાગેલી હોવાથી વિચાર સાથે વિવેક કરવાનું ક્યાંથી સુઝે ! દેવગુરૂઓને તો શ્રાવક અને સાધુઓમાં પક્ષપાત હોતો નથી પણ આજ્ઞાપાલકના ઉપર પ્રેમ આકર્ષણ હોય છે. માટે આજ્ઞાપાલનની પણ જરૂર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



' ધારો કે. મ્હોટી પેઢીના માલીક શેઠના મુનીમ હુંશીયાર છે પગાર ઇચ્છા મુજબ શેઠ આપે છે તેથી સ્તુતિ પ્રશંસા કરે છે પણ મુનીમ આજ્ઞા માનતો નથી. તો શેઠ તેને રાખીને પગાર આપશે કે? નહિ જ જ્યારે કાઢી મૂકે ત્યારે આમ કહે કે બીજા ગુમાસ્તા ઉપર શેઠ, પ્રેમ રાખે છે અને હું હુંશીયાર હોવા છતાં પણ પક્ષપાત કરી મ્હને કાઢી મૂકે છે. આ પ્રમાણે તેનું કથન વ્યાજબી કહેવાય કે? નહિ. કોઈ પણ ડાહ્યો માણસ તેને કહેશે કે તું આજ્ઞા માનતો નથી. અને તેમનાથી અવળું કરે તો તને કોણ રાખે? ભલે તું હુંશીયાર કે બહાદુર હોય. માટે આજ્ઞામાં સ્તુતિ ભક્તિ સમાય છે જેનામાં આજ્ઞાને પાલવાની શક્તિ નથી તેમજ ભાવના નથી તેઓને પક્ષપાત ભાસે છે અને જેઓને આજ્ઞા પાલન કરવાની શક્તિ છે. તેઓને પક્ષપાત ભાસતો નથી. તે તો આજ્ઞા પાલનમાં પરાયણ હોય છે.

એક શિષ્ય ઉપર ગુરૂ મહારાજનો આજ્ઞા પાલન કરતો હોવાથી અધિક પ્રેમ હતો. ત્યારે બીજા શિષ્યો કહેવા લાગ્યા કે ગુરૂમહારાજ, પક્ષપાત કરે છે. પેલા શિષ્ય ઉપર અધિક સ્નેહ રાખે છે. આ પ્રમાણે સાંભળી ગુરૂ મહારાજે કહ્યું કે મારે કોઈમાં પક્ષપાત નથી. પણ ભક્તિ પૂર્વક આજ્ઞાનું જે પાલન કરનાર છે તેના ઉપર સ્વાભાવિક પ્રેમ થાય છે તેને પક્ષપાત મનાય નાહ. તમે જો શ્રદ્ધા પૂર્વક આજ્ઞા માનશો તો તમારા ઉપર પ્રેમ થશે. નાહક અદેખાઈ કરી કર્મને બાંધો નહી. આજ્ઞા માનતા નથી અને જેના ઉપર પ્રેમ રાખું તેની પક્ષપાત કહી નિન્દા કરો છો તે ઉચિત કહેવાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહી. આથી શિષ્યો સમજ્યા. અને કથન મુજબ વર્તન કરવા લાગ્યા.

## ૫૮ જ્યાં સુધી ઘાતીકર્મો જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય-અંતરાય મોહનીય કર્મોની પ્રબલતા રહેલી છે ત્યાં સુધી પુનઃપુનઃ ભૂલો તથા અગરદોષો થવાના અને તેઓના યોગે વારેવારે કલેશ-કંકાસ-કષ્ટ વિગેરે થવાના.

તે જો તમોને કર્મો દુઃખદાયક ભાસતા હોય તો તે કર્મોને મૂલમાંથી દૂર કરવા તત્પર બનો મૂલમાંથી દૂર કર્યા વિના તમોને સાચી સુખશાતા કદાપિ પ્રાપ્ત થશે નહી. સુખશાતા માટે ભૌતિક સાધનોમાં વિશ્વાસને ધારણ કરવા પૂર્વક વિવિધ પાપારંભો કરો છો તેથી ઘાતીકર્મો વધારે જોર પકડે છે અને સત્યશાંતિમાં આડા આવી પર્વતની માફક ઉભા રહે છે. જો તે કર્મોને મૂલમાંથી ખસેડવાની વિચારણા-ભાવના હશે તો તે કદાપિ ખસવાના નહી જ અને પુનઃપુનઃ ભૂલો તથા અપરાધો કરાવી આત્મિક શક્તિ જ્ઞાન-સુખાદિકને દબાવી ચારે ગતિમાં રખડાવી મારવાનાજ. માટે તે ચાર ઘાતીયા કર્મોનો ઘાત કરીને કેવલજ્ઞાન મેળવો તેને મેળવવા માટે આસક્તિનો ત્યાગ કરી, પાંચ ઇન્દ્રિયોને તથા માનસ વૃત્તિઓને કબજે કરો. પછી ભૂલો તથા અપરાધો થશે નહીં બાકી રહેલા ચાર અઘાતી કર્મોની એટલી બધી શક્તિ નથી કે તમોને ભ્રમણામાં નાંખી ભૂલો કરાવે અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુઃખ અવસ્થા ઉપસ્થિત કરે. ભૌતિક સુખને ભોગવતાં અનેક પ્રકારના વિકારો વકરે છે અને તેના પોષકને-પ્રશંસા કરનારને પણ વાઘ-સિંહ માફક મારી નાંખે છે.

કોઈ એક સરકસના માલીકે વાઘ સિંહને આજીવિકાર્થે પકડયો કેળવણી આપીને પોષણ કર્યું પણ બરોબર કબજો રાખ્યો નહિ. લાગ મળતાં ભૂખ્યા થએલ તેણે તેના માલીકનું ભક્ષણ કર્યું. તેની માફક ભૌતિક સુખો પણ વાઘ અને સિંહ જેવા છે. તેઓનું પોષણ તમે સુખ-શાતા માટે કરો છો પણ ખ્યાલ રાખજો કે તે તમોને ખાઈ જાય નહી. તમારી શક્તિ હણી નાંખે નહી. ભૌતિક સુખ માટે સાધનો મેળવ્યા અને ખુશી થયા પણ તેઓના ઉપર વિશ્વાસ રાખશો નહી.

ભૌતિક સુખો ઉપર વિશ્વાસ રાખી તેની સાધન સામગ્રી મેળવી તેનું રક્ષણ વિવિધ પ્રકારે કર્યું પણ તે સાધનો તમારી સદ્ભાવના-વિચારણા-અને વિવેકાદિને હણી નાંખે નહી. તે બરોબર ધ્યાન રાખશો કારણ કે સાધનોથી શંકા, ભય મોહાદિક ઉપસ્થિત થાય છે.

એક શેઠને પટેલની પાસે રૂપિયા લેણા હતા. તેથી તેના ઘેર ઉઘરાણીએ આવ્યો. પટેલે રીતસર સરભરા પૂર્વક જમાડીને પોતાના ઘરની મેડી ઉપર ખાટલો ઢાળીને સુવાડયો શેઠને શરૂઆતમાં તો નિદ્રા આવી પણ મધ્યરાત્રિએ તે જાગી ગયા અને પેશાબ કરવા નીચે ઉતરી બહાર ગયા. બહાર પટલાણીએ લુગડાં ધોઈ એક શુકા લાકડાના ઠુંઠાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર મુકવેલાં હતા તે દેખીને શેઠને શંકા થઈ કે મારી પાસે રહેલ પૈસાને લેવા માટે કોઈ ચોર તાકી રહેલ છે. જરૂર તે મારી ઝુંડીને પૈસાઓ લેઈ જશે. આમ શંકા ભીતિ નાયોગે ગભરાઈ શેઠ ઘરમાં પેસી ગયા અને બૂમો પાડવા લાગ્યા. કે કોઈ જાગે છે કે ઊઠો. પકડો નહી ઉઠો તો મ્હને મારી ઝુંડીને પૈસા લઈ જશે. વારે વારે બુમો પાડવાથી પટેલ અને તેનો પરિવાર જાગીને શેઠની પાસે આવી કહેવા લાગ્યો કે, ' કયાં ચોર છે? બતાવો, તમો ગભરાવો નહી.

## ૫૯ દરેક વ્યકિતઓમાંથી ગુણોને ગ્રહણ કરનાર માનવો, માણસાઈને મેળવી દીવ્યતાને પ્રાપ્ત કરી આત્મોન્નતિ સાધવા ભાગ્યશાલી બને છે.

જ્યારે દોષોને ગ્રહણ કરનારા, માણસાઈને ગુમાવી પશુતાને ધારણ કરી ચારે ગતિમાં પરિભ્રમણ કરવા પૂર્વક અસહ્ય સંકટને સહન કરી બહુ દુઃખી થાય છે. ગુણોને ગ્રહણ કરવામાં પૈસા આપવા પડતા નથી તેમજ પ્રયાસ કરવો પડતો નથી, પણ હૃદયના પ્રેમની જરૂર પડે છે. અને તે પ્રેમના આધારે દરેક વ્યક્તિમાં રહેલા ગુણો દૃષ્ટિ ગોચર થાય છે. જો પ્રેમ હોય નહી તો સદ્ગુણો તરફ નજર પડતી નથી. તેથી વીતરાગ પ્રભુના ગુણોને ગ્રહણ કરનાર અનુક્રમે વીતરાગ બને છે. અને રાગીજનોના ગુણોને ગ્રહણ કરનાર રાગી બને. તમારે રાગની જરૂર છે કે શુદ્ધ પ્રેમની. પ્રેમથી જો ગુણો ગ્રહણ કરવામાં આવે તો રાગ-દ્વેષ અને મોહને રહેવાનું કે આવવાનું સ્થાન મળતું નથી. તે તો શુદ્ધ પ્રેમને દેખી ભાગી જાય છે પછી કલેશ કંકાસ થાય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્યાંથી ? કારણ કે શુદ્ધ આત્મિક પ્રેમથી શ્રદ્ધા પૂર્વક સમ્યગ્ જ્ઞાનનો પ્રકાશ થાય છે. આ સુંદર દીપકને દેખી વિચારણા જાગે છે. દીપકને જ્યાં રાખ્યો હોય તાં પ્રકાશને પાથરી પોતાની અને પરની વસ્તુઓને દેખાડે છે. અંધકારને હઠાવે છે. અને ઝેરવેરવાળી વ્યક્તિઓથી ચેતાવે છે. સર્પ વીંછી દેખીને દૂર ખસાય છે. તે પ્રમાણે સમ્યગ્ જ્ઞાનનો દીપક મારા ચિત્તમાં ક્યારે પ્રગટ થશે. અને તેના આધારે અજ્ઞાન અંધકારને હઠાવી સદ્ગુણોને પ્રાપ્ત કરી આત્મ વિકાસ ક્યારે સાધીશ, માયા મમતા–રાગ–દ્વેષના આવરણો ક્યારે દૂર ખસશે. કેવળ જ્ઞાનને મેળવી જીવન મુક્ત ક્યારે બનીશ, અને જગતના પ્રાણીઓની રાગ–દ્વેષ અને મોહની વૃત્તિઓને ક્યારે હઠાવીશ, અને સ્વપરને ઉપકારક ક્યારે બનીશ, આ પ્રમાણે ગુણોને ગ્રહણ કરનારને વિચાર જાગે છે. જ્યારે ચોરો તથા વ્યભિચારીઓને, દીવો ગમતો નથી. દીવો હોય. તો પણ પ્રાયઃ બુઝાવી નાંખે છે. તથા માલતી મોગરા–ચંપા વિગેરેના પુષ્પોને દેખી, ગુણ ગ્રાહકને વિચારણા એવી જાગે છે. કે, આ પુષ્પો, દરેક વ્યક્તિઓને સુગંધીદાર બનાવે છે. અને ખુશી કરે છે ભલે પછી તેઓને કોઈ કચરે અગર ફેંકી દે. કે તેઓને કોહડાવી અત્તર કાઢે તો પણ સ્વગુણને ગુમાવતા નથી. ગુણો હોવાથી દેવ–દાનવ કે માનવ, તેઓને ચાહે છે. અને સ્વમસ્તકે મૂકે છે. મસ્તકે મુકે તો પણ અહંકાર તેઓને આવતો નથી, હું પણ પુષ્પોની માફક બનીને મારી આચારણાથી દરેક જીવોને સુગંધિત ક્યારે આપીશ. હિતકારક ક્યારે બનીશ. કોઈ આવીને ગાળો દેઃ અપમાનદિ કરે તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મણું ક્રોધ-અદેખાઈ વિગેરે કયારે દૂર ખસેડીશ-કોઇ આવીને સન્માનાદિક આપે તો પણ ગર્વ-ગુમાન ઘમંડનો ત્યાગ કરીશ! અને પ્રભુના શરણે રહીને પૂજ્ય કયારે બનીશ. આવી વિચારણા કરીને દુર્ગુણોનો ત્યાગ કરી સદ્‌ગુણોને પ્રાપ્ત કરવામાં ભાગ્યશાલી તત્પર થાય છે. ત્યારે જેઓને ગુણોને ગ્રહણ કરવાની દ્રષ્ટિ જાગી નથી તે ગુણોને ગ્રહણ કરવામાં બે નસીબ રહે છે માટે ગુણોને ગ્રહણ કરો. અને દુર્ગુણોનો ત્યાગ કરો. તમે ચંદનના લાકડાને ઘસી તેમા કેશરને ભેળવી પ્રભુ પૂજા તો દરરોજ કરો છો પણ તે ચંદનના ગુણોને ગ્રહણ કરી ચંદન જેવા બનવા માટે કોશીશ કરી છે? ચંદનને કોઈ ઘસે. કોઈ કાપે તો પણ ઘસનારને સુગંધ આપે છે. કોઇ પૂજે તો પણ અહંકાર કરતું નથી. તેમ તમે પણ અપમાનાદિકના પ્રસંગે શાંત બનો કોપ કરો નહી. અને સદ્‌ગુણ રૂપી સુગંધથી સામાને વાસિત બનાવો. તો તમો ગુણી બનશો. ગુણો વિના તમો ભલે ધનવાન હો કે રૂપવાન હો તો પણ માનવભવની સાર્થકતા સાધી શકાશે નહી. અને તેથી ધનમાં અને રૂપમાં માયા મમતા વધવાની માટે ગુણોના ગ્રાહક બની ગુણી બનો.

## ૬૦ સુખશાતામાં આસકિતને ધારણ કરીને આળસુ-પ્રમાદી અને ઢીલા થએલ મનુષ્યોને સંકટો ચેતાવે છે અને પ્રેરણા કરે છે કે સુખશાતાની આસકિતનો ત્યાગ કરી પરોપકારાર્થે તથા સ્વોન્નતિ માટે પુરૂષાર્થને ફેરવો

સંકટો તમોને કહે છે અમારા ઉપર નારાજ થાઓ નહી. અમારા આવ્યા સિવાય તમારી ચક્ષુઓ ઉઘડશે નહી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તથા આળસ–પ્રમાદ તથા શિથિલતાનો ત્યાગ કરવા સમર્થ બનશો નહી. સંસારમાં જેઓને શરદી થએલ છે તેઓને તાપની જરૂર પડે છે અને તાપથી શરદી ગયા પછી સ્ફુરતિ આવે છે તેથી ધારેલ કાર્ય કરવા શક્તિમાન બનાય છે તથા સંસારે સંકટને સહન કર્યા સિવાય કોણ આગળ વધ્યું છે ? અને પરિપકવ થએલ છે વર્ષાઋતુમાં વાવેલ બીજથી અનાજ ઉગે છે પણ તાપ સિવાય તે અનાજ પરિપકવ થતું નથી. એટલે અનાજને પણ તાપની જરૂર છે તે મુજબ પ્રાપ્ત થએલ સુખશાતામાં મગ્ન બનેલ પુણ્યશાલીઓને તાપ રૂપી સંકટની જરૂર પડે છે. એટલે જ્ઞાનીઓ સુખશાતાનો ત્યાગ કરી સંયમનો માર્ગ સ્વીકારી આવતા સંકટોને સહન કરી કર્મોને પરિપકવ કરી સત્યસુખના ભોકતા બને છે કર્મો પરિપકવ માટે તથા નિર્મલ થવા માટે આવેલા સંકટોને સમ્યગ્ જ્ઞાનીઓ સાચા સુખના સાધનો માનતા હોવાથી તેઓને શોક સંતાપાદિ થતા નથી. પરંતુ સમતાએ સહન કરી સામી છાતીએ ઉભા રહે છે માટે સંકટો અગર વિવિધ વિડંબનાઓ આવે ત્યારે ગભરાવું જોઇએ નહી. તેમજ શોક સંતાપાદિ કરવા નહી.'

કૃતપુણ્ય શેઠ યુવાવસ્થામાં વેશ્યામાં આસકત બન્યા પિતાએ પણ પુત્રના પ્રેમથી વેશ્યા જે માગે તે પૈસાદિક આપવા લાગ્યા. વિષય વિલાસમાં એવા તો આસકત બન્યા કે માતાપિતાના મરણ પામ્યાના સમાચાર સાંભળ્યા પણ પોતાના ઘેર ગયા નહી. ધનાદિક મળ્યું નહી ત્યારે વેશ્યાએ અપમાનિત કરીને કાઢી મૂકયા. ઘેર આવ્યા ત્યારે સ્વપ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્નીની તથા પોતાના ઘરની અવસ્થા દેખી શોક સંતાપ વિગેરે કરવા લાગ્યા. તેમની પત્નીએ આશ્વાસન આપીને શાંત કર્યા–ત્યારે તેમની આંખો ઉઘડી અને પુરૂષાર્થને ફેરવી સુખી થયા. સંકટ પણ સુખ આપવામાં સાધન થયું

અભયકુમારની મિત્રતાના યોગે સમૃદ્ધિમાન બન્યા. જો વેશ્યાએ કાઢી મૂકયા નહોત તો જે સંપત્તિના સ્વામી બન્યા તે કયાંથી થાત ? એટલે આળસુ–પ્રમાદને દૂર કરાવનાર, સંકટ પણ સાધન છે. આ પ્રમાણે જેટલી સુખશાતાની જરૂર છે. તેટલી સંકટ–દુઃખની જરૂર છે. વિપત્તિ વિના સંપત્તિની કિંમત સમજાતી નથી. દરેક પ્રાણીઓને જગતમાં તડકો અને છાંયડો તથા વરસાદ અને તડકાની જરૂર છે. તેથી જ પોતાનું સુખ શાતામાં જીવન પસાર કરે છે. નિરન્તર વર્ષાદ પડયા કરે તો વાવેલ બીજ કોહી જાય. એટલે જ તાપની આવશ્યકતા છે, માટે ઇષ્ટનો વિયોગ થવામાં. અને અનિષ્ટનો સંયોગ થએ અભરાવું નહી. વલોપાત કરો નહી. આ સઘળી કર્મોની ઘટના છે. તમે કર્મવાદને માનો છો. પણ તેના વિપાકોમાં કાંતો આસકત બનો છો કાંતો વલોપાત કર્યા કરો છો. પણ વલોપાત કરવાથી વિડંબના ખસે ખરીકે ? નહી ખસે ! માટે સમભાવ ધારીને સહન કરો.

**૬૧ પુણ્યોદય હોય છે ત્યારે મરણ જેવા પ્રસંગોને દૂર કરવા ઉમદા નિમિત્તો મળ્યા કરે છે અને પાપોદયે એવાં નિમિત્તો પ્રાપ્ત થાય કે સાવધાની રાખે પણ બચાવ થતો નથી.**

એક પટેલનો પુત્ર, પોતાના ખેતરથી ઘર તરફ જઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહેલ છે. તેવામાં એકદમ વરસાદ ગર્જના કરતો આકાશમાં આરૂઢ થઇ વરસવા લાગ્યો. સાથે વિજળીઓ ચારે દીશાએ ચમકવા લાગી. તેથી આ છોકરો ભીતિ પામી એક વૃક્ષની પોલમાં પેઠો. આ પુત્રનું નામ ફકીર હતું. વીજળી આ વૃક્ષના ઉપર પડવાની હતી તે વેળામાં તેનો પુણ્યોદય હોય નીંશું તેમ કોઇ એક ખેતરમાં રહેલી પટલાણી ફકીર નામના દીકરાને બોલાવવા લાગી. અરે ફકીરા ! કયાં ભમ્યા કરે છે. જોને વીજળીઓ ચમકયા કરે છે. તને ભીતી લાગતી નથી જલ્દી આવ. કામ છે.

આ પ્રમાણે વૃક્ષની પોલમાં પેઠેલા પેલા પુત્રે માન્યું કે. મને બોલાવે છે. આમ માની બહાર નીકળે છે. તેવામાં વિજળી વૃક્ષના ઉપર પડી. વૃક્ષ બળી ખાખ થયું. ફકીરનું રક્ષણ થયું. પટલાણીનો પુત્ર ફકીર આવ્યો. બે ભેગા થયા. બચી ગએલા ફકીર છોકરાએ કહ્યું કે તમારી વાણી દેવવાણી જેવી મને ફલવતી બની. તમારી વાણીથી વૃક્ષની પોલમાંથી નીકળ્યો અને તરત ઝાડના ઉપર વિજળી પડી. જો તમોએ બોલાવ્યો ન હોત તો, મારી પણ વૃક્ષના જેવી હાલત બનત, રક્ષિત બનેલ પટેલના દીકરાએ પટલાણીનો અને પુણ્યનો પાડ માન્યો આ પ્રમાણે જે વ્યક્તિનો પુણ્યોદય હોય છે તેનો કોઈ પણ નિમિત્તે બચાવ થાય છે. કદાચ પુણ્ય ક્રિયાઓ કરતાં કષ્ટ આવે તો પણ તેને દુઃખદાયી ન માનતા-સુખનું સાધન માની આનંદમાં રહેવું.

**૬૨ દુનિયાની ભભકદાર વસ્તુઓમાં ફસાએલ મનુષ્યોને ખબર પડતી નથી કે આ ભભકદાર પદાર્થો સ્વાધીન**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**નતા આપે છે કે પરાધીનતાનીબેડીમાં ફસાવે છે.**

જગત્ના આ પદાર્થો ક્ષણુ ભંગુર છે આનો વિચાર નહી આવવાથી ઈન્દ્ર ધનુષ્યનો પંચરંગી ભભકો દેખી પટેલનો દીકરો તેના રંગો લેવા માટે પ્રયાસ કરવા લાગ્યો. તેની માફક જીવો વૃથા પ્રયાસો કર્યા કરે છે.

એક પટેલના પુત્રે મેઘધનુષ્ય દેખી તેના રંગો લેવા માટે રંગ ભરવાની પેટી લઈને દોડયો અને માનતો હતો કે તેના રંગો આંબાના પાંદડા ઉપર પડયા હશે તેમાંથી ખંખેરીને રંગની પેટી ભરીશ. આમ ધારી આંબાની પાસે ગયો. તેના પાંદડાઓને ખંખેરવા લાગ્યો પણુ–રંગના બદલે તેઓના ઉપર પડેલા વરસાદના બિન્દુઓ આવ્યા. તેથી નાખુશ થઈ માતપિતાની પાસે આવી રંગોની બીના કહી. માતા પિતાએ કહ્યું કે. તેમાં રંગ હોય નહી. એ તો સૂર્યપ્રકાશથી વાદળોમાં એવા રંગો દેખાય પણુ વસ્તુતઃ તે પાણી છે પુત્ર સમજ્યો પછી રંગ માટે દોડયો નહી.

**૬૩ પોતાના આત્મામાં સત્ય ઝવેરાત–ધનાદિક એવું રહેલ છે કે જાણે જગતના દેવ–દાનવ–અને માનવોની ત્રણેય કાલની સંપત્તિ એકઠી કરવામાં આવે તો પણુ તેની સરખામણી પામી શકે નહી.**

સદાચારી વ્રતધારીઓને તે સત્ય ઝવેરાત ધનાદિક મળી શકે છે અને તેઓને તે પ્રાપ્ત થએલ હોવાથી દુન્યવી ઝવેરાત–અગર ધનાદિકની તેમને સ્પૃહા હોતી નથી. સત્ય સંપત્તિને મૂકી મનઃકલ્પિત પાર્થિવ ધનાદિકને કોણુ ચાહના કરે ? જે બાલક અજ્ઞાની હોય તે ચાહે છે અને તે નશ્વર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધનાદિક માટે કલેશ કંકાશ–ઝઘડા–યુદ્ધાદિક કરવામાં બાકી રાખતો નથી. તેજ બાલક અગર યુવાન–કે વૃદ્ધ સમ્યગ્જ્ઞાની બને તો આત્મિક સત્ય ઝવેરાતાદિક આગળ તે પાર્થિવ ધનને તુચ્છ માની સદાચાર—તથા વ્રતાદિના પાલન કરવામાં પરાયણ થાય.

વર્ષાઋતુમાં ઈન્દ્રધનુષ્યને દેખી બે છોકરા અને દીકરીઓ પોતાની માતા પાસે આવીને કહેવા લાગી કે હે માતા! કેટલાક એમ કહે છે કે. મેઘધનુષ્ય જ્યારે આકાશમાં થાય ત્યારે સોનાનો વરસાદ વર્ષે છે તેના આધારે જગત સુખી થાય છે દુઃખો રહેતા નથી. પણ આજે મેઘધનુષ્યને આકાશમાં દેખ્યું, પણ સોનાનો વરસાદ થયો નહી. તેનું શું કારણ? માતાએ કહ્યું કે, અરે બાલકો! જે દીવ્ય ચક્ષુમાન્ હોય છે તે દેખી શકે જ્યારે તમે દયા–દાન ક્ષમા–ઉદારાદિક સદ્ગુણોને પ્રાપ્ત કરશો–અને તમારામાં તે દયાદિ સદ્ગુણો પરિણામ પામશે ત્યારે તમે દીવ્ય ચક્ષુવાળા થઈને દેખી શકશો કે સત્ય ધન વર્ષે છે. દીકરીએ કહ્યું કે આજથી આરંભી દયા-ક્ષમા ઉદારતા વિગેરે મેળવવા માટે પ્રયાસ કરીશ. આ બાલિકા માતાના કથન મુજબ વર્તન કરવા લાગી સદાચારો વ્રત નિયમાદિને પાલવા લાગી તે વખતે ક્ષમા–દયા–ઈન્દ્રિય નિયમ–ઉદારતાદિ ગુણો ક્રમે ક્રમે આવીને નિવાસ કરવા લાગ્યા. તેથી ઝવેરાત–સોના–રૂપાદિ કરતાં પણ અધિક સુખશાંતિ–સંતોષાદિકથી તેને અધિક આનંદ આવવા લાગ્યો બીજે વર્ષે આકાશમાં ધનુષ્ય ખેંચાયું. માતાએ–દીકરીને કહ્યું કે જોજે સોનાનો વર્ષાદ વર્ષા રહ્યો છે તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લેવા માટે જા, સદાચારો વિગેરે પરિણામ પામેલ હોવાથી દીકરીએ કહ્યું કે અરે આ મારી પાસે તે સોના-કરતાં પણ અમૂલ્ય સત્ય સોનું છે જે દીવ્ય ચક્ષુથી દયા-દાન સંતોષાદિક સાચું ધન મળ્યું છે તેની આગળ કલ્પિત ધનાદિક તુચ્છ ભાસે છે તે માટે કોણ દાડદોડ કરે, સત્ય સોનાને મૂકી ખોટા પાર્થિવધનાદિકની કોણ સ્પૃહા રાખે ? પ્રથમ મને દીવ્ય ચક્ષુ મળ્યા હતા નહી તેથી તેવા સોનાની ચાહના રાખતી. હવે તો તેની ઈચ્છા પણ થતી નથી. ભલે આવે કે જાય, મને તો હવે ક્ષમા-નમ્રતા-સરલતા-સંતોષાદિક સદ્ગુણોથી અધિક આનંદ આવે છે. માતાએ કહ્યું કે બેટા આ પ્રમાણે રાખીશ તો સાચુ અનંત સુખ પણ આવીને હાજર થશે.

અરે મહાનુભવો ? સદાચાર—વ્રતનિયમાદિનું પાલન કરશો તો તમોને દીવ્ય નેત્રો ઉપલબ્ધ થશે અને સત્ય ધનાદિક નજર આગળ આવીને હાજર થશે પછી તમોને જે પાર્થિવ ધનાદિકમાં જે આસક્તિ છે તે ઓછી થતી જશે તેથી કલેશ કંકાસ વિગેરે થશે નહી. દીવ્ય નેત્રોનો ઉઘાડ થવો જોઈએ આ સિવાય ચર્મચક્ષુઓથી જોતાં મોહ-મમતા-માનાદિને આવવાનો અવકાશ મળે છે. દિવ્ય નેત્રોનો ઉઘાડ ચોથે ગુણસ્થાને થાય છે તેથી ત્યાગવા લાયક જાણવા લાયક અને ગ્રહણ કરવા યોગ્ય વસ્તુઓનો તથા વિચારોનો ખ્યાલ રહે છે. ઉપયોગ રહેતાં ત્યાગવા લાયક વસ્તુઓ ઉપર આદર રહેતો નથી. અને પુરૂષાર્થ યોગે તેનો ત્યાગ કરવા સમર્થ બનાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**૬૪ આપણે બીજાઓ પ્રત્યે જેવી વર્તણુંક રાખીયે તેનો પડઘો સામે પડતો હોવાથી સામા માણસ તરફથી તેવી જ રીતે સાંભળીયે છીએ તેથી મનથી ખરાબ વિચારો અન્ય તરફના કરવા નહી.**

જો અન્યજનો તરફ ખરાબ અનિષ્ટ વિચારો કરશો તો અન્ય માણુસો પણુ તમારા તરફ ખરાબ વિચારો કરશે તેથી અન્યો અન્ય તરફ થતા અનિષ્ટ વિચારોથી મૈત્રી પ્રમોદાદિ ભાવના ભાવી શકાશે નહી. અને ઇર્ષા–અદેખાઇને આવવાનો અવકાશ મળશે. પુણ્ય–પાપ તથા સુખ દુઃખનું મૂલ કારણુ સુંદર–અસુંદર વિચારો છે. માટે વિચારો અન્ય પ્રાણીઓ ઉપર પણુ ઉમદા રાખવા, કે જેથી માનસિક વિચારોમાં મલીનતા પ્રવેશ કરી શકે નહી. તથા વાણીનો પ્રવાહ એવો વહેશાવવો કે તેમાં સ્નાન કરી. તેમાં ઝીલેલ માનવી શાંત થાય. અને આનંદમાં રહે. વચનોમાં અમૃત છે. અને વેર–ઝેર પણુ તેમાં રહેલ છે. તમો સામા માણુસોને જેવા વચનો કહેશો તેવા તમો સાંભળશો. ગાળો ભાંડશો તો સામા તરફથી ગોળ મળશે નહી. પણુ ગાળો સાંભળશો અને મધુરા વચનોથી બોલાવશો. તો મધુરી વાણી સાંભળશો કારણુ કે મધુરી વાણી જગતના પ્રાણીઓને પ્રિયતમ હોય છે. કડવા વચનો કોઇને પણુ વહાલાં લાગતા નથી. કટુક વચનો સંભળાવશો તો મધુરા વચનો તમોને મુનિવર્ય સિવાય કોણુ સંભળાવશે. માટે હિત, મિત, પથ્ય એવા મધુરા વચનો બોલવાની ટેવ પાડવી હિતકર છે. તથા મારામારી કરશો તો મહાત્મા સમકિતધારી મહાશયો સિવાય તમોને કોણુ સત્કારશે. અગર સન્માન આપશે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુણ્યોદયથી તમોને મન-વચન અને કાયાની જે શકિતઓ મળી છે. તેનો સદુપયોગ કરી મોંઘેરા મનુષ્યભવનો મહાન્ લ્હાવો લઈ સત્ય સંપત્તિના સ્વામી બનો પછી તમોને આધિ-વ્યાધિની વિડંબનાઓ સતાવશે નહી.

ચાર પાંચ છોકરાઓ ભેગા મલીને રમત કરતાં કરતાં એક મ્હોટી ગુફામાં ગયા. અને ગુફાની મનોહરતા-સુંદરતા દેખીને અહો અહો આ ગુફા કેવી સુંદર છે આ પ્રમાણે બોલતા હોવાથી તેનો પડઘો ગુફામાં પડયો અને પોતાના બોલેલા શબ્દો પાછા તેમાંથી સંભળાયા. તેથી કહેવા લાગ્યા. કે કોઈ બદમાસ ગુફામાં ગુપ્ત રહેલો છે તે આપણા ચાળા પાડે છે માટે દમદાટી આપીને તેને બોલતો બંધ કરવો આમ વિચારી પાંચે ય છોકરાઓ આવેશમાં આવી બોલવા લાગ્યા. કે અરે બેવકુફ-પાગલ અમારા ચાળા પાડે છે. એવા જ વચનો ગુફામાંથી સંભળાયા. કે અરે બેવકુફ પાગલ તું અમારા ચાળા પાડે છે, આ પ્રમાણે શબ્દો જે જે કહે ગાળો દે તે સર્વે સામી દે છે. આમ ધારી મારા મારી ઉપર આવ્યા. અને ગુફાને ગાળો દેતા મારવા લાગ્યા. તેઓ જાણે છે કે લાઠીઓના ઘા મારવાથી સંતાઇ રહેલો બહાર આવશે પછી તેની બરોબર ખબર લઈશું. લાઠીઓના ઘા મારતાં પણ માની લીધેલો લુચ્ચો બદમાશ બહાર દેખાયો નહી. ત્યારે સર્વ જંગલને ખુંદી નાંખ્યું. પણ દેખાયો નહીં. આમ માન્યું કે અમારા ભયથી તે નાશી ગયો. આ પ્રમાણે ભ્રમિત થએલાને ખબર પડી નહી કે આ તો અમારા બોલેલા વચનોના પડઘા છે સ્વ ઘેર આવીને માતપિતાની આગળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બહાદુરી બતાવતા કહેવા લાગ્યા કે અમો રમતાં રમતાં જંગલમાં રહેલી ગુફામાં ગયા. તેની રમણીયતાને દેખી અમો અહો બોલ્યા ત્યારે તે ગુફામાં રહેલો એક લુચ્ચો અમારા ચાળા પાડવા લાગ્યો. અમોએ તેને ગાળો ભાંડી તપાસ કરતાં ગુફામાં કે જંગલમાં દેખાયો નહી. અને અમારી ભીતિથી નાશી ગયો. માતાપિતાએ કહ્યું કે તે તો તમારા બોલેલા પડઘા હોવા જોઇએ. તમો જે પ્રમાણે બોલ્યા તેવા પડઘા પડયા, આ ઉપરથી સમજવું કે, જેવું તમો બોલશો તેવું તમે સાંભળશો.

માણસોને ભૌતિક સુખો તથા અધ્યાત્મના સત્ય સુખોને મેળવવાની ઇચ્છા તો હોય છે. પરંતુ તેઓના સાધનોમાં કષ્ટ પડતું દેખી પાછા પડે છે. અને કહે છે કે આતો અમારાથી બની શકશે નહી. તેમાં બહુ કષ્ટ પડે છે. શેઠ સાહેબના કહ્યા પ્રમાણે ઉભા રહેવું પડે. વાંકા પડવું પડે. હરેક સ્થલે પરિભ્રમણ કરવું પડે તેથી બહુ કષ્ટ પડે છે. આમ કહેનારને કોઇ સજ્જન કહે કે કષ્ટ સહન કર્યા સિવાય કોઈ પ્રકારનો લાભ થયો જાણ્યો છે. જાણ્યો હોય તો કહે. ધાર્મિક ક્રિયામાં સંયમની આરાધના કરનાર સંયમી મહાભાગ્યશાલીઓને પણ આત્મિક સત્ય સુખના લાભ માટે વિવિધ કષ્ટો સહન કરવા પડે છે. લોચ-પાદ વિહાર ભૂમિશય્યા તાપાદિકનું સહન કરવું પડે છે. તો પછી ભૌતિક લાભ માટે સહન કરવું પડે તેમાં શી નવાઈ? કષ્ટ સહન કર્યા સિવાય મલીન થએલ વસ્ત્રો પણ સ્વચ્છ થતાં નથી. અને પૈસા વિગેરેનો લાભ થતો નથી. માટે આવા રોદડાં મૂકી આળસ પ્રમાદાદિકનો ત્યાગ કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉદ્યમ કરનાર, ઇષ્ટ લાભ મેળવવા સમર્થ બને છે.

એક માણુસ એવો પ્રમાદીને સુખશીલીયો હતો. જે સ્થલે ચાકરી કરે તે સ્થલે કષ્ટ સહન થતું ન હોવાથી. કોઇ તેને નોકર તરીકે રાખતું નહી. ઘરમાં આવીને માતપિતા આગળ કહેતો કે કોઈ મ્હને નોકર રાખતો નથી. માતપિતાએ કહ્યું કે આપણી સાધારણ સ્થિતિ છે. અને પ્રમાદી બની ઘરમાં બેસી રહીશ તો આગળ જતાં તું ઘણો દુઃખી થઇને દુર્ગતિનું ભાજન બનીશ. કષ્ટને સહન કરતો નથી તો તને નોકર તરીકે કોણુ રાખે ? તું કષ્ટથી ઘણો ગભરાય છે પણુ ભવિષ્યનો વિચાર કરજે તારી શી ગતિ થશે. તેનો વિચાર કરવો જરૂરનો છે. લાભ દુઃખ સહન કર્યા સિવાય કદાપિ મળતો નથી. માટે વિચાર કરીને દુઃખ સહન કરતાં શીખવું તે શ્રેયસ્કર છે. સાંભળ ? તને એક સુખશીલીયાની વાત કહું.

ધનાઢ્ય શેઠને આધેડ ઉમ્મરમાં એક પુત્ર થયો તેથી તેનું લાલન પાલન સારી રીતે થતું હોવાથી કોઇ કહે તે માનતો નહી. તોફાન કરવામાં બાકી રાખતો નહી. મ્હોટી ઉમ્મરનો થયો પણુ તોફાન કરવામાં જ પ્રેમ હોવાથી કોઈ માણુસ તેને માર મારતો ત્યારે ઘરમાં આવી રડવા પૂર્વક ફરીયાદ કરતો કે અમુકે મને ગાળો ભાંડી ઘણો માર માર્યો. માતાપિતા કહેવા લાગ્યા કે, હવે તું મ્હોટો થયો છે. તોફાન કરવું જોઇએ નહી. સર્વેની સાથે હળી મળીને વર્તવું– ત્યારે તેને આ શીખામણુ ગમતી નહી. અને માતપિતાની સાથે પણુ કલહ કંકાશ કરતો. વખતે વખતે શીખામણુ આપતાં છતાં માનતો નહી. અને તોફાન–કલહ કંકાસાદિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરતો હોવાથી દરેકને અનિષ્ટ થયો. કોઇ તેને બોલાવતું નથી. અને ઘરમાં કુદંકુદા કરતો. અભ્યાસ-ઉદ્યોગ પણ શીખ્યો નહી. માતપિતા જીવતાં તો કોઇ પ્રકારે દુઃખ પડ્યું નહી. પણ તેઓ ગુજરી ગયા પછી દરેક બાબતમાં કષ્ટ પડવા લાગ્યું તે સહન થતું નહી હોવાથી રડવા લાગ્યો. આળસુ બની કોઇ પ્રકારનો ઉદ્યમ કરતો નથી. બેઠાં બેઠાં ખાતો હોવાથી જે મિલકત હતી તે ખતમ થઈ ગઇ તદ્દન દુઃખી અવસ્થામાં આવ્યો તે પસ્તાવો કરવા લાગ્યો કે માતપિતા જે શીખામણ આપતા હતા તે માની નહી. અને આળસુ એદી-તથા પ્રમાદી બન્યો હવે તો સંકટનો પાર રહ્યો નથી. શું કરૂ ? કેને કહું ? લોકો પણ અનાદાર કરે છે સગાં વહાલાં પણ સામું જોતા નથી. અને સહકાર આપતા નથી. આ પ્રમાણે વલોપાત કરતો દેખી કોઇ એક દુઃખને દૂર કરવામાં સહાય કરનાર દયાળુ શેઠે તેને આશ્વાસન આપી પોતાની પેઢીમાં નોકર તરીકે રાખ્યો અને ધીમે ધીમે આગળ વધાર્યો-જો કે કામ કરતાં કષ્ટ પડે છે પણ તે સહન કર્યા સિવાય છૂટકો નહી હોવાથી સહી લેતાં શીખ્યો અને સુખી બન્યો.

## ૬૫ ઉદ્યમ આપણો પરમ મિત્ર છે.

આમ માનનારા-સંકટો દુઃખોને હઠાવી સુખના ભોકતા બને છે ઉનાળાનો સખત ગરમીથી ઘણા તપેલાઓ, એકદમ વિશ્રામ લીધા વિના ઠંડુ પાણી પીવે તો અનુકુલ પડે નહી હેરાન થઇ વ્યાધિગ્રસ્ત બનવાનો સંભવ છે. તે પ્રમાણે ઉત્કૃષ્ટ તપસ્યા કરનાર જો શિતલ જલ પીએ તો તેમને તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પીધેલ પાણી અનુકુલ પડે નહી. વાતપિત્તનો પ્રકોપ થાય માટે જો અધિક તૃષા લાગેલી હોય તો ગરમ પીવામાં બાધ જેવું નથી-કારણ કે ગરમીને ગરમ વસ્તુ શાંત કરે છે. પેટને સાફ કરી કઠીણ થએલ મલને દૂર કરે છે તે પ્રમાણે ક્રોધાતુરને તે વખતે મધુરા વચનો ગમતા નથી. અને અધિક આવેશમાં આવી શાંત પાડનારને જેમ તેમ જેવાં તેવાં વચનો સાંભળવાનો વખત આવે છે. પરંતુ બે ઘડી ગયા પછી તેને યુકિત પૂર્વક ગરમ કટુક વચનો કહેવામાં આવે તો પણ તે શ્રવણ કરીને ગ્રહણ કરે છે માટે ક્રોધને શાંત થયા પછી મધુરાં-અગર ગરમ કહેવામાં લાભ છે તમોને અનુભવ હશે કે. કારણસર બે વ્યકિતઓ ક્રોધાતુર બની ગાળાગાળી કરતી હોય તે સમયે તેઓને શાંત પાડવા માટે તમો શીખામણ આપતા હો ત્યારે તેઓ કહે છે કે, તમો દૂર જાઓ-તમારી શીખામણની અમારે જરૂર નથી. તમારા ઘરવાળાને શીખામણ આપજો. અહીંઆં ડહાપણ ડોળો નહી. તે વખતે તમો વિલખા પડયા હશો ક્રોધ તે પણ આંધળો છે અંધ તો સમજાવે તો સમજે પણ ક્રોધથી અંધ બનેલ તો તે વખતે અધિક ગરમ થએલ હોવાથી અને બુદ્ધિ બહેરી થએલી હોય છે ઉલ્ટો સમજાવનારને ભાંડવા બેસી જાય-અને કોઇ વખતે માર ખાઈ બેસે, કોઈ એક ગામમાં બે જણા જમીન માટે ગાળાગાળી કરવા પૂર્વક મારામારી ઉપર આવ્યા, તે વખતે એક પરોપકારી તેઓની પાસે આવી શાંત પાડવા કોશીશ કરવા લાગ્યો પણ તેઓ શાંત થયા નહી. અને શાંત પાડનારને બે ત્રણ લાઠીઓનો માર પડયો, માર પડવાથી તે ભાગ્યો અને પસ્તાવો કરવા લાગ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૬૬ દુન્યવી પદાર્થોમાં આસક્ત બનેલા માનવો તુચ્છ વસ્તુ માટે પણ ગાળાગાળી પૂર્વક મારામારી ઉપર આવે છે છતાં જે માલ વિનાની તુચ્છ વસ્તુઓ માટે કરવા લાયક નહી એવી તકરાર—મારામારી કરીને તે વસ્તુને મેળવી શકતા નથી.

બલબુદ્ધિની હાનિ થતી હોવાથી પરિણામે દુઃખદ સ્થિતિ આવે છે. તુચ્છ વસ્તુ તમારી હાંસી કરતી હોયની શું કે મારા માટે તમારી મહત્તા શામાટે ગુમાવો છો ? હું તો કોઈની થઈ નથી અને કોઈની થવાની નથી. જે શાંત અને પુણ્યવાન્ છે તેને આધીન છું. શા માટે ક્રોધાતુર બની શક્તિને ગુમાવો છો અને જનતામાં હાંસી પાત્ર બનો છો આ પ્રમાણે તુચ્છ વસ્તુ મહોટાઓને કહે છે પણ મહોટાઓ માનતા નથી ત્યારે તે વસ્તુ બીજાના હાથમાં જાય છે અને તંકરાર—મારામારી કરનાર હતાશ બને છે. શહેરના શેઠીઆને કોઠાની ચટણી ઉપર પ્રાયઃ ઘણે ભાગે અધિક પ્રેમ હોય છે અને કોઠાઓ શહેરમાં ઓછા પ્રમાણમાં વેચાતા મળે છે. એકાદ બે શેઠીઆ સહેલગાહે નીકળ્યા. જંગલમાં હવા ખાઈ રહેલાં છે તેવામાં કોઠીના ઝાડ ઉપરથી પરિપક્વ બનેલ એક કોઠું નીચે પડ્યું. જુઠાભાઇને તે પડેલું દેખાયું અને મીઠાભાઈએ તે કોઠું ઉપાડી લીધું. જુઠાભાઇએ કહ્યું કે પહેલાં મેં દેખ્યું માટે તે મારૂં છે માટે મને આપ, મીઠાભાઇએ કહ્યું કે ભલે તેં દેખ્યું પણ ઉપાડી લીધુ મેં તેથી તને આપુ નહી. તેની ચટણી બનાવી અમો ખઈશું. બન્ને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શેઠીઆએ પોતાની મહત્તાને ગુમાવી આ તુચ્છ વસ્તુ માટે બોલાબોલી કરવા લાગ્યા. અને આસક્તિ હોવાથી ગાળા ગાળી અને મારામારી ઉપર આવ્યા. તે અરસામાં એક યુક્તિબાજ ત્યાં થઈને જઇ રહેલો છે. તેણે આ બનાવ દેખી મારામારી કરતા બે શેઠીઆઓને કહ્યું કે તમારી કોઠા માટેની તકરાર હું દૂર કરૂ. મારા હાથમાં આપો, હાથમાં આપેલા કોઠાને ભાગી એક તેનું છોડીયું જુઠાભાઇને આપ્યું. અને બીજું મીઠાભાઇને આપ્યું. વચલો ગર્ભ પોતે લઇને ચાલ્યો ગયો બે શેઠીઆઓ સ્વ મહત્વ ગુમાવી પસ્તાવો કરતા પોતાના ઘેર ગયા—

## ૬૭ ન્યાયોપાર્જીત ધન આ લોક પરલોક સંબંધી સુખની આશંસા રહિત, એટલે નિષ્કામ ભાવે દીધું હોય તો તે આત્મશક્તિનો આવિર્ભાવ તથા વિકાસ કરવા સમર્થ બને છે,

જો કે દાન ઘણા લોકો આપે છે પરંતુ ન્યાયોપાર્જીત ધનથી કે અન્યાયથી–અધર્મથી મેળવેલું છે તે તો દાનને દેનાર દાતા–અગર અતિશય જ્ઞાની જાણે પણ ન્યાયથી–પ્રમાણિકાથી પ્રાપ્ત કરેલ હશે તો જરૂર આત્મ વિકાસમાં રીતસર મદદ કરશે અને અન્યાયથી મેળવેલ હશે તો અહંકાર અને મમતા હાજર થશે એટલે જે સત્ય લાભ મળવાનો હશે તે દુર્લભ બનશે માટે આત્મોન્નતિના ઇચ્છનાર ભાગ્યશાલીએ ન્યાયથી યુક્ત પ્રાપ્ત કરેલ ધનાદિકનું દાન કરવું. કે જેથી ઉત્તરોત્તર સ્વપરની ઉન્નતિ સધાતી રહે ભલે પછી ઓછામાં ઓછુ દાન દેવાય ધન્યકુમારે તથા શાલીભદ્રે–અને ચંદન બાલાએ

૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુનિમહારાજને તથા શ્રી મહાવીર સ્વામીને દાનમાં ફક્ત ખીર વહોરાવી તથા અડદના બાકળા વહોરાવ્યા હતા. પણ તે દાન આશંસા રહિત હતું તેથી તેમનો આત્મવિકાસ થયો અને સાથે સાથે તેની પાછળ ઋદ્ધિ-સમૃધિ આવી મલી તથા ચંદન બાલા મોક્ષપદે ગયા તે પ્રભાવ નિષ્કામ દાનનો છે. દેવાનું દાન શુદ્ધ નિર્દોષ હતું અને અલ્પ કિંમતનું હતું છતાં સદ્‌ભાવના અધિક હોવાથી અનન્ય લાભદાયક બન્યું. આબરૂ પ્રશંસા-મહત્તા ખાતર દીધેલુ દાન આત્મ શકિતનો પ્રાદુર્ભાવ કરવામાં સમર્થ બનતું નથી. ભલે પછી કીંમતી દાન હોય પણ અહંકાર-મમતાને ખસેડી શકતું નથી તથા દાન લેનાર જો પાત્ર મળે તો આ ભવની ભાવઠ ભાગે ચિત્તમાં શાંતિ થાય. અને પુણ્યાનુબંધી પુણ્ય બંધાય એટલે મુધા દાયી અને મુધા જીવી મળવા જોઇએ આવા ભાવો આવા પાત્રો મળે તો તો સોનું અને સુગંધીવાળું આવો મેળાપ પણ ભાગ્યોદયે મળે છે.

દાન લેનારે પણ ગવેષણા કરવી જોઇએ કે આ દાન દેનારનું દ્રવ્ય નિર્દોષ છે કે સદોષી છે. ન્યાયથી મેળવેલ છે કે જેમ તેમ અન્યાય કરીને. આ મુજબ ગવેષણા કરનાર જો નિર્દોષ દ્રવ્ય લે તો બુદ્ધિમાં નિર્મલતા આવે છે અને તે કાયમ રહે. અને તેમાં વધારો થાય નહીતર જેવું તેવું લીધેલ હોય તો વિચારમાં વિકાર થયા સિવાય રહે નહી. અને થએલ વિકારો મનુષ્યોને પશુતામાં સ્થાપન કરે. માટે દાન લેનારે પણ દ્રવ્યની ગવેષણા કરવાની આવશ્યકતા જાણવી જોઇએ. ભલે પછી મુનિમહારાજ હોય કે સાધર્મિક બંધુ હોય. ગવેષણા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિના કદાચ અન્યકાની થાય નહી. પણ આળસુ પ્રમાદી બનાય છે. અને આત્મોન્નતિમાં વિવિધ વિઘ્નો ઉપસ્થિત થાય ગૃહસ્થ-પણામાં વિપત્તિના પ્રસંગે સીદાતા છતાં શ્રાવકો અગર જૈનેતરો દાનદેનારના દ્રવ્યની ગવેષણા કરનાર હોય છે. ન્યાય નીતિથી મેળવેલુ દ્રવ્ય હોય તો લે નહીતર પ્રાણો જાય તો પણ લે નહી એવા પણ ભાગ્યશાલી હોય છે

સારી રીતે કેળવણી લઇને કોઈ એક માણસ યુદ્ધમાં જોડાયો. પરંતુ તેને યુદ્ધમાં શસ્ત્ર વાગવાથી તેનો એક પગ કપાઇ ગયો. તેના અધિકારીએ સાજો કરીને તેના ઘેર મોકલ્યો ઘરમાં પોતે એકલો હતો. કોઈ સ્વજન વર્ગમાં હતુ નહી. લાકડાનો પગ બનાવી જીવન નિર્વાહ માટે ઉદ્યમ કરતો કોઈ સીદાતો જાણી દ્રવ્યની મદદ કરે તો પ્રથમ ગવેષણા કરી ન્યાયથી મેળવેલ હોય તો તે મદદ લેતો. આમ કરતાં પાછો માંદો પડયો. એટલે ઉદ્યમ થઇ શકયો નહી. અને અધિક સીદાવા લાગ્યો. એક માણસ દયાની ખાતર તેને ખાવા પીવાનું લાવી આપતો. ત્યારે સીદાતો માણસ કહેતો કે જે તમો મને મદદ કરો છો. તે ન્યાયથી પ્રાપ્ત કરેલ ધનથીને ! મદદ કરનારે કહ્યું કે જાતમહેનતે જે કમાઈ આવે છે તેમાંથી નિષ્કામ ભાવે મદદ કરૂં છું. આ સાંભળી તે બહુરાજી થયો. અને આશીર્વાદ આપવા લાગ્યો કેટલોક સમય ગયા પછી એક સાહેબ ગાડીમાં બેસી ત્યાં થઈને જઇ રહેલો છે તેણે આ ગામમાં વીસામો લીધો. ભેગા થએલ માણસોએ તે લૂલાં–અને માંદાની વાત કહી તેથી તે સાહેબ તે માંદાની પાસે ગયો. માંદાએ અધિકારીને ઓળખ્યો અધિકારી મદદ કરનારની વાત સાંભળી ઘણો ખુશી થયો અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાત મહેનત કરીને મદદને કરનારને સોના મહોરો આપવા લાગ્યો પણ તેણે લીધી નહી. અને કહ્યું કે સોના મહોરો માટે મેં મદદ–સહકાર કર્યો નથી પરંતુ મારો ધર્મ ફરજ જાણીને મદદ કરી છે ત્યારે સાહેબે કહ્યું કે આ મદદના બદલા તરીકે આપતો નથી. પણ જાત મહેનતથી ધન પેદા કરીને નિષ્કામ ભાવે જે તમે સેવા બજાવી છે તેના શતાંશ ભાગે હું આપું છું અધિક લાભ પુણ્યોદય તમોને આ ભવમાં અને પરભવમાં આપશે કે જે લાભની આગળ આ જે આપું છું તે તુચ્છમાત્ર છે આ પ્રમાણે ત્યાં સોના મહોરો મુકી સીદાતા સુભટને આશ્વાસન આપીને ચાલી નીકળ્યો જે માણુસોને તૃષ્ણા નથી તેઓને ઇચ્છાથી પણ અધિક મળે છે પણ જેઓને તૃષ્ણા–લોભ છે તેઓ ઇચ્છા મુજબ પ્રાપ્ત કરી શકતા નથી. ઘણાં જમીનવાળા સરદારે એક પટેલને જમીનના બે વીઘાનું ખેતર ખેડવા આપ્યું. પટેલે સારી રીતે ખાતર–ખેડ કરીને તે ખેતર તૈયાર કર્યું. ખેતરના એક ભાગમાં રીંગણના બીજ વાવ્યા, એટલે રીંગણા ઉત્પન્ન થયા તેમાંથી બે ત્રણ સુંદર રીંગણાને લઈ સરદારને પ્રેમ સહિત ભેટ તરીકે મૂકયા. ઉદાર વૃતિમાન્ સરદારે તેના પ્રેમની કિંમત જાણી ચાર–પાંચ સોનામહોરો તે પટેલની આપી. સરદારની ઉદારતા વિગેરેની અનુમોદના કરતો પટેલ પોતાના ઘેર આવ્યો. વારે વારે તેણે કરેલી પ્રશંશાને સાંભળી પાડોશમાં રહેતા લોભી બીજા પટેલે વિચાર કર્યો કે બે ત્રણ રીંગણાના બદલે સરદારે ચારપાંચ સોનામહોરો આપી તો હું એક નાનો વાછરડો ભેટ તરીકે આપું તો મને સો બસો મહોરો આપશે આમ ધારીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાનો વાછરડો લઈ લોભી પટેલ સરદાર પાસે આવ્યો. સરદાર આ લોભીને સારી રીતે ઓળખે છે કે મહોરો આપ્યાની વાત સાંભળી આ ભાઈ પણ અધિક લેવાની લાલચે આવેલ છે. આ લોભી પટેલે સરદારને કહ્યું કે આ વાછરડો ભેટ તરીકે સ્વીકારી મારા ઉપર મહેરબાની કરો સરદારે ના કહ્યું છતાં, કરગરીને કહેવા લાગ્યો મારા ગરીબની આટલી ભેટ અવશ્ય સ્વીકારો તો મને બહુ આનંદ થાય. સરદારે તેના સોના મહોરો લેવાના વિચારો જાણી લીધા. અને દેખાદેખીથી અધિક ધન મળવાની અભિલાષાએ આવેલ છે, અને વાછ-ડાની ભેટ ધરીશ તો પેલા પટેલ કરતાં વધારે સોના મહોરો આપશે આમ ધારી સાધન સંપન્ન અને ધનાઢય હોવા છતાં પણ લોભની ખાતર આવ્યો છે. આમ વિચારીને કહ્યું કે તમારી ઘણી આજીજી છે તો તમારી ભાવના મુજબ ભેટ આપવી જોઈએ. આમ કહીને જે નિસ્પૃહ પટેલે રીંગણા પ્રેમ સહિત આપ્યા હતા તે આ લોભીને આપ્યા અને કહ્યું કે ભેટના બદલે રીંગણા લઈને સ્વગૃહે જાઓ લોભી જંખવાણો થયો. કાંઇ પણ બોલ્યા વિના પોતાને ઘેર આવ્યો. આ પ્રમાણે કોઇ પણ સ્પૃહા સિવાય ભક્તિ સેવા કરનારને ઈચ્છા કરતાં અધિક પ્રાપ્ત થાય છે અને સાંસારિક પદાર્થોની સ્પૃહા રાખીને સેવા ભક્તિ પૂર્વક ભેટ ધરનારને રીંગણા જેવી મામુલી ચીજ મળે છે. દુન્યવી પદાર્થોની ઈચ્છા–આશા–તૃષ્ણા રાખીને પ્રભુની ભક્તિ–વિગેરે કરનારને દુન્યવી તુચ્છ-ક્ષણ વિનાશી વસ્તુઓ મળે ત્યારે નિસ્પૃહ ભાગ્યશાલીને એવી વસ્તુઓ પ્રાપ્ત થાય કે આધિ–વ્યાધિ–વિડંબનાદિકને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હઠાવનાર તેમજ પરભવમાં સાથે આવનાર વસ્તુઓ મળે છે. માટે સદ્વિચાર–અને વિવેક સાથે પ્રભુ–ગુરૂની ભક્તિ સેવી. અને આજ્ઞાને ધારણ કરી આશંસાને દૂર કરીને સાથે ને સાથે રહે. કદાપિ દૂર ખસે નહી તેવી વસ્તુઓ મેળવો–

સંપન્ન અને સાહ્યબીથી ભરપુર માણસો ધનાદિકના નશામાં અક્કડ રહેતા એમ પોતાના મનમાં માને છે અમો ગુણવાન. અને સુખી છીએ. અને ક્ષમા–નમ્રતા સરલતા તથા સંતોષાધિક ગુણોવાળા બીચારા દુઃખી છે. તેથી નમ્રતા–સરલતા ધારીને વ્યવહારિક કાર્યો કરે છે.

આ પ્રમાણે માન્યતાને ધારણ કરીને નમ્રતા વિગેરે સદ્‌ગુણોને ધારણ કરનાર ભાગ્યશાલીઓને હલકા અને તુચ્છ માનતા હોવાથી તેઓમાં સદ્‌ગુણો કયાંથી આવે ! તે અક્કડ અને અભિમાની પાસેથી જ્યારે સાહ્યબી ખસી જાય છે ત્યારે તેઓની આંખો ઉઘડે છે, કે સદગુણીઓને હલકા અને તુચ્છ માન્યા તો મારી અવસ્થા હલકી અને તુચ્છ થઈ જ્ઞાનીઓ કહે છે કે ક્ષમા–નમ્રતા–સરલતા વિગેરે સદ્‌ગુણોને ધારણકરનારને હલકા–તુચ્છ માનો નહી પણ તેઓનું સન્માદિક કરીને અનુમોદના–પ્રશંસા કરી તેવા ગુણોને મેળવવા માટે પ્રયત્ની બનો કે અશુભોદયે કદાચિત્ સાહ્યબી વિગેરે ખસી જાય તો પણ દીનતા–હીનતા ભાસે નહી. અને સદ્‌ગુણોમાં પૂર્ણ શ્રદ્ધા લાગે દુન્યવી સાહ્યબી તે સાચી નથી પણ બનાવટી છે. સત્ય સાહ્યબી તો સદ્‌ગુણોમાં સમાએલ છે. સદ્‌ગુણોને તુચ્છ માનનાર પોતે તુચ્છ બને છે. માટે ધનાદિકની સાહ્યબીમાં આસક્ત બની અક્કડ અભિમાની બનો નહી. પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાથે સાથે સદ્‌ગુણોને મેળવવા માટે પ્રયાસ કરો તોજ તમારો અહંકાર સાર્થકતા ધારણ કરશે. “બાપ અને દીકરો પોતાના ક્ષેત્રમાં પાકેલી જાર જોવાને ગયા. તેમાં કેટલાક કણુસલાં નીચા નમી ગએલ છે. અને કેટલાક અક્કડ ઉભાં રહેલ છે. તે દેખીને દીકરો પીતાને કહે છે. કે આ બીચારા નમી ગએલા કણુસલાં હલકા લાગે છે. અને ઉભા રહેલાને પગે લાગતા હોયની શું એમ માલુમ પડે છે. માટે ગરીબ જેવાં દેખાય છે. તેના પીતાએ કહ્યું-દીકરા ? તારૂં માનવું ભૂલ ભરેલું છે. જે નમી ગએલા છે. અને નમી રહેલા છે. તે માલ વિનાના નથી. પણ માલવાળા છે. તેથી નમી પડેલા છે સદ્‌ગુણીઓનો એવો સ્વભાવ હોય છે કે નમ્રતા વિગેરેનો ત્યાગ કરતા નથી. અને જે અક્કડ ઉભા રહેલાં છે તે અહંકારી-અભિમાની પુરૂષની માફક માલવિના ગુણ વિહીન છે. તેમાં માલ કે સદ્‌ગુણ હોતો નથી. હે પુત્ર ત્હારે જો સદ્‌ગુણી બનવું હોય તો ક્ષમા નમ્રતા વિગેરે ગુણોને ધારણ કરજે પણ અક્કડ અભિમાની બનીશ નહી.

## ૬૮ દુન્યવી કલાઓ શિખવા માટે એકાગ્રતા રીતસર રાખવી પડે છે. તો આત્મકલા-જ્ઞાન માટે એકાગ્રતા સ્થિરતા માનસિક વૃત્તિની કરવી પડે તેમાં નવાઈ નથી.

એકાગ્રતા ધારણ કરીને સ્વાધીન કરેલી કલાની કદર, મહારાજા—શેઠીયા શ્રીમંતો કરે કે નહી કરે પણ આત્મિક જ્ઞાનની કલા તો એવા પ્રકારની છે. કે ત્યાં ભલાભલા માનવીઓ નમી પડીને પ્રશંસા કરે છે. અને આત્મજ્ઞાનમાં રસ લેતાં રહે છે. માટે દુન્યવી કલાઓની સાથે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મજ્ઞાનની કલાઓ શીખવાની પણ આવશ્યકતા છે. એક માણસે સ્વજીવિકાર્થે વિવિધ કલાઓ સ્થિરતાને ધારણ કરીને શીખી તે કલાઓ પકી એક કલા. એવી શીખી કે તે દેખીને રાજા-મહારાજા વિગેરે ખુશી થઇ ઇષ્ટ ઇનામ આપે છે. આ કલાવાને એક રાજા પાસે જઈ પોતાની કલા દેખાડવા માટે આજીજી કરી. સભ્યોની સાથે રાજા તેની કલા જોવા લાગ્યો. તેણે ભીંજાવીને નરમ કરેલાં વટાણાનો પ્યાલો પોતાના હાથમાં લીધો અને એક માણસને સોયો હાથમાં આપીને દૂર ઉભો રાખ્યો. ત્યાર પછી એકાગ્રતા પૂર્વક એવી ચાલાકીથી વટાણાના દાણા સોયો ઉપર નાંખે છે. કે દાણા સોય ઉપર લાગી જાય છે નીચે પડતા નથી આ પ્રમાણે દેખી રાજાએ કહ્યું કે ઉદર ભરવાની કળા એકાગ્રતા રાખીને શોખી એથી કરીને, સંકટો આધિ-વ્યાધિ ખસવાથી નથી. માટે જેવી સ્થિરતા રાખીને દુન્યવી કલાઓ શીખવામાં આવી તેવી એકાગ્રતા રાખીને આત્મહિત-કલ્યાણની કલા શીખવાની ખાસ જરૂર છે દુન્યવી કલામાં સર્વસ્વ આવી મળતું નથી. જે કાંઈ ઉદર નિર્વાહપુરતું મળે છે તે પણ પાપોદયે ખસી જાય છે માટે હવે આત્મહિતની કલા શીખવા માટે એકાગ્રતા રાખી સિદ્ધ ચક્રની આરાધના કર. જેથી ઉત્તરોત્તર દ્રવ્ય અને ભાવથી સાધન સામગ્રી-તથા સાહ્યબી મળવા પૂર્વક વિનય-વિવેક-પ્રસન્નમન-મહત્તા તથા-મોક્ષમાર્ગ આવી મળે અને પુનઃ પુનઃ જન્મ મરણની વિડંબનાઓ દૂર ખસે આ પ્રમાણે સત્ય શાંતિનો માર્ગ દેખાડયો. અને ઉપદેશેલા માર્ગે ગમન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવાથી સ્થિરતા રાખવાથી દરેક બાબતે નિશ્ચિંત બની આત્મ સ્વરૂપની ઓળખાણ કરી સદ્દગતિનું ભાજન બન્યો આત્મજ્ઞાનની કલામાં સર્વે કલાઓ સમાય છે ઉદર નિર્વાહ-પરિવાર વિગેરેના પોષણમાં આ દુન્યવી કળા શીખવી તે ઠીક છે પરંતુ જ્યાં સુધી આધિ-વ્યાધિ-ઉપાધિની વિડંબના-ઓને દૂર કરવાની શીખ્યા નહિ ત્યાં સુધી તે સર્વ કળા વૃથા છે દુન્યવી કલાબાજીમાં સંસારનું પરિભ્રમણ છે અને આત્માની કલાબાજીમાં સાંસારિક રખડપટ્ટીને નિવારવાની શક્તિ છે તેમાં અનંત સુખ આપવાની પણ તાકાત રહેલી છે. માટે દેખાદેખીમાં પડો નહી. વિવેક લાવી આત્મ કલ્યાણની કલાઓને શીખો આત્મજ્ઞાનની કલામાં જીવન મુક્ત બનાય છે ત્યારે દુન્યવી કલામાં વિષયાસક્ત બનાય છે. તેથી ચિન્તાઓનો વ્યાધિઓનો તથા વિવધ સંકટોનો આરો આવતો નથી. જેઓ વિચારક અને વિવેકી હોય છે તે દુન્યવી કલામાં આસક્ત બનતા નથી. પણ તેઓથી નિર્લેપ રહીને આત્મ કલ્યાણની કલામાં આસક્ત બને છે.

## ૬૯ ઉદ્યમ વિનાના આળસુ અને પ્રમાદી મનુષ્યો મહેનત કરી બુદ્ધિ દ્વારા સાધન સંપન્ન થએલ હોય તેઓના ઉપર ઇતરાજીને ધારણ કરીને અદે-ખાઇ કર્યા કરે છે

તેઓ અન્યજનોને કહે છે કે અરે તમે જુઓ તો ખરા કે મારા પિતાના ગુમાસ્તાઓ કેવા લીલા પીળા થઇને ફરે છે અને લહેર કરી રહેલ છે તે વખતે આળસુ પુત્રના વચનો સાંભળી કોઇ કહે છે કે તારા પિતાના તે નોકરો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તથા ગુમાસ્તા હતા તે વાત સાચી. પણ તેઓ બુદ્ધિ પૂર્વક જાત મહેનત કરીને લીલાપીળા થઇને લહેર મારે છે તેમાં તું શા માટે અદેખાઇ કરે છે તેં તો તારા પિતાના ગુજરી ગયા પછી તેમણે ઉપાર્જન કરેલી મિલ્કત વડે તાગડધીન્ના કરી અને ઉદ્યમ કર્યા સિવાય બેઠા બેઠા લહેર કરી અને બેઠા બેઠા ખાધુ, આવક વિના તો મ્હોટા ભંડારો મોજમજામાં ખતમ થાય છે અને જ્યાં મોજમજા કરવામાં જ આનંદ પડવા લાગ્યો ત્યાં આળસ–નિન્દા–વિકથા વગેરે પ્રમાદોને આવવાનો અવકાશ મળે છે આવેલા તે પ્રમાદો ખસેડવા દુઃશકય બને છે તેજ પ્રમાદી મનુષ્યોની બરબાદી–પાયમાલી કરવામાં બાકી રાખતા નથી. તે પ્રમાણે તમોએ પણ આળસુ અને પ્રમાદી બની સર્વસ્વ ગુમાવ્યું હજી પણ હાથમાં બાજી છે અને થતી અને થએલી બરબાદી અને પાયમાલીની ખબર પડતી હોય તો ઉઠો જાગ્રત બનો, આળસ–પ્રમાદનો ત્યાગ કરી જાત મહેનત કરો બુદ્ધિ તો મળેલી છે પણ તેનો ઉપયોગ મોજમજામાં કરવામાં અને બેઠા બેઠા ખાવામાં કર્યો તેથી આવી દશા આવી મળેલી છે. તમે પણ ઉદ્યમ કરશો તો બરબાદી–પાયમાલી દૂર ખસશે અને આળસ—પ્રમાદ પણ ખસી જશે પુણ્ય અને પૈસો પ્રાયઃજાત મહેનત કરવાથી મળી રહે છે પણ આળસુ પ્રમાદી પાસે રહેતો નથી. પુણ્ય ખતમ થયા પછી પ્રાણીઓને દુઃખદાયક દશા અવસ્થા ઉપસ્થિત થાય છે.

માટે પુણ્યશાલીઓને તેમ પૈસાદારોને જાત મહેનતની જરૂર રહે છે. કાંઈ અદેખાઈ કરવાથી કે આળસુ બનવાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુણ્ય કે પૈસો આવી મળતો નથી. મ્હોટા વિદ્વાનો પણ જાતે પોતાના શિષ્યોને ભણાવે નહી. તથા અનુયાયીઓની ઉપેક્ષા રાખે. અને ગામ ગપાટામાં પડે તો તેમની વિદ્વત્તા કટાઈ જાય છે. અર્થાત્ રહેતી નથી. ત્યારે વિદ્વાન બનેલા અન્યજનોને અભ્યાસ કરાવે તો વિદ્વત્તામાં વધારો થાય છે. અને સદા સ્મરણ રહ્યા કરે છે. અરે મહોટા ધનુર્ધરો થએલા, પ્રમાદી બની અન્યોને તે વિદ્યા શીખડાવે નહી તો તથા તેનો અભ્યાસ રાખે નહી તો લક્ષ્યને વીંધી શકે નહી. અને જો વિંધવા જાય તો હાંસી પાત્ર બને. અરે ગુરુમહારાજ પાસેથી લીધેલ નવકારાદિક મંત્રો પણ તેઓનું સ્મરણ કર્યા સિવાય ફલીભૂત થતાં નથી, આ શરીર પણ જાત મહેનત સિવાય શિથિલ બને છે, ધાર્યા પ્રમાણે કામ આપી શકતું નથી. અને વિવિધ વ્યાધિઓનું નિવાસનું સ્થાન બને છે. અને સહજ એવા નિમિત્તો મળતાં પડી જતાં વિલંબ થતો નથી. તેથી શાસ્ત્ર-કારોએ પુરૂષાર્થને પ્રધાન કહ્યો છે. પુરૂષાર્થથી ચીકણા કર્મો પણ રહી શકતા નથી અને આત્મવિકાસ સધાતો રહે છે.

એક જમીનદારનો પુત્ર, તેના પિતાના મરણ પછી ઘણો આળસુ અને પ્રમાદી બનેલ હોવાથી સારી જમીન હોતે પણ ભીખારી દશા ભોગવી રહેલ હતો. અને જમીનમાં ઉગેલા બાવળીઆ પાસે બૂમો પાડવા કરતો અરે પ્રભો! તેં આવી દશા મારી કરી. મારા માતપિતા ઉપર તમારી મહેરબાની હતી. મારા ઉપર નથી, મેં શો અપરાધ કર્યો કે તમોએ આવી દશા કરી પ્રભો? હવે તો કૃપા કરો. મ્હારા પિતા જેવી સાહ્યબી આપો. આ પ્રમાણે પુનઃપુનઃ પોકારો કરતો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતો તેવામાં તેના પિતાનો સાથી અનાજનું ગાડું ભરીને તે માર્ગે થઇને જતો હતો તેના પર ચીડાઇને કહેવા લાગ્યો.

અનાજનું ગાડુ ભરીને જનાર કોળી હતો તેથી કહ્યું કે અલ્યા-ગાડા કેટલાં લઈ ગયો.' તેના પિતાના સાથી કોળીએ કહ્યું કે. તું શા માટે અદેખાઇ કરે છે જમીન તો તારી પાસે સારા પ્રમાણમાં છે. અને અનાજ પણ ઘણું પાકી શકે એમ છે. જાત મહેનત કરીને મહેનત કરતો નથી. આળસુ થઈને આળોટયા કરે છે અને પ્રભુના ઉપર દોષ મૂકે છે. મારી ઉપર પણ અદેખાઈ કરે છે તું આળસનો ત્યાગ કરી મારી માફક મહેનત કરે તો તું પણ ગાડા ગાડા ભરીને અનાજ પકવી શકે, આવી દશા રહે નહી.' આ પ્રમાણે કહીને પેલો કોળી ચાલતો થયો તેના કહેવાથી જમીનદારના પુત્રને ચાનક ચઢી. જાત મહેનત કરી ખેતી કરવા લાગ્યો તે સુખી થયો.

આ પ્રમાણે દરેક મનુષ્યોમાં પુણ્યોપાર્જન કરવાની તાકાત હોય છે, પણ મોજમજામાં અને આળસમાં તે શક્તિનો આવિર્ભાવ કરી શકતો નથી તેથી ભવિષ્યમાં દુઃખદ પરિસ્થિતિ ઉપસ્થિત થાય છે પારકા તમારૂં કેટલું અને કયાં સુધી કામ કરી આપશે ? જ્યાં સુધી પુણ્ય-અને પૈસો છે ત્યાં સુધી, પણ પુરૂષાર્થ-કે જાત મહેનત તો સહાય સંબંધ ધરાવતી હોવાથી કામ કરવામાં સમર્થ છે પુણ્ય-તથા પૈસો ન હોય તો મેળવી આપે છે. જગતને આશ્ચર્ય પમાડે છે. અહિંસાનું પાલન સ્વામી ભાઈઓ પર વાત્સલ્ય-તથા ક્ષમા-પના કરવી. અને તપસ્યા કરવી વિગેરે જાત મહેનત-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુરૂષાર્થ કર્યા વિના બનવું અશક્ય છે અરે અરિહંત–સિદ્ધ–આચાર્ય–ઉપાધ્યાય સાધુ–મુનિવર્ય બનવું તે પણ જાત મહેનત વિના ક્યાંથી બને ? પહેલા–બીજા આરાના યુગલિકોને માગણી મુજબ કલ્પવૃક્ષો ઇષ્ટ વસ્તુઓને અર્પણ કરતા હોવાથી જાત મહેનત તેમને હોતી નથી તેથી સર્વ સામગ્રી સંસાર સુખની હોવા છતાં પણ ધર્મની આરાધના કરવામાં બે નશીબ છે–મોક્ષે જતા નથી—

## ૭૦ ગુણકર્મોના આધારે જગતની વિચિત્રતા છે. તેથી જુદા જુદા પ્રકારના પ્રાણીઓ દૃષ્ટિગોચર થાય છે.

પ્રાણીઓના ગુણ કર્મો શુભ કોટીના હોય તો ઉચ્ચ શ્રેષ્ઠ ગતિ પામે છે. અને અશુભ હોય તો તેઓની ગતિ હલકી કોટીની હોય છે આવી જગતના પ્રાણીઓની વિચિત્રતા હોવાથી કેટલાક મનુષ્યોને અચંબો થાય છે. જેઓની માન્યતા એવી હોય છે સમગ્ર સૃષ્ટિ બ્રહ્માએ ઉત્પન્ન કરી તેઓ બ્રહ્માને ઉપાલંભ–ઠપકો આપવા મંડી પડે છે કે હે બ્રહ્મા તમોએ મોટી ભૂલ કરી. કે જે લાયક હોય યોગ્યતા ધરાવતા હોય તેઓને યોગ્ય વસ્તુ નહિ આપતા શોકાતુર બનાવી નાખુશ કર્યા અને જે યોગ્યતા ધરાવતા નથી તેઓ યોગ્ય વસ્તુ આપી ખુશી કર્યા તમારામાં ક્યાં ન્યાય છે ? તમો સૃષ્ટિ ઉત્પન કરતાં ભૂલ ભૂલામણીમાં પડ્યા. આ પ્રમાણે અજ્ઞાનથી બોલ્યા કરે છે તેઓએ જાણવું જોઇએ કે બ્રહ્માએ સૃષ્ટિ ઉત્પન્ન કરી નથી પણ કર્મો અને ગુણોના આધારે જગતની–પ્રાણીઓની વિવિધતા–વિચિત્રતા થઈ છે ભલે પછી ઉચ્ચ કોટીના હોય કે હલકી કોટીના હોય તેમાં બ્રહ્મા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે પ્રભુ શું કરે? સ્વભાવે બન્યા કરે છે આ પ્રમાણે વિચાર કરે તો સમાધાન થાય.

એક બ્રહ્માનો ભક્ત મુસાફરી કરવા ગમન કરી રહેલો છે થાક લાગવાથી એક કોઠીના ઝાડ નીચે બેઠો. આ વૃક્ષના ઉપર કોળાની વેલડીમાં લાગેલા કોળાને દેખી તથા કોઠી ઉપર રહેલા કોઠાને દેખી બ્રહ્માને ઠપકો આપવા લાગ્યો કે આ મોટા કોઠીના વૃક્ષને નાના ફલો આપ્યા. તથા સામે રહેલા વડને પણ તદ્દન નાના અને હલકા ફળ આપ્યા અને તેઓના ઉપર રહેલી વેલડીને મોટા ફલ તરીકે કોળા દીધા. તેને નાના ફળ આપવા જોઇએ. અને મોટા આ વૃક્ષોને મ્હોટા ફલો આપવા જોઈએ આ ભીંત જેવી મ્હોટી ભૂલ હે બ્રહ્મા તમે કરી છે મારામાં જગતને-સૃષ્ઠિને બનાવવાની તાકાત હોત તો આવી ભૂલો હું કરત નહીં આ પ્રમાણે બોલી રહ્યો છે. તેટલામાં વાવાઝોડું થયું તેથી એ ત્રણ કોંઠા બોલનાર ઠપકો આપનારના માથા ઉપર બરો-બર પડી વાગ્યું અને નસ્કોરામાં વાગવાથી નસ્કોરી ફુટી અને લોહી નીકળવામી ઘણી પીડા થઇ તેથી કંટાળીને વડના વૃક્ષ નીચે બેઠો ત્યાં પણ વડના ટેટા મસ્તક ઉપર પડવા લાગ્યા. ત્યારે ખ્યાલ આવ્યો કે, બ્રહ્મા કહો કે કર્મો કહો તેઓએ બરોબર કર્યું છે. જો કોંઠીના નાના ફળોથી આટલી પીડા થઇ તો મ્હોટા કોળા જેવાં ફળો હોત અને તે માથા ઉપર પડયા હોત તો માથું ફુટી જાય. જીવતો રહેત નહી. આટલા તદન નાના ફલોથી આટલી પીડા થઇ તો મ્હોટા હોતતો પીડામાં બાકી રહેત નહી. માટે એમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બ્રહ્માનો અપરાધ નથી. પણ કર્મોનો છે. આ મુજબ જે બન્યા કરે છે. તે કર્મો આધારે બને છે. માટે અફસોસ કે સંતાપ કરવો તે વૃથા છે.

**૭૧ જગતમાં વિવિધ નિમિત્તો સુખદાયી અને દુઃખ દાયી મળી આવે છે. તે વખતે કર્મવિકારોનો બરોબર ખ્યાલ હોય તો મુંઝવણ થાય નહી. તથા રોષ તોષ થણુ થાય નહી.**

જગતમાં સુગંધી પુષ્પો હોય છે અને નિર્ગંધ પુષ્પો હોય છે. સુગંધદાર પુષ્પોને દેખી માનવો ખુશી થાય અને ગ્રહણ કરે છે. ત્યારે સુગંધ વિનાના પુષ્પોને તેના સામુ આદર ભાવથી દેખતા નથી. પરંતુ જ્યારે જરૂર પડે છે. ત્યારે તેવા પુષ્પોને પણ ગ્રહણ કરીને ખુશી થાય છે. માર્ગમાં ગમન કરતાં બાલક રડતો હોય ત્યારે ખીલેલાં બાવળ-કે આવળના 'પુષ્પો તે બાળકોને ખુશ કરે છે. તે વખતે ચંપો ચંપેલી જુઇ જાઇના પુષ્પો ક્યાંથી લાવે ? માટે હરેક વસ્તુઓ તેમાં રહેલા ગુણો આધારે ગુણી છે. કોઈપણ પદાર્થ ગુણ રહિત નથી. આમ સમજી સમત્વ લાવી માનસિક ચિન્તાને નિવારી શાંત બનવું ઉચિત છે,

**૭૨ 'સમકિત સાથે જેઓને વ્રત નિયમો હોતા નથી તેઓની વૃત્તિ અને પ્રવૃત્તિઓ નિર્મર્યાદિત હોવાથી અનેક અપરાધો તથા વિશ્વાસઘાત-ચોરી અસત્યાદિક બોલવામાં પાછા હઠતા નથી.**

ચોરી વિગેરે કરી નિર્દોષ બતાવવા માટે વિવિધ ચાલાકી કરે છે. તથા ઈષ્ટ પ્રભુના સોગન ખાઇને કરેલી ચોરી વિગેરને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છુપાવવા ખોટી સાક્ષીઓ પણ ઉપસ્થિત કરે છે, પરંતુ જ્યારે તેઓને બુદ્ધિમાન ન્યાયાધીશ બુદ્ધિના બલથી પકડી પાડે છે. ત્યારે વિલખા બની નીચું મુખ રાખી કરેલા અપરાધો કરેલી ચોરીનો બીન ઉપાયે એકરાર કરે છે. અને શિક્ષા પાત્ર બને છે. ત્યારે સમક્તિ સાથે વ્રત નિયમાદિકને ધારણ કરનાર કોઈ દાતા દાન આપે તો પણ ગ્રહણ કરના નથી. કદાચિત ઘણો આગ્રહ કરીને કોઈ પૈસા વિગેરે આપે છે. તે જાત મહેનત પૂર્વક પસીનો ઉતારીને આપો છો કે ગમે ત્યાંથી લાવીને આપો છો દાતા કહે કે જાત મહેનત કરી મેળવલ ધનાદિકનું દાન-ભક્તિ કરૂ છું તો લે અન્યથા કોઇ સોના-મહોરોને અર્પણ કરે તો પણ તેઓની સામે જોતો નથી. આવા ભાગ્યશાલીઓ સ્વરૂપનું કલ્યાણ સાધીને સદ્ગતિની સાથે અનુકરણીય બની પ્રશંસા બને છે.

એક ગામમાં ઈન્દ્ર અને ઓઘડ નામે બે મિત્રો હતા. વ્રત નિયમાદિનું પાલન કરતાં યાત્રા કરવાની ઈન્દ્રને અભિલાષા થઈ, ઓઘડને સ્વેચ્છા જણાવીને શુભ દિવસે પ્રયાણ કર્યું. ઓઘડ એક ગાઉ સુધી વળાવા ગયો. ગમનની વેલાયે ઓઘડે કહ્યું કે ઘરની ચિન્તા રાખીશ નહી. અને પાસે દર દાગીનાનું જોખમ રાખીશ નહી. આ પ્રમાણે મિત્રનું કથન સાંભળી ઈન્દ્રે કહ્યું કે મારા પાસે પાંચસો-સાતસોના દાગીના છે તે તને આપું છું. તે સાચવી રાખજે. યાત્રા કરીને આવીશ ત્યારે માગી લઈશ. લાવ! ત્યારે એમ કહીને તેના દાગીના લઈને ઓઘડ પોતાને ઘેર આવ્યો. અને ઈન્દ્ર તીર્થ યાત્રા કરવા નીકળ્યો. નિર્ભય-ખેદ રહિત આનંદ પૂર્વક તીર્થયાત્રા કરીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વગૃહે આવી ઈન્દ્રે પોતાના મિત્ર ઓઘડની પાસે જે આપેલા દાગીના હતા તે પાછા માગ્યા. ત્યારે ખરાબ દાનતવાળા ઓઘડે કહ્યું કે, દાગીના કેવા અને તેની વાત કેવી? કયારે આપ્યા છે અને તેની માગણી કરે છે યાત્રા કરીને ગળે પડવું તે વ્યાજબી કહેવાય ? તેં દાગીના કોને આપ્યા છે ? અલ્યા બીજા કોઇને આપ્યા હશે ઘણા દિવસ થયા તેથી ભૂલી ગયો લાગે છે ઈન્દ્રે કહ્યું કે તું વળાવવા આવ્યો ત્યારે તનેજ આપ્યા છે બીજા કોઇને આપ્યા નથી. તેમજ ભૂલી ગયો નથી. મારો જીવન નિર્વાહ તે દાગીના ઉપર છે માટે ભલો થઇને તે દાગીના પાછા મને આપ. અને મિત્ર તરીકેની સાર્થકતા કર ! ઇન્દ્રે મધુર વચન દ્વારા સારી રીતે સમજાવ્યો છતાં તે ઓઘડ માન્યો નહિ ત્યારે ફરીયાદીએ રાજા પાસે જઇને વાત કરી. રાજાએ ન્યાયાધિકારીને તે "કેસ' સોંપ્યો. ન્યાયાધિકારીએ બેની જુબાની લીધી. ઓઘડે કહ્યું કે ઈશ્વર પ્રભુના સોગન પૂર્વક મેં તેના દાગીના લીધા નથી. છતાં ઇન્દ્ર અસત્ય બોલી ખોટી રીતે ફજેતી કરે છે બીજા કોઇને આપ્યા હશે અને મારા ઉપર આરોપ મૂકે છે ન્યાયાધીશે–બે જણાની જુબાની લીધી ત્યાર પછી કહ્યું કે કોઈ સાક્ષી છે ઈન્દ્રે કહ્યું કે માણુસ તરીકે કોઇ સાક્ષી નથી. પણ જે કોઠીના વૃક્ષ નીચે રહીને ઓઘડને દાગીના આપ્યા હતા. તે ઝાડ સાક્ષી રૂપે છે. વારૂ ત્યારે તે કોઠીના ઝાડની એક ડાળી લઇ આવ ? ડાળી લેવા ગયો અને ઘણી વાર લાગી ત્યારે ઓઘડને અધિકારીએ કહ્યું કે ઘણો વખત લાગ્યો તું બારીએ જો કે આવે છે કે નહિ ? ઓઘડે કહ્યું કે તે વૃક્ષ તો ઘણું દૂર છે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જલ્દી કયાંથી આવી શકે ? આ પ્રમાણે બોલવાથી તેની ચોરી પકડાઇ ગઈ-ચોર તરીકે જાહેર થયો અને હાંસીપાત્ર બની ઈન્દ્રને દાગીના પાછા આપવા પડયા. વ્રતનિયમ જો તેને હોત તો આવી દશા થાત નહિ. અને હાંસીપાત્ર બનત નહી.

**૭૨ ક્રોધાતુર બનીને મારેલા કુહાડાનો ઘા વખત જતાં દવા કરવાથી પણ રૂઝાય છે. વચનનો મર્મભેદક કુઠારનો ઘા રૂઝાતો નથી.**

આ કહેવત કંઈક અંશે ઠીક છે. તે વચનના ઘા રૂઝાવાની દવા છે. નથીજ. એમ નથી. જો વિરોધી થએલની પાસે જઈને અંતઃકરણથી માફી માગે તો તેવો ઘા પણ રૂઝાય છે. પરંતુ તેમાં માણસાઈને હોય તો. જરૂર માફી આપે થએલ વિરોધ દૂર કરે પણ વિરોધી થયેલ અતિ ક્રૂરહોય તો ક્ષમાપના કરતાં પણ ખમાવે નહી તે બનવા જોગ છે પરંતુ માણસાઇ વાળા એતો માફી માગવા ભૂલવું નહી. અને તેની સાથે કાર્ય કરવામાં સાવધાની રાખવી.

કોઈ એક બ્રાહ્મણ ઘણો દુઃખી હતો. આજીવિકા પૂરતું પણ ઘરમાં સાધન હતું નહી. પત્ની પરિવાર,ધંધા માટે દરરોજ ઠપકો આપતા. ધંધો વ્યાપાર કરતાં પણ યથેચ્છ લાભ મળતો નહી. તેથી કંટાળીને એક સિંહની ગુફા પાસે આવ્યો. ગુફામાંથી સિંહ બહાર આવીને મારી નાખશે આવા વિચારથી નીડર બનીને બેઠો છે. તેવામાં દયા આવવાથી વ્યંતર દેવ. સિંહનું રૂપ ધારણ કરીને તે બ્રાહ્મણની પાસે આવી કહેવા લાગ્યો. તું મ્હને દેખીને ભય પામતો નથી. તેથી તારાપર પ્રસન્ન થયેલ છું. તું પાછો ઘેર જા અને દરરોજ આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થળેથી જે સોના મહોરો દેખાય તે લઇને જીવન વ્યવહાર ચલાવજે, મરણ પામવાથી દુઃખ. કષ્ટ ખસતા નથી. બ્રાહ્મણ આશીર્વાદ આપી સોના મહોરો લઈને સ્વઘેર આવ્યો. દરરોજ ગુફા પાસેથી પણ અધિક સોના મહોરો મળવાથી સંપત્તિમાન્ બન્યો અને વ્યન્તર–સિંહની ઉપાસના કરતો હોવાથી ગાઢ પ્રીતિ થઈ. એક વખત સ્વ પુત્રના લગ્ન પ્રસંગે આ સિંહને આમંત્રણ આપ્યું તમો આવશો તો મારી શોભા વધશે માટે જરૂર પધારો, સિંહે કહ્યું કે મારા આવવાથી ત્હારા સગા વહાલાં. તેમજ આવેલા બીજા માણસો ભય પામી નાશી જશે તેથી ત્હારી શોભા વધશે નહી. તેની તમો ચિન્તા રાખો નહી. તેઓને સારો રીતે સમજાવીશ. તમારે આવ્યા વિના ચાલશે નહી. તમારે આધારે તો અમો સર્વે સુખી થયા છીએ. માટે જરૂર મારી સાથે સિંહનું રૂપ ધારણ કરી પધારો. અતિ આગ્રહ હોવાથી અંતરદેવ સિંહનું રૂપ ધારણ કરી તે બ્રાહ્મણની સાથે તેના ઘેર આવ્યો. પણ તેને દેખી સ્વજન વર્ગ તથા અન્ય માણસો ભીતિ લાગવાથી ભાગવા લાગ્યા, તેઓને નાસતા દેખી કહેવા લાગ્યો કે તમો શા માટે નાશો છો આ સિંહ તો કુતરા જેવો છે. ભાગવાની જરૂર નથી. તે સાંભળી સર્વે શાંતિ પામ્યા. પણ આ સિંહને બહુ લાગી આવ્યું. કે મને કુતરા જેવો બનાવ્યો અત્રે આવ્યો ન હત તો આવું મર્મ વેધક વચન સાંભળવાનો વખત આવત નહિ. હશે આવ્યા તો આવી જાણવું. આમ વિચારી મૌન ધારણ કરીને સ્વ ગુફામાં આવ્યો. બીજે દિવસે જ્યારે સોનામહોરો લેવા માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બ્રાહ્મણ ગયો ત્યારે કહ્યું કે તારે પોતાને ઘેરથી કુહાડો લઈને આવ અને મારા માથામાં માર પછી સોનામહોરો લઈ જા, બ્રાહ્મણે તે મુજબ કર્યું, પડેલો ઘા બે ચાર દિવસોમાં રૂઝાઈ ગયો ત્યારે તેને કહ્યું. કે તેં મારેલો કુહાડાનો ઘા અલ્પદિવસમાં રૂઝાઈ ગયો. પણ હે બ્રાહ્મણ ! તારા લગ્ન પ્રસંગે ભેળા થએલ સ્વજનવર્ગમાં કુતરા તરીકે કહ્યો તે વચનનો ઘા કેમયે કરીને રૂઝાતો નથી. બ્રાહ્મણ શરમનો માર્યો બોલી શકયો નહી. અને પુનઃ પુનઃ માફી માગવા લાગ્યો મારી મ્હોટી ભૂલ થઇ છે હવે આવા વચનો બોલીશ નહી. એકવાર મહાન્ માફી આપો છે. જેવી પ્રથમ અવસ્થામાં દયા કરી અને સુખી સંપત્તિમાન્ બનાવ્યો. હવે અપરાધી ઉપકાર કરો. સિંહે ઉદાર વૃત્તિ હોવાથી માફી આપી. આ પ્રમાણે ઘાને રૂઝાવાની દવા–ઔષધિ છે તે પ્રમાણે વચનના જે ઘા હોય તેની પણ રૂઝાવાની દવા છે. અન્તઃકરણથી પુનઃ પુનઃ માફી માગે તો આ ઘા પણ રૂઝાય છે માટે શસ્ત્રાદિકના ઘાની દવા કરો છો તે પ્રમાણે વચનના ઘાની દવા કરો.

**૭૩ અજ્ઞાની માણસોને કોઈ માણસ આવીને જેમ તેમ બોલીને ભરમાવે ત્યારે વિચારનો ત્યાગ કરી અન્યજનોનો પ્રાણોનો નાશ કરી બેસે છે અગર મારામારી કરીને પોતે પણ પ્રાણોને જોખમમાં નાંખવા જેવી બાલીશતા કરી બેસે છે.**

સાદડી શહેરમાં એક વેપારીની દુકાને હજામની સ્ત્રી કોઇ વસ્તુ લેવા આવી અને વેપારી સાથે વાતચીત કરતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતી, અને વાત કરીને દુકાનની અંદર વેપારીના કથન મુજબ વસ્તુ લેવા ગઈ તે વખતે પાસેની દુકાને બેઠેલા સુતારે શંકા લાવી તપાસ બરોબર કર્યાં સિવાય તે સ્ત્રીના પતિ હજામને દુકાનમાં ગએલીની વાત કરી. તેથી તે હજામ ક્રોધાતુર બની એકદમ આવીને વેપારીને અસ્ત્રો લગાવી કાપી નાંખ્યો અને પોતાને ઘેર આવી તપાસ કર્યા સિવાય પોતાની સ્ત્રીનું નાક કાપી નાંખ્યું. બજારમાં કોલાહલ મચી રહ્યો. અને પોતે ફોજદારની પાસે હાજર થયો. આવા માણસો ઉદ્‌ભ્રામિત બનેલ હોવાથી અન્ય માણસોના કહ્યા મુજબ સાચુ માની અન્યના પ્રાણોનો નાશ કરે છે અને પોતે પોતાની પાયમાલી કરી બેસે છે માટે કોઈ અદેખો માણસ આવીને પોતાના ઘર સંબંધી આડું અવળું ભરમાવે અગર સંકટમાં નાંખવા બીજા માણસો સંબંધી અસત્ય બોલી ચાલાકી વાપરે ત્યારે બરોબર તપાસ કરવાની જરૂર છે કારણ કે જગતમાં એવા માણસો છે કે અન્યજનોની સંપત્તિ સહન કરી શકતા નથી. અગર વેર વિરોધાદિકની વસુલાત કરવા માટે લાગ જોઈને પોતે કાવા દાવા કરીને બીજાઓને પ્રાણોના જોખમમાં લાવી મૂકી છે માટે ખાસ તેવા પ્રસંગે ક્રોધાતુર બનીને ઉતાવળું પગલું ભરવું ન જોઇએ અને તપાસ કરી પછી જે કાર્ય કરવું હોય તે કરવું. તેથી વ્યાવહારિક કાર્યોમાં સુખશાંતિ રહે છે અન્યથા ડગલે ડગલે દખલગીરી કરનાર મળી આવતા હોવાથી કોઇ પ્રકારની અનુકુલતા રહેતી નથી અને પ્રતિકુલતા ઉપસ્થિત થાય છે. સમયના જાણકાર ડાહ્યા માણસોની આગળ કોઇ આવી આવી બળતી વાત કહે અગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે સિવાયની અન્ય વાત કહે તે વાતને બરાબર સાંભળે પણ ભ્રમિત બનો ગભરાય નહી. પણ ભીતિની સંભાવના હોય તો પ્રથમથી જ ચેતીને સાવધાન બને અને વખત મુજબ વર્તે તોજ જાન-માલનું રક્ષણ કરી શકે. માનો કે ભયનો પ્રસંગ આવ્યો તે વખતે ગભરાયતો કાંઈ સુઝે નહી.

શ્રી સંખલપુરના દેરાસરમાં બહાવટીઆ ચોરો ધાડ પાડીને દાગીના વિગેરે ચોરીને તેના પાસે ગામમાં તે ચોરો ધાડ પાડવા ગયા તે વખતે ગામના લોકો ગભરાવા લાગ્યા. જેમ તેમ ભાગવા લાગ્યા. એક ઘરમાં સધવા બાઈને ખબર પડી અને પાડોશીએ પ્રણ ચેતવણી આપી ત્યારે આ સધવા બાઈ નિર્ભય બની સાવધાન થઈને પોતાના હાથમાંથી બલૈયા-ચૂડી કાઢી નાંખી જેમ કોઈ વિધવા બાઇ હોય તેમ ખુણામાં બેસી માળા ગણવા લાગી. પોતાના પતિને કહ્યું કે તમે બહાર ચાલ્યા જાઓ તે પણ ચાલ્યો ગયો એટલામાં પૈસા-દારનું આ ઘર હશે તેમ જાણી ધાડપાડુઓ પહેલાં જ આ ઘરમાં પેઠયા. બાઈએ કહ્યું કે હાલમાં હું વિધવા છું બે ત્રણ મહિનાથી ખુણામાં બેસી માળા ગણ્યા કરૂં છું ધાડ-પાડુએ ફૂટેલાં અને આગળ પડેલાં હાંલ્લા દેખી અને વિધ-વાને દેખી કહ્યું કે પ્રથમ જ આવા ઘરમાં આપણે કયાં આવ્યા. અપશુકન થયા આમ જાણી તે ઘરમાંથી બહાર ગયા અને જે ગભરાયા અને સમય સૂચકતા જેઓએ વાપરી નહી. તેઓએ માર ખાધો અને લૂંટાયા તે અધિક. માટે તેવા પ્રસંગે ગભરાવું નહી. અને સમયને ઓળખી સાવધાની રાખવી કે જેથી હિત સધાય છે મરણ વખતે પણ જે ગભ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાતા નથી અને નિર્ભય બની ઇષ્ટદેવનું ધ્યાન ધરે છે તેઓ લૂંટાતા નથી. અને સદ્ગતિને પામી સુખ સામગ્રીના સ્વામી બને છે.

ગુણવાન પુત્ર પ્રથમ માતપિતાનો વિનય કરવા પૂર્વક દરરોજ પગે લાગી આશીર્વાદ મેળવે છે તેથી પાઠશાળામાં નિશાળમાં જતાં શિક્ષકનો વિનય કરવા સમર્થ બને છે તેજ બાળક જ્યારે દેરાસર–જિનમંદિરે જાય ત્યારે તથા સદ્ગુરૂ પાસે જાય ત્યારે રીતસર વિનય કરી સકે છે. આ પ્રમાણે માતપિતાનો શિક્ષકનો તથા દેવગુરૂનો વિનય કરતાં તેનામાં એટલે બાળકમાં વિવેકાદિ ગુણોનો નિવાસ થાય છે. વિવેકાદિ ગુણોના આધારે આત્મોન્નતિમાં તે આગળ વધે છે. માટે આત્મવિકાસના અર્થીઓએ મ્હોટા થએલ હોય તો પણ વિનયાદિ ગુણોને ભૂલવા જોઇએ નહી. કે, જેથી વ્યાવહારિક કાર્યોમાં વિષય કષાયાદિકના વિચારો અને વિકારો અધિક પ્રમાણમાં જોર પકડે નહી. અને વ્યવહારમાં મલીનતા આવે નહી માટે વિનયની જરૂર છે એક એવી કથા સંભળાય છે. કે શંકર–પાર્વતીની પાસે તેમના પુત્રો ગણપતિ અને સ્કંધ કાર્તિકેય બેઠેલા છે, તે અરસામાં કોઈ એક ભકતે અમરફલ ભેટ તરીકે મૂકયું ગણપતિએ અને બીજા પુત્ર, સ્કંધે તે અમૃતફલની માગણી કરી. ત્યારે પાર્વતીજીએ કહ્યું કે જે પુત્ર પૃથ્વીની પ્રદિક્ષણા પૂર્વક અડસઠ તીર્થોની યાત્રા કરી આવે તેને આ ફલ આપવામાં આવશે. કાર્તિકેય જે પુત્ર હતો તે માતપિતાનો વિનય–પગે લાગ્યા સિવાય પૃથ્વીની પ્રદક્ષિણા કરવા નિકળ્યો. ત્યારે વિનયશાલી ગણપતિ પ્રદક્ષિણા કરવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગયા નહી. અને માતપિતાને વિનય પૂર્વક પાયે લાગી તેમની પ્રદક્ષિણા ત્રણવાર કરી. તેથી અધિક ખુશી થઈને તે અમૃત-ફલ ગણપતિને અર્પણ કર્યું સ્કંધ, સારી પૃથ્વીની પ્રદક્ષિણા તથા તીર્થોની યાત્રા કરીને આવ્યો. અને ફલની માગણી કરી પાર્વતીએ કહ્યુ કે તારા પહેલા ગણપતિ આવ્યા. તેથી તેને ફલ આપ્યું છે. તેણે કહ્યું કે મોટાભાઈ તો બેસી રહ્યા છે. ગયા નથી. પાર્વતીજીએ કહ્યું કે તેણે વિનય પૂર્વક પાયે લાગી અમારી પ્રદક્ષિણા કરી છે. માતપિતાને વિનય સહિત પગે લાગી ત્રણ વાર જે વિનયશાલી પ્રદક્ષિણા કરે છે તેમાં પૃથ્વીની તથા તીર્થની પ્રદક્ષિણા સમાય છે, તેં ફકત ફલની અભિલાષાએ વિનય તથા પાયે લાગ્યા વિના પૃથ્વી વિગેરેની પ્રદક્ષિણા કરી પણ વિનય કરવો જોઈએ તે કર્યો નહી. અને ગણપતિએ કર્યો તેથી જ ફલ તેને આપવામાં આવેલ છે. માટે પ્રથમ વિનયાદિ ગુણોને શીખવા જોઇએ. ફલ તો તેની પાછળ જરૂર મળે છે. પરમ પ્રભુ તીર્થંકર ભગવાને શ્રીઉત્તરાધ્યયન સૂત્રમાં વિનયધર્મનો પ્રથમ ઉપદેશ આપ્યો છે. કે સર્વ ગુણોમાં વિનયગુણની પ્રધાનતા છે. વિનય વિના ગુણો આવી શકતા નથી. તેમજ શોભાસ્પદ બનતા નથી. માટે અહંકાર-અદેખાઈનો ત્યાગ કરીને વિનયમાં તત્પર થાઓ. તમોને અનુભવ પણ છે કે વિનયશાલી પુત્રાદિક અને શિષ્ય વિગેરે ધનાદિક તથા જ્ઞાનાદિકને પ્રાપ્ત કરવા ભાગ્યશાલી બને છે. પણ જે અક્કડને અભિમાની હોય છે તેને મળતું નથી. અરે વિનયાદિ કરવાથી વિરોધી કે જે વૈરી છે તે પણ વૈર વિરોધાદિકનો ત્યાગ કરી શાંતિ પકડે છે. અને મિત્રાચારિ રાખે છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે માનવો વિનયાદિકને ધારણ કરતા નથી તેના જે વિરોધી હોય નહી તે પણ વિરોધી બને છે. અને અંટસ રાખીને કોઇ પ્રસંગે જોખમમાં ઉતારે છે. પ્રતિકુલતા ધારણ કરીને નુકશાની કરી બેસે છે. એટલે જે ધનાદિક હોય છે. તેને ગુમાવવાનો વખત આવી લાગે છે. તથા વિષય કષાયના આધારે ઉત્પન્ન થએલી અદેખાઈ પણ ખસતી નથી. તેથી જીવન પર્યંત શાંતિ રહેતી નથી. તો પછી આત્મોન્નતિ કયાંથી સધાય, માટે કોઈ ક્રોધાતુર બની જેમ તેમ બોલે તો પણ વિનય વિવેકને ધારણ કરવો પણ ભૂલવો નહી. એકદમ તેના સામે થવું નહી. એકદમ તેના સામે બોલવું નહી. આ શાંતિને પ્રાપ્ત કરવાનું સત્ય સાધન છે.

**૭૪ અન્ય ગરીબોનું છીનવી—પડાવી લેવાની અભિલાષાવાળા અને પડાવી-છીનવી લેનારનું પરિણામે ભલું થતું નથી. આ ભવમાં કે પર-ભવમાં અત્યંત દુઃખદાયક સ્થિતિ આવી મળે છે.**

અન્ય ગરીબો ઉપર ઉપકાર કરવો તો દૂર રહો પણ અપકાર કરવો તે તો અધમનું કાર્ય છે. કદાચ પુણ્યોદયે આ ભવમાં બીજાનું પડાવી લઈ મોજ મજા-લહેર માણે પણ તે કરેલા અપકારની ભયંકરતા ગઇ નથી બીજા ભવમાં વ્યાજ સાથે તેનો બદલો લેવા હાજર થાય છે. એક જાગીર-દારની પાસે જમીન ઘણી હતી તથા બાગ બગીચામાંથી ઘણું ઉત્પન્ન થતું. છતાં બાગની પાસે રહેલી એક બાઇની જમીનનો ખૂંટ, પથ્થરનો કકરો ઉખેડી નાંખી. ચાર-પાંચ વાર જમીન પડાવી લીધી. ગરીબ બાઇએ કહ્યું અરે ભાઇ!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તારી પાસે જમીનનો કયાં તોટો છે કે મારી જમીનનો ખૂંટ ઉખાડી નાંખી તે જમીનને બથાવી પાડી. જાગીરદાર કહેવા લાગ્યો તું જમીન કયાંથી લાવી ? મારી જમીન હતી તેથી તેં મૂકેલો ખૂંટ ઉખાડી નાંખ્યો. અને મારો ખૂંટ સ્થાપન કર્યો. બહુ લવારો કર નહી. "જા" સરકારમાં ફરિયાદ કર. ગરીબ બાઇ ફરિયાદ કરવામાં અશક્ત હતી, પસા હતા નહી. તેમજ તેની સાથે વેર વિરોધ થાવ-તો 'પૈસાદારનો પક્ષ, પ્રાયઃઘણા લે. ગરીબનું કોઇ પણ આવા પ્રસંગે થાય નહી. તેથી રડતી આ બાઇ કાંઇ પણ કરી શકી નહી. પણ કર્મ તો બરોબર ખબર લે છે બન્યું-એવું કે જે ખૂંટ, જમીનદારે લગાવ્યો હતો. તેની પાસે કોઠીના વૃક્ષ ઉપર રહેલા કોઠાને લેવા તે ખૂંટમાં નિસરણી ટેકાવીને ઉંચે ચઢયો કોંઠા લેવા ઉપરના છેલ્લાં પગથીએ પગ મૂકયો. તેટલામાં નિસ્સરણી ખસી અને કોઠાં તો હાથમાં આવ્યા નહી પણ પોતે લગાવેલ પથ્થરના ખૂંટ ઉપર પડયો અને મસ્તકમાં વાગ્યું. અને તે થોડા દિવસમાં થએલી ઈજાથી મરણ પામ્યો જમીન પડી રહી. અને હસવા લાગી કે અન્યનું પડાવી લેનારની આવી દશા થાય છે. માટે દયા રાખવી ઉચિત છે.

**૭૫ તમારી પાસે પરોપકારની સાધન સામગ્રી ન હોય તો બાધ જેવું નથી પણ ભાવના તો રહેલી છે ને ? દરેક પ્રાણીઓનું કલ્યાણ થાઓ સંકટ-વિડંબનાઓ ટળો દોષો દૂર ખસો અને સુખી બનો.**

આ મુજબ ભાવના ભાવશો તો પણ અધર્મના માર્ગે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગમન કરશો નહી. અને ભાવના બલથી પરોપકારની સાધન સામગ્રી મળી રહેશે બીજાઓને દુઃખી કરવાની ભાવના-વાળાને સુખશાંતિ કયાંથી મળે ? અન્ય પ્રાણીઓનું કલ્યાણ ઈચ્છશો તોજ તમારૂં કલ્યાણ થવાનું. દરેક પ્રાણીઓ સુખની ચાહના રાખે છે કોઈને દુઃખ પસંદ પડતું નથી. તેથી બીજા-ઓને મારતા કે દુઃખી કરતાં પોતાની એવી સ્થિતિ ઉપસ્થિત થાય છે. એક બાઈને દીકરા-દીકરીઓનો સારી રીતે પરિવાર હતો અને આ બાઈ જાત મહેનતમાં શ્રદ્ધાવાળી હતી તેથી રાત્રીના છેલ્લા પહોરમાં જાગ્રત થવા માટે એક કુકડો રાખ્યો. આ કુકડો છેલ્લા પહોરે શબ્દ કરીને જગાડતો. બાઈ જાગ્રત થઈને પોતાની દીકરીઓને જગાડી પોતાના ઘરના કામમાં જોડતી પણ નિદ્રામાં દખલ થતી હોવાથી આ પુત્રીઓને બહુ કંટાળો આવવા લાગ્યો તેથી કુકડા ઉપર અદેખાઈ કરી તેનો ઘાટ કરવા તૈયાર થઈ. આ કુકડો વહેલો બોલે છે અને માતા જાગીને અમોને જગાડી ઘરના કામમાં લગાડે છે ઉંઘ પૂરી લેવા દેતી નથી. માટે જો કુકડો મારી નાંખીયે તો માતા વહેલી જાગે નહી. અને આપણને જગાડી કામે લગાડે નહી સારી રીતે નિદ્રા લેવાય. આમ વિચાર કરી છાની રીતે કુકડાનો ઘાટ ઘડી નાંખ્યો માતાને દુઃખ થયું કુકડો બોલતો હતો ત્યારે નિયમસર ઉઠાતું હવે નિયમ રહ્યો નહી. કદાચ રાત્રીના બીજા પહોરે જાગીને પેલી છોકરીઓને જગાડી કામ ધંધે લગાડતી તેથી આ છોકરીઓને અધિક દુઃખ થયું. અને માંહોમાંહી કહેવા લાગી કે આ તો બકરી કાઢતાં ઉંટ પેઠા જેવી દશા થઇ કુકડાને જીવતો રાખ્યો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોત તો બહુ સારૂ થાત ? આ પ્રમાણે બીજાઓને દુઃખ આપતાં પોતાને દુઃખ આવી સતાવે છે.

### ૭૬ સાંસારિક સત્તા અને સંપત્તિને સ્વાધીન કરવા માયા-મમતામાં મગ્ન બનેલ માનવો ઘણો પ્રયાસ કરે છે આરંભ સમારંભના કાર્યો કરતાં પ્રાણીઓનો નાશ કરતા પાછુ વળીને જોતા નથી.

કે આ પ્રાણીઓનો ઘાત કરી પોતાના પ્રાણોને પોષું છું પણ પોતાના પ્રાણો કયાં સુધી ટકવાના છે સાત પ્રકારે રાગ-દ્વેષાદિના આધારે સ્વ પ્રાણોનો ઘાત થાય છે તેમાં એક ક્ષણ પણ વધારી શકાશે નહી તો પણ જાણે અમર પટ્ટો લઈને આવ્યા હોયની શું ? તેમ હિંસા-અસત્ય-ચોરી-જારી તથા વિવિધ કપટ કલાને કેવળી સત્તા તથા સંપત્તિ વિગેરેને મેળવવા માટે મથી રહ્યા છે. પણ દુન્યવી સત્તા-સાહ્યબી વિગેરે " ખીસકોલી "ની માફક ખસીજતાં વિલંબ કરતી નથી, જ્યારે તે સંપત્તિ વિગેરે ખસી જાય છે. ત્યારે તેઓને ઘણું કષ્ટ સહન કરવું પડે છે.

એક ખીસકોલી જામફલીના ઉપર બેસી તેના ફલને ખાતી આનંદમાણી રહેલી છે. તેવામાં બે બાળકો, રમતાં રમતાં ત્યાં આવ્યા અને પુંછડીને પટપટાવતી અને ડચકારાને મારતી રૂપાળી આખલીને દેખી, તેને સ્વાધીન કરવા લીલાધર છોકરાએ પોતાની બેન મંજુલાને કહ્યું કે. બેન ? દેખતો ખરી ? આ ખલી કેવી રૂપાળી છે. અને ડચકારા મારતી આનંદમાં મ્હાલી છે. હું તેને પકડીને કબજે કરૂં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો બડી મજા પડશે આપણે તેને રમાડીશું. એને કહ્યું ભાઈ! તું તેને કબજે કરવા પ્રયાસ કરીશ. ફાવાફવા કરીશ. તો પણ પકડાશે નહી. ઉલ્ટું તને કષ્ટ પડશે. અને દુઃખી થઈશ. આપણા માતપિતાએ કહ્યું છે કે. આવા પ્રાણીઓને પકડવા નહી. તે ભૂલી ગયો લાગે છે. એને કહી બીનાને અવગણી તે "ખલી"ને પકડવા જામફલીના ઉપર ચઢયો. પકડવા માટે પાસલો નાંખ્યો પણ તેમાં ફસાઈ નહી અને કુદીને નાશી ગઈ. અને જામફલીનું ડાળુ ભાગી ગયું. તેના સાથે લીલાધરની કેડ તથા હાથપગો પણ ભાગ્યા. આ પ્રમાણે સત્તા-સંપત્તિ અગર સાહ્યબીની પણ એવી સ્વાભાવિક વૃત્તિ રહેલી છે. તેને પાસાઓ રચીને પકડવા જતાં ખસી જાય છે અને કરેલી મહેનત માથે પડે છે. જે માનવભવમાં મેળવવાનું હોય છે. તે મેળવાતું નથી અને નજરે દેખતાં દેખતાં ખસી જનારી સાહ્યબી-સંપત્તિ ખાતર જીવન વૃથા ગુમાય છે. આ સત્તા-સંપત્તિનો વિશ્વાસ ન રાખતાં જો આત્મિક સત્તા-સંપત્તિ માટે પ્રયાસ થાય તો જીવનની સાર્થકતા સફલતા સધાય.

'એક બ્રાહ્મણે મનોહર મેનાના બચ્ચાનું પાલન કરી તેને મ્હોટું કર્યું. અને પાંજરામાં રાખી તે બ્રાહ્મણ, તેને 'એ હું આ રહી' આ પ્રમાણે ભણાવતો, તેથી કોઈ બોલાવે ત્યારે કહે કે 'એ હું આ રહી. આ પ્રમાણે બોલી દરેકને ખુશી કરે છે. તેથી બ્રાહ્મણ તથા બીજા આડોશી પાડોશી તે મેના ઉપર ઘણો પ્રેમ રાખે છે. કેટલાક વળી જામફલ-દાડમ વિગેરે લાવીને મૂકે છે. અને મેના બેઠી બેઠી ખાય છે પાડો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શમાં રહેનાર એક છોકરાને તેના પર ઘણું વહાલ હોવાથી દાડમ વિગેરે ફલો મૂકી છાની રીતે તેને પકડી ગજવામાં મૂકી. તે વખતે તેનો માલીક બહાર ગયો હતો. તે આવીને બોલવા લાગ્યો. પેલા છોકરાના ગજવામાં રહેતી મેના બોલી કે, 'એ હું આ રહી' આમ સાંભળી છુપી રીતે ચોરી કરીને ગજવામાં રાખનાર પેલાને બે તમાચા મારી મેનાને ગ્રહણ કરી પછી પાંજરામાં નાખી. એક સમ્યગ્‌જ્ઞાની એ બીના દેખીને જાણીને મેનાને પાલનાર બ્રાહ્મણને કહ્યું કે તું ગમે તેવું આ પંખીનું પાલન પોષણ કર, પણ તારી ગેરહાજરીમાં બીજાના હાથમાં જવાની જ, તું ગમે તેવો પ્રયત્ન કર પણ રહેશે નહી. આટલો પ્રયત્ન આત્મશક્તિ માટે કર્યો હોત તો તે આવેલી શક્તિ ખસી જાત નહી. મનોહર મેના જેવી દુન્યવી સત્તા–સંપત્તિ ભાસે છે, પણ પુણ્યની ગેરહાજરીમાં બીજે સ્થલે ખસી જાય છે. માટે આત્માના ગુણોને મેળવો અને પોષણ કરો સદાય સમીપમાં જ રહેશે

**૭૭ તમો નિરંતર સુખી રહેવા માટે અથાગ પ્રયાસ કરીને દુન્યવી વસ્તુઓને મેળવશો તો પણ સુખી રહેવાની અભિલાષા પુર્ણ થશે નહિ અધુરી રહેવાની જ.**

કારણ કે તે વિકારી અને બનાવટી સુખના સાધનો છે તમારે તો નિર્વિકારી અને અસલી સુખના સાધનો જોઈએ છીએ અને મેળવ્યા છે? વિકારી. અને બનાવટી તો તે અભિલાષા કયાંથી પૂર્ણ કરશે? વિકારી સાધનો રાગ–દ્વેષ અદેખાઇ, મારામારી કરાવી દૂર ખસી જઈને હાંસી કરાવે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે અને એવા પ્રસંગે પ્રાણોના જોખમમાં પણ ફસાવે છે.

બે મિત્રો બજારમાં ફરી રહેલા છે. તેવાથાં એક ગૃહસ્થના ગળામાંથી દોરો તૂટી જવાથી મોતીનો હાર માર્ગમાં સરકી પડયો તેની ખબર ગૃહસ્થને રહી નહી. અને ચાલી નીકળ્યો માર્ગમાં પડેલા હારને બે મિત્રોએ દેખ્યો બે જણા લેવા માટે દોડયા. તેમાંથી એક મિત્રે લઈ લીધો બીજો કહેવા લાગ્યો "મને આપ" જ્યારે આપ્યો નહી ત્યારે મિત્રતાનો સંબંધી વિસારી બોલાબોલી કરવા લાગ્યા. અને મારામારી ઉપર આવ્યા. પડેલા હારના મોતી વીખરાઈ છૂટા પડી ગયા અને ધૂળ ભેગા થયા. પણ મારામારી કરતા બંધ પડયા નહી. અને માથાં નાં કુટયાં. લોહી વહેવા લાગ્યું હારના માલીકને ખબર પડવાથી પાછો આવી તે મોતીઓને લઈ ગયો બે મિત્રો વિલખા બનીને વૈદ્યની પાસે દવા કરાવા ગયા. પીડા થતી હોવાથી હવે ભાન આવ્યું અને વૈદ્યને કહ્યું કે તૂટેલા મોતીનો હાર લેવા જતાં અમો લડી પડયા લોહીલુહાણ થયા. કહો અમને શો લાભ થયો ? વૈદ્ય તો આ સાંભળી પેટ પકડીને હસવા લાગ્યો તેમને કહેવા લાગ્યો કે તમારા માંથાં કુટયાં પણ મને તો બે રૂપિયાનો લાભ થયો તમોને તો માંથામાંથી લોહી નીકળ્યું તે લાભ. બે મિત્રો પસ્તાવો કરવા લાગ્યા કે બનાવટી વસ્તુ માટે કલહ થયો મારામારી પણ કરી તે વસ્તુ બીજો લઈ ગયો અને વૈદ્યને લાભ થયો.

## ૭૮ લાલચ બુરામાં બુરી છે સગાવહાલામાં વેર વિરોધ કરાવી તથા મારામારી કરાવીને ખસી જાય છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને બીજાઓ લાભ ઉઠાવે છે ત્યારે પૂરેપૂરો પસ્તાવો થાય છે.

માટે લાલચનો ત્યાગ કરવો જરૂરી છે. લાભ દેખાતો હોય તો પણ પડેલી–ભૂલી ગએલી વસ્તુઓ પોતાના હાથમાં આવે તો તેના માલીકને શોધી આપવી જોઇએ પણ સ્વાધીન કરવાની ઇચ્છા કરવી નહી. કેટલીક વખતે ચોર લોકો લાલચ બતાવી તથા લાલચમાં નાંખી ઘણું લઈ લે છે. તેવા પ્રસંગે સાવધાન રહેવું. નહીતર ગાયો ચારનાર ગોવાળની માફક બને. એક ધનાઢ્ય શેઠને ઘણી ગાયો હતી, શેઠ માનતા હતા કે આ નાની ગૌશાળા, વેજો નામે ગોવાળ આ ગાયોની બરોબર સંભાળ રાખતો અને શેઠના ઘરમાં મ્હોટો થએલ હોવાથી ઘરનો પરિવાર પણ તેના ઉપર પ્રેમ રાખતો ગાયો વગડામ ચરતી ચરતી બહુ દૂર જતી હોવાથી કયે સ્થલે ચરી રહેલી છે તેની ખબર પડે તે માટે દરેક ગાયોના ગળામાં શેઠને કહીને ઘંટ બંધાવ્યા. અને તે ગાયોમાં બહુ દુધ આપનારી અને હૃષ્ટ પુષ્ટ ગાયના ગળામાં એક મ્હોટો ઘંટ બનાવ્યો. એક વખત આ વેજો ગાયો ચરાવી રહેલ છે તેવામાં એક ધૂર્ત મ્હોટા ઘંટ વાળી ગાયને દેખી અને ચોરી જવાની યુક્તિ રચીને મ્હોટી ગાયના ગળામાં રહેલ ઘંટની કેટલી કિંમત આપી છે. વેજાએ કહ્યું કે ચાર રૂપિયા આપીને બાંધ્યો છે. ધૂર્તે કહ્યું કે તને બાર રૂપિયા આપું જો આ ઘંટ મને આપે તો વેજા ગોવાળે, લાલચમાં લલચાઇ તે ઘંટ આપ્યો અને રૂપિયા બાર લીધા. પણ તે મહોટી ગાય ચરવા માટે ઘણી દૂર ગઈ. તેની ખબર પડી નહી પેલો ધૂર્ત, તે ચરતી ગાયને લઇ ગયો તપાસતો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘણી કર ો પણ કયાંથી ખબર પડે જો ઘંટ હોત તો અવા-જથી માલુમ પડત. મેં મૂર્ખે મ્હોટી ભુલ કરી લાલચમાં ઘંટને વેચ્યો, શેઠને સઘળી વાત કહી અને રૂદન કરવા લાગ્યો. હવે રૂદન કર નહી. બીજીવાર લાલચમાં પડીશ નહી.

૭૯ લાલચ લોભની પુત્રી છે. અને લોભ સર્વ વિના-
શનું કારણ છે. સર્વે પાપો જો થતા હોય તો
લોભ-લાલચથી થાય છે. માટે હવેથી પાપ
ભીરૂ બની લાલચમાં પડીશ નહી. અને
સંતોષાદિ ધારણ કરીને વર્તન રાખજે

આ પ્રમાણે શેઠની શીખામણુની વેજા ગોવાળને સારી રીતે અસર થઇ. લાલચનો ત્યાગ કરી સુખી થયો. આ પ્રમાણે સમકિતિ શ્રાવક, લોભ લાલચનો ત્યાગ કરે તો સાચા સુખની વાનગી મળતી રહે અને કલહ કંકાશાદિક થાય નહી અને સમ્યક્ત્વ સાથે ધારણ કરેલા વ્રત નિયમની સફલતા થાય. અને ઉત્તરોત્તર આત્મવિકાસમાં આગળ વધીને અનંત સુખના સ્વામી બને. પરંતુ લોભ લાલચમાં લપટાય તો સમક્તિ સાથે ધારણ કરેલા વ્રત નિયમોને નષ્ટ કરનાર ક્રોધ-માન-માયા-અદેખાઇરૂપી કુતરા અને બોકડાઓ આવીને પ્રવેશ કરે અને સાચુ ધન સમક્તિ સાથે વ્રત નિયમોનો નાશ કરવામાં બાકી રાખે નહી. કારણ કે લોભ-લાલચ એ સર્વ પાપોને આવવાના ખુલ્લાં બારણું હોય તો કુતરા-બોકડા પેસે એમાં આશ્ચર્ય નથી જ માટે તે મોટા બારણાને બંધ રાખવા સદા ઉપયોગ રાખવો તે આવશ્યક છે. જો લોભ લાલચના બારણાં ખુલ્લાં રાખશો તો એક બાઈની માફક પસ્તાવો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થશે. અને ભારે નુકશાનીમાં આવી પડશે.

એક શેઠની પત્ની હતી તો રૂપાળી પરંતુ જ્યારે બહાર જતી ત્યારે ઘરના બારણાને બંધ કરવાનું વારેવારે ભૂલી જતી. શેઠ તેને પુનઃપુનઃ બંધ કરીને જવાનું કહેતા–પણ માનતી નહી. અને કહેતી કે. ભર વસ્તીમાં ચોર વિગેરે શું પેસી જાય છે. કે વારેવારે કહ્યા કરો છો. શેઠ કહીને થાકયા–પછી કંટાળીને કહેવાનું મૂકી દીધું. એક દી આ બાઇ પોતાના ઘરની પાસે રહેલા પિયરના સગાં વહાલાં સાથે વાત ચિત કરવા ગઈ, પણ બારણા બંધ કર્યા નહી તેવામાં પોળમાં ભમતા–કુતરા અને બોકડાઓને ઘરમાં પેસવાનો લાગ મળ્યો અને પ્રવેશ કરીને જે રાંધેલુ હતું તે તથા રોટલી રોટલા સર્વે ખાઈ ગયા. અને ખાઇને પાછા હગ્યા અને મૂત્રીને ચઢયા મેડી ઉપર. માળમાં આરિસાઓ જે રહેલા હતા તેમાં તેઓનો પડછાયો પડયો. તે કુતરા બોકડાઓ ભ્રમિત બની અમારી સામે બીજા આવ્યા છે. એમ માની ભસવા લાગ્યા પુનઃપુનઃ શીંગડા જોરથી મારવાથી આરીસાઓ ભાગી ગયા અને કુતરાઓ શોર બકોર કરવા લાગ્યા. શેઠાણી વાત ચિત કરીને પિયરમાંથી પોતાને ઘેર આવીને જુએ છે. તો બધું રમણુ ભમણુ થએલ દેખ્યું. રસોઈ પણ ખરાબ થએલ અને અસ્ત વ્યસ્ત પડેલી દેખી તથા ઉપર રહેલા કુતરાઓનું ભસવાનું સાંભળી તથા આરિસાઓને ભાંગી નાંખનાર બોકડાઓને દેખી ઘણો પસ્તાવો કરવા લાગી તેટલામાં શેઠ ચૌટામાંથી સ્વઘેર આવ્યા. થએલ ખરાબીને દેખી તથા પસ્તાવો કરતી પત્નીને દેખીને કહેવા લાગ્યો કે ચોર તો પેઠા નહી. પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુતરા બોકડા ઘરમાં પ્રવેશ કરીને ખરાબી કરી નાંખી આરી-સાઓને ભાંગી નાખ્યા માટે હવે જ્યાં જવું હોય ત્યારે બારણા બંધ કરીને જવું કે જેથી આવી ખરાબી અને નુકશાની થાય નહી. બીજીવાર રસોડાને સાફ કરીને રસોઇ કરવી પડી. ત્યારે ખાવાનો વખત મલ્યો. શેઠ સમતા રાખી જમીને ચોટામાં ગયા પત્ની આ જે ખોડ હતી તે ભૂલી ગઇ હવે તો જ્યાં જવું હોય ત્યારે બારણા બંધ કરીને જાય છે. આ પ્રમાણે અરે ભાગ્યશાલીઓ તમે પણ લોભ લાલચના બારણા બંધ કરવા પૂર્વક વ્યવહારના કાર્યો કરવાનું ભૂલતા નહી. તમો પણ પાપોને આવવાના બારણા બંધ કરશો નહી તો ક્રોધાદિક કુતરાઓ સમ્યગ્ દર્શન-જ્ઞાન ચારિત્રાદિકનો નાશ કરશે માટે આવવાના બારણા બંધ કરવા જરૂરી છે.

## ૮૦ કોઇ પણ માણસો જાણી શકે નહી. એવાં તદ્દન છાના કરેલા પાપો આ ભવમાં પણ અત્યંત દુઃખદાયક થાય છે.

તે વખતે દુઃખમાં કોઈ ભાગ પડાવી શકતું નથી. પોતાનેજ ભોગવવા પડે છે માટે ગુપ્ત કરેલા પાપોથી ખુશી થઈ મલકાઓ નહી.

જાલમસિંહ નામે રજપૂત રાજાનો રીસાલદાર હતો તેને એક પઠાણે કોઈ પણ માણસ જાણી શકે નહી તેવા ગુપ્ત સ્થલે ખંજર મારીને લોહીલુહાણ કરીને તે નાશી ગયો જાલમસિંહ ઘણો ઘાયલ થએલ હોવાથી મરણ પામ્યો રાજાએ તે પઠાણને પકડવા માટે ઘણી તપાસ કરાવી પણ તે પકડાયો નહી. જાલીમસિંહના પુત્ર હરિસંગને તેની માતાએ ભણાવી ગણાવીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રવીણ બનાવ્યો. વીશ વર્ષના હરિસંગને હુંશિયાર જાણી રાજાએ તેના પિતા જાલમસિંહની જગ્યાએ સ્થાપન કરી રીસાલદાર બનાવ્યો હરિસંગ ચાર પાંચ મિત્રો સાથે ગોળી બાર કરવા ગાઢ જંગલમાં ગયો. નિશાન તાકે છે તેવામાં એક ગોળી તે જંગલમાં ગુપ્ત રહેલા વૃદ્ધ માણસને બરોબર છાતીમાં વાગી. તેથી તેણે બૂમ પાડી. હરિસંગ ત્યાં આવીને પસ્તાવો કરવા લાગ્યો અને રૂદન કરવા લાગ્યો ત્યારે પેલા વૃદ્ધે કહ્યું કે અરે હરિસંગ તું રૂદન કર નહી. ગુપ્ત કરેલા પાપો આ ભવમાં પણ વિપાક આપે છે આ જગ્યાએ તારા પિતાને મારી નાંખનાર હું પઠાણ છું. કરેલા પાપોથી ભલે પછી પકડાયો નહી. પણ પાપે મને પકડી લીધો અને આ જગ્યાએ જ તારી ગોળી વાગી. હવે મને ખબર પડી કે છાનાં કરેલાં પાપો કોઇને પણ છોડતા નથી. ભલે પછી રાજા-મહારાજા હોય કે દેવ દાનવ હોય, તો પણ તેને અત્યંત સંકટો વિડંબનાઓને ભોગવવાનો સમય આવી લાગે છે તમોએ જાણ્યું કે જાલમસિંહને મારી નાંખનાર પઠાણનું પણ તેજ સ્થલે મરણ થયું માટે જાહેર અગર ગુપ્ત પાપ કરતાં પાછા હઠો.

## ૮૧ છળ પ્રપંચ કરીને ભેગા કરેલા પૈસાના પાપો પણ આ ભવમાં સુખેથી રહેવા દેતા નથી. દુઃખદાયી સ્થિતિમાં લાવી મૂકે છે.

કેટલાક ખોટી સાક્ષી પૂરી. કે બીજાની થાપણ ઓળવી–અગર કપટ કલાને કેળવી પૈસા-ધનાદિકને મેળવી મોજમજા કરે છે પરંતુ જેવા માર્ગે આવ્યા તેવા માર્ગે ખસી જાય છે અને પાપનું ફલ પોતાને ભોગવવું પડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઈ એક ગામમાં લોભી વાણીયો રહેતો તે જાતે વહોરો હોવાથી વિવિધ પ્રકારનો વેપાર કરતો હિંસા કરવામાં કુશળ હોઇ શરીરે માંસાદિક ખાવાથી લષ્ટ પુષ્ટ હતો. તથા સાચાનું જુઠું અને જુઠાનું સત્ય સારી રીતે કરતો કોઈ કહેવા જાય ત્યારે મારામારી ઉપર આવતો અને વેપાર કરતાં જ્યારે ખોટ આવતી ત્યારે અગ્નિ લગાડી નાદારી લઈને દેવાળું કાઢતો ઘરમાં લાખો રૂપિયા છાના રાખીને કહેતો મારી પાસે વાલની વીંટી પણ નથી. નાદારી લીધેલી હોવાથી લેણદારનું જોર કાંઈ ચાલતું નહી. તેથી મનમાં ખુશી થતો અને પાંચ-છ મહિના ગયા પછી બીજાના નામે દુકાન પોતે ચલાવતો પણ કરેલા પાપો કયાં ગુપ્ત રહે છે. ! અર્થાત્ છાનાં રહેતા નથી. પાપોદયે બન્યું એવું કે ઘરમાં જ બીન ઉપયોગથી લ્હાય લાગી. તેના બુઝાવવા માટે દુકાનને બંધ કર્યા વિના ઘર તરફ નાઠો એક બાજુ દુકાનમાં ગલ્લામાં પાંચશો છશો રૂપિયા છે અને ઉઘાડી રહેલી તીજોરીમાં દશ-બાર હજારની નોટો છે તેવામાં એક વાંદરો દુકાનમાં રહેલ મેવો ખાવા પેઠયો. મેવો તો ખાધો પણ તીજોરીમાં રહેલી નોટો પકડી ફાડી ફાડીને ટૂકડા કરવા લાગ્યો અને બહાર ફગાવીને પાછો ગલ્લામાં રહેલા રૂપીયાને પણ મૂઠી ભરીને માર્ગમાં નાંખવા લાગ્યો. માર્ગમાં પડેલા રૂપીયાઓને લઇને લોકો નાશી ગયા. તે વહોરો આવીને દુકાનમાં રહેલા વાંદરાએ કરેલી નુકશાનીને દેખી પોક મૂકવા લાગ્યો તદ્દન પાગલ જેવો બન્યો. કરેલ પાપ ફળ્યા વિના રહેતું નથી. માટે દગા-પ્રપંચને મૂકી પ્રમાણિક બનો.

૮૨ કેટલાક મનુષ્યોને બે જણા છાની વાતો કરતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**હોય તે વાતને સાંભળવાની ટેવ હોવાથી ગુપ્ત રીતે સાંભળે છે. પણ બે જણા ધીમેથી વાત કરતા હોવાથી પૂરી વાત સાંભળવા શક્તિમાન બનતો નથી.**

અડધી વાત પણ શ્રવણ કરી કે ન કરી તે ઉપર શંકાતુર બની એમ જ માની બેસે છે કે આ બે જણા મારી જ વાતો કરે છે. તેથી દ્વેષ–ખેદને ધારણ કરવા પૂર્વક પોતે જાતે જ દુઃખી થાય છે. જો કે વાત કરનારને મુખે કહી શકતો નથી પણ મનમાં બબડયા કરે છે. આવાને ચિન્તા જેવું હોય નહી તો પણ પોતે જાતે જ ચિન્તાઓને ઉત્પન્ન કરે છે. તેથી ચિન્તાનો પાર આવતો નથી. પોતે દોષિત હોય નહી છતાં દોષિત બને છે. કોઇ કહે કે. છાની વાતને શ્રવણ કરવાની ટેવ રાખે છે. તે દૂર કરવા જેવી છે. તો પણ માને નહી. પણ કોઇ એવો પ્રસંગ આવી લાગે છે કે જીંદગીમાં આ ખોડ ભૂલી જાય. સાધન સંપન્ન એક શેઠની પાસે આવી એક સેવાભાવી, ઘોડાના તબેલામાં તે શેઠને નિરાધારને સહકાર આપવા સંબંધી વાત કરતા હતા, તે અરસામાં પાડોશમાં રહેતો પાડોશી છાનોમાનો આવીને તબેલાની પાછળની ભીંતમાં છૂપાઇ બારીમાં આવતા શબ્દોને સાંભળતો હતો તેવામાં તે વાત ને પોતાના સંબંધી વાત કરે છે એમ માની દ્વષ અને ખેદ કરવા લાગ્યો અને મનમાં બબડવા લાગ્યો. આડું અવળું જોતાં ઘોડાના તબેલામાં રહેલી બગાઇ કાનમાં પેસી ગઈ તથા ભીંત ઉપર લાગેલ મધપુડાની માખીઓ આખા શરીરે ચોંટીને ડંશ દેવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાગી. અધુરામાં પુરૂં તે સ્થલે રહેલ વીંછી પગે કરડયો. પેલાએ કારમી ચીસ પાડી. શેઠને સેવાભાવી દોડી આવ્યા. તે ઉપકાર અને ઉપચાર કરવાથી કાનમાંથી બગાઈને કાઢી. માંખીને દૂર કરી પણ વીંછીની વેદનાએ બરોબર ખબર લીધી. બે દીવસે વેદના શમી. હવે આ ભાઈ છાની વાત સાંભળવાની "ખો" ભૂલી ગયા. શેઠે પુછયું. તબેલાની પાછળ કેમ આવ્યો હતો? તેણે કહ્યું કે તમારી છાની વાત સાંભળવા ખાતર આવ્યો પણ શંકાતુર બનેલ હોવાથી જેમ તેમ ફરવા લાગ્યો. તેટલામાં આ વિડંબનાઓ હાજર થઈ શેઠે કહ્યું કે તારી વાત નહોતી પણ કોઈ એક નિરાધારને મદદ કરવાની હતી. માટે શંકા લાવીશ નહી. અને દ્વષ ખેદાદિકને ધારણ કરીશ નહી. અમે કોઈની ભલે પછી દોષિત હોય તો પણ ટીકા કે વાત કરતા નથી. આ સાંભળી શરમીંદો બની પોતાની ટેવને દૂર કરવા પ્રયાસ કરવા લાગ્યો. આ ટેવ પણ ગઈ. માટે "જ્યાં બે જણા વાત કરે છાની ત્યાં ઉભા ન રહેવુ" આ નીતિ કાવ્ય સત્ય છે. તેથી શાંતિ રહે છે. વિકલ્પ સંકલ્પ બહુ થતા નથી. સુખનો આ પણ માર્ગ છે.

**ધૈર્યને ધારણ કરનાર તો પોતાની વાતો કોઈ કરતા હોય તો પણ શંકાતુર બનતા નથી. તેમજ દ્વેષ ખેદાદિકને ધારણ કરતા નથી ભલેને તેઓ વાતો કરે. આમ હિંમત રાખી પોતાની સભ્યતાને ચૂકતા નથી તેથી તેને રીતસર શાંતિ રહે છે. અને તેના પર અન્ય જનો આદરભાવ રાખે છે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઇ એક ધનાઢ્ય, નિરાધાર નિરાશ્રિત માણુસોને અનાજના રોટલા બનાવી બપોરે આપતા અને કહેતા કે તમો આ ટોપલામાંથી એક એક રોટલો લઇને જવું, ઘણા નિરાધારો આવીને પડાપડી કરીને એક એક રોટલો લઈને જતાં ત્યારે એક નિરાધાર છોકરી દૂર રહી ધીરજ રાખી છેવટે વધેલો નાનો રોટલો લઈને ભૂખ્યા માત પિતાને આપતી. શેઠને છેલ્લી ધીરજ રાખીને ઉભી રહેતી આ છોકરીને દેખી તેના ઉપર સદ્ભાવ આવવાથી છેલ્લા નાના રોટલામાં સોનામહોરો નંખાવી પેલા ઉતાવળીઆઓ રોટલા લઈને ગયા પછી બાકી રહેલો નાનો રોટલો લઈને માતપિતાને અર્પણ કર્યો રોટલો ભાગતાં સોનામહોરો નીકળી. તેને પાછી આપવા છોડીને મોકલી શેઠે કહ્યું કે, જા પાછી લઇજા. તારી ધીરજને દેખી મેં અર્પણ કરી છે, આ પ્રમાણે સાંભળી ખુશી થઇને સ્વઘેર આવી માટે ધીરજ રાખવાની જરૂર છે.

## ૮૩ ઉદાર બની નિરાધાર દુઃખી માણુસોને અન્ન પાણી દેવાથી તથા સદ્ગુણીજનોને મદદ કરવામાં પરિગ્રહ જે મેળવ્યો તેની સાર્થકતા અને સફલતા થાય છે.

પરિગ્રહને ધારણ કરી જો મમતા મૂર્ચ્છા રાખવામાં આવે તો તે પરિગ્રહ ક્લેશ કંકાશનું કારણ બની વિવિધ વિડંબનાઓ ઉપસ્થિત કરે છે. તેથી શક્ય સહકાર સહારો આપવા પ્રયત્નશીલ બનવું. પાપોદયે નિરાધાર બનવાનો પ્રસંગ આવી લાગે તથા સંકટો આવે ત્યારે જો મદદ સહારો આપેલ હોય તો તમોને સહારો અગર શક્ય મદદ મળી શકે, કોઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વખતે એવો પ્રસંગ આવે છે કે જેને દુઃખી અવસ્થામાં મદદ કરી નથી તેની પાસે માગણી મદદની કરવાનો સમય આવે છે. એક ધનાઢય બપોરે જમવા બેઠો છે. વિવિધ રસવતી ખાઈ રહેલ છે. તે વખતે બે ત્રણ દિવસનો ભૂખ્યો માણુસ આવીને ભોજનની માગણી કરવા લાગ્યો. કે બે ત્રણ દિવસથી મને ખાવાનું મળ્યું નથી માટે થોડુ ખાવા આપો તો શક્તિ આવે અને ધંધે લાગું. તાવ આવતો હોવાથી મજુરી મહેનત બની શકી નથી. માટે પેટપુરતું અગર તમારી ઈચ્છા મુજબ અલ્પ પણ આપો. આ શ્રવણ કરી ધનાઢયે એકદમ કુદીને કહ્યું કે ! તારા માટે આ રસોઈ બનાવી છે શું. ? જા, જા, દૂર ખસી જા, કાંઈ પણ મળશે નહી. માગણી કરનાર મજૂ-રને કોઈ દયાળુએ પેટ ભરીને ખવરાવ્યું. શક્તિ આવી ધંધે વળગ્યો. ધંધો કરતા ભાગ્યાનુસારે પૈસાદાર બન્યો. આ માણુસ લાકડાનો વેપાર કરતો હોવાથી શુકા લાકડા કપાવવા માટે જંગલમાં ભાત પાણીને લઇને ગયો છે તેવામા ધનાઢય શેઠની લાખેણી ઘોડીને ચોર લઇ ગયા છે. તેથી તેને શોધવા માટે આ જંગલમાં પરિભ્રમણ કરી રહેલ છે. બપોરનો તાપ પ્રખર તપી રહેલ હોવાથી શેઠને તૃષા અને ક્ષુધા ઘણી સતાવી રહેલ છે પરિભ્રમણ કરવાથી થાક પણ ઘણો લાગ્યો છે. તેવામાં જે ભોજન માટે માગણી કરનારને દેખ્યો અને પાણી તથા ખાવાની માગણી કરી હતી તેણે ધૂતકારીને કાઢી મુકનાર શેઠને ઓળખ્યો અને કહ્યું કે ખસો ખસો અત્રેથી તમારા માટે ભાત–પાણી લાવ્યો નથી. શેઠે કહ્યું કે અરે ભાઈ તને મેં ઓળખી લીધો તું જ્યારે નિરાધાર અવસ્થામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખાવાની માગણી કરી ભોજન હોવા છતાં પણ તને થોડું પણ આપ્યું નહી અને ધૂતકારી કાઢી મૂકયો તે મેં તે વખતે સારૂં કર્યું નહી. અત્યારે પસ્તાવો કરૂં છું અને માફી માગું છું. આ મુજબ સાંભળી તેણે શેઠની પાસે ફળાદિક તથા પાણીનો ભરેલો ઘટ મૂકીને કહ્યું કે સુખે યથેચ્છ ફળાદિક ખાવો અને પાણી પીવો શેઠે શરમીંદા બનીને ખાધું અને પીધું તેનો ઉપકાર માની વિચાર કર્યો કે, હું મોટો કે ભાતુ પાણી આપનાર મ્હોટો ? હવેથી કોઇપણ આંગણે આવેલાને નિરાશ કરવો નહી. યથાશક્તિ સહારો આપવો ધનાદિક હોતે શા માટે કૃપણતા કરવી દુનિયામાં નીતિશાસ્ત્રનું લખાણ છે કે

અન્ન-પાણી અને મધુર વાણી આ ત્રણ રત્નો છે જેણે મધુર વાણી પૂર્વક અન્ન-પાણીનો સહારો આપ્યો તેણે ત્રણ રત્નો આપવા સમાન છે તૃષાતુરને ખીસ્સામાં રહેલ રત્નો વિગેરે તૃષાને મટાડતી નથી. તેમજ ક્ષુધા બલવતી લાગી હોય ત્યારે ખીસામાં રહેલ રત્ન-સોના મહોરો અગર કરન્સી નોટો ક્ષુધાને ખસેડતી નથી. તે વખતે મધુર વચન પૂર્વક મૂકેલ અન્નપાણી જીવનમાં પ્રાણોને સતેજ કરે માટે અન્ન-પાણી અને મધુર વાણીનું દાન દીધા કરો શક્તિ હોતે પણ જે અન્નાદિ ત્રણ રત્નો આપીને જીવનમાં પ્રાણોને સતેજ કરતા નથી તેઓને કોઇ પ્રસંગે સહારો મળતો નથી અનુકંપા દાનનો કોઈ પણ શાસ્ત્રમાં નિષેધ નથી તેથી માણસો સારા નિમિત્તો મળતાં ધર્મ પામી સદાચારોનું પાલન કરી સદ્‌ગતિનું ભાજન બને છે.

**૮૪ હજાર-લાખો રૂપિયાનું દાન કરનાર ધનિકના**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**કરતાં સર્વસ્વનું દાન કરનાર ગરીબ સારા ભાવથી વધારે મોટો છે. પોતાની પાસે ઘણું ધન હોય તેમાંથી અમુકાંશે દાન દેનાર ધનાઢય ઘણા મળી આવશે પરંતુ સર્વસ્વનું દાન આપનાર વિરલ હોય છે.**

તેથી તે ધનાઢય કરતાં મોટો કહેવાય છે. સદ્ભાવ સિવાય દાન કરનાર ગરીબ જેવો નહી હોવાથી સદ્ભાવની અપેક્ષાએ મહાન્ ગણાય નહી. દરેક ધાર્મિક દાનાદિ ક્રિયામાં ભાવની પ્રધાનતા છે સદ્ભાવ પૂર્વક સર્વસ્વનું દાન દેનારને આ ભવમાં તેમજ પરભવમાં યથેચ્છ લાભ મળી આવે છે. ભલે પછી દાન, બહુ અલ્પ કીંમતનું હોય પણ ભાવ ઘણો હોવાથી તે દાન, અમુલ્ય ગણાય છે.

શ્રીમાન્ શાલીભદ્ર તથા શ્રીમાન્ ધન્ય કુમારે પ્રથમ ભવમાં મહાવ્રતધારી તપસ્વી મુનિવર્યને પારણામાં ખીરનું દાન કર્યું હતું પણ ખીરનું દાન દેતી વખતે ભાવ એટલો બધો હતો. કે પોતાની ભુખનું પણ ભાન રહ્યું નહી. સઘળી ખીર વહોરાવી. તેથી ભાવના આધારે અઢળક સંપત્તિના સ્વામી બન્યા. તે સંપત્તિ પરિવાર અને વિગેરેનો ત્યાગ કરી મુનિ-રાજ બન્યા. તપસ્યા સમતા ભાવે કરેલ હોવાથી અનુત્તર સર્વાર્થ સિદ્ધ વિમાને દેવ તરીકે થયા. માટે ભાવની અપેક્ષાએ સર્વસ્વનું દાન દેનાર ગરીબ મહાન્ છે ' શ્રીમાન્ ઉદયન મંત્રી પિતાની આગળકરેલી પ્રતિજ્ઞાનું પાલન કરવા શ્રી શત્રુંજયનો પુનરૂદ્ધાર કરવાની પૂર્ણ અને પવિત્ર ભાવનાથી તળેટી આગળ પડાવ નાંખ્યો, નગરોમાં તથા ગામોમાં રહેનાર ધનાઢયોને ખબર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પડી કે, વાગ્ ભટ્ટ મહામંત્રી શત્રુંજયનો પુનરૂદ્ધાર કરવા તત્પર બન્યા છે તેથી તેઓ આ પવિત્ર કાર્યમાં પુણ્યના ભાગી બનવા માટે પાલીતાણા આવ્યા. અને શક્તિ મુજબ કોઇએ હજાર દશ હજાર તથા કોઇ ધનિકે કરોડોપતિ હોવાથી લાખ રૂપિયા ટીપમાં ભરાવ્યા. તે વખતે ભીમજી કરીને શ્રાવક હતો તેને પણ ટીપમાં શકય રૂપિયા ભરવાની ભાવના થઈ પણ પોતાની પાસે રૂપિયા હતા નહી. મુડીના એક રૂપિયાના આધારે ઘીનો વેપાર કરતો. બહાર ગામના ઠીઆઓ આવેલ હોવાથી ઘીની સાથે પોતાના ભાવ વધ્યા. એક રૂપિયાનો અધિક લાભ થયો તેથી શ્રીમાન્ વાગૂભટ્ટમંત્રીજીની પાસે આવી ટીપમાં એક રૂપૈયો ભરાવવાની ભાવના દર્શાવી. મંત્રીજીએ પૂછયું. તમારી પાસે કેટલી મિલ્કત છે ભીમે કહ્યું કે એકજ રૂપિયાની છે. પુણ્યવંતો હજારો લાખો ટીપમાં ભરાવે છે. તે જાણી મારી ભાવના વધે છે માટે આ રૂપિયો લઇ મારી ભાવના પૂરી કરો. તેની ભાવના અને સર્વસ્વ દાનની કદર કરી ટીપમાં તેનું પ્રથમ નામ લખ્યું. તેથી ધનાઢયો નાખુશ બન્યા અને કહેવા લાગ્યા કે આમ કેમ કર્યું ? મહામંત્રીજીએ કહ્યું કે તમારી પાસે જે સંપત્તિ છે. તેમાંથી શતાંશ ભાગે તમોએ આ પુણ્યના કાર્યમાં અર્પણ કરી નથી. અને સુંદર ભાવનાવાળા આ ભીમજી શ્રાવકે સઘળી મિલ્કત મુડી અપણ કરેલ છે. તો તમારા સર્વેમાંથી વધારે ભાવનાવાન્ કોણ ? પોતાની આજીવિકાની દરકાર કર્યા વિના તેની મુડી એક રૂપિયાની હતી તે અર્પણ કરી. તેથી તેનું નામ પ્રથમ લખ્યું. શેઠીઆ પણ શાણા હોવાથી ખુશી થયા. ભીમાજી પોતાને ઘેર આવી સ્વપત્નીને સઘળી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીના કહી. તેણીએ પણ ખુશી થઈ ને અનુમોદના કરી. અધિક ભાવના પૂર્વક કરેલ દાન તત્કાલ ફળે છે સાંજરે ગાયને બાંધવા માટે ખીલાને ખોદતાં ઝવેરાતનો ભરેલો કળશ નિકળ્યો તે પણ લઈને અર્પણ કરવા ગયા. પણ મંત્રીએ કહ્યું કે તારા ભાગ્યનું છે તારી ભાવના તત્કાલ ફળી. અમારે પુરતું ધન આવી મળ્યું છે. માટે પાછો કળશ લઈ જા. અધિષ્ઠાયક દેવ કપર્દીયક્ષે પ્રગટ થઈને કહ્યું કે તારૂ પુણ્ય વધ્યું. માટે લઇને ઘેર જા તેથી ભીમજી શ્રાવક-સુખી થયો દાનાદિક પુણ્ય કરીને સદ્ગતિનું ભાજન થયો માટે સદ્ભાવના પૂર્વક અલ્પ આપેલ દાનથી મહાન બનાય છે.

એકલા ધનાદિકથી મહાન્ બનાતું નથી.

ટેકીલા માણુસો વ્યવહારિક કાર્યોમાં જેમ ટેકનો ત્યાગ કરતા નથી તેમ ધાર્મિક કાર્યોમાં પણ લીધેલી ટેક શ્રદ્ધાને વિવિધ લાલચ આપનાર મળે તો પણ છોડતા નથી કહેવાય છે કે જે રાખે ટેક, તેને મળે અનેક. પંતુ જે ટેક શ્રદ્ધાને રાખતા નથી તેની પાસે કોઈ સજ્જન આવતો નથી તેના ઉપર કોઇ વિશ્વાસ ધારણ કરતો નથી. સંભળાય છે કે મારવાડી એક શેઠ અમદાવાદ જેવા શહેરમાં મોટો વેપાર કરે છે હજારો રૂપિયાનો માલ ખરીદ કરવા પૂર્વક યથેચ્છભાવ આવે ત્યારે વેચીને હજારો-લાખો રૂપિયાની કમાણી કરે છે એક-દાલાખ રૂપિયાનો તૈયાર માલ ખરીદ્યો પણ તેના ભાવ બેસી ગયા. તેથી તે માલ વેચી શકાયો નહી. અને જેની પાસેથી માલ લીધો છે. તે આવીને મુદત પૂરી થતાં ઉઘરાણી વારે વારે કરે છે મુદત મુજબ નાણા જો ચૂકવાય નહી તો આબ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રૂને ધક્કો પહોંચે ઘરના ઘરેણાં ગીરે મૂકાય તો પણ પ્રતિષ્ઠાની હાની થાય છે તેથી એક સુંદર પેઢીની પાસે જઇને લાખ નાણાની માગણી કરી. પેઢીના શેઠે કહ્યું કે કાંઇક ગીરે મૂકે તો નાણા આપું. આ શેઠ બડા કુશળ હતા તેમ મારવાડી શેઠ પણ ટેકીલો હતો તેથી કહ્યું કે ઘરેણાં તો મુકી શકું એમ નથી, પણ મારી મુછનો એક વાળ ગીરો તરીકે મૂકું છું. આમ કહીને એક વાળ તોડી આપ્યો.પ્રવીણ પેઢીના શેઠે કહ્યું કે આતો વાંકો છે મારવાડી શેઠે કહ્યું કે વાળ વાંકો પણ માંકો હે આ પ્રમાણે કહેવાથી ટેકીલો જાણી ઈચ્છા મુજબ રૂપિયા આપ્યા તે લઇને જે દેવું હતું કે ચૂકવ્યું આ બીના બજારમાં જાહેર થઈ તેથી બીજો ધૂર્ત આવીને નાણા માગવા તે પેઢીના શેઠની પાસે આવ્યો શેઠે ગીરે મૂકવાનું કહ્યું ત્યારે ઠગારાએ મૂછનો વાળ ચૂંટીને આપ્યો શેઠે કહ્યું કે. આ વાળ તો વાંકો છે. ત્યારે બીજો ચૂંટીને આપ્યો. તેને પણ વાંકો કહ્યો આ મુજબ અડધી મૂચ્છના વાળ ચૂંટીને આપ્યા તેથી શેઠે ધૂર્ત જાણી ધકેલી મૂક્યો અને કહ્યું કે તને મૂછના વાળની કિંમત નથી તો આબરૂની કિંમત ક્યાંથી હશે ? ઠગારો દેખાય છે. જેને મૂછની વાળની કિંમત છે તેને જ આબરૂ પ્રતિષ્ઠાની કિંમત હોય, આ ઠગારો મસ્તકને ખણુતો ચાલ્યો ગયો. અને કાંઇ મળ્યું નહી. અને ઠગ તરીકે જાહેર થયો. તેનો કોઇએ વિશ્વાસ રાખ્યો નહી. આવા માણસોને નીતિન્યાય કે ધાર્મિક કાર્યોમાં ટેક હોય ક્યાંથી ? હાલમાં ઘણા માણસો મૂછો રાખતા નથી તેથી તેઓમાં ટેક હશે કે નહી હોય તે શંકા તો થાય જ, પછી ભલે શેઠીયા હોય કે વેઠીયા હોય. મારવાડી શેઠ તો ટેકીલો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોવાથી બે ત્રણ મહિના પછી ભરી રાખેલા માલનો ભાવ વધ્યો. તેથી શેઠને બમણો લાભ થયો. વ્યાજ સાથે નાણા લઈને પેઢીના માલીક શેઠની પાસે આવી દેવું ચૂકતે કર્યું. ત્યારે શેઠે કહ્યું કે કોઈ એવા પ્રસંગે જરૂર પડે ત્યારે સુખેથી રુપિયા લેવા આવશો–તમને જરૂર નાણા આપવામાં આવશે. મારવાડી શેઠની આબરૂ વધી. દરેક માણસો તેના પર વિશ્વાસ રાખવા લાગ્યા. આ મારવાડી શેઠ જેવા વ્યવહારમાં ટેકવાળા હતા તેવાજ ધર્મની આરાધનામાં ટેકીલા હતા. ધર્મની આરાધનામાં જે ટેકવાળા હોય છે. તે વ્યવહારના કાર્યોમાં ટેકીલા હોવા જોઈએ તો જ ધર્મની આરાધના ફલવતી બને છે. ધર્મનીતિની આરાધના કરતાં વ્યવહારમાં એટલે ખાનગી જીવનમાં અનાચારી, વ્યભિચારી બને તો તે આરાધના ફલવતી બનતી નથી માટે જાહેરમાં તેમજ ખાંનગીમાં તથા વ્યવહારમાં કે ધર્મમાં સદાચારને ભૂલવો જોઈએ નહી. તો જ જીવનની ઉન્નતિ થાય છે કેટલાક એવા માલુમ પડે છે. જાહેરમાં ધાર્મિક જેવા દેખાય છે. પણ ખાનગીમાં શૂન્ય જેવા હોય છે. તેવાને કેવા માનવા ?

સુદેવ–સુગુરૂ અને સુધર્મમાં જે ભાગ્યશાલીઓને શ્રદ્ધા–ટેક રહેલી છે અને તેમના સદ્ગુણોમાં જ્ઞાન પૂર્વક પ્યાર પૂર્ણ રહેલ છે તે ગમે તે જાતિ કુલનો તેમજ સમાજ સમુદાયનો હોય તો પણ તેઓને સદ્વિચાર અને વિવેકની પ્રાપ્તિ થાય છે તેની પ્રાપ્તિના યોગે જાણવા લાયક જે વસ્તુ હોય તેને જાણે છે અને મેળવવા લાયક હોય તેને મેળવવા માટે સમર્થ બને પછી ત્યાગવા લાયક જે હોય તેનો ત્યાગ કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકે છે સદ્ વસ્તુને જાણ્યા વિના તથા તેને મેળવ્યા સિવાય ત્યાગવા લાયકનો ત્યાગ થવો અશક્ય છે દુનિયામાં બે વસ્તુઓ રહેલી છે એક આત્મા, બીજી જડ વસ્તુઓ તે બે પકી જે સદ્દેવ-ગુરૂ અને સુધર્મની શ્રદ્ધા પૂર્વક જે ભાગ્યશાલીઓએ આરાધના કરી છે તે મહાશયો પોતાના તથા પરના આત્માને ઓળખી શકે છે પોતાના આત્માને સંયમ-સંવર પૂર્વક જે દ્રવ્ય-ગુણ અને પર્યાયથી પીછાના શકે છે તે પરના આત્માને રીતસર જાણી કેમ ન શકે ? અવશ્ય જાણી શકે છે એટલે રાગ-દ્વેષ અને મોહાદિક તે મહા ભાગ્યશાલીઓથી ખસતા જાય છે પરંતુ જેઓને શ્રદ્ધા-પ્રેમ નથી તેઓ સુદેવાદિકના સદ્ગુણો જાણ્યા સિવાય સ્વપરના આત્મા કેવી રીતે ઓળખી શકે ? ઓળખવા અશક્ય બને છે માટે સુદેવાદિકમાં શ્રદ્ધા પ્રીતિ રાખી. આદર-સમક્તિ પૂર્વક રહેલા ગુણોને ગ્રહણ કરો પછી સ્વપરના આત્માની ઓળખાણ થતાં પોનાના રાગ-દ્વેષાદિકથી ઉત્પન્ન થતાં સંકલ્પ વિકલ્પો તરફ નજર પડવાની, તેથી અનંત શક્તિમાન્ આત્માની દૃષ્ટિના યોગે સાંસારિક સુખ વિલાસોની જે આસક્તિ છે ટળવાની જ અરે મનુષ્ય જેવા મનુષ્ય બની માણુસાઇને સફલ કરવા પોતાનો દોષો તરફ નજ તો કરો અન્ય સ્થલે પરિભ્રમણ કરતી દૃષ્ટિને દેવાદિકના ગુણોમાં તથા પોતાના આત્માના ગુણોમાં સ્થિર કરો સ્થિર થતાં અનન્ય સુખના સ્વામી બનશો. સંસારના નાશવંત પદાર્થોમાં દૃષ્ટિને અનંતવાર નાંખી તેથી તમારી ચિન્તાઓ વિડંબનાઓ ટળી છે કે વધી છે ? તેનો વિચાર કરો તેથી ચિન્તાઓ, વલોપાત, વિકલ્પો ખસ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હશે નહીં પણ વધ્યા હશે. તો પછી આ મોંઘેરા મનુષ્યભવમાં આત્મા શિવાય અન્યત્ર દષ્ટીઓને નાંખતા તે ચિન્તા વિડંબનાઓ ટળવાની કે ? નહી ખસે તે જરૂર માનજો. તેઓના યોગે જન્મ જરા મરણના અસહ્ય સંકટો હાજર થવાના તે વખતે સંકટો વિગેરે ટાળવાનો એકેય ઉપાય સુઝશે નહી માટે ગઈ ગુજરીને વિસરી જઇને આજથી ચેતો અને સુદેવાદિકના ગુણોમાં તથા આત્માના દોષોને દૂર કરી ગુણોમાં દષ્ટિને સ્થિર કરો અપૂર્વ પ્રતિભાનો ઉઘાડ થશે સાથે સાથે અપૂર્વ આનંદની લહેરીઓ આવીને ઉપસ્થિત થશે. કોઇની સાથે વેર, વિરોધ, માયા, મમતાદિ રહેશે નહી. તથા અનાદિકાલના રાગ દ્વેષ મોહાદિકના બંધનોથી જે પરાધીનતા છે તે ખસતી જશે. અને સાથે સાથે સ્વતંત્રતા આવીને મળશે દુન્યવી પદાર્થો ને કષ્ટ સહન કરી મેળવશો તો પણ જે અનાદિકાલની જે પરાધીનતા રહેલી છે તે ખસવાની નહીજ ભલે તમે તેમાં સ્વાધીનતા માનતા હો. પણ તેમાં સ્વાધીનતા આપવાની શકિત જ નથી. ઉલ્ટા અધિક પ્રતિબદ્ધ બનશો. માટે બે ઘડી પણ આત્માના ગુણો તરફ નજર કરવા વખત કાઢવો તે મનુષ્ય જીવનનું મુખ્ય કર્તવ્ય છે. દેવાદિક ભવોમાં સુંદર સાધનો પુણ્યોદયે મળ્યા પણ ભોગવિલાસોમાં દષ્ટિ હોવાથી આત્માનું હિત કલ્યાણ સધાયું નહી. પશુ પંખીના ભવમાં પૂરતાં સાધનો નહી હોવાથી આત્મિક દોષોને દૂર કરી શકાયા નહી એમાં દુઃખો ભોગવાતાં હોવાથી તે દુઃખો તરફ દષ્ટિ ચોંટેલી હોય છે. ફક્ત મનુષ્યભવમાં જ જે સાધનો જોઇએ તે મળી શકે એમ છે. માટે શુભ સાધનોને મેળવીને

૧૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્માના ગુણોમાં દૃષ્ટિને સ્થિર કરો.

## ॥ ૮૫ ઉપકાર કરનારને અપકાર કરો નહીં ॥

તમે સારી રીતે તપાસ કરશો તો માલુમ પડશે; કે ભોગ વિલાસમાં આસક્ત માનવો સ્વ માણુસાઈનો ત્યાગ કરી દાનવની માફક આચરણુ કરી રહેલા હોવાથી દેવાદિકના સદ્‌ગુણો તથા આત્મિક ગુણો તરફ દૃષ્ટિ પણ કરતા નથી તો પછી પોતાના દોષોને દૂર કરવા કયાંથી શક્તિમાન્ બને ? આવા મનુષ્યો ભલે રાજા મહારાજા કે શેઠ હોય કે શંકર કિંકર હોય તે સર્વે પોતાના દોષોથી જ અધમ ગતિમાં ફસાઈ પડે તેમાં આશ્ચર્ય શું ? આવા મનુષ્યો લોક સમુદાયમાં હલકા પડે તે માટે કરેલા અપરાધ–પાપો ઉપર પડદો નાંખવા બનતો પ્રયત્ન કરે છે. પણ સ્થાન અને કાલની મર્યાદા એવી છે કે પાપના પડદાને ચીરી નાંખી તે કરેલા ગુન્હાઓ–પાપોને ખુલ્લાં કરે છે. કોઇ રાજા સહેલગાહે નીકળ્યો છે. તેની લહેરમાં ટાઇમની ખબર–ભાન રહ્યું નહી. બપોરના સૂર્યના પ્રખર તાપથી તપેલ હોવાથી તૃષ્ણાએ બરોબર ઘેરો ઘાલ્યો પાણીના અભાવે મૂર્છા આવી તેવામાં એક હરિજન ઢેડે ત્યાં આવી યથેચ્છ જલપાન કરાવી ભોજન કરાવ્યું. તેના સહચારિ સેવકો અન્યત્ર શોધ કરી રહેલ છે. શોધ કરતાં આ રાજાનો ભેટો થયો નહી. તેથી પોતે સ્વસ્થાને ગયા. આ નૃપ તેઓની વાટ જોઇ રહેલ છે. વાટ જોતાં રાત્રિ પડી તેથી પોતાના મહેલમાં જઇ શકયો નહી. હરિજને તેને સત્કાર–સન્માન કરી પોતાના મકાનની રૂમમાં બેસાડયો. સુવા માટે સુંદર પલંગ–સુંવાળા ગોદડા સહિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપ્યો. અને ઓઢવા માટે કોમલ રજાઈ આપી, ઉપકારનો બદલો આપવો જોઈએ. તેના બદલે હરિજનનું મકાન તથા સાહ્યબી સુખ દેખીને અદેખાઇ કરવા લાગ્યો. કે હરિજનો આવી સાહ્યબી ભોગવે છે અરે ટેક્ષ કર ભરતા નથી. માટે દરેક ઢેડ ઉપર કર નાંખવો જોઇએ. પ્રાતઃકાલે સહચારિ સેવકો ત્યાં આવ્યા. તેઓની સાથે સ્વ નગર જઈ ને અધિકારીને હરિજનોની સાહ્યબીથી વાત કહી તેઓના ઉપર કર નાંખ્યો. આવા દાનવ જેવા માનવ, ઉપકારનો બદલો અપકાર કરી વાળે. તેઓને પોતાના દોષો તરફ દૃષ્ટિ કયાંથી પડે. ?

॥ સહન કરો ॥

## ૮૬ મનુષ્યોને વિપત્તિ આવે છે તે માણસાઇનો વિકાસ કરવા આવે છે.

આ મુજબ જે જાણતા નથી તે અધિક દુઃખી બને છે. કોઈ સમ્યગ્જ્ઞાની સમજાવે ત્યારે તેઓની શિખામણ પસંદ પડે તો જે આવી પડેલ સંકટનું જોર ચાલે નહી. અને સહન કરવાની શક્તિનો આવિર્ભાવ થાય. સાંસારિક સાધનો સર્વદા અને સર્વથા સુખશાંતિ આપવામાં સમર્થ છે જ નહી. તે સાધનો પ્રથમ આનંદ એટલે વિકારી સુખ-શાંતિ આપીને ખસી જાય છે. ત્યારે ભોગ વિલાસમાં રક્ત બનેલને મહાન દુઃખ થાય છે. કારણ કે સહન કરવાની શક્તિને કેળવી નથી તેથી જ આત્મભાન ભૂલી પાગલ જેવા બને છે. માટે પુણ્યોદયે ભલે ભોગવિલાસના સાધનો મળ્યા હોય. તેના આધારે સુખ ચેનમાં રહેતા હો તો પણ સહન કરવાની શક્તિને કેળવવી. જોઇએ. કયારે દુઃખદાયક સંકટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે વિપત્તિ આવી પડશે તે જ્ઞાની સિવાય કોઇ અન્ય કહેવા માટે શક્તિમાન્ નથી. જ્યારે વિડંબનાઓ ઉપસ્થિત થાય છે. ત્યારે શોક સંતાપાદિક કરવામાં તો જે આત્મિક બલ હોય છે. તેનો અવરોધ થાય છે. અવરોધ થયા પછી તેનો વિકાસ થવો દુઃસાધ્ય બને છે. માટે તેવા ટાઈમે હિંમત રાખી વિચાર કરવો કે, આ જે વિડંબનાઓ આવી છે. તે અનુભવી બનાવવા માટે આવી છે. અને વિકાસનું સાધન હોવાથી શા માટે સંતાપાદિક કરવો, આવા શાણા સજ્જનો લેખના ઉપર મેખ મારી કંટકોથી પથરાયેલ માર્ગમાં પણ પોતાનો માર્ગ શોધી લે છે. અસહિષ્ણુ દુઃખદાયી અવસ્થામાં શોક સંતાપાદિ કરીને કંટકવાળા માર્ગને અધિક દુર્ગમ બનાવે છે. એટલે આગળ વધી શકતા નથી, પણ પાછળ પડતા રહે છે. જગતમાં સત્વશાલી–હિંમતવાન–પુરૂષ અને સ્ત્રીઓ એ વિપત્તિવેલાયે હિંમતને ધારણ કરવા પૂર્વક વિકાસનું સાધન માની પાછળ ન પડતાં આગળ વધેલા છે. તે પ્રમાણે વર્તન રાખવામાં આળસ કરવી નહિ.

## ૮૭ સંસારમાં કોઈપણ પ્રાણીઓની સરખી માનસિક વૃત્તિઓ હોતી નથી વિદ્વાનોના મત–અભિપ્રાય પ્રાયઃ સરખા હોતા નથી-

અરે જડ ઘડિઆળ પણ સરખી હોતી નથી એટલે એક સરખો ટાઈમ તેઓનો હોતો નથી, ઋષિ–મુનિઓનો પણ સરખો ઉપદેશ હોતો નથી, કોઇ ઋષિ જગતને મિથ્યા માને છે: કોઇ એક વળી આત્માને અનિત્ય માને છે, કોઇક પુનઃ આત્માને નિત્ય એકાંતે માને છે. તેથી કહેવત છે કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"मुंडे मुंडे मतिर्भिन्ना" સાધારણ મનુષ્યોમાં સમજણ અને વિવિધતા હોય છે. તેથી વાદ વિવાદ થાય છે અને તેમાંથી વેર વિરોધ જન્મે છે. આનો નિકાલ કરવા માટે નીતિશાસ્ત્ર કારે એક કાવ્ય લખ્યું કે,

दृष्टिपूतं न्यसेत् पादं वस्त्रपूतं पिवेज्जलम् सत्यपूतं वदेद्वाक्यं मनःपूतं समाचेरत् ॥

આ કાવ્ય સર્વે વિદ્વાનોને–ઋષિ–મુનિઓને તથા સાધારણ મનુષ્યોને પ્યારૂ લાગ્યું છે, दृष्टिपूतं વસ્ત્રથી ગળીને પીધેલ પાણીથી તેમાં રહેલો કચરો પોરા વિગેરે પેટમાં જાય નહી અને પીડા થાય નહી. सत्यपूतं હિતમિત અને પથ્ય વચન બોલવાથી વચન સિદ્ધિ થાય અને કલહ કંકાસ વિગેરે વિકારો શાંત પડે એવા એવા વચનો દ્વારા થતા દોષો તથા અપરાધોને આવવાનો અવકાશ મળે નહી. અને ઉત્સૂત્ર ભાષી બનાય નહી. અનંત સંસારમાં ભટકવાનું બંધ થાય, લઘુકર્મી થવાનો વખત આવે. 'मनःपूतं માનસિક વૃત્તિઓ પવિત્ર રાખવાથી અનિષ્ટ વિચારોને દેશવટો મળે સાથે સાથે સંકલ્પ વિકલ્પો શુભ–શુભતર અને અનુક્રમે શુદ્ધ બને દશ દિશાઓનો જે આશ્રવ આવે છે તે અટકે આથી જેમ તેમ તપાસ કર્યા વિના ચાલવું નહી તથા ફાવે તેમ ફેંકે રાખવું નહી.

અને તૃષા લાગી હોય તો પણ ગળ્યા સિવાય જલપાન કરવું નહિ. અને માનસિક વૃત્તિઓને કબજે કરી પવિત્ર બનાવવી આ પ્રમાણે વર્તન રાખવાથી મનુષ્યો ઘણા પાપોથી અને અપરાધોથી બચે છે. અને મોંઘેરા મનુષ્યભવની સફલતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સધાય છે. એટલે વિષય કષાયના વિકારો તથા અહંકાર મમતાના આવેશો અલ્પ થવાથી કોઇ સંયમી મુનિવર્ય, સંસારની અનિત્યતાનો ઉપદેશ આપે તે પસંદ પડે છે. અને પસંદ પડતાં મોક્ષ માર્ગે વળાય છે.

જયપુરના નરેશ માનસિંહે પરાક્રમ ફેરવીને કાબુલ દેશ ઉપર વિજય પ્રાપ્ત કર્યો. આ વિજયની ખુમારીમાં લંકાને જીતવાની અભિલાષા થઈ. પ્રધાનોની સલાહ લીધી કે બાપ-દાદાની જમીન સત્તા બીજાએ કબજે કરી હોય તે યુદ્ધ કરીને પણ સ્વાધીન કરવી કે નહી. ? પ્રધાનોએ કહ્યું કે જરૂર સ્વાધીન કરવી. જે કબજે કરે નહી તે પરાધીન બને છે. આ પ્રમાણે 'હામાં હા' મીલાવી 'वचने का दरिद्रता' માન-સિંહે કહ્યું કે, તો કરો તૈયારી. લંકા જીતવા ચતુરંગીસેનાને સજ્જ કરો. આ સાંભળી પ્રધાનો ગભરાયા અને વિચાર કર્યો કે બોલ્યા તો બોલ્યા પણ હવે શું કરવું. કારણકે લંકાને જીતવા જતાં માર્ગમાં રહેલા રાજાઓ સાથે લડાઇ કરીને જીતવા પડે તેમજ દરિયાને ઉલંઘવો તે પણ અશકય છે, અને રાજાએ તે માટે 'હા' પાડી તેની ના પડાવવી તે બડી મુશ્કેલી છે. આ તો એવું બન્યું કે મીયાંભાઈ ગયા નીમાજ પઢવા અને મસજીદ કોટે વળગી. કોઇ શાણા સંયમીની સલાહ લેવાની ઇચ્છા થઈ કે આ વિડંબનામાંથી કેવી રીતે મુક્ત થવાય. શાણા અને દીર્ઘદર્શીએ નૃપની પાસે આવીને ઉપદેશ આપ્યો. કે મહારાજા માનસિંહ. તમે મહારાજા રામ-ચંદ્રના વંશના છો અને મહારાજ રામચંદ્રજીએ લંકાને વિભીષણને દાનમાં આપેલી છે. તે પાછી કેમ લેવાય?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તમારા વંશે આપેલુ દાન, પાછુ લેવાય તેમાં પ્રતિષ્ઠા હાનિ થાય આમ સાંભળી માનાસિંહે લંકા લેવાની બંધ રાખી અને પ્રધાનો ખુશી થયા તે માટે કહેવાય છે કે सत्यपूतं वदेद्वाक्यम्

### ૮૮ પરાક્રમી પુરૂષો પ્રતિજ્ઞાનું પાલન, પ્રાણોના જોખમે પણ કરી શકે છે. પ્રતિજ્ઞા લેવી તે સહેલી છે પણ તેનું પાલન કરવું તે મુશ્કેલ છે. અને મમતા-અહંકારનો ત્યાગ કરી ધૈર્યને ધારણ કરે તોજ

બનવું શકય છે. તો પછી ધનાદિકના ભોગે કથન કરેલા વચનનું પાલન કરે તેમાં આશ્ચર્ય શું ? તે પ્રતિજ્ઞા પાલકોને આપેલા વચનની કિંમત પ્રાણો વિગેરે કરતાં અધિક ભાસે છે. તેઓનું મન્તવ્ય એવું હોય છે કે, જીવ જાય તો જાય પણ વચન ભંગ ન થાય, તેઓ ઘડીકમાં વચન આપે અને ઘડીકમાં તે વચનને વૃથા કરે એવા હોતા નથી, ત્યારે તેમનો યશ જગત ભરમાં ફેલાય છે. વ્યાપક બને છે. તેઓ મહાભાગો પરલોકે ગમન કરે તો પણ યશ કીર્તિરૂપે આ લોકમાં જીવતા છે. વચનનો ભંગ કરનાર આ લોકમાં જીવતા હોય તો પણ મરણ પામેલ છે. માટે પ્રાણોના જોખમે પણ કરેલી પ્રતિજ્ઞાનું પાલન કરવું તે આવશ્યક છે.

એક મ્હોટા ધનાઢય વેપારી શેઠને ઘણે સ્થલે વ્યાપાર કરવાની પેઢીઓ હતી. તથા વચન પાલનમાં પણ મક્કમ હતા. જે પ્રમાણે બોલે તે મુજબ પાલન કરતા ધનાધિકમાં મમતા-રાખતા નહી એક વખત તેમના વફાદાર મ્હોટા મુનીમે જથ્થા બંધ તંબાકુ વિગેરે ખરીદ કરી બીજે સ્થલે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહેલા શેઠને ખબર આપી કે અમુક વસ્તુઓની જથ્થા બંધ તમાકુ ખરીદ કરી છે તેવા વખતે ખરીદ કરેલ વસ્તુના ભાવ નરમ પડતા હતા. તેથી શેઠે કહેવરાવ્યું કે, નરમ પડતા ભાવમાં જે ખરીદ કરી છે. તે સારૂ કર્યું નહી. નફો આવે કે નુકશાન થાય તે તારે શીરે. નુકશાનની જવાબદારી હું રાખતો નથી. આ પ્રમાણે કહ્યા પછી બનવા જોગ છે કે, ખરીદ કરેલ વસ્તુના ભાવ વધી ગયા અને બે લાખ રૂપિયાનો લાભ થયો. શેઠ ખુશી થયા. અને કહેલા વચન મુજબ મુનીમને કહ્યું કે, આ જે લાભ થયો તે તારા ભાગ્યથી થયો છે. તેમાં મારી માલીકી નથી માટે તું રાખ? મુનીમે કહ્યુ કે મારાથી થએલ લાભ રખાય નહી. માટે આપ જ રાખો. શેઠે કહ્યુ કે, હું બોલ્યો છું કે, ખરીદ કરેલ વસ્તુથી જે લાભ કે નુકશાન થાય તેનો જવાબદાર કે માલીક હું નથી માટે તને જ અર્પણ કરવામાં આવે છે. મારાથી વચનનો ભંગ થશે નહી. આતો બે લાખ રૂપીઆનો લાભ થયો. કદાચિત્ એથી અધિક લાભ થયો હોત તો હું રાખી શકું નહી રૂપિયા કરતાં વચનની કિંમત અધિક માનું છું. અને નુકશાન થયું. હત તો તું વફાદાર હોવાથી માંડી વાળત, તને દેવાદાર રાખત નહી. ત્યારે વચનનું પાલન કરવામાં પાગલ અશક્ત શેઠો જ્યારે લાભ મળે ત્યારે પોતાની તિજોરી ભરે છે અને નુકશાની આવે ત્યારે ખરીદ કરનારના નામે ઓઢાડે છે. આવા અસ્તવ્યસ્ત માનસિક વૃત્તિમાનો ઉપર કોઇ વિશ્વાસ રાખતું નથી. કોઇ વખતે એવાની પેઢીને ઘણી નુકશાની આવી જાય છે. ત્યારે પ્રતિજ્ઞા મુજબ પાલન કરનારની પેઢીમાં કદાચ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નુકશાની આવે તો પણ સહારો મદદ કરનારા મળી આવે છે. અને પેઢી તરતી રહે છે. બનવા જોગ છે કે જથ્થાબંધ વ્યાપારમાં સમુદ્રની માફક ભરતી ઓટ આવ્યા કરે પણ જે વચનભંગ થતા નથી તેઓને ભાગ્યોદયે ભરતી થાય. અને નૌકાની માફક તે પેઢી તરતી રહે. માટે નુકશાનીના પ્રસંગે પણ વચનભંગ કરવો નહી આ પ્રમાણે વ્રતધારી સાધુ–સાધ્વી શ્રાવક–શ્રાવિકાએ વ્રત નિયમને ગ્રહણ કરતાં કરેલી પ્રતિજ્ઞાને પાળવી જોઇએ ભલે પછી પ્રાણો જવાનું જોખમ આવી લાગે તો પણ તેનો ભંગ કરવો જોઇએ નહી. પ્રતિજ્ઞા પૂર્વક લીધેલા વ્રતનિયમનો ભંગ કરનારને ઘણી વિપત્તિ આવી લાગે છે. અને પુણ્ય વિહીન બની દુઃખો ભોગવવા પડે છે તે વખતે શક્ય સહાય મળતી નથી. અને વ્રત નિયમનાં દઢ રહેનારને પુણ્ય પ્રભાવે સહારો મળતો રહે છે. જો કે તેઓને વિપત્તિ પ્રાયઃ આવતી નથી. અને આવી હોય તો નિર્ભયતાથી સહન કરવાની શક્તિ જાગેલી હોયાથી તેનું જોર ચાલતું નથી. માટે પ્રતિજ્ઞા પાલનમાં ઘણો લાભ જાણી દૃઢતાને ધારણ કરવી જોઇએ.

**૮૯ સંસારી પ્રાણીઓએ સ્વક્રિયાઓને આધારે સુખદાયક અને દુઃખદાયી કર્મો સર્જ્યાં તેથી જ તેના વિપાકો સુખ–દુઃખ ભોગ છે. સુખનો ભોગવટો કરતાં ગર્વ ગુમાન ધારણ કરશો નહી તો સુખશાતાને માણી શકશો. નહીતર સુખને ભોગવતાં અનેક વિઘ્નો આવી હાજર થશે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિષય કષાયના વિકારો, ગર્વ ગુમાન વિગેરેની વાટ જોઇ રહેલ છે. જો અહંકાર-મમતા વિગેરે ધારણ કરી તો તે વિકારો ઉભા થઈને સુખશાતામાં ધૂળ નાંખી સંકટો-કંટકો લાવીને ફેંકે છે. અને દુઃખની અવસ્થામાં જો દીનતા-હીનતા ભાસી કે આવી તો તે દીનતા-અધિક દુઃખમાં વધારો કરવાની જ. માટે સુખી અવસ્થામાં કે દુઃખી દશામાં ગર્વ તથા દીનતા-હીનતાનો ત્યાગ કરવો તે સુખનો માર્ગ છે. સુખનો ભોગવટો તથા દુઃખ સંકટ કાયમ રહેતાં નથી. તેની તો દરિયાની ભરતી માફક ભરતી અને ઓટ થયા કરે છે. આમ સમજી તેવા સમયે સમસ્ત અવસ્થામાં સમત્વ ધારણ કરવું જોઇએ. દીવસ વિત્યા પછી રાત્રી આવ્યા કરે છે. તેમાં નવાઈ નથી તે મુજબ સુખ—પછી સંકટ આવે તેમાં શું આશ્ચર્ય ?

એક વેપારીનો માલ લાખો રૂપિયાનો હતો તેને લુંટારાએ લૂંટી લીધો. તેથી તે વેપારી દેશાન્તરથી પોતાને ઘેર આવ્યો. લૂંટાયાની બીના ગામના સ્વજન વર્ગે તથા મિત્ર વર્ગે જાણી, તેથી તેમને આશ્વાસન આપવા આવ્યા. વેપારી શેઠે જાણ્યું કે આ સઘળા જમવા આવ્યા છે. તેઓને આદરમાન આપીને બેસાડયા. અને કહ્યું કે થોડીવાર બેસો તમોને જમાડવાની સામગ્રી તૈયાર કરૂં, આવેલ સ્નેહી વર્ગે કહ્યું કે. અમો જમવા આવ્યા નથી પરંતુ તમે લૂંટાયા હોવાથી આશ્વાસન આપવા આવ્યા છીએ તમારી મુખાકૃતિ આનંદ ભરેલી દેખી અમોને અચંબો થાય છે. આવા સંકટ વખતે ઘણા વેપારીઓ ઉદાસી બની વિવિધ વલોપાત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્યા કરે છે. પણ–તમારી સ્થિતિ ઓર પ્રકારની દેખાય છે. વેપારીએ શાંત મુદ્રાએ કહ્યું. કે તમે જે બીના કહી તે સત્ય છે. તેમાં દીલગીર કે નિરાશ થવા જેવું નથી. હું ત્રણ કારણે પ્રભુનો ઉપકાર માનું છું. કેવી રીતે ? સાંભળો ? એક તો બીજાઓનું લુંટારાઓનું કોઈ ધાપ મારી કે કપટ કલા કરીને મેં ધન મેળવ્યું નથી ચોરો જવાવાળી નશ્વર વસ્તુઓને લઇ ગયા છે મારે પણ મરણાંતે મૂકવાની હતી જ તે પહેલાં ગઇ. તથા અડધું ધન તો મારી પાસે છે ત્રીજું ધર્મરૂપી ધન તો પૂરેપૂરૂં મારી પાસેને પાસે છે કબજામાં. ફક્ત સાંસારિક ધન લૂંટાયું છે. તેમાં સારૂં સત્ય ધન તો ગયું નથી. શા માટે હું ઉદાસી બનું અને વલોપાત કરૂં. જે મારી પાસે સત્ય ધન રહેલું છે તેને લૂંટવાની કોઈની પણ તાકાત નથી. આ પ્રમાણે સાંભળી મળવા આવેલાને આનંદ થયો અને તેની તારીફ કરતાં પોતાના સ્થાને ગયા. જો કે આવા ભાગ્યશાલી વેપારીઓ અલ્પ પ્રમાણમાં હોય છે પણ જગતના ગુરુઓ તેઓના તરફથી બહુ પામી જાય છે અને સુખી અવસ્થામાં છલકાતા નથી તેમજ દુઃખદાયી દશામાં દીનતા–હીનતાને ધારણ કરતા નથી. આ મુજબ જો સંસારમાં રહેવાય તો વિષય કષાયના વિકારોને દેશવટો મળે તથા સારા સંસ્કારોના યોગે શુભ ગતિના લ્હાવા લેવાય. આવા ભાગ્યશાલીઓ જ અનુક્રમે મોક્ષ સુખના માલીક બને છે. આ સિવાય ચાર ગતિમાં રખડપટ્ટી કરતાં અસહ્ય યાતનાઓ આવી લાગે તેમાં આશ્ચર્ય શું ? દુઃખ સંકટમાંથી સુખશાતાના લ્હાવા લેવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમાં આવડત જોઈએ. આવડતવાળા બુદ્ધિમાન્ ધૂળમાંથી કે રક્ષા-રાખોડીમાંથી ધન મેળવે છે તેમ અસાર-સંસારમાંથી સાર સમ્યગજ્ઞાની પ્રાપ્ત કરીને સુખી બને છે.

એક સારી આવડતવાળો મુંબઈમાં નોકરી તરીકે રહ્યો પણ પૂરતો પગાર મળતો નહી હોવાથી નોકરીનો ત્યાગ કરીને ધંધો કરવા લાગ્યો વ્યાપારમાં મૂડી નાણા ન હોવાથી રાખોડી લાવી વેચવા લાગ્યો ચાર મણ પાંચ મણ રક્ષા વિના મૂલ્યે લાવી પાંચશેર રક્ષાના પાંચ આના તરીકે વેચવા લાગ્યો. શેઠાણીઓ રક્ષાના દામ ભરીને લેતી. તેથી પૈસાદાર બન્યો. મુંબઈમાં પ્રાયઃરક્ષાનો અભાવ હોય છે તેથી તે લેવા શેઠાણીઓ પડાપડી કરતી. આને પણ ઉત્સાહ જાગતો તેથી આનંદથી લઈ આવી રક્ષા વેચતો. આ પ્રમાણે દરેક મનુષ્યો એ અસારમાંથી સાર લેવો તોજ માનવ જીવનની સફલતા સધાય.

**૯૦ સર્વકલાની કેળવણી લેનારે ધર્મકલાને પ્રાપ્ત કરવા પણ પ્રયાસ કરવાની આવશ્યકતા છે. કારણ કે વ્યવહારના કાર્યો ધર્મ કલાથી સફલ થાય છે ધર્મકલા વિનાનો વ્યવહાર, વિષય કષાયોના વિચારો અને વિકારો વધારવા પૂર્વક અધોગતિમાં ધકેલી દે છે.**

જીવનમાં અનેક વિડંબનાઓ ઉપસ્થિત કરે છે. માટે ધર્મકલાને બરોબર જાણી વ્યવહારના કાર્યો કરો. માનસિક વૃત્તિઓને કબજે કરવી તથા સત્યવાણી બોલવી અને કાયાની પ્રવૃત્તિઓને. અધર્મ માર્ગમાંથી પાછી હઠાવી ધર્મ માર્ગમાં જોઈ તપાસીને યોજવી. આ મુજબ વર્તન કરવાથી આવેલી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિડંબનાઓ ખસવા માંડે છે. અને આવતીનો નિરોધ કરે છે. આ મુજબ વ્યવહારને ચલાવતાં ઘણો લાભ મળે છે. અને સુખશાતાએ જીવન પસાર થાય છે. ધર્મકલા એટલે પોતાના આત્માને ઉન્નતિના માર્ગે વિકાસના માર્ગે લઇ જવાનું સાધન તે આત્મજ્ઞાન છે. માટે પ્રથમ તેને મેળવવા માટે પણ તમન્ના રહેવી જોઇએ. આત્મિક જ્ઞાન થયા પછી સાંસારિકકલાનું જ્ઞાન સફલ થાય છે. એટલે જીવનના વિકાસમાં તે જ્ઞાન, અસાધરણ સહકાર આપે છે. દુન્યવી બહોતેર કલાઓથી જે સંકટો–કષ્ટો ખસતા નથી તે ફક્ત આત્મજ્ઞાનથી ખસે છે. શારીરિક કેળવણી લઇને શરીરને લષ્ટ પુષ્ટ બનાવનારમાં જો આત્મજ્ઞાન નહીં હોય તો તે અહંકારી–અને ક્રુર બની પોતાને પોતે જ અધર્મ માર્ગે લઈ જવાનો સંભવ છે. સન્માર્ગે લઈ જનાર એક જ આત્મજ્ઞાન કહો કે ધર્મકલા જ છે. વિષય કષાયથી ઉત્પન્ન થએલ અહંકાર, મમતા, અદેખાઇ. વિષય સુખની આસક્તિને ટાળનાર જો કોઈ હોય તો આત્મજ્ઞાન છે.

## ૯૧ ધાર્મિક ક્રિયાઓ પણ આત્મજ્ઞાનથી સફલ થાય છે. નહીતર તે ક્રિયામાં નિન્દા કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે.

આત્મજ્ઞાની, અન્યજનોને પૈસાઓનું દાન કર્યા સિવાય પણ ઉપકાર કરવા સમર્થ બને છે. ઉન્માર્ગથી ઉખેડી સન્માર્ગે જોડવામાં ખરેખરો ઉપકાર સમાએલ છે. દાનના પાંચ પ્રકારમાં અભય દાન મહત્વનું છે. વ્રતોમાં બ્રહ્મચર્ય વ્રત મહત્ત્વ ધરાવે છે. તેમ દરેક જ્ઞાન–વિજ્ઞાનમાં આત્મજ્ઞાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહાન છે. અને કેવલીજ્ઞાની મહારાજા તેની જ અધિક પ્રમાણમાં પ્રશંસા કરે છે. અન્યજ્ઞાન કલા તો સંસારને વધારનારી બને પણ ખરી, તેથી સમ્યગ્જ્ઞાની, આત્મજ્ઞાની ઉપર અધિક પ્રીતિ રાખે છે. અને અનુમોદના પણ કરે છે.

એક રાજા પાસે કીંમતી હીરો હતો તેની પરીક્ષા કરાવવા ઝવેરીઓને બોલાવ્યા. ઝવેરીઓએ પરીક્ષા કરી કિંમત બતાવી પણ રાજાનું મન માન્યું નહી અને કહ્યું કે તમોએ આ હીરાની બરોબર કિંમત કરી નથી. ત્યારે એક ઝવેરીએ કહ્યું કે બે ત્રણ દિવસમાં તેની બરોબર કિંમત કરાવી આપીશું. ત્યાર બાદ એક ઝવેરીએ પોતાના વૃદ્ધપિતાને કહ્યું કે. રાજાએ પોતાની પાસે રહેલ હીરાની પરીક્ષા કરવા સઘળા ઝવેરીઓને બોલાવ્યા. તેઓએ તે હીરાની કિંમત સ્વ બુદ્ધિના આધારે કરી પણ તેથી નૃપને સંતોષ થયો નહી. વૃદ્ધ ઝવેરીએ કહ્યું કે હું પણ ત્યાં આવી હીરાને દેખી પરીક્ષા કરૂં તો ખરો. તેણે રાજાની પાસે આવી હીરાને દેખી તપાસી કહ્યું કે. અરે મહારાજા આ હીરાની કિંમત, નવાણું લાખ રૂપિયાની છે, નૃપે કહ્યું કે સર્વ ઝવેરીની આગળ પરીક્ષા કરી બતાવો વૃદ્ધ ઝવેરીએ સો સોયોને મંગાવી સૂર્યના તાપ આગળ તેઓની ઘોડી બનાવી. પછી સો મણિઓને મંગાવી તે ઘોડીની આગળ પાછળ ગોઠવી દીધાં. હીરાના કિરણો મણિઓ ઉપર પડયા પણ એક મણિ ઉપર તેનું કિરણ પડયું નહી રાજાને કહ્યું કે એક હાંસ આ હીરાની દોષ યુક્ત છે. જો નિર્દોષ હોત તો એક કરોડની કિંમત થાત, નૃપને તથા સભ્યજનોને આનંદ થયો અને શીરપાવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપવા નૃપ તૈયાર થયો. વૃદ્ધ ઝવેરીએ કહ્યું કે ટાઈમ ઘણો થયો છે માટે કાલે આપજો આમ કહી ઝવેરી, સ્વ સ્થાને ગયા. રાજાના દીવાને તેની પરીક્ષા કરવાનો વિચાર કર્યો કે ઝવેરી સર્વ કલાઓમાં કુશળ છે પણ ધર્મ કલામાં કુશળ છે કે નહી તેની તપાસ કરીને શીરપાવ રાજાની પાસેથી અપાવવો. દીવાન પોતે આત્મજ્ઞાની તેમજ વ્યાવહારિક કલામાં કુશળ હતો તેથી રાત્રે ઝવેરી પાસે જઈને કહ્યું કે તમે સર્વ કલામાં પ્રવીણ છો લોકો કહે છે અને અમોએ પણ જાણ્યું પરંતુ આત્મિક જ્ઞાનમાં ધર્મકલામાં કુશળ છો કે નહિ, ઝવેરીએ કહ્યું કે સર્વે કલાઓ જાણી પણ ધર્મકલા જાણી નથી. દીવાને કહ્યું તો તમને શીરપાવ મળશે નહી. ઝવેરીએ કહ્યું કે થોડા દિવસમાં તે કલા જાણીને ધર્મકલાની પરીક્ષા આપીશ, પછી તો શીરપાવ આપશો ને ? જરૂર. ઝવેરી આમ તો વ્યવહારમાં હુંશીયાર હતાં. તેથી સદ્ગુરૂ પાસે વંદના પૂર્વક ધર્મકલાનું શિક્ષણ અલ્પ વખતે લઈ તેમાં પ્રવીણ બન્યા– દીવાને કહ્યું કે ધર્મ એટલે શું ? જે જ્ઞાન ક્રિયાના આધારે કર્મ બંધાય નહી. અને આવતા કર્મોનો નિરોધ થાય તે સાચો ધર્મ કહેવાય અને એવો ધર્મ કરાય કે જેથી જન્મ-જરા મરણના અસહ્ય યાતના, વિડંબના મૂલમાંથી નષ્ટ થાય. વિષય કષાયના વિકલ્પો સંકલ્પો ટળે. આ પ્રમાણે સાંભળી દીવાન ઘણો ખુશી થયો.અને તેણે રાજાને કહ્યું કે હીરાની પરીક્ષા કરનાર ઝવેરી જેવો સર્વ કલામાં હુંશિયાર છે તેવો ધર્મ કલામાં–આત્મજ્ઞાન ક્રિયામાં પણ પ્રવીણ છે. માટે ઇચ્છા મુજબ શીરપાવ આપવો યોગ્ય છે. નૃપે આમંત્રણ આપીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે ઝવેરી ખુશી થાય તે મુજબ શીરપાવ આપ્યો. ઝવેરી પોતાને ઘેર જઈ વિચાર કરે છે કે, આત્મજ્ઞાન મેળવ્યું તો જ યથેચ્છ લાભ મેળવ્યો. જો ન મેળવ્યું હોત તો બરોબર લાભ પ્રાપ્ત થાત નહી. હવે તો આત્મજ્ઞાન પૂર્વક સંકલ્પ વિકલ્પોને દૂર કરૂં અને અનંત લાભનો સ્વામી બનું. ધર્મ કલા જ શક્તિ-સંપત્તિ આપવામાવાં સમર્થ છે માટે તેને ભૂલો નહી.

**૯૨ જ્યાં સુધી પ્રાણીઓ, પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં આસક્ત હોય છે. ત્યાં સુધી ધર્મકલા આત્મ-જ્ઞાન તરફ આદર ભાવ કરતા નથી.**

ખુશી થઈને સેવેલા વિષયો તેઓનેજ સંકટમાં ફસાવે છે. તેથી જીવન દુઃખકારક બને છે. જીવ ત્યારે પ્રાપ્ત થએલા નિમિત્તો અને સંયોગોને દોષ દેવા મંડી પડે છે. તેથી દુઃખ અલ્પ થતુ નથી પણ વધુતું રહે છે. કારણ કે : પાંચ ઇન્દ્રયોના વિષયો તેના વિચારો અને વિકારો તે મ્હોટી ફસામણી છે. બલ બુદ્ધિ વિગેરે નાશ કરનારી છે. માટે વિષયોનું સેવન કરતાં પ્રથમ વિચાર કરવાની અને વિવેક કરવાની ખાસ જરૂર છે. વિષયોમાં કેવી પાછળથી ફસામણી કટુતા દુઃખ અને જીવનું કેવું જોખમ છે. તે સાંભળો.

એક માતપિતાને એક દીકરી અને બે દીકરા હતા. તેઓને ગળપણુ ખાવાની ટેવ હતી. ઘરમાં ચોરીને પણ ખાતા. તેઓની માતા ઘણી શીખામણ આપતી પણ તે કુટેવ ભૂલતા નથી. તેમાં એક પુત્ર મહોટો થયો. ગાંધીની દુકાને નોકરી તરીકે બેસાડયો. નોકરી રીતસર કરે છે પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મીઠાશ ખાવાની ટેવ હોવાથી તેના શેઠથી છાની માની રીતે સાકરના ભાજનમાંથી સાકર ખાવા લાગ્યો. એકદા સાકર ખાતાં તેને શેઠ જોઇ ગયો. ઘેર ખાવા ગયો ત્યારે સાકરના ભાજનના ઠેકાણે ફટકડીનું ભાજન ગોઠવ્યું. આ છોકરાએ ઘેરથી આવ્યા પછી દરરોજની ટેવ મુજબ સાકરનું ભાજન માની તેમાંથી એક ગાંગડો મુખમાં નાંખ્યો શેઠ તેના તરફ જોઇ રહેલ છે. પેલે મુખમાં ફટકડીનો કાંકરો નાંખ્યો પછી બહાર કાઢી શકતો નથી અને મુખે પીડા થયા કરે છે. શેઠે કહ્યું કે તારૂ મુખ આવું કેમ બન્યું છે. બોલાતું નથી પણ શેઠ જાણી જાય તે માટે ફટકડી કાઢી શકતો નથી. અને હું અરે, કરી રહેલો છે. શેઠે કહ્યું કે જોઈ તારી ચાલાકી. મુખમાંથી ફટકડીનો ગાંગડો કાઢો નાંખ અને સાકર ખાવાની ટેવને દુર કર, મુખમાંથી ફટકડીનો ગાંગડો કાઢી નાંખ્યો પણ તેની પીડા ઘણા દિવસ રહી, પછી નોકર સાકર ખાવાની ટેવ ભુલી ગયો. કફ જે પડતો હતો તે બંધ થયો અને શરીરે પુષ્ટ બન્યો. બીજા છોકરાને જમી ખાઈ રહ્યા પછી હિંગાષ્ટક ચૂર્ણ ખાવાની ટેવ પડી હતી તે વિના તેને ચાલતું નહી. એક દિવસ ડબ્બીમાનું ચૂર્ણ ખતમ થયું. તેથી તેની માતાએ તે ડબ્બીમાં સુદર્શન ચૂર્ણ ભર્યું હતું. આ ભાઇ. ભોજન કરી રહ્યા પછી હિંગાષ્ટક ચૂર્ણ માની તે ડબ્બીમાંથી ચૂર્ણનો ફાકડો લઈ મુખમાં નાંખ્યો. મુખ ઘણુ કડુક થએલ હોવાથી 'થૂ થૂ' કરે છે ત્યારે બીજાઇને કહેવા લાગ્યો કે હિંગાષ્ટક ચૂર્ણના બદલે સુદર્શન ચૂર્ણ ખાવામાં આવ્યું. હિંગાષ્ટક ચૂર્ણ કયાં છે માતાએ કહ્યું તે તો ખલાસ થયું અને તે ડબ્બીમાં સુદર્શન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચૂર્ણ ભરેલું હતું. પણ તને કહેવાનું ભૂલી ગઈ. પણ હવે તારે આ સ્વાદ કરવો મૂકી દેવો ઘટે, આ પ્રમાણે જીભના સ્વાદમાં દરરોજ તો નહી પણ કોઇ વખતે કડવાશને સહન કરવી પડે માટે તેના પણ સ્વાદને ત્યાગ કરવાની જરૂર છે. વળી તેની માતાએ છોકરીને કહ્યું બેટા! મેડા ઉપર જઈને ચણાનો લોટ લઈ આવ, ચૂલા ઉપર રહેલી કઢીમાં નાંખવો છે. આ દીકરી પણ મીઠાઈ ખાવામાં મશગુલ હતી. તેથી મીઠાઈના ભાજનો તપાસવા લાગી. પણ મીઠાઈ મળી નહી છેવટે ગોળના માટલામાં હાથ નાખ્યો. ત્યાં તો તેમાં રહેલા મંકોડાઓ એવા કરડયા કે, બૂમો પાડવા લાગી. રડવા લાગી. તેણીનું રડવાનું જાણી માતા જલ્દી ઉપર આવી બચકા ભરતાં મંકોડાઓ દૂર કર્યા. અને કહ્યું કે તને ચણાનો લોટ લેવા કહ્યું અને આ માટલામાં હાથ કેમ નાંખ્યો! છોકરીએ કહ્યું કે, લોટ લેવાનું ભૂલી જઈ મીઠાઇ ખાવાની ટેવ પડી હતી. તેના ભાજનો તપાસ્યા. પણ ખાલી હતા. છેવટે ગોળ ખાવા હાથ નાખ્યો. ને તેમાં રહેલા મંકોડા વળગ્યા તેથી માતા પેટ પકડીને હસવા લાગી. પાડોશી ભેગા થઈને પૂછવા લાગ્યા કે, તમારી દીકરી કેમ બૂમો પાડીને રડતી હતી. તેની માતાએ કહ્યું કે, મેં લોટ મંગાવ્યો ત્યારે ગોળ ખાવા માટલામાં હાથ નાંખ્યો. અને તેમાં રહેલા મંકોડા કરડયા. તેથી રડવા લાગી છે. જીભડીનો સ્વાદ એવો હોય છે. માટે જીભડીને વશ કરવા તેવા સ્વાદને તજવો.

**૯૩ ચક્ષુનો વિષય પણ કોઈ પ્રસંગે જીવના જોખમમાં નાંખી પ્રાણોને હરે છે. માનસિક વૃત્તિઓ બગાડી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## બુદ્ધિનો ભ્રષ્ટ કરે છે. માટે નાટક–સીનેમા તકરાર લડાઇ વિગેરેને જોવામાં આસક્ત બનવું નહી.

એક યુવાનને નાટક–સીનેમા વિગેરેને જોવામાં ઘણી પ્રીતિ હતી. દરરોજ જોવા જાય. અને પૈસાઓનું પાણી કરે માતપિતા સારી રીતે સમજાવે તો પણ માને નહી. અને કહેતો કે. નાટક સીનેમા વિગેરેને જોવાથી ઘણી હુંશીયારી આવે છે. અને વ્યવહાર કાર્યોમાં પ્રવીણ બનાય છે. માતપિતા, કહેવા લાગ્યા કે. વ્યાવહારિક કાર્યોમાં કેવો તું પ્રવીણ બનેલ છે. તે અમો તારી ચાલ ચલગતથી જાણીએ છીએ. ન્યાય નીતિ–સદાચારને ભૂલી ઉન્માર્ગે ગમન કરી પૈસાની સાથે બુદ્ધિબલનું લીલામ કરી રહેલ છે. માટે આ બૂરી ટેવનો ત્યાગ કરેતો જ અમોને સુખ શાંતિ રહે. તારી સ્થિતિ દેખીને અમોને ઘણી ચિન્તા થાય છે. અમારે કાઢયા એટલા વર્ષો હવે કાઢયા નથી. પણ તારી ભવિષ્યમાં કેવી સ્થિતિ થશે. આવી ચિન્તામાં ધાર્મિક ક્રિયાઓમાં સ્થિરતા રહેતી નથી. પણ યુવાન શેનો માને? વૃદ્ધો ભલે ટફ્ ટફ્ કર્યા કરે. બંદા તો દરરોજ નાટકાદિકને જોવા જવાના જ, એક દિવસ મુસલમાનોએ હુલ્લડ કર્યું. તેને બંધ કરવા પોલીસોએ ઘણો પ્રયત્ન કર્યો છતાં શાંત થયું નહી. અને ગોળી બહાર ચાલુ થયો. તે જોવા ખાતર આ યુવાન બહાર નીકળ્યો અને હુલ્લડ નજીક આવ્યો તેવામાં એક ગોળી તેને મર્મ સ્થલે વાગી. અને પ્રાણો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાલ્યા ગયા. માતપિતાને દુઃખનો પાર રહ્યો નહી. તથા વિધવા થએલ તેની સ્રીને પણ દુઃખનો પાર રહ્યો નહી. માટે પાંચે ઇન્દ્રિયોની આસક્તિનો ત્યાગ કરો. ત્યાર બાદ માનસિક વૃત્તિઓ પણ કબજામાં આવશે. અને વિકાસ સધાશે.

સહરાના રણમાં ભૂલા પડેલા મુસાફીરને અન્નપાણીની જરૂર પડે છે. પરિભ્રમણ કરીને થાકી ગએલને અન્નપાણી સિવાય જીવન ટકી શકતું નથી. તે વખતે ધન-સત્તા પરિવારાદિક તથા ઝવેરાત પાસે હોય તો પણ પ્રાણો કેવી રીતે ટકે ? ટકે નહી જ. અન્નપાણીનો ગરજને ધન-ઝવેરાતાદિ શાંત કરી શકવા સમર્થ નહી હોવાથી તે વખતે મુસાફીર અન્નજલની ઝંખના કરતો હોય છે તેવામાં કોઇ કૃપાવંત તેને ભાતુપાણી આપે તે મહાઉપકારી કહેવાય તે પ્રમાણે જીવનમાં માણુસાઈ ન્યાય-જ્ઞાન ચારિત્રની જરૂર છે ત્યાં ધનાદિક કોઇ અર્પણ કરે તેથી માણુસાઈ-પ્રમાણિકતારૂપી અન્નજલ પ્રાપ્ત થઇ શકતું નથી પણ કોઈ સદ્ગુરૂ. ઉપદેશ-રૂપી અન્નજલનું પાન કરાવે તોજ જીવન ટકે અને ઉન્નતિના શિખરે આરૂઢ થાય

**મનુષ્યગણ સહરાના રણ જેવા સંસારમાં મુસાફરી કરી રહેલ છે અને પરિભ્રમણ કરીને અત્યંત પીડા માણી રહેલ છે તેને સમકિત સાથે જ્ઞાન ચારિત્રની અવશ્ય જરૂર છે તે આપે તે ઉપકારી સાચા કહેવાય.**

એક મુસાફીર સહરાના રણમાં માર્ગને શોધે છે પણ માર્ગ જડતો નથી. ચારે બાજુ તપાસ કરે છે ત્યાં રેતીના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઢગલા દેખાય છે. ભૂલો પડેલ હોવાથી પરિશ્રમની સાથે ભૂખ તૃષા લાગેલી છે એક દૂર દેખાતા વૃક્ષ નીચે આરામ લેવા બેઠો થોડો થાકતો ઉતર્યો પણ ક્ષુધા અને તૃષા બરોબર સતાવી રહેલ છે એટલામાં એક પોટલી પાસે પડેલી દેખી હાથ ફેરવતાં ચણા-વટાણા જેવું લાગ્યું. પોટલી છોડી જૂએ છે ત્યારે તેમાં મોતી-મણિ-હીરા દેખ્યા. દેખીને નિશાસો મૂકતાં કહેવા લાગ્યો કે અરે ઝવેરાત અત્યારે તારી જરૂર નથી. અન્ન જલની આવશ્યક્તા છે તારાથી નાશ પામતું જીવન ટકાવી શકાશે નહી. અત્યારે કોઇ દયાળુ અન્નપાણી અર્પણ કરે તો ઝવેરાતના કરતાં અધિક કિંમતી માનું. પ્રાણો ગયા પછી ધન કોણુ કામકું-આ પ્રમાણે બોલી રહ્યો છે તે અરસામાં ઉંટ ઉપર બેસી એક મુસાફીર ભૂલી ગએલ વસ્તુની શોધ કરતાં ત્યાં આવ્યો, ઝવેરાતની પોટલી દેખી ખુશી થયો. ક્ષુધા તૃષાથી અત્યંત પીડા પામી રહેલની દયા આવવાથી પોતાની પાસે રહેલ ભાતુ ખાવા આપ્યું અને યથેચ્છ પાણી પાયું તેથી પીડાથી ઘેરાએલાને શક્તિ આવી, ઉભો થઇને તેનો ઉપકાર માનવા લાગ્યો. કે તમે જો આવ્યા ન હોત તો આ રણમાં મરણ પામત, તમે મારો બચાવ કર્યો. આવેલા મુસાફીરે કહ્યું કે, આવ્યો તો ઝવેરાતની પોટલી શોધવા તમે જો આ સ્થલે ન હોત તો અને બીજો હોતતો લઈને ચાલ્યો જાત તેથી જે બન્યું તે સારૂ થયું. અન્ન-જલ આપવું તે તો અમારી ફરજ છે. એમાં ઉપકાર શાનો? આમ કહીને પોતાના વાહન ઉપર બેસાડી ઈચ્છા મુજબ ઇષ્ટ સ્થલે પહોંચતો કર્યો. આ પ્રમાણે ભવમાં ભૂલા પડેલને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઈ સદ્ગુરૂ ઉપદેશ રૂપી અન્ન જલ આપીને સન્માર્ગે આરૂઢ કરી ઈષ્ટ સાચા સુખને અર્પણ કરે તે જેવો તેવો ઉપકાર નથી. અને ઝવેરાતથી અધિક કિંમતી પુણ્યાનુબંધી પુણ્ય બાંધે. અનુક્રમે બેનું પણ કલ્યાણ સધાય, અને સત્ય સુખની પ્રાપ્તિ થાય, પરંતુ એવો કોઈ હોય કે, ઝવેરાતને ધનાદિકને ગ્રહણ કરીને રક્ષણ કરું ભલે મરણ પામું તો પણ તેનો ત્યાગ કરું નહી. આનાથી જ પીડાઓ દૂર ભાગશે અને ઈષ્ટ સુખ આવી મળશે. આવા માનવો અહંકાર અને આસકિતના યોગે પોતાના ભાવ પ્રાણો જે કાંઈ અલ્પ પ્રમાણમાં છે તે પણ ગુમાવે છે. અને સંપત્તિ સાહ્યબી તથા પરિવાર વિગેરે અહીંજ પડી રહે છે. કોઈ સાથે આવતું નથી. હાય હાય કરતો દુર્ગતિનું ભાજન બની અસહ્ય પીડાઓને સહન કરતો જીવન વ્યતીત કરે છે. માટે ઝવેરાત–ધનાદિક કરતાં સમ્યક્ત્વ–જ્ઞાન–ચારિત્ર વિગેરે સાચા સુખને આપનાર છે એમ માનીને અહંકાર અને મમતા આસક્તિનો ત્યાગ કરવો તે અનાદિકાલની વિડંબનાનો ત્યાગ કરવાનો સત્ય ઉપાય છે. કોઈ સમર્થ સદ્ગુરૂ મળે તો તેનો ત્યાગ કરાવી શકે.

### ૯૪ મૈત્રી–પ્રમોદ અનુકંપા અને મધ્યસ્થા ભાવનાઓ તથા અનિત્ય અશરણ વિગેરે બાર ભાવનાઓ જે છે તે અહંકાર, મમતા, અદેખાઈને દૂર કરીને આત્મોન્નતિ કરવામાં સત્ય સાધનરૂપ છે

આ ભાવનાઓના આધારે અનંત મહાભાગ્યશાલીઓએ આત્મવિકાશ સાધવા પૂર્વક કૈવલ્ય જ્ઞાન પામી અનંત શક્તિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાપ્ત કરી છે. તથા જન્મ જરા મરણની વિડંબનાઓને ત્યાગ કરી અનંત સત્ય સુખ પ્રાપ્ત કરેલ છે. જ્યાં સુધી મૈત્રી વિગેરે ભાવનાઓ ભવાતી નથી ત્યાં સુધી અહંકાર મમતા વિગેરે જે અત્યંત દુઃખ દાયક છે. તે ખસતા નથી અને સત્ય કેવળજ્ઞાનનો આવિર્ભાવ થતો નથી. અહંકારાદિ એક જ ભવના નથી પણ અનાદિકાલથી ચોંટેલા છે. મનુષ્યોની ઋદ્ધિ સમૃદ્ધિ અને શક્તિને ખાઇ બીલાડાની માફક લષ્ટ પુષ્ટ બનેલ છે. તેમને મનુષ્યોના શરીર અને આત્મારૂપી ઘર મળેલ છે. સાંસારિક સાધનો દ્વારા તે નીકળી શકે એમ નથી. એતો કોઈ સમર્થ સદ્‌ગુરૂની સહાય લઈને અત્યંત પુરૂષાર્થ કરવામાં આવે તોજ નીકળી શકે એમ છે. બલ ફોરવ્યા વિના તેમજ સમર્થ સદ્‌ગુરુનો સહારો લીધા સિવાય તે બીલાડો નીકળશે નહી. તેણે ઘણી પાયમાલી બરબાદી કરી છે. અને જો નહી કાઢશો તો અદ્યાપિ કરશે. માટે તેનાથી રક્ષણ કરવું હોય તો બલફોરવી સહકાર લો.

એક ખેડૂતના ઘરમાં તેની પાસે ચાર, પાંચ ગાયો અને ભેંસો હતી. તેથી દુધ, દહીં અને ઘી ભરપૂર હતું. તે સઘળું કોઠલામાં મુકવામાં આવતું એક દીવસ ભુલથી તે કોઠલાનું બારણું થોડું ઉઘાડેલું હોવાથી તેમાં બીલાડો પેઠો તેની ખબર ખેડુતને રહી નહી. આ અંદર પેઠેલો બીલાડો હવે બહાર નીકળતો નથી. નુકશાનીની ખેડૂતને ખબર પડી. તેથી તેને કાઢવા માટે ઘણી મહેનત કરે છે પણ નીકળતો નથી. ખાવા પીવાની જ્યાં મજા પડતી હોય ત્યાં કયાંથી નીકળે ! ખેડૂતે એક સમર્થ ખેતીના કરનારની સહાય લીધી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેથી તે બીલાડો નીકળ્યો. આ પ્રમાણે સમર્થની સહાય લઈને થતી બરબાદીનું રક્ષણ કરો.

**૯૫ સાંસારિક સાધનો પુણ્યોદયે આવી મલે છે આવી મલ્યા પછી જો તેના સ્વરૂપનો ખ્યાલ રહે નહી તો તેઓનું રક્ષણ કરવા માટે અનેક પ્રકારના સંકલ્પ વિકલ્પો થયા કરે છે છતાં તે સાધનો પ્રતિકુલતાને ધારણ કરે છે ત્યારે મનુષ્યોને અત્યંત કંટાળો આવે છે. અને ઘરમાંથી નાશી જવાની વૃત્તિ-પ્રવૃતિ થાય છે.**

પરંતુ સંકલ્પ વિકલ્પો ટાળ્યા સિવાય ભલે ઘરમાંથી નાશી જઈને જંગલમાં વાસ કરે તો પણ તે કંટાળો ટળતો નથી. અને યથેચ્છ સિદ્ધિ થતી નથી. માટે પ્રથમથી ઈષ્ટ સિદ્ધિના અભિલાષીએ, ધન-ધાન્ય પત્ની પુત્ર વિગેરે જે સાધનો છે તેના બરોબર સ્વરૂપને જાણવું, તેના સ્વરૂપને જાણ્યા પછી આસક્તિ અલ્પ થવાના યોગે સંકલ્પ વિકલ્પો પણ ટળતા રહેવાના અને સ્થિરતાના યોગે ઇષ્ટ સિદ્ધિ થવાની.

એક બ્રાહ્મણને આજીવિકાનું સાધન બરોબર હતું નહી. અને પુત્ર પુત્રીનો પરિવાર અધિક હતો. તેથી તેની સ્ત્રી ઘણો ઠપકો આપતી. કોઇ વખતે છણકા-મર્મવચનોના બાણો પણ લગાવતી. તેથી કંટાળો લાવી જંગલમાં કોઇ એક યોગીની સેવામાં તત્પર બન્યો. અને મનમાં માન્યું કે. યોગી મારા દુઃખો દુર કરશે.

યોગીએ કહ્યું કે દુઃખ દૂર કરવા હોય તો અષ્ટાંગ યોગની સાધના કર. તેથી તારી દરિદ્રતા નાશ પામશે અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુખી થઈશ. આ બ્રાહ્મણ ગામમાંથી ભિક્ષા માગી લાવી પોતાનું પેટ ભરે છે અને યોગ સાધના કરવા માટે યમ નિયમ–આસનની વિધિ સઘળી પાલીને દૃઢ બન્યો. પછી પ્રાણાયામમાં પ્રવીણ બન્યો પણ પ્રત્યાહાર જે યોગનું અંગ છે તે સધાતું નથી. ગુરૂયોગીએ તેની બીના જાણી કહ્યું કે તું વિકલ્પો વધારે કરતો હશે. બ્રાહ્મણે કહ્યું કે સગર્ભાસ્ત્રીને મૂકી અત્રે આવેલ છું. તેને દીકરો કે દીકરી આવેલ હશે. યોગીએ કહ્યું કે. પાછો ઘેર જા, તેની તપાસ કરી આવ. તેનો વિચાર આવે છે. બ્રાહ્મણ ઘેર ગયો. કાંઇ પણ ધન નહી લાવેલ હોવાથી ઉધડો લીધો. ધિક્કાર કરવા લાગી તેથી સંસારના સાધનોનું સ્વરૂપ જાણી યોગી પાસે આવ્યો. અને સ્થિર થયો સંકલ્પ વિકલ્પો ગએલ હોવાથી પ્રત્યાહાર–વિગેરે અંગોને રીતસર સાધીને સિદ્ધિ મેળવી. અને જગતની માયા મમતાનો ત્યાગ કરવા પૂર્વક આત્મિક વિકાસ પણ સાધી સુખી થયો. માટે સુખી થવાની ઈચ્છા વાળાએ, સંસાર સાધનોનું સ્વરૂપ જાણી વિકલ્પોનો ત્યાગ કરી સ્થિરતા ધારણ કરવી અગત્યની છે.

## ૯૬ આ ભવમાં તો પુણ્યોદયે અનુકુલ સાધન સામગ્રી મળી પરંતુ પરલોક માટે કાંઈ અનુકુલતા રહે એવું પુણ્યોપાર્જન કર્યું કે નહિ તેના વિચારો કરો

ખાવાપીવામાં મોજમજામાં અને વિષયોમાં આસક્ત બનવાથી પુણ્ય ખવાતું જાય છે તેનો ખ્યાલ છે કે નહ ! જો આ ભવમાં જ પુણ્ય ખતમ થયું તો પરલોકમાં અનુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુલતા રહેવી અશક્ય છે. માટે પરલોકમાં ગમન કરતાં સાથે આવે તેવી સામગ્રી કષ્ટ સહન કરીને પણ મેળવવા માટે મહેનત કરવી. કેટલાક કહે છે કે વૃદ્ધાવસ્થામાં પરલોકની સાધન સામગ્રી માટે પ્રયાસ કરીશું અત્યારે તો પ્રાપ્ત થએલ સાધનોનો ભોગ-ઉપભોગ કરી લહેર કરવા દો? પણ વૃદ્ધાવસ્થા આવે તે પહેલાં પરલોકે ગયા ત્યારે શું કરશો? લહેર કરતાં આયુષ્ય પૂર્ણ થયું તો તમે જે આશા રાખી તે અધુરી રહેશે માટે લહેરમાં કારમી કેર સમજી યુવાવસ્થામાં જ પરલોકમાં સાથે આવી તેવી સામગ્રી પ્રાપ્ત કરો પછી વૃદ્ધાવસ્થામાં પણ વલોપાત થશે નહી. કારણ કે તે અવસ્થામાં શરીરની શક્તિ, પુણ્ય સામગ્રી મેળવી શકાય એવી રહેતી નથી માટે પ્રથમથી ચેતી પુણ્ય સામગ્રીને પ્રાપ્ત કરો.

એક દેશની રાજધાની ઉપર જે રાજા રાજ્ય કરે તે રાજાને દશ વર્ષ રાજ્ય કર્યા પછી વનવાસમાં જવું પડે આવો રીવાજ હતો તેથી રાજ્ય કરતાં એ રાજાને ચિન્તા થઇ કે મુદત પૂરી થયા પછી વનવાસ કરવો પડશે ત્યાં હું સાધન સામગ્રી સિવાય શાંતિથી કેવી રીતે રહીશ. પાંચ વર્ષોમાંથી ત્રણ ગયા બાકી બે એક વર્ષ રહ્યું. એમ વલોપાત કરવા લાગ્યો. તે વખતે સમ્યગજ્ઞાની તેને મળ્યા. તેમણે કહ્યું કે ચિન્તા કરવાથી સાધનો મળતા નથી. પણ મુદત પૂર્ણ થયા પહેલાં ચેતીને સુંદર સાધન સામગ્રી સાથે આવે એવી વ્યવસ્થા કર, પછી તે લઈને વનવાસ કરવો આ મુજબ જ્ઞાનીની વાણી શ્રવણ કરી સાથે આવે એવી સામગ્રીનો સંગ્રહ કરી મુદત પૂરી થતાં વનવાસ સ્વીકાર્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને સુખી થયો. પ્રતિકુલતા રહી નહી. તે પ્રમાણે સુખી-જનોએ પોતાના સુખ માટે પરલોકે ગમન કરતાં પહેલાં સાથે આવે એવી સાધન સામગ્રી પ્રાપ્ત કરવા પ્રયાસ કરવાની આવશ્યકતા છે. આ ભવમાં વિષય કષાયમાં આસક્ત બનો નહી. પરભવમાં અનુકુલતા રહે એવી સામગ્રી મળવી અશકય છે. કારણ કે વ્રત–નિયમ ધારણ કર્યા નહી. અને પાપસ્થાનકોમાં રાચી માચી રહ્યા. માટે પ્રથમ ચેતીને પ્રયાસ કરશો તો અનુકુલતાના સાધનો મળી રહેશે. વૈરી ઉપર વેર વાળવાની માન્યતાનો ત્યાગ કરવા પૂર્વક મૈત્રી–પ્રેમ રાખવાની ભાવના રાખો તેથી વેર વધશે નહી. અને પુણ્યની સાથે પ્રેમમાં વધારો થશે, અને અરસ પરસ સહકાર આપવાનો સમય આવી મળશે.

એક સમ્યગ્ જ્ઞાનીના ગુણવાન્ પુત્રને સર્પ કરડયો તેથી તે મરણ પામ્યો તેના માતા પિતાને અત્યંત દુઃખ થયું. અને રૂદન કરવા લાગ્યા. તેવામાં ગારૂડીયાએ મંત્ર દ્વારા તે સર્પ, લાવી મંગાવ્યો અને કહ્યું કે તમારા પુત્રને મારી નાંખનાર આ સાપને કહો તો અહીંજ મારી નાંખુ શોક સંતાપને દૂર કરી સમજણા તે માત પિતાએ કહ્યું કે તેને મારી નાંખવાથી મરણ પામેલ પુત્ર જીવતો થવાનો નથી. ઉલ્ટું વૈરમાં વધારો થશે. માટે તેને મુકી દે પહેલા ભવના વેર વિના તેમજ ચંપાયા વિના કોઇને સાપ કરડતો નથી માટે તેને મારી નંખાવીને અમારે વેરમાં વધારો કરવો નથી, માટે ભાઇ તું આ સાપને મૂકી દે. આ પ્રમાણે કહેવાથી વેર ગયું અને સારી ભાવનાથી પુણ્ય બાંધીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુખી થયા. માટે અહિંસાદિક વ્રતોને પાલીને સુખી થાઓ વિયોગી વસ્તુ ખાતર વેર કરો નહી અને વધારો પણ નહી. તમારી પાસે જે સંયોગે વસ્તુઓ મલી છે તે વિયોગવાળી છે તે નકકી સમજી વેરનો વધારો કરો નહી. અને વેર હોય તો મૈત્રી ભાવના તથા પ્રેમથી વાળજો કે જેથી આ ભવમાં કે પરભવમાં અથડામણ વિગેરે થાય નહી. અને સુખેથી આત્મોન્નતિ સાધવાનો સમય મળી રહે.

## ૯૭ પુદ્ગલાનંદી મનુષ્યો બહાર દેખાવ કરવામાં અધિક માન્યતા ધરાવે છે.

જન સમુદાય, ખામીઓને ખોડો-તથા અપરાધોને જાણી શકે નહી તેવી વિવિધ યુક્તિ કરી માનવીઓને ભ્રમમાં નાંખી પોતે ફુલાય છે કે અમો કેવા હુંશિયાર છીએ કે કોઇ અમારા દોષો–ખોડ વિગેરેને દેખતા નથી. પરંતુ સુજ્ઞજનો તો તે સઘળુ જાણી લે છે અને હાંસી કરે છે.

જીવરામભટ્ટ રતાંધળો હતો રાત્રીમાં ચાલતાં દેખતો નહી તેથી ગામના લોકો તેને રતાંધળો કહેતા, આ ભટ્ટની સ્ત્રી મરણ પામી. બીજીને પરણવાની ઇચ્છા થઈ. ગામના જ્ઞાતિજનો તેને રતાંધળો હોવાથી કોઇ કન્યા દેતું નથી. એટલે દશબાર ગાઉ ઉપર એક ગામમાં સુંદર રેશમી વસ્ત્રો પહેરી બે મિત્રોને સાથે લઇને ગયો તેના બહારના ભભકાને દેખી એક બ્રાહ્મણે કન્યા દીધી. લગ્ન થયા પછી બે ત્રણ વર્ષે સ્વવધૂને તેડવા ગયો પણ તે ગામમાં પહોંચતાં રાત્રી પડી. સસરાના ઘર તરફ જતાં ખોદેલા ઘરના મોટા ઉંડા પાયામાં ગબડી પડયો. બહાર નીકળવા પ્રયાસ કરી રહેલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે પણ નીકળતો નથી, તે માર્ગે થઈને જતાં સાસરા પક્ષના સંબંધીએ તેને ઓળખીને બોલાવ્યો. જીવરામભટ્ટ ! આ ઘરના પાયામાં પડી શું કરો છો ? ફીસીઆરી કરતાં કહ્યુ કે મારે પણ બંગલો બંધાવવો છે તે માટે આ ઘરના પાયાની તપાસ કરૂં છું. જરાક ટેકો આપો ભટ્ટજી બહાર નીકળ્યા. સાસરાના ઘેર આવ્યા. સાસરીયાએ સન્માન આપી બેસાડયા. સાસુએ કંસાર બનાવી થાળીમાં પીરસ્યો તેવામાં આંગણામાં ફરતી પાડી અને કુતરી આવીને તે કંસાર ખાઈ ગઇ સાસુએ કહ્યુ થાળીમાં પીરસેલો કંસાર કુતરી અને પાડી ખાઈ ગઈ. શું તમે દેખતા નથી ? હુંશીઆરી બતાવતાં ભટ્ટે કહ્યું કે અમો સારી રીતે દેખીએ છીએ પણ તમારી પાળેલી અને માનીતી હોવાથી દૂર કરી નહી. સાસુ સમજી ગઇ કે રાત્રિમાં ભટ્ટ દેખતા નથી, તેથી આ ખોડને છૂપાવવા અસત્ય જવાબ આપે છે. પણ અત્યારે મૌન રહેવું આમ સમજીને કહ્યું કે હવે જો આવે તો આ લાઠી તેણીઓને લગાવજો. ભાગી જશે. આમ કહી બીજી થાળીમાં કંસાર પીરસ્યો. સાસુ ઘી લેવા ગઇ. લઇને આવતાં. રતાંધળા ભટ્ટે જાણ્યું કે પાડી આવી છે. આમ સમજી લાઠી લગાવી સાસુના માથામાં. સાસુ રાડ પાડતી ખસી ગઈ. ભટે જાણ્યું કે પાડી નાશી ગઈ એવામાં સાસરીઆ પક્ષના સર્વે સગાં ભેગાં થઈને કહેવા લાગ્યા. ભટજીતો રતાંધળા દેખાય છે. તેવામાં ટેકો આપનાર સગો આવીને કહેવા લાગ્યો. માર્ગમાં રહેલા ઉંડાપાયામાં પડી ગયા હતા, પરાણે ટેકો આપીને બહાર કાઢયા અને અત્રે આવ્યા. પુછયું ત્યારે કહેવા લાગ્યા કે મારા બંગલાનો કેવો ઉંડો પાયો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખોદવો તેની તપાસ કરતો હતો. પણ હવે ખબર પડી કે જીવરામ ભટ્ટ તો રતાંધળા છે ભ્રમ ટળી ગયો. આ મુજબ હાંસી કરતા સ્વજનો પોતાને સ્થાને ગયા. ભટ્ટ તો એવો હલકો પડયો કે બીજીવાર સાસરે જવાની ખો ભૂલી ગયો. પુદ્ગલાનંદીઓ પણ બહારનો દેખાવ કરવામાં બાકી રાખતા નથી. ઘરમાં તો તીજોરીના તળીઆ દેખાતા હોય છતાં બજારમાં નવલશા હીરજી જેવા થઈને ફરે જ્યારે કોઈ શિખામણ આપે ત્યારે તેને ઉધડો લઈ ને બહાદુરી માને આવા માણસો સભ્ય અન્તરાત્માનંદી આગળ હાંસી પાત્ર બને તેમાં શું આશ્ચર્ય? આત્માનંદીને બહારનો દેખાવ ભપકો કરવો તે પસંદ પડતો નથી. એતો આત્માનો વિકાસ સાધવામાં તત્પર હોય છે. અને તેમાંજ આનંદ માણી રહેલ હોય છે. જ્યારે આત્માનંદી બનાય છે. ત્યારે જ રાગદ્વેષ અને મોહનું બલઅલ્પ થાય છે.

**૯૮ સારામાં સારી વસ્તુઓ પ્રાપ્ત કરવી હોય તો બહાર બહુ પરિભ્રમણ કરવાની જરૂર છે નહી સારામાં સારી વસ્તુને મેળવવા માટે ભૌતિક પદાર્થોની જે આસક્તિ છે તેનો ત્યાગ કરી તલ સ્પર્શી વિચાર કરી વિવેક કરશો તો જ વસ્તુઓ મળી શકે એમ છે.**

વિચાર અનેક વિવેક કર્યા વિના તે મનોહર વસ્તુઓ મળી શકે એમ નથી. અને આસક્તિ ટળે એમ નથી. જ્ઞાનીઓ કહે છે કે. સારામાં સારી વસ્તુઓ પ્રાપ્ત કરવા માટે નીચે મુજબ કહ્યા પ્રમાણે વર્તન રાખો કામક્રોધાદિકને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારો. વૈરીને આદર આપતા રહો. પોતાના દોષો તરફ નિરીક્ષણ કરો. અને જાગતા રહો. આ ચાર આજ્ઞાનો અમલ કરનાર ગમે તે જાતિકુલનો હોય તો પણ સારામાં સારી વસ્તુને પ્રાપ્ત કરી અનુક્રમે અનંત ઋદ્ધિ સિદ્ધિને પામે.

કોઈ એક ગામમાં રહેનાર ઠાકોર રજપૂત જાગીરદાર તો હતો અને આવક પણ સારી હતી પણ વ્યસની બનેલ હોવાથી આવકના કરતાં જાવક વધારે કરે છે. તેથી જતે દિવસે ઘણો દરિદ્રી અને દુઃખી થયો. તેની પત્ની પતિવ્રતા અને સતી હતી. તે ઠાકોરને પુનઃપુનઃ સમજાવતી. કે આ વ્યસનો દુઃખદાયી હોવાથી તેનો ત્યાગ કરવાની જરૂર છે. વ્યસનો વળગ્યા પછી તેનો ત્યાગ અશકય બને છે. ત્યાગ કરી શકાતો નથી અને અધિક દુઃખી થતો દેખી તેની પત્નીએ એક લખેલો કાગળ આપ્યો. અને કહ્યું કે જે ચાર લાખ રૂપિયા આપે તેને આ પત્ર અર્પણ કરજો. ઠાકોર કાગળ લઇને બજારમાં ગયો. અને તલસ્પર્શી વિચાર કરનાર અને વિવેકીને આ પત્ર આપ્યો. તેણે પત્ર વાંચી ચાર લાખ રૂપિયા સ્વપિતાના મુનીમ પાસેથી અપાવ્યા—નગર શેઠને મુનીમે ચાર લાખની વાત કહી. શેઠે ક્રોધાતુર બની તેને ઘરમાંથી કાઢી મૂકયો. અને કહ્યું કે ચાર લાખ રૂપીઆંને મેળવીશ. અને લઈને આવીશ ત્યારે જ ઘરમાં પેસવા દઈશ. શેઠના પુત્રે વિચાર કર્યો કે અત્યારે જ ક્રોધને મારવામાં સાર છે. પૂજ્ય પિતા ઉપર ક્રોધ કરવો નહી. આમ વિચારી વિનય પૂર્વક કહ્યું કે જેવી તમારી આજ્ઞા, આમ કહી જેવો ઘરથી બહાર નીકળે છે તોવે પ્રથમ માતાને પગે લાગવા ગયો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મમતાળુ માતાએ વાત્સલ્યથી ભાતુ તથા નાના રત્ન ભરેલી હબુડી-લોટી આપી. તેને ગ્રહણ કરીને દેશાન્તર ગમન કરવા નીકળ્યો રસ્તામાં સગી બહેનનું ઘર આવ્યું તેણીએ પણ આદર સત્કાર કર્યો નહી. તેના પિતાએ પત્ર દ્વારા જણાવેલ હતું કે તારો ભાઈ આવે તો આદર સત્કાર કરવો નહી. તેથી બહેને પણ આદર સત્કાર કર્યા વિના જવા માટે કહ્યું. તો પણ ક્રોધાતુર થયા વિના ક્ષમાને ધારણ કરવા પૂર્વક સુખશાતા પુછીને આગળ ચાલ્યો. એક મોટા નગરમાં ગયો તેના રાજાને એકજ પુત્રી છે. પરંતુ જે માણસ રાત્રિમાં તેની પાસે રહે તે મરણ પામે છે. તેથી રાજાએ એવો ઢંઢેરો જાહેર કર્યો છે કે જે માણસ મારી દીકરી પાસે રાત્રિએ રહે અને જીવતો ઉઠે તેને પુત્રી સાથે રાજ્યને અર્પણ કરીશ. આ નગરમાં આવેલ શેઠના પુત્રે બરોબર વિચાર કરીને રાત્રિએ તેણી પાસે સૂઈ જવાનું કબુલ્યું. રાત્રિએ તે રાજકન્યા નિંદ્રામાં ઘેરાએલ છે તેની પાસે જઇને એક બાજુ ગુપ્તપણે રહ્યો છે અને જાગતો કેવો બનાવ બને છે તે તપાસ કરી રહેલ છે તેવામાં રાજકુમારીના મુખમાંથી વિષધર સાપ નીકળ્યો અને કોઇ ઉંઘી ગએલાની તપાસ કરે છે. સાપ શેઠ પુત્રની પાસે આવ્યો પણ જાગતો હોવાથી દંશ મારી શક્યો નહી. સાપને પણ જાગતા મનુષ્ય તરફથી ભીતિ હોય છે. તેથી ફેણા ચડાવીને ડોલ્યા કરે છે જો ઉંઘી જાય તો જરૂર કરડું પણ તે જાગતોનેજાગતો રહ્યો. શેઠપુત્ર વિચાર કરે છે. કે જો ઉંઘીશ તો નક્કી આ સાપ કરડશે માટે વેરી બનેલને મારવો નહી પણ આદર સત્કાર અને પ્રેમથી વશ કરવો. આમ ધારી તે સાપની આગળ સુગંધીદાર પુષ્પો વેર્યાં દુધનો કટોરો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૂકાવ્યો. અને ઉપદેશ આપવા લાગ્યો હે સાપ, રાજકુમારી પાસે રહેલાં નિદ્રાવશ બનેલને તું શા માટે કરડે છે તારા મુખમાં કાંઈ આવતું નથી. અને વેરની સાથે અત્યંત પાપ બંધ કરે છે માટે શાંત બની આ ભવમાં નિયમની આરાધના કરી સદ્ગતિને મેળવ ? વેર લેવાથી વેર વળતું નથી. પણ વધે છે. આવું સમજી કુમારીના શરીરમાં તારે પાછું પેસવું નહી. પણ જ્યાં તારૂ સ્થલ છે ત્યાં જવું અને કોઈને કરડવું નહી. આ પ્રમાણે સાંભળી વેરભાવનો ત્યાગ કરી સર્પ જંગલમાં પોતાના સ્થાને ચાલ્યો ગયો અને જે રાજકન્યા પીડાતી હતી તે પીડા રહિત બની. શેઠપુત્ર પણ જીવતો રહ્યો. શેઠપુત્ર વિચાર કરે છે કે તે પત્રના ચાર લાખ રૂપિયા આપ્યા તે વળી ગયા. રાજા સ્વ વચન પાલક છે તેથી પ્રાતકાલે ઈચ્છાથી અધિક લાભ થશે. સારૂં થયું કે પિતાએ ઘરમાંથી કાઢી મૂક્યો અને પત્રમાં લખેલ હિત શિક્ષાઓનો પણ અનુભવ આવ્યો. સવારમાં જીવતો શેઠપુત્રને દેખી રાજા ઘણો ખુશી થયો રાત્રિની બનેલી બીના પુછી. તેનો ઉત્તર સાંભળી રાજાએ પોતાના રાજ્યની સાથે કન્યાને દીધી. હવે નગર શેઠનો પુત્ર નૃપ થયો. ન્યાયથી રાજ્ય કરવા લાગ્યો તેની પ્રશંસા તેના પિતાએ સાંભળી તે પણ અધિક ખુશી થયા. આ મુજબ જે વર્તન રાખે તે સુખી બને છે માટે ક્રોધને મારવામાં સાર. વૈરીને આદર આપવામાં સાર અને જાગતો નર સાર. આ કહેવત યાદ રાખવાની જરૂર છે. જે લોકો સંપત્તિ–સત્તામાં સાર માની બેઠેલા છે તે જો ઉપર કહેલી હિત શિક્ષાઓને માની તે પ્રમાણે વર્તન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાખે તો જ કાંઈક સાર પ્રાપ્ત કરી શકે, નહીતર અહંકાર–અભિમાન–મમતા–અદેખાઇ આવીને ફસાવે. મહાપંડિતો–આચાર્ય ઉપાધ્યાય વિગેરેની પ્રજ્ઞા–અને મહત્તા ત્યારે જ સફલ થાય કે ઉપરોક્ત વચનોને અનુસરે તો. અન્યથા તે પંડિતાઈને મહત્વ, વાદવિવાદ–ચડસાચડસીમાં વૃથા ગુમાવી બેસે. માટે દરેક માનવીઓને તેની જરૂર છે. જો ક્રોધને મારે નહી તો ધનનો ગર્વ હોવાથી સહજ પ્રતિકુલતા થતાં મગજ ગુમાવી ક્રોધાતુર બને અગર ચીડાઈને ગાળો દેવા લાગે એટલે મળેલા ધનની સફલતા મળે નહી. અને વૈરીઓને ઊભા કરે, પછી વૈરની પરંપરા વધતાં જે આત્મોન્નતિ થવાની હોય તેનો નિરોધ થાય. અને નિરોધ થતાં અધમ ગતિમાં આવવું પડે માટે કામ ક્રોધાદિકને મારો, વૈરીને આદર આવો–અને જાગતા રહો.

**૯૯ અનાદિકાલથી કર્મો લાગેલા હોવાથી મોહ–અજ્ઞાનતા વિગેરે દોષોથી પ્રાણીઓ ઘેરાએલા છે. તેથી જગતમાં સારા સંયોગો તથા તથા નિમિતો પ્રાપ્ત થાય તો પણ સત્ય લાભ–મેળવી શકતા નથી. અને માયા મમતામાં આસક્ત બની પોતે જાતે દુઃખમાં વિડંબનાઓમાં ફસાઈ જાય છે.**

તેમાં જે સમ્યગ્જ્ઞાની. વિચારક–અને વિવેકી હોય છે. તે સમ્યગ્ જ્ઞાનના બળથી શુભ નિમિત્તો મળતાં લાભ ઉઠાવી શકે છે. અને પ્રાપ્ત થએલા લાભને એટલે સંપત્તિ–સત્તા શક્તિને સન્માર્ગે વાપરી પોતે સુખી થાય છે. અને મોહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મમતાનો ત્યાગ કરવા પૂર્વક અંતે અનંત સુખના સ્વામી બને છે. " એક વણઝારાની પાસે વ્યાપાર કરતાં લાખો સોના-મહોરો હતી, તેથી તેનું રક્ષણ કરવા એક યોજના કરી. જેવી કે એક જંગલમાં માણસની લાકડાની મૂર્તિ બનાવી રંગ સાથે રૂપાળી બનાવી, તે પણ પોલી રાખી. અને તેમાં લાખો સોનામહોરો ભરી, મસ્તક એવું બનાવ્યું કે તેને કાપ્યા સિવાય જુદુ પડે નહી. આ પ્રમાણે બનાવી સોના મહોરો પોલી તે મૂર્તિમાં ભરીને પાછો વ્યાપાર કરવા લાગ્યો. લગભગ કરોડો સોનામહોરો ભરીને તે મૂર્તિના મસ્તકે લખ્યું કે જે માથુ-વાઢે તે માલ કાઢે. આ પ્રમાણે લખીને પોતાના સ્થલે વણઝારો ગયો. તે માર્ગે ગમન કરનાર માણસો, લખેલાને વાંચે છે કે માથુ વાઢે તે માલ કાઢે. આ પ્રમાણે વાંચીને કેટલાક તો મરણની ભીતિએ ચાલ્યા જાય છે. કેટલાક પોતાનું મસ્તક કાપવા તૈયાર છે. પણ તેનો સાચો અર્થ જાણવામાં આવતો ન હોવાથી કરેલો પ્રયાસ વૃથા જાય છે. તેવામાં એક વિચારકે આવીને તે લખેલ મુજબ પોલી મૂર્તિનું તરવારથી મસ્તક ઉડાવી દીધું અને સોનામહોરોને ગ્રહણ કરી ચાલતો થયો. તે પ્રમાણે ધર્મશાસ્ત્રોના અર્થને જે સારી રીતે જાણતો નથી. તેને રહસ્ય સાર કયાંથી મળે ! ફક્ત શબ્દોને વાંચે પણ તેના સાચો અર્થ-રહસ્ય જાણે નહી. તો ભણવાની કરેલી મહેનત માથે પડે છે. માટે શાસ્ત્રના રહસ્યને જાણી અલભ્ય લાભને પ્રાપ્ત કરો.

આશંસા સહિત-નિસ્પૃહદાતા વિરલ હોય છે. યશઃકીર્ત્તિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રશંસા પ્રાપ્ત કરવા માટે દાન દેનાર ઘણા હોય છે તેથી તે વિરલ દાન દેનારના ઉપર અદેખાઈ કરતા દેખાય છે. કારણ કે આશંસા પ્રશંસા વિગેરેને ચિત્તે રાખી દાન દેનારના કરતાં આશંસા રહિતની પ્રશંસા સુજ્ઞોમાં અધિક થતી હોવાથી હૃદયમાં બલ્યા કરે છે કે મારાથી અધિક તેની પ્રશંસા થાય છે. પણ મારી સુજ્ઞજનોમાં થતી નથી. તેથી દીધેલું દાન મમતાને અલ્પ કરતું નથી અને સમત્વને લાવી આપતું નથી માટે દાન દેવામાં કોઈ પ્રકારની આશંસા રાખવી નહી. આવો દાનેશ્વરી અન્યના ભલા માટે લાભને માટે પ્રાણોનું દાન દેવા પણ તત્પર બને છે. કોઈ રાજા સ્વપ્રશંસાની ખાતર જે કોઈ માગવા આવે તેને ઈચ્છા મુજબ દાન આપીને મોકલતો. તેથી તેની પ્રશંસા માગનારાઓ કરવા લાગ્યા. તે શ્રવણ કરી રાજા બહુ ખુશી થતો. માગ્યા કરતાં પણ અધિક દાન દેતો. પરંતુ એક હાતિમ ફકીરને આશંસા રહિત દાનેશ્વરી હતો તેની સર્વે માણસ સુજ્ઞજનો તથા તે સિવાય અન્યજનો તેની ભૂરી ભૂરી પ્રશંસા કરતા હોવાથી પ્રથમનો રાજા, તેના ઉપર અદેખાઈ કરવા લાગ્યો. કે જ્યાં સુધી આ હાતીમ જીવતો છે. ત્યાં સુધી સર્વે જનોમારી ભૂરિ ભૂરિ પ્રશંસા કરશે નહી. માટે તેનું કાસળ કાઢી નાખવું. આ પ્રમાણે વિચાર કરે છે. તે અવસરે પર્વના દિવસે માગણી કરનારાઓ ઘણા ભેગા થયા. રાજાએ દાન પણ યથેચ્છ દીધું. તેઓ પૈકી કેટલાએક રાજાની ઘણી પ્રશંસા કરે છે. અને વખાણે છે. તે સાંભળી એક બે દાન લેનારા કહેવા લાગ્યા કે, ભલે રાજા દાન ઈચ્છા મુજબ દે છે. પણ પ્રશંસા મેળવવા ખાતર આપે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જો કોઇએ પ્રશંસા કરી નહી અને ખુશામત કરી નહી તો જોઈ લો,તેનું મુખ દીવેલ પીધા જેવું બની જાય છે. પણ હાતીમ જ્યારે દાન કરે છે ત્યારે ખુશામત કે પ્રશંસાને ઇચ્છતો નથી. અને ખુશામત કરે તો નીચુ મુખ રાખી ખુશામતનું નીવારણ કરે છે. તેથી અમોને આ રાજા કરતાં તે અધિક દાતા લાગે છે.

આ પ્રમાણે ખાનગીમાં વાત કરનારનું શ્રવણ કરી. રાજાએ પોતાના સેવકોને કહ્યું કે, જે હાતિમનું મસ્તક કાપીને હાજર કરે તેને સવા લાખ રૂપિયા આપીશું. આ સાંભળી એક ક્રૂર સેવક તેનું મસ્તક કાપવા માટે હાતિમની શોધ કરવા લાગ્યો પણ શોધ કરતાં પત્તો લાગ્યો નહી. શોધી શોધી થાકયો ઉદાસીન બન્યો. એક યુવાનના ઘરમાં જઇ પાણી માગ્યું. ત્યારે યુવાને તેને અન્નપાણી આપ્યું. તેથી તેની ખુશામત કરવા લાગ્યો. યુવાને કહ્યું કે હું ખુશામતને હું ઈચ્છતો નથી. થાકેલા મુસાફરો વિગેરેને અન્નપાણી આપવું તે અમારી ફરજ છે. આ સાંભળી આવેલો ક્રૂર સેવક અચંબો પામ્યો અને વિચાર કરવા લાગ્યો કે, અમારો રાજા દાન તો માગનારને આપે છે. પણ દાન દીધા પહેલાં તથા દાન દીધા પછી જો કોઈ વખાણે નહી ખુશામત કરે નહી તો બીજાઓને કહેવા લાગે છે કે આ લોકોને કદરજ નથી. આ યુવાન તો ખુશામત કે વખાણ પણ ઇચ્છતો નથી. આ પ્રમાણે વિચાર કરે છે તેવામાં યુવાને પુછ્યું. તમે કયા ગામથી આવો છો અને શા કામ માટે ફરો છો. તે સેવકે કહ્યું કે હું હાતિમની શોધ કરૂં છું પણ તેનો પત્તો લાગ્યો નથી. શોધ કરતાં અહીંઆ આવેલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છું. શોધવાનું કારણ એ છે કે, અમારા રાજાએ હાતીમનું મસ્તક કાપી લાવે તેને સવા લાખ રૂપિયા આપવાનું કહેલ હોવાથી લોભનો માર્યો તેનું મસ્તક કાપવા માટે પરિભ્રમણ કરૂં છું. આ સાંભળી યુવાને કહ્યું કે હું પોતે હાતીમ છું જો તને લાભ થતો હોય તો તલવારવડે મારૂ માથું કાપીને લઇ જા, સેવકે હાતીમનું મસ્તક કાપવા તલવાર ઉગામી પણ તેના હાથમાંથી તલવાર નીચે પડી ગઈ અને ભેટી પડી કહ્યું કે તમારી દાન દેવાની ભાવના જુદા પ્રકારની છે આમ કહીને રાજાની પાસે આવ્યો અને બનેલી સઘળી બીના કહી. રાજા પણ હાતીમની ભાવનાને જાણી તથા નિસ્પૃહતાને જાણી. પોતે તેના ઉપર પ્રીતિને ધારણા કરવા લાગ્યો અને આશંસા રહિત દાનાદિ કરવામાં તત્પર બન્યો. માટે આશંસા–અદેખાઇનો ત્યાગ કરો.

ધનાદિકના લાભ ખાતર મનુષ્યો વિવિધ કષ્ટો સહન કરવા પૂર્વક ક્રોધ–અભિમાન અદેખાઇ વિગેરેનો ત્યાગ કરીને શેઠ–અધિકારી તરફથી ધનાદિકનો લાભ પ્રાપ્ત કરે છે. ભલે પછી શેઠ અગર અધિકારી ગુસ્સામાં આવી તિરસ્કાર–ધિક્કાર સહિત ગાળો ભાંડે તો પણ તેઓના તરફથી લાભ મળતો હોવાથી સહન કરી શકે છે. સામનો કરતા નથી. કટુક વચનો પણ અમૃત જેવા માની સ્વ મગજને ગુમાવતા નથી. ખીજાતા–ચીડાતા પણ નથી. તેઓ સમજે છે કે. જો સામનો કર્યો કે ખીજાઇને બોલીશું તો કાંઇ લાભ મળશે નહી ને કાઢી મૂકશે. આમ સમજી વિવિધ કોપાતુર થવાના પ્રસંગો ઉપસ્થિત થાય. ખીજાવાના નિમિત્તો મળે તો પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સહન કરી લે. એક નોકરની માફક. એક ધનાઢ્ય શેઠના ઘરમાં દશબાર નોકરો હતા. તેમાં એક નોકર કામનો કરંદો હતો. કામ કરીને શેઠને સંતોષ આપતો. પણ પોતાની મરજી મુજબ બીજા દાસ–દાસીઓ કામ કરે નહી તો મગજને ગુમાવી તેઓની સાથે દરરોજ તકરાર–કલહ કરતો. અને ગાળો પણ ભાંડતો. દાસ દાસીઓએ ભેગા મળી શેઠને ફરિયાદ કરી. તમારો માનીતો નોકર અમો સારી રીતે ઘરના કાર્યો કરીયે છતાં તકરાર–કલહ વિગેરે કરીને ગાળો ભાંડે છે. માટે તેને સમજાવો. તેની મરજી મુજબ કામ થયું નહી તો એકદમ ઉછળી પડે છે, જેમ તેમ ફેંકે રાખે છે. શેઠ તે નોકરને ખાનગીમાં સમજાવે છે. ત્યારે કહે છે કે મારી મરજી મુજબ કામ થતું ન હોવાથી મગજ કાબુમાં રહેતું નથી. શેઠે કહ્યું કે એ નોકરો તારા દાસ નથી કે તારી મરજી પ્રમાણે ઘરમાં દુકાનના કામો કરે. દરેકનો સ્વભાવ ભિન્ન ભિન્ન હોય છે. તે જો ઘરના કામો બગાડતા હોય તો કહેવું ઉચિત છે. માટે તારે બીજાના કામમાં માથું મારવું નહી. તને સોંપેલી કાર્ય પદ્ધતિ કરે જા, ખીજાવાથી તારૂં મગજ અધિક ખરાબ થશે. બલ બુદ્ધિહીન બનીશ. આ પ્રમાણે શેઠ દરરોજ શિખામણ આપ્યા કરે છે, પણ જુનો તથા પ્રમાણિક હોવાથી તેને કાઢી મૂકાતો નથી, સારી રીતે વિચાર કરીને શેઠે એક યુક્તિ શોધી કાઢી. કે ગમે તેવો માણસ કારણોને પામીને કોપાતુર બને કે ખીજાય તો પણ ધનાદિની લાલચે શાંત બને છે. ખીજાતો નથી. આમ સમજીને તે નોકરને જેનું મગજ કાબુમાં રહેતું નથી તેને બોલાવીને કહ્યું કે આજે તું કોઇની પણ સામે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તકરાર–કજીયો વિગેરે ન કરેતો પાંચ રૂપિયા ઈનામ તરીકે આપીશ. ભલે પાંચ રૂપિયા ઈનામ તરીકે આપતા હો તો હું મૌન ધારણુ કરીને મને સોંપેલું કામ કરીશ, બીજા દાસ–દાસીઓ તેને કોપ કરાવવા, ખીજાવવા માટે ઘણો પ્રયાસ કરે છે. તેની સામે છણકા મશ્કરી વિગેરે કરે છે. તો પણ તે નોકર ધનાદિકની ખાતર કંઈ પણ બોલતો નથી, ઉલ્ટો મનમાં હસ્યા કરે છે. તે સમજે છે કે જો તકરાર કે કંકાસ કર્યો તો શેઠ રૂપિયા આપશે નહી. ભલે તેઓ બોલ્યા કરે કે હાસી મશ્કરી, કર્યા કરે, પણ મૌન ધારણ કરવું તેમાંજ લાભ અને હિત છે. બીજા દાસ દાસીઓ છેવટે થાકયા અને કહેવા લાગ્યા કે આજે મારો બેટો કેવો શાંત બની બેઠો છે. બીજા નોકરે કહ્યું કે આજે શેઠ પાંચ રૂપિયા આપવાના છે. તેથી બીલ્લીબાઈ ચૂપ થયા છે. નહીતર ગુસ્સે થયા વિના રહેત નહિ. શેઠે સાંજે આવી મૌન રહેલો હોવાથી અને કલહ કંકાશ વિગેરે નહી કરવાથી પાંચ રૂપિયા આપીને કહ્યું કે એક મહીના સુધી શાંત બની કંકાશ વિગેરે નહી કરે તો રોજ પાંચ રૂપિયા આપીશ અને કહ્યું કે એક મહિના સુધી શાંત બની કંકાશ ન કરે તો વધુ ઈનામ તરીકે પચીસ રૂપિયા આપીશ. પચીસની લાલચે મહિના સુધી મૌન રહ્યો ત્યારે તેને આનંદ પડવા લાગ્યો. હવે શેઠ ઇનામ આપે નહી તો પણ જીવન પર્યંત કજીઓ કંકાસ કરીને મગજને ગુમાવવું નહી આ વિચાર કરે છે. તેવામાં શેઠે કહ્યું કે રૂપિયાની ખાતર તેં મહિના સુધી મૌન ધારણ કર્યું. તે પ્રમાણે જીંદગાની સુધી શાંત અને મિજાજ ગુમાવે નહી તો આત્માનો વિકાસ થાય. અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આનંદ પણ મળતો રહે. નોકરે કહ્યું કે શેઠશ્રી તમોએ સત્ય કહ્યું, ભલે રૂપિયાની લાલચે મહિના સુધી મોન ધારણ કર્યું પણ રૂપિયાના લાભ કરતાં શાંત રહેવામાં અત્યંત આનંદ મળે છે. હવે ઇનામની જરૂર નથી, જીવનપર્યંત સગજ ગુમાવીશ નહી. શેઠ ખુશી થયા. અને ઈનામ તરીકે આપેલ રૂપિયાની સફલતા માનવા લાગ્યા.

## ૧૦૦ નિરાશક્ત માતપીતા, પોતાના સંતાનોને પણ શુભ સંસ્કારોનો સરસ વારશો બાલ્યાવસ્થામાંથી પણ આપતા રહે છે.

તેથી પોતાના સંતાનો અને તેઓની પરંપરા લાલચુ અને લબાડ અને લંપટ બનતી નથી. સદાચારનું રીતસર પાલન કરવા પૂર્વક અન્યજનોને અનુકરણીય બને છે. અને પ્રશંસા પાત્ર બની આ ભવમાં અને પરભવમાં સુખશાંતિ પામે છે. ત્યારે જે માતાપિતા આસક્ત બનેલ હોય છે તેના સંતાનોને શુભ સંસ્કાર નહી પડતા હોવાથી અને પાડતા ન હોવાથી લાલચુ લબાડ તેઓ પાકે એમાં નવાઇ શી? સંસ્કાર રહિત સંતાનો લાલચના યોગે લબાડ બની પેટ ભરીને માર ખાય અને પસ્તાવો કરવા અને રૂદન કરવા બેસી જાય છે.

એક ગામનો રાજા ન્યાયનીતિ પરાયણ હતો અને તે ગામમાં રહેતો એક બ્રાહ્મણ સામાન્ય સ્થિતિનો હતો પણ પોતાના સંતાનોને તેણે દરરોજ સદાચારના સંસ્કાર આપી નીતિ નિપુણ કરેલ હતાં. તેમજ રાજાએ પણ પોતાના સેવકો તથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંતાનોને શુભ સંસ્કાર અર્પણ કરવા પૂર્વક નીતિમાન બનાવેલ હતા. શુભ સંસ્કારી બ્રાહ્મણને તાવનો વ્યાધિ લાગુ પડયો વૈદ્યની દવા લીધી તાવ મંદ પડયો પણ અશક્ત હોવાથી કાંઈ કાર્ય કરી શકતો નથી. પરાણે પરાણે કોઈ યજમાનના ઘરમાં જઈ ચંડીપાઠને કર્યો તેથી દક્ષિણામાં ચાર રૂપિયા મલ્યા. અને પુત્રને કહ્યું કે વૈદ્યની પાસે જઈ લીધેલી દવાના ચાર રૂપિયા આપી આવ, રૂપિયાનું પોકીટ લઈને રમત કરતો આપવા જાય છે. તેટલામાં ખીસ્સામાંથી રુપિયાનું પાકીટ સરકી પડયું. જ્યારે ખીસ્સામાં તપાસ કરી ત્યારે પાકીટ દેખ્યું નહી અને રડવા લાગ્યો. હવે હું વૈદ્યને રુપિયા કેવી રીતે આપીશ, માતપિતા ઠપકો આપશે, આમ રડી રહેલ છે. તેવામાં રાજા પોતાના સેવકો સાથે ત્યાં થઈને ગમન કરી રહેલ છે. એક સેવકના હાથમાં પડી ગએલ પોકીટ આવ્યું. માર્ગે રડતા તે પુત્રને દેખી પુછયું અરે છોકરા તું કેમ રડે છે? તેણે પડી ગએલા પાકીટને તથા સ્વગૃહની સ્થિતિની બીના કહી. રાજાએ તે સત્ય રડે છે કે અસત્ય રડી રહેલ છે તેની ખાત્રી કરવા માટે–પરીક્ષા કરવા પોતાની પાસે રહેલ સોના મહોરોથી ભરેલ પાકીટ દેખાડયું. અને કહ્યું કે જો આ પાકીટ તારૂ છે. ના સાહેબ આ મારૂં નહી. આવુ સોનામહોરોથી ભરેલ અમારા ગરીબની પાસે હોય કયાંથી? ફક્ત વૈદ્યની દવાના ચાર રૂપિયા, મારા પિતાએ મોકલેલ હતાં પણ રમતમાં પડી ગએલ પાકીટની ખબર રહી નહી. તેથી રડું છું. રાજા છોકરાને સારા સંસ્કાર વાળો અને પ્રમાણિક જાણી ખુશી થયો. અને સેવકની પાસે હાથમાં આવેલ તે દેખાડયું તેથી ખુશી થઈને કહેવા લાગ્યો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાહેબ આજ મારૂ પાકીટ છે. રાજાએ તે પાકીટ અર્પણ કર્યું. અને સોનામહોરોનું પાકીટ પણ અર્પણ કર્યું, એ પાકીટને લઈને વૈદ્યની પાસે આવી દવાના રૂપિયા આપ્યા. અને ઘેર આવી રાજાએ આપેલ પાકીટની બીના કહી. માતા પિતાએ કહ્યું કે તું લાલચુ બન્યો નહિ તે ઘણું સુંદર કર્યું. હમેશાં સદાચાર પાળવાથી હે દીકરા! પ્રભુ આપણુની વારે આવે છે. સંકટો વિડંબનાઓને નિવારી અનંત રીદ્ધિ સિદ્ધિના સ્વામિ બનાવે છે. રાજાએ આપેલ સોનામહોરના પાકીટની વાત બીજા લાલચુ છોકરાએ જાણી કે રડતા છોકરાને રાજા મહોરોનુ પાકીટ આપે છે તો લાવ, હું પણ રડતો માર્ગમાં બેસું અને દીનતા હીનતા રાજાને દર્શાવું. મને પણ મળશે. આ ધારી રાજમાર્ગે રૂદન કરતો બેઠો. નૃપ, સેવકો સાથે તે સ્થળે આવ્યો. રડતા આ લાલચુ અને દંભી છોકરાને પુછયું. અલ્યા ? કેમ રડે છે તેણે બનાવટી બીના કહી દુઃખી અવસ્થા જણાવી. મારી પાસેનું પાકીટ પડી ગયું છે તેથી રુદન કરું છું. આ રાજાએ પરીક્ષા લેવા પોતાની પાસેનું સોનામહોરોનું બીજુ પાકેટ દેખાડયું. પેલાએ લાલચથી અસત્ય બોલી કહ્યું કે સાહીબાન–આજ મારું પાકીટ છે. રાજાએ સહજ હસીને પાસે રહેલા સેવકને ઈશારો કર્યો. સેવકે, લે આ પાકેટ આમ કહીને ચાર પાંચ સોટીના ફટકા લગાવ્યા. જુઠો લબાડ કહીને કાઢી મુકયો સંસ્કાર હોય નહી. ત્યાં આવી સ્થિતિવાળા દીકરાઓ પાકે છે માટે સંસ્કારો આપો.

શંકાતુર માણસો પરિપુર્ણ તપાસ કર્યા સિવાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉતાવળીયા બનીને અનેક ઉપદ્રવો કરી બેસે છે. તેમાં જો રાજાને અધિકારીકે શેઠને પોતાના નોકર કે અનુયાયી તરફની શંકા થઈ તો તો અધિક નુકશાની માર ઝુડ વિગેરે કરી બેસે છે પછી તપાસ કરતાં ચોક્કસ થાય કે ગુન્હેગાર નથી ત્યારે ઘણો પસ્તાવો કરે છે. મહાસતી કલાવતી ઉપર શંકાતુર થએલ શંખરાજાની માફક. પિતાએ મોકલેલ કંકણોને પહેરી સ્વ-પિતાના ગુણોનું વખાણ કરતી કલાવતી ઉપર શંકાને લાવવા પૂર્વક તેના બે હાથ શંખે કપાવ્યા પરંતુ જ્યારે ચોક્કસ ખબર પડી ત્યારે પરિતાપાદિ કરતો શંખ રાજા બળવા માટે તૈયાર થયો પ્રધાનોએ સમજાવી સ્થિર કર્યો. તે પ્રમાણે આજના જમાનામાં કેટલાક સ્રીઓ ઉપર નોકર ચાકર ઉપર શંકાને ધારણ કરી સ્રીનું નાક કાપે છો અગર તેનો નાશ કરે છે નોકર ચાકર હોય તો માર મારી તગડી મૂકે છે. પણ બરોબર તપાસ કરતા નથી. તે તેમની ઉતાવળ છે. ' મલુકચંદ જડીઆની માફક–એક ઠાકરાણીએ પોતાના પતિ ઠાકોરની આજ્ઞા લઇ તેને બોલાવ્યો. અને સોનાના કડામાં જડવા માટે હીરા માણેકને દેખાડયા. મલુકચંદ જડીઓ સરસ અને પાણીદાર હીરા વિગેરેને દેખી ખુશ થયો. અને તે લઇને પોતાને ઘેર આવી કુશળ કારીગર જે પોતાનો હતો તેને કડામાં જડવાનું કહ્યું. રંગીલ નામે કારીગર હીરા દેખી વખાણ કરવા લાગ્યો. કે આવા હીરા માણેકો અલ્પ પ્રમાણમાં દેખવામાં આવે છે. ઘણા સરસ પાણીદાર છે. આમ વારે વારે વખાણ કરતો હોવાથી જડીઆને તેના ઉપર શંકા થઈ પણ કંઈ તે બોલ્યો નહી. બીજે દીવસે તપાસ કરે છે. તો સારામાં સારા બે હીરા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેખ્યા નહી. આમ તેના પર વખાણુ કરતો હોવાથી પ્રથમ શંકા તો હતી અને બે હીરા નહી દેખવાથી પૂરે પૂરી શંકા થઇ, તેને બોલાવીને જડીઆએ પુછયું અલ્યા ! હીરા બે દેખાતા નથી. તેં લીધા તો નથીને !

તે બોલ્યો મેં લીધા નથી અને લઉં પણ નહી. ત્યારે તે હીરાઓ ક્યાં ગયા ? તેં લીધા ન હોય તો હોવા જોઇએ ને ! આમ કહી ગુસ્સામાં આવી મારઝુડ કરી ધક્કો મારી કાઢી મૂકયો. અને કહ્યું કે હરામખોર ! તેં હીરા લીધા છે. છતાં ખોટું બોલે છે. પોલીસને સ્વાધીન કરવો જોઇએ. પણ તેં સારી રીતે નોકરી કરી છે. તેથી પકડાવતો નથી. કારીગર સર્વે સહન કરી પોતાના સ્થાને આવ્યો. તેના ગયા પછી બીજે દિવસે ત્રીજો હીરો દેખાયો નહી. તપાસ કરતાં પાટના નીચેની ભૂમિમાં એક દર દેખાયું. તેની પાસે ત્રણ હીરાઓ પડેલા દેખ્યા. ત્રણ હીરાને લઈ જડીઓ વિચાર કરવા લાગ્યો. કે કારીગરના ગયા પછી ત્રીજો હીરો ચોરનાર કોણ હશે. તેની તપાસ કરવાની જરૂર છે. તપાસ માટે રાત્રિમાં જડીયો જાગતો રહ્યો. તેવામાં એક મ્હોટો ઉંદર ચોથા હીરાને લઈ જતો દેખ્યો. તેની પાસેથી ચોથો હીરો પડાવી લીધો પણ જડીઓ કારીગરને મારમારી ધમધમાવીને કાઢી મૂકયો તે માટે સંતાપ કરવા લાગ્યો. હીરા તો ઉંદર લઈ ગયો અને કારીગરના ઉપર બે હીરાઓ લઈ ગયાનો આરોપ મૂકયો તે સારૂ કર્યું નહી. તેમાં વળી મારમારીને કાઢી મૂકયો કુશળ અને વફાદાર આવો કારીગર મળવો મુશ્કેલ છે. મારી હવે શંકા ગઈ છે કે કારીગરે બે હીરાઓ ચોર્યા નથી. પ્રથમ શાંત બનીને તપાસ કરી હોત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો સંતાપ કરવાનો અવસર આવત નથી. અને હવે તેના વિના કામ ચાલે એમ નથી. આ વિચારી તેના ઘેર મલુકચંદ જડીયો ગયો. કારીગરની પાસે માફી માગી. અને કહ્યું કે મેં અવિચારી ઉતાવળુ પગલું ભર્યું તે ક્ષમા કર, અને ચાલ પાછો મારે ઘેર કારીગર ખુશી થયો. અને કહેવા લાગ્યો. તપાસ દ્વારા સત્ય વાતની માલુમ પડી તેથી હું ખુશી થયો છું શેઠ! કદાપિ હું ચોરી કરતો નથી. માટે હવે તેવી શંકા લાવતા નહી અને એવો પ્રસંગ આવી લાગે તો બરોબર તપાસ કરશો. આમ કારીગર શેઠના ઘેર ગયો–જડીયા શેઠ ખુશી થયા. અને સારૂ ઈનામ આપ્યું. માટે વિચાર કરીને વર્તો.

## ૧૦૧ પુણ્યોદયે પ્રાપ્ત થએલ સત્તા–સંપત્તિનો સદુપયોગ કરવો તે ચક્રવૃદ્ધિ વ્યાજ આપનાર તથા સંખ્યાત અસંખ્યાત ગણું વ્યાજ આપનાર મ્હોટી પેઢીની બરોબર છે.

ભોગ ઉપભોગમાં ખરચવું તે ગુમાવવા જેવું છે માટે સાત ક્ષેત્રમાં ધન–બલનો વ્યય કરી. વાવીને સદુપયોગ કરવો તે ધાર્મિક શ્રદ્ધાળુનું કર્તવ્ય છે. જો સદુપયોગ કરશો નહી તો તેનો નાશ થવાનો સંભવ છે તો નાશ થાય. અને અન્યના હાથે જાય તે પહેલાં પોતાના હાથે સાતક્ષેત્રોમાં ધનાદિકને વાવી અચિન્ત્ય લાભ લેવો તે ડાહ્યા માણસોને જરૂરનું છે. આ લોકમાં આબરૂ વધવાની સાથે પુણ્યબંધ થશે અને પરલોકમાં સદુપયોગના આધારે ઇષ્ટ અનુકુલતા મળી આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક ધનાઢ્ય શેઠ ન્યાય સંપન્ન વિભવવાળા હતા. તેમજ ધર્મના સારા સંસ્કારો હોવાથી તેમને પ્રાપ્ત થએલા પૈસાનો અત્યંત લાભ લેવા માટે વિચાર કરવા લાગ્યા. ઉપભોગમાં ખરચવાથી તો પૈસાઓ ગુમાવી પાપબંધ કરવા જેવું છે. ના છૂટકે વાપરવા પડે છે અને પાપનો બંધ પડતો રહે છે આના કરતાં સાતક્ષેત્રોમાં ધનાદિકને વાપરવામાં આવે તો પુણ્યબંધની સાથે માયા મમતાનો અભાવ થાય. અને માયા–મમતાનો ત્યાગ તે પરમ–સત્ય સંપત્તિનું કારણ છે. આમ સમજી ખાનપાનાદિકમાં, ભોગોપભોગમાં સાદાઈ રાખીને જે ધન વધે તે સાત ક્ષેત્રમાં વાપરવા લાગ્યા ત્યારે એક પાડોશી આ શેઠને કહેવા લાગ્યા કે તમારી પાસે અઢળક ધન છે: છતાં તમો ઘણી સાદાઈ રાખો છો બેસવા માટે વાહન–મોટર–ટેક્ષી કે રીક્ષા પણ રાખતા નથી પગે ચાલીને જાઓ છો ભોજનમાં પણ મેવા મીઠાઈ ખાતા નથી. ત્યારે શેઠે કહ્યું સાદાઈ રાખવાથી ધનનો બચાવ થાય છે અને પગે ચાલવાથી તાકાત વધવાની સાથે જીવજંતુનું રક્ષણ થાય છે દયા પળાય છે અધિક પાપ બંધાતું નથી અને વધેલા ધનાદિકનું અત્યંત વ્યાજ મળે તેવા સ્થલે મુકું છું–કહો હવે સાદાઈ રાખવા કેટલો લાભ છે ? લાભ સિવાય સાદાઈ કોણ રાખે છે ?

લાભ જો દેખાતો હોય તો ક્ષુધા પિપાસાનો પણ ત્યાગ કરીને લાભ લેવા માનવીઓ તત્પર બને છે, આ સાંભળી પાડોશીએ પાછું કહ્યું કે, તમોએ કોઈ ઉત્તમ પેઢીમાં અગર બેંકમાં રૂપિયા વ્યાજે મુકયા હોય તો ખબર પડયા વિના રહે નહી કે ? જરૂર માલુમ પડે બેંકમાં અગર સુંદર પેઢીમાં તમે

For Private And Personal Use Only

જ્યાંજે રૂપિયા મુકયા નથી અમોને તેની બરોબર માલુમ છે. શેઠે કહયું કે, આ ચાલતી પેઢી કે બેંકમાં મુકયા નથી ત્યાં તો ધાર્યા પ્રમાણે સારામાં સારી ભાવના હોય તો પણ યથેચ્છાથી અધિક લાભ મળતો નથી પણ ઇચ્છાથી અધિક સુંદર ભાવનાના યોગે સાતક્ષેત્ર રૂપી બેંકોમાં ધન વિગેરેને મુકું છું. તેથી પ્રથમ તો તેને સાચવવાની ચિન્તા ટળે છે. અને ભાવના વધતી હોવાથી આત્મ વિકાસ સધાતો રહે છે તેમજ પુણ્યબંધની સાથે પ્રશંસા પણ થતી જાય છે માટે અરે ભાઇ ! સાત ક્ષેત્રોને પેઢી અગર બેંકો માનું છુ. આ પેઢી અગર બેંકોનો એવો સુંદર વ્યવહાર અને વ્યાપાર છે કે કદાપિ તેઓને ખોટ પડતી નથી કે દેવાળુ કાઢતી નથી કે મુકેલા પૈસાઓની બરબાદી થાય. પાડોશીએ કહ્યું કે તમારી બેંકો અગર પેઢીઓ જુદા પ્રકારની છે. આવો લાભ કે વ્યાજ દુન્યવી પેઢીઓ કયાંથી આપી શકે ? તેમજ લોકોત્તર પેઢીઓને સંસારમા આસકત માનવો ઓળખે કયાંથી ? તે તો તમારા જેવા જે અનાસકત ધનાઢયો હોય તે લોકોત્તર બેંક પેઢીઓ સારી રીતે ઓળખી જમે મુકીને અસંખ્ય લાભ લઇ શકે ? દુન્યવી બેંકોનો વિશ્વાસ શો ? ઘડીકમાં દેવાળુ કરી લોકોની મિલ્કત હજમ કરી નાંખે છે. પછી રૂપિયા મુકનારા ભાવનગરી ચોફાળ ઓઢીને પોક મુકે તો પણ તે બેંકોના તથા પેઢીઓના માલીકોને કંઈ થતું નથી. આવી પેઢીઓ બેંકોમાં અજ્ઞાની હોય તો જ ધનને મુકે, આ મુજબ પાડોશીએ કહીને કહ્યું કે હવેથી હું સાદાઇ રાખી-બચેલી રૂપિયાને સાતક્ષેત્રોમાં વાપરી સદુપયોગ કરીશ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને પરલોકનું ભાતુ તૈયાર કરીશ કે જેથી પરલોકમાં આધિ વ્યાધિ અને વિડંબના આવી શકે નહી.

**૧૦૨ ચારિત્ર શીલ ભાગ્યશાલીઓને તેના જેટલા જેટલા સાધનો કે નિમિત્તો હોય છે. તે કર્મ શોષણના હોવાથી ચારિત્રનું રક્ષણ શકય બને છે. ભલે પછી દેશથી કે સર્વથી ચારિત્રવાળા હોય. દેશથી ચારિત્રવાળાઓ દેશથી સ્થૂલ જીનાજ્ઞા મુજબ પાલન કરે છે.**

દેશથી ચારિત્રવાળાઓને પણ સર્વથી ચારિત્ર પાલન કરવાની તીવ્રેચ્છા હોવી જોઇએ. તેથી જ આત્મોન્નતિમાં આગળ વધી તેઓ સ્વપરને સત્ય લાભ આપવા સમર્થ બને છે. તેઓ સારી રીતે સમજે છે. ધન–ધાન્યાદિક તથા પ્રાણો બીજીવાર પ્રાપ્ત થશે પણ ગુમાએલ ધર્મ પુનઃ પ્રાપ્ત થવાં અશકય છે. એટલે જ ચારિત્ર પાલનમાં વિવિધ વિઘ્નો આવે તો પણ નિર્ભય બની સહન કરી લે છે.

સવાસો વર્ષ પહેલાં કચ્છ દેશમાં વાકી ગામમાં પાલણ શાહ અને ઉમ્મરબાઇ દંપતી હતા. તેઓએ ગુરુમહારાજ પાસે દેશવિરતિ–સ્થૂલથી બારવ્રતો પ્રાણાતિપાતાદિવિરમણ ઉચર્યા હતાં અને લીધેલાં વ્રતોને ત્રિધાએપાલન કરતા હતા. વ્રતોમાં કસોટી આવે, કસોટી વિઘ્નોને સહન કરી અલભ્યલાભને મેળવી આપે છે. ધર્મની સાથે વ્યવહારિક કાર્યો કરવામાં અલ્પ કે અધિક સહન કરવાનું હોય છે. પણ તેમાં અડગ મક્કમ રહેતો વિઘ્નોનું જોર ચાલતું નથી. બન્યું એવું કે, એક દીવસ તેમની દીકરી નદીએ વસ્ત્રાદિક ધોવા ગઈ, ધોઇને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આગળ એક સ્થળે પગમાં ઠેશ વાગતા તપાસ કરી. તો પથ્થરની નીચે તેણે કોરીઓને દેખી. તે લઈ સ્વઘેર આવી. દીકરીએ કોરીઓ પોતાની માતાને અર્પણ કરી. તેવામાં પાલણ-શાહ ખેતરમાંથી ઘેર આવ્યા. જમીનમાંથી મળેલી કોરીઓની બીના જાણીને કહ્યું કે, આ કોરીઓ આપણે ખપે નહી તેણીઓનો માલીક ગામનો ઠાકોર કહેવાય. માટે લાવો આ કોરીઓ ઠાકોરને આપી આવું. આમ કહી ઠાકોરની પાસે આવી જમીનમાં નીકળેલી તે કોરીઓની વાત કહી. તેને આપી. તેથી ઠાકોર બહુ ખુશી થયો અને દરેક અધિકારી-શેઠ સાહુકારો આગળ તેની પ્રશંસા કરવા લાગ્યો. કારભારીને પાલણ શાહની પ્રશંસા સહન થઈ નહી. અદેખાઈ કરવા પૂર્વક ઠાકોરને કહેવા લાગ્યો કે અરે ઠાકોર! આ તો વાણીયાભાઈની કરામત છે. ઘણી કોરીઓ નીકળી હશે પણ શાહુકારી દેખાડવા આટલી થોડી કોરીઓ તમોને દેખાડી છે. માટે તે પ્રશંસા પાત્ર નથી. વાણીઆની ગતિ અમો જાણીએ. ઠાકોરે પાલણ શાહને બોલાવીને પુછયું. અરે શાહ જે અમોને અર્પણ કરી તેથી વધારે કોરીઓ નીકળી છે તે સઘળી કેમ આપી નહી? પાલણશાહે કહ્યું કે જે તમારા આગળ મૂકી તેટલી જ મળેલી છે. જમીનમાંથી નીકળેલ તથા વિસરી ગએલ-થાપણ વિગેરે અમે જેના સ્વામી નથી તે ધનાદિક લેવાનો નિયમવ્રત લીધેલ છે એટલે એક કોરી પણ અમો સંઘરતા નથી. તમે ઘરમાં તપાસ કરો. ઇર્ષ્યાળુ કારીભારીએ કહ્યું કે તપાસ કરવાની જરૂર નથી પણ તમે સાચા હો તો તપાવેલો તાવીથો ઉપાડો જો નહી બળો તો તમે સાચા છો નહીતર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અસત્ય બોલવાથી ગુન્હેગાર બનશો. પાલણુશાહે કહ્યું કે આ ક્યાં સત્યયુગ છે બાપુજી. કે આવાં દીવ્ય હોય? છતાં તમારી મરજી હોય તો તે દિવ્ય કરવાને અમે તૈયાર છીએ તાવીથો તપાવીને હાજર કરવામાં આવ્યો. પાલણુ શાહે સંકલ્પ કર્યો કે અમો અચૌર્ય વ્રતનું પાલન કરતા હોઇએ તો હાથ બળે નહી. આમ સંકલ્પ કરીને લાલચોળ બનેલા તાવીથાને પકડયો. કારભારીએ કહ્યું તેના હાથાને હાથ લગાડયો છે તેના આગળના ભાગને પકડાવો. આગળનો ભાગ પકડયો. અને હાથ બળ્યો નહી. ત્યારે કારભારીએ કહ્યું કે તે ભાગ ઠંડો થએલ હોવાથી દાઝયો નહી. ત્યારે ઠાકોરે કારભારીના હાથમાં ચાંપી દીધો. હાથ બળવાથી બુમ પાડતો નાઠો તેની નિન્દા થઈ અને પાલણુ શાહની અધિક પ્રશંસા થઈ માટે ચારિત્ર પાલવામાં ધનાધિકની મમતાનો ત્યાગ કરવો જરૂરી છે.

પ્રભુની આજ્ઞાનું જે ભાગ્યશાલી સારી રીતે પાલન કરે છે તે જ સત્ય સંયમ પાલવામાં સમર્થ બને છે અને પ્રાણાંતે પણ સંયમ–ચારિત્રને ગુમાવતા નથી, કારણુ કે માનસિક વૃત્તિઓને કબજામાં કરીને પાંચ ઇન્દ્રિઓના ગુલામ બનવું નહી તે અતિ દુષ્કર છે, જીનેશ્વરની આજ્ઞાને શ્રદ્ધા પૂર્વક નહી પાળનારના સદા ગુલામ રહીને સ્વપરનું કલ્યાણુ કરી શકતા નથી તેથી જ સંસાર સાગરમાં બૂડીને વિવિધ વેદનાઓ સહન કરે છે. જ્યારે જીનેશ્વરની આજ્ઞાને પાલન કરનારા સંસાર સાગરને તરી અક્ષય સુખના ભોક્તા બને છે. માટે વ્યવહારમાં સંયમ–સત્યાદિકની પાલન કરવાની તમન્ના રાખવી જોઈએ. "કચ્છ દેશમાં રાતડીયા ગામનો જાગીરદાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતે જાતે રૂપાળો તથા ભરાવદાર હતો. જ્યારે અલંકારો પહેરી બહાર નીકળતો ત્યારે કામદેવ જેવો લાગ્યા કરતો તેનું નામ મહેશમણજી હતું. નામ પ્રમાણે ગુણ હતા. સંસાર સાગરમાં મહેશમણની લહેર મધુરી હોય છે. તે મુજબ પોતે બ્રહ્મચર્ય વ્રતમાં સુંદર હતો, પરસ્ત્રી માતા બહેન–દીકરી તરીકે માનતો તેથી તેના વખાણ લોકો સારી રીતે કરતા. રંભાકે ઉર્વશી કે મેનકા જેવી પર સ્ત્રીઓની લાલચમાં કે તેના હાવભાવમાં ફસાતો નહી, એક દિવસ ખળા ભરવા જાંબુડી ગામમાં અલંકારો પહેરી મનોહર ઘોડા પર બેસી જઈ રહેલો છે. વચ્ચે થમાર ગામ આવ્યું. તે ગામમાં રહેતી ચારણની સ્ત્રી તેને દેખીને મુગ્ધ બની અને સખી દ્વારા બોલાવીને પોતાના ઘરમાં રાત વાસો રહેવા માટે આજીજી કરવા લાગી. આ ચારણસ્ત્રી પણ રંભા જેવી હતી. તેના હાવભાવને ઓળખી લઇને મહેશમણે કહ્યું કે. બેન–માતા મારે ખળા ભરવા જેવું છે. એટલે અત્રે હું રોકાઈશ નહી. તેણીએ કહ્યું કે તમને દેખી મુગ્ધ બની છું. માટે એક દિવસ રોકાઈ જાઓ. ચારણ સ્ત્રીઓ મારે માતા સરખી છે. તમારે આ પ્રમાણે મુગ્ધ બનવું નહી. અને હાવભાવ કટાક્ષ કરવા નહી. તથા મારે પરસ્ત્રી માતા તુલ્ય છે.

કદાપિ હું પ્રાણાંતે મારા વ્રતને ભ્રષ્ટ કરીશ નહી. માટે હે માતા તમે શાંત બનો. તમારી આબરૂ પ્રતિષ્ઠા જગતમાં વિખ્યાત છે. જાગીરદારનું વચન સાંભળી ' ચારણની સ્ત્રી વાઘણની માફક વકરીને કહેવા લાગી. માતા બેનના વચનનો ત્યાગ કરી મારા કથન મુજબ અહીઆં મારે ઘેર એક દીવસ રહો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તમે કોની સાથે ખેલ કરી રહ્યા છો. જો નહી માનો તો પ્રાણોના જોખમમાં આવી પડશો. અને જાંબુડી જઇ શકશો નહી. મહેરામણજીએ કહ્યું કે પ્રાણો જાય તો ભલે જાય પણ મારા વ્રતનો ત્યાગ કરીશ નહી. આમ કહીને ચાલવા માંડે છે, તેવામાં અચાનક પેટમાં શૂળ આવવાથી ઘોડા ઉપરથી નીચે ગબડી પડયો, તે વખતે ચારણ સ્ત્રી કહેવા લાગી. અદ્યાપિ માનશો તો જીવતા રહેશો. નહી માનો તો હમણાંજ મરણ પામશો. મહેરામણજીએ કહ્યું કે મને મરણનો ભય નથી. ભલે અત્યારે જ મરણ પામું. પણ વ્રતનો ત્યાગ કરીશ નહી. ચારણ સ્ત્રી વીલખી બની. અને વિચાર કરવા લાગી કે. આવા પુરૂષો વ્રતમાં સ્થિર રહેનારા વિરલ હોય છે. ધન્ય છે તેની માતાને અને પિતાને ! આ પ્રમાણે માનસિક વૃત્તિઓને સ્થિર કરનાર જગતભરમાં વિખ્યાત બને છે. માટે પ્રભુની આજ્ઞાને માની કોઈ પણ વસ્તુઓમાં મુગ્ધ બનવું નહી. તોજ ઉત્તરોત્તર આત્મ કલ્યાણ સધાતું રહે છે. આ ભવના વ્રતોને પાલન કરવાની દ્રઢતાના સંસ્કારો પરભવમાં પણ સાથે આવે છે, અને પરભવની મક્કમતાના સંસ્કારો દ્વારા વિષય કષાયોને પણ દૂર કરાય છે. પ્રાણો તો મળશે પણ વ્રતોનું પાલન કરવું અન્યભવમાં આવશ્યક બનશે નહી. માટે પ્રાણો કરતાં વ્રતપાલનમાં સત્તા–સમૃદ્ધિ અને શક્તિને અધિક માનીને તેનું જીવના જોખમે પણ રક્ષણ કરવું તે મનુષ્યોનું પ્રથમ કાર્ય છે. જેઓની માનસિક વૃત્તિઓ સ્થિર નથી અને ઇન્દ્રિયોના ગુલામ બનેલ છે તે મનુષ્ય જન્મમાં સાધવાનું હોય છે તે સાધી શકતા નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાધન સંપન્ન માણસો, ભલે રાજા હોય શેઠ સાહેબ હોય તો પણ દુન્યવી પદાર્થોથી તેમની ચિન્તાઓ અને આશાઓ શાંત થતી નથી. ઉલ્ટી વધ્યા કરે છે. તેઓમાં કોઈને શારીરિક વ્યાધિની તથા પ્રતિકુલ વર્ગની ચિન્તાઓ સતાવી રહેલ હોય છે. તથા કેટલાકને પ્રાપ્ત થએલ સામગ્રી અલ્પભાસતી હોવાથી અધિક મેળવવાની આશાથી પરિતાપ વલોપાત કરી રહેલા હોય છે. તથા યથેચ્છ પ્રાપ્ત થએલ રાજ્યાદિકનું રક્ષણ કરવા શસ્ત્રાદિકને વધારવાનો વલોપાત કરતા હોય છે. સંક્ષેપમાં કહીએ તો દરેક પ્રાણીઓને અરે દેવ, દાનવો. માનવો તથા ચક્રવર્તિઓને પણ ચિન્તાનો આશાઓનો અને રક્ષણ કરવાનો હૃદયદાહ ઘડી ઘડીએ બાળતો હોય છે. તેનાથી અધિક મરણ ચિન્તા તો તે વ્યક્તિઓને પોતાના કર્તવ્યોમાં પાગલ જેવા બને છે. કોઈ પ્રકારની સ્થિરતા રહેતી નથી. એ વખતે કોઈ જોશી આવીને રાજાને કહે કે તમારૂં આયુષ્ય ઓછું છે. માટે ચેતીને જે કાંઇ પુણ્યદાનાદિક ધાર્મિક ક્રિયાઓ કરવાની હોય તે કરી લો, આમ સાંભળી રાજાની માનસિક વૃત્તિઓ સ્થિર રહી નહી. ખાતાં-પીતાં, રાજ્યના કાર્યોમાં પણ લક્ષ રહેતું નથી અને જાગતાં ઉંઘતા પણ બબડયા કરે છે. કે હવે શું થોડા વખતમાં મરણ આવશે ? રાજયનું પુત્ર પરિવારનું શું થશે ? આવા આવા વિવિધ વિકલ્પો કરતો હોવાથી રાજયના પ્રધાને કહ્યું કે 'મહારાજા ! ચિન્તા ફીકરનો ત્યાગ કરો. કોઇ જોષીના કહેવાથી મોહ મુગ્ધ બની વલોપાત કરો નહી. જોષી કયાં સર્વજ્ઞ હતો. કે તેના કથન મુજબ અને ચિન્તા સંતાપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિગેરે કરવાથી શારીરિક શક્તિ તેજ અને આયુષ્ય ઓછું થાય છે. માટે શાંત બનો વ્યાવહારિક તથા ધાર્મિક કાર્યો કરો. પ્રધાને જોષીને બહુ ઠપકો આપ્યો કે આવા ભવિષ્ય ભાખી કેટલાકને દુઃખી કરશો. વચન ઉપર કાબુ રાખો નહીં• તર તમારે ઘણું સહન કરવું પડશે. વિચાર વિવેક વિના વદેલા સત્ય વચનમિથ્યા – અસત્ય કહેવાય છે તમોએ જ્યોતિષ જાણ્યું પણ અમારા નૃપને હાનીકારક નીવડ્યું છે કોઈ માથાનો મળશે તો મસ્તક ઉડાવી દેશે. એક પ્રધાનની માફક. સાંભળો આમ કહી પ્રધાને જોષીને કહ્યું કે તમારા જેવો વિચાર વિવેક વિનાનો વિદ્વાન જોષી હતો અને જેમ તેમ ફેંકે રાખતો. એક દિવસ રાજાએ તેને બોલાવી પોતાનું આયુષ્ય પુછ્યું ત્યારે તેણે કહ્યું કે તમારી આયુષ્યની દોરી ઘણી ઓછી છે આ સાંભળી નૃપ ચિન્તાતુર અને પાગલ જેવો બન્યો પ્રધાને રાજાની અવસ્થા દેખીને ચિન્તા દૂર કરવા તે ઓછી આયુષ્ય દોરીને કહેનાર જોષીને બોલાવીને કહ્યું કે તેં અમારા રાજાનું અલ્પ આયુષ્ય કહ્યું તે તો ઠીક છે પણ તારૂં પોતાનું કેટલું આયુષ્ય છે જોષીએ કહ્યું અધિક. એંશી વર્ષનું છે. તે સાંભળી રાજાને ઠેકાણે લાવવા માટે એક મારાને બોલાવી તેનું મસ્તક કપાવી નાંખ્યું રાજાને પછી કહ્યું કે જો જોષીનું એંશી વર્ષનું આયુષ્ય હોત તો અત્યારે કેમ મરણ પામત. માટે તેના ઉપર વિશ્વાસ રાખો નહી. અને ચિન્તા વલોપાતનો ત્યાગ કરી કર્તવ્ય કાર્યો કરો ત્યાર બાદ નૃપ શાંત થયો અને સીતસર વર્તવા લાગ્યો પણ ઉંડાણમાં પેઠેલી ચિન્તા ગઈ નહી. માટે સારી સાધન સામગ્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મેળવવાની ખાસ જરૂર છે અને તે ખોટી સામગ્રીનો ત્યાગ કર્યા સિવાય ચિન્તાઓ સંતાપ પરિતાપાદિને હઠાવે એવી સામગ્રી મળતી નથી. માટે પ્રથમ દુન્યવી વસ્તુઓની મમતાનો ત્યાગ કરી મનવચન અને કાયાને સ્થિર કરે એવા સાધનો મેળવો. સ્થિરતા કર્યા વિના ચંચલતા, ચિન્તા, વલોપાત–પરિતાપાદિ કદાપિ ટળશે નહી. માટે ચંદનમલયાગિરી–રાજારાણીની માફક વર્તન રાખી સુખી થવા માટે પ્રયાસ કરો સંસારમાં સંયોગ–વિયોગ–ભરતી ઓટ તો વારેવારે થયા કરવાનો જ માટે તેથી ગભરાવું તે બાલીશતા છે.

## ૧૦૩ આકર્ષણુ બે પ્રકારે છે એક સ્નેહરાગનું અને બીજું કામરાગનું, આ બે રાગના કરતાં પણ દૃષ્ટિરાગનું આકર્ષણુ જુદા પ્રકારનું છે

આવા આકર્ષણુમાં સાંસારિક પ્રાણીઓ એવા મુગ્ધ બન્યા છે કે પોતાના આત્માની સ્થિતિ કેવા પ્રકારની છે તેનો તેમને ખ્યાલ રહ્યો નથી. કેટલાક સંપત્તિ–સાહ્યબીના આકર્ષણુથી શત્રુઓની સાથે પણુ સંબંધને બાંધવા તત્પર બને છે. તેઓની અનુકુલતા મુજબ વર્તન રાખે છે તથા સામાન્ય સ્થિતિવાળા ધાર્મિક સ્વજનવર્ગનો ત્યાગ કરી તેઓની આજ્ઞાને ઉઠાવવા ખડે પગે તૈયાર રહે છે. તથા કેટલાક કામરાગમાં એટલા ફસાઇ પડેલા હોય છે કે બલ–બુદ્ધિ અને સત્તા વિગેરે વૃથા વેડફી રહેલ છે. તેનું ભાન તેઓને રહેતું નથી, તેથી પાયમાલ બનીને અસહ્ય સંકટોમાં જઈ પડે છે; તથા દૃષ્ટિરાગમાં ઘેરાએલ મનુષ્યોને સત્ય ધર્મની સમજણુ પડતી નથી. તેથી આડા અવળા પરિભ્રમણુ કરીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉન્માર્ગે ગમન કરી દુઃખના ગર્તામાં જઈ પડે છે. આ પ્રમાણે ત્રણ રાગનો ત્યાગ કરી જે આત્માના ગુણોમાં રાગી બને છે. તે કલેશ કંકાશરૂપ સંસાર સાગરને તરવા સમર્થ બને છે. માટે સંસારના સ્વરૂપનો એટલે સ્નેહરાગ–કામરાગ અને દૃષ્ટિરાગના આકર્ષણને સમજી તેનાથી અલગ રહેવા જે પ્રયાસ કરે છે તે આત્મોન્નતિ કરી શકે છે સર્વ જગતમાં મૈત્રી પ્રમોદ અનુકંપા અને મધ્યસ્થતાના યોગે ચંચલતાનો ત્યાગ કરી સ્થિરતાનો અનુભવ કરે છે કોઇ એક ગામમાં એક નાના બાલકને મૂકી તેના માતપિતા મરણ પામેલ છે. આ બાલકને તેના કાકાએ ભણાવા માટે સ્કુલે મૂકયો. નીતિ ન્યાય અને પ્રમાણિક શિક્ષકોએ સારા સંસ્કારો પૂર્વક વ્યવહારિક કેળવણીની શિક્ષારૂપી પાણીનું સિંચન કર્યું. તેથી આ બાલક સહેજ મોટો થયો અને કુશળ બન્યો ત્યારે તેને જંગબાર જતી સ્ટીમરના વેપારીને ભળાવ્યો. વેપારી વિનયી, વિવેકી અને પ્રવીણ થયેલો તેને દેખીને ખુશી થયો. જંગબારમાં બુદ્ધિ–બલ અને લાગવગથી સારી કમાણી કરવા લાગ્યો.

લાખોની કમાણી કર્યા પછી પાંત્રીશ વર્ષની ઉમ્મરે પોતાની સાધન–સામગ્રી–રાચ રચીલું લઈ પોતાના વતનમાં આવ્યો ત્યારે નવા વસ્ત્રો પહેર્યા વિના સગાં વહાલાંને મળવા ગયો. સામાન્ય વસ્ત્રો પહેરેલા હોવાથી કોઇ પણ સંબંધીએ આદર સત્કાર કર્યો નહી. તેથી પાસે રહેલા નોકરે કહ્યું કે તમે ઉલ્લાસ પૂર્વક સગાં સંબંધીને મળવા ગયા, પણ કોઇએ આદર આપ્યો નહી. આવા સગા વહાલાથી સર્યું, તેમનું તમારા પર હેત–સ્નેહ દેખાતું નથી. ત્યારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનહર શેઠે નોકરને કહ્યું. દેખ ? તને ચમત્કાર દેખાડું આમ કહીને નવા વસ્ત્રો પહેરવા પૂર્વક હીરાની વીંટી આંગળીમાં લગાવી પોતાના કાકા-કાકી પાસે પાછો ગયો. ચકળતી હીરાની વીંટી કીંમતી વસ્ત્રો પહેરેલા હોવાથી મનહર ભત્રીજો કમાઈ આવ્યો છે. આમધારી કાકો-કાકી કહેવા લાગ્યા અહો મારા દીકરા તને પહેલાં ઓળખ્યો નહી. હવે તું મ્હોટો થયો. સારૂ થયું કે અત્રે આવ્યો. બેસ બેસ અરે દીકરા-દીકરાઓ મનહરભાઈ આવ્યા છે. તેમને બેસવા માટે આસન લાવો. પાન સોપારીની તૈયારી કરો. ઘણા વર્ષે આવ્યા. આજે અમારે ઘેર જમવાનું. તેટલામાં ખબર પડવાથી મામો-મામી-માસી-માસો વિગેરે આવીને તેની સાહ્યબીના આકર્ષણથી પોતાને ઘેર જમવા માટે આગ્રહ કરવા લાગ્યા. અને સુખશાતા પૂર્વક જંગબારની સઘળી વાત પુછવા લાગ્યા, આનંદ પૂર્વક સર્વે સગાવહાલાને વાત કહી. નોકરે કહ્યું કે તમારા વસ્ત્રો અને વીંટીમાં અજબ ચમત્કાર છે. તમારો આડંબર દેખી તમારો તો સ્વજન વર્ગ અડધો અડધો થઈ ગયો. ચમત્કાર દેખ્યો, દુન્યવી પદાર્થોમાં કોઈ પણ સગો સ્વાર્થ સધાતો હોય તો સ્નેહ રાખે છે. પણ મને તો તેમાં હર્ષ અને શોક નથી. એમાં સગા વહાલાંનો દોષ નથી કારણ કે તે બધો કર્મોદય છે. માટે સાંત બની આત્મિક ગુણોમાં સત્ય રાખવાની જરૂર છે. આ કહીને સંપી લો. બનીને આત્મહિત સાધવા લાગ્યો.

**૧૦૪ સમ્યગ્જ્ઞાન-દર્શન અને ચારિત્રના આરાધનાથી. આત્મિક ગુણોની ઓળખાણ થાય છે**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને તે ગુણોથી આદર વધે છે.

અને તેથી રાગ–દ્વેષ, મોહ મમતાથી થએલ અપરાધો અને ભૂલોને સુધારે તે જ્ઞાની છે અને રાગાદિકના યોગે બીજી વાર તેમાં ફસાય નહી તે અનુભવી છે અને પુનઃપુનઃ અપરાધો કરીને સુધારે નહી અને ખત્તા ખાય તો પણ અહંકારાદિકથી ખસે નહી તે અજ્ઞાની. બલ–બુદ્ધિ–સત્તા સાહ્યબી વિગેરેનો નાશ થાય તો પણ અહંકાર અભિમાનાદિકને મૂકે નહી તેને જ્ઞાની–બહાદુર–હુંશીયાર કેમ કહેવાય? કર્મોદયથી ભૂલો થવાનો સંભવતો છે જ, અને ભૂલોને સુધારવી તે પોતાની સત્તાની વાત છે માટે સુખની ઇચ્છાવાળાએ મન તન કરીને ભૂલો સુધારવા પ્રયાસ કરવો તે જરૂરનો છે. ગૃહસ્થપણામાં સ્થૂલિભદ્રજીએ કોશા વેશ્યાના પાસમાં પડી ઘણી ભૂલો કરી. તેમના પિતા શકડાલ મંત્રી વરરૂચિની કપટ કલાથી મરણ પામ્યા. નંદરાજાએ તેમને બોલાવીને પ્રધાન પદની મુદ્રિકા સ્વીકારવાનું કહ્યું. તે વખતે થએલ ભૂલોની યાદિ કરવા પૂર્વક સંસારની અનિત્યતા–અસારતા બરોબર જાણી જ્ઞાની બન્યા. એટલે ચારિત્રની આરાધના કરી આત્મિક ગુણોને ઓળખી તેમાં સ્થિર થયા. પછી ગુરૂની પાસે કોશા વેશ્યાના મંદીરે ચાતુર્માસ કરવાની આજ્ઞા માગી. ગુરૂદેવે યોગ્ય જાણી આજ્ઞા આપી. અને ઘણા વર્ષોના પરિચયવાળી વેશ્યાને ઘેર આવી ચાતુર્માસ રહ્યા. તે દરમ્યાન કોશાએ પોતાના પાસમાં પાડવા માટે વિવિધ પ્રપંચો કર્યા પણ તેમાં ફસાયા નહી. અને તે વેશ્યાને પ્રતિબોધ આપી ધાર્મિક બનાવી. ચાતુર્માસ વીત્યા પછી ગુરુદેવની પાસે આવ્યા. અનુભવી બનેલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોવાથી પ્રશંસા થઇ અને મહત્તા વધી. તેમનો પ્રશંસાને સહન નહી કરવાથી સિંહ ગુફાવાસી મુનિવર્ય ગુરૂની પાસે ત્યાં ચાતુર્માસ કરવાની આજ્ઞા માંગવા આવ્યા. ગુરૂદેવે કહ્યું કે તે કોશાના મંદિરે તમોને ચાતુર્માસ કરવાની આજ્ઞા આપવામાં આવશે નહી. તમે તપસ્યા કરો ઈર્ષ્યાના યોગે સિંહ ગુફાવાસી વેશ્યાના મંદિરે ગયા. કોશાના હાવભાવથી મુગ્ધ બન્યા ચાતુર્માસ હોવા છતાં નેપાળના નૃપ પાસેથી રત્નકંબલ લાવીને કોશાને આપી. તેણીએ પગે ઘસીને ફગાવી દીધી. મુનિએ કહ્યું કે પ્રયાસ કરીને લાવેલી સવાલાખની રત્નકંબલને પગે ઘસીને કેમ ફગાવી દીધી? વેશ્યાએ કહ્યું કે તમે રત્નત્રયીના સ્વામી છો. કે જે રત્નમયીની આગળ દેવલોકની સંપત્તિ સાહ્યબી તુચ્છ છે. તેને તમો ફેંકી દેવા તૈયાર થયા છો તેનું તમોને ભાન નથી તે જણાવવા રત્નકંબલને ફગાવી દીધી. આ પ્રમાણે શ્રવણ કરી મુનિવર્યને વિચાર અને વિવેક જાગવાથી પસ્તાવો કરવા લાગ્યા. કે ગુરુવર્યની આજ્ઞાને લોપી અત્રે આવ્યો. તે સારૂ કર્યું નહી. ધન્ય છે આ કોશા વેશ્યાને, કે જેણીએ તપસ્યાઓ કરનારને પણ પ્રતિબોધ આપી મ્હને સ્થિર કર્યો. આ પ્રમાણે થએલી ભૂલોને સુધારી ગુરૂદેવ પાસે આવી મહામુનિવર્ય સૂરીસમ્રાટ્ સ્થૂલિભદ્રજીની સ્તુતિ કરીને જ્ઞાની બન્યા. અને આગળ અનુભવી પણ થયા. માટે થએલી ભૂલોને સુધારી જ્ઞાની અને અનુભવી બનો. પરંતુ જે દોષોનું સેવન કરીને ખુશી થાય છે. પોતાને બહાદુર માને છે તેઓ પણ જ્યારે સદુપદેશ સાંભળે હૃદયમાં ઉતારે ઉલ્લાસ લાવી વિચાર અને વિવેક જો લાવે તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાની અનુભવી બને. દરેક પ્રાણીઓને પ્રાયઃ સત્તામાં જ્ઞાની અનુભવી બનવાની યોગ્યતા છે. પણ દ્રવ્યક્ષેત્ર, કાલ, ભાવાદિ પામીને પરાક્રમ ફેરવે તોજ બને. અન્યથા અનાદિકાલની અજ્ઞાનતામાં અટવાય છે અને અટવાઇ રહેવું પડે છે. સંકટ વેદના, વાસના, સુખ, દુઃખ વિગેરે અજ્ઞાનતાથી જ આવી મલે છે. પણ જ્યારે જ્ઞાન દશા જાગે છે ત્યારે તે સર્વે ખસી જાય છે. માટે જ્ઞાની અને અનુભવી થવાની આવશ્યકતા છે. તે સિવાય દેવ દેવેન્દ્રની સાહ્યબી હશે તો પણ સાચુ સુખ દૂર રહેવાનું જ—

**૧૦૫ વસ્તુ કરતા વસ્તુના ભયના ભણકારા મનુષ્યોને ભ્રમણામાં નાંખી ભ્રમિત બનાવે છે. તેથી સંતાપાદિકને કરતાં ઝુરે છે. વસ્તુતઃ ભય જેવું કાંઇ પણ હોતું નથી છતાં વિવિધ કલ્પનાઓ કરીને ભયે જાગૃત્ બની સ્વ જીવનને જોખમમાં નાંખી પ્રાણી દુઃખી થાય છે.**

કારણ કે તેઓને દેહ ગેહ પુત્ર પરીવારાદિકની અધિક આસક્તિ હોવાથી અરેરે! મારૂં શું થશે, આવા વિચારો જ તેઓને પાગલ બનાવે છે. પુણ્યોદયે પ્રાપ્ત થએલ સંપત્તિ—સાહ્યબીનો તે બિચારાઓ સદુપયોગ કરવા સમર્થ બનતા નથી. પાપભીરૂ બને તો ભયના ભણકારા પણ રહે નહી. અને સંપત્તિ સાહ્યબીમાં ચોંટેલી મમતા—માયા ખસતી જાય અને નિર્ભય બની સ્વ જીવનની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉન્નતિના ઉપાયો તથા યુક્તિઓ સુઝે પણ પર વસ્તુઓને પોતાના સત્ય સુખને અર્પણ કરનારી માને ત્યાં ઉપાયો. અને યુક્તિઓ ક્યાંથી સુઝે ? એક બાઈને પોતાના પુત્રાદિક પરિવારમાં ઘણી આસક્તિ હતી. અને ઘરમાં સહજ નુકશાન થાય ત્યારે વારે વારે સંતાપ કરતી, સગાં વહાલાં કહેતા કે આવી તુચ્છ બાબતમાં કલેશ કંકાસ કરવો તે ઠીક કહેવાય નહી. પણ જે સ્વભાવ પડયો તે શેનો જાય ? બન્યું એવું કે તેણીને રાત્રિમાં નિદ્રા કરતાં આખો દરિયો પીધાનું સ્વપ્ન આવ્યું. તેથી ગભરાઈ ગઇ. અને એક પાડોશણની પાસે જઇને સ્વપ્નમાં દરિયા પીધાની વાત કહી. આ સાંભળી મૂર્ખ શિરોમણિ–પાડોસણે કહ્યું કે. તેં દરિયો પીધો. એટલે હવે મરણ પામવાની જ. કારણ એક ઘડો પાણી પીવાથી પેટ ફુટે છે. તો પછી તેં તો આખો દરિયો પીધો. હવે ક્યાંથી જીવવાની આ સાંભળી મરણના ભયથી શોક–સંતાપાપ–વલોપાત કરતા હૃદય બંધ પડયું. અને મરણ પામી. મરણનો ભય બીજા ભય કરતાં દરેક પ્રાણીઓને અધિક હોય છે માટે સુખેથી જીવન ગુજારવું હોય હોય તો ભયથી ભ્રમિત બનો નહિ.

વસ્તુઓના સ્વરૂપને જાણી ભયને દૂર કરનાર એક હુંશીયાર વાણીયાની માફક બનો. એક વાણીઓ શરીરે મજબૂત, મતિમાં–યુક્તિમાં બડો પ્રવીણ હતો અને જુદા જુદા વ્યાપારોને કરતો તથા ટાઇમ મળતો ત્યારે સદ્ગુરૂના વ્યાખ્યાનને પણ સાંભળતો તેથી દેહગેહાદિકની આસક્તિ તેને હતી નહી. તેથી ભયના પ્રસંગો મળતાં નિર્ભય બની વસ્તુની વિચારણા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી સત્ય વસ્તુને જાણતો. એક દિવસ બહાર ગામથી ઘીનો ડબ્બો ભરપૂર ઘીથી ભરેલો લઈને સાંજરે નીકળ્યો. પોતાના ગામ આવતાં રસ્તામાં રાત્રી પડી. માર્ગે આવતા આકડાની સાથે રહેલ ખાખરાનું ઝાડ હતું. આ ઝાડના પાંદડા વાયુથી વારે વારે હાલતા અને અવાજ કરતા દેખીને ઘીને લઈને આવતા વણિકને સહજ ભય પેઠો અને શંકાતુર થએલ હોવાથી કોઈ માનવ છે કે દાનવ? પણ વિચાર કરતાં ભય દૂર ગયો અને તે ઝાડની પાસે આવે છે. તે વખતે ભય અને શંકા દૂર ખસે છે. હિંમત ધારણ કરીને તે વૃક્ષની પાસે આવ્યો હિંમત ન હોત તો ત્યાંને ત્યાંજ ભય પામીને ગબડી પડયો હોત. આ પ્રમાણે એવા પ્રસંગે ભયના અને શંકાનાં નિમિત્તો મળે છે તે વખતે હિંમત રાખવાની ખાસ જરૂર છે. જો હિંમત હોય નહી તો શસ્ત્ર અસ્ત્ર વિગેરે હથીઆરો કાર્ય આપી શકતા નથી. તેથી પ્રથમ હિંમત અને પછી હથીઆર હોય તો જ સ્વકાર્યની સિદ્ધિ થાય. અન્યથા તેજ હથિયારથી પોતાને નુકશાન થાય. અગર સ્વ મસ્તક કપાય, માટે જે જે સ્થાને જાઓ ત્યાં ત્યાં ભય જેવું લાગે તો પણ ગભરાવું નહી. અને હિંમતને ધારણ કરવી, બાહ્યના તથા અન્તરના શત્રુઓને હરાવવા માટે સંગ્રામ ખેલવો છે ત્યાં જો ભય પામ્યા અને વિજયની શંકા કરી તો નાશીપાસ બનાશે અને જીવનની જે સાર્થકતા-સફલતા સાધવાની છે તે સધાશે નહી. માટે હિંમત રાખો.

ઈષ્ટદેવની સેવાભક્તિ, શ્રદ્ધા પૂર્વકનું બહુમાન તથા તેમના ધ્યાનમાં એકાગ્રતા રાખવાથી પોતાના આત્મામાં દિવ્ય શક્તિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાગ્રત થાય છે. તે દિવ્ય શક્તિના આધારે આવી પડેલી વિપત્તિને સહન કરવાથી કોઇક દેવ તેની સહનતાથી ખુશી થઇને મદદે આવે છે. અને રીતસર સહકાર આપીને સ્વ-સ્થાને જાય છે. પણ સેવા ભક્તિ કરે અને એકાગ્રતા પૂર્વક તે દેવનું ધ્યાન ધરે નહી અને આવી પડેલી વિડંબનાને સહન કરે નહી તો જે દીવ્ય શક્તિ જાગવાની હોય છે તે જાગતી નથી. કારણ કે વિપત્તિ વિડંબનાના પ્રસંગો નિમિત્તો જે આવ્યા છે તેઓના ઉપર દ્વેષ કરવા પૂર્વક શોક સંતાપ વલોપાતાદિ કરતા હોવાથી ઈષ્ટદેવ પ્રસન્ન થતા નથી. અને સહકાર આપવા સમર્થ બનતા નથી. માટે શક્તિ હોય તો વિડંબનાઓને સહન કરી લેવી. અને શક્તિ જો ન હોય તો ઈષ્ટદેવનું સેવા ભક્તિ પૂર્વક એકાગ્રતા ધારણ કરીને ધ્યાન કરવું તે આવશ્યક છે. તેથી દેવ-દાનવ માનવ પણ સહાય કરનાર મળી આવે. શ્રીમાન્ સુદર્શન શેઠની માફક અર્જુન માલીના ઉપદ્રવને લઇને નગરમાંથી કોઈ પણ બહાર નીકળતું નથી. જ્યારે તે યક્ષાવિષ્ટ માલી છ પુરૂષોને અને સ્રીને મારી નાંખી શાંત બને ત્યારે કોઈ પણ બહાર નીકળી શકે છે. અન્યથા મરણની ભીતિથી કોઇ પણ બહાર નીકળતું નથી. તે અરસામાં દેવાધિદેવ-મહાવીર સ્વામી પર્વતના ઉપર પધાર્યા પણ કોઇ પણ શ્રાવક-શ્રાવિકા વંદના કરવા જતું નથી. શ્રી સુદર્શન શેઠને ખબર પડી. એટલે ભલે મરણ થાય પણ પ્રભુ મહાવીરને વંદના કરાવી. સગાંવહાલાંના નિવારણને માન્ય કર્યું નહી અને પ્રભુનું એકાગ્રતાએ બે ઘડી રીતસર ધ્યાન ધરીને શહેરની બહાર નીકળ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવામાં પેલો અર્જુન માલી શેઠને ગદા ઉપાડી મારવા દોડયો શેઠ હિંમત ધારણ કરવા પૂર્વક શોક સંતાપાદિનો પણ ત્યાગ કરી ચાર અરિહંતાદિનું શરણ સ્વીકારી સ્થિરતા પૂર્વક ધ્યાન કર્યું, દીવ્ય શકિતના આવિર્ભાવથી પેલા માળીમાં જે યક્ષ પેઠેલો હતો તે ભાગી ગયો.

માલી શરીરમાં યક્ષ ભાગી ગએલ હોવાથી સુદર્શન શેઠને પગે લાગ્યો. મરણની જે ભીતિ હતી તે ખસી ગઇ. અને શેઠ પ્રભુના દર્શન વંદન માટે નીકળ્યા. અર્જુનમાલી પણ શેઠની સાથે વાંદવા માટે ગયો. પ્રભુ મહાવીર સ્વામીના દર્શન કરી-વંદના સાથે દેશના સાંભળી પ્રતિબોધને પામ્યા. આ પ્રમાણે મહાસતી—ચંદનબાલા—મૃગાવતી-સતી સીતાજી- દ્રૌપદી વિગેરે સતી ઓએ વિપત્તિના પ્રસંગે હિંમત રાખી. શોક સંતાપાદિને નિવારી ઇષ્ટ પ્રભુમાં એકાગ્રતા પૂર્વક ધ્યાન કરવાથી તેમને સારી રીતે મદદ મળી છે અને સદ્ગતિના સ્વામી બન્યા છે. જૈનેતરમાં પણ સંભળાય છે કે, મહારાષ્ટ્રમાં પંઢરપુરમાં દામોદર પંત ભક્ત હતા. ઈષ્ટ દેવની તનમનથી એકાગ્રતા પૂર્વક ધ્યાન કરતા અને રાજાના મામલતદારનું કામ કરતા. તથા દયાળુ એવા કે કોઈ પ્રાણીની વિપત્તિ-સંકટ દેખી પોતે દુઃખી થતા. ભક્ત જો દયાળુ એવા હોય તો સોનું અને સુગંધ. એ દેશમાં એક વખત દુકાળ પડયો. ખેડુતો મહેસૂલ ભરી શકયા નહી. પુષ્કળ રકમ ખેડુતોના નામે બાકી નીકળવા લાગી. એક બાજુ રાજાના નાણા માટે તગાજા આવવા લાગ્યા. દામોદર પંત દયાળુ હોવાથી ખેડુતોને સંતાપતા નથી. અને ખેડુતો ભગણું દેતા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી તેથી પંતે પોતાના ઘરબાર સ્થાવર મિલ્કત વેચીને ખેડુતો વતી મહેસૂલ ભરવાની તૈયારી કરે છે. તેવામાં તેમના ઇષ્ટદેવ વિઠુભા તનમનથી ભક્તિ સેવા–એકાગ્રતા તથા દયાળુ પણાથી પ્રસન્ન થયા. અને ખેડુતોનું મહેસુલ સીપાઇનો વેશ ધારણ કરીને ભર્યું. રાજાએ સંતુષ્ટ થઇને પુછ્યું. આવા ખરાબ વખતમાં સઘળુ મહેસુલ કોણે ભરી આપ્યું ? વિઠોબાએ ઉત્તર આપ્યો કે મેં. મામલતદાર ખેડુતોની વતી ઘરબાર વેચવા તૈયાર થયા ત્યારે મેં જ મહેસૂલ આપ્યું. રાજા વિચાર કરે છે કે આના સિવાય ઘણો સારો તું શો પગાર લઈશ. તેના ઉત્તરમાં સીપાઇએ કહ્યું. એક લક્ષ. રાજા વિચાર કરવા લાગ્યો કે એક લાખ તો શું પણ પાંચ લાખથી પણ આવો સીપાઈ કયાંથી મળે તેવામાં વિઠોબા અદૃશ્ય થયા.

ભૌતિક પદાર્થોમાં સત્ય સંતોષાદિકને શોધનારાઓને જ્યારે તે પદાર્થોને પ્રાપ્ત કર્યાં પછી અસંતોષ રહે છે ત્યારે ચિન્તા વલોપાત કર્યા કરે છે કે હવે આટ આટલા પદાર્થો મેળવ્યા તો પણ સંતોષ પ્રાપ્ત થયો નહિ, તો કયા પદાર્થ સંતોષ કરશે, કયા ઉપાયો કરૂ, કે સંતોષ થાય ? પણ તેઓને માલુમ નથી કે, સંતોષ, આત્મિક ગુણ છે. ભૌતિક પદાર્થો ગમે તેવા ભેગા કરવામાં આવે તો પણ તે દ્વારા કયાંથી પ્રાપ્ત થાય ? કારણ તે પદાર્થો આત્મિક ગુણોવાળા નથી. ચક્રવર્તી જેવી સાહ્યબી મળે. વૈભવ વિલાસ પ્રાપ્ત થાય તો પણ માનસિક વેદના રહેવાની જ. તથા અસંતોષની ચિન્તાઓ વારે વારે હૈયાને બાળવાનીજ. જો તે સાચા સંતોષના અર્થી હોય તો આત્મિક ગુણોને મેળવવા માટે મહેનત કરે તો જ સંતોષનો લ્હાવો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લેવા સમર્થ બને. કારણ કે ત્યાં સુખ સંતોષનો સાગર જળ હળી રહેલ છે. દુન્યવી પદાર્થો પ્રયાસ કરીને પ્રાપ્ત કર્યા પછી તેનું પોષણ સંરક્ષણની ચિન્તાઓ તો સાથે સાથે રહેવાનીજ એટલે વલોપાત અગર ચિન્તા કરનારને સંતોષ થવો અશકય છે માટે વિચાર–વિવેક પૂર્વક તે ભૌતિક પદાર્થોમાં જે રાગ છે. તેને દૂર કરીને આત્મિક ગુણોમાં રાગને ધારણ કરો. એટલે અચિન્ત્ય સંતોષ હાજર થશે. દુન્યવી પદાર્થો ખાવા પીવાની મોજમજા માણવાની ચિન્તા ઓછી કરશો પણ રાગ ઓછો નહિ કરો તો ચિન્તા હજારો ઉપસ્થિત થશે. જે સત્ય સંતોષ જોઇએ તે મળશે નહી. અને અસંતોષ હાજરને હાજર રહેવાનોજ આમ સમજી સુજ્ઞ અને વિવેકી મહાશયોએ ભૌતિક પદાર્થોનો રાગ હતો તેને હઠાવી આત્મિક ગુણોમાં જોડયો ત્યારે જ સંતોષી બન્યા. સ્વકાર્યને સાધવાનું હતુ તે સાધી કૃતાર્થ બન્યા. તમારી માફક તે પદાર્થોમાં ચોંટી રહ્યા નથી. માટે સંતોષને પ્રાપ્ત કરવો હોય તો આત્મિક ગુણોમાં લગની લગાવો. જરૂર આવી મળશે.

## ૧૦૬ " આત્મશ્રદ્ધા–આત્મજ્ઞાન–આત્મસંયમ–અને આત્મ ભોગ આ ચાર તત્ત્વો, આત્મોન્નતિના– આત્મિક વિકાસના પરમ સાધન છે.

જ્ઞાની આચાર્ય મહારાજ પણ સુદેવ–સુગુરૂ–અને સુધર્મની શ્રદ્ધા પૂર્વક અને આરાધનાની સાથે ઉપરોક્ત સાધનો તરફ લક્ષ રાખે તો વિષય કષાયોની વિડંબનાઓને ટાળી મોક્ષમાર્ગના સરલ અને સુગમ પ્રભુતાના પંથે વિચરે આમ ફરમાવે છે. આસાધનો સિવાય અન્ય વિકાસના ઉપાયો નથી. અન્ય ઉપાયો છે. પણ ગૌણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. પણ દૂરકરવા જેવા નથી. અહિંસા-વ્રત નિયમ તપ જપાદિ સાધનોની આરાધના કરતાં જો આત્મ વિકાસ—કર્મ નિર્જરાને સાધ્ય માને તો તે પણ સાધનો ઘણા ફલદાયક બને. કારણ કે વ્રતાદિકથી યોગ્યતા પાત્રતા આવી મળે છે. અને પાત્રતા પ્રાપ્ત થયા પછી જ સદ્ગુણોને આવવાનો અવકાશ મળે છે. એટલે સદ્ગુરૂ દેવ-ધર્મની આરાધના રીતસર કરવા પૂર્વક તેમજ વ્રતો-નિયમાદિ પાલન કરવાથી યોગ્યતા આવતાં વિકારો ખસવા માંડે છે. અને વિવેક જાગે છે પછી આત્મશ્રદ્ધા-જ્ઞાનાદિનો પ્રાદુર્ભાવ થાય છે. પછી તેના યોગે આત્મોન્નતિના શિખરે આરૂઢ થવાય છે. માટે પાત્રતા પ્રાપ્ત કરવા પણ લક્ષ રાખવાની આવશ્યક્તા છે. પાત્રતા-સદ્ગુણો અને આત્મવિકાસના સાધનો દ્વારા સાચી મહત્તા. સાચી સત્તા પ્રાપ્ત થાય છે. નહી કે ભૌતિક પદાર્થોદ્વારા. ભૌતિક પદાર્થો દ્વારા કદાપિ પાત્રતા આવતી નથી.તેમજ આત્મિક ઉન્નતિ સાધી શકાતી નથી. માટે તે પદાર્થોની આસક્તિનો ત્યાગ જરૂરી છે. ધનાઢયો ધન કરતાં યશ-આબરૂ પ્રતિષ્ઠાને અધિક અધિક લાભદાયક માને છે. અને ધનને વાપરે છે. એના કરતાં તેની આસક્તિને દૂર કરે તો યશ-આબરૂ પ્રતિષ્ઠા મહત્તાદિ પાછળ દોડતી આવે. "વિચારક અને વિવેકી મહાશયો મનુષ્ય ભવનો સત્ય લ્હાવો લેવા માટે દેહ-ગેહ-ધનાદિકનો મોહ ઓછો કરી વ્રતનિયમાદિને આચરવા પૂર્વક સત્ય મહત્તા અને પદવી પ્રાપ્ત કરે છે, એટલે તેમનો શ્રમ તથા વખત વૃથા વ્યતીત જતો નથી. અને આન્તરિક મહત્તા આવી મળવાથી કોઈએ અર્પણ કરેલ મ્હોટાઇ પદવીમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુંઝાતા નથી. સાચી મહત્તાની આગળ સાંસારિક મહત્તા તુચ્છ માને છે. અને જગતના પ્રાણીઓનું કલ્યાણ કરતાં આગળ વધતા રહે છે. તેઓની ઈચ્છા પણ સાંસારિક સંયોગે મળતી મહત્તાની હોતી નથી. પરંતુ આત્મ વિકાસની હોય છે.

**૧૦૭ "તમારા જીવનનું કાર્ય તમે ધારો છો તે કરતાં અત્યંત ઉત્તમ છે. અને ઉમદા છે તે કયું ?** વિવેક પૂર્વક ઈચ્છા અને વિચાર કરી માનસિક વૃત્તિઓને પવિત્ર બનાવો કે જેથી કોઈ પ્રકારના ખરાબ–દુષ્ટ વિચારો અને ઇચ્છાઓ ટળી જાય. અને પવિત્રતા આવીને વસે. આ કાર્ય પ્રથમ કરવા જેવું છે. કર્મના બંધન છે ત્યાં સુધી ઈચ્છા–તથા વિચારો થવાના પણ જેવા તેવા વિચારો અને ઇચ્છાઓથી આત્મિક લાભ કે શારીરિક લાભ જોઈએ તેવો મળતો નથી. પશુ પંખીઓ શિકારી સિંહાદિકને પણ ઈચ્છા તથા વિચાર હોય છે. પણ વિવેક હોતો નથી. તેથી દુર્ગતિમાં જાય છે. વિવેક સહિત કરેલી ઈચ્છા કે આશા ફલવતી બને છે.

પુણ્યોદયે સર્વેન્દ્રિયોની પટુતા મળી છે. અને શારીરિક નિરામયતા પણ છે. પરંતુ વિવેક જો ન હોય તો તેમાં આસક્તિ અને મોહ મમતા–મૂર્છા થાય. અને આસક્તિ–મોહ મમતાના યોગે જીવન એટલુ બધું હલકુ–નીચ બની જાય કે પ્રમાણિકતા નીતિ મર્યાદા પણ ભૂલાય છે કેવી રીતે જીવન ગુજારવું તેનું ભાન રહેતું નથી. તો પછી જૈનત્વ–અગર માણુસાઈ આવે કયાંથી ? માણુસાઈ કે જૈનત્વ, આસક્તિ મોહ મમતા ત્યાગ વિના આવતી નથી. અને સાંસારિક વિષયોની અસારતાને સમજ્યા સિવાય મોહ–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૂર્ચ્છાનો ત્યાગ થવો અશકય છે. માટે અસારતાને રીતસર જાણી આસક્તિનો ત્યાગ કરવો જરૂર છે. જડવાદની ભયંકરતા અને મોહાંધતાની આધીનતાના કારણે અણુચિન્તવી વિપત્તિઓ વિડંબના અને પરિતાપાદિકની પરંપરા વધે છે. તથા ઇન્દ્રિયોના વિષયો અને તેના વિકારોના કારણે આત્મિક ગુણો અધિકતાયે અવરાય છે. અને ભવની પરંપરા વધતાં અસહ્યયાતના આવીને ઉપસ્થિત થાય છે. આવી યાતનાઓને તમો નિવારી શકો નહી. પરંતુ ઉપદેશ આપીને સન્માર્ગે સ્વયં વળીને બીજાઓને વાળો તેમાંજ માનવ જીવનની સાર્થકતા છે, અને સફલતા છે.

ઉત્પન્ન થએલ રોગોની દવા કરાવવી તે ઠીક જ છે. પણ રોગો ઉત્પન્ન થાય નહી તેના ઉપાયો યોજવા તે આવશ્યક છે. રોગો વ્યાધિઓ જો ઉત્પન્ન થશે નહી તો દવા લેવાની જરૂર રહેશે નહિ. શારીરિક માનસિક વ્યાધિઓ તથા જન્મથી વ્યાધિઓ તથા જન્મની વ્યાધિઓ પીડાઓ મોહાંધતાનો ત્યાગ કર્યા સિવાય ટળતી નથી. દરેક અનર્થો તથા વ્યાધિઓ અને આધિઓ અને યાતનાઓ મોહમમતાના કારણે ઉપસ્થિત થઈ પુનઃપુનઃ અત્યંત કષ્ટો અર્પણ કરે છે. માટે પ્રથમ તે રોગો ઉત્પન્ન થાય જ નહી, તેના ઉપાયો લેવા જોઇએ

કંકાસ, કલેશ, ઝઘડાઓને દબાવવા અગર શાંત કરવા માટે યુક્તિઓ કરવી તે ઉચિત છે. પણ તેના કારણોને મૂલમાં દૂર કરવા અગર તે કંકાસાદિ ઉત્પન્ન થાય નહી તે માટે ઉપાયો યુક્તિઓ કરવી તે અતિ કલ્યાણ કર છે અને ઉત્તમોત્તમ છે. કારણો હશે નહી તો કાર્ય બનશે નહી. અને બને પણ કયાંથી ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૦૮ દેહ-ગેહાદિકના અધ્યાસ-આસક્તિની સઘળી પ્રવૃત્તિ અને વૃત્તિઓના ત્યાગ વિના કુંકાસ વિગેરે કંકાસ દૂર ખસતા નથી. અને નિર્ભેળ સુખશાંતિનો અનુભવ આવતો નથી માટે જ્ઞાન પૂર્વક શુભ ભાવનાઓને ભાવો અને તેના યોગે ક્લેશાદિ ટાળો અને કંકાસાદિકને ટાળ્યા પછી આત્મિકગુણો-પ્રશમ-વૈરાગ્ય-સંવેગ-અનુકંપા અને શ્રદ્ધા જળહળી ઉઠશે આ આત્મિક ગુણોનો પ્રાદુર્ભાવ થયા પછી દેહદિનો અધ્યાસ ખસવા માંડે છે અને ગુણસ્થાને અનુક્રમે આરૂઢ થતાં મોહના મસ્તકે કુઠાર પડે છે 'હે ચેતન ! વિકથાની વાતો કરવામાં તથા પરનિન્દા કરવામાં ઘણો વખત વ્યતીત કર્યો હવે સ્વ-દોષોની નિન્દા કરવામાં તથા ગુરૂસાક્ષીએ ગર્હા કરવામાં અવસરને સફલ કર, પરનિન્દા કરવામાં અને વિકથાઓ કર-વામાં સ્વદોષોની નિન્દા ગર્હા કરવાનો વખત મળ્યો નહી. તેથી આત્મહિત-કલ્યાણ સધાયું નહી. તેથી તને પસ્તાવો થાય છે. જો ખરેખરો પસ્તાવો થતો હોય તો સઘળી પંચાતનો ત્યાગ કરી પોતાના દોષોને દૂર કરવા અવસર સાધી લે.

તમારે અને અમારે વધારેમાં વધારે જરૂર, જો કોઈ હોય તો ક્ષમાદિ દશ ગુણોની જ છે. કારણ કે ક્ષમાદિક ગુણો આત્મતત્વની ઓળખાણ કરવામાં અનન્ય કારણ છે. આ ગુણો સિવાય ભૌતિક સાધનો, આત્મસ્વરૂપને જાણવામાં તથા રમણતા કરવામાં સહકાર આપવા સમર્થ બનતા નથી. ઉલ્ટા કારમા કંકાસ-ક્લિષ્ટ કર્મોને તથા વિચારોને વધારવામાં સહાય કરે છે અને દુન્યવી પદાર્થો ખાતર કરેલ કંકાસાદિ વેર વિરોધાદિ કરાવી ભવ પરંપરાને વધારી મૂકે છે તેથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ ક્ષમાદિકની આવશ્યક્તા છે અને દરેક વ્યાવહારિક પ્રસંગોએ તેની જરૂરિયાત રહેવાની. વ્રત-તપ-જપની આરાધના પણ ક્ષમાદિક ગુણોના-આધારે શોભા રૂપ બને છે.

એટલે આત્મતત્ત્વની ઓળખાણ વિના માણસો ગમે તેવું સાચું સુખ મેળવવા માટે પ્રયાસ કરે અગર કરશે તો પણ પાછળજ રહેવાના માટે સદ્વિચાર અને વિવેકને લાવી ક્ષમા નમ્રતા સરલતા સંતોષ વિગેરે ગુણોને લાવવા માટે લાગણી પૂર્વક પ્રયત્ન કરવો તે શ્રેયસ્કર છે. મહત્તાની યોગ્યતા તથા સત્ય સંપત્તિ વિગેરે પણ ઉપરોક્ત ગુણો વિના ક્યાંથી મળશે ? નહી જ મળે, વ્યવહારિક કાર્યો પણ યોગ્યતા સિવાય રીતસર સધાતા નથી. માટે કામક્રોધાદિકનો હ્રાસ કરી આત્મિક ગુણોને પ્રાપ્ત કરો.

એક વ્યવહારી, મહત્તા મેળવવા તેમજ પ્રસિદ્ધ થવા ખાતર દાનાદિકને કરતો પરંતુ કોઈ માણસ તેના સામું બોલે અગર અણગમતું કહે ત્યારે તેનો મિજાજ બાર ખાંડી વધી જતો. એટલે અતીવ કોપાતુર બની કહેનારને કહેતો કે અમો દાનાદિ કરીએ તો પણ તેની કદર કરતો નથી. અને પુનઃપુનઃ ભૂલો બતાવ્યા કરે છે. તારા જેવો લબાડ માણસ મેં જોયો નથી. આ મુજબ શ્રવણ કરીને શિખામણ આપનારે કહ્યું કે. તમે દાનાદિ કરો છો તે તો ઠીક છે પણ તેની પદ્ધતિ ભૂલ ભરેલી છે. પ્રથમ તો ધાર્મિક-નીતિમાનો જો સીદાતા હોય તો તેઓને સહાય કરવી. તેઓ સાધન સંપન્ન બનશે તો અહિંસા સંયમ અને તપસ્યા વિગેરેની આરાધના રીતસર કરી શકશે. દેરાસર જીર્ણોદ્ધાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાઠશાળા વિગેરે સાત ક્ષેત્રોની સંભાળ રાખશે. તથા દરેક પ્રાણીઓ ઉપર મૈત્રી–પ્રમોદ અનુકંપા વિગેરે ધારણ કરશે. તમે તો ધાર્મિકોને ભૂલી જે માણસો તમારી પ્રશંસા કરે તેઓને દાન આપો છો તેથી જ કહેવું પડે છે. તો ભૂલો કાઢવાના બદલે સાચી ભલામણ કે સૂચના માનો અને મિજાજ કરો નહી. આ સિવાય અન્યત્ર દાનને કરવું નહી. એમ અમો કહેતા નથી. પણ પ્રથમ ધાર્મિકને દાન દો તે પણ આશંસા રહિત આપશો તો તે સત્યફલ દાયક નીવડશે.

"તેનું કથન માન્યું તો ખરૂ. પણ બે ચાર ઘડી, પછી એના એ ક્રોધાદિકનો હ્રાસ કરવા શક્તિમાન્ તે બન્યો નહી. માટે લખવું પડે છે કે ક્ષમાદિકની પ્રથમ જરૂર છે. કે જેના આધારે માણસાઇ અને દાન વિગેરે સફલ બને. જીનેશ્વર–કેવલજ્ઞાની એ દેખાડેલા માર્ગે, આ સદ્ગુણો વિના કેવી રીતે ગમન કરશો. ગમન કરાશે નહી. અને આત્મ તત્વની ઓળખાણ કેવી રીતે થશે ? અરે લાયકાત પણ આવી શકશે ક્યાંથી ? તમારી ભાવના તો મહત્તા મેળવવાની હશે. પરંતુ જીનેશ્વરે દર્શાવેલ માર્ગે ગમન કર્યા વિના સત્ય મહત્તા મળશે નહિ. સ્વાર્થીઓ તમારી પ્રશંસા કરશે અને મ્હોટા મ્હોટા કહેશે તો પણ મ્હોટાઈના બદલે મદ આવીને ખડો થશે. આવેલો મદ, માનવીઓને દરેક બાબતોમાં હાનિકારક બને છે. માટે દુન્યવી મ્હોટાઇ ઉપર વિશ્વાસ ધારણ કરો નહી. પ્રભુ પંથે ગમન કરતાં–અગર ગમન કરનારને સત્ય મહત્તા મળે છે. અને સત્ય મહત્તા મળ્યા પછી કોઇની ઓશીઆરી રહેતી નથી. ઓશીયાળીને દૂર કરવા પુનઃપુનઃ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચિન્તાઓ કર્યા કરો છો તેમજ પ્રયાસ પણ કરો છો તો પછી ઓશીયાળી કેમ ખસતી નથી ? અને કાયમ રહ્યા કરે છે ? જ્યાં સુધી ધાર્મિક કાર્યો કરતાં તથા તથા વ્યાવહારિક કાર્યો કરતાં આ લોક તેમજ પરલોકના સુખની આશંસા–અભિલાષા તથા પ્રતિષ્ઠા–મહત્તા વિગેરેની ઇચ્છા ખસી નથી તેથી જ ઓશીયાળી કાયમ રહે છે. અને રહેવાની જ માટે તેની આશંસાને દૂર કરી તથા ક્ષમાદિક ગુણોને ધારણ કરવા પૂર્વક જીનેશ્વરે કથન કરેલા માર્ગે સંચરો. આ ઓશીયારી ટાળવાનો રાજમાર્ગનો આધાર લીધા વિના કદાપિ માનસિક વૃત્તિઓ સ્થિર થશે નહી. અને સત્ય મહત્તા–પ્રતિષ્ઠા મળશે નહી. માટે કષ્ટ સહન કરીને પણ આ સુગમ–અને સરલ પંથે સંચરો.

આપણા જીવનમાં બે પ્રકારના માર્ગો રહેલા છે એક અંધકારનો અને બીજા પ્રકાશનો આ બે માર્ગમાંથી કયા માર્ગે ચાલવું તે બુદ્ધિ ઉપર આધાર રાખે છે. વિચાર વિવેક બુદ્ધિ તો આપણને પુણ્યના યોગે મળી છે તો પછી અંધકારનો માર્ગ જે છે તેનો ત્યાગ કરી પ્રકાશનના માર્ગે ગમન કરવું તે હિતકર છે અનુભવી કહે છે કે, સદાય મનપસંદ સુખનો, અનુકુલતાનો, આ જગતમાં કે જીવનમાં માર્ગ મળતો નથી. છતાં બુદ્ધિ હોય તો પ્રકાશ માર્ગ પણ છે ને ? તે માર્ગે વળો મનપસંદ સુખનો માર્ગ મળી આવશે અજ્ઞાનાંધકારના માર્ગે ભયના ભણકારા તથા વિવિધ ભીતિઓ આવી ઉપસ્થિત થાય છે ત્યારે શોરબકોર કરી અધિક ભયભીત બનો છો. તે વખતે શાંત બની પ્રકાશના માર્ગે વળવાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રયાસ કરો તો ભીતિઓ ટળે અને સાથે સાથે આનંદ પૂર્વક ગમન કરવાનો માર્ગ મળી રહે છે. શોરબકોર કરવાથી ભયો કદાપિ ખસતા નથી અને ખસવાના પણ નહી. માટે બુદ્ધિને વાપરી પ્રકાશના માર્ગને શોધો એટલે તમારો માર્ગ સરલ અને સુગમ બનશે. અત્યાર સુધી અંધકારના માર્ગે ચાલવાથી ભય–ખેદ–અરૂચિ દૂર ગઇ નથી તેનો અનુભવ આવતો તો હશે જ, પરંતુ તે માર્ગનો ત્યાગ કર્યા સિવાય ભય વિગેરે કયાંથી ખસે? સંસાર એટલે વિષય કષાયનો માર્ગ સાત ભયથી ભરેલો છે છતાં બુદ્ધિમાનો વિવેકના આધારે તેમાંથી જ તત્ત્વની વિચારણા કરીને ભયોને હઠાવી શકે છે આ જ્ઞાન પ્રકાશનો માર્ગ છે ખરેખર, બુદ્ધિમાનો સંસારમાં તત્ત્વની વિચારણાના યોગે પ્રકાશના માર્ગે સંચરી ભયાદિકને હઠાવી પરમપદને પામ્યા છે અને પામશે અજ્ઞાત મનુષ્યો અંધકારમાં અથડાય છે અને ટીચાય છે અને શોરબકોર કરે છે છતાં પ્રકાશના માર્ગે વળતા નથી. આ કેવી અજ્ઞાનતા? અસહ્ય યાતના ભોગવતા છતાં પ્રકાશના માર્ગે વળતા નથી.

**૧૦૯ શારીરિક કે ભૌતિક કેળવણીદ્વારા પ્રાપ્ત કરેલી શકિતને સન્માર્ગે વાળનાર જો કોઇ હોય તો આધ્યાત્મિક જ્ઞાન છે.**

આ જ્ઞાનના અભાવમાં મેળવેલ સર્વે જ્ઞાન ઉન્માર્ગે લઈ જનાર છે. એટલે વિષય કષાયાદિના વિકારોને વધારનાર છે. છે. માટે શારીરિક તેમજ ભૌતિક કેળવણી લઈને આધ્યાત્મિકજ્ઞાન મેળવવાની જરૂર છે. તેના યોગે સર્વ જ્ઞાન સફલ થાય છે. અને આત્મિક વિકાસ સધાતો જાય છે. ફક્ત બાહ્ય કેળવણી લેનારાઓ ભલે પછી ધનાઢય બની વિલાસોમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મ્હાલે પણ તેમના હૈયાને ચિન્તાના જંતુઓ કોરી ખાતા હોય છે. તે ચિન્તાઓ વિલાસોમાં મહાલવાથી કયાંથી ખસે? દૂર ખસે આધ્યાત્મિક જ્ઞાનથી જ, માટે તેનો પણ આદર કરો. સર્વ બાહ્ય કેળવણી લેનારા, સારી દુનિયામાં ફરી વળે તો પણ તેઓની માનસિક વૃત્તિઓ સંતુષ્ટ બનતી નથી. અને પરિભ્રમણનો પ્રયાસ વૃથા જાય છે તે વૃત્તિઓને સંતુષ્ટ બનાવવાનો ઉપાય તો સમ્યગ્જ્ઞાનથી મગ્ન બનેલ વિકસિત થએલ આત્મામાં છે.

આત્મિકજ્ઞાનમાં મગ્ન બનેલ આત્માને ભવાભિનંદીપણુ કે પુદ્ગલાનંદી પણું હોતુ નથી. પરંતુ પુદ્ગલોની સહાય લઈને આગળ વધે છે. કારણ કે તે સિવાય આગળ વધવામાં અશકયતા છે "સત્ય સુખ પ્રાપ્ત કરેલા પદાર્થો દ્વારા મળતું નથી. પણ—સમ્યગ્જ્ઞાન દ્વારા કરેલા સરસ સદ્વિચાર—અને વિવેકમાં છે. તમે ગમે તેવા મન ગમતા પદાર્થોને મેળવો તો પણ સુખની અભિલાષા પૂર્ણ થશે નહી. અપૂર્ણ જ રહેવાની. કારણ કે તે પદાર્થોનો વિયોગ થતાં કે નાશ પામતા દુઃખ આવી હાજર થશે. તેવા સમયે જો સદ્વિચાર હશે કે સદ્વિવેક હશે તો દુઃખ માલુમ પડશે. નહી નહીતર શોર બકોર કરતા જીવન ગુજારવું પડશે. આવી વિપત્તિની વેળા આવે નહી તે માટે પ્રથમથી ચેતીને બાહ્ય કેળવણીને સાથે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા પ્રમાદ કરો નહી.

ધનાઢયનો એક પુત્ર ઉમ્મર લાયક થતાં અનુક્રમે કોલેજની કેળવણી લઈ વિજ્ઞાનનો અભ્યાસ કરવા યુરોપ ગયો તેના પિતાએ તેની પાછળ હજારો રૂપિયાનો વ્યય કર્યો. તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુત્ર, વિજ્ઞાનમાં પ્રવિણુતા મેળવી પોતાના વતનમાં આવ્યો અને ઘણા સ્થલે ઓફીસ ખોલીને ઘણું ધન મેળવી વિલાસ કરવા લાગ્યો, ધનમાં અને ધર્મમાં હાનિ થતી હોવાથી ચિન્તા કરવા લાગ્યો. કે આવા મનોહર વિલાસો કરૂં છું છતાં શાંતિ કેમ મળતી નથી ? ખરેખર દુન્યવી વિલાસો મન માન્યા હોય તો પણ ક્ષણુ સ્થાયી હોવાથી ઇષ્ટ શાંતિ કયાંથી પ્રાપ્ત થાય ? તેમાં વિનાશ રહેલો હોય છે. આવું સમ્યગ્જ્ઞાન. વિલાસો ભોગવતાં કયાંથી ઉપલબ્ધ થાય ? અને સદ્વિવેક પણ કયાંથી આવે ?

આ ભાઈને સુખની અભિલાષા તો હતીજ, કેને સુખની ઇચ્છા ન હોય ? દરેક પ્રાણીઓને હોય છેજ. ઇષ્ટ સુખની તેઓની ઇચ્છા ધનદ્વારા મેળવેલા પદાર્થોમાં નથી તથા તેના વિલાસોમાં પણ નથી. આમ નિર્ણય કરી આત્મજ્ઞાન મેળવવા માટે લગની લાગી. કોઇ એક આત્મજ્ઞાનીની પાસે ગમન કરી, સત્ય સુખ કયા આધારે મળે. તે માર્ગ મ્હને દર્શાવો ? આત્મજ્ઞાનીએ કહ્યું કે તેનો ઉપાય તારી પાસે પણ છે. પરંતુ તે માર્ગે ગમન કર્યું નહી. તેથી સુખને બદલે વલોપાત વિડંબના આવી છે. હવે આત્મિકજ્ઞાન મેળવી સદ્‌વિચાર કરી વિલાસો આજે બાહ્ય પદાર્થોના છે તેનો ત્યાગ કરી આત્માના ગુણોમાં મગ્ન બને તો વિલાસો કરતાં અધિક આનંદ આવશે અને વિનાશ થતો અટકશે. આ પ્રમાણે જ્ઞાનીનો ઉપદેશ સાંભળી આત્મજ્ઞાન મેળવી વ્યવહાર કાર્યો કરતાં નિર્લેપ રહેવા લાગ્યો ચિન્તા વલોપાત વિગેરે દૂર ખસી ગયા. છેવટે આત્મજ્ઞાનના વિલાસોમાં મગ્ન બની દુન્યવી વિલાસોને હઠાવી સાચી શાંતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મેળવી અને પદાર્થોનો સહકાર લેવા પૂર્વક સદ્ગતિને સાધશે

**૧૧૦ આત્મિક ગુણોમાં લગની લગાવીને આત્મિકોન્નતિ સધાય છે તેને જ સમ્યગ્જ્ઞાની ઉન્નતિ સ્વીકારે છે.**

એક માણસ પાપને પાપ તરીકે માને છે અને છૂટકો નહિ હોવાથી તે પાપ સ્થાનક સેવવું પડે છે અને બીજો પાપને પાપ તરીકે માનતો નથી તે એમાંથી પાપને પાપ તરીકે માનતો નથી તે નીચ અને હલકો કહેવાય, ભલે પછી શ્રીમંત-ધનાઢ્ય કહેવાતો હોય તો પણ સમ્યગ્જ્ઞાની દૃષ્ટિએ નીચ ગણાય છે. આવો શ્રીમંત પ્રસિદ્ધ થવા ખાતર લાખો રૂપિયાનો વ્યય કરે તો પણ ઉચ્ચ સ્થિતિને પ્રાપ્ત કરવા ભાગ્યશાલી બને કયાંથી ? આયુષ્ય પૂર્ણ થવાના અવસરે કાંતો આર્તધ્યાન કે રૌદ્ર ધ્યાન કરતો હોય છે. શાસ્ત્રકાર ફરમાવે છે કે રૌદ્ર ધ્યાનથી નરક ગતિ મળે જ્યાં પીડાઓનો પાર નથી. ત્યાં ક્ષેત્રજન્ય અને પરસ્પર કરેલી લડાઈથી અને ઉષ્ણ-શીતથી ઉત્પન્ન થતી પીડાઓ એક ક્ષણ શાંતિ આપતી નથી. કારણ કે જે પાપને પાપ તરીકે નહી માનેલ હોવાથી સત્તા-સંપત્તિ અને બલના આધારે પાપ સ્થાનકને સેવવામાં બાકી રાખતો નથી તેથી વિચારો એવા દુષ્ટ હોય છે કે તદ્દન નીચ ભૂમિકામાં લાવી મૂકે અને આર્ત્તધ્યાનના વિચારોથી ધનધાન્ય પરિવાર વિગેરેમાં ઘણી આસક્તિને લીધે તિર્યંચ ગતિમાં પશુપંખી વિગેરેની ગતિમાં જઈ ટકાય છે ત્યાં પણ પીડાનો પાર નથી. પરાધીનતા પૂરેપૂરી હોય છે તેથી સાંસારિક સુખશાતા પણ કયાંથી હોય ? આ પ્રમાણે પાપને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાપ નહી માનનાર અંતે મહાદુઃખી બને છે પરંતુ પાપને પાપ તરીકે માની ન છુટકે પાપ કરનાર અને કરેલ પાપની આત્મ સાક્ષિએ નિન્દા ગર્હા કરનારના વિચારો નિર્મલ થતા હોવાથી અને પાપ થાય નહી તે માટે ઉપયોગ રાખવાથી અંતે શુભ વિચારોના આધારે દેવગતિને પ્રાપ્ત કરવા શક્તિમાન બને છે અને આત્મરમણુતા રૂપ શુકલ ધ્યાનથી અનંત સુખના સ્વામી પણુ બને છે માટે બે ધ્યાનને નિવારી ધર્મ અને શુકલ ધ્યાનને ધ્યાવવા પ્રયત્નશીલ થવાની આવશ્યક્તા છે તથા શાસ્ત્રકાર ફરમાવે છે કે રોદ્ર ધ્યાનીના તદ્દન ક્રુર વિચારો હોવાથી, મરણુ વખતે તેના પ્રાણો પગ. માંથી નીકળે છે. અને આર્તધ્યાનનીના વિચારો હલકા હોવાથી અંતે તેના પ્રાણો જંઘા શાથળમાંથી નીકળે છે. અને જ્યારે છાતીમાંથી પ્રાણો નીકળે તો મનુષ્ય ગતિ, અગર તિર્યંચ ગતિને પ્રાપ્ત કરે છે. મસ્તકમાંથી નીકળે તો દેવગતિને મેળવે. જો સિદ્ધગતિમાં સંયમી જવાનો હોય તો સર્વે શરીરમાંથી પ્રાણો નીકળે છે. આ મુજબ શરીરમાંથી જુદા જુદા અંગોમાંથી પ્રાણો નીકળતા હોવાથી અનુભવીને પણુ માલુમ પડે છે કે. આ ભાઈ કેવી ગતિમાં ગયા, માટે સદ્ગતિના લ્હાવા લેવા હોય તો જીવનમાં સદ્વિચાર અને વિવેકને સ્થાપન કરો. મરણુ તો સર્વ પ્રાણીઓ જન્મ પામેલા હોવાથી થવાનું જ. જનમ્યો તે જવાનો જ. પણુ પાપ સ્થાનક પીડા–દુઃખ–વિડંબનાનું કારણુ માનીને ન છૂટકે પાપ કરો અને તે પાપો કર્યા પછી નિન્દા ગર્હા કરવા પૂર્વક પાયચ્છિત્ત લઈને નિર્મલ બનો. ઘણા પાપોને કરનાર અર્જુનમાલી–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચીલાતિ પુત્ર વિગેરેએ પાપની નિન્દા ગર્હા કરી આત્મ-ધ્યાનમાં રક્ત બની સદ્ગતિને મેળવી સુખનો સત્ય લાભ મેળવ્યો છે. દુષ્ટ અને ક્રુર વિચારો પૂર્વક તેવા ખરાબ વર્ત-નથી સુખ કદાપિ ઉપલબ્ધ થતું નથી. દુષ્ટાચરણથી દુઃખો આવી મળે તેમાં નવાઈ શી ? અને દુઃખ તો કોઈને પસંદ હોતું જ નથી માટે પાપને પાતક તરીકે માની સદ્વિચાર–અને વિવેકને લાવી ધાર્મિક બનો.

ટેવ સારી કે ખરાબ પાડવી તે પોતાના વિચારો ઉપર આધાર રાખે છે સદ્વિચાર દ્વારા ખરાબ ટેવ–લતને સુધારવાની આપણામાં તાકાત રહેલી છે તો પછી તે શક્તિનો આવિ-ર્ભાવ કરી ખરાબ ટેવને દૂર કરવા માટે સદ્વિચારો કેમ ન કરવા ? દરરોજ બૂરી લતો જે પડેલી હોય છે. તેની ગુલામી ઓછી નથી. તે તો કોઈ વખતે હાંસીપાત્ર બનાવે છે, અને મૂર્ખતામાં ગણના કરાવે છે.

" એક બે વાર બૂરી ટેવને નમતું આપ્યું તો જરૂર માનજો કે બગાઈની માફક ચોંટી પડવાથી દૂર કરવી દુષ્કર બનશે. રૂઢ બનેલ ટેવ સ્વાભાવિક બની મનુષ્યોને ઉન્માર્ગે ઘસડી જાય છે. અને પાગલ બનાવી સદ્વિચારો કરવા દેતી નથી. ચોરી જારીની લત–ટેવવાળાઓએ ઘણીવાર લાતો ખાધી હોય છે. હાંસી પાત્ર, સ્વજન વર્ગમાં બનેલ હોય છે, તથા આબરૂ પ્રતિષ્ઠાનું લીલામ પણ કરેલ હોય છે. તેમજ શારીરિક શક્તિની બરબાદી થએલી હોય છે. છતાં તે બૂરી ટેવને દૂર કરવા સમર્થ બનતો નથી. તેથી અંતે અસહ્ય સંકટોના ભોક્તા બને છે. એક ધનાઢય શેઠની પત્ની રૂપવતી તો હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ ચોરી કરવાની ખરાબ ટેવ પડેલી હોવાથી સારી રીતે સાધન સામગ્રી હોવા છતાં પણ શેઠના ગજવામાંથી દરરોજ રૂપિયો–આઠ આના જે હાથમાં આવે તે ચોરી લઈ સંગ્રહ કરીને ખુશી થતી. શેઠ કહેતા કે તું ચોરી કરીને જે કાંઇ હાથમાં આવે છે. તે ઉપાડી લે છે. તેના કરતાં મ્હને પુછીને લેતો ઘણું સારૂં કહેવાય ? મ્હને દેવામાં બાધ નથી. આમ ચોરી કરતાં કોઈ પ્રસંગે તને ઘણું સહન કરવું પડશે. આપણા ઘરમાં ધન વિગેરેની કાંઇ ખામી નથી. શેઠ ઠપકો આપે ત્યારે કટાણું મુખ કરીને રીસાઈ બેસતી. શેઠે પછી કહેવાનું મૂકી દીધું. એક દિવસ લગ્ન પ્રસંગે જાનમાં પિયર ગઈ ત્યાં પણ ચોરી કરવા લાગ જોતી રહી છે. પણ ચોરી કરવાનો લાગ મળતો નથી, તેથી બેચેન રહેવા લાગી. મિષ્ટાન્ન પણ ભાવતું નથી. ખાય ખરી પણ ઉંચા મનથી, સગા વહાલા પુચ્છે તો કાંઈ નહી કાંઈ નહી આમ કરીને પતાવી લેતી. એટલામાં સગાંવહાલાં અગત્યના કામમાં રોકાએલ છે. તેટલામાં લાગ ફાવવાથી માતપિતાના ઘરમાં રહેલી મોતીની માળા ચોરીને અણીયામ ગોઠવી. પણ ચાલવામાં ઘણી અડચણ પડવા લાગી. એટલે કોઇ બોલાવે તો પણ તેની પાસે જતી નથી. અને મૌન ધારણ કરીને બેસી રહે છે.

'ચાલવાથી કોઈ જાણી જાય અને પકડી પાડે તેથી સંડાશમાં પણ જતી નથી. ઝાડો પેશાબ બંધ થવાથી પેટમાં વ્યાધિ થઈ અને પીડા થવાથી બૂમો પાડવા લાગી, માત પિતાએ વદ્યને બોલાવ્યો. તેણે રેચની દવા આપી. હવે સંડાશમાં ગયા વિના ચાલે એમ નથી. જાય નહી તો લુગડાં-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસ્ત્રો મલીન થાય એમ હતું, સંડાશમાં જતાં ચણીયામાં ગોઠવેલા હાર નીચે લબડવા લાગ્યો. સગાંઓને ખબર પડી કે હાર જેવું કાંઇ છે. તપાસ કરતાં હાર મોતીનો માલુમ પડયો. અને ઘણો ઠપકો દીધો કે તારે હારની જરૂર હતી તો અમને કહીને લેવો હતો ને ? અમે તને અર્પણ કરત, ચોરી કરવાથી કેવી-વ્યાધિ થઇ. પેલી બહુ ખસીઆણી પડી ગઇ. માતા પિતાદિ હાંસી કરવા લાગ્યા. કે તારા ઘરમાં મોતીના હાર વિગેરેની ખામી છે નહી. છતાં ચોરી કરવાની બૂરી ટેવને લીધે આ ફજેતી થઈ. હવેથી આ ખરાબ ટેવનો ત્યાગ કરજે, નહિતર ત્હારી કીંમત કોડીની થશે. સગાં વહાલાં વિગેરે તારા ઉપર વિશ્વાસ રાખશે નહી. આ શેઠાણી પિયરમાંથી સાસરે ગઇ. તેના પતિને હાર ચોર્યાની ખબર પડી. ઘણો ઠપકો આપ્યો કે તેં પિયરમાં પણ ચોરી કરી, ત્યાં તારી કિંમત કેટલી થઇ ? માટે સમજીને આ ટેવનો ત્યાગ કરવો જરૂરી છે. ચોરી કરનાર બમણો ગુન્હેગાર બને છે. અસત્ય બોલી કરેલા ગુન્હામાંથી છૂટવા માગે છે. પણ પકડાયા વિના રહેતો નથી. કદાચ માર ખાઇને પણ ગુન્હો કબૂલ કરવો પડે છે. અને પાપી બની તદ્દન નીચે હલકી ભૂમિકાનું ભાજન બનવું પડે છે. પાણીમાં પડેલો પથરો તરે નહી પણ તળીયે જઇને પડે તેમ ચોરી કરનાર સંસાર-સાગરમાં તરતો નથી પણ તેમાં ડૂબીને મરણ પામે છે. તેથી જ સ્વયં અત્યંત સંકટો ઉપસ્થિત કરી પોતે દુઃખી થાય છે.

**૧૧૧ ' સુખ શાંતિ કદાપિ ગેરહાજર હોતી નથી હાજરને હાજર હોય છે. માત્ર આપણેજ એની**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**હાજરીને ઓળખતા નથી, ઓળખાણ વિના અન્યત્ર ભટકવાનું અને વારે વારે ટીચાવાનું થાય છે.**

બુદ્ધિમાનો વિષય કષાયના વિકારોને હઠાવી આત્મિક ગુણોનો આવિર્ભાવ કરવા માટે અન્યત્ર ભટકવાનું મૂકી દઇ સ્થિરતા ધારણ કરવા પૂર્વક તેના સાધનો મેળવે તો જરૂર સુખ શાંતિની હાજરીને દેખે. સાંસારિક માયા મમતામાં ફસાઇ પડેલા અને વિકારોમાં વશવર્ત્તી બનેલા કાયમ રહેલી સુખની હાજરી કયાંથી દેખે ? આવા માનવીઓ પોતાની જાતને પોતે હલકી નીચ કીડા જેવી બનાવી મૂકે તો પછી કોઇ તેઓને પગથી ચાંપે અગર વિવિધ પીડાઓથી, સંકટોથી અકળાતા હોતો પોતાની જાતને ઉન્નત બનાવવા કટીબદ્ધ બનવું તે કલ્યાણકર માર્ગ છે.

**૧૧૨ જગતની સર્વ જાતિઓને તથા પદાર્થોને ઓળખવા માટે પ્રયાસ કરી રહેલા માનવીઓએ પ્રથમ પોતાની જાતને આત્માને ઓળખવાની લાગણી રાખવાની જરૂર છે.**

પોતાને ઓળખ્યા પછી સુખ શાંતિને માટે અન્યત્ર પરિભ્રમણ કરવાનું રહેશે નહી. અન્યથા તો પરિભ્રમણ કપાલમાં ચોંટી રહેવાનું જ, અને વિવિધ વેદના આવીને થવાની જ.

' આત્મિક ગુણોને ભૂલી વિષય કષાયના વિકારોને વહાલા માની તેમાંજ સર્વસ્વની કલ્પના ધારણ કરવા પૂર્વક તેના સાધનોને પ્રયાસથી પ્રાપ્ત કરે છે. પરંતુ જ્યારે તે સાધનો નષ્ટ થાય છે. ત્યારે કેટલાક મોહ મુગ્ધ માનવો સળગતા અગ્નિમાં સ્વદેહને હોમી દે છે. તથા કેટલાક વિષ ખાઈ અકાલે

For Private And Personal Use Only

મરણ પામે છે. કેટલાક જંગલમાં વસી સ્વજીવનને વ્યતીત કરે છે. પણ સંયમ–તપાદિની આરાધના કરવાનું કોઇ ભાગ્યશાલી કહે તે પસંદ પડતું નથી. ભલે પછી અત્યંત યાતનાઓ સહન કરવી પડે. આવાઓને ભટકવાનું થાય તેમાં નવાઈ શી?

**૧૧૩ રસ ગારવે–ઋદ્ધિ ગારવે અને શાતા ગારવે આબાદીની તથા આઝાદીની બરબાદી કરેલી છે.**

તેવી શત્રુઓએ તેમજ શસ્ત્રોએ કરી નથી. તેમજ કરતા નથી. રસાદિગારવમાં ગરકાવ થએલા માનવીઓ શક્તિને ગુમાવતા હોવાથી શસ્ત્રોને, અને શત્રુઓને બરબાદી કરવાનો લાગ ફાવે છે જો તેમાં લુબ્ધ થાય નહી તો શત્રુઓનું જોર ચાલતું નથી અને આબાદી–આઝાદી કાયમ રહે છે.

આબાદી–આઝાદીને સાચવવી હોય અને તેના તરફ લાભ લેવો હોય તો પ્રથમ માનસિક–વાચિક અને કાયિક વૃત્તિ–પ્રવૃત્તિઓને સમ્યગ્‌જ્ઞાન પૂર્વક સુધારી બલવતી કરો તથા અભિમાનનો ત્યાગ કરીને સમાજ જ્ઞાતિ અને દેશ તથા આત્મોન્નતિ થાય તે મુજબ તે બલવતી થાય એવી પ્રવૃત્તિઓને યોજો કદાપિ પરાધીનતા આવશે નહી. અને શત્રુઓનું જોર ચાલશે નહી.

**૧૧૪ સંયમ સિવાયનો સંસાર–અસાર છે સંયમના આધારે સંસારમાંથી ઇષ્ટ વસ્તુઓ મેળવી શકાય છે**

આ સિવાય સંસાર, નરકાગાર બને છે સંયમીનું આયુષ્ય દીર્ઘ હોય તે વખાણવા લાયક છે અસંયમીનું દીર્ઘ જીવન, પોતાને તેમ પારકાઓને દુઃખજનક બને છે માટે સંસાર રસિકોને પણ પ્રતિકુલતાના યોગે સંયમને જાળવવાની

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખાસ જરૂર છે શાસ્ત્રકારે અસંયમના સત્તર પ્રકાર કહ્યા છે તેઓ પૈકી વિષય કષાયનો અસંયમ, ઘણો અનર્થ કરનાર છે તેમાં વળી ક્રોધ કષાય તો દુનિયામાં અત્યંત દાવાનલ સળગાવે છે. અને કારમી કતલ-કેર વર્તાવે છે તે વખતે કોઈ સજ્જન સમજાવે તો પણ શાંત બનતો નથી. તે વખતે કારમો કેર થતો અટકે તે માટે ક્ષમાની જરૂર છે પણ તે સમયે ક્ષમા-સહનતા આવવી અશક્ય છે તો પછી કયો ઉપાય કરવો, ઉપાય તો છે જ, તે ક્રોધાવેશ સમયે તે સ્થલેથી ખસી જવું, શ્રેણિક નૃપની માફક "તમોએ વાત સાંભળી હશે. કે પૃથ્વી તલને પાવન કરતા મહા ઉપકારી તીર્થંકર મહારાજા-મહાવીર સ્વામી, સ્વ સમુદાય સાથે રાજગૃહી નગરીની સમીપ રહેલા વૈભારગિરિ ઉપર સમોસર્યા-શ્રેણિક નૃપ ચેલ્લણા રાણી સાથે વંદન કરીને પાછા વળતા એક યુવાન મુનિવર્યને દેખી આનંદ પૂર્વક વંદન કરીને સ્વ સ્થાને ગયા. તે રાત્રિમાં મ્હોટું હિમ પડયું. મહેલમાં રહેલ રાણીનો હાથ સોડમાંથી બહાર રહી ગએલ હોવાથી ઠુંઠવાઈ ગયો. તેથી ઘણી થઈ. અને વિચાર કરવા લાગી કે આવી કડકડતી ટાઢમાં પેલા મુનિવર્યની કેવી દશા થઈ હશે. ઘણું કષ્ટ થયું હશે. આ મુજબનું શ્રવણ કરીને પાસે સુતેલ રાજાને ઘણો કોપ થયો તે વખતે રાજા જાગતો વિચાર કરવા લાગ્યો અરે આ રાણી અન્યત્ર રાગી બનેલ છે. આવી રાણીથી સર્યું, અન્યત્ર રાગી બનેલ આ રાણી પ્રતિકુલતા થતાં મ્હને મારી નાંખે તો કહી શકાય નહી. રાજાએ બરાબર પુછયા વિના ક્રોધના આવેશમાં સ્વ પુત્ર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહામાત્ય, અભયકુમારને કહ્યું ચિલ્લણા રાણીનો મહેલ બાળી નાંખો. પરંતુ તુર્ત શ્રેણિકને હુકમ આપ્યા પછી વિચાર આવ્યો કે મારે આ સ્થલે રહેવું નહી. પ્રભુ મહાવીર સમીપે જઈને પુછું કે ચિલ્લાણા–સતી કે અસતી, આ પ્રમાણે તે સ્થલેથી ખસી મહાવીર સ્વામી પાસે જઈને પૃચ્છા કરી. પ્રભુએ કહ્યું કે સતી છે. આથી નૃપને અત્યંત પરિતાપ થયો. અભયકુમારે રાણીનો મહેલ બાળ્યો નહી. પણ એક ખાલી ઝુંપડાને બાળ્યું. આથી રાજાનો પરિતાપ શાંત થયો. આ દૃષ્ટાંત ઉપરથી સમજવાનું કે ત્યાંથી ખસ્યા ત્યારે જ ક્રોધ શાંત થયો. અને શંકા રહી નહી. અભયકુમારે દીક્ષા લીધી. માટે ક્રોધની વખતે તે સ્થલેથી ખસી જવું હિતકારક છે. પછી વિચાર જાગે છે. ક્ષમાને ધારણ કરવી તે શ્રેયસ્કર છે પણ સહનશીલતા ન હોય તો ખસી જવું તે પણ કલ્યાણ કરે છે. કે જેથી અનર્થ થાય નહી.

**૧૧૫ સંસારે કે કષાયે તમોને વિવિધ લાલચો દેખાડી તમારૂં આત્મ બલ અને ધન દબાવી દીધું છે. તેથીજ તમારી આવી પરિસ્થિતિ ઉપસ્થિત થએલ દેખાય છે.**

દુન્યવી પદાર્થો દ્વારા વૈષયિક સુખો ભોગવ્યા તો પણ વલોપાત નાબુદ થયો નહી. દીનતા–હીનતા અને યાચના ખસી નહી. અને ભૌતિક વસ્તુઓ પ્રયાસ કરતા પ્રાપ્ત થઈ નહી ત્યારે પણ પરિતાપ, શોક, સંતાપ થયો કે આવી દશા કોણે કરી ? તે વિચારણીય છે. કષાયેજ કરી છે કષાય કહો કે સંસાર કહો તે નામાન્તર જ છે. માટે સંસારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્પણ કરેલી વસ્તુઓમાં લંપટ ન બનતાં સ્વાત્માની સત્ય વસ્તુઓને પ્રાપ્ત કરવા પ્રયત્ન શીલ થવાની અગત્યતા છે. કે જેથી સર્વ સંકટોથી મુક્ત થવાય. આધિ વ્યાધિ અને ઉપાધિની વિડંબનાઓ મૂલમાંથી ખસે. પરંતુ જો લાલચોમાં લંપટ બન્યા તો રહી સહી આત્મસંપત્તિ ગુમાવી બેસાશે.

એક લાલચુબાઈને માફક—એક ધનાઢયને લાલચુ શેઠાણી હતી. દરરોજ સ્વપતિના ખીસ્સાને તપાસી એક બે રૂપિયા લઇને ખાનગીમાં રાખંતી. શેઠ પુછે ત્યારે રીસાઈને કંકાસ કરી મુકતી. તેથી શેઠે ઉપેક્ષા કરી એવું સમજીને કે, બહાર કોઈને આપી દેતી નથીને, લાગ આવશે ત્યારે સર્વે રૂપિયા કબજે કરીશ, શેઠાણી પાસે ખીસ્સામાંથી ઉઠાવેલ રૂપિયા બે હજારે થયા. એટલે કુલાઈ. એક ધૂતારી પાડોસણને વાત કહી કે હું કેવી જબરી છું. કે શેઠને છેતરી બે હજાર રૂપિયા ખાનગીમાં ભેગા કર્યા છે. આ બીના સાંભળી ધૂતારીને તેની પાસેથી રૂપિયા, ધૂર્તકલા વાપરી છીનવી લેવાનાં ઈચ્છા થઈ. એક વખત શેઠાણી પાસે આવી મુખ ઠાવકુ રાખી કહેવા લાગી મારે સો રૂપિયાની જરૂર પડી છે. જો આપે તો બે મહિનામાં પાછા આપીશ. અને ઉપર દશ રૂપિયા વ્યાજ તરીકે આપીશ. શેઠાણી આમ તો લાલચુ હતી જ. દશ રૂપિયાની લાલચે રૂપિયા આપ્યા. ધૂતારી લઇને પોતાને ઘેર ગઈ બે મહિના થયા ત્યારે સો રૂપિયા ઉપર દશ રૂપિયા આપ્યા. તેથી શેઠાણી ખુશી ખુશી થઈ. અને કહેવા લાગી કે વળી રૂપિયાનો ખપ હોય ત્યારે લેવા આવજે. જરૂર આપીશ. પુનઃ બે ત્રણ મહિના ગયા બાદ પાડોસણ ધૂતારીએ શેઠાણી પાસે આવી પાંચસો

For Private And Personal Use Only

રૂપિયાની માગણી કરી. અને ત્રણ મહિનામાં રૂપિયા પચાશ વ્યાજ તરીકે આપીશ, પેલીએ ગણી આપ્યા. અને ધૂતારીએ કહ્યા મુજબ વ્યાજ સાથે પાંચસો પાછા આપ્યા. આ પ્રમાણે કોઇ વખત હજાર રૂપિયા લઇને સો રૂપિયા વ્યાજ તરીકે તે ધૂતારી આપતી. શેઠાણી ઘણી ખુશી થતી. અને કહ્યા પ્રમાણે રૂપિયા અર્પણ કરતી. લાલચુને લોભ વધારે હોય છે. તેને માલુમ પડતી નથી કે આટલુ અધિક વ્યાજ શા માટે આપે છે? તેતો વધારે લાભ થાય તેમાં લંપટ બને છે. એક વખત ધૂતારીએ આવીને કહ્યું કે મારા દીકરાને પરણાવવો છે. અને મારી પાસે અત્યારે સાધન સામગ્રી છે નહી માટે બેચ્યાર સોનાના ઘરેણાની સાથે એક હજાર આપે તો લગ્ન પતી ગયા પછી તે ઘરેણાંની સાથે લીધેલા રૂપિયા જરૂર આપીશ તથા સો રૂપિયા અધિક આપીશ. શેઠાણીએ શેઠની સલાહ લીધા સિવાય ઘરેણાની સાથે હજાર રૂપિયા આપ્યા. પેલી લઇને પોતાને ઘેર ગઈ પુત્રના લગ્ન પતી ગયા પછી બે મહિના થયા પણ તે ઘરેણાં અને રૂપિયા પાછા આપવા આવી નહી ત્યારે શેઠાણી તેણીના ઘેર જઇને માગણી કરી. તેણીએ કહ્યું કે અરે શેઠાણી ધીરજ રાખો. તમારી વસ્તુઓને લઇને નાસી જઈશ નહી. બે મહિના પછી આપીશ. આ પ્રમાણે પુનઃપુનઃ ટલ્લે ચઢાવવા લાગી. શેઠાણી કંટાળીને ઠપકો આપવા લાગી. ત્યારે ધૂતારી કહેવા લાગી કે ઘરેણા અને રૂપિયાની વાત શી? કોઈ બીજી આવીને લઇ ગઈ હશે અરે ધૂતારી ઠોઈનું ઘર ભૂલી લાગી છે. મેં તો કાંઇ પણ લીધુ નથી. અહીંથી ખસો જેણે તમારી વસ્તુઓ લીધી હોય તેને ઘરે જાઓ. નાહક ઠમકો આપો નહી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શેઠાણી તો આપ્રમાણે ધૂતારીના વચનો સંભાળી મૂઢ બની ગઈ બોલવાની પણ તાકાત રહી નહી. શું બોલે ! લખાણ પત્ર તો હતું જ નહી. આ તો વ્યાજની લાલચે રૂપિયા તથા ઘરેણા આપેલ હતા. અધિક બોલે તો ધૂતારી જવાબ આપવામાં બાકી રાખે તેમ નહોતી. અફસોસ કરતી શેઠાણી પોતાના ઘેર આવી. અને મનમાં ચિન્તા કરવા લાગી કે વ્યાજની લાલચે મુડી તથા ઘરેણાં ગયાં. કહેવાય છે કે ચોરીનો માલ ચંડાલે જાય. અને પાપી હાથ ઘસતા થાય. આ પ્રમાણે ધૂતારી સંસારની માયા મમતાએ વિવિધ લાલચો આપીને જગત્ જીવોનું સર્વસ્વ છીનવી લીધું છે માટે સંસારથી અને તેની માયાથી સદાયે ચેતવા જેવું છે જે ચેત્યા છે તેઓએ આત્મિક ધનનું રક્ષણ કર્યું છે માટે તમારી પાસે રહેલ સત્ય ધનને તથા સત્તાને બરોબર સાવધાન બનીને રક્ષણ કરવા પૂર્વક વધારો કરો.

## ૧૧૬ પ્રમાણિકતા પ્રવીણતા, શુરવીરતા, પેટ ભરવામાં તથા વ્યાવહારિક કાર્યોમાં વપરાય તો ઘણા સંકટો તથા વિડંબનાઓ આવી શકે નહી. અને જીવનનો માર્ગ સરલ અને સુગમ બને.

અન્યથા તો સંસારની માયા મમતા, મીઠો માર પણ મારવાને તૈયાર છે તે વખતે તમોને બહુ ભારે પડશે જીવન જીવવાની દિશા સુઝશે નહી. તથા અન્ય પ્રાણીઓ ઉપર જે દયા ભાવ છે તે પણ રહેશે નહી. વિવિધ આરંભ સમારંભમાં પડી મહતી આપત્તિમાં ફસાવું પડશે તે સમયે કોઈ બેલી તમારો બનશે નહી. સંસારના સુગમ અને સરલ માર્ગની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ ગમ પડશે નહી. કયા માર્ગે ગમન કરવાથી વિડંબના ટળે અને સુખેથી મુસાફરી કરી શકાય. માટે જ જ્ઞાનીનું આ જ કથન છે કે સંસારમાં બે માર્ગો રહેલા છે એક માર્ગ વિકટ છે અને બીજો માર્ગ સરલ અને સુગમ છે. વિકટમાં કષાયે વિવિધ લલચાવનારી વસ્તુઓ મૂકી છે માટે તે વસ્તુઓને દેખી તેમાં લંપટ બનો નહી.

## ૧૧૭ અનાત્મભૌતિક પદાર્થોમાં પોતાની કલ્પનાને કરી બેઠેલા માણસોને ક્રોધ-માન-માયા અને લોભ રૂપી સંસાર આવીને વળગે છે.

પછી તે કષાયોમાં ફસાઈ પડવાથી આત્મતત્ત્વની ઓળખાણ થવી અશક્ય બની રહે છે. એટલે સમ્યગ્ દર્શન-જ્ઞાન અને ચારિત્ર જે મોક્ષ માર્ગ છે તે તેઓને દુર્લભ બને છે. અને અત્યંત કષ્ટ દાયક માર્ગમાં ગમન કરતાં સ્વ જીવનને વ્યતીત કરે છે. જે આત્માથી પર વસ્તુઓ છે તો કદાપિ પોતાની થતી નથી અને થશે પણ નહી. છતાં તેમાં પોતાની કલ્પના કરી વૃથા દુર્લભ મનુષ્ય ભવ ગુમાવે છે, અને આત્મોન્નતિમાં આગળ વધવા બે નસીબ બની બેસે છે. તેથી ઇષ્ટ પરપદાર્થનો વિયોગ થતાં વિવિધ વિલાપો વલોપાત કરી દુઃખને ભોગવે છે. અને માને છે કે અરેરે ગઈ વસ્તુ કયારે મળશે જો વિયોગી વસ્તુ જલ્દી પાછી આવી મળે તો સુખી થાઉં. અન્યથા દુઃખી. આવી આવી કલ્પના કરી દુઃખી હોય નહી છતાં દુઃખી થાય છે. ત્યારે આત્મજ્ઞાની, ભલે ગૃહસ્થ હોય સાધુ સંત હોય શ્રીમંત હોય કે સામાન્ય હોય, તથા રહેવાનું મકાન નાનું હોય કે મ્હોટું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય, સંયોગો સાનુકુલ હોય કે પ્રતિકુલ હોય. શરીર–રોગી હોય કે નિરોગી હોય, એકલો હોય કે સમુદાયવાન્ હોય તો પણ મારૂં શું થશે. સહાય રહિત એવો મારૂં શું થશે. સુખી થઇશ કે દુઃખી થઇશ આવાં રોદડાં રડતો નથી. અને હિંમતને હારી બેસતો નથી. તેવા પ્રસંગે ધૈર્યને ધારણ કરી આત્મજ્ઞાનમાં–ધાર્મિક ક્રિયામાં અધિક દૃઢ બને છે. અને સમજે છે કે આત્મિકલાભ લેવાનો અવસર ઉમદા મળ્યો છે. તેથી તેઓને ઇષ્ટનો વિયોગ થતાં રોદડાં રડવાનો તથા વલોપાતાદિક કરવાનું પસંદ પડતું નથી. સદાય આનંદમાં મહાલે છે. ત્યારે વલોપાત–અફશોસ–સંતાપાદિ વિગેરે કોણ કરે, ? તે તમો જાણી ગયા છો. જેને અનાત્મિક પદાર્થોમાં પોતાની મમતા કલ્પના હોય તેને જ.

**૧૧૮ ગરીબાઇનો અનુભવ લઇને ભાગ્ય યોગે શ્રીમાન્ થયા હોતો ગરીબાઇને ભૂલતા નહી. જો ભૂલ્યા તો ગર્વગુમાન આવીને ઘેરો ઘાલશે**

પ્રથમની પરિસ્થિતિનું સ્મરણ કર્યાથી ગુમાન ગળી જાય છે. અને શ્રીમંતાઇનો અનુભવ કરતાં પણ નમ્રતા લઘુતા આવી વસે છે નમ્રતા–વિગેરે સદ્ગુણો દ્વારા આગળ વધાય છે પાછળ પડાતું નથી. નરક ગતિના તથા તિર્યંચ ગતિના દુઃખો તથા સંકટો કે વિડંબનાઓનું જો સ્મરણ થાય તો મનુષ્યોને મળેલી મહતી સંપત્તિ સાહ્યબી વભવનો અહંકાર–અભિમાન થાય નહી. તેવી દુઃખદ સ્થિતિનું વિસ્મરણ થવાથી મનુષ્યો, ગર્વને ધારણ કરી અન્યજનોને પોતાના કરતાં હલકાં ગણે છે અને જેમ તેમ બોલવા પૂર્વક આચરણના યોગે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતેજ હલકા બને છે. કારણુ કે અહંકાર–ગુમાન આવતાં સંપત્તિ–સત્તા–સાહ્યબી ખસવા માંડે છે. ગુમાનની સાથે સંપત્તિ વિગેરેને અનાદિકાલીન વિરોધ છે એટલે ગર્વ આવતાં તે ખસવાનો આરંભ કરે છે બુદ્ધિમાં વિપર્યય થાય છે અને અવળી બુદ્ધિ થતાં વેર વિરોધ વિગેરેને કરવાની મનોવૃત્તિ જાગૃત થાય છે વેર વિરોધે કોનું કલ્યાણ કર્યું ? માટે સ્વર્ગમાં રહેલી સાહ્યબી કરતાં તથા લબ્ધિમાનની સંપત્તિ કરતાં તમારી પાસે રહેલી સાહ્યબી તુચ્છમાત્ર છે માટે નમ્રતાને ધારણુ કરી પ્રાપ્ત થએલ સંપત્તિનો સદુપયોગ કરો.

તમારી પાસે જે સંપત્તિ સાહ્યબી છે તે દ્વારા અહંકારાદિક ધારણુ કરીને તમોએ શું મેળવ્યું ? તે કહેશો ? શુભ સંસ્કાર મેળવ્યા કે અશુભ? સાથે આવનાર વસ્તુઓ મેળવી કે અહીંજ પડી રહેવાની ? તેનો કદાપિ વિચાર કર્યો છે આ વિચાર દરરોજ કરવાની ખાસ જરૂર છે અશુભ સંસ્કાર હોય તો દૂર કરજો નહીતર તે સંસ્કારો તદ્દન સમીપે રહેલાં પુનઃપુનઃ આગળ વધવામાં વિવિધ વિઘ્નો ઉપસ્થિત કરશે.

‘વિપત્તિ વેલાયે તેને દૂર કરી સંપત્તિ અર્પણુ કરનાર શુભ સંસ્કાર–હિંમત વિગેરે છે. તે જો નહિ હોય તો વિપત્તિને વધારે જોર આવવાનું, અને તેણીને હઠાવવાની તાકાત પણુ ખસી જવાની, તાકાત ગુમાવ્યા પછી દરેક બાબતોમાં નિરાશ બનવાના જ. માટે સારા નિમિત્તોના સંસર્ગમાં આવી શુભ સંસ્કારને ગ્રહણુ કરીને અશુભ વિચાર–સંસ્કારનો ત્યાગ કરો. પછી નિરાશ થવાનો વખત આવશે નહી અને ધાર્મિક બાબતોમાં હિંમત પૂર્વક પ્રયત્ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્યા કરશો, મહાસતી–દ્રૌપદી–તથા દમયંતીને વિપત્તિઓ પણ આવી અને વનવગડામાં રઝળતી કરી મૂકી. છતાં શુભ સંસ્કારો અને હિંમત દ્વારા તે આવી પડેલી વિપત્તિઓને હઠાવી સંપત્તિ–સાહ્યબીના ભાજન થયા. એટલે વિપત્તિ વેળાએ સાચો મિત્ર, શુભ સંસ્કાર–અને– હિંમત અને સારા સંસ્કારોની આશા રાખે છે. અને માગણી કરે છે. તે વિના તેઓને પણ નિરાશ બનવું પડે છે. અને હિંમતવાળાને તથા નિર્ભયને સારા સંસ્કારો હોવાથી વિપત્તિના અવસરે મદદ–સહકાર મળ્યા કરે છે.

**૧૧૯ તમોએ ભૂલો કરેલી હોય તો શોક સંતાપ કરતા નહી–પણ સુધારવા પ્રયત્નશીલ બનશો. અને બીજીવાર તેવી ભૂલો થાય નહી તેનો બરોબર ઉપયોગ રાખશો એટલે શોક સંતાપાદિ કરવાનો વખત આવશે નહી.**

અને અન્ય વ્યક્તિઓએ તમારી તરફથી ભૂલો કરી હોય તો ક્ષમા ધારણ કરવા પૂર્વક તેઓને સમજણ આપવી. તેથી વેર વિરોધ–અદેખાઈ રહેશે નહી. અને જીવનનો માર્ગ સુગમ બનશે. પરંતુ જો ભૂલ થતાં તેણીને સુધારવાનું ચૂકી શોક સંતાપમાં પડયા તો તે ભૂલ કદાપિ સુધરવાની આશા રાખવી તે અશકય છે. તેમજ સામાએ કરેલ ભૂલો તરફ ક્ષમા રાખવી. નહી તો વેરવિરોધ તથા અદેખાઇ હાજર થવાની અને માર્ગ સંકટોથી ભરપુર બનવાનો જ.

‘ જે વ્યતીત થએલા દિવસો માટે હર્ષ અગર શોક કરતા નથી પરંતુ તે દિવસોમાં કયા કારણથી હર્ષ થયો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને શોક સંતાપ વિગેરે થયા તેની વિચારણા જે કરે છે. તે વિચારક દુઃખ પ્રસંગે અગર સુખના પ્રસંગે ઉન્માદી કે આસક્ત બનતા નથી. તેમજ કાયર બનીને બેસી રહેતા નથી. પણ વર્તમાન દિવસને સુધારી શકે છે. તેથી તેમનું ભાવી હિતકર અને શ્રેયસ્કર બને છે. ત્યારે વ્યતીત થએલ દિવસો માટે શોક સંતાપાદિ કરનાર માણસો સ્વહિત પણ સાધવા શક્તિમાન બનતા નથી. આળસુ બની દુઃખદાયક પરિસ્થિતિ પોતે પોતાની સર્જે છે.

રીતસર વિચારણા કરનાર મહાશય, સંતાપ પરિતાપાદિક ઉપર તેમજ હર્ષના ઉન્માદ ઉપર સ્વામીત્વ મેળવી શકે છે. શાસ્ત્રકારે, શોક સંતાપાદિકને કરવાનું ફરમાવ્યું નથી પણ નિન્દ્ય કાર્યોને ત્યાગવાનું કહ્યું છે. જેઓ તેવા કાર્યોનો ત્યાગ કરતા નથી તે ભલે સંપત્તિ–સાહ્યબીમાન્ હોય તો પણ દુઃખ દાયી સ્થિતિને દૂર કરી શકતા નથી, માટે નિન્દ્ય કાર્યોનો ત્યાગ કરવો તે મનુષ્યનું પ્રથમ કર્તવ્ય છે. તે રીતસર જાણવું જોઈએ.'

**૧૨૦ સંસારના કાર્યો કરતાં ઘણો થાક લાગવાથી હાથ પગ અને શરીરને વિસામો આપો છો, તે પ્રમાણે માનસિક વૃત્તિઓને તથા જીભને વિસામો આપવા વખતને કાઢો.**

અને તે વખત દરમ્યાન, મનોવૃત્તિઓની તથા જીભની પ્રવૃત્તિની તપાસ કરો. તેની તપાસ કરીને જો નિન્દવા લાયક વૃત્તિઓ અને પ્રવૃત્તિઓ માલુમ પડે તો તેને સુધારવા તત્પર બનશો તો સુધરી જશે. પછી જ જે દુઃખદાયક દશા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે સુધરવા માંડશે અરે નવજીવનના લ્હાવાનો અનુભવ આવતો રહેશે. માટે હાથ-પગ શરીરની માફક મનોવૃત્તિને તથા જીભને વિસામો આપો.

**૧૨૧ કર્મોના આધારે સંસારમાં પરિભ્રમણ કરતાં બળદોનો અવતાર જ્યારે આવ્યો ત્યારે પુરૂષના કરતાં પ્રાયઃબાર ગુણા બળવાળો આત્મા બન્યો.**

અને અશ્વનો અવતાર થયો ત્યારે બળદ કરતાં દશ ગુણું બળ મેળવ્યું, અને મહિષ-પાડાના ભવમાં આત્માએ બાર ઘોડા જેટલું બલ મળ્યું. હાથીના ભવમાં આત્માને પાંચશો હાથી જેવી શક્તિ મળી. અને અષ્ટાપદના ભવમાં બે હજાર જે સિંહોનું બલ છે તેટલું મળ્યું. અને દશ લાખ અષ્ટાપદનું બલ એક વાસુદેવમાં કહેવાય છે અને બે વાસુદેવોનું બલ એક ચક્રવર્તીમાં હોય છે અને એક કોટી ચક્રવર્તીઓનું બલ વૈમાનિક દેવમાં હોય છે અને એક કરોડ દેવોનું બલ ઇન્દ્રમહારાજામાં હોય છે અને કરોડ ઈન્દ્રોનું બલ એક તીર્થંકરમાં હોય. આવા બલને પામી તીર્થંકર મહારાજાઓએ તો સંપૂર્ણ સંયમની આરાધના કરી અનંત બલ-જ્ઞાનને પામ્યા. તથા દશ ચક્રવર્તીઓએ તેમજ બલ દેવોએ પણ અનંત દુઃખને દૂર કરી અનંત ઋદ્ધિ-સિદ્ધિ અને સુખને મેળવવા મહાન ભાગ્યશાલી બન્યા. અને બનશે

તિર્યંચ ભવમાં ઘણું બલ મળ્યું. તથા મનુષ્ય ભવમાં પણ મન ગમતી સાધન સામગ્રી મળી છતાં સંયમની આરાધના થઇ નહી તેથી સંસારની રખડપટ્ટી નસીબમાં આવીને વળગી અને મળેલા બલની સફલતા થઇ નહી માટે બલની

For Private And Personal Use Only

સાધના કરવા માટે સંયમની સદાચારની આવશ્યકતા છે.

**અમૂલ્ય વસ્તુઓ મળ્યા પછી તેને ઓળખવાની આંખ જોઇએ અને પરખવાની બુદ્ધિ જોઈએ.**

તે મળ્યા પછી કિંમતી મળેલી વસ્તુઓ ઉપર આદર-ભાવ જાગે છે. પરંતુ જેને વિવેક ચક્ષુ નથી અને પરખવાની બુદ્ધિ નથી તેની આગળ કોહીનુરનો હીરો ધરો પણ આદર થશે નહી.

દેવગુરૂ અને ધર્મનો સહારો લઇને ભૌતિક પદાર્થોને પ્રાપ્ત કરવાની ભાવનાવાળા તેમજ પ્રવૃત્તિ કરનાર, આત્મિકબલ અને જે જ્ઞાન ઇચ્છી રહેલ છે. તે મેળવવા ભાગ્યશાલી બને ક્યાંથી ? કારણ કે દેવગુરૂ અને ધર્મનો સહારો, નિતિ ન્યાય પ્રમાણિકતા વિગેરેને અર્પણ કરવા સમર્થ છે. અને આત્મિક શક્તિ અર્પણ કરીને દુન્યવી બંધનો તોડી શકે છે. ત્યારે સહારો લઇને મેળવેલ પદાર્થો, નીતિ ન્યાય વિગેરે હોય નહી તો આસક્તિમાં લપટાવે છે. અને આસક્તિમાં લંપટ થયા પછી આધિ-વ્યાધિનો પાર રહેતો નથી. માટે દેવગુરૂ અને ધર્મનો સહારો લઇને દુન્યવી પદાર્થોને મેળવવાની ઇચ્છા પણ કરો નહી. પરંતુ નીતિ ન્યાય અને પ્રમાણિકતામાં આગળ વધો. કેટલાક એવા હોય છે કે દેવગુરૂ અને ધર્મની આરાધના ભૌતિક પદાર્થો ખાતર જ કરતા હોય છે. તેઓ ભાગ્યયોગે મનવાંછિત વસ્તુઓ મેળવી શકે પણ જે આવી પડેલી વિડંબનાઓને હઠાવવા શકિતમાન્ બનતા નથી. પણ જો નીતિન્યાય અને પ્રમાણિકતા હશે તથા ધરમની આરાધના રીતસર કરી હશે તો આવી પડેલી વિડંબનાઓને હઠાવવા

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમર્થ બનશે. માટે દેવાદિકની આરાધના કરી નીતિન્યાયમાં તત્પર બનો. નીતિન્યાયાદિક હશે તોજ દૂન્યવી પદાર્થો પણ સહકાર આપી શકશે.

'એક માણુસે દેવગુરૂ ધર્મની આરાધના કરી પણ નીત ન્યાય, પ્રમાણિકતાને ભૂલી અનેક કપટ કલા કેળવીને દુન્યવી પદાર્થો મેળવ્યા, અને ધનાઢય બન્યો. પરંતુ તેને જે સ્થિરતા જોઇએ તે મળી નહી. કોઈના ઉપર વિશ્વાસ રહ્યો નહી. અને દરરોજ ચિન્તા કર્યા કરતો કે કોઈ સ્વજન વર્ગ છૂપી રીતે લઈ જશે. એટલે દુ:ખી થઇશ આવી ચિન્તા કરતો હતો તેવામાં બહારવટીઆ આવ્યાની બૂમ પડી. આ બૂમ સાંભળી તેનું હયુ હાથમાં રહ્યું નથી. એક દમ હૃદય બંધ પડયું. અને મરણ પામ્યો. છેવટે તે પદાર્થોએ દગો દીધો.

મેળવેલ પદાર્થોનો લાભ પ્રાપ્ત કરી શકયો નહી. તેમજ નીતિ ન્યાય જે ધર્મ છે તેને બરોબર ઓળખી શકયો નહી. માટે કર્મોને દૂર કરવા દેવ ગુરૂની આરાધના કરી આત્મ કલ્યાણ સાધો.

**૧૨૨ દંભીઓની મૌન રહેવાની કલા કોઇ જુદી પ્રકારની હોય છે તેઓ મૌનને ધારણ કરી, મુખે બોલતા નથી. હાથ પગની ચેષ્ટા દેખાય નહી એ મુજબ કરી સામાના ઉપર કારમા કેર વર્તાવે છે.**

અને જાહેરમાં આવે નહી તેવી સફાઈ ધારણ કરી મલકાય છે. ત્યારે સત્ય મુનિવર-સંતો મૌન ધારણ કરી અન્ય પ્રાણીઓની કારમી કતલ દૂર કરાવે છે. અને આત્મિક

૨૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુણોને વધારી આનંદમાં મહાલે છે. મેતાર્ય મુનિવરે તથા શ્રીમાન્-સુદર્શન શેઠે મોન ધારણ કરી. તેમજ કષ્ટોને પણ સહન કરી ક્રૌંચ પક્ષીનો તથા અભયારાણીનો બચાવ કર્યો આ પ્રમાણે મૌન ધારણ કરવામાં ઘણો તફાવત છે. તમો એવું મૌન ધારણ કરો કે, કજીઓ-કલેશ તથા કારમો કેર થાય નહી. અને શાંતિ આવીને રહે દંભ રાખીને રાખેલ મૌન, કદાપિ શાંતિ આપશે નહો. અને હૈયું પણ સ્થિર થશે નહી. કેટલાક એવા હોય છે. પોતે જાતે બોલે નહી. પણ આંખનો ઈશારો કરીને બીજાઓને એવા ઉશ્કેરે કે ઘરમાં તથા બજારમાં કારમો કંકાસ ઝઘડાઓ ઉભા થાય, અને પોતે દૂર ખસી જઇને ઉભા ઉભા ખુશી થાય, પરંતુ પરિણામે તેમની બદમાસી નાલાયકી જાહેરમાં થયા વિના રહેતી નથી. આવાના ઉપર કોઇ વિશ્વાસ રાખતું નથી તેમજ તેમની સોબત ઇચ્છતું નથી. છેવટે તે દંભી પોતાના દંભના યોગે એવો વિપત્તિમાં ફસાઇ પડે છે કે તેઓને મદદ કરનાર કોઇ મળતું નથી. સઘળા દોષો કરતાં દંભનો દોષ, અસાધારણ છે. આ દોષનો ત્યાગ કર્યા પછી જ આરાધેલ ધર્મ-પૂજા-પ્રભાવના-વિગેરે સફલ બને. અને સદ્ગુણોને આવવાનો આવકાશ જલ્દી મળે માટે અરે ધર્મીજનો! ધર્મીની આરાધના કરતાં પહેલાં દંભને જરૂર ત્યાગ કરશો.

## ૧૨૩ "રાજસત્તા-તથા કર્મની સત્તામાંથી જો કોઇ મુક્ત કરાવનાર હોય તો ધર્મસત્તા છે.

પરંતુ તેમાં દંભ, છાનોમાનો જો ઘુસી જાય તો રાજ્ય સત્તા અગર કર્મની સત્તા દંભીને પકડી પાડી વિવિધ વેદ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાઓના ભાજન બનાવે છે. ત્યારે દંભીઓ, ધર્મનો દોષ કાઢી અન્યાયના માર્ગે આરૂઢ થઈ બમણી વેદનાઓ ભોગવે છે. જ્યાં ધર્મ છે ત્યાં દંભ નથી. અને જ્યાં દંભ છે ત્યાં ધર્મ નથી. ખોડણ પણ વાળો સાચો રૂપિયો હોય તો પણ તેનો સ્વીકાર થયો છે. તે મુજબ દંભ વિનાનો ખોડ ખાંપણવાળો પણ ધર્મી જો હોય તો તેનું સન્માન કરાય છે. પણ દેખાવમાં મનોહર હોય પણ ખોટો હોય તો તેનો સ્વીકાર થતો નથી. જ્યાં ત્યાં અથડાઈ અંતે ખીલાનો ભોગ બને છે. માટે રાજ સત્તામાંથી તેમજ કર્મ સત્તામાંથી મુક્ત થવું હોય, અને સન્માન–સત્કાર તેમજ પ્રશંસા પાત્ર બનવું હોય તો દંભ રહિત વ્યાવહારિક કાર્યો કરો અને ધાર્મિક ક્રિયાઓ પણ કપટ રહિત કરો. જે ગુણો જોઈતા હશે તે આવી મળશે. અન્યથા ખોટા ઉપર જેમ ખીલા વાગે છે. તેમ ખીલા વાગવામાં બાકી રહેશે નહી. અને ભર બજારમાં લીલામ થશે. કોઈ એક દંભી મુનિમહારાજના વ્યાખ્યાનમાં આવતો અને ઉપદેશ સાંભળી મસ્તક ધૂણાવવા પૂર્વક ખુશી થતો પણ તેની નજર કયા કયા શ્રીમંતો આવ્યા છે. અને તેઓ શો વ્યાપાર કરે છે તે ધનાઢયો ચતુર છે કે ભોળા છે. તેની પણ અન્યને પૂછી તપાસ કરી લેતો અને તપાસ કરી તેઓને કેવી રીતે છેતરવા તેનો ઘાટ ઘડીને તેઓના નીચે રહેલા છત્રી જોડાઓને વહેલો ઉઠી લઇ જતો. આ મુજબ દરરોજ ચોરી કરતો અને દરરોજ બરોબર નજર રાખતો. તપાસ કરતાં પકડાતો નહી. એક દિવસ છત્રી અને જોડાઓની ચોરી કરતાં કોઇ એક ચાલાકે પકડી પાડયો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પછી ઠપકો આપીને દૂર કર્યો. આ મુજબ ધાર્મિક સ્થલે પણ દંભી જન કપટ કરવામાં બાકી રાખતા નથી. તેને ધર્મની આરાધના કયાંથી સફલવતી બને ? ન જ બને.

દરેક માનવોને ઉર્ધ્વગમન કરવામાં બે પાંખો, પંખીની માફક હોય તો ઉર્ધ્વ ગતિ કરવા તેઓ શક્તિમાન છે. તે પાંખોને કાપવામાં આવે તો ગમે તેવો સમર્થ ઉર્ધ્વ ગતિમાં આગળ વધવાની શક્તિ મેળવી શકતો નથી. તે બે પાંખો સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનને પ્રાપ્ત કરે તો જ આગળ ગમન કરી શકે. ઉર્ધ્વગમન કરવાની ઇચ્છાવાળા તો જગતમાં ઘણા છે. પરંતુ તે બે પાંખો વિનાના ઉર્ધ્વગમન કરવા માટે ઘણા ઠેકડા મારે છે પણ પાછા પટકાઇ અતીવ અસહ્ય પીડાને સહન કરતા માલુમ પડે છે ઉર્ધ્વગમન, કહેતાં ઉન્નતિ માટે કેટલાક સ્વદેશમાં પ્રેમી બનીને અનેક કંકાસ, ઝઘડા મારી વિગેરેનો આધાર લઇ મારામારી કરવામાં બાકી રાખતા નથી. અને મરણ પામે છે. અને કેટલાક અધિકારને પ્રાપ્ત કરી પોતાની તિજોરીને ભરપુર કરે છે ત્યારે કેટલાક વિવિધ કપટ કલાઓને કેળવી પ્રજાઓનું ધન કબજે કરી મોટર, એરોપ્લેનમાં મોજ કરે છે. આ પ્રમાણે કરતાં પણ ઉર્ધ્વ ગતિને મેળવી શકતા નથી. કારણ કે બે પાંખોનું શરણ લીધું નહી અને કુદંકુદા કરી, તો પછી નીચે પટકાયા વિના રહે કયાંથી ? વ્યહાવારિક કાર્યોમાં સમ્યગ્દર્શન અને સમ્યગ જ્ઞાનીઓની આવશ્યકતા રહેવાની જ, આ સિવાય દરેક કર્તવ્યોમાં સફળતા મળવી અશકય છે. માટે તે બે પાંખોને પ્રાપ્ત કરીને દરેક કાર્યો કરો. ઉન્નતિ તમારી રાહ જોઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહેલી છે. બુદ્ધિશાળીઓ તેજ કહેવાય કે તે બે પાંખોને ધારણ કરીને ઉર્ધ્વગમન કરે. આ સિવાય તોફાનો કરીને આગળ વધવાની આશાવાળા સ્વપરનું હિત સાધી શકવા સમર્થ બનતા નથી. પોતે જાતે સંકટમાં ફસાય છે અને બીજાઓને વિટંબનાઓમાં ફસાવે છે સમ્યગ્દર્શન અને જ્ઞાન વિના શુભ આચરણા બની શકતી નથી અને ઉર્ધ્વગમન થતું નથી તે હૈયામાં ચોક્કસ લખી રાખવું જોઈએ.

**૧૨૪ માનસિક વૃત્તિઓ, ગમે તેવી ઉન્નત હોય સારામાં સારી હોય પણ ક્રોધાદિકને દૂર કર્યા સિવાય તે વૃત્તિઓ સફલ બનતી નથી.**

પ્રાયઃ માનસિક વૃત્તિઓમાં સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ દર્શન હોય તો જ શુભ ગતિને ઉપાર્જી શકાય છે. આ સિવાય અશુભ વૃત્તિઓ, અધોગતિમાં ઘસડી લઈ જાય તેમાં આશ્ચર્ય શું ? સમ્યગ્ જ્ઞાનાદિક, શક્તિઓ ઉન્નત કરી શક્ત બનાવી યોગ્ય પરિસ્થિતિમાં સ્થાપન કરે છે. નહીતર કરેલા મનોરથો કાગળના કિલ્લાની માફક હવામાં ઉડી જઈ નષ્ટ થાય છે. અને જે શક્તિ અને સ્થિતિ જોઈએ છીએ. તે પ્રાપ્ત થતી નથી. પછી તોફાનો કરવાથી શું મળે ? માલ તો મળે નહી પણ માર જ મળે. માટે મનોરથોને સફલ કરવા હોય તો ગુરૂગમને ગ્રહણ કરો. પછી કુદમકુદા કરો. અન્યથા જે સ્થિતિ હાલમાં છે. તેમાં બગાડો પેસશે અને જે અનુકુલતા રહેલી છે તે પણ રહેશે નહી. ક્રુરતા નિર્દયતાનો નિવાસ થતાં દુઃખદ પરિસ્થિતિમાં પડવાનો અવસર આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વ શક્તિઓ તથા સર્વજ્ઞાનનું કેન્દ્રસ્થાન તમે પોતે જ છો. તમે પોતે જ પોતાને સત્ય સ્વરૂપે પીછાણી તેમાં આત્મામાં સ્થિરતાને ધારણ કરવા સાધન સામગ્રી મેળવો તોજ તે શક્તિઓ અને જ્ઞાનનો આવિર્ભાવ શકય બને આ સિવાય અનંત શક્તિ જ્ઞાનને પ્રાપ્ત કરવાનો ઉપાય નથી. તમે જે શક્તિઓ તથા જ્ઞાનાદિક પ્રયાસ કરીને પ્રાપ્ત કરેલ છે. તે સાંત અને વિયોગવાળી હોવાથી સત્ય અને અનંત કહેવાય નહી. સાંતને અનંત માનશો તો ભવભ્રમણ ટળશે નહી. તે પરિભ્રમણમાં અનંત કષ્ટો સહન કરવાનો વખત આવી લાગશે. માટે સર્વશક્તિઓને તથા કેવલજ્ઞાનને મેળ-વવું હોય તો આત્માને ઓળખવા માટે સાધન સામગ્રી મેળવીને અનંત શક્તિ વિગેરેને પ્રગટ કરો. અનંત શક્તિની અને અનંત જ્ઞાનની લાગણી હશે તો કર્મોદયે આવી પડેલી વિપત્તિઓ સહન કરી લેવાશે.

શ્રીકૃષ્ણ મહારાજાના લઘુ બાંધવ શ્રી ગજસુમાલની માફક અસહ્ય પીડા પણ સહન થશે. અસહ્ય સંકટ જે જ્ઞાન પૂર્વક સહી લે છે તે અનંત શક્તિઓના તથા અનંત જ્ઞાનના સ્વામી થાય છે. ગજસુકાલે શ્રી નેમિનાથ તીર્થંકર પાસે માત પિતાને સમજાવી દીક્ષા લીધી. ત્યારબાદ અનંત જ્ઞાનને પ્રાપ્ત કરવાની તમન્ના હોવાથી પ્રભુની પાસેથી આજ્ઞા લઇને સ્મશાનમાં કાર્યોત્સર્ગ પૂર્વક સ્વાત્મામાં સ્થિરતા બરો-બર ધારણ કરી. તેમના સસરાએ મસ્તકે કાદવની પાળ બાંધવાપૂર્વક ધગધગતા કાષ્ટના અંગારા ભર્યા પણ મનમાં દુર્ભાવ લાવ્યા નહી. અને આ સસરાએ તો મોક્ષની–અનંત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શક્તિની અનંત જ્ઞાનની પ્રાપ્તિ માટે પાઘડી બાંધી. આવા શુદ્ધ વિચારે અને સહન કરેલ આધારે ઈષ્ટ શક્તિના સ્વામી થયા.

તથા—મુનિવર્ય—ખંધક મુનિરાજે પણ અનંત કર્મોને હઠાવવા અને અનંત જ્ઞાન—અને અનંત શક્તિને મેળવવાની તમન્ના હોવાથી શરીર ઉપરની ચિરાતી ચામડીનું કષ્ટ આનંદ પૂર્વક સહન કર્યું, લેશમાત્ર દુર્ભાવ લાવ્યા નહી તેથી જ કેવળજ્ઞાન પામી અનંત શક્તિના માલીક બન્યા. તમોને ગજસુમાલ અને ખંધક મુનિવર જેવી તમન્ના હોય તો આ ભવમાં અનંત શક્તિ—અને જ્ઞાનના સાધનો મેળવો. તે સાધનોને મેળવ્યા પછી બીજા ભવમાં તેવા સાધનો મેળવવાની અનુકુલતા આવી મળશે અને તે અનુકુલતાના અધિકારી બનશો. સાંસારિક—વિયોગ વાળા સંયોગો માટે અને પદાર્થો ખાતર કષ્ટ સહન કરવામાં ખામી રાખી નથી. પણ તેથી સાચું સુખ મેળવી શકાશે નહિ હવે તેના ઉપરથી પ્રીતિને દૂર કરી આત્માની સાથે પ્રેમ બરોબર લગાવો પ્રેમ પ્રમાણે જે ઈચ્છો છો તે આવી મળશે શંકા રાખો નહિ.

**૧૨૫ ભૌતિક પદાર્થોના સત્ય સ્વરૂપને રીતસર જાણનાર સમ્યગ્જ્ઞાની. તે પદાર્થોની લાલચમાં લપટાતા નથી પણ તેઓને પોતના વ્યાવહારિક કાર્યોમાં સહકાર આપતા તરીકે માનતા હોવાથી નિર્લેપતાને ધારણ કરી આત્મો ન્નતિમાં આગળ વધતા રહે છે.**

જેઓ ભૌતિક પદાર્થોના સાચા સ્વરૂપને પીછાનતા નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓ તો તેઓમાં સાચા સાધ્યની કલ્પનાઓ કરીને લપટાઈ આત્મશક્તિની બરબાદી કરતા જીવન ગુજારે છે. નિર્લેપતાએ જીવન ગુજારવામાં મનુષ્ય જીવનની સફલતા રહેલી છે. કારણ કે મમતા–રાગ દ્વેષ અદેખાઈના આવિર્ભાવો અલ્પ થતા જાય છે. શેઠને ગુમાસ્તા કમાઈ આપે. પણ જેવી કમાણીમાં શેઠને મમતા હોય છે, તેવી મમતા ગુમાસ્તાને હોતી નથી. તે તો જે પગાર મળે તેમાં સંતોષને ધારણ કરે છે. તેથી ઓછી કમાણી થાય અગર અધિક થાય તેની ચિન્તાઓ. તેઓને શેઠની માફક હોતી નથી. શેઠ ગુમાસ્તા દ્વારા અધિક કમાણી કરે ત્યારે ખુશી થાય છે. અને જ્યારે ઓછી થાય ત્યારે ચિન્તા વલોપાત પૂર્વક અકળાય છે. તેનું કારણ શેઠને કમાણીમાં મમતા છે. ગુમાસ્તાને તેવી મમતા નથી. તથા શેઠાણીનું ઘર સંબંધી કાર્ય દાસી કરી આપે છે. પરંતુ શેઠાણીને ઘરના કામમાં જે મમતા રહેલી છે. તેવી દાસીને ન હોવાથી કામ બગડે કે સુધરે તેમાં રાગ–દ્વેષ થતો નથી. શેઠાણીને તો ધારેલ કામ બગડતાં કાળજુ કપાઈ જાય છે. ચિન્તાનો પાર રહેતો નથી, ધાવમાતા બાલકનું રક્ષણ પોષણ કરે છે. પણ સારવાર કરતાં બાલક માંદુ પડે તો તેની માતાને જેવો વલોપાત થાય છે. તેવો ધાવ માતાને થતો નથી તેનું કારણ તમો જાણો છો. મમતાનો ત્યાગ તેજ સારો ભાવ ભજવે છે. તે મુજબ વર્તન રાખવામાં આવે તો સારી સંપત્તિનો વિયોગ થતાં પણ વલોપાત થાય નહી અને ધર્મની આરાધનામાં તત્પર બનાય.

" એક શેઠને અશુભોદયે સંપત્તિનો વિયોગ થયો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છતાં સાચી સંપત્તિ નિર્લેપતા–મમતા ત્યાગે અકળામણ–હીનતા–દીનતાને આવવાનો અવકાશ આપ્યો નહી. મનમાં સમજે છે. કે છેવટે તો તેણીને મુકવાની જ હતી. અગર વિયોગ થવાનો જ હતો. સારૂં થયું કે વહેલાં તેનો વિયોગ થયો. મારી સત્ય સંપત્તિનો વિયોગ તો થયો નથી. આમ સમજી શોક પરિતાપનો ત્યાગ કરવા પૂર્વક જીવનના વ્યાવહારિક કાર્યોના નિર્વાહ માટે શકય પ્રયત્ન કરવા લાગ્યા. અને નીતિ–પ્રમાણિકતાને આગળ રાખી યોગ્ય વેપાર કરવા પૂર્વક ધાર્મિક કાર્યો પણ કરે છે. કોઈ સ્વજન મિત્ર આવીને દીલાશો આપે છે કે, તમો શોક, ચિન્તા કરશો નહી. અમારી તરફથી મદદ લેવાની અભિલાષા હોય તો અમો અર્પણ કરવા તૈયાર છીએ, શેઠે કહ્યું કે સાચી સંપત્તિ તો મારી પાસે રહેલી છે. તેનો વિયોગ થાય તો અફશોસ વિલાપ કરવા જેવું બને, પણ તે તો મારી પાસે ને પાસે છે. એટલે ચિન્તા કરવા જેવું નથી. જે સંપત્તિનો અંતે વિયોગ થવાનો હતો તે અગાઉથી થયો. તેથી મને આનંદ છે આ સાંભળી સ્વજન વર્ગે પુછયું કે, એ સાચી સંપત્તિ કયી? મમતા રહિતપણું–અને નિર્લેપપણું–આ મુજબ સાંભળી સ્વજન વર્ગને નવાઇ લાગી. પ્રશંસા કરવા લાગ્યા કે આવી નિર્મલતા–નિર્લેપતા અમારામાં કયારે આવશે કે બાહ્ય સંપત્તિ–પરિવારાદિક ખસી જતાં પણ આનંદમાં રહીયે. તે સ્વજનો પોતાના સ્થાને ગયા. શેઠ પ્રમાણિકતાએ ધર્મને સાચવી વ્યાપાર કરવા લાગ્યા. શુભોદયે પ્રથમ જેવા શ્રીમંત બન્યા. છતાં પ્રાપ્ત થએલી સંપત્તિમાં વિશ્વાસ ન રાખતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધાર્મિક કાર્યોમાં દૃઢ શ્રદ્ધા હોવાથી–આત્મોન્નતિમાં આગળ વધવા લાગ્યા. અને સમાધિ પૂર્વક આયુષ્ય પૂર્ણ થતાં જીર્ણ શરીરનો વસ્ત્રની માફક ત્યાગ કરી મનોહર સુંદર શરીર ધારણ કર્યું. આ સઘળો પ્રભાવ બાહ્ય સંપત્તિનો નથી. પણ આન્તરિક સંપત્તિનો છે માટે નિર્લેપતા ધારણ કરો.

## ૧૨૬ "આગમ રૂપી પાણી ભીતરમાં અસર કરે તો જ કષાય રૂપી કાટ કપાય છે. અને રાગ-દ્વેષ-મોહનો ઘટાડો થતો જાય છે.

જો આગમનું શ્રવણ કરીને ક્રોધાદિક દૂર કરવામાં આવે નહી તો આગમ શ્રવણ યથાર્થ થઈ શકતું નથી. માટે એવું શ્રવણ કરો કે ભીતર ભીજાય અને કષાયનો કાટ ખસતો જાય, તમારી પોતાની ભાવના તો હશે જ કે અમારૂં કલ્યાણ થાય. અને ક્યારે થશે. પરંતુ એવી ભાવના ઉપર ઉપરથી ભાવવાની કલ્યાણ સધાતુ નથી. એવી ભાવના ભાવો કે સંકટો આવી પડે ત્યારે પણ સુંદર ભાવના ખસે નહી. અને દુર્ભાવનાને સ્થાન મળે નહી. આવી ભાવનાથી સંકટના કષ્ટોને સહન કરી શકાય છે. અને ભાવેલી ભાવનાની સફલતા થાય છે. પરંતુ ચકમકના પત્થર જેવું કરો નહી. ચકમકનો પત્થર પાણીમાં સદાય ભીજાએલ રાખીયે અને આપણે જાણીએ કે તેમાં રહેલ ઉષ્ણતા ખસી ગયેલ હશે. પણ પાણીમાંથી બહાર કાઢી લોઢા સાથે ઘસતા તેમાંથી અગ્નિના કણીયા ઝરવા માંડે છે. કારણ કે પાણીએ તે પત્થરને રાખ્યો પણ બહારથી ઠંડો દેખાયો અંદરની ગરમી તો કાયમ જ રહેલી છે. માટે આગમ વાણી રૂપી પાણીમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવું ઝીલવું કે બહારથી અને અન્તરથી ક્રોધની ઉષ્ણતા દૂર જાય. અને આત્મહિત સધાય. માટે સાંસારિક પદાર્થોમાં રાગ રાખવાથી કદાપિ સ્થિરતા પ્રાપ્ત થતી નથી. અને જે સંપત્તિ—સત્તા—બલ વિગેરે છે તે પણ ગુમાવી બેસાય છે. એક દોકડા માટે લોભીયે હજાર સોના મહોરો ગુમાવી તેની માફક એક માણસના ઘરમાં પુત્રાદિક પરિવાર ઘણો હતો. આવક રીતસર હતી નહી. તેથી મુંઝાવા લાગ્યો તેની પત્નીએ કહ્યું કે કોઇ સારા શહેરમાં જાઓ તો વ્યાપારના યોગે ઘણી કમાણી થાય. અને જે ભરણ પોષણની ચિન્તા મુંઝવણ પુનઃપુનઃ સતાવી રહી છે તે દૂર જશે. આ મુજબનું શ્રવણ કરીને વ્યાપારી કોઈ મ્હોટા શહેરમાં ગમન કરી વ્યાપાર કરવા લાગ્યો વ્યાપાર કરતાં એક હજાર સોનામહોરોનો લાભ થયો. પુત્રાદિક પરિવારમાં ઘણો પ્રેમ હોવાથી. વ્યાપારને બંધ કરી સોનામહોરોને તથા માર્ગમાં ખાવા પીવા માટે ખપમાં આવે તે માટે એક રૂપિયાના સો દોકડા લીધા છે. તેમાંથી ખાવાપીવાનું પતાવી લેતો હવે પોતાનું ગામ પાંચ ગાઉ બાકી છે. તેમજ ગામ દૂર નથી આમ જાણી લીધેલ ભાતુ ખાવા બેઠો. ભોજન કરી ચાલવા માંડયું. અડધે રસ્તે દોકડા ગણવા લાગ્યો તેમાં એક દોકડો ઓછો જાણી જે સોનામહોરો છે. તે જમીનમાં દાટી તે પાછો જયાં ભાતુ ખાવા બેઠો હતો ત્યાં આવીને ભૂલી ગયા દોકડાની તપાસ કરી પણ જડયો નહી. એક બાજુ જે સ્થલે સોનામહોરો દાટી છે તે સ્થલની ગીચ ઝાડીમાં ચોરો સંતાઈ રહેલા હતા. તેમણે લઇ લીધી. દોકડો હાથમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહી આવવાથી અફશોસ કરતાં વલોપાત કરતો પાછો આવી દાટેલી સોનામહોરો લેવા ગયો. પરંતુ જ્યારે દેખી નહી ત્યારે ઘણો પરિતાપ સંતાપ કરવા લાગ્યો. પણ હવે ગમે તેવો વલોપાત કરે તો પણ વળે શું ? ઘરમાં સઘળી કમાણી ગમાવીને આવ્યો. તે પ્રમાણે મનુષ્યો દુન્યવી પદાર્થોમાં ઘણો રાગ હોવાથી અનંત સમૃદ્ધિને ગુમાવી બસે છે. અનંત સમૃદ્ધિના મુકાબલે દુન્યવી પદાર્થો દોકડા જેવા છે. આમ સમજી તે પદાર્થોમાં આસક્ત ન બનતાં જીનેશ્વર કથિત આગમવાણી રૂપી પાણીનું પાન કરી હૈયામાં રહેલી મલીનતાને દૂર કરો. મલીનતા દૂર ગયા પછી સત્તામાં રહેલી સત્ય સમૃદ્ધિ આપો આપ હાજર થશે. પછી કોઇ બાબતની આધિ–વ્યાધિ ઉપાધિ રહેશે નહી. માટે એક દોકડા જેવા દુન્યવી પદાર્થો ખાતર અનંત ઋદ્ધિ–સમૃદ્ધિને ગુમાવી બેસો નહી. રાગ–દ્વેષ અને મોહાદિકને ટાળવાની શક્તિ તમારામાં ભરપૂર છે તેનો પાદુર્ભાવ કરી સ્ફુરાયમાન કરો. આ મુજબ વર્તન કરશો નહી તો દોકડો પણ હસ્તગત થશે નહી. અને જે ઋદ્ધિ છે તે તો કષાય ચોરો લઇ લીધી છે. માટે ખાસ ઉપયોગ રાખીને વર્તન કરો.

**તમારી પાસે જે આવી મલ્યું છે અને જે આવી મળે છે તે તમારૂ નથી જ. તમારૂં જો હોય તો ખસી કેમ જાય ? ખસી જાય છે તેથી કહેવું પડે છે કે જે મળ્યું છે તે તમારૂં નથી. તમારૂં તો તમારી પાસે સદાય નિરન્તર કાયમ રહેલું છે તેને ઓળખી નજર કરીને સ્વાધીન કરો પણ તે સ્વાધીન કયારે થાય કે સારી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુનિયામાં પરિભ્રમણ કરતી નજરને પાછી વાળી આત્મિક ગુણોમાં સ્થિર કરો ત્યારે જ, અત્યાર સુધી જગતમાં નજર રાખીને તમોએ શું પ્રાપ્ત કર્યું. કહો તો ખરા ? અને મેળવેલી વસ્તુઓ સાથે લઈને પરભવમાં કોણ ગયું ? સાથે તો પુણ્ય–પાપના જે સંસ્કારો પડયા છે. તેજ આવે છે દુન્યવી વસ્તુઓ તમારી હાંસી કરતી અહીં જ પડી રહે છે માટે સાથે આવે એવા શુભ સંસ્કાર હૈયામાં ખુબ ઠાંસી ઠાંસીને ભરો.

"આનંદ–જ્ઞાન અને આત્મિક શ્રદ્ધા તે સર્વ વિપત્તિઓમાંથી સર્વ પ્રાણીઓને બચાવે છે રક્ષણ કરીને સન્માર્ગે લઈ જાય છે. અને જ્ઞાન–આનંદ દરેક પ્રાણીઓને પસંદ પડે છે છતાં તેઓનું આલંબન કેમ કરતા નહી હોય ? અને જ્યાં વિપત્તિઓ તથા વિડંબનાઓનો પાર નથી ત્યાં ધસતા જાય છે ? કહેવું પડે છે કે, ભલે આનંદ વિગેરે પસંદ પડતા હોય, પરંતુ ના પસંદ જેવું છે. તે પ્રાણીઓ સાધન સામગ્રી મળતાં જે ઉન્માર્ગે લીધો છે તેને બરોબર પીછાની નીતિ ન્યાયના સન્માર્ગે ચઢે તો સર્વત્ર આનંદ ભાસે અને પોતાની તથા પારકાની પણ ઉન્નતિ સાધી શકે. સ્વ જીવનની કલા જો કોઈ હોય તો સદાય આનંદમાં રહેવું દ્વેષ–અદેખાઈ કદાપિ કરવી નહી. સર્વ કાળમાં આનંદમાં રહેવું તે ઉત્તમોત્તમ કલા છે વળી ધર્મ કલા જો હોય તો કદાપિ સંકટો આવી શકે નહી. કારણ કે ધર્મની કલા કર્મના મર્મને રાગદ્વેષ–મોહાદિને દૂર હઠાવે છે અને આત્મિક ગુણોમાં સ્થિર કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**૧૨૭ જે પોતાના અંગોપાગને તથા પાંચ ઇન્દ્રિયો સહિત માનસિક વૃત્તિયે કબજામાં રાખી શકે છે તેની આગળ શત્રુઓનું જોર ચાલી શકતું નથી.**

અને પોતાના દ્રવ્ય ભાવ પ્રાણોનું રક્ષણ કરવા સમર્થ બને છે એક સરોવરમાં બે કાચબા રહેતા હતા. તે લહેર કરવા બહાર નીકળ્યા. તેઓને સરોવરના કિનારે ભમતા બે શિયાળોએ દીઠા. કાચબાને દેખી મારવા માટે દોડયા. પણ અંગોપાંગ વિગેરેને તેઓએ ગોપવી દીધા હોવાથી તેઓનું કાંઈ ચાલ્યું નહી. જો કે તે બે શીયાળે તે બે કાચબાને ખુબ ઢંઢોળ્યા. પણ લેસ માત્ર ચલાયમાન થયા નહી. એટલે તેઓ નિરાશ બની છૂપી જગ્યાએ સંતાઇ રહ્યા. તેવામાં એક કૂર્મ તો સરોવરમાં જતો રહ્યો. બીજાને બહારની મજા માણવી હતી તે ત્યાંના ત્યાં સ્થલે રહ્યો થોડીવાર પછી મુખ વિગેરે પોતાની ઢાલમાંથી બહાર કાઢી મઝા માણવા લાગ્યો પરંતુ શત્રુઓ છૂપાઇ રહ્યા છે. તે લહેર લહેરમાં ખબર પડી નહી. શિયાળે જાણ્યું કે, ભાઈ સાહેબ બહારની મજામાં મગ્ન બન્યો છે. હવે લાગ સારો આવેલ છે. આમ જાણી છૂપી રીતે પગલા ભરીને પાછળથી આવી બરોબર મુખ દબાવ્યું. મુખ દબાઇ ગએલ હોવાથી કાંઇ પણ ઉપાય બચવાનો રહ્યો નહી. અંતે તે શત્રુઓએ આ બહાર લહેર મારતાં કાચબાની બેહાલ દશા કરી. પ્રથમના કાચબાની માફક સરોવરમાં સરકી ગયો હોત તો આવી બેહાલ દશા ક્યાંથી આવત, એટલે લહેરમાં કારમો કેર મઝા માણવામાં કજા આવીને ઉપસ્થિત થાય છે. દુન્યવી લહેરમાં અને મોજમજામાં અરે ભાગ્યશા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લીઓ વિચારો. ઘણું ચેતવાનું છે. શત્રુઓ ગુપ્ત રહેલા ક્યારે આવીને બેહાલ દશા કરશે. જો ઉપયોગ રાખશો નહી તો ક્યારે અન્તરના કે બહારના શત્રુઓ હેરાન પરેશાન કરશે તેનો ખ્યાલ રહેશે નહી. માટે સદાય શત્રુઓનું જોર ચાલે નહી તે મુજબ સદાચાર કરવાની રાખવાની જરૂર છે.

માથે કરજ કરીને વિનોદ–વિલાસ–મોજશોખ કરનારા માનવો ઘર બાળીને અજવાળું કરનારની બરોબરી કરનાર છે તે મુજબ અનાચારને આચરી કર્મોનું અધિક કરજ કરનાર અને વષયિક શાતા ગારવ–રસગારવમાં મગ્ન બનનારાઓ સ્વ સંપત્તિ–સ્વસત્તાને ગુમાવી પોતાનું ઘર બાળી ઉદ્યોત કરનાર સમજવા, ધન, રૂપ–રમા–રામા–આરામને માટે પોતાનું જીવન સમાપ્ત કરવું અને અનંત સુખના જે સાધનો છે તેનાથી વંચિત રહેવું અને સુસાધ્ય તરફ લક્ષ્ય દેવું નહી. તે પણ એક જાતની મૂર્ખતા છે પરંતુ વિપત્તિ વેલાએ તથા સુખશાતા સમયે વલોપાત કરવો નહી. અને મોહ ઘેલા બનવું નહી. તેમાં જ બુદ્ધિમત્તા તથા દીર્ઘ દર્શિતા રહેલી છે. વર્તમાન કાલમાં પણ વિચારણાના યોગે વિવેક કરીને ભવિષ્યમાં આત્મિક ઉચ્ચ દશા કરવી તે સમજુ સુજ્ઞોનું અગત્યનું અને પ્રથમનું કાર્ય છે આને ભૂલવામાં જ પોતાની અવદશાને આમંત્રણ આપવા સમાન છે વર્તમાન કાલમાં દીર્ઘદર્શીજનો વિચારણા અને વિવેક કરવા પૂર્વક કદાચિત્ માથે દેવું કરીને તથા ઘણો ભારે કર્મોનો ભાર ઉપાડી વિનોદ–વિલાસ મોજમજામાં જ અત્યંત અસહ્ય વેદના માની રહેલા હોય છે તેથી કદાચિત્ વિપત્તિ આવી પડે તો પણ ન્યાયનીતિ અને ધર્મને ભુલતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી. પરંતુ અધિક દૃઢ બને છે તે તો સમજે છે કે વિપત્તિ વિના સંપત્તિની કિંમત પરખાતી નથી. તે વિના કર્મ વિજયની ચાવી હસ્ત ગત થતી નથી. માટે વર્તમાનકાલમાં જ સમયજ્ઞો પ્રથમથી ચેતી જાય છે અને સંપત્તિ વિદ્યમાન હોતે પણ વિનોદ-વિલાસમાં કે મોજમજામાં મગ્ન બનતા નથી. અને સ્વપરનું કલ્યાણ કરીને સ્વજીવનની સાર્થકતા અને સફલતા કરી રહેલ હોય છે આ સિવાયના માનવો કે દાનવો કે દેવો, કર્મનો ભાર લઇ અધોગતિ મેળવે તેમાં નવાઇ શી ?

"અરે માથે કરજ કરીને સાંસારિક લહાવા લેનારાઓ તથા મોજમજામાં મગ્ન બનનારાઓ અને અનાચારોને આચરી આનંદને માનનારાઓ, તમોએ ભવિષ્યનો વિચાર કર્યો છે. કે કેવી અધોદશા આવી લાગશે. તમો નજરે દેખો છો કે તેવાઓની કેવી દશા થઈ છે. અને તે વખતે કોઇ મદદ કરનાર મળી શકેલ નથી. છતાં વર્તમાન કાલના વિનોદ વિલાસોને મનોહર માની તેમાં મગ્ન બનો છો માટે કરજ કરીને પણ વિનોદ-વિલાસોને વિષ્ઠા તરીકે માની દુર કરો.

ઘણુાય છત્રપતિ—રાજા—મહારાજા વિલાસો-વિનોદ વિગેરેમાં નષ્ટ ભ્રષ્ટ બન્યા છે. અને તદ્દન હલકી દશાને પામેલ છે. માટે કરજનો તથા કર્મોનો બોજો વધતાં તમોને ખબર પણ છે જ કે બુદ્ધિ-બલ-સત્તા-સંપત્તિ રીસાઈ જાય છે, તે વખતે બહાદુર હોય બકરી જેવા બને છે. પરંતુ જ્યારે સત્ પુરૂષાર્થ કરતા તે બોજો હઠાવે છે ત્યારે જ બહાદુરી આવી પુનઃપુનઃ ઉપસ્થિતિને પામે છે.

એક રાજાએ સમૃદ્ધિની વેલાયે વિનોદ-વિલાસ વિગે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઐમાં મગ્ન બની સામે શત્રુઓ નષ્ટ ભ્રષ્ટ કરવા આવી રહેલા છે. તેનો ઉપયોગ રાખ્યો નહી. મહામંત્રી તથા અધિકારીઓ વારે વારે ચેતાવે છે. છતાં માનતો નથી. અને મનમાં માને છે કે શત્રુઓ સામે યુદ્ધ કરવામાં આવી મોજમજા કયાંથી આવશે ? ત્યાં તો કષ્ટ રહેલું છે પરંતુ તે મુગ્ધને માલુમ નથી કે કષ્ટને સહન કરવું તે સંપત્તિને આવવાનું દ્વાર છે આ મુજબ નહી માનતા વિલાસમાં પાછો હઠયો નહી. શત્રુઓએ તે રાજાને વિલાસમાં મગ્ન થએલ જાણી-આનંદ પૂર્વક તેના ઉપર આક્રમણ કર્યું અને રાજ્ય સ્વાધીન કરી નૃપને સેવક બનાવ્યો. અને કેદખાનામાં નાંખી ઘણું કષ્ટ દીધું. તે વખતે બુદ્ધિ-બલ-સત્તા ગુમાવી પાગલ જેવો બન્યો. હવે તે રાજા કયારે પુનઃપુનઃ સ્વસંપત્તિને પામી શકે. તે તમો કહો ? માટે કર્મોનો બોજો તથા વિલાસોને હઠાવવા માટે હંમેશાં પ્રયત્નશીલ બનો.

## ૧૨૮ પોતાની નાની ભૂલો તથા અપરાધોને મહાન માનવામાં આવે ત્યારે તેવી ભૂલો તથા અપરાધો થતા બંધ થાય છે.

પણ તેમાં શું ? આમ માની ઉપેક્ષા કરવામાં આવે તો તે નાની ભૂલો વિગેરે મ્હોટી થતાં સુધારી શકાતી નથી. ઉપેક્ષા કરાય છે. તેથી જ માનવોને લાભને બદલે ગેરલાભ થાય છે. સુખશાતાના બદલે વિવિધ આધિ-વ્યાધિની વિડંબનાઓ આવી ઘેરી લે છે. એટલે તેવા ભાઈઓ જેણે નાની ભૂલોને મ્હોટી માનીને સુધારી નથી. તે નહી સુધારેલી ભૂલો તથા અપરાધો, ધાર્મિક ક્રિયાઓ જે સંવર અને નિર્જરાના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કારણો છે તેમાં પુનઃપુન ઉપસ્થિત થઈ સજ્જડ કર્મ બંધના કારણો બને છે. એટલે સંવર-નિર્જરાનો લાભ મળતો હોય તે મળતો નથી. તથા ન્હાની ભૂલોને મહતી માની જલ્દી સુધારી લેનાર ભાગ્યશાલી બંધના કારણોને પણ રીતસર ઉપયોગ રાખતો હોવાથી સંવર તથા નિર્જરા કરતો હોય છે. એટલે ન્હાની ભૂલો તથા અપરાધોની કદાપિ ઉપેક્ષા કરવી નહી. ગુમસ્થલે ઉત્પન્ન થએલી ન્હાની ફોલ્લીની જો ઉપેક્ષા કરવામાં આવે તો તેવા કારણો મળતાં મ્હોટી બને છે, પછી પીડાનો પાર રહેતો નથી તેનો ચેપ લાગતાં અન્ય ગુમડાઓ જન્મે છે. માટે પ્રથમથી જે ચેતી ઉપેક્ષા કરતો નથી તે દુઃખી થતો નથી.

## ૧૨૯ કરજ-કાણું-કંકાસ-કલેશની ઉપેક્ષા કરવાથી નિમિત્તો મળતાં વધતાં જાય છે.

માટે તેમને પ્રથમથી જ ડામવા જોઇએ. હરરોજ તમે પોતાની ભૂલો તથા અપરાધોને જાણી કબુલ કર્યા છે કે અન્યના દુર્ગુણો તથા ભૂલો દેખી તેઓના ઉપર કોપ કર્યો છે તેની તપાસ કરી છે? તપાસ કરી ન હોય તો હરરોજ નિરીક્ષણ કરવા આગસ કરશો નહી. તેથી ઘણો લાભ થશે વાયદો કરશો તો ફાયદો મળી શકશે નહી.

"તમે પોતાના દુર્ગુણોને જોઇને દૂર કર્યા હશે તો ઉચ્ચ ભૂમિકાએ જરૂર આરૂઢ થશો અને બીજાઓના દોષો તથા ભૂલોને જોતાં કદાપિ આગળ વધી શકશો નહી. તમારાથી બીજાઓ તરફ દોષો થયા હોય તો માફી માગજો. કદી પછી બીજાઓ ક્ષમાવે નહી તો પણ તમોને ખમા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વવામાં લાભ છે. ક્ષમાપના કરવામાં બીજાઓને કોઈ વેળાયે સદ્વિચાર આવશે. અને જે કડવાશ–વેર વિરોધાદિક થયો હશે તે ખસી જશે. અહંકાર–અભિમાન રહેશે નહી. અને આગળ વધવાનો માર્ગ સુગમ થશે.

**૧૩૦ વેર વિરોધાદિકનો બદલો લેવાથી વેર વિરોધ, કંકાસ વિગેરે દૂર ખસતા નથી. પણ વધતા રહે છે. માટે તેઓને ભૂલમાંથી શાંત કરવા મૈત્રી ભાવના પૂર્વક પ્રેમથી ભેટો.**

લાખો રૂપિયાનો વ્યય કરશો તો પણ વેર વિરોધાધિક શમશે નહિ. અને તેઓને શાંત કરવા હોય તો ક્ષમાપના કરી પ્રેમથી ભેટો. એક પૈસાનો ખરચ કરવો પડશે નહી. જે તપજપ–દાનાદિક ધર્મની આરાધના કરી પ્રતિકુલવર્ગને ખમાવતા નથી. અને હૈયામાં ડંખ રાખ્યા કરે છે તેઓની આરાધના યથાર્થ ફલવતી બનતી નથી. સત્ય સુખનું સાધન, દરેક પ્રાણીઓને સાચા દીલથી દરરોજ ખમાવવામાં છે. આ સિવાય હૈયાની હાયવરાળ ખસતી નથી. ઉચ્ચતર અવસ્થા પર આરૂઢ થએલ મહા ભાગ્યશાળીઓએ આત્મ ધર્મની આરાધના કરતા પહેલાં સર્વજીવોને ખમાવી આરાધના કરેલી છે. તેથી અનન્ય મહત્તાને મેળવી અનંત શક્તિના સ્વામી બન્યા છે. લેશમાત્ર પ્રતિકુલતા થએલી હોય છે તે પણ આત્મોન્નતિમાં વિઘ્ન ઉપસ્થિત કરી આગળ વધવા દેતી નથી. વસ્ત્ર શરીરાદિક ઉપર સહજ મલીનતા આવી હોય છે તે સાફ કરવા તત્પર બનો છો તેની માફક હૃદયને શુદ્ધ બનાવવા ઉદ્યમ કરો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૧૩૧ મહાનમાં મહાન્ દંભ-મિથ્યાત્વ પાપને પાપ તરીકે ન માનતાં પુણ્ય તરીકે માની તેનાં પ્રકરણો રચીને પ્રચાર કરવામાં આવે તે અધઃપાત છે.

આવો દંભ-મિથ્યાત્વ સમાજનો તથા શેરી વિગેરેનો મહાન્ શત્રુ છે. અસંયમમાં-ક્રુરતામાં અને સ્વપરને છેતરવામાં તથા અધોગતિના ખાડામાં લાલચો આપી પતિત કરનાર, ભયંકરમાં ભયંકર-જો કોઈ હોય તો દંભ છે

અસંયમી તો પોતાના અસંયમને ગુપ્ત રાખવા ઘણી ચાલાકી કરે તો પણ જાહેર થાય છે. ગુપ્ત રાખી શકતા નથી. ત્યારે દંભી અને મિથ્યાત્વી તો સફાઈ અને ચાલાકીથી એવી રીતે ગુપ્ત રાખે છે કે સામાન્ય જનતાને પણ ખબર પડે નહી. તેથી તે પોતે ભવ ભ્રમણા ઉભી કરી અનંત દુઃખનો ભાગી બને છે માટે સત્ય સુખના ભાજન બનવું હોય તો પ્રથમ મિથ્યાત્વ અને દંભને દેશવટો આપવો અન્ન પાણી અને પ્રાણોની જેટલી જરૂર છે તેના કરતાં સમ્યક્ત્વની કંઈક ગુણી આવશ્યક્તા છે કે જેને આધારે જગતના સ્વરૂપનું અને આત્મિક તત્ત્વનું જ્ઞાન થાય છે. અને મિથ્યાત્વમાં ફસાઈ પડવાનું થતું નથી, તમારી અનંત ઋદ્ધિ-સિદ્ધિ અને શુદ્ધિને દબાવી કબજે કરનાર, મિથ્યાત્વ વિના અન્ય કોઈ હરામખોર નથી. વ્યવહારિક કાર્યોમાં હરામખોરને બરોબર ઓળખી, તેને હઠાવવા માટે તત્પર બનો છો. સીધી રીતે ન ખસી જાય તો અનેકનો સહારો લઈ મારી ઝુડીને દૂર કરો છો. તો પછી આ હરામ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચોર જે ઉન્માર્ગે લઇ. સર્વસ્વ પડાવી લેનારને દૂર કરવા શું તત્પર ન બનવું જોઇએ ? સદ્દગુરૂનો સહારો લઈ બળપૂર્વક ક્યારે હઠાવશો. નહી હઠાવો તો અત્યાર સુધી જે સર્વસ્વ ગુમાવ્યું છે તે પાછુ હસ્તગત થશે નહી. માટે ગુરૂગમને ગ્રહણ કરી તે હરામખોરને હઠાવી તમારૂં સર્વસ્વ જે છે તે કબજે કરો અને પુનઃ તે હરામખોર છીનવી લે નહી તેની કાળજી રાખવા પૂર્વક રક્ષણ કરો.

## ૧૩૨ તમારી પાસે સંપત્તિ સાહ્યબી વૈભવ અગર દુન્યવી સત્તા, અન્ય કરતાં અધિક હશે અને જગતમાં પ્રશંસાપાત્ર બન્યા હશો, તો પણ તેમાં સ્વ જીવની સફલતા અને સાર્થકતા સમજતા નહી.

સ્વજીવની ફત્તેહ તો પ્રામાણિકતા પૂર્વક સંતોષ વૃત્તિમાં તેમજ આત્મિક ગુણોનો પ્રાદુર્ભાવ કરવામાં રહેલ છે. અન્યત્ર ઋદ્ધિ–સિદ્ધિ મળી હશે તો પણ પ્રામાણિકતા સહિત સંતોષવૃત્તિ કે આત્મતૃપ્તિ આવવી અશક્ય છે. માટે ભલે ઘણી સાહ્યબી વૈભવ મળેલ હોય તો પણ પ્રામાણિકતાને તથા સંતોષવૃત્તિને ભૂલો નહી અને જે સત્તા સંપત્તિ મલી છે તેને સંસાર સાગરને તરવાનું સાધન માનો પણ બુડવાનું સાધન બનાવો નહી. તેમાંજ તમારી કુશળતા અને ધાર્મિકતા કહેવાશે અને આત્મિક ગુણોનો આવિર્ભાવ થતો રહેશે. કેટલાય મુગ્ધ એવા હોય છે કે ઇષ્ટસંપત્તિ સત્તા મળ્યા પછી પ્રમાણિકતા–સંતોષ–સંયમ અને આત્મિક ગુણોને ભૂલી મળેલી સાહ્યબીમાં સત્તા સુખની કલ્પના કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમાંજ રાચી માચી રહે છે તેથી વિવિધ વિઘ્નો ઉપસ્થિત થતાં વ્યાકુલ બની દુઃખી દુઃખી બને છે કારણ કે તે સંપત્તિ વિગેરે પ્રાપ્ત થએલ છે તે કર્મજન્ય છે. જે કર્મજન્ય હોય તેને ખસતાં વિલંબ થતો નથી. સાચી સંપત્તિ, અને સાહ્યબી તથા સત્ય સુખ, કદાપિ ગેરહાજર છે નહી. ફક્ત તમોએ એની હાજરી તરફ નજર નાંખીને ઓળખી નથી. તેથીજ ભૌતિક સાહ્યબી વિગેરેમાં મુગ્ધ બનેલ છો જો નજર નાંખવા પૂર્વક આત્મ સાહ્યબીને ઓળખશો તો હાજર હાજર થએલ દેખશો. દુન્યવી સાહ્યબી ખાતર દોડધામ કરવી પડશે નહીં. અને ચિન્તાઓ, વલોપાત, વિઘ્નો તથા વેદના અને વિષયના વિકારો ખસવા માંડશે માટે દરરોજ આત્મ નિરીક્ષણ કરતા રહેવું તે પરમ કર્તવ્ય છે.

"ઘાતી કર્મો રૂપી પૂર્વે કબજે કરેલ પર્વતો ઉપર સુખે આરૂઢ થવાય છે. કબજે કરીને જગતમાં આનંદ પૂર્વક નિર્વિઘ્નતાએ વિહરી શકાય છે. જો ઘાતી કર્મોને કબજે કર્યાં સિવાય જગતમાં પરિભ્રમણ કરશો તો મહાન પર્વતોની માફક તે આડા ઉભા રહેવાનાજ. તેથી પુનઃપુનઃ પાછળ પડવાનું થશે. આગળ વધવું અશકય બનશે. માટે તે ઘાતી કર્મો રૂપી પર્વતોને કબજે કરી તથા આરૂઢ થવાના સોપાનો તૈયાર કરવા અતિશય પ્રયાસ કરો. જગત ઉપર સત્તા મેળવવાના પ્રયત્ન કરવા કરતાં, પોતાના આત્માની સત્તાને પ્રાપ્ત કરવા પ્રયાસ કરવો તે ઘણોજ જરૂરી અને સરસ છે. તેમાં પ્રથમ કષ્ટ માલુમ પડશે. પરિણામે અત્યંત લાભ દેખાશે. જગતની સત્તા પણ કષ્ટ વિના મળી શકે એમ નથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાં તો ભારોભાર આધિ વ્યાધિ-ઉપાધિ રહેલ છે. છતાં પરિણામે આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન થવાનું માટે સર્વ દુન્યવી સત્તાને પ્રાપ્ત કરવાની મુગ્ધતાનો ત્યાગ કરી આત્મ સત્તાને મેળવવા માટે સાધનો મેળવી, સમગ્ર વિશ્વ ઉપર સત્તા ચલાવો પછી આધિ વ્યાધિ વિગેરે રહેશે નહી.

હવે આત્મ સત્તાને પ્રાપ્ત કરવા, તમારે જે પુનઃ-પુનઃ ભૂલો તથા. અપરાધો થાય છે તેને સુધારવા માટે અને બીજીવાર તેવી ભૂલો વિગેરે થાય નહી તે માટે ખાસ ઉપયોગ રાખવા જરૂરી છે. લાગણી હશે તો ઉપયોગ રખાશે. કટંકોથી ભરપૂર માર્ગગમન કરતાં જ્યારે કાંટાઓ વાગે છે ત્યારે તે માર્ગનો ત્યાગ કરી સુગમ માર્ગે જાઓ છોને ? ભૂલતા નથી. કારણ કે તે કંટક માર્ગે ગમન કરતાં વેદનાનો પાર રહેતો નથી. આ પ્રમાણે ભૂલો તથા અપરાધો પણ કંટકના જેવા માનવા. અને તે માર્ગને દુઃખદાયક માન્યા પછી ભૂલોને સુધારી સન્માર્ગે વળવું તે શ્રેયસ્કર છે. જો ભૂલોને સુધારશો નહી. અને તે માર્ગે પુનઃપુનઃ ગમન કરશો તો મૂર્ખાની ગણત્રીમાં નંબર લખાશે —

**૧૩૩ તમારે ચિન્તાઓ ઓછી કરવી હોય તો સામા માણસોએ કહેતાં પ્રતિપક્ષોએ વર્તમાન કાલમાં અને ભૂતકાલમાં કહેલા વચનો ભલે પછી ઇષ્ટ હોય કે અનિષ્ટ હોય. તેના ઉપર આધાર રાખતા નહી.**

કારણ કે તે જે વચનો બોલે છે તે મુજબ વર્તનમાં મૂકશે અગર બીજા પાસે કરાવશે એમ નિર્ણય કરશો નહી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિમિત્તો મળતાં વિચારોનું પરિવર્તન થતાં વિલંબ લાગતો નથી. તથા ઘણી ચિન્તાઓ દૂર કરવી હોય તો કોઇની નિન્દા કુથલી કરવી નહી. કારણ કે નિંદા કરવાથી આર્ત-ધ્યાન પૂર્વક પોતાના શુભ વિચારોમાં મલીનતા આવી ઉપસ્થિત થાય છે અને સામા માણસો વિરોધી બની કડવાશ વધારી મૂકે છે. વસ્તુતઃ ચિન્તાઓ મૂલમાંથી નાબુદ કરવી હોય તો ધર્મધ્યાનમાં તથા પરોપકારમાં જીવનને વ્યતીત કરવું તે હિતકર છે.

મોટર અગર એરોપ્લેનો, પેટ્રોલ હોય ત્યાં સુધી ચાલે છે જો ન હોય તો બંધ પડી જાય છે. તે પ્રમાણે પરોપકાર વૃત્તિ હોય અને ધર્મ ધ્યાનના શુભ વિચારો હોય ત્યાં સુધીજ નિશ્ચિતપણાએ સ્વજીવન પસાર થાય છે. અને સુખ-શાંતિનો અનુભવ આવ્યા કરે છે. જો તે શુભ વિચારો હશે નહી તો આનંદદાયક જીવન બંધ પડશે. માટે નિન્દા કુથલી વિગેરેનો ત્યાગ કરી શુભ વિચારો સદાય કરતા રહેવું. જેથી કોઇ પ્રકારનો વિરોધ થાય નહી. ઘણા રસપૂર્વક કરેલી નિંદા કુથલી વિગેરેથી બંધાએલ કટુક કર્મોના વિપાકો આ ભવમાં ભોગવવા પડે છે. તેમજ ઘણા પરભવમાં તેઓનું ફલ ભોગવવું પડે છે. કંટકો તો સારા કે તેઓને દેખતાં સાધનદ્વારા દુર કરી શકાય. પણ બાંધેલા કટુક કર્મો એવાં બુરાં છે કે નજરે દેખતાં પણ દુર કરી શકાતા નથી. તેમજ કોઈ નજરે દેખાડતા પણ નથી. માટે આનંદપૂર્વક જીવન પસાર કરવું હોય તો બરોબર સાવધાન બનો.

**૧૩૪ નિર્દંભતા પૂર્વક વર્તન કરતાં સાંસારિક કાર્યો તથા**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધાર્મિક કાર્યોમાં ઈચ્છા મુજબ લાભ મળતો રહે છે.

જો કે પ્રથમ સહન કરવું પડે છે. પરંતુ જ્યારે આર્થિક કે આત્મિક લાભ મળે છે. ત્યારે આનંદ થાય છે, અને કરેલી સહનતા કષ્ટ રૂપે ભાસતી નથી. દુઃખોને સહન કર્યા સિવાય અને દંભને દૂર કર્યા વિના દુન્યવી લાભ મળતો નથી તો પછી આત્મિક લાભ કયાંથી મળશે ? દંભીજનોએ દંભ કપટ કરી આર્થિક લાભ મેળવ્યો હોય તે તરફ જોશો નહી. પરંતુ આત્મિક વિકાસ કેટલો મેળવ્યો તેમનું જીવન ચિન્તામય છે કે ચિન્તા રહિત છે. તેની તપાસ તલસ્પર્શી કરશો તો તેમનું જીવન નીચતાથી ભરેલુ માલુમ પડશે. આવા લાભથી તો પરિણામે ઘણું ગુમાવવાનું થાય છે. જ્યાં જીવન હલકી કોટીનું વ્યતીત થતું હોય ત્યાં શુભ વ્યવહાર અને શુભ વિવેક પણ કયાંથી હોય ? આર્થિક લાભ માટે દંભ-કપટ કરનારાઓ ધાર્મિક કાર્યોમાં પણ દંભ કપટ કર્યા વિના રહેતા નથી. પડેલા કપટ કલાના સંસ્કારો ધાર્મિક કાર્યોમાં અસર કરે છે. તેથી જ જ્ઞાનીઓ કહે છે કે, જીવનને આનંદમય વ્યતીત કરવું હોય અને આર્થિક કે આત્મિક લાભ લેવો હોય તો સંકટને સહન કરીને પણ નિર્દંભી બનો. દંભની, ગાંઠ હોય છે ત્યાં સુધી સારા વસ્ત્રો આભુષણો પહેરો. અગર સમાજમાં સારા સારા કહેવરાવો અગર અનુરાગી તમારી મહત્તાની પ્રસિદ્ધિ કરે તો પણ ચેન પડશે નહી. તેમજ દંભ રૂપી શૈલ્ય કે ગાંઠ હશે ત્યાં સુધી સાચી શાંતિ મળવી અશકય છે. વ્રતધા-રીએ દંભ રહિત બનવા પ્રયત્ન કરવો કે જેથી લીધેલા વ્રતો

For Private And Personal Use Only

યથાર્થ ફલને આપવા સમર્થ બને દંભના ત્યાગમાં અન્ય ગુણોને આવવાની જગ્યા મળે છે.

## ૧૩૫ બગની માફક એકાગ્રતા જો ભગત દુષ્ટનો એટલે દુષ્ટ દોષોને દૂર કરવા નાશ કરવા રાખે તો આત્મ સંતોષ થાય.

સરોવરમાં બેઠેલા બગલાઓ પોતાનું પેટ ભરવા કેવી એકાગ્રતા રાખે છે તે તમોએ જોઈ હશે મન-વચન કાયાને સ્થિર કરી માંછલાઓને જોઇ રહેલા હોય છે. તે મુજબ તમો જો મન-વચન અને કાયાને સ્થિર કરવા પૂર્વક દોષોને દેખશો તો આત્મતૃપ્તિ થશે. એટલે તે દોષોને દુર કરવાની તમન્ના જાગશે.

દુન્યવી પ્રવૃત્તિમાં દોષો ઘટશે નહી, પરંતુ વધવાના. માટે આત્મસંતોષ પ્રાપ્ત કરવો હોય તો સ્થિરતા ધારણ કરો. તેમજ થઇ ગયેલા દોષોને દુર કરવાની તમારામાં તાકાત ભરપુર છે પણ તે તાકાતને બહારની પ્રવૃત્તિમાં વેડફી નાંખતા હોવાથી રહેલી તાકાતને અદ્યાપિ પીછાની નથી. અને આત્મિક સંતોષ થયો નથી. દુન્યવી પ્રવૃત્તિ કરતાં તમોને સંતોષ તો થએલ હશે. પણ તે રહ્યો કયાં સુધી ? ક્ષણિક સંતોષમાં દોષોને દુર કરવાની શક્તિ છેજ નહી. અને તમારે જોઈએ છે નિરન્તર નિત્ય સંતોષ ! તો પછી તે દોષો તરફ એકાગ્રતાપૂર્વક દષ્ટિ કર્યા સિવાય તે દુર કયાંથી જશે. તથા પેટ-પરિવાર-પટારો ભરવા જેવી લાગણી તત્પરતા રાખો છો તેવીજ આત્મિક ગુણોનો આવિર્ભાવ કરવા તત્પરતા થશો તો કોઇ બાબતની ખામી

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહેશે નહિ. બેય બાબતમાં લાભ મળતો રહેશે. અસંતોષ ચિન્તા–વલોપાતાદિ થાય છે તેનું કારણ તમોએ જાણ્યું નથી. એકાગ્રતાપૂર્વક સાંસારિક પ્રવૃત્તિની ઉપેક્ષા કરી મન તન અને વચનની મલીનતાને દુર કરવા લાગણી રાખી નથી અને પુદ્‌ગલાનંદી બની સંયોગે મળેલી વસ્તુઓમાં મુગ્ધ બન્યા છો તેથીજ અસંતોષ વિગેરે વારેવારે સતાવ્યા કરે છે. માટે તેને પ્રથમ ટાળવાનો ઉપાય કરો સમગ્ર સાંસારિક પ્રાણીઓ ભલે પછી માનવ–દાનવ હોય તથા પશુ પંખી, નરકાદિકના જીવો હોય તે સઘળા સંતોષ વિગેરેને ઈચ્છી રહેલા છે. કેટલાક માનસિક સંતુષ્ટિને ઈચ્છી રહેલ હોય છે. પણ મિથ્યાત્વ. અવિરતિ–કષાય વિગેરેને દુર કર્યા સિવાય તેઓ અથાગ કાર્ય પ્રવૃત્તિમાં રાચી માચી રહેલા હોવાથી તેઓને માનસિક સંતોષનો અનુભવ આવવો અશક્ય બને છે કેટલાક વચન, ઉપદેશ દ્વારા સંતોષાદિ ઈચ્છી રહેલ હોય છે. અને ઉપદેશ શ્રવણ કરવા ઉપાશ્રયાદિ સ્થલે જાય છે. પણ સાંભળીને અંશે પણ વર્તનમાં મૂકે તો દોષો દુર જાય. અને સંતોષ આવી મળે. આ મુજબ દોષોને હઠાવવા માટે પ્રવૃત્તિ રાખે તો લીધેલો પરિશ્રમ વૃથા જાય નહિ. પ્રવૃત્તિ તે સાધન છે. સાધ્ય નથી. સાધ્ય તો મિથ્યાત્વ અવિરતિ કષાયાદિકને હઠાવવાનું હોવું જોઇએ સાંસારિક સાધનોમાં જે તમોને સંતોષ ભાસે છે તે મસ્તકને ફોડી શિરો ખાવા જેવું છે.

એક ઘરમાં શેઠ–શેઠાણીને પાંચ દીકરા અને પાંચ વહુઓ હતી. વસ્તાર હોવાથી શેઠ શેઠાણી કરકસર કરીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યવહાર ચલાવતા. નાના દીકરાની વહુને શીરો ખાવાની અભિલાષા થઈ, અને સાસુને કહ્યું કે મને શીરો બનાવી આપો. સાસુએ કહ્યું કે, તારા માટે ફક્ત બનાવાય નહી. શીરો બનાવીએ તો સઘળા વસ્તાર માટે બનાવવો પડે. અને તે બનાવતાં જે ખર્ચ થાય તેની પહોંચ અમારામાં નથી. જાવક અધિક છે આવક અલ્પ છે માટે હે વહુ! સંતોષ રાખી દરરોજ જે સાદું ભોજન છે તેને જમો. નાની વહુએ હઠ લીધી. સાસુ બનાવી આપતી નથી. છેવટે વહુએ એક યુક્તિ કરી. પથરા સાથે માથુ પછાડી ઘણી વેદના થવાથી બુમો પાડવા લાગી. તે ઘરમાં એવો રીવાજ હતો કે, કોઈને તાવ આવે અગર માથાની પીડા થાય ત્યારે શીરો બનાવે, સાસુએ વહુની મસ્તકે થતી પીડાને જાણી તેણી માટે શીરો બનાવી આપ્યો. ખાધો ત્યારે આ વહુને સંતોષ થયો. પણ થએલી વેદના ઘણા દિવસો સહન કરવી પડી, દરરોજ તો શીરો કયાંથી મળે, પણ વેદના દરરોજ ભોગવવી પડી.

આ પ્રમાણે વૈષયિક સુખ રૂપ શીરાની પીડાઓ અસહ્ય વેદનાઓ ભોગવી, સહન કરીને પણ મુગ્ધજનો તેની અભિલાષાને કરી રહેલ છે. ભલે અસહ્યપીડાઓ ભોગવવી પડે પણ સંસારિક સુખ તો મળે છે ને? આવા મુગ્ધજનોને કયાં ખબર છે આવી પીડાઓને ભોગવી સુખ ભોગવવામાં અનંતકાલ જશે અને ગએલ છે. છતાં સુખને બદલે સંકટો નસીબમાં ચોંટવાનાજ. સુજ્ઞજનો આવા વૈષયિક સુખમાં મુગ્ધ બનતા નથી. આવા સુખને તો દુર કરવા અહોનિશ પ્રયાસ કરતા હોય છે ત્યાં મુગ્ધજનો સરાસર દુઃખો વિડંબનાઓથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મિશ્રિત સુખ માટે પ્રયત્ન કરતા હોવાથી તેઓને નિર્ણય સત્ય સંતોષ મળે ક્યાંથી ? અમૃતના ઘડામાં વિષય વિષને દેખતા નથી અને દોડંદોડી કરી તેઓ અમૃતની આશાએ વિષનું પાન કરી રહેલા હોય છે.

## ૧૩૬ નિર્મળ સંતોષની ઇચ્છા હોય તો સંયમ સમતા–ઉપશમ–વિવેકને ધારણ કરો.

વિષ હશે તો દુર ખસી જશે. અને આત્મિક શુદ્ધિને આવવાનો અવકાશ મળશે અન્યત્ર કાં પરિભ્રમણ કરો છો! શક્ય સંયમનો આદર કરી સંવરમાં મનોવૃત્તિને જોડો સંતોષ ગેરહાજર નથી. ક્ષણુનિવાશી સાંસારિક સુખમાં મુગ્ધ બનેલાને શાશ્વત સંતોષ મળે નહી જ- અંગે થએલી ખરજને દુર કરવા કૌચને લગાડવાથી ખરજ વધવાનીકે ઘટવાની ? તેનો વિચાર કરવાની ક્ષણે ક્ષણે જરૂર છે જ્યારે ખરજ વધશે ત્યારે વેદના જ થવાની.

વિષય સુખમાં લંપટ બનેલને તે મળેલ સુખ, સંસાર સાગરમાં ખરાબે ચઢાવી ચારે ગતિમાં પરિભ્રમણ કરાવે છે અને સુખને બદલે વિવિધ સંકટોમાં ફસાવી દે છે કારણ કે તેવા કાલ્પનિક સુખ, તેઓને સત્ય સુખ તરીકે ભાસતા હોવાથી સજ્જનોનો ઉપદેશ–માતપિતા વિગેરેની શિખામણ ગુરૂદેવની પ્રેરણાને ઠોકરે મારે છે તેઓ સહૃદયથી કહે છે કે વિષય સુખમાં લંપટ બનવું તે સુતેલા પાપને જગાડવા જેવું છે અને અગ્નિમાં ઘૃત–હોમવા જેવું છે માટે લંપટ બનવું તે મહાન દુઃખનું કારણ છે આ મુજબ શ્રવણ કરી મુખે તો બરોબર તમે કહોશો પણ આશાથી તે મુજબ બનશે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહી. તમો પુનઃનપુનઃ ઉપદેશ આપ્યા કરો ને ? આ પ્રમાણે ઉપદેશની ઉપેક્ષા કરનારને રખડવાનું થાય જ !

તમોને ખબર છે કે, લીંટમાં ફસાઈ પડેલ માક્ષિકાઓને તેમાંથી મુક્ત બનવું અશક્ય બને છે ક્ષણુભર મીઠાશ આવી પણ મરણુની યાતમા માથે ચોંટી. તેની માફક તમે વિષયથી વિવિધ વેદનામાં ફસાઇ પડયા. તો પણુ ઉપદેશ માનો નહી તો કર્મ બંધન સાથે યાતના ભોગવવાનો અવસર આવશે. માટે તમારામાં બુદ્ધિ હોય નહી તો વડીલોનો ગુરૂદેવોનો ઉપદેશ માની લંપટ બનો નહી. તમારા સુખની કાળજી વડીલો તથા ગુરૂ દેવોના ઉપદેશની ઉપેક્ષા કરીને તમે જે જે વિચાર કરો છો અને વાણી દ્વારા વર્તનમાં મૂકવા ધારો છો તે બંધન કર્તા બને છે અને બનશે તથા મુગ્ધજનોનું અનુકરણુ કેટલું ભયંકર છે. તેની પણુ તમોને સમજણુ નથી. અનુકરણુ કરવું હોય તો સરલ–નમ્ર–સંતોષી અને સંયમીનું કરો કે જેથી સન્માર્ગે આરૂઢ થવાય અને ચિન્તાના દાહથી મુક્ત બની આત્મોન્નતિ સાધીને સાચા સુખના સ્વામી બનાય. મૂઢ અનુકરણુ કરવાથી તો દુઃખ દરિયાથી પાર ઉતરાશે નહી જ.

**૧૩૭ યૌવનાવસ્થામાં પરોપારના કાર્યો–તથા આત્મિક વિકાસના સાધનોને મેળવવાની તમન્ના લાગણી હોય તો જગતના માણુસોની પ્રશંસા સાંભળવાની અભિલાષા રાખતા નહી.**

કારણુ કે વિશ્વના સઘળા માનવીઓને તમે જે કાર્ય કરી રહેલા છો તે કેટલાકને રૂચિકર થશે અને કેટલાકને પસંદ પડશે નહી ત્યારે તમારી હાંસી કરશે અગર મૂર્ખ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાણશે જગતના સર્વે માનવોનો સ્વભાવ-મનોવૃત્તિ ભિન્ન ભિન્ન હોય છે તે બધા તમારી પ્રશંસા કરશે તે બનવા જોગ નથી. પ્રશંસા સાંભળવાથી પેટ અને પૂણ્ય ભરાતું નથી. માટે પ્રશંસાની ઈચ્છાનો ત્યાગ કરી નિષ્કામ પરોપકારના કાર્યો કરો અને આત્મોન્નતિના સાધનો મેળવો. પ્રશંસા સાંભળવાની અભિલાષા કરવાથી દુન્યવી આસક્તિ ખસતી નથી. તેથી જો કોઇ તમારી પ્રશંસા નહી કરે તો દીનતા અને હીનતા તમોને ભાસમાન થવાની અને તેમાંથી જે તમો ઉચ્ચ સ્થિતિમાં આરૂઢ થએલ છો તેમાંથી ખસવાનો અવસર આવશે.

કેટલાક માનવીઓ સાધન સંપન્ન હોઈ સાહ્યબી રીતસર ભોગવતાં હોય છે છતાં જ્યારે યાચના કરે ત્યારે જ તેમને આનંદ પડે છે યાચના કર્યા સિવાય ગમગીન બની આકુલ વ્યાકુલ થાય છે.

એક રાજાએ રૂપવતી અને બોલવામાં ચાલાક એવી વાઘરણને પટ્ટરાણી બનાવી તેને આનંદમાં રહેવા માટે માગ્યા વિના પણ રાજા રાણીને લાયક સર્વ સામગ્રી હાજર કરે છે છતાં ગમગીન અને વ્યાકુલ બની દિવસો ગુજારે છે વાઘરીના ઘેર જન્મેલી છોકરી યૌવન વયમાં વગડામાં જઇ બાવળ-આવળના દાતણો કાપી લાવીને ઘેર ઘેર રોટલાના ટુકડા બાતર-દાતણ આપીને તે ટુકડા લાવતી. અને માતાપિતાને બતાવી પેટ ભરતી એક વખત નગરનો રાજા સહેલગાહે નીકળી જંગલમાં આવ્યો છે બપોર થએલ હોવાથી તૃષા અને ક્ષુધાથી બાધિત થએલ આથી તે જંગલમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હાતણું કપતી આ વાઘરણની કન્યા દેખી. તેની પાસે પાણી માગ્યું. તેણીએ સ્વચ્છ ઘડામાં સ્વચ્છ પાણી લાવીને આપ્યું. નૃપે જલપાન કરી સંતોષ અનુભવ્યો પણ આ કન્યાનું રૂપ દેખી તેમજ બોલવાની ચાલાકી જાણી તેણીને પરણવાની ઈચ્છા થઇ. તેના માતપિતાએ રાજાની સાથે તેણીને પરણાવી. રાજાની પટ્ટરાણી બનાવી. અને ઇચ્છાથી અધિક તેને પૈસા અર્પણ કરે છે. પરંતુ શુકાતી દેખી, રાજા શુકાવાનું કારણ વારેવારે પુછે છે છતાં શરમને લઈને બોલી શકતી નથી. રાજાએ વૈદ્યને બોલાવી ચિકિત્સા કરાવી. વૈદ્યને દરદની માલુમ પડી નહિ. રાજાને વૈદ્યે કહ્યું કે શારીરિક વ્યાધિતો માલુમ પડતી નથી પરંતુ માનસિક વ્યાધિ હોવી જોઇએ તે રાણી સંબંધી સઘળી બીના રાજાએ વૈદ્યને કહી સંભળાવી. વૈદ્ય કુશળ હોવાથી કહ્યું કે, પ્રથમાવસ્થાના સંસ્કારો કેમેય કરીને ખસતા નથી, ગમે તેવી મનોહર સામગ્રી મળે તો પણ પ્રથમના પડેલા સંસ્કારો આગળ આવીને ઉપસ્થિત થાય છે. મહારાજા! આ વઘરણ કન્યાને રૂપવતી દેખી તમોએ પટ્ટરાણી બનાવી. અને ઇચ્છા મુજબ વસ્ત્રાભૂષણ–ખાન પાન–એશઆરામ અર્પણ કરો છો છતાં હાતણ વેચીને રોટલા લેવાની ટેવ ગઇ નથી. આરામ તેને ગમતો નથી. ભટકીને પેટ ભરવાના સંસ્કારો ગયા નથી તેથી ઉદાસી રહે છે. તમે ગમે તેવી સાધન સામગ્રી હાજર કરશો તો પણ આનંદ પડશે નહી. યાચના કરવાની ટેવ ઘણી ખરાબ છે. માટે એમ કરો કે એક હોલમાં રોટલાના ટૂકડા મૂકી તેણીને રાખો. રાજાએ તે મુજબ ગોઠવણ કરી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ રાણી હવે કોઈ હોય નહી ત્યારે ઓરડામાં પરિભ્રમણ કરવા પૂર્વક ભીંતની આગળ રોટલાની માગણી કરી આનંદમાં રહેવા લાગી. રાજાને ઘણો અફ્શોસ થયો..આ પ્રમાણે રાજા–મહારાજા–શેઠ શાહુકાર સાધનસંપન્ન હોય છતાં યાચના કર્યા વિના આનંદમાં રહી શકતા નથી. ત્યારે ધર્મ રાજાને અફ્શોસ થાય છે. કે આ લોકોની યાચના ક્યારે ખસશે....મારે શરણે આવેલ છે. મનગમતી વસ્તુઓ મળી છે. છતાં તેનો લાભ નહી લેતાં યાચના કરી રહેલા છે, જે મળેલ છે. તેનો સદુપયોગ કરતા નથી અને ચારે બાજુ પરિભ્રમણ કરી પાછા ખુશી થાયછે. આ કેવી ભ્રમણા ? માટે જે ધર્મરાજાને શરણે ગયા છો તેમનું શરણ સ્વીકાર્યું છે. તેમને ખુશ કરવા યાચનાનો ત્યાગ કરો. તેમાંજ તમો જે યાચના કરીને આનંદમાં રહો છો તેના કરતાં સ્થાયી આનંદ હાજર થશે. ક્ષણ સ્થાયી યાચના કરીને મેળવેલા પદાર્થોમાં મુગ્ધ બનો નહી. યાચના કરશો તો પણ પદાર્થો કયારે મળશે કે પુણ્યોદય હશે ત્યારે જ માટે યાચનાની ટેવનો ત્યાગ કરી આત્મ ધર્મમાં સ્થિર થાઓ.

**૧૩૮ " વિવેકને હૈયામાં ધારીને જે ભાગ્યોદયે વસ્તુઓ તથા સંયોગો મળ્યા છે. તે બરોબર છે. અને જીવન નિર્વાહ પુરતા છે.** આમ સમ્યગ્જ્ઞાન પૂર્વક જાણી અન્ય શ્રીમંતોની સરખામણી કરીએ નહી તો આનંદથી આયુષ્ય પૂર્ણ થાય છે. અને જો બીજા ધનાઢયોની સરખામણી કરવામાં આવે તો મોહ મમતાને આવવાનો અવકાશ મળેલ હોવાથી ચિન્તાનો પાર રહેતો નથી. સુખા-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાસ જે છે તે પણ ક્યાંય ખસી જાય છે. બીજાની સંપત્તિની સરખામણી ન કરવી.

યાદ રાખો કે જે કોઈ ભાગ્યવંતો એ મહત્તા મેળવી છે તેઓએ અન્ય શ્રીમંતોની સરખામણી નહી કરતાં સ્વ જીવનમાં ભવ્ય સંખ્યા ખીલવીને આનંદ મેળવ્યો છે. અને મેળવતા રહ્યા છે માટે ભવ્ય સંખ્યાને ખીલાવવા માટે જે મળ્યું છે તેનો સદુપયોગ કરો.

**૧૩૯ " અન્ય શ્રીમંતોની સરખામણી કરનારને પોતાની પાસે જોઈતા પ્રમાણમાં સંપત્તિ હોય છતાં પણ અન્ય ધાર્મિકની થાપણ વિગેરે ઓળવવાની પ્રવૃત્તિ થાય છે. અને મનમાં માને છે. બીજા શ્રીમંત જેવો બનુ! પરંતુ તેને ખબર નથી અન્યની વસ્તુ પડાવી. છીનવી લેતાં પોતાની હાનિ થવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે અને પ્રમાણિકતાનો વિજય થાય નહી. એક ધનાઢયની માફક.**

એક શ્રીમંતની પાસે ઝવેરાત–દાગીના–અને સોના–મહોરો વિગેરે પરિગ્રહ સારા પ્રમાણમાં હતો. તથા જથ્થાબંધ કાપડનો વેપારી હતો. તેથી પોતાની દુકાનમાં કાપડની ગાંસડીઓ ઘણા પ્રમાણમાં રાખી વેચાણ કરતાં–ઈજ્જત–આબરૂ પણ બજારમાં સારી રીતે હતી. તેથી બહાર ગામનો કાપડનો વેપારી કાપડની ખપત નહી હોવાથી એક ગાંસડી લઈને આ શ્રીમંતની દુકાન પાસે આવી તેને વેચવા માંડી પણ ભાવ રીતસર ન મળતો હોવાથી શેઠની દુકાને રાખી અને કહ્યું કે જયારે સારો ભાવ આવશે ત્યારે હું વેચવા આવીશ. આમ કહીને પોતાના ગામમાં ગયો. અહીંયા એવું બન્યું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે શેઠની દુકાનમાં લ્હાય લાગવાથી સઘળી ગાંસડીઓ બળી ગઈ પણ બહાર ગામના વેપારીની ગાંસડી બળી નહી. કાપડાના ભાવ વધવાથી બહાર ગામનો વેપારી આવી શેઠની પાસે મૂકેલી ગાંસડીની માગણી કરી. શેઠે કહ્યું કે દુકાનમાં લ્હાય લાગવાથી અમારી ગાંસડીઓની સાથે તારી ગાંસડી બળી ખાખ થઇ. આ સાંભળી તે વેપારીએ કહ્યું કે મારી કાપડની ગાંસડી કદાપિ બળે જ નહી. કારણ કે પ્રમાણિક-તાએ ધર્મને આગળ ધરી વ્યાપાર કરૂં છું. કોઈને છેતરતો નથી. અને અન્ય કોઇ શ્રીમંતની હરિફાઇ કરતો નથી. માટે પાલન કરેલો ધર્મ, મ્હને તથા કોઇ અન્ય વસ્તુઓને અગ્નિથી પણ રક્ષણ કરે છે. માટે તમો અસત્ય બોલો છો. લોભથી છૂપી રાખેલી પાછી આપી દો નહિતર શહેરના રાજા પાસે ફરિયાદ કરીશ. તેમાં તમારી ઈજ્જત–આબરૂ રહેશે નહી.

ગાંસડીઓની સાથે આબરૂને પણ ગુમાવશો ઘણીવાર સમજણ આપી પણ શેઠે માન્યું નહિ ત્યારે રાજાની પાસે ફરિયાદ કરી. જુબાની લેવામાં આવી. ત્યારે શેઠે કહ્યું કે દુકાનમાં લ્હાય લાગવાથી કાપડની ગાંસડીઓ ભેગી તેની ગાંસડી બળી ગઇ છે પેલા વેપારીએ કહ્યું કે, કૃપાળુ રાજન ન્યાય-નીતિ પૂર્વક અને કોઇની હરિફાઇ ન કરતાં રીતસર વેપાર કરતો હોવાથી કોઇ પણ મ્હારી વસ્તુ અગ્નિથી બળતી જ નથી. મેં ઓઢેલી ચાદર પણ તમારી સમક્ષ અગ્નિથી બળશે નહી. તપાસ કરવી હોય તો કરી જુઓ રાજાએ અંગારા મંગાવી તેની ચાદરમાં નાંખ્યા પણ બળી નહી. ત્યારે રાજાને ખાત્રી થઈ કે આ બહાર ગામનો વેપારી પ્રમાણિક છે. શ્રીમં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તની દુકાનમાં તપાસ કરતાં અખંડ ગાસડી દેખી. રાજાની ભીતિથી પાછી આપી. અને ભરબજારમાં હાંસી થવા પૂર્વક ઈજ્જત ગઈ. બહાર ગામના વેપારીની ઘણી પ્રશંસા થઈ. ભાવ પણ સારી રીતે ઉપજ્યો.

આ મુજબ શ્રીમંતોની હરિફાઈ કરતાં જ્યારે પ્હોંચી વળે નહી ત્યારે ઉન્માર્ગે ગમન કરી પોતાની આબરૂ ગુમાવે છે ત્યારે પ્રમાણિક જે હોય છે તે કોઇની સ્પર્ધા કરતા નથી પણ ન્યાયનીતિ પૂર્વક આજીવિકા ખાતર ઉદ્યમ કરી સંતોષ ધારણ કરે છે.

## ૧૪૦ કેટલાક સ્વાર્થ પટુઓ, સત્તાધારી અગર રાજાની મહેરબાની મળતાં આત્મભાન ભૂલી સગાં વહાલાંનો સંબંધ વિસારી તથા મદમાં આવી અનેકધા કડવાસ-કંકાસ-ઝઘડો ઉભો કરે છે

અને મનમાં માને છે કે મારા જેવો કોણ છે ? દરેક સગાંવહાલાંને પણ દબાતા રાખું છું કોઇ પણ મારી સામું બોલવાની તાકાત ધરાવતું નથી. આમ ધારણા રાખી દરેકનો શત્રુ થાય છે પરંતુ પાપોદયે એવો વખત આવી લાગે છે કે પોકારો પાડતાં કોઇ સાંભળતું નથી અને સહાય આપતું નથી. પછી તેના નેત્રો ખુલ્લાં થાય છે કે સ્વાર્થ માટે બીજાઓને દબાવ્યા. કલેશ કંકાસ ઉભો કર્યો તે સારૂં કર્યું નહી.

એક રાજાનો મોદી હતો. રાજાની ઇચ્છાનુસાર દરેક વસ્તુઓ હાજર કરતો સ્વચ્છ અને મનોહર વસ્તુઓ લાવતો હોવાથી અતીવ પ્રિય બન્યો એટલે કોઇની પણ પરવા રાખતો નથી. બીજાઓને ઓછુ આપે કે વધારે લઈ લે તો પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજાનો વહાલો હોવાથી કોઈ તેના સામે બોલતું નથી. આ સ્વાર્થ પટુએ અન્ય ગ્રાહકોને ઠગી પોતાનું ઘર ભર્યું અને મદ કરવા લાગ્યો.

કોઈ મને ઓછું આપેલ છે આમ કહેવા આવે ત્યારે ધૂતકારી કાઢતો. રાજાની બીકથી કોઈ તેને વધારે કહેતું નહી. આ મોદીએ તો હલકા દરજ્જાના અધિકારીઓને પણ ઠગવા બાકી રાખ્યું નહી. તેથી સ્વજન વર્ગ–ઈતરજનો તથા સામાન્ય અધિકારીઓ કંટાળી ગયા. અને મનમાં વિચાર કરવા લાગ્યા કે આનાં પગલાં આ રાજ્યમાંથી ટળે તો નિરાંત થાય. સર્વેને છેતરી પોતાનું ઘેર ભરે છે છતાં કાંઈ પણ કહેવાતું નથી. કહેવા જઈએ તો ઝઘડો ઉભો કરે છે. આવા વિચારમાં છે તેટલામાં આ રાજાના મોદીને કારણ વશાત્ અન્ય ગામે જવાનું થયું. અને ત્યાં બે મહિના લગભગ રહ્યો રાજા, અધિકારીઓને પૂછે છે કે મોદી હમણાં દેખાતો નથી. કયાં ગએલ છે અધિકારીઓ કંટાળી ગયા હતા. તેથી કહ્યું કે મહારાજ, મોદી મરી ગયો. રાજાને અફસોસ થયો દરેકને આનંદ થયો પરંતુ બે માસ પછી તે મોદી પાછો પોતાના ગામમાં આવી રાજાને મળવા જાય છે પણ અન્તઃપુરમાં કોઇ પેસવા દેતું નથી. રાજાએ પણ મરી ગયો માની તેની તપાસ કરી નહી. એક મહિના બાદ રાજા ઝરૂખામાં આવી ફરી રહેલ છે તેવામાં તે માર્ગે થઈને જતા મોદીને દેખ્યો અને હજુરીયાને ઠપકો આપ્યો કે મોદી તો જીવતો છે ને તમોએ મરી ગએલ છે એમ કેમ જણાવ્યું ? હજુરીયાઓએ કહ્યું કે અમો ખોટું બોલતા નથી. તેના બીજા માણસોને પુછી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જુઓ. સઘળાઓને પુછતાં તેઓએ કહ્યું કે, મોદી મરી ગયો છે.

"રાજાએ કહ્યું કે મરણ પામેલ હોય તો મારો મોદી ક્યાંથી દેખાય ? મરણ પામેલ જીવતા થતા નથી. માટે તમો અસત્ય બોલો છો દરેકે કહ્યું કે તમારા ઉપર ઘણો પ્રેમ હોવાથી ભૂત થઇને આવેલ છે અને તમોને દેખા દે છે. રાજાએ બરોબર તપાસ ન કરતાં સાચું માન્યું તે પાસે આવવા માટે ઘણો પ્રયાસ કરે છે. છતાં કોઇ પેસવા દેતું નથી. સર્વની સાથે કંકાસ-ઝઘડો કરેલ હોવાથી તેને મરેલો માને છે. આ દૃષ્ટાંત ઉપરથી સમજવાનું કે સ્વાર્થી અને કલહ કરનાર મરેલો માનવો. ભલે જીવતો હોય તો પણ તેની કિંમત થતી નથી. હવે તો આ મોદીનો ગર્વ ગળી ગયો. રાજા પણ તેના સામું ભૂતનો વહેમ હોવાથી જોતો નથી. દરેક માણસો ધિક્કાર કરી કડવી નજરે જુએ છે. તેથી સમજણ પડી કે કોઈની સાથે લેવા દેવામાં કજીઓ કરવો નહી. માટે હે મનુષ્યો સ્વાર્થની ખાતર-કે સ્વાદને લીધે તેમજ મોહ માયાના કારણે કોઇની સાથે અણ બનાવ રાખો નહી. અણ બનાવમાં દરરોજ તો નહી પણ કોઈ પ્રસંગે મહોટી નુકશાની આવી લાગે છે. પછી પસ્તાવાનો પાર રહેતો નથી. સ્વાર્થમાં અને સ્વાદમાં તથા અત્યંત રાગમાં અનેક અથડામણો ઉભી થાય છે. અને અગત્યનું કામ અધુરૂં રહે છે.

જ્યારે સ્વાર્થ અને સ્વાદને દૂર કરવામાં આવે ત્યારે સ્વ પરોપકાર સાધી શકાય છે જે ભાગ્યવંતોના ત્યાગ-સંયમ-સહનતા વિગેરે સદ્‌ગુણો પ્રકાશ માન થઇ રહેલા હોય છે તે મહાભાગો સ્વાદ-અને સ્વાર્થનો ત્યાગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી શકે છે. પછી તેમને દ્રવ્ય દશ પ્રાણોની પરવા રહેતી નથી. તેથી સર્વત્ર તેઓ પ્રાયઃપ્રશંસા પાત્ર બને છે. સંયમનું પાલન કર્યા સિવાય સ્વાર્થ અને સ્વાદનો ત્યાગ બની શકતો નથી અને આત્મ વિકાસ કે પ્રશંસા મળતી નથી. દુર્યોધન પાસે રાજ્ય ઋદ્ધિ હતી. કોઇ પ્રકારે દુન્યવી પદાર્થોની ખામી હતી નહિ છતાં પાંડવો કરતા અધિક મહત્તા મેળવવા—અને તેઓને વિપત્તિ–વિડંબનાઓમાં નાંખવા કપટ કરી જુગારમાં પાંડવોને પરાજીત કરી વનવાસ–મોકલ્યા–વનવાસમાં પણ સ્વાર્થ ખાતર વાણાવર્ત નગરમાં લાક્ષા ઘર બનાવી તથા બહારથી પ્રેમ દેખાડી તેમાં રાખ્યા અને તેઓને બાળી નાંખવા લાક્ષા ઘરમાં લ્હાય લગાડી. પણ વિદુરજી મારફત બનેલી સુરંગ દ્વારા તેઓ બહાર નીકળી ગયા. તેઓને મારી નાંખવા કીમિંર સાથે મસલત કરી મોકલ્યો તેમાં પણ દુર્યોધન ફાવ્યો નહી.તે રાક્ષસનો પરાભવ કરી પાંડવો માતાની સાથે આગળ વધ્યા. અને હેડંબ વનમાં આવી હેડંબ રાક્ષસને હરાવ્યો. ભીમસેને તેની બેન હેડંબાની પાસેથી અંધકારમાં પ્રકાશ કરનારી વિદ્યા મેળવી હેડમ્બાનો સેવા ભાવ દેખી કુંતી માતાએ અને દ્રૌપદીએ ભીમસેનનું તેની સાથે લગ્ન કરાવ્યું. તેણીને ઘટોત્કચ નામે દીકરો થયો. ત્યાર બાદ એકચક્રા નગરીમાં આવી દેવશર્મા બ્રાહ્મણના ઘરમાં સુખેથી રહ્યા. આ નગરીમાં બકાસુરનો મહાન્ ઉપદ્રવ હતો. દરરોજ તે એક માણુસનો ભોગ લેતો દરરોજ એક માણુસ અને બળી બાકળા આપવાની કબુલાત હોવાથી દેવશર્માનો વારો આવ્યો તેથી ઘરના માણસો કલ્પાંત કરવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાગ્યા. પરોપકારી કુંતા માતાથી સહન થઈ શકયું નહી. તેથી તેમણે કહ્યું કે તમો કલ્પાંત કરો નહી. દેવશર્માને બદલે મારા ભીમસેનને મોકલીશ. દેવશર્માના પરિવારે ના કહ્યું છતાં માતાની આજ્ઞાથી ભીમસેન ગયો અને બકાસુરને પરાસ્ત કર્યો. અને સર્વજનોને બચાવ્યા. એકચક્રા નગરીની પ્રજાએ તથા-રાજાએ ભૂરિ ભૂરિ પ્રશંસા કરી. પરોપકાર વૃત્તિવાળા-પરોપકારના પ્રસંગે પ્રાણોની પણ પરવા રાખતા નથી. આ ઉક્તિની સિદ્ધિ કરી. દુર્યોધને આ બીના સાંભળી તે બળવા લાગ્યો. ભયભીત અધિક બન્યો નિન્દાપાત્ર બની જે મહત્તા હતી તે ગુમાવી બેઠો. બીજાઓને નુકશાન કરવાની ભાવના-તથા કપટ કરવા પૂર્વક અન્યજનોનું છીનવી લેવાની વિચારણા કષ્ટ દાયક છે. તો પાછી તે મુજબ વર્તન કરનારને દુઃખદાયક કેમ ન થાય ? માટે દરેકનું કલ્યાણ ઇચ્છો.

## ૧૪૧ સંતોષ-સંયમ—સહનતા અને સમતા, સર્વેની આશાઓ પૂરી કરે છે. છતાં આવા ઉમદા માર્ગનો ત્યાગ કરી ઉન્માર્ગે ગમન કરે તેને કોઈ નિરોધ કરતું નથી.

પણ તેમાં સ્વપરનું કલ્યાણ નથી. જ આમ રીતસર સમજી હિતકર માર્ગે વળવું તેજ બુદ્ધિમત્તા છે. ઘણાય મદોન્મત્ત માણસો સંતોષાદિ સન્માર્ગનો ત્યાગ કરી દુર્યોધનની માફક ઉન્માર્ગે ગમન કરી રાજ્ય-ઋદ્ધિ-સમૃદ્ધિ-શુદ્ધિ ગુમાવી નીચ કોટીની અવસ્થાને પ્રાપ્ત થએલ છે ઉન્માર્ગે ગમન કરનારને ઈષ્ટ લાભ મળે કયાંથી ? જે પોતાની પાસે હોય તે પણ ગુમાવી બેસે છે માટે સંયમ અને સહિષ્ણુતા વિગેરેનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આધાર લઈ સ્વપરનું કલ્યાણુ કરવા ઉદ્યમશીલ બનો. આ આ સિવાય અન્ય સાચા સુખનો માર્ગ નથી. ઉન્માર્ગે જશો અને સાચી શિખામણુ માનશો નહી તો પરિણામે પસ્તાવાનું થશે પછી આગળ વધવાનું સાધન મળવું તે અશક્ય બનશે માટે વિવેક નેત્રને ઉઘાડો અને સન્માર્ગે વળો. આશાઓ ઇચ્છાઓ અને તૃષ્ણાને આધીન બનેલ ભલે પછી રાજા-મહારાજ અગર સાધન સંપન્ન શ્રીમંત હોય તો પણુ તેઓની તૃષ્ણા શાંત નથી. અનેકધા ચિન્તાઓ-વ્યાધિઓમાં ઘેરાએલ હોવાથી દુઃખમય જીંદગાની પસાર કરે છે જ્યારે પોતાની સામાન્ય સ્થિતિ હોય છે ત્યારે એવી વિચારણા કરે છે કે જો મારી પાસે મનોહર અને ઇચ્છિત ધન દોલત હોય તો સાધર્મિક બંધુઓનું પૂરતા પ્રમાણુમાં વાત્સલ્ય કરી પુન્યનો બંધ કરૂં તથા સાત ક્ષેત્રોમાં ધનને વાપરી મળેલ જીવનની સાર્થકતા કરી સુખી થાઉં. આમ ધારણા કરી અનેક વ્યાપારો કરે છે વ્યાપાર કરતાં પુણ્ય યોગે ધનાઢ્ય બને ત્યારે દોલતની રક્ષા માટે ચિન્તાતુર બને છે અને પુત્રાદિક પરિવાર ન હોય ત્યારે તેની આધિ આવીને વળગે છે. પુત્રાદિક પરિવાર હોતે પણુ પ્રસિદ્ધિ-પ્રતિષ્ઠા વિગેરેની જંજાળમાં પડી જે સ્વ કર્તવ્ય પ્રથમ ધારેલું હતું તે ભૂલી જાય છે. તેઓ સમજતા નથી કે દુન્યવી સારા અનુકુલ સર્વ સંયોગો તથા ધનાદિક પ્રાપ્ત થએલ હોય તો પણુ આત્મ સંતોષ-સંયમ અને સહિષ્ણુતા સિવાય ચિન્તાઓ અને જંજાળ ટળતી જ નથી. એક સુખના અર્થીએ પોતે સાધન સંપન્ન હોવા છતાં પણુ ચિન્તાઓ વલોપાત વિગેરે દૂર ખસ્યા નહી ત્યારે દેવની આરાધના સુખ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે કષ્ટ વેઠીને કરી. છ મહિના બાદ દેવે પ્રસન્ન થઈને કહ્યું કે તારે હવે કેવું સુખ જોઇએ છીએ તે વિવેક અને વિચારણા સાથે તેમજ સર્વસ્થલે નિરીક્ષણ કરીને માગ ? આ ભાઈ સાહેબ સુખી માણસોની શોધમાં પડયો. દરેકને પૂછે કે કહો ભાઇ તમે સુખી છો ? ચિન્તા વિનાના છો ? ત્યારે જવાબમાં તેઓ કહે છે કે અમોને પૈસાની ચિન્તા છે પૈસા મળે તો દીનતા ખસે ત્યારે ધનાઢ્ય શ્રીમંતો કહે છે કે અમારા ઘરમાં પુત્ર-પત્ની વ્યાધિગ્રસ્ત છે તે વ્યાધિ ટળે તો આનંદ રહે. ત્યારે પુત્રાદિ પરિવાર વિનાના કહે છે કે ધન દોલત તો છે પણ પુત્ર-પુત્રી નહી હોવાથી ચિન્તા ખસતી નથી. દુનિયા અમો વાંઝીયા તરીકેનું મહેણું મારે છે. આ માર અમારાથી સહન થતો નથી. જો પુત્ર અગર પુત્રી જન્મે તો ખુશી થઈએ ત્યારે કેટલાક કહે છે કે પુત્ર-પુત્રી જન્મે છે તો ખરા પણ જીવતા નથી. દવા માટે હજારો રૂપીયાનો ખર્ચ કરવામાં આવે છે તે સઘળો ફોગટ જાય છે ત્યારે કેટલાક કહે છે કે ધન દોલત વિગેરે સારા પ્રમાણમાં છે પણ દીકરાઓ નફફટ પાકયા છે વ્યસનમાં મિલ્કતને વેડફી નાંખે છે. અરે ભાઈ ચિન્તાનો પાર નથી. આ મુજબ દરેકને પુછતાં કોઇને કાંઇ-કોઇને કાંઇ કષ્ટ તે સુખના અર્થીને માલુમ પડયું છતાં પણ સુખીને શોધવા માટે આગળ પ્રયાસ કરે છે. તેવામાં એક નગરના શેઠને સુખી દેખ્યો. આ નગરશેઠ શરીરે સાજા તાજા છે. પુત્ર પરિવારાદિક પણ અનુકુલ છે આવક પણ પૂરતા પ્રમાણમાં જાણી તથા ચિન્તા રહિત છે એમ જાણી આવા શેઠના સુખની માગણી દેવ પાસે કરૂં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'આમ વિચારણા કરે છે, તેવામાં શેઠની નજર તેના સામી પડી. અને પૃચ્છા કરી કે ભાઈ શી વિચારણા કરો છો. તેણે કહ્યું કે આધિ–વ્યાધિ અને ઉપાધિ રહિત બનવા માટે દેવની આરાધના કરી. દેવે પ્રસન્ન થઈને કહ્યું કે તારે કેવું સુખ જોઈએ, મેં કહ્યું કે આધિવ્યાધિ વિગેરે વિનાનું. દેવે કહ્યું કે એવી કોઈ વ્યક્તિ હોય તેને શોધી તપાસ કરી મારી પાસે લાવ! તેથી તપાસ કરતાં હે શેઠ! તમે સઘળી બાબતે સુખી દેખાવો છો. આમ વિચારણા કરતો હતો. શેઠે કહ્યું કે મારા જેવો કોઈ દુઃખી નથી. જો જે મારા જેવું સુખ માગતો નહી. નહીતર પસ્તાવાનો પાર રહેશે નહી. અરે શેઠ! આમ તમે કેમ બોલો છો હું તો તમોને સઘળી વાતે સુખી દેખું છું. શેઠ કહે, સાંભળ પૈસે ટકે સુખી તો છું પણ એક પુત્ર જન્મ્યા પછી ઘરમાં પત્નીને અસાધ્ય વ્યાધિ થયો. દવામાં ઘણા પૈસા ખર્ચ્યા પણ તે વ્યાધિ નષ્ટ થયો નહી. ત્યારે મારી પત્ની નાના પુત્ર માટે અફશોસ કરવા લાગી. અને કહેવા લાગી કે આ થએલ રોગ મટતો નથી અને મરી જવાશે. આ બે વર્ષના બાળકની શી વલે થશે? તમે મારા મરણ પછી બીજી બાયડી કરવાના. તેણીને પણ પુત્રાદિક થશે. પછી તો મારા દીકરાને કોઇ પુછશે નહી. શોકય માતા શોક સંતાનોને સંભાળશે કે મારા દીકરાને? શેઠે તેણીને શાંત કરવા કહ્યું કે ભલે અપર માતા કદાચ સંભાળ રાખે નહી. પણ દીકરો મારો પણ ખરોને? હું સંભાળ શું નહી રાખુ? મારા પર વિશ્વાસ છે કે નહી. તેણીએ કહ્યું કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુરૂષનો શો ભરૂંસો. પરણેલી બીજીમાં આસક્ત બન્યા તો મારા પુત્રની બેહાલ દશા થશે તે માટે વલોપાત કર્યા કરૂં છું. શેઠે સોગન લીધા પણ માન્યુ નહી. અને ચિન્તા કરવા લાગી ત્યારે મેં વિચાર કર્યો, આ સ્ત્રી ચિન્તાના યોગે મરણ પામ્યા બાદ સદ્ગતિ પામશે નહી, આમ વિચારણા કરીને કહ્યું કે આચાર્ય મહારાજને અત્રે પધરાવી તારી સમક્ષ સર્વથા જાવજજીવ યાવત્ બ્રહ્મચર્યની બાધા-નિયમ લઉ તો પછી તને ચિન્તા રહેશે નહી ને ? સ્રીને ચોક્કસ મરણ પામવાની ખાત્રી હતી. તેથી "હા" કહી. આચાર્ય મહારાજની પાસે તેણીની સમક્ષ બ્રહ્મચર્ય જાવજજીવ સુધી ગ્રહણ કર્યું. સ્રીને શાંત વળી. આનંદમાં રહેવા લાગી. પછી અરે ભાઇ ! બન્યું એવું કે ચિન્તા ગઇ. વલોપાત થયો નહી. દવા તો ચાલુ હતી તેથી દવા લાગુ પડવાથી સ્રીનો રોગ નષ્ટ થયો અને ધીમે ધીમે આરોગ્ય પ્રાપ્ત કરી સાજી થઇ. ખાવા પીવાની સારા પ્રમાણમાં અનુકુલતા હોવાથી અનુક્રમે વિકારી બની. વિષય સુખની જંખના કરવા લાગી. મેં તો બ્રહ્મચર્ય જીવન પર્યંત લીધેલ હોવાથી ગમે તેવી પ્રાર્થના કરી ખુશી કરતી પણ તે નિયમમાં મક્કમ રહ્યો, કાંઇ પણ વળ્યું નહી ત્યારે કોઈ વિષયાભિલાષી-વ્યભિચારી સાથે સંબંધ બાંધ્યો. ઘણી રાગી થએલ હોવાથી બે દીકરા તેણીને થયા. ક્રોધ કર્યો નહી. તેના દીકરાની પણ સંભાળ રાખી. આ ત્રણ પુત્રોમાંથી એક દીકરો અમારો છે અને બે દીકરા તેણીના છે. મનમાં તો અતિશય મુંઝવણ થાય છે. પણ હવે ઉપાય રહ્યો નથી. બોલ. મારા જેવું સુખ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તારે માગવું છે ? સુખીની શોધમાં નીકળેલ ભાઈ તો અચંબો પામી વિચાર કરવા લાગ્યો. હવે સર્વ સ્થલે સુખી માણસની શોધ કરી પણ કોઈ સુખી વ્યક્તિ પ્રાપ્ત થઈ નહી. હવે શો ઉપાય કરવો. શેઠે તેને સમજણ આપી કે અરે મહાનુભાવ! સુખી થવું તે આપણા હાથની બીના છે. અન્યત્ર શોધ કરવાની નથી. સંતોષ–સંયમ અને સમતા ધારણ કરીશ તો સાચું સુખ કદાપિ ગેર હાજર નથી. પાસે ને પાસે છે. કોઈને પુછીશ તો સત્ય સુખનો આસ્વાદ કરનાર મુનિવર્ય સિવાય અન્ય વ્યક્તિ મળશે નહી. માટે સંતોષ સંયમનો આદર કર.

આ પ્રમાણે શેઠની શિખામણ માની મુનિવર્યોનો ઉપદેશ શ્રવણ કરી સંતોષ વિગેરેને ધારણ કરી ધાર્મિક ક્રિયામાં તત્પર બન્યો. પૈસા ટકાની ચિન્તા હતી નહી. ઉપદેશની ખામી હતી. તે પૂર્ણ થઈ. હવે તે કડવાશ–પ્રતિકુલતા આવે તો સંયમને ધારણ કરી તેઓને રીતસર સહન કરી લેતો અરે ભાગ્યશાલીઓ સુખને માટે અન્યત્ર શોધવા જશો તો કોઈ પણ સ્થલે પ્રાપ્ત થશે નહી. તમારી સમીપમાં હોય તે બીજે શોધવાથી કેમ મળશે ? કદાચ સુખ મળશે તે કલ્પના જન્ય. પણ કલ્પનાનું પરિવર્તન થતાં વિલંબ થતો નથી. વિવિધ વ્યવસાય કરતાં ધન દોલત વિગેરે મળ્યું. પણ વ્યાપાર કરતાં તે દોલત લાતો મારીને ખસી ગઈ અગર શારીરિક વ્યાધિ ઉત્પન્ન થઈ ત્યારે સુખની કલ્પના ટળી જાય છે. અને સંકટ આવીને હાજર થાય છે. તેવા વખતે સંતોષ સંયમ–સમતા હશે તો દુઃખ સંકટ જેવું ભાસશે નહી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને આતો કસોટી–પરીક્ષા થઈ એમ મનાશે. આત્મિક ગુણોના આવિર્ભાવમાંજ સત્ય સુખ સમાએલ છે. અન્યત્ર શોધવામાં તો આશા–નિરાશા ઉદ્વેગ–ખેદાદિ છે. આમ સમજી આત્માની શકિતને ફેરવો. ઈષ્ટ સુખનો અનુભવ આવતો રહેશે. અનંતા સદાશયોએ ધાર્મિક વ્યવસાયના યોગે સંયમ–સમતાદિ ગુણો નો પ્રાદુર્ભાવ કરી અનંતા સુખના સ્વામી બનેલ છે અને બનશે. રાત્રિ વ્યતીત થયા પછી દિવસ સર્વ પ્રાણીઓને સરખો ઉગે છે પરંતુ તે દિવસ પરોપકાર વિગેરેને કરવા પૂર્વક આનંદ પૂર્વક પસાર કરવો કે અનાચારો યોગે રોદડાં રડીને કે વ્યાધિ વિડંબનાઓ ભોગવીને પસાર કરવો તે આપણા હાથની વાત છે. ઉગેલો દિવસ જો ચિન્તા રહિત પસાર થયો તો આવતો દિવસ આનંદ પૂર્વક પસાર થશે. અન્યથા તો રોદડાં રડવાનો વખત આવશે. કહો, ત્યારે કેવી રીતે દિવસ પસાર કરશો.

તમારે વિદ્યમાન દિવસ અને આવતાં દિવસો સુખ પૂર્વક પસાર કરવા હોય તો ચાલુ લક્ષણથી નીતિ ન્યાયમાં તત્પર બનો. ભવિષ્યમાં કેવા બનવું, સુખી કે દુઃખી તેના વિચારો કરો. જો તમે ધાર્મિક કાર્યોમાં તત્પર છો તો કોઈ કષ્ટ આપવા સમર્થ બનશે નહી. તમને સહારો મળ્યા કરશે ગુલાબ પુષ્પને દેખી નીચે રહેલા કાંટાથી ભયભીત બનશો નહી. તમારે ગુલાબની જરૂર છે તો ઉપયોગ રાખી તેનો સ્વીકાર કરો. ઉપયોગ રાખો નહી તો કાંટા વાગશે એમાં નવાઈ શી? દરેક આત્મ કલ્યાણકારક કાર્યોમાં કષ્ટ રહેલ છે. પરંતુ ઉપયોગ રાખનારને કષ્ટ કંટકો દુઃખ દેતાં નથી. કષ્ટ કંટકો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હશે તો ખ્યાલ રખાશે અને કષ્ટમાંથી આનંદ મેળવવાની ચાવી મળી રહેશે.

**૧૪૨ જ્યાં સુધી આપણું માનસિક વલણ, અભ્યુદય કે શ્રેયના લક્ષે નથી ત્યાં સુધી આપણે અભ્યુદય તરફ પ્રયાણ કરવા સમર્થ બનતા નથી.**

નસીબ વિપરીત છે. આમ ધારણા કરી તો આળસ પ્રમાદને આવવા અવકાશ મળશે. અને જે અભ્યુદયની ઇચ્છા છે તે પૂર્ણ થશે નહિ. નાશીપાસના વિચારો કરવા ફત્તેહ જે તમારી રાહ જોઈ રહેલ છે તે દુર ખસી જવાની માટે પરમાત્માની આજ્ઞા મુજબ માનસિક વલણને અભ્યુદય તરફ રાખી પ્રમાણિક પણાએ વર્તન રાખો. અભ્યુદય તમારી પાસે છે તે આવી હાજર થશે સત્ય અભ્યુદય દૂર હોતો નથી અને તમારી રાહ જોતો હોય છે માટે માયા-મમતાને નિવારી પુણ્યયોગે મળેલો દિવસ સદાચારની આરાધના કરી સફળ બનાવો. જગતની ખટપટમાં તથા અન્યને પરાજય કરવામાં કયાં દિવસ ને વૃથા ગુમાવો છો? લાખો સોનામહોરો કરતાં એક ક્ષણની અધિક કિંમત છે. ગુમાએલ મહોરો મળી રહેશે પણ વૃથા ગુમાએલ વ્યતીત કરેલ ક્ષણ મળી આવશે નહિ. સંસારમાં મનુષ્યો તો ઘણા કરોડો અબજોની સંખ્યામાં છે પરંતુ વસ્તુગતે વસ્તુઓને જાણનાર કેટલા? હજારોની સંખ્યામાં પણ મળી આવશે નહી. જો સર્વજ્ઞ ભગવાન્ ગણત્રી કરીને કદાચ કહે તો તદ્દન અલ્પ પ્રમાણમાં મળી આવશે. હેય-જ્ઞેય અને ઉપાદેય-સત્-અસત્ નિત્યાનિત્યના સમજણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાળા વિરલા હોય છે. જેઓમાં સત્-અસત્ વિગેરેની સમજણ પૂર્વક સદ્વિવેક-ઉપશમ સમત્વ ભાવ ઝળહળી રહેલ હોય અને તેના યોગે કષાયમાં કાપ પડેલ હોય અગર સર્વથા નાશ પામેલ હોય તેઓજ સ્વજીવનની સફળતા મેળવે છે. આ સિવાયના ભલે મનુષ્યો કહેવાતા હોય અને દુન્યવી સત્તા સમૃદ્ધિ વિગેરે ભોગવતા હોય તેઓ સ્વજીવનને સાર્થક કરવા બે નસીબ રહે છે. માટે મનુષ્યભવની સફળતા સાર્થકતા કરવી હોય તો સત્-અસત્-હેય-જ્ઞેયાદિનું સમ્યગ્જ્ઞાન રીતસર મેળવી વિવેક ઉપશમ અને સમત્વને ધારણ કરવાની ખાસ અગત્યતા છે. પશુઓ પણ સ્વજીવનની ચેન કેન પ્રકારે પૂર્ણતા તો કરે છે. તો પછી મનુષ્યોમાં અને પશુઓમાં તફાવત શો? તે કહેશો. સત્-અસત્-હેય-જ્ઞેય ઉપાદેય વિગેરેનું સમ્યગ્જ્ઞાન હોય નહિ તેવા મનુષ્યો, અજ્ઞાનતાના જોરે કારણ વિના પણ અપકાર કરી પાછા ખુશી થાય છે તે અધમ કોટિના જાણવા. અપકાર કરીને સજ્જનનો ઉપદેશ સાંભળી પસ્તાવો કરે તે અધમ કરતાં ઠીક છે. અને કારણ પામીને અન્ય પ્રાણીઓને અપકાર કરી પુનઃ પસ્તાવો કરનાર મધ્યમ છે. અને ઉપકારીનો ઉપકાર માની તેનો બદલો વાળવાની કોશીશ કરવા ધારણા રાખે અને અવસરે સહકાર આપે તે ઉત્તમ કહેવાય, પરંતુ જે મહાશય ? અપકાર કરનારના ઉપર ઉપકાર કરે છે તે ઉત્તમોતમ છે. આવા ભાગ્યશાળીઓજ જગતમાં સ્વપરનુ કલ્યાણ સાધી શકે છે. તથા કેટલાક માણસો, **प्रथमग्रासेमक्षिकापातः** જેવા હોય છે કે જેઓના પ્રથમ કોળીઆમાં આવેલ માંખ-પોતે મરણ પામે અને ખાધેલું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૂલમાંથી ઓકાવે વમન કરાવે વળી કેટલાક એવા હોય છે. તેની તમોને ખબર તો હશે, કરોળીઆ જેવા, પોતે મરણ પામે અને ખાનારને કુષ્ટ–કોઢનો વ્યાધિ ઉત્પન્ન કરે આવા માણસો અધમ કોટીના કહેવાય તેમાં નવાઈ નથી. આવી અધમ કોટીની ગણનામાં અવાય નહી અને ઉત્તમ બનાય તેમજ સ્વ જીવનનું પણ કલ્યાણ સધાય તે માટે ઉપકારીના ઉપકારને ભૂલો નહી. શકય બદલા વાળવા દરરોજ ધારણા રાખવી. મનોહર મધુર ફલવાળા વૃક્ષોના ગુણોને ગ્રહણ કરી જે માનવો અપકારના ઉપર ઉપકાર કરે છે. શીતલ છાંયો અને ફલો અર્પણ કરે છે. તેઓ કલ્પતરૂ કરતાં પણ ઉત્તમ ગણાય– કલ્પતરૂ તો પ્રાર્થના કરનારને ઇષ્ટ ફલ આપે પણ પથરા મારે તો કાંઇ પણ પ્રાપ્ત થાય નહી ત્યારે મધુર ફલવાળા વૃક્ષો મુસાફરોને પથરાઓ મારતાં પણ ફલ આપે છે. દેવો પણ રીતસર આરાધના કરવા પૂર્વક જો પુણ્યોદય હોય તો જ માગણી મુજબ અર્પણ કરે પરંતુ અપમાન–તિરસ્કાર કરનારને કાંઇ પણ આપે નહી તેથી મધુર ફલવાળા વૃક્ષો કલ્પતરૂ–દેવ–કામઘટ કરતાં ઉત્તમ કહેવાય છે. તમો પણ મધુર ફલવાળા વૃક્ષો જેવા બનો. કોઇ તમારૂ અપમાન કરે. તો પણ નારાજ બનતા નહી. તેઓને દયાપાત્રમાની ઈષ્ટ ફલને આપતા રહો. તેમાં જ કર્મ–કામનાનો નાશ છે. અને આત્માના ગુણોનો ઉઘાડ છે. અત્યાર સુધી આ મુજબ વર્તન કરેલ નહી હોવાથી આપણે આત્મિક ગુણોને મેળવી શકવા સમર્થ બન્યા નથી. અને માનવ ભવની સફલતા કરી શકયા નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"અરે વિચાર કરીને વિવેકમાં આરૂઢ થએલ મહાશયો! તમારી આશા–કે કામના જે તમોએ રાખી હશે. તે કારણ વશાત્ ફલીભૂત થએલ હશે નહી. તેથી ચિન્તા વલોપાત કરવા જેવું નથી. આ જગતમાં કેની કામના–કે આશા તૃષ્ણા ફલવતી બનેલ છે. તે તમો રીતસર કહી શકશો નહી. એની સફલતા કે નિષ્ફલતા ઉપરથી ભાગ્યનો કે અભાગ્યનો છેલ્લો આંક કાઢશો નહી. માનવ દેહ–શારીરિક બલ–આર્ય ક્ષેત્રાદિકની પ્રાપ્તિ એ ભાગ્યોદયે જ મલે છે. અભાગ્યને હઠાવવું–અને ભાગ્ય–પુણ્યની પ્રાપ્તિ કરવી તે તમારા હાથની બીના છે. જે જે આશાઓ તથા કામના ફલતી નથી તેનું કારણ તપાસો એટલે તમોને ખ્યાલ આવશે કે અન્તરાય કર્મ બાંધેલ હોવાથી ઈચ્છા આશાઓ ફલતી નથી. હવે તે આશાઓ વિગેરેને ફલવતી બનાવવી હોય તો અન્તરાય કર્મને હઠાવવા માટે બરોબર બલને ફેરવો તમે કોઇને અન્તરાય કરશો નહી તો અન્તરાય તમોને નડશે નહી–સ્વાદ–સ્વાર્થની ખાતર બીજાઓને અન્તરાય કરેલો હોવાથી તમારી આશાઓમાં અને કામનામાં વારે વારે વિઘ્નો ઉપસ્થિત થાય છે. એ નક્કી સમજો.

## ૧૪૨ કોઇના કાર્યોમાં વિઘ્ન કરો નહી. અને વિઘ્ન કરીને ખુશી થાઓ નહી, એટલે વિઘ્ન-અન્તરાયને આવવાનો અવકાશ મળશે નહી.

ધાર્મિક કાર્યોમાં કદાપિ વિઘ્ન કરશો નહી. પરંતુ સહકાર આપીને ખુશી થશો. અન્તરાય વિઘ્ન આવેલ હશે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો પણ ખસી જશે. અને લાગણી રાખી ધાર્મિક ક્રિયામાં તત્પર બનશો બીજાઓને ધાર્મિક કાર્યોમાં પણ વિઘ્ન ઉપસ્થિત કરવાથી કોને પરિણામે લાભ મળ્યો છે ? તે તમો બરોબર તપાસ કરશો. પાંચ પ્રકારના વિઘ્નો શાસ્ત્રકારે કહેલા છે. તે ખ્યાલમાં લાવી તેને હઠાવવા માટે પ્રયાસ કરશો. સર્વ કામના અધુરી રહેશે નહી. લાભ થતો જશે.

જેનાથી આત્મિક વિકાસ આત્મોન્નતિ થાય. એવા સમ્યગ્ જ્ઞાન વિનાની સત્તા–સાહ્યબી–સંપત્તિ વિગેરે મેળવીને ખુશી થવું તે મસ્તકને કાપી નાક રાખવા જેવું છે. કારણ કે જે સાહ્યબી સત્તા મેળવી છે. તે સમ્યગ્ આત્મિક જ્ઞાન વિના સંસારમાં અભિમાન વિગેરેને હાજર કરી ચાર ગતિમાં પરિભ્રમણ કરવામાં નિમિત્ત બને છે. સંતોષ સંયમ સહિષ્ણુતાની આરાધનામાં પુનઃપુનઃ વિઘ્નો ઉપસ્થિત કરે છે. તે પ્રસંગે ઉપસ્થિત થએલ વિઘ્નોને હઠાવવાની તાકાત રહેતી નથી જેમ જેમ હઠાવવા માટે પ્રયાસ થાય છે. તેમ તેમ વિઘ્નો વધારે વેગ પકડે છે. જે જે વૈભવ વિગેરે મળ્યો છે. અને વધાર્યો છે. તે તે દ્વારા આત્મોન્નતિ થવી જોઇએ. ચિન્તા વલોપાત ટળવો જોઇએ તેના બદલે વિપરીત પરિણામ આવે તેવી સાહ્યબી સત્તાથી શું સુખ મળવાનું ? માટે કહેવાય છે કે, જેનાથી આત્મોન્નતિ ન સધાય એવા સમ્યગ્જ્ઞાન વિનાની સાહ્યબી અને સંપત્તિ, માથું કાપીને નાક રાખવા જેવી છે. મસ્તક કપાઈ ગયા પછી નાક રહેશે કેવી રીતે ? અર્થાત્ રહેશે નહી. બ્રહ્મદત્ત ચક્રવર્તિની પાસે તેમજ સુભમ ચક્રવર્તિની પાસે છ ખંડની સત્તા હતી અને સાહ્યબી પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનોહર હતી. ચૌદ રત્નો નવનિધિ વિગેરે જેની પાસે હોય તેને સાંસારિક વિષયોની ખામી હોતી નથી. અને તેમને ભાસતી પણ નથી. પરંતુ એક આત્મજ્ઞાનની ખામી હોવાથી દુર્ગતિના ભાજન બન્યા. તે સંપત્તિએ દુર્ગતિના બારણા બંધ કર્યા નહી પણ તેનું ઉદ્ઘાટન કર્યું અને તેત્રીશ સાગરોપમ સુધી મહાવિંપત્તિમાં ફસાવી નાંખ્યા. ભરતચક્રી સગર ચક્રવર્તીઓને આત્મજ્ઞાન હોવાથી મળેલી સંપત્તિનો ત્યાગ કરી તેમણે આત્મવિકાસ સાધી પરમપદને પ્રાપ્ત કર્યું અને સાદી અનંતમે ભાગે અનંત સુખના સ્વાંમી થયા છે. માટે દુન્યવી **સત્તા–સાહ્યબી, પુણ્યોદયે પ્રાપ્ત થશે પણ આત્મજ્ઞાન હશે નહી તો આવી બન્યું એમ માનશો.**

અનંતજ્ઞાન–દર્શન સુખાદિ મેળવવું હોય તો સત્તા–સાહ્યબીમાં વિશ્વાસ રાખતા નહી. મદોન્નમત્ત બનતા નહી. જે અંતે અનંતા દુઃખોમાં ફસાવનાર છે. તે ટાળવા માટે પ્રયાસ કરવાની ખાસ અગત્યતા છે. સાહ્યબી–સંપત્તિ વિગેરે કર્મજન્ય છે. અને કર્મ પણ જડ છે. અને ચેતન આત્મા છે. કર્મની શક્તિ કરતાં આત્માની શક્તિ અનંત ગુણી છે. તેથી આ કર્મ શક્તિનો ત્યાગ પૂર્વક આત્મોન્નતિમાં સારી રીતે આગળ વધો અંતવાળી વસ્તુઓમાં કોણ વિશ્વાસ રાખે ? અંતવાળી આ સઘળી સત્તા–સંપત્તિ છે તે માટે સમ્યગ્જ્ઞાન હોવું જોઇએ. જ્યા સુધી આ સમજાશે નહી. અને રાગ દૂર કરવામાં નહી આવે તો ફસામણી વાટ જોઇને રહેલ છે. તમારી પાસે દુન્યવી પદાર્થોનું જ્ઞાન હશે તે અનંત સુખ મેળવવામાં કારગત થશે નહી. પણ સાથે સાથે આત્મિક ગુણોનું જ્ઞાન હશે તેજ ખપમાં આવશે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે સાંસારિક વસ્તુઓનું સમ્યગ્જ્ઞાન મેળવીને ફુલી જાવો નહી. સાંસારિક જ્ઞાનથી યુદ્ધ કંકાસ-કલેશ અદેખાઇ વિગેરે નાશ પામતા નથી પણ તેમાં વધારો કરતા રહે છે. તમારી સત્તાથી અન્ય જનોને દબાવી દેશો. પણ કર્મજન્ય કલેશની શક્તિને હઠાવી શકશો નહી. તમારી પાસે આલીશાન મહેલો હશે અને તેમાં મોજ મજા માણતા હશો. પરંતુ છેવટે તેનો ત્યાગ કરવો પડશે. અગર તમોને રડાવી અનેક ધરતીકંપાદિ કારણો પામી પોતે પડી જમીન દોસ્ત થશે. તમારી સોના-મ્હોરો પ્રિય ઝવેરાતને તે વખતે પૃથ્વીમાં ગરી જતાં શરમ આવશે નહિ. અને બેહાલ કરવા પૂર્વક પૃથ્વી કાયની જાતિ હોવાથી પૃથ્વી સાથે સારી રીતે સગાઇ બાંધશે આમ વિચારી આત્માની ઉન્નતિ સધાય તેવું જ્ઞાન મેળવો

"દેવ-ગુરૂ અને ધર્મનો સહારો લઇને-સંવેગી—વૈરાગી અને શ્રદ્ધાવાળા સમ્યગજ્ઞાનીઓ, જગતના સંયોગો અને વિયોગોનો સ્વભાવ રીતસર જાણી આત્મિક ગુણોનો આવિર્ભાવ કરવા ઉપર દરરોજ નજર રાખ્યા કરે છે. તેથી તેઓ ભૌતિક પદાર્થોમાં મુગ્ધ બનતા નથી. તેઓનો સહારો લઈ અશુભ વિચારો વૃત્તિઓને દૂર કરી આત્મ ગુણોમાં સ્થિરતા ધારણ કરે છે. ત્યારે સાંસારિક પદાર્થોમાં મુગ્ધ બનેલ-દેવગુરૂ ધર્મનો સહકાર લઇ પોતાનો સ્વાર્થ સાધવા દરરોજ જગતમાં દૃષ્ટિને દોડાવે છે. એટલે તેઓનામાં દયા-દાન દમ-વિવેક વિગેરે જે આત્મિક ગુણોનો પ્રાદુર્ભાવ કરનાર અનન્ય સાધનો છે તે મેળવી શકતા નથી. ઉલ્ટા ઉન્માર્ગે ચઢી જે શક્તિ તથા પુણ્યોદય છે તેને પણ વેડફી નાંખી મ્હોટી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યાતના ભોગવે છે. માટે ભૌતિક પદાર્થોનો સહકાર તથા દેવગુરૂનો અને ધર્મનો સહારો લઈ આત્મિક ગુણો તરફ નજર રાખ્યા કરો. જેથી આત્મિક ગુણોમાં સ્થિરતા થતાં જે આનંદ જોઇએ છીએ તે આપોઆપ હાજર થશે. સત્ય સુખના અભિલાષીઓ તો પોતાનું વર્તન એટલે મનવચન અને તનની સઘળી વૃત્તિઓ અને પ્રવૃત્તિઓ ઉપર નજર રાખી સુધારવા તત્પર બને છે. એટલે કર્મોદયે જે આફતો આવેલી હોય છે. તેનું જોર ચાલતું નથી. સ્વયમેવ હતાશ બનીને ખસી જાય છે. પછી તેમને કોઇ પ્રકારની ભીતિ કે વિડંબના રહેતી નથી. અશુભ વૃત્તિ અને પ્રવૃત્તિએ સંકટ–વિડંબનામાં નાંખવા બાકી રાખી નથી, અને ચારેય નરકાદિક અશુભ ગતિમાં વિવિધ વેદનાઓમાં સપડાવ્યા છે આટલું જ નહી પરંતુ બોલતા બંધ કરાવ્યા છે, દેખવાની શક્તિ લઇ લીધી છે. તેમજ સાંભળવાની શક્તિ પણ બંધ કરી છે.

## ૧૪૩ જગતના જીવોને પ્રભુએ ઉત્પન્ન કર્યા નથી. ઉત્પન્ન કરનાર પોતાનાજ કર્મો છે કર્મયોગેજ પ્રાણીઓ સુખ દુઃખના ભોક્તા બને છે.

જ્યારે પ્રભુની આજ્ઞા મુજબ આત્મિક ગુણામાં લીનતા થાય છે ત્યારે કર્મો ખસવા માંડે છે. આ કર્મોની શક્તિ અજય છે. અમુક ગામ અમુક શહેર, અમુક પોળ, પાડો કે પેંઠમાં તેમજ અમુકજ્ઞાતિ કે ઘરમાં તમો પ્રથમથી નક્કી કરીને જન્મ્યા નથી ત્યાં પણ કર્મો મુજબ જન્મ ધારણ કરવો પડયો છે. તમોને જન્મ પામ્યા પછી જે સંયોગો નિમિત્ત અગર જે કાંઇ મળ્યું છે. અને મળશે તથા જે ભોગવટામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવી રહેલ છે. તે સાનુકુલ હોય કે પ્રતિકુલ હોય તેમાં મુખ્યતાયે કર્મોની સત્તા છે. જો એમ ન હોય તો કોઈક દીવસ સાધન સંપન્ન દ્વારા લહેર કરતા માનવોને દેખવામાં આવે છે તેજ અન્ય દિવસે પાગલ જેવા બની ભટકતા હોય છે. એક દીવસ રાજ્યગાદીમાં મહાલતા હોય છે. ત્યારે એવો વખત આવી મળે છે. તેજ રાજાઓ નોકર બની સેવા બજાવતા હોય છે. તથા જે સત્કાર સન્માન પૂર્વક સાહ્યબી ભોગવાતી હોય છે તે સઘળી કર્મસત્તાની પ્રધાનતા છે. એક દિવસ ચારે દિશાએ પરિભ્રમણ કરતો શુભ કર્મોદયે માનવી અધિ· કારી બની દરેકના ઉપર સ્વસત્તાને બજાવતો હોય છે. તો કોઈ ઉપકાર કરી અનન્ય લાભ મેળવતો હોય છે તે તેના કરેલા શુભ કાર્યોનું ફલ છે આમ સમજી કર્મો એવા કરો કે અનિષ્ટફલ ભોગવવાનો અવસર આવે નહીં.

પુણ્યોદયે સાહ્યબી વૈભવ વિગેરે આવી મળશે પણ તેના ભોગવટાનું પુણ્ય હશે નહી તો શરીરે વ્યાધિ ઉત્પન્ન થશે કાંતો સ્વજન વર્ગ વિરોધી બનશે સન્માન સત્કારાદિ આપશે નહી. માટે સાહ્યબી મળ્યા પછી પવિત્ર કાર્યો કરો કે જેથી સર્વે બાબતોમાં અનુકુલતા રહે. સત્તા-વૈભવ મલ્યા પછી મદમાં મગ્ન બની ઉપકારાદિ પવિત્ર કાર્યો નહી કરો તો તે મદ અભિમાન-મમતા પુણ્યના ઉદયનો ક્ષય કરશે માટે ચેતતા રહેશો. અભિમાન, મમતા, અદેખાઈનો ત્યાગ કરી પવિત્ર કાર્યોમાં પરાયણ બનો પુણ્યનો ક્ષય થયા પછી બેહાલ દશાને આવતાં વાર લાગશે નહી.

એક વ્યક્તિએ પુણ્યોદયે શેઠ શેઠાણીને, ચાલાકીથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવા તો વશ કરી લીધા કે તેને પુછીને વ્યાવહારિક કાર્યો કરે છે. સોનામહોરો તથા ઝવેરાત આભૂષણોથી ભરેલી તીજોરી પણ તેને સોંપવામાં આવી. આ મુજબ સત્તા મળેલ હોવાથી આ ભાઈ મદમાં આવી પોતાના સગાં વહાલાને ગણાવવામાં પણ તેને પોતાને અપમાન ભાસે છે, કોઈક દિવસ સ્વજન વર્ગ તેને સલાહ લેવા બોલાવે છે પણ તે તેમની પાસે જતો નથી ઉલ્ટો તિરસ્કાર કરીને હલકા પાડે છે. એટલે સ્વજન વર્ગ તેનું નામ પણ લેતો નથી. હવે આ ભાઈ તો લક્ષ્મી સત્તાના અધિકારી બનેલ હોવાથી, તેના જોરમાં અને તોરમાં 'હું' કયા માર્ગે ગમન કરૂં છું તેનું ભાન રહ્યું નહિ, રંડીબાજ બની લક્ષ્મીનો ગુપ્ત રીતે દુરૂપયોગ કરતો હોવાથી શરીરે અસાધ્ય રોગો ઉત્પન્ન થયા. આબરૂ સાથે શારીરિક શક્તિ ગુમાવી બેઠો. તેથી શેઠ શેઠાણીએ કહ્યું કે. તમારે ઘેર જાઓ તમારી માવજત હવે અમારાથી બની શકશે નહી. અને સગાંવહાલાં સિવાય તમારી સેવા અન્ય કોઇ કરી શકશે નહી. અણબનાવ હોવાથી સ્વજનવર્ગ તેનું નામ સાંભળવા માગતા નથી. આ માંદો પડેલ સગાંવહાલાને પણ ગાળો ભાંડે છે. આમ ઉન્માર્ગે ચઢી જવાથી પુણ્ય ખવાઇ ગયું. અને બેહાલ દશામાં મરણ પામ્યો, માટે સાહ્યબી-સમૃદ્ધિ સત્તા મળ્યા પછી કોઇનો તિરસ્કાર કરો નહી. સન્માર્ગે ગમન કરી નમ્રતાને ધારણ કરો.

**૧૪૪ અહિંસા-સત્ય-અચૌર્ય-બ્રહ્મચર્ય અને પરિગ્રહ મમતાનો ત્યાગ વિગેરે વ્રતનું આરાધના કરવા પૂર્વક જે પ્રમાણિકતા ધારણ કરે છે તેઓની**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## બુદ્ધિમાં-મનમાં અને વર્તનમાં મલીનતાનો નિવાસ થતો નથી.

ગૃહસ્થો પણ શકય નિયમોનું પાલન કરે તો જે બુદ્ધિ-મન-તનમાં મલીનતા રહેલી છે તે દૂર ખસે અન્યથા તે શ્રીમંતો કે સત્તાધારી હોય અને મનોવાંછિત સાહ્યબી ભોગવતો હોય તો પણ મલીનતાને આવવાનો અવકાશ મળે છે. કેટલાક વ્રત નિયમાદિ વિનાના ધનાઢય કે સત્તા-ધારી પોતાનો સ્વાર્થ સાધવા અન્ય પ્રાણીઓનો ઘાત કરવા પાછા પડતા નથી. તેઓનો નાશ કરી પોતાનો ભંડાર-તિજોરીને ભરી દે છે તથા કેટલાક સ્વ સમીપે સંપત્તિ પ્રાપ્ત કરવા ખાતર પ્રયાસ કરી રહેલ હોય છે તેમાં વળી અધિકારી હોય તો બીજાઓને દમદાટી આપીને મેળવેલી સંપત્તિ કે સત્તા, તેવા અધિકારી-ધનાઢયમાં રહેલી બુદ્ધિ-મન તનને મલીન કરી હૈયાને કીડાની માફક દરરોજ કોરી ખાય છે એટલે તેઓને એક ઘડી પણ ચેન પડતું નથી. તેથી તેમનું જીવન આર્ત-રૌદ્ર ધ્યાનના યોગે તદ્દન હલકી કોટીનું બને છે. અને તે નિમિત્તે બાંધેલા કર્મો આ ભવમાં વિપાક દેખાડે છે. કદાચ સૂર્ય પશ્ચિમમાં ઉદય પામે પૃથ્વી રસાતલ જાય દરિયો મર્યાદા મૂકે તો પણ અન્યાય-અધ-ર્મથી બાંધેલા ચીકણા કર્મો વિફલ થતાં નથી. અવશ્ય ભોગવવા પડે છે. કોઇ કહેશે કે તપ જપ વિગેરે ધાર્મિક ક્રિયા કરવાથી તે કર્મનો વિપાક ફલ દેખાડી શકાતો નથી.

“ આ કથન તેનું બરોબર છે. પણ અધર્મ-અનીતિથી પ્રાપ્ત કરેલ સંપત્તિ સત્તાએ બુદ્ધિમાં મલીનતાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અવકાશ આપેલ હોવાથી તપ જપાદિક ધાર્મિક ક્રિયાઓ કરવાની ભાવના જાગતી નથી· અને વલોપાતમાં જીંદગી પુરી થાય છે દુર્યોધને પાંડવોની પાસેથી જુગારમાં કપટ કલા કરીને રાજ્ય-ઋદ્ધિ-સત્તા છીનવી લીધી. અને રાજ્ય ગાદી મેળવવા પૂર્વક સાહ્યબી વૈભવ ભોગવે છે છતાં તેને કોઇ પ્રકારની સુખ શાંતિ મળી નહી. તથા પાંડવોને મારી નાંખવા વિવિધ ઉપાયો કર્યા પણ છેવટે દુઃખ પીડા પૂર્વક મરણ પામવું પડયું. સાથે વાલની વીંટી પણ ગઈ નહી. ધનાઢય સંપત્તિમાનો કોઈને મારી નાંખવા પ્રાયઃ ઉપાયો કરતા નથી. પણ કાવા દાવા કપટ કરીને અન્યજનોનું પડાવી લેવામાં પાવરધા હોય છે. તેઓને સંપત્તિ હોવા છતાં પણ સંતોષ આવતો નથી. તો પછી સુખથી જીવન પણ કયાંથી ગુજાર શકે ? એક કપટી ધનાઢયની માફક. કોઈ એક વિપ્રને પોતાના ગામમાં ભીખ માગતાં પણ પેટ ભરાતું નહી. તેથી બહાર એક શહેરમાં ગયો. ત્યાં પોતાની વિદ્વત્તાના યોગે પાંચસો સોનામહોરોની કમાણી કરી તથા મોતી મણી વિગેરે પ્રાપ્ત કરી પોતાના વતનમાં આવવાનો વિચાર થયો-માર્ગમાં લૂંટારાઓથી રક્ષણ કરવા માટે એક પોલા વાંસની લાકડી લઇ તેમાં સોનામહોરો મોતી-મણી ભરીને વતન તરફ પ્રયાણ કર્યું. માર્ગમાં થાક લાગવાથી મધ્યમાં આવેલ ગામમાં એક શ્રીમંતની દુકાને વિસામો લીધો. લીધેલ ભાતુ ખાઈ જલપાન કરીને ચાલવા માંડયું. પણ મિલ્કતની લાકડી ઉતાવળમાં ભૂલી ગયો. પોતાના ગામમાં આવ્યા પછી તે લાકડી સાંભળીને લેવા માટે તે ગામના શેઠની પાસે જઇને કહેવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાગ્યો કે અત્રેથી વિસામો લેઈને ગયો પણ લાકડી ભૂલી ગએલ છું આપે તે લાકડી લીધી હશે શેઠે કહ્યું કે "હા" આ તમારી લાકડી છે ને ? લો ત્યારે વિપ્ર લઈને 'બરોબર તપાસ કર્યા સિવાય પાછો પોતાના ગામમાં આવ્યો આવીને તપાસ કરે છે ત્યારે ખાલી દેખી. શેઠે વાંસની લાકડીમાંથી તેની સોનાનહોરો લઇ લીધેલ હોવાથી કયાંથી હોય ? વિપ્ર ઘણી ચિન્તા કરતો અને વલોપાત કરતો શેઠની પાસે આવીને કહેવા લાગ્યો કે શેઠ ! લાકડી તો આપી. પણ તેમાં રહેલ સોનામહોરો મોતી મણિઓ લઇ લીધા છે, મેં સારા નગરમાં ફરીને વિદ્વતાના યોગે જે મિલ્કત પ્રાપ્ત કરી હતી તે તમે મિલ્કત છીનવી લીધી છે. અને લાકડી ફક્ત આપી તે તમારા જેવા શ્રીમંતને શોભે નહી. માટે લીધેલી સોનામહોરો પાછી આપો આ મુજબ કહ્યું એટલે લોભી શેઠે તેને ધૂતકારી કાઢયો. અને કહ્યું કે તને વિસામો કરવા બેસવા દીધો તેનો બદલો લે છે તારી સોનામહોરો અને મોતી મણી કેવાં તે મેં દીઠા નથી. નાહકનો ગળે પડે છે ચાલ્યો જા, નહિતર બદનક્ષીનો કેશ માંડીશ. પાસે રહેલી એક બાઇએ પણ ટાબશી પૂરી—અને કહેવા લાગી કે આવા મ્હોટા શ્રીમંત તારી મિલ્કત કદાપિ છીનવી લે નહી, એમની પાસે કયાં કમીના છે કે તારા ગરીબ બ્રાહ્મણની મિલ્કત હજમ કરે. બ્રાહ્મણ કાલાવાલા કરવા લાગ્યો.અને રૂદન કરતો કહેવા લાગ્યો કે તમારી પાસે સંપત્તિ અઢળક છે. પણ મારે તો તે મિલ્કત વડે જીંદગાની ગુજારવાની છે દયા લાવી પાછી આપો લીધા વિના પાછો નહી જાઉં, ક્રોધાતુર બની શેઠે તેને ધક્કો માર્યો.—દુર્બલ વિપ્રને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મર્મ સ્થાને વાગવાથી ત્યાં જ મરણ પામ્યો શુભ વિચાર–આચારવાળા મુનીએ શેઠને ઘણી સમજણ તો પ્રથમ આપેલ પણ માન્યું નહી અને બીજે સ્થલે કાઢી મૂકયો. પોલીસ–પટેલ અને બીજા માણસો તેની શેહમાં તણાયા હોવાથી કાંઈ બોલી શકયા નહી. પણ કર્મ જે બાંધ્યું છે મુક્ત કરે કયાંથી? મરણ પામેલ તે બ્રાહ્મણ શેઠને ઘેર પુત્ર તરીકે ઉત્પન્ન થયો શેઠને આનંદનો પાર રહ્યો નહી. જન્મ મહોત્સવ કરવામાં ઘણો પૈસો ખરચ્યો. ભણાવ્યો. યુવસ્થા પામ્યો ત્યારે સારી રીતે ધામધૂમ કરવા પૂર્વક ધન વાપરી લ્હાવો લીધો. આ દીકરાને પરણાવ્યા પછી ક્ષય લાગુ પડયો બગીચામાં ફરતાં સાપ કરડયો ત્યાં તેના પ્રાણો ચાલ્યા ગયા. શેઠ શેઠાણીને દુઃખનો પાર ન રહ્યો. ઘણો વિલાપ અને વલોપાત કરવા લાગ્યા કે પુત્રના જન્મ વેલાયે ભણાવવામાં અને પરણાવાવામાં જે ધન વાપર્યું તે વૃથા ગયું. અને ઉપરથી પરણેલીની લોથ મુકતો ગયો. મુનીએ આવી શાંત કરવા કોશીશ કરી અને કહ્યું કે તમે પેલા બ્રાહ્મણની મિલ્કત બચાવી પાડી અને ધક્કો મારવાથી મરણ પામ્યો તેજ વિપ્ર તમારો પુત્ર થયો. જે લ્હેણું હતું તે લીધુ. તેની મિલ્કત બરોબર તમોએ લ્હાવો લેવા ખાતર ખર્ચી છે લેણું પૂર્ણ થયું ને તે ચાલ્યો ગયો. મરણ પામ્યો અને ઉપરથી વહુની સંભાળ કરવાની મૂકી ગયો. કીધેલા કર્મભોગવ્યા વિના ખસતા નથી. માટે હવે સંતોષ રાખી ધર્મધ્યાનમાં જીવન ગાળો. તૃષ્ણાથી ધનને વધારી શું કરશો. મરણ પામ્યા પછી સઘળુ અહીં જ પડયું રહેશે અને ચિન્તાઓ કરાવશે. તેના યોગે સદ્‌ગતિ મળશે નહી. શેઠને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘણો પસ્તાવો થયો કે તે વિપ્રનું ધન પચ્યું નહી. ઉલ્ટુ પુનઃપુત્ર થઈને અધિક ખર્ચ કરાવી ગયો. આ મુજબ અનીતિ-અધર્મથી મેળવેલ ધન કોઈને પણ ચેન પડવા દેતું નથી. આ ભવમાં કદાચિત્ પુણ્યોદયે તેનો વિપાક માલુમ પડે નહી. છતાં પરલોકમાં તેની ભયંકરતા ખસતી નથી. ચાલુ જીવનમાં પણ બુદ્ધિમાં મલીનતા લાવી મન-તનને ઉન્માર્ગે ઘસડી લઈ જાય છે. નીતિન્યાયથી પ્રાપ્ત કરેલ ધનાદિકથી જો સામાન્ય સ્થિતિમાં હશો. સાદુ જીવન ગુજારશો. તો પણ આનંદ પૂર્વક જીંદગાની પસાર થશે કર્મો ચીકણા બંધાશે નહી. અને પરલોકમાં પણ શુભ સંસ્કારોના યોગે અનુકુલતા આવી મળશે માટે અધર્મ અન્યાય કપટ વિગેરે કરીને સંપત્તિને મેળવવાનો વિચાર પણ કરો નહી.

**૧૪૫ યુવાવસ્થામાં સમજણ સહિત સહનતા કેળવી હોય છે તોજ વિપત્તિ વેલાયે હિંમત-ધીરજ રહે છે.**

આકુળ વ્યાકુળ બનાતું નથી. તેમાં સાહ્યબી વૈભવ હોતે સહિષ્ણુત્તા કેળવાય તો ધાર્મિક ક્રિયા કરતા કષ્ટ ભાસે નહી. હિંમત તે પણ આત્મિક ગુણો પૈકી એક સદ્ગુણ છે, જ્યાં સુધી સિદ્ધિપદને પામ્યા નથી અર્થાત્-ઘાતી કર્મ કે અઘાતિકર્મ નાશ પામ્યા નથી ત્યાં સુધી કોઇ કોઈ પ્રકારે વિપત્તિ આવી લાગે છે. તે વેળાયે જો હિંમત હોય નહી. તો વ્યાકુળતા હાજર થાય છે, તીર્થંકરો સિવાય સામાન્ય કેવળજ્ઞાની ભગવંતોએ સિદ્ધિપદ પામ કર્યું છે, તેકષ્ટને વિપત્તિને સહન કરવા પૂર્વક હિંમતને ધારણ કર્યા સિવાય પ્રાપ્ત કરેલ નથી ધીરજ આત્મિક વિકાસમાં એક સાચા મિત્રની ગરજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સારે છે, માટે સમજણા થયા પછી સહન કરતાં શીખો અને હિંમતને ધારણ કરો કેટલાક સમજણ સિવાય અને હિંમત વિનાના એવા હોય છે કે, વિપત્તિ વખતે હાય હાય કરવા મંડી પડે છે. અને પોકારો પાડતા એમ માની બેસે છે કે, આવી પડેલી આફત હવે કદાપિ ખસવાની નથી. હવે મારૂ શું થશે ? આમ ધારણા રાખી તદ્દન નિરાશ બની માણસાઈ ગુમાવી બેસે છે. પરંતુ સમજતા નથી કે સંપત્તિ ખસી ગઈ છે. તે મુજબ વિપત્તિ પણ કાયમ રહેવાની નથી. આમ સમજી હિંમત ધારણ કરે તો આત્મિક બલ સ્ફુરાયમાન થાય અને આફતને ખસતાં વિલંબ થાય નહી. એવા સમયમાં વ્રતનિયમ-જપતપાદિક અધિક પ્રમાણમાં કરવામાં આવે તો અશુભોદય નાશ થાય. ચંદન નૃપે તથા મલયાગીરી રાણીએ તથા સાયર નીયર પુત્રોએ રાજ્ય ગયું છતાં ધીરજ ધારણ કરી કષ્ટો સહન કર્યાં, અશુભોદય ટળતાં તપ-જપ બ્રહ્મચર્ય વિગેરેના યોગે શુભોદય થતાં પુનઃ રાજ્ય ઋદ્ધિને પ્રાપ્ત કરી. માટે વિપત્તિવેલાયે ધૈર્ય ધારણ કરી ધર્મક્રિયામાં આરૂઢ બનો.

**૧૪૯ "આત્મામાં અનંત ગુણો અને અનંત શકિત રહેલી છે. તે રાગ-દ્વેષ અને મોહે દબાવેલી હોવાથી પ્રાપ્ત થવી દુઃશકય છે એ તો જયારે જ્ઞાન પુર્વક આવેલાં સંકટો તથા આવી પડેલી વિડંબનાઓમાં સહન કરી હિંમતને રાખો ત્યારે તે અપ્રાપ્ત ગુણો અને શકિતનો આવિર્ભાવ થતો રહેશે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિપત્તિ–સંકટો અને વિડંબના તથા વ્યાધિને ટાળવાની સાચી દવા સહનતા રાખવી તે છે. અને ધૈર્ય ધારણ કર્યા વિના તે મેળવવી અશક્ય છે, સંપત્તિ–સાહ્યબી વૈભવ મલ્યા પછી વિપત્તિ વિગેરે આવશે જ નહી આમ ન ધારતા. તે ક્યારે આવી લાગશે તે જ્ઞાની વિના કોઇ કહી શકે એમ નથી. ધીરજ ધારવા પૂર્વક સહનતા રાખવી તમારા હાથની વાત છે તેમજ વિપત્તિ–વિડંબનાઓને હઠાવવી તે પણ તમારા હાથની બીના છે. કોઈ એક ગામમાં કોલેરા ચાલતો હોવાથી એક શેઠના ઘરમાં પુત્ર પત્ની મરી ગયા. શેઠ પણ આ રોગે સપડાઈ ગયા. પરંતુ શેઠ રીતસર સમજણવાળા હોવાથી વલોપાત ચિન્તા કરતા નથી અને વૈદ્ય વિગેરેની દવા પણ લેતા નથી પરંતુ ફક્ત ઉકાળેલું પાણીનું પાન કરી જપતપાદિકને ક્ષણભર પણ મુક્તા નથી, કષ્ટ સહન કરી રહેલા છે. તેથી હિંમતના યોગે તેમનો બચાવ થયો એટલે શેઠને શ્રદ્ધા બેઠી કે જપ તપાદિકે પણ વ્યાધિ–રોગો મટે છે, દવાઓ પણ જપ તપાદિકના આધારે વ્યાધિઓ દૂર કરવા સમર્થ બને છે, કેટલાકનું મન્તવ્ય એવું હોય છે કે ફક્ત દવા–ઔષધ જ રોગોને દુર કરે છે, તપ જપાદિકની જરૂર નથી. ઇચ્છા મુજબ ખાવો અને ઇચ્છા મુજબ અપેય પણ પાણીનું પાન કરો. આ એમની માન્યતા ભૂલ ભરેલી છે, વ્યાધિઓ તથા અસાધ્ય રોગો જે ઉત્પન્ન થાય છે તે તપ જપાદિકને ભૂલી જેમ જેમ ઇચ્છા પ્રમાણે ખાવા પીવાથી પ્રાયઃ લાગુ પડે છે. લોહી દબાણ–લકવા–ક્ષય–દમ વિગેરે ચીકણા રોગો પણ જપ તપાદિકથી મટે છે. માટે તેવા પ્રસંગે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હિંમત હારી જવી નહી. અને સહન કરી અરિહંતાદિક જાપમાં આરૂઢ થવું તે શ્રેયસ્કર માર્ગ છે.

**૧૪૭ઉદારતા નિર્લેપતા-ક્ષમા-સરલતા વિગેરે સદ્ગુણોના આધારે માનવો પૂર્ણતાને પામવા લાયકતા મેળવે છે પરંતુ કદાગ્રહ અને અસંતોષ-આસકતપણાએ પૂર્ણપણાને પામી શકતા નથી.**

અને પૂર્ણપણાને પામ્યા સિવાય જન્મ જરા મરણના સંકટોને ખસશે નહિ. કદાગ્રહથી માયા મમતા-વિષય કષાયાદિના વિકારો આવીને વળગે છે માટે ઉદારતાદિક ગુણોને મેળવવાની આવશ્યકતા રહેલી છે. તમારી પાસે જે બલબુદ્ધિ સંપત્તિ રહેલી છે તેને ઉદારતા રાખી સ્વપરના કલ્યાણાર્થે વાપરો જેથી મોક્ષ માર્ગે સુગમતાયે સરલતાયે ગમન કરી શકાશે અન્યથા તો એવો પ્રસંગ આવી લાગશે કે સર્વ સંપત્તિ ગુમાવવાનો વખત આવે. મુંબઇમાં હુલ્લડ થયું. મકાનો-બસોને બાળવા માંડી. મનુષ્યોને પણ માર મારી તેની મિલ્કતો લૂંટવા લાગ્યા, સરકારે રક્ષણની વ્યવસ્થા સારી કરી. મીલ્ટરી પોલીસો સ્થલે સ્થલે ઊભા રહ્યા. પણ માનવો ભયભીત બની સ્વવતનમાં જવા માટે નીકળ્યા. પોલીસોના રક્ષણ નીચે રેલ્વેમાં બેસી પોતાના વતનમાં ગયા. પરંતુ એક મારવાડી પાસે મિલ્કત હતી. તે પણ નીકળ્યો હઠીલો અને લોભી હોવાથી એકેય પોલીસ તેણે તેની પાસે રાખ્યો નહી, સ્ત્રીએ કહ્યું કે પોલીસના રક્ષણ સિવાય અહીંથી નીકળવું જોખમ ભરેલું છે. માટે એક બે પોલીસને પાસે રાખી સ્ટેશને જવામાં સહિ સલામતી છે. મારવાડીએ કહ્યું કે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુંડાઓ શું કરવાના છે ? હું તેઓને પહોંચી વળવાની શક્તિ ધરાવું છું. પોલીસોને પૈસા આપવા પડે તે મને પાલવે નહી. સ્ત્રીએ કહ્યું કે બીજા માટે ઉદારતા ભલે રાખો નહી. પણ તમારા–અમારા ને પરિવારે માટે તો રાખો. કારણ કે ગુંડાઓની પાસે છરા વિગેરે શસ્ત્ર હોય છે તમારી પાસે શસ્ત્રાદિક છે નહી. માટે લુંટાઈ જવાનો સંભવ રહે છે પણ આ લોભી અને હઠીલો મારવાડી શેનો માને ? ચાલોને, કાંઈ પણ થવાનું નથી. સ્ત્રી વિગેરે સાથે લઇને આગળ જાય છે તેવામાં જ એક ગુંડો આવ્યો. અને કહેવા લાગ્યો કે તમારી પાસે દાગીના–રૂપિયા હોય તે મૂકી દો. માનતો નથી ત્યારે ખંજર સામે ધર્યું. જો નહી મૂકે તો પેટમાં લગાવી દઉં છું. પુત્ર પત્ની વિગેરે કંપવા લાગ્યા. મારવાડીને ધ્રૂજારી છૂટી. હોશકોશ ઉડી ગયા. પાંચસો રૂપિયા જે છૂપાવ્યા હતા તે આપ્યા ગુંડો લઈને પલાયન થઇ ગયો. વળી આગળ જતાં બીજો ગુંડો સામે આવ્યો. તેણે પણ ધમકી આપી ને તપાસ કરી તો પાંચસોની નોટો મળી. તે પણ લઇને નાઠો. આ પ્રમાણે પોતાની પાસે હજાર રૂપિયા હતા તે ગુમાવી બેઠો અને રડવા લાગ્યો અને ઇશ્વરને ઠપકો આપવા લાગ્યો, સ્ત્રીએ કહ્યું કે ઇશ્વરને ઠપકો આપો છો, તેના કરતા તમારી હઠીલાઈ ને તથા લોભીપણાને ઠપકો આપો. પ્રભુ તો કૃપાળુ છે પણ તેમની આજ્ઞાને માની નહી ત્યારે રડવાનો પ્રસંગ આવી લાગ્યો. પોલીસને ઇનામ તરીકે દશ રૂપિયા આપવા પડત તેમાં તમો મુંજી બન્યા તો હજાર ગયા. હવે વતનમાં ગયા પછી કેવી રીતે આજીવિકા ચલાવી શકાશે.

૨૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને ભીખારી જેવી હાલત થશે. તમારી તાકાત કયાં ગઈ? હુશીઆરી-બહાદુરીની ડંફાસ તે સર્વ પાણીમાં ગઈ. થોડી પણ ઉદારતા પોતાના પરિવાર માટે અને પોતાના માટે રાખી હોત તો આવો વખત આવત નહીં. મારવાડી કહેવા લાગ્યો મેં મોટી ભૂલ કરી. હવે સાવધાની રાખીશ. માટે ઉદારતા સમય સૂચકતા-નિર્લોભતા વિગેરે ગુણોથી માનવતા શોભે છે અને ખીલે છે. તમારી પાસે ભરપૂર ચક્રવર્તી જેટલી સંપત્તિ હશે તો પણ ઉદારતા વિગેરે ગુણો વિના માનવતા શોભશે નહી અને મોક્ષ માર્ગે વિવિધ વિઘ્નો આવી હાજર થશે. માટે પ્રથમ ડહાપણ લાવીને ગુણોનો સંગ્રહ કરો. પ્રસિદ્ધ થવા કે કીર્તિ પ્રતિષ્ઠા માટે તમે ધનાદિક વાપરતા હશો. પણ તે ઉદારતા નથી. ઉદારતા તો આત્મિક ગુણ છે. કીર્તિ-પ્રતિષ્ઠા તો જડતાના પડછાયા છે પડછાયો કાયમ રહેતો નથી. પડછાયાને ગુણ માનવાની ભૂલ કરતા નહિ. અને પડછાયામાં મુંઝાતા નહી.

## ૧૪૮ યશ કીર્તિ-પ્રતિષ્ઠા-મહોટાઇ મેળવવાની તમન્ના સુજ્ઞો ને પણ છેતરે છે એટલે તેઓને ગુણ માની તે મેળવવા ખાતર લાખોની હાનિ કરે છે અને પ્રસિદ્ધિ પ્રાપ્ત કરે છે.

પરંતુ જ્યારે વિપત્તિ વિડંબના આવી લાગે છે. ત્યારે હૃદય બંધ થતાં વિલંબ થતો નથી. કારણ કે મોહમમતાનો ત્યાગ થએલ નથી. ધીરતા-ઉદારતા સ્થિરતા આવી નથી. તેવા પ્રસંગે કીર્તિ વિગેરે કારગત થતી નથી. જુઓને મુંબઈના હુલ્લડ પ્રસંગે કેટલાક નામાંકિત પ્રતિષ્ઠિત આબરૂદાર માણસો

For Private And Personal Use Only

હૃદય બંધ પડવાથી મરણ પામ્યા. તે પણ હાય હાય કરતાં.

**૧૪૯ રાગના આધારે માયા અને લોભ ઉત્પન્ન થાય છે જેટલા અંશે રાગ તેટલા અંશે માયા-લોભ, અત્યંત રાગ જ્યારે સાંસારિક વસ્તુઓમાં થાય છે ત્યારે માનવો તેમાં આસક્ત બની.**

પોતાના આત્મા અને આત્મિક ગુણો તરફ વિમુખ બને છે અને વિમુખ બનતા સાંસારિક સ્પર્શ-રસ-ગંધ-શબ્દ અને રૂપમાં મુગ્ધ બની સ્વશક્તિ-સંપત્તિ-મતિ-બુદ્ધિ અને વિજ્ઞાનને ગુમાવી બેસે છે કારણ કે વિષયમાં મુગ્ધ બનતાં બુદ્ધિ બહેરી થએલી હોવાથી અજ્ઞાનતા વિગેરેને અધિક બલ આવે છે કેટલાકને ધનમાં અધિક રાગ હોય છે ત્યારે કેટલાકને પત્ની પુત્ર પરિવારમાં વધારે રાગ હોય તે તો ઠીક, પરંતુ વૃદ્ધ બુઢ્ઢાઓને પણ યુવાની ગએલી પાછી લાવવાનો લોભ લાગે છે રાગ જાગે છે ત્યારે તો હસવા જેવું બને છે કારણ કે વ્યતીત થએલી યુવાવસ્થા પાછી આવવી જ અશક્ય છે છતાં કેટલાક બુઢાઓ, કાયા કલ્પ-રસાયણાદિકનો આધાર લેવા મંડી પડે છે પણ ગએલી યુવાની પુનઃ ક્યાંથી આવી મળે ? ધનાદિક ચાલી ગએલ પુનઃપ્રાપ્ત કરી શકે તે બરાબર છે પણ યુવાની મેળવવા મુગ્ધ બનવું તે તો ખરેખરી બાલીશતા સૂચવે છે.

બાવળા સ્ટેશન પર એક વૃદ્ધે હોટલ ખોલી, રીતસર ચાલવા લાગી. મુસાફરો અને મજુરોને આનંદ થયો છે રૂપીયાની કમાણી પણ વૃદ્ધ સારી કરતો હતો. બે ત્રણ હજાર રૂપિયા એકઠા કર્યા પણ વૃદ્ધાવસ્થા હોવાથી બીજાઓને ખુશી

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે છે પણ પોતે ઉદાસી રહે છે મન માન્યું ખવાતું નથી ભોગવાતું નથી, રસાયણાદિકના ઉપચારો કર્યા તે સઘળા વિપરીત બન્યા. લોહી ઓછું થવાથી ગરમી શરીરે ફુટી નીકળી. મનમાં અને શરીરે દાહ થવા લાગ્યો. જો કોઈ એવો કીમીયાગર આવે અને એવી દવા બતાવે કે યુવાની પાછી આવી મળે અને વ્યાધિ ચાલી જાય આ મુજબ વિચાર કરે છે તેવામાં વેશધારી ચાર બાવાઓએ તેની હોટલની પાસે આવી ભોજનની માગણી કરી કે ત્રણ દિવસના અમો ભૂખ્યા છીએ માટે અમોને ખવરાવો ઈશ્વર તારૂં ભલું કરશે આ પ્રમાણે કહેવાથી તેઓને પેટ ભરી જમાડ્યા. જમતાં-ખાતાં તેઓ વેશધારીની દૃષ્ટિ ત્રણ હજાર રૂપિયા ભરેલી પેટી ઉપર પડી અને વિચાર કર્યો કે, કોઈપણ ઉપાયે પેટીને ઉપાડી જવી. બનવા જોગ એવું બન્યું કે તે વૃદ્ધને દશબાર રૂપીયાની જરૂર પડી. તેથી ઉઘાડીને લીધા, પછી તે લુચ્ચાઓ સારી રીતે પેટ ભરીને વૃદ્ધને કહેવા લાગ્યા. અરે બુઢ્ઢાજી ? તમારે જુવાની પાછી લાવવી હોય તો અમારી પાસે રામબાણ-અકસીર દવા છે. જે ખાવાથી બુઢાપણું રહેતું નથી. તથા રોગ-વ્યાધિ અપચો થતો નથી. તમારી ઈચ્છા હોય, અને વિષય વિલાસની અભિલાષા હોય તો અમે તમોને ફક્ત પાણી સાથે દવા આપીયે વૃદ્ધને ઇચ્છા તો હતી જ. કહેવત છે કે રોતી બૈરીને પીયરીયા મળ્યાં. ખુશી થયો અને કહ્યું કે એવી દવા હોય તો હાલમાં પીવરાવો. દવાઓ તો ઘણી કરી. પૈસાઓ ખર્ચ્યા પણ સઘળા ફોગટ ગયા. પેલા ધુતારાઓએ કહ્યું કે ચિન્તા કરો નહી. અમારી પાસે એવી જડીબુટ્ટીની દવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે એક દિવસમાં જ જુવાની આવશે ત્યારે તો તમો અત્યારે જ દવા કરો બીલાડાના હાથમાં દુધ આવે અને ખુશી થાય તેની માફક આનંદમાં આવી પાલામાં પાણી ભરી તેમાં દવા નાંખી જ્યારે તે હોટલમાં કોઈપણુ હતું નહી. ત્યારે તે પાલામાં ફુક મારી તેને તે પાણી પીવરાવ્યું. પ્યાલાનું પાણી પીતાંજ વૃદ્ધ બેશુદ્ધ બન્યો. તમ્મર ખાઈ નીચે પટકાયો પેલા વેશધારી ધૂર્તો પેટી ઉપાડી ચાલ્યા ગયા. અને વેશનો પલ્ટો કરીને ગામડાઓમાં ભમવા લાગ્યા. હોટલવાળો વૃદ્ધ બીજે દિવસે શુદ્ધિમાં આવ્યો. પેટી દેખી નહી ત્યારે તેણે પોલીશને બોલાવી તપાસ કરવા માટે કહ્યુ. પોલીશોએ પણ અત્યંત પ્રયાસ કર્યો. પણ તેનો પત્તો લાગ્યો નહી. જુવાનીની માફક પેટી ગઈ તે ગઈ પાછી મળી શકી નહી. ઉલ્ટો અધિક દુઃખી થયો. કરેલી કમાણી ધૂળમાં ગઈ. આ મુજબ કેટલાક, વિષયોમાં વિલાસ કરવા ખાતર વિવિધ દવાઓ લીધા કરે છે પણ વૃદ્ધાવસ્થામાં માફક આવતી નથી ત્યારે અધિક દુઃખી બને છે આવી અવસ્થામાં ધર્મધ્યાનની દવા લેવાનું સુઝતું નથી અને અનેક દવા ખાઈ રોગોનું ઘર બને છે માટે સંતોષને ધારણ કરી વૃદ્ધાવસ્થા યોગ્ય ધર્મધ્યાનમાં રહેવું તે કલ્યાણ કર છે.

તથા એક બાઈ શ્યામ હોવાથી શ્વેત બનવા ખાતર મુખે પાવડર લગાવતી અને રૂપાળા–આકર્ષક બનવા માટે દિવસમાં બે ત્રણવાર વસ્ત્રાભૂષણ ધારણ કરીને રાજમાર્ગે ફરવા જતી તેનો પતિ ઘણો કંટાળીને કહેતો કે આમ પાવડર લગાવાથી કે નવીન નવીન વસ્ત્રાભૂષણ પહેરવાથી રૂપાળા–કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આકર્ષક નહી બનાય, નાહક પૈસાને વ્યય કરી હાંસીપાત્ર બને છે કોઈ વખતે વિપત્તિમાં આવી પડીશ. પણ મુગ્ધ બનેલ શાની માને ? એક વખત પિયરથી કંકોત્રી આવી કે ભાઈનું લગ્ન છે તે અવસરે તમારે આવવું. તેને પતિ તો ગયે નહી પણ પોતે બાઈ પાવડર લગાવી. કિંમતી વસ્ત્રાભૂષણ પહેરી પીયરમાં જવા માટે એકલી નીકળી માર્ગમાં ધૂર્તો મળ્યા. તેણીના બહુ વખાણ કર્યાં. અને લાગ મળે લૂંટી લીધી. રડતી પાછી આવી. પતિએ કહ્યું કે તને આકર્ષક બનવાને ઘણો શોખ હતો તે પૂરો થયો હવે સમજ કે. ઘણો ઠઠારો કરવામાં ઠગાવાનું છે. જે સ્થતિ મળી છે તે ભાગ્યાનુસારે સારી મળી છે. આમ વિચાર કરીને સંતોષી બનવું.

## ૧૫૦ વીરત્વ બે પ્રકારે છે સંસારમાં વીરત્વ બતાવનાર વીરો જય મેળવે તો રાજ્યને અગર નિર્બલ મનુષ્યો ઉપર, પણ જે ખરેખરો વિજય મેળવવાનો હોય છે તે રહી જાય છે.

મદ–માન–માનાદિક ઉપર વિજય મેળવ્યો નથી ત્યાં સુધી સત્ય વીરત્વ કહેવાય નહી. માટે બીજો પ્રકાર જે અન્તરના શત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત કરો તેમાં જ તમારૂં વીરત્વ સત્ય છે. ફક્ત સંસાર ઉપરના જયથી તો મદ–માનમાં વધારો થશે, સુજ્ઞો તો અન્તરના શત્રુઓનો પરાજય કરવામાં વીરત્વ માને છે. એટલે જ તેઓનો પરાજય કરવા કટીબદ્ધ બને છે. તેમને રાજ્ય કે પ્રાણીઓને જીતવાની તમન્ના હોતી નથી. એટલે સર્વ શક્તિ–બુદ્ધિબલ એકત્ર કરી કોઈ જાણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહી તેવી રીતે સંગ્રામ કરી અનુક્રમે વિજયમાલા ધારણ કરી વીરત્વને દીપાવે છે. માટે સર્વ શક્તિ અને બુદ્ધિથી મદ–માન–મોહ વિગેરે જીતી વીર બનો. અને તેના યોગે જન્મ–જરા–મરણ–આધિ–વ્યાધિ અને વિડંબનાઓ પરાસ્ત થશે. જેમ તમે દુન્યવી શત્રુઓને પ્રતિકુલ વર્ગને પરાસ્ત કરવા વિચાર કરો છો કે, "**देहं पातयामि–कार्यं साधयामि.**" તેવો વિચાર વિષય કષાયને જીતવા માટે રાખો દુન્યવી પરાધીનતાને ફગાવી દેવા તમો કહો છો કે બંદુકની ગોળીઓ વાગે અગર તલવારના છરાના ખંજરના ઘા વાગે તોપણ અમે પાછા હઠીશું નહીં. તે પ્રમાણે ક્રોધાદિકની પરાધીનતાને ટાળવા માટે અમોને ગમે તેવા ઘા વાગે લાઠીઓના માર પડે તોપણ પાછા હઠીશું નહિ. આ પ્રમાણે ગર્જના કરી સંગ્રામ ખેલશો તો જરૂર તમોને વિજય પ્રાપ્ત થવાનો. અને ત્યાર બાદ સાચી સ્વાધીનતા હાજર થવાની. વિજય મેળવવા નો આ સાચો ઉપાય છે નહીતર તમો દુન્યવી વિજય મેળવશો પણ તમારો પરાજય કરનાર સંસાર વિદ્યમાન હોય છે. અને પરાજય પામતાં બલ–બુદ્ધિ–સંપત્તિની બરબાદી થવાની.

એક મુસાફર જંગલમાંથી પસાર થઈ રહેલ છે તેવામાં ગુફામાંથી નીકળેલ સિંહ તેને દેખી ગર્જના કરતો મારવા માટે ધસ્યો. મનમાં મલકાતો સિંહ તેના ઉપર જેવો પંજો મારે છે તેવામાં શીકારીની રાયફલની ગોળી તેના મસ્તકમાં વાગી. તરફડતો સિંહ ભુમિ ઉપર પડી મરણ પામ્યો. પેલો મુસાફર પ્રભુનો પાડ માનતો આગળ વધ્યો. આ પ્રમાણે જગતમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શેરને માથે સવા શેર હોય છે. પરંતુ આન્તરિક શત્રુઓને ખરાસ્ત કરવામાં કોઈ પ્રકારનો ભય રહેતો નથી. આ મુજબ ક્યારે બને કે, મદ-માન-મદન વિગેરે જીતવા માટે તત્પર બનો ત્યારે જ.

**૧૫૧ જગતમાં ડહાપણુવાળા આળસુ પ્રમાદીને કહે છે. કે બલબુદ્ધિ હોવા છતાં પણ પ્રમાદી બનીને શક્તિને ગુમાવો નહી. ઉઠો, ઉદ્યમ કરો, પગલુ આગળ મૂકો. આળસુ બનીને કંટકથી ભરેલા વિઘ્નોથી ભરપુર માર્ગને દેખીને મુઝવણમાં પડો નહી.**

પ્રમાદી બનીને પડી રહ્યા કરતાં કાંટાથી કે વિઘ્નોથી ભરેલા માર્ગે જવું કલ્યાણકર છે. ઉત્સાહ ધારણ કરીને એક પગલુ મૂકતાં તે કાંટાઓ વિઘ્નો ખસી જવાના જ્યાં સુધી તમારામાં રહેલ પરાક્રમ ફોરવ્યું નથી ત્યાં સુધી તેઓની ભીતિ રહેવાની. પગલુ ભરતાં જ તે ખસી જવાના. તમારા ઉત્સાહ પરાક્રમ આગળ તેઓનું જોર ચાલશે નહી. માટે તૈયાર થાઓ તમારી ભૂમિકા તમારૂ સામ્રાજ્ય અને સંપત્તિ સમૃદ્ધિ તમારા હાથમાં છે. આ મુજબ શ્રવણુ કરી આળસુ પ્રમાદી તૈયાર થાય છે. અને પરાક્રમ ફોરવી દુન્યવી સાંસારિક સત્તા-સંપત્તિ પ્રાપ્ત કરે છે. પણ આત્મિક સત્તા-સમૃદ્ધિ જ્યાં સુધી હસ્તગત કરી નથી ત્યાં સુધી સાચી સત્તા-સંપત્તિ વિગેરે હાજર થતી નથી. દુન્યવી સંપત્તિ વિગેરે મેળવ્યા પછી આત્મજ્ઞાન હોય નહી તો મદ-માન-મદનાદિકને આવવા માર્ગ જડે છે. સત્ય પાત્રતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવતી નથી. કહેવત છે, "ઓછુ પાત્રને અધિકું ભણ્યો. અને વહકણી વહુએ દીકરો જણ્યો" આ કહેવત લાગુ પડવાની જ.

એક વાઘરીએ લગ્ન કર્યું. વાઘરણ ઘરમાં આવી પણ બહુ ચબાવલી. અને કજીઆળી હતી. વાઘરી પસ્તાવો કરવા લાગ્યો હવે શું થાય ? કાઢી મૂકે તો પાલવે એમ નહોતું. તેથી તે સઘળું સહન કરી લેતો એટલામાં બે વર્ષ ગયા પછી વાઘરણને અઘરણી આવી. પછી તો બડાઈ હાંકવામાં અને કજીઓ કરવામાં બાકી રાખતી નહોતી. વાઘરીને કહ્યું કે મારી આ અઘરણી પ્રસંગે શેરીના સઘળાં ભાઇ બેનોને બોલાવો ગીત ગાણા ગરબીઓને ગવરાવી મારો ખોળો ભરાવો. વાઘરીએ કહ્યું કે તું કજીઆરી હોવાથી કોઇ આવશે નહી. આ સાંભળી તેણે કુદીને કહ્યું. કેમ નહી આવશે તમે આળસુ એદી છો જાઓ જલ્દી. અને આમંત્રણ આપો. કંકાસના ભયથી વાઘરીએ સગાંવહાલાંઓને તથા લાગતા-વળગતાઓને આમંત્રણ આપ્યું. વાઘરીની શરમથી સઘળા આવ્યા. તેમાં એક વાંઝણી હજામડી પણ આવેલી છે. તે દેખીને વાઘરણ ગુસ્સામાં આવી કહેવા લાગી. તારા આવવાથી અપમંગળ થયું. અને જેમ તેમ બોલવા લાગી. આવનાર બાઇએ કહ્યું કે, આટલું બધુ શું બોલ્યા કરે છે, જયારે તું જણીશ ત્યારે વાઘરીનેજ જણીશ. કાંઇ શ્રીમંત પુત્રને જણીશ નહી. તારા કરતાં અમો વાંઝીયા સારા. આ સાંભળી મદમાં આવી, આવેલી બાઈ સાથે ઝઘડો કર્યો. હજામની વહુએ કહ્યું કે તુંજ કંકાશ કલહ કરીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અપમંગલ છે તેનો વિચાર કર. કજીઆરાને શિખામણ સહતી નથી. પસંદ પડતી નથી. તેણીએ તો અધિક ઝઘડો કર્યો. આવનાર સગાં–વહાલાંને પણ કંટાળો હોવાથી ગાણું ગીતનો ત્યાગ કરી પોતાને ઘેર ગયાં. અને કહેવા લાગ્યા કે આ કંકાસણ અને મદમાન ભરેલીના ઘેર કયાં ગયા ? આ પ્રમાણે વાઘરણને હજી પુત્ર જન્મ્યો નથી તેની પહેલાં વાંઝણી બાઈનું અપમંગલ ભાસ્યું તું કયાં આવી એમ કહીને મદથી કંકાસ કરવા લાગી, પોતેજ પોતાનું અપમંગલ કરી રહેલ છે તેનું અભિમાનના ઘેંનમાં ભાન રહ્યું નહી તો પછી પાસે સત્તા સાહ્યબી હોય, તેને મદ અભિમાનાદિ થાય એમાં શી નવાઈ ? માટે શાસ્ત્રકારો કહે છે કે દુન્યવી સત્તા–સંપત્તિને પ્રાપ્ત કરતાં આત્મજ્ઞાનને ભૂલો નહી.

સાહ્યબી—સત્તાના મદમાં આસક્ત બનેલ કેટલાક ભૂંડા–ખરાબ કામો કરતા જાય ને પોતાને નિર્દોષ માનતા બીજાઓને દોષ દેવા તત્પર બને છે. અરે દેવ ગુરૂ ધર્મના ઉપર દોષોને દેતાં પણ અચકાતા નથી. આવા માનવોને પુણ્યોદયે રીદ્ધિ–સમૃદ્ધિ મળે તો પણ આત્મતત્ત્વ ઓળખવામાં કમનસીબ રહે છે જ્યારે ઓચિંતી વિડંબના વિપત્તિ આવી પડે ત્યારે જુદા જુદા બાના બતાવી પોતે નિર્દોષ છું આમ દંભ કરીને રડવા બેસી જાય છે. અને પોકારો પાડે છે પણ કર્મ કોઈને છોડતું નથી.

એક માણસ ઘણો પાપી અને ચબાવાલો હતો તેને કોઈ શીખામણ આપે તો કહેતો કે, હું બહુ સારો છું પાપ કરવામાં પાછો પડું છું. પણ કલિયુગ મારી પાસે લાગેલો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, તેજ પાપો કરાવે છે. હિંસા-અસત્ય-ચોરી જારી કરાવીને ખસી જાય છે અને માણસો તરફનો ઠપકો અપાવે છે અને સત્તાધારી-અધિકારી તરફથી માર મરાવે છે કેદમાં નંખાવે છે એમાં મારો ઉપાય નથી. અરે સારા કામો કરતાં વિવિધ વિઘ્નો ઉપસ્થિત કરી અટકાવે છે. આ મુજબ સાંભળી સાક્ષાત્ કલિયુગે પ્રગટ થઈને કહ્યું કે અરે ચબાવલા ? તું મ્હને ફોગટ દોષ દે છે અને બદનામ કરે છે તને જો એમ લાગતું હોય તો આ સઘળું પાપ કલિયુગ કરાવે છે તો હું ખસી જઉં છું તું સુખેથી સારા ધાર્મિક કાર્યો કર અને સ્વપરને ઉપકારી બન. આમ કહીને કલિયુગ અદૃશ્ય બન્યો. આ પછી પણ તેણે પાપાચરણનો ત્યાગ કર્યો નહી. દુષ્ટાચરણમાં રાચી માચી રહેવા લાગ્યો વળી તેને સગાંવહાલાં કટુક વચનો દ્વારા ઠપકો આપે છે કે આવા આચરણથી તું અને અમો દુઃખી થઈએ છીએ કાંઇક તો સમજ. એમાં તને શો લાભ દેખાય છે. ત્યારે કહેવા લાગ્યો કે, આ બધું શયતાન-મોહ કરાવે છે. સારા કામો કરવાની અભિલાષા તો ઘણી છે. પણ મોહ વળગ્યો હોવાથી કાંઈપણ સારૂ કામ થઈ શકતું નથી. નાઇલાજ છું. સદ્ગુરૂએ ઉપદેશ આપી મોહને દૂર કરવાનું કહ્યું. તેણે પણ માન્યું. એ દિવસ પછી એના એ અધિકારીએ બેડીઓ પહેરાવી કેદખાનામાં નાંખ્યો ત્યાં શિક્ષા ભોગવી બહાર આવ્યો તો પણ સાન-સમજણ આવી નહી. અને ચોરી જારી-લૂંટફાટ કરવા લાગ્યો માર ખાય છે પણ માલ પચતો નથી. બેઆબરૂ થઈને પાછો આપવો પડે છે ત્યારે લાગતાં વળગતાં કહે છે કે અલ્યા ? આટલો માર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખાય છે કેદમાં જાય છે છતાં આ છંદ મૂકતો નથી. ત્યારે કહે છે કે આ સઘળુ પરમેશ્વર કરાવે છે એમાં મારો કોઇ દોષ નથી. પ્રભુ પરમેશ્વરને ગમે તે સાચું, પરમેશ્વરની ઇચ્છા તેથી આવાં ભૂડાં-ખરાબ કામો કરાવે છે તેમાં મારૂ જોર ચાલતું નથી. તેમની આગળ હું કોણ? તથા છેવટે નસીબનો વાંક બતાવતો મરણ પામી દુર્ગતિમાં ગયો પણ સુધર્યો નહી. આ પ્રમાણે માણસો બોલવાની આવડત હોય ત્યારે અનેક બાના બતાવી દોષોમાંથી છટકવાની કોશીશ કરે છે પણ પાપોથી પાછુ હઠવાથી કોશીશ કરતા નથી. પશુ પણ એક બેવાર માર ખાય ત્યારે સમજે છે માણુસ જેવા માણુસ થઇને સમજે નહી તો શું કહેવું? તમારી પાસે સાંસારિક સુખ ભોગવવાની અનુકુલતા હશે બોલવાની તાકાત-બીજાઓને આડાઅવળા સમજાવી પોતાનો પટારો ભરવાની અભિલાષા હશે અને આરંભ સમારંભો કરી અબજપતિ થવાના વિચારો હશે પણ યાદ રાખજો કે ખરાબ અનાચારો કરવાથી છેવટે તમો પાપોથી છટકી જશો નહી. પૈસા-પરિવાર અત્રે પડતો રહેશે અને દુઃખના વિડંબનાઓના ભોક્તા તમારે પોતાને થવું પડશે માટે કોઇ ઉપદેશ આપે કે સગાવહાલાં ઠપકો આપે ત્યારે બાના બતાવી અમે નિર્દોષ છીએ. એવો દંભ કરશો નહી. પણ સુધરવા માટે પ્રયાસ કરવો તે હિતકર છે માટે સદ્ગુરૂ પાસે જઇને વિનય પૂર્વક કહો કે અમારા કલ્યાણનો માર્ગ દર્શાવો. અને દર્શાવ્યા મુજબ અનાચારથી પાછા હઠો તે પણ જીવન પર્યંત-બેત્રણ વર્ષ નહી. તો જ વિપત્તિઓને વિડંબનાઓને-સંકટોને આવવાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અવકાશ મળશે નહી. સત્તા—સંપત્તિ વિગેરેની માયા ઉપદેશ વિના અને પરાક્રમ ફોરવ્યા કદાપિ ખસતી નથી. અને ખસશે પણ નહી. અને તેમાં રાચી માચી રહેવાથી સ્વપ્ને પણ સુખ નથી. માટે બાના—દંભનો ત્યાગ કરવા પૂર્વક કરેલ દોષોનો એકરાર કરીને સન્માર્ગે વળો—

રાજ્ય સત્તા—સંપત્તિ પ્રાપ્ત થયા પછી કેટલાક ક્રુર રાજાઓ, અપરાધો થતાં શંકાતુર બની પત્ની પુત્રાદિકને મારી નાંખવા તૈયાર થાય છે અને કોઈ અનુયાયી વર્ગ ઉપર વિશ્વાસ રાખતા નથી. બધાએ અપરાધ, દોષો કરનાર હોતા નથી. એકના દોષોથી બીજાઓનું આવી બને છે. બધાને સરખા માની તેઓને પણ મારી નાંખવા જેટલી ક્રૂરતા કરે છે. સત્તાના ઘેનમાં તેઓને ભાન રહેતું નથી કે એક બદામ કડવી નીકળી તેથી સઘળી બદામો કડવી હોય નહી અને કોઈ પણ સાધારણ મનુષ્ય બદામોને ફ્રેંકાવી દેતો નથી. આવી દયા વિનાના નૃપોને સન્માર્ગે વાળવા તે અશક્ય છે; પરંતુ તેવાઓને સન્માર્ગે વાળનાર કોઈ શૂરવીર વિરલ મળી આવે છે.

એક બાદશાહ રાજાની બેગમ ઘણી રૂપવાન હતી. તે રાજાને બહુ વહાલી હતી. રાજા જે જોઈએ તે હાજર કરતો પણ આ બેગમ બેવફા નીવડી. બીજાને લાગુ પડી. ઘણા દિવસે બાદશાહને ખબર પડી. એકદમ ક્રોધાતુર બની રાજાએ તેણીનું મસ્તક જુદુ કરી નાંખ્યું. કાંઈ પણ વિચાર સરખો કર્યો નહી. પણ બાદશાહને બેગમ વિના ચાલતું નથી. તેથી બીજી કન્યાને પરણે તેને એક દિવસ રાખી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજે દિવસ મારી નંખાવે છે મનમાં એવો વહેમ ભરાઈ બેઠો છે કે સઘળી સ્ત્રીઓ ખરાબ દુષ્ટાચારવાળી હોય છે આમ ધારણા રાખી જેની સાથે સાદી કરે છે. તેણીનો બીજે દિવસે નાશ કરાવે છે. તેથી સઘળી પ્રજામાં હાહાકાર વર્તી રહ્યો. બાદશાહ માગણી કરે અને જો પોતાની કન્યા પરણાવે નહી તો તેનું પણ આવી બને. માગણી નામંજુર થાય નહી. દરરોજ એક પુત્રીને આપવી પડતી. પણ કોઇનાથી સામનો થાય નહી અને સમજાવી શકાય નહી. આવી બાદશાહની કતલ દેખી વજીરની એક પુત્રી કંપી ઉઠી. ભલે મારૂં મૃત્યુ થાય પણ સર્વ છોકરીઓને મરણમાંથી બચાવું. આમ વિચારી સ્વપિતા વજીરને કહેવા લાગી કે પિતાજી બાદશાહ સાથે મને પરણાવો. વજીરે કહ્યું બેટા ? તને માલુમ નથી કે તે એક દિવસ પરણીને બીજે દિવસે તેને મારી નંખાવે છે. હાથે કરીને મરવાનું શા માટે માગે છે ? તે બાદશાહ ઘણો ક્રુર છે. માટે તેની સાથે સાદી કરવાનું માંડી વાળ. પુત્રીએ કહ્યું કે ભલે મારૂં મરણ થાય પણ સઘળી કન્યાઓનું રક્ષણ કરવાની મારામાં તાકાત છે. બુદ્ધિબલે બાદશાહને વશ કરી તેણીઓનું રક્ષણ કરી શકીશ. અને હું પણ મરણ પામીશ નહી. માટે બાદશાહ સાથેજ પરણાવો. બીજાઓ સાથે સાદી કરવી નથી. પુત્રીનો કદાગ્રહ જાણી વજીરે બાદશાહને પોતાની પુત્રી સાથે સાદી કરવાનું કહ્યું રાજાએ કહ્યું અરે વજીર ! તારી પુત્રીને જાણી જોઇને શા માટે મારી નાખે છે તું જાણે છે તો ખરો .બીજે દિવસે પરણીને બેગમને મારી નખાવું છું. વજીરે કહ્યું, મારી પુત્રીએ તમારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાથે સાદી કરવાની હઠ લીધી છે ભલે મરણ પામે. સમજાવી સમજતી નથી. તમોને દોષ દઇશ નહી. બાદશાહે "હા પાડી" સાદી ધામધુમથી કરી. વજીરની પુત્રી હવે તો બેગમ બની. સુંદર મહેલમાં બેઠી છે. બાદશાહ આવીને કહેવા લાગ્યો. તારૂ રૂપ દેખીને વહાલ આવે છે પણ તને કાલે મારી નાખવામાં આવશે. બેગમે કહ્યું કે મરણમાં મ્હને કોઈ પ્રકારની ભીતિ નથી. મરણ તો એકવાર આ જીવનમાં જરૂર આવવાનું. જે જન્મ્યું તે જરૂર મરણ પામવાનુંજ. એતો કુદરતનો નિયમ છે. બાદશાહને અચંબો થયો આ બેગમ તો વળી મરણ માટે ભય પામતી નથી. અને તેના રૂપનું અનન્ય આકર્ષણ છે. બોલવામાં ચાલાક દેખાય છે. બેગમે કહ્યું કે એક સ્રો બેવફા બની તેથી બધી બેગમો એવું દુષ્ટાચરણ કરે નહી. એકને બદલે બધી બેગમોને મારી નખાવી તેમાં શોભા શી ? માટે કાંઇક વિચાર અને વિવેક લાવો. બાદશાહ થયા પછી કોઇ પુછનાર નથી. એમ માનશો નહી. ખુદાતો બરોબર ખબર લેશે. બાદશાહે કહ્યું કે તારી ચાલાકી દેખી. બચવા માટે આવી ડાહી ડાહી વાત કરે છે પણ. તને આવતી કાલેજ મારી નાંખવામાં આવશે. કોઇનો વિશ્વાસ હવે હું રાખતો નથી. આમ વાત કરતાં વહાણું વાયું. બાદશાહ તેણીને મારી નંખાવવા તૈયાર થયો. ત્યારે બેગમે કહ્યું કે તૈયાર છું પણ એક વાત કહું તે સાંભળો. કહે શી વાત છે ? સર્વ રાજાઓના રાજ્યમાં એવો નિયમ છે અને આપના રાજ્યમાં પણ નિયમ છે કે, મરતા પહેલાં મરનારે ઇષ્ટની માગણી પુનઃપુનઃ કરવી તો મારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બહેન જે નાની છે તેને મારે મળવું છે. તેણીને અહીં બોલાવો. તેણીને સ્વાગતપૂર્વક બોલાવવામાં આવી. આવેલી નાની બહેન કહે છે કે મ્હોટી બેન. હવે તો તારૂ મરણ પાસે આવેલું છે. માટે એક સુંદર-મનોહર વાત કહે. તે સાંભળી ખુશી થાઉં અને સરરોજ તારી યાદી કરૂ ? બાદશાહ આમતો વાતનો રસિયો હતો. અને કહ્યું તારી નાની બેનને મનોહર વાત કહી ખુશી કર ? બેગમે કહ્યું કે જ્યાં સુધી વાત પુરી થાય નહી ત્યાં સુધી મને મારી નાખવી નહી. રાજાએ ક જા નહી મારૂ. પણ વાત તો કહે ! મેં સાંભળ્યું છે કે વાત કરવામાં તું હુંશીયાર છે. બેગમે એવી વાત કરવા માંડી કે તેમાં કરૂણા-શૂરતા રૌદ્રતા વિગેરે રસોથી ભરપૂર હતી. અને દિવસોના દિવસો ગયા પણ તે વાત સમાપ્ત થઇ નહી. બેગમે કહ્યું કે બાર મહિના વાત કરતાં વ્યતીત થયા પણ વાત પૂરી થઈ નહી. માટે મારી નંખાવો. બાદશાહે કહ્યું. વાત પૂરી થઈ નહી તેથી મારી શકાશે નહિ. વાત તો જીવન પર્યંત પૂર્ણ થશે નહિ. કશોય વાંધો નથી. પણ હવે અધુરી વાત આગળ ત્યારે જ કહું કે તમે બેગમોને મારી નાંખો નહી તો ત્યારે બાદશાહ કબુલ થયો. આમ પોતાની કુશલતાથી જીવન પર્યંત વાત કહીને સ્વપરનું હિત સાધ્યું પ્રાણોનું રક્ષણ કર્યું. જો કે બાદશાહે બીજી કન્યાઓ સાથે સાદી કરી પણ આ બેગમની કુશલતાથી મારી શકયો નહી. આવી બહેનો જગતભરમાં વિરલ હોય છે. અને પુરૂષો પણ વિરલ હોય છે કે પોતાના પ્રાણોના જોખમે પણ બીજાઓનો બચાવ કરવામાં સમર્થ હોય છે. આવી માણસાઇ આવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓનો જન્મ સફલ છે. કેટલાકમાં પોતાના પ્રાણોનું પત્ની પુત્ર પરિવારનું રક્ષણ કરવાની આવડત હોય છે. પણ બીજાઓનું રક્ષણ કરવાની આવડત હોય તેની તો બલીહારી. માટે તમે બુદ્ધિમાન બલવાન્ અને સત્તાધારી હો તો સ્વપરનું કલ્યાણ કરવા તત્પર બનો. તેમાં જ તમારી મહત્તા છે.

**૧૫૨ દુઃખી માણસો ધનાઢ્ય શ્રીમંતની પાસે પોતાના દુઃખની વાત કહેવા જાય છે. ત્યારે પોતે તેની આગળ પોતાના દુઃખની વાતો કહી તેઓને નિરાશ કરી મૂકે છે.**

તેઓને ધનના ઘેનમાં ખ્યાલ રહેતો નથી કે જે આવ્યો છે તે કાંઈક મદદ સહારો લેવા આવ્યો છે. પણ પોતાની મદદ કરવાની ઈચ્છા ન હોવાથી પોતાની સહજ ચિન્તાઓને વિપત્તિ માની અધિક રોદડા રડવા બેસી જાય છે. પણ શક્ય સહકાર આપવો તે ભૂલી જાય છે. ધનાઢ્યતા પ્રાપ્ત થઈ તે પરોપકાર કરવાથી પુણ્યના યોગે મળી છે માટે તેની યથાશક્તિ મુજબ પીડાને ટાળી પુણ્ય મેળવું, કે જેના આધારે શ્રીમંતાઈ શોભે દુઃખીના દુઃખને તો તે જાણે કે જેમણે દુઃખનો અનુભવ કરેલ હોય.'

એક વિડંબનાથી પીડાયેલ સાધારણ વ્યક્તિ, શ્રીમંતની પાસે જઈને પોતાની વીતી કહેવા લાગ્યો. કે ભાગ્યશાલી ! અમો ઘણા વિપત્તિમાં આવી પડ્યા છીએ. પુત્રાદિક પરિવારને ઘણું કષ્ટ પડે છે. વ્યાપાર મૂડી હોય તો કરી શકાય તેવી મૂડી મારી પાસે નથી. પ્રથમ તમારી માફક પૈસાદાર હતો. પણ વ્યાપારમાં ઘણી ખોટ આવી. મિલ્કત ખતમ થઈ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે ધંધા વિના ખરચીને પહોંચી વળાતું નથી. સહકારની વાત કહેવા જાય છે. તેવામાં શેઠ વચ્ચે બોલી ઊઠયા કે તને પીડા છે તેવી અમોને પણ પીડા છે જોને પાંચ લાખનો માલ વખારોમાં માલ ભર્યો છે. પણ ભાવ નરમ પડી ગયા છે નોકરોના પગાર ચઢે છે. મોટર એક છે બીજી રાખી શકાતી નથી. નવાણું લાખ રૂપિયા છે પણ કરોડપતિ થવાતું નથી ઘણા ઉધામા કરવામાં આવે છે. પણ એક લાખ મળી શકતા નથી કહે ? આ ઓછી પીડા છે. આવેલ વ્યક્તિએ કહ્યું કે મારે લાખ બે લાખ જોઈતા નથી પાંચ હજાર અંગ ઉદ્ધાર આપો તો રીતસર ધંધો થાય આજીવિકાની પીડા ટળે એક બે વર્ષમાં તમોને વ્યાજ સહિત પાછા આપીશ. શેઠે તેને નહી આપવાની દાનતથી કહ્યું કે, હમણાં તો નહી. પણ ભરેલા માલનો ભાવ વધશે અને બે લાખનો નફો મળશે ત્યારે તું આવજે–પાંચ હજાર તો શું દશ હજાર આપીશ, કરોડપતિ થયા પછી તને સહકાર આપી શકું–સિવાય અત્યારે બની શકે એમ નથી. આવેલ વ્યક્તિ નિરાશ બની પોતાને ઘેર આવ્યો પણ શેઠને દયા–અનુકંપા આવી નહી. કરોડપતિ થવાની ધૂનમાં ગરીબની પીડા કયાંથી જણાય. જો પાંચ હજાર અંગ ઉદ્ધાર આપ્યા હોત તો કાંઈ ઓછું થાત નહી. પણ શ્રીમંત–ગરીબની પીડાને કયાંથી જાણે ? આવા શ્રીમંતો પોતાની પાસે જે મિલ્કત છે. તેનો સદુપયોગ કરી શકતા નથી અને એશ આરામમાં મોજ શોખમાં ધનને વેડફી નાંખી પાપને વધારતા રહે છે. માટે તેઓની પાસે જવામાં કાંઈ લાભ થતો નથી. ઉલ્ટા નિરાશ બની પાછું આવવું પડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે જ વ્યક્તિ પરોપકારી એક સજ્જન પાસે ગયો. પોતાની પીડા દર્શાવી. તે શ્રવણ કરી ભક્તિના દાવે પાંચ હજાર ગણી આપ્યા–જો કે આપનાર લક્ષાધિપતિ હતો નહી પણ કરોડ પતિ કરતાં સાધર્મિક બાંધવોમાં ભક્તિભાવ તેનો આધક હતો. પાંચ હજાર લઇને રીતસર તે ભાઇએ વ્યાપાર કર્યો. અને નફો મલ્યો ત્યારે વ્યાજ સહિત રૂપિયા આપવા આવ્યો. ત્યારે તે ભાઇએ કહ્યું કે ભક્તિના દાવે રૂપિયા તને આપ્યા છે. માટે પાછા હું લઇશ નહી. અને આજીવિકાની પીડાને દૂર કર, તારી ભક્તિ કરવાથી વ્યાપારમાં મને લાભ થયો છે. માટે પાછા લેવામાં આવશે નહી. ઘણો આગ્રહ કર્યો છતાં લીધા નહી ત્યારે તે માણસ સ્વ સ્થાને આવીને ન્યાય પુરસ્સર વ્યાપાર કરવા લાગ્યો. માટે લોભી ધનાઢ્ય પાસે જવામાં માલ નથી. જવું હોય તો પરોપકારી નિર્લોભી પાસે જવું. શકય સહાશે તો મળે. ભલે લક્ષાધિપતિ, કરોડપતિ થાય તો પણ તેમની પીડા ટળવાની નથી જ. કારણ ભક્તિભાવ–પરોપકારને ભૂલી નશ્વર ધન સંપત્તિમાં આસક્ત બન્યો. ત્યારે પરોપકારી–સંતોષી–પુણ્યોદયે જે સંપત્તિ પ્રાપ્ત થએલ તેનો સદુપયોગ સેવા ભક્તિના આધારે પુણ્ય કાર્યોમાં આસક્ત બને છે. અને સાચા સમૃદ્ધિમાન્ બને છે. તેને ચિન્તા, વલોપાત ઘણો થતો નથી અને અંતે શુભ વિચારો દ્વારા સદ્ગતિને મેળવી સુખ ભાજન બને છે.

## ૧૫૩ પૈસો પુણ્ય અને પુરૂષાર્થ વડે પ્રાપ્ત થાય છે એકલા પુરૂષાર્થથી પ્રાપ્ત થતો નથી.

પૈસા હોય પણ પરોપકાર–ભક્તિ સેવા કરે નહી તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમાં વાસના રહી જવાથી મરણ પામી સાપ કે છછુંદર થાય. કાંતો વૃક્ષમાં ઉત્પન્ન થઈ તેનું રક્ષણ કરે છે. પણ તે સ્થિતિમાં કોઈને આપી શકાતું નથી. કોઈ જાણકાર આવે તો સાપ–વિગેરેને મારી સર્વ ધન સ્વીકાર કરે, એટલે પોતે તો લાભ લઈ શકે નહી અને બીજાઓ ઝુંટવી મારીને લઈ લે. અને મરણ થાય તે અધિક, મધમાખીઓ કોઈને મધ આપી શકતી નથી. ત્યારે વાઘરી આવી તેણીઓને મારી નાંખી બધો મધપૂડો લઈ લે છે. આના જેવું બને. માટે પરોપકાર કરતા રહેવું. સંપત્તિ કોઈની છાજી નથી. અને રહી નથી.

**૧૫૪ ધનાદિક દ્વારા જે અનુકુલતા મળે છે. અને મળી છે. તેનો સદુપયોગ કરી આત્મોન્નતિ કરી સુંદર લ્હાવો લો કે જેના યોગે ભવોભવની પીડાઓ ટળે અને વ્રત નિયમ પાળીને પરમપદની પ્રાપ્તિ થાય.**

"શ્રીમંતો પોતાનું કાર્ય સાધવા તમોને વખાણશે અને પોતાની પાસે રહેવા ઈચ્છા બતાવશે અને તમો પણ મોટાની સોબતમાં માન દરજ્જો વધશે આમ ધારી તેઓની પાસે રહેશો. અને લોકો તમારી પ્રશંસા કરશે આદર સત્કાર આપશે પણ છલકાઈ જતા નહી અને મ્હોટાઈનો ફાંકો રાખતા નહી. કારણ કે એક દિવસ ભૂલ થતાં અને પોતાના કાર્યો સધાઈ જતાં તમોને તગેડી મૂકશે તે વખતે તમોએ જે ફાંકો રાખેલ હશે તેની અન્યજનો હાંસી કરશે. અને પ્રથમ જે દરજ્જો હતો તેનાથી હલકો માનશે. માટે શ્રીમંતોની પાસે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહીને મ્હોટાઈને ફાંકો મદ રાખવો તે મૂર્ખાઈમાં ખપવા જેવું છે. એટલે પોતાની મૂલ સ્થિતિનો વિચાર કરી નમ્રતા ધારણ કરીને વર્તન રાખવું તે હિતકર છે નમ્રતાના યોગે તમો તમારા ઘરમાં હો કે મ્હોટાની પાસે રહેલા હો તો પણ તમારી ભૂલની માફી મળશે. અને મ્હોટાઈ જરૂર આવી મળશે. કારણ કે નમ્રતા લઘુતા એવો ગુણ છે કે બીજા સદ્ગુણોને આકર્ષણ કરીને હાજર કરે છે. પરંતુ નમ્રતા દંભ વિનાની હોવી જોઈએ, કારણ કે સ્વ કાર્યને સાધવા ખાતર ઘણા માનવો દેખાવમાં બહારથી લઘુતા દર્શાવે પણ હૃદયમાં તો કારમી કતલ કરવાની ભાવના વર્તતી હોય છે. માટે સાચી નમ્રતાને ધારણ કરી દરેક પરિસ્થિતિમાં જીવનને પસાર કરો. નહિતર મોટાનો આધાર મળતાં ફાંકો રાખશો તો એક દાસીની માફક બનશે.

એક રાજપુત્રીને અન્તપુરમાં એકલી હોવાથી ગમતું નહી. આનંદ આવતો નહી. પોતાની સમાન વયની સખી હોય તો વાતચિત્ત-ગમ્મત કરવાની મજા પડે આમ ધારી પોતાના મકાનની પાસે રહેલી એક સમાન ઉમ્મરની છોકરી સાથે મિત્રાચારી કરી. અને કહ્યું કે. તું દરરોજ મારી પાસે આવજે એકલા રહેવામાં આનંદ આવતો નથી. આ છોકરી વિચાર કરે છે. રાજપુત્રીની સાથે રહેવામાં મ્હોટાઈ મળશે. અને તેના માત પિતા પણ મ્હને સત્કારશે. અને ગરીબાઈની પીડા ટળશે. આમ વિચારી તેની પાસે દરરોજ આવવા લાગી. બન્નેને મજા પડવા લાગી. રાજપુત્રી જ્યારે ખાવા બેસે છે ત્યારે તેને મીઠાઈ-મમરા-કેવડો વિગેરે ખાવાનું મળે છે તથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસ્ત્રભૂષણ પણ પહેરવાના મળે છે. તેથી બહાર જ્યારે વસ્ત્રાભૂષણ સજીને જાય છે ત્યારે તેના સગાં વહાલાં વખાણે છે. તું તો ભાગ્યશાલી છે કે તને રાજપુત્રીએ સખી બનાવી. આ મુજબ સાંભળવાથી 'અધૂરો ઘટ અધિક છલકાય' તેની માફક છલકાવા લાગી. માત પિતાની આગળ જે વિનય નમ્રતા રાખવો જોઇએ તે રાખતી નથી. કોઇ કામ બતાવે ત્યારે કહે છે કે આ કામ હવે કરી શકું નહી. તમો કરી લો. હવે રાજપુત્રી મારી સખી બની છે. મારે હવે કેની પરવા છે ? આ પ્રમાણે ફાંકો રાખી કોઇનું પણ ગણુકારતી નથી, તેના માતપિતા ફીકર ચિન્તા કરવાં લાગ્યા. કે રાજપુત્રીનો સંબંધ કયાં સુધી. આ અભિમાનના તોરમાં અમારૂ માનતી નથી જેમ તેમ બોલ્યા કરે છે. પણ વખત જતાં તેને જ પસ્તાવું પડશે. આમ ધારી મૌન રહ્યા. બે ત્રણ વર્ષો વ્યતીત થયા પછી તેણીને બોલાવામાં ભાન રહ્યું નહી. રાજપુત્રીનો જે વિનય-સભ્યતા સાચવવી જોઇયે તે સાચવતી નથી અને જેમતેમ બોલે છે. તેથી રાજપુત્રીને ગુસ્સો થયો કે હવેથી તારે મારી પાસે આવવુ નહી. આવીશ તો તિરસ્કાર પૂર્વક દૂર કરાવીશ. આ સાંભળી પેલી તો હેબતાઇ ગઇ અને પોતાના ઘેર આવી રડવા લાગી. માતપિતા પુછે છે. કે કેમ આજે રડવા માંડયું છે ? સહેજ બોલવામાં વધારે બોલાઈ ગયું. તેથી મને કાઢી મૂકી અને કહ્યું કે હવેથી મારી પાસે આવીશ તો તિરસ્કાર પૂર્વક દૂર કરાવીશ. તેથી મ્હને બહુ લાગી આવ્યું છે. રાજપુત્રીનો આવો સ્વભાવ હશે તે જાણુતી નહોતી. થોડું સન્માન મળતાં. અને સરસ ખાવાપીવાનું પ્રાપ્ત થતાં ફાંકો રાખીને તમારી આગળ અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સગાંવહાલાંઓની આગળ જેમ ફાવે તેમ બોલતી. માતપિતાએ કહ્યું કે જો તું રાજપુત્રીની આગળ વિનયપૂર્વક નમ્રતા રાખીને બોલી હોત તો આવો પસ્તાવો કરવાનો વખત આવત નહિ. દરેક સ્થિતિમાં લઘુતા રાખવી જોઈએ. તેભૂલી અને માલ પાણી મળતાં અમારી આગળ પણફાંકો રાખવા લાગી. અભિમાન અહંકારને ધારણ કરવાથી જે પુણ્યોદય હોય છે તે ખતમ થાય છે માટે હવેથી અભિથાન રાખીશ નહી. હવે ઘરના કાર્ય કર અને વડીલોનો વિનય સાચવ, આગળ જતાં પુણ્યોદયે વળી સુખી થઈશ. આ શિક્ષા નથી પણ શિખામણ છે. આ મુજબ સાંભળવાથી દરેક બાબતમાં વિનય-નમ્રતા રાખી. તેથી અંતે સુખી થઈ માટે અરે મહાનુભાવો જે તમોને સંપત્તિ સાહ્યબી વિગેરે મળી છે. તેનો ફાંકો રાખતા નહી. પણ લઘુતાને અપનાવી દરેકની સાથે મધુર વચનો બોલી પોતાનું અને પારકાનું કલ્યાણ કરો તેને શાસ્ત્રકાર વચનગુપ્તિ કહે છે.' મધુર વચન વાણીથી કોયલ કાળી હોય છે છતાં દરેક માનવોને પ્રિય બને છે. અને ગધેડી શ્વેત હોય છે. છતાં ભૂંકવાનો સ્વભાવ હોવાથી અપ્રિય બને છે.

## ૧૫૫ વાણી વર્તનથી જાતિકુલ પરખાય છે. અને સ્વભાવ પણ પરખાય છે.

જો કે શ્રીમંત હોય પણ બોલવામાં તોછડો હોય. અને વર્તનમાં મીઠું હોય તો તેને કોઈ હૃદયથી સત્કારતું નથી. તેના રોફમાં કે બોલવાની ચાલકીમાં અંજાઇ કોઇ તેને આવો બેસો વિગેરે સત્કાર કરે તે વસ્તુ જુદી છે. પણ મનમાં તો સમજતા હોય છે. ભાઈસાહેબની સાથે સોબત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવા જેવી નથી. દૂરની સલામ કરવામાં જ હિત છે આ પ્રમાણે સમજતા હોવાથી ના છૂટકે તેની પાસે આવે છે.

વિપત્તિના તથા સંકટના પ્રસંગે નબળા ઉપર બળીયાનું જોર ફાવે છે અને તેવો લાગ, કેટલાક શોધતા હોય છે એકાદ વ્યક્તિ જો હાથમાં આવી જાય તો જોઈ લો મનોહર મનગમતી વાતો કરી જાણે કે સંકટમાં સહકાર આપવાજ આવેલ છે તેમ સામાને લાગે પરંતુ જ્યારે સહકાર આપવાને બદલે સ્વાર્થ સાધતો હોય ત્યારે જ માલુમ પડે છે. કે મદદ આપવા આવેલ નથી પણ શયતાન બની સંપત્તિ લૂંટવા આવે છે. પરંતુ હવે તેને ખસેડવાનો ઉપાય નહી હોવાથી મનમાં મુંઝવણ થાય છે એક ગામમાં વિધવા બાઈની પાસે ઘણી મિલ્કત હતી. સોનારૂપાના દાગીનાંનો એક દાબડો તેણીએ છાનો રાખ્યો હતો. તેની માલુમ એક સગા માણસને હતી. સમજાવી મધુર વાતો કરીને તે છાના રાખેલ દાબડાની વાત જાણી લીધી હતી. આ વિધવાબાઇને અસાધ્ય વ્યાધિ લાગુ પડયો. ઉઠવા બેસવાની તાકાત નહોતી. આવા પ્રસંગે સ્વાર્થ સાધવા તે સગો તે બાઇની પાસે આવી સારવાર કરવા લાગ્યો. જાણે પોતાનો પુત્ર હોયની શું ? પોતાની પત્નીને કહેલું કે બરોબર સેવા ભક્તિ કરજે. આવા વખતે આપણે સગાંવહાલાં સેવા જો બરોબર નહી કરીયે તો બીજો કોણ આવીને કરશે ? સહજ ભૂલ થતાં પણ સ્રીને ધમધમાવતો હતો. વ્યાધિગ્રસ્ત બાઈ તો તેની સાર સંભાળ દેખીને ખુશી થઈ અને કહેવા લાગી કે, તમેજ ખરા સગા વહાલા છો નહીતર આવી સેવાચાકરી કોણ કરે ? સગો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુખ ઠાવકુ રાખીને હવે કહેવા લાગ્યો કે તમોને અસાધ્ય રોગ લાગુ પડેલ છે. દવા સેવા તો કરીયે છીએ પણ ઓચિંતી વ્યાધિના યોગે ઢળી ગયા-તો મરણ પામ્યા તો મિલ્કત ઘરેણાં જ્યાં હશે ત્યાં રહેશે માટે મને સઘળી મિલ્કત આપો. રોગમાંથી બચી ગયા તો પાછી આપીશ. અને પરલોક ગયા તો તમારા પુણ્યમાટે સાત ક્ષેત્રમાં તે વાપરીશ-અનુમોદના કરવાથી તમોને પુણ્યનો લાભ થશે. આ બાઇ સરલ અને ભોળી હતી. તેની વાણી સાંભળી સ્થાવર-જંગમ મિલ્કત તેને સોંપી. તથા ગુપ્ત રાખેલો દાગીનાનો ડાબડો પણ આપ્યો. હવે તો આ ભાઇ બીલાડીના હાથમાં દૂધ આવે તેમ ખુશી થયો. અને સેવા ચાકરી બહુ કરવા લાગ્યો. અને મનમાં માને છે કે આ બાઇ જરૂર મરણ પામશે. અને હું પૈસાદાર બનીશ. પણ બાઈ આવ-ખાની બલવાન હોવાથી બેઠી થઈ, પેલાને હ્રદયમાં ધ્રાસકો પડયો. બાઈ તો બેઠી થઇ, હવે મિલ્કત પાછી આપવી પડશે કાંઈ નહી. દાગીનાનો દાભડો તો મારા કબજામાં છે. બીજી મિલ્કત અર્પણ કરી હતી તે જો ઘેર ભેગી કરી હોત તો સારૂં થાત, મ્હોટી ભૂલ કરી. તેવા વિચારમાં છે તેવામાં બાઇએ ઘરેણાનો દાભડો પાછો માગ્યો એ દાભડો હું અત્રેથી લઈ ગયો નથી. તમારા મકાનમાં જ હશે. તપાસ કરો. મળી આવશે. આ મુજબ સાંભળીને તપાસ કરી પણ પ્રાપ્ત થયો નહી. ત્યારે પેલો પ્રપંચી કહેવા લાગ્યો. તમારી ગેરહાજરીમાં કોઇ ઉપાડી ગયો હશે. મારી પાસે તો નથી. લીધો હોય હોય તો આપતાં શી વાર લાગે ? નાહક ગળે પડો નહી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સેવા ચાકરીનો આ બદલો આપો છો ને ? પેલી બાઈ આ મુજબ સાંભળી તેને કહેવા લાગી કે મારે હાથે તને આપ્યો છે. તું તારે ઘેર લઇ ગયો છે. અને કહે છે કે મેં લીધો નથી. કોઇ લઈ ગયા હશે. આવું બોલવું તમારે ઉચિત નથી. પણ સ્વાર્થીએ દાભડો પાછો આપ્યો નહી. બાઇ સમજી ગઈ કે સેવા ભક્તિ મારી કરવા આવ્યો નહોતો પણ મિલ્કતને કબજો કરવા આવ્યો હતો. ભલે દાભડો ગયો. બીજી મિલ્કત મારા કબજામાં છે હું પોતે જ આજીવિકા પુરતું રાખી સાત ક્ષેત્રમાં ધન વાપરી પુણ્ય ખાતું ભરૂં. બાઈ સાત ક્ષેત્રોમાં પુણ્યાર્થે ધન વાપરતી હોવાથી પેલો સગો પાછો મનમાં બળવા લાગ્યો. પણ હવે બાઈ ભોળવાય એવી નથી. મનને શાંત કર્યું. દાભડાના દાગીના વેચી રૂપિયા કરી વેપાર કરવા લાગ્યો. પણ અનીતિનું ધન હોવાથી વેપારમાં લાભ મળ્યો નહી. અને ઘરની મૂડી પણ ખતમ થઇ, આ મુજબ કપટી સેવા ચાકરીના બાને સ્વાર્થ સાધે છે. પણ પરિણામ વિપરીત આવે છે વિશ્વાસ રહેતો નથી. ગામમાં બે આબરૂ થવાય છે માટે નિષ્કામ સેવા ભક્તિ કરો. ધારણા કરતાં પણ અધિક મળી આવશે. પણ ધનના લોભીને આ કથન ક્યાંથી પસંદ પડે? આત્મ જ્યોતિ વિના બિચારા પ્રયાસો તો ઘણાં કરે છે અને કાવાદાવા કરીને પાપ બંધ કરે છતાં મનની અને પેટની ભૂખ ભાગતી નથી–માટે આત્મ જ્યોતિ મેળવો.

**૧૫૬ ' શાણા સુજ્ઞજનો, લાભ લેવાના વખતે પ્રમાદી બનતા નથી. અવસરને ઓળખી ઉત્સાહ પૂર્વક**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરાક્રમ ફોરવે છે. ત્યારે સંપત્તિના સ્વામિ બને છે.

પરંતુ પ્રમાદી આળસુજનોને સંપત્તિના બદલે આપત્તિ આવી હાજર થાય છે. આમ સમજી સુજ્ઞજનો લાભ લેવાની મોસમ–અવસરમાં વિષય વિલાસનો તથા કષાયના વિકારોને ત્યાગ કરે છે. તે મુજબ અનંત લાભ લેવા માટે મનુષ્યભવ પણ મોસમ છે. તક છે. આમ જાણી પ્રમાદનો ત્યાગ કરીને વ્રતનિયમોનું પાલન સારી રીતે કરે તો તેમને મળેલી મોસમ લાભ બરોબર આપી શકે. અવસરને ઓળખી દુન્યવી સંપત્તિને પ્રાપ્ત કરી પણ તેવા સંયોગો મળતાં ખસી જતાં વિલંબ થતો નથી. તે વખતે ચિન્તાઓને તથા વિપત્તિઓને હઠાવનાર વ્રત નિયમોને આરાધી જે આત્મશક્તિ મેળવી છે. તે આશ્વાસન તથા ધૈર્ય આપી શકશે. માટે દુન્યવી સંપત્તિમાં આસક્ત બનવું નહી. સાથે સાથે આત્મિક સંપત્તિને મેળવવા માટે પણ તત્પર રહેવું. કે જેથી વિપત્તિ વિડંબનાના વખતે હાય વરાળ વલોપાત થાય નહી. અને સ્થિરતા રહે.

એક સદ્‌ગૃહસ્થે વ્યાપારમાં ઘણી કમાણી કરીને ધન મેળવ્યું. પણ તે સારી રીતે સમજતો હતો કે પુણ્યોદયે આ ધન મળ્યું છે. અને મળતું રહે છે. પણ તેને એવા સંયોગો દૂર જતાં જવામાં વિલંબ થતો નથી તેથી વ્રત નિયમોને ધારણ કરી સાચું ધન મેળવું. વ્રત નિયમ–જપ–તપાદિ કરે છે. તેવામાં મુંબાઈમાં ગુંડાઓએ ભારે મારામારી કરીને લૂંટ ચલાવી. ગુજરાતી કાઠીઆવાડી મારવાડી જૈનોએ અને જૈનેતરોએ પહેરેલા કપડાઓ સાથે પોતાના વતન તરફ પ્રયાણ કર્યું, પૈસા વિનાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બની ગએલ હોવાથી મ્હોટી વિપત્તિમાં આવી પડયા. ધીરજ રહી નહી. રડવા લાગ્યા. કોઇક વલોપાત કરવા લાગ્યા. તેઓ પૈકી આ વ્રતધારી પણ લૂંટાયો. પહેરેલ કપડે બહાર નીકળી ગયો પણ વ્રતનિયમની રીતસર આરાધના કરેલ હોવાથી હિંમત રાખીને વિચાર કરવા લાગ્યો. કે મળેલ સંપત્તિ તે તો સારા સંયોગે મળી હતી. અને મળતી. હવે તેવા સંયોગો ખસી ગયા. અને ખસી ગઇ પણ જે ધર્મની આરાધના કરી છે. તેને કોઈ પણ લૂંટવાને કે ઝુંટવી લેવાને સમર્થ નથી. વળી આ બૂરા સંયોગો પણ કાયમના રહેવાના નથી. આમ સમજી ઉપવાસ આયંબિલ એકાશનાદિ કરી ધર્મની આરાધના ચૂકતો નથી. હિંમત પૂર્વક બીજે સ્થલે વ્યાપાર કરવા લાગ્યો. ધન મળ્યું. અને ધર્મ પણ સચવાયો. આમ જાણી સંપત્તિ ઉપર વિશ્વાસ ન રાખતાં. ધર્મની આરાધના પણ કરવી જરૂરની છે.

## ૧૫૭ "આત્માની આરાધના સારી રીતે કરીને જેમણે આત્મવિકાસ સાધ્યો છે તેને અનંતજ્ઞાનીઓ મહાન્ માને છે.

આ સિવાયના ભલે સંપત્તિ–સાહ્યબીના આધારે તથા સત્તા–સામ્રાજ્ય વડે મ્હોટા કહેવાતા હોય પણ તે મહાન્ નથી. કારણ કે તેઓ આશા તૃષ્ણામાં પરાધીન બનેલ હોવાથી નિરન્તર ચિન્તાઓ અને વલોપાત કરતા હોય છે. કયારે મારી આશા પૂર્ણ થાય અને અબજો-કરોડાપતિ બનું અને દેવલોક જેવી સાહ્યબી કયારે ભોગવું. પણ પુણ્ય વિના કયાંથી પ્રાપ્ત થાય ? આમ આશામાં-તૃષ્ણામાં જીવન વ્યતીત કરતા હોય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, ત્યારે જેમણે આત્મોન્નતિ કરેલ હોય છે તેમને તો ત્યાગના યોગે અનંત ઋદ્ધિ-સિદ્ધિ અને શુદ્ધિના દ્વાર ખુલ્લાં થાય છે તેથી મહાન્ જ્ઞાનીઓ તેઓને માને છે. સાંસારિક સંપત્તિ માનોને મ્હોટા માનતા નથી. કારણ કે તેઓએ સાથે પરલોકમાં આવે તેવી સંપત્તિ મેળવી નથી. અને મોંઘેરા મનુષ્યભવની કિંમત પીછાની નથી-અધિક સંપત્તિની આશા તૃષ્ણામાં પોતાનું કર્તવ્ય જે જરૂરનું હતુ તે ભૂલાયું અને સંયોગ મળતાં ખસી જનાર ઉપર વિશ્વાસ રાખ્યો. એટલે જેની આશા રાખી હતી તે વસ્તુ પણ ગુમાવાઇ "વગડામાં પરિભ્રમણ કરતાં શયાળના હાથમાં એક રોટલાનો ટુકડો આવ્યો અને ખુશી થઇ નદી કિનારે ખાવા માટે બેઠું તેવામાં નદીમાંથી બહાર નીકળી એક માછલું ઉછળતાં કિનારે આવી પડયું. આને દેખી શિયાળ રોટલાનો ટુકડો મૂકી માછલાને લેવા ગયું. પણ તે જ વખતે ચેતી માછલું નદીમાં પેશી ગયું. બીજીવાર માછલાને બહાર નીકળવાની રાહ જોયા કરે છે એટલામાં ભમતો કાગડો નદી કીનારે મૂકેલ રોટલાના ટુકડાને લઈ ગયો. માછલું હાથમાં આવ્યું નહી. અને ટુકડો પણ કાગડો લઈ ગયો. તેથી ચિન્તા થઈ. આ મુજબ ધર્મ વિહીન માનવો પરાધીન વસ્તુઓને સ્વાધીન કરવા પ્રયાસ કરે છે અને સ્વાધીન જે આત્મધન છે તેને ગુમાવી બેસે છે. માટે આત્મધર્મને ધ્યાનમાં રાખી વ્યાવહારિક કાર્ય કરવાં કે જેથી આશા તૃષ્ણા અધિક જોર પકડે નહી. અને અનુક્રમે જે મહોટાઇ ઇચ્છો છો તે આવી મળે પછી જ સંપત્તિમાં તમો પોતાને મ્હોટા માનો છો તેની સાર્થકતા સધાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૧૫૮ વ્રત નિયમ તપ જપાદિ કરતા મુગ્ધ ધાર્મિક-જનો પોતાની સાધારણ સ્થિતિને જાણી તેમજ ધર્મ વિનાના માનવોને સંપત્તિમાન દેખી મનમાં શંકાને ધારણ કરે છે કે પ્રભુએ કહેલા ધર્મનું ફલ હશે કે નહી ?

કારણ કે જેઓ પ્રભુના દર્શન–વંદન પુજન તથા વ્રતાદિ કરતા નથી છતાં મનગમતી સાહ્યબી ભોગવે છે. મોજમજામાં આનંદથી મહાલ્યા કરે. લોકો 'ખમા ખમા' કરે છે, મોટર વિગેરે વાહનોમાં બેસી આનંદ કરે છે. પગપાળા ચાલવાની તસ્દી લેતા નથી. અમારા તો ચાલી ચાલીને પગ થાકે છે. છે. મોજ મજા તો દૂર રહી પણ જીવન નિર્વાહ મહેનત કર્યા સિવાય થતો નથી. તો પછી મોટર એરોપ્લેનમાં બેસવાનું ક્યાંથી પ્રાપ્ત થાય ? આવા આવા વિચારો કરીને મનમાં વિવિધ ચિન્તાઓ કર્યા કરે છે. અને મોજ મજા કરવાનો અવસર ક્યારે આવશે તે ભાવના રાખી મોજ કરનારને દેખી સાહ્યબીને પુનઃપુનઃ ઇચ્છે છે. અને મહેનત કરવામાં ખુશી થતા નથી. પણ તે ધનાઢયોની આન્તરિક સ્થિતિ શક્તિ. મહેનત કરનારની શકિત આગળ નબળી હોય છે. કોઈકને દમ લાગુ પડેલ છે. દશબાર પગથીઆ ચઢતાં પણ શ્વાસોશ્વાસ ભરાઈ જવાથી વચ્ચે બેસી જાય છે. બોલવાના વખતે હૃદયના ધબકારા વધી જાય છે. સારી રીતે માલ મલીદા વિગેરે ભોજન કરે પણ પચાવી શકે નહી. અને વિવિધ વ્યાધિઓથી ઘેરાએલ હોય છે. વૈદ્ય ડોકટરના ખીસ્સા ભરાતા હોય તો આવા શ્રીમંતોના આધારે. આ પ્રમાણે જો બરોબર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તપાસ કરે તો મહેનતુ વર્ગને નાખુશ થવાનો અવસર મળે નહી. અને આનંદમાં રહે. કારણ કે મહેનત કરનારા પરસેવો વાળીને જીવન નિર્વાહ કરનારા શરીરે બલવાન હોય છે. ભલે પછી સાધારણ સ્થિતિના હોય. અને માલ મલીદા ખાતા ન હોય ? ઘણા વિકારી પણ હોતા નથી તેથી વૃદ્ધાવસ્થામાં પણ તેઓને રોગ લાગુ પડતો નથી. ત્યારે શ્રીમંતોની સ્થિતિ જોતાં દયા કરૂણા આવશે. આ પ્રમાણે તપાસે તો ધર્મક્રિયામાં શંકા ધારણ કરે નહી. અને જે સ્થિતિ મળી છે. તે સારી છે. આમ માનીને આનંદમાં રહે.

એક શ્રીમંતની સાહ્યબી અને મોજ મજાને દેખી મહેનત કરનાર, પોતાની સ્થિતિને દેખી ધર્મક્રિયાઓ કરતાં ભ્રમણામાં ભૂલો પડી શંકા કરતો હતો. કે પ્રભુની આજ્ઞા મુજબ વર્તન રાખીયે છીએ. છતાં શ્રીમંતની માફક મોજ મજાની લહેર આવતી નથી. ધાર્મિકના ઘેર ધાડો પડે. અને મસ્તાનો મોજ કરે.

આ પ્રમાણે વિચાર રાખે છે તેવામાં એક ધનાઢય મોટરમાં બેસી રાજમાર્ગે જતો હતો તેનો મોટર આવતી મોટર સાથે અથડાઈ અકસ્માત્ થયો.. ભાગ્યયોગે શેઠ બચી ગયા. મોટરને અને ડ્રાઈવરે નુકશાન થયું. આમ બચી જવાથી પ્રભુનો પાડ માનવા લાગ્યા. વળી અગત્યના કાર્યાર્થે એરોપ્લેનમાં આરૂઢ થઈ કોઈક શહેરમાં જતાં અકસ્માત થયો. ત્યારે તો શેઠ સઘળો પરિવાર માલ મિલકતને અનીચ્છાએ ત્યાગ કરી મરણ પામ્યા. આ મહેનત કરનારે સાંભળીને વિવેક લાવી મનની શંકાને દુર કરી કે શેઠના કરતા મારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થિતિ ઘણી સારી. શરીર મજબુત–દગા પ્રપંચ વિના જીવન નિર્વાહ થાય છે. અને યથા શક્તિ પુજા–વંદન–દર્શન–તથા ધાર્મિક ક્રિયા કરાય છે. મોટર કે એરોપ્લેનના અકસ્માતનો ભય નથી. માટે જે અવસ્થા મળી છે તેથી ધર્મમાં શંકા કરવા જેવી નથી. સ્થિર બનીને વ્રત નિયમનું પાલન કરતો રહ્યો.

તથા એક પૈસાદારની પાસે અઢળક ધન છે. પણ પુત્ર નથી અને સાધારણ માનવોને ઘેર પુત્ર–પુત્રી વિગેરેને દેખીને પૈસાદાર પરોપકારના કાર્યોમાં તથા ધાર્મિક કામો શંકા કરવા લાગ્યો. અને પુત્ર માટે પથ્થરને પ્રભુ માની સેવા ભક્તિ કરી તો પણ સંતાનની પ્રાપ્તિ થઈ નહી. આ પછી ઉચ્ચાટ કરતાં જીનેશ્વરની પ્રતિમાનું પૂજન–કરતાં અંતરાય કર્મ દૂર ખસવાથી પુત્રની પ્રાપ્તિ થઈ તેથી હર્ષનો પાર રહ્યો નહી. અનુક્રમે પુત્ર ભણી ગણીને મ્હોટો થયો. ત્યારે તેને સંસારનો લ્હાવો લેવા માટે પરણાવ્યો. પરણાવ્યા પછી તે પુત્રને ઘરમાં ગમતું નથી. અનુકુલતા રહેતી નથી. તેથી જુદા રહેવા માટે તેના પિતાને કહ્યું. પિતા માનતો નથી ત્યારે વિરોધ–કંકાસ–કરવા લાગ્યો. ઘરમાંથી મિલ્કતને ઉઠાવી ફાવે તેમ વાપરવા લાગ્યો. હવે તેના પિતા વિચારે છે કે જ્યારે પુત્ર હતો નહી ત્યારે આનંદથી ઘરમાં અને બજારમાં જઈ શકાતું. આના કરતાં પ્રથમ સ્થિતિ સારી હતી. આના કરતાં પુત્ર વિનાના રહેવું તે સારૂં. હવે આ છોકરાને શું કહેવું. ઠપકો તથા શિખામણ આપવામાં આવે છે, ત્યારે સામો થાય છે. આ પ્રમાણે વિચાર કરી. જે થાય તે સારા માટે હવે પરોપકાર–ધાર્મિક કાર્યોમાં શંકા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહી નહી. શાંતિથી સ્ત્ર યોગ્ય કરવા લાગ્યો. માટે જે અવસ્થા પુણ્યાનુસારે પ્રાપ્ત થએલ હોય તેને વધાવી લેવી. અને આનંદ પૂર્વક ધર્મની આરાધના કરવી. સાંસારિક પુત્રાદિક મળે અગર સાહ્યબી મળે તો પણ સાચા સુખની પ્રાપ્તિ થવી અશકય છે. આમધારી-શંકાને દુર કરો.

૧૫૯ સંસાર રસિકો, સ્પર્શ રસ ગંધ રૂપ શબ્દ વિગેરે ઉપર ઘણો પ્રેમ રાખે છે. ત્યારે આત્મજ્ઞાન તત્ત્વના રસિયા મહાશયો, આત્માના ગુણોમાં અધિક પ્રીતિને ધારણ કરે છે.

સ્પર્શ-રસાદિક ક્ષણમાં પરિવર્તન પામતાં તેના રસિયાઓને ચિન્તા, પરિતાપ, સંતાપ, શોક થાય છે. તેથી આત્મા મલીન બની સુખની ભ્રમણામાં પડે છે. અને સુખ શાંતિની પ્રાપ્તિ માટે મહારંભ સમારંભે પડી અધિક પીડાય છે. સમ્યગ્ જ્ઞાનીઓને તે વિષયોમાં આસક્તિ નહી હોવાથી આત્મિકગુણો ઉપરના આવરણો દુર ખસતા આનંદની ઉર્મિઓ આવ્યા કરે છે, વિષયોમાંથી આસક્તિ ખસતાં માનસિક વૃત્તિઓ શુદ્ધ બનતી હોવાથી તે વૃત્તિઓ આત્મિક ગુણોમાં અને તેના પર્યાયોમાં રમણ કરે છે. પછી વિપત્તિ કદાચ આવે તો પણ સંપત્તિ ભાસે છે. અને જ્ઞાનયોગે સહી લેતાં અનુભવ આવતો રહે છે પછી તેમને મુઝવણ કયાંથી થાય? માટે જેમ તમો વસ્ત્રાભૂષણ વિગેરે મલીન થતાં તેઓની શુદ્ધિ કરવા પ્રયત્ન શીલ બનો છો. અરે પહેરવાના પગરખાં તથા શરીરને મેલાં દેખીને માલીશ કરો છો અને કરાવો છો તે મુજબ ખરાબ—વિચારો અને વિકારોથી મલીન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બનેલ આત્માને શુદ્ધ કરવા હરરોજ પ્રયત્નશીલ થવાની આવશ્યકતા છે સ્પર્શ—રસ—રૂપ વિગેરેમાં ઘણો આદર રાખતાં તો ભવોભવ પેટ ભરીને માર ખાધો છે અનંત પીડાઓના ભોકતા બન્યા છો. માટે આ મનુષ્ય ભવમાં તે વિષયો તરફ ઘણું માન ધરાવો નહી. આદર આપો નહી—માન—આદર આપશો તો પાછો માર ભરપૂર ખાવો પડશે.

એક પટેલની પાસે દશબાર—ગાયો તથા ભેંસો હતી. તેમાં કોઇ કાળી—ગોરી—કાબરચીત્રી વિવિધ રંગની હતી. એક દીવસ આ પટેલના ઘેર કોઇ આત્મજ્ઞાની મુનીવર્ય ભિક્ષા માટે પધાર્યા. તેમને દુધની જરૂર હતી—તેથી પટેલે પોતાના નોકર જેનું નામ ઓઘો છે. તેને કહ્યું કે અલ્યા ? જા અને વાડામાંથી દુધ લઇ આવ ? ઓઘો રૂપરંગમાં બહુ માનતો હોવાથી થોડેક જઇને પાછો આવી પટેલને કહેવા લાગ્યો. કે કાળી—ગોરી—રાતીનું દુધ લાવું કે, બીજી ગાય ભેંસનું લાવું. ગમે તે રંગવાળી ગાયનું લાવજે ભેંસનું લાવું તો વાંધો નથી ને ? ગાયનું જ લાવજે. ઓઘો વાડા ભણી નીકળ્યો વળી પાછો આવીને કહેવા લાગ્યો કે વાછડા વાળીનું લાવું કે વાછડા વિનાનું લાવું. તમે ઠપકો આપશો તેથી પૂછું છું. જા તને ગમે તેવીનુ લાવજે. આ સાંભળી ઓઘો ચાલ્યો અને અને થોડેક દૂર ગયો અને પાછો પટેલને આવી કહેવા લાગ્યો. જુવાનગાયનું લાવું કે આધેડનું લાવું. આ સાંભળી પટેલે કહ્યું કે અરે ઓઘા તું ઓઘા જેવો રહ્યો આવી રીતે માથાઝીક કરાવે છે. જા ગમે તેવી ગાયનું લાવ. ભલે પછી કાળી હોય ગોરી હોય કે વાછરડા વિનાની હોય તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ દુધ જલ્દી લઈને આવ. હાં હવે ખબર પડી, જલ્દી જઈને લાવું છું દુધ લઈને આવ્યો. મહારાજને વહોરાવ્યું. તેમના ગયા પછી બોલાને પટેલે ઘણો મેથીપાક આપ્યો. કહ્યું કે અરે મૂર્ખા ? દુધ લાવવાનું કહ્યું ત્યારે કાળી ગોરી વિગેરે બોલવાની શી જરૂર હતી ? દુધ લાવીને આપવું હતું. બહુ ડાહ્યો થયો તો માર પડયો. આ પ્રમાણે માનવો રંગ–રૂપ વિગેરેમાં ફસાય તો મારા ખાધા વિના રહે નહી માટે મૂલ વસ્તુ દુધરૂપી આત્મ ગુણો તરફ લક્ષ્ય રાખવાની જરૂર છે. રૂપ રંગમાં કયાં દોડંદોડ કરો છો. આત્માને ઓળખી વિકારોને ખસેડી આત્મત્ત્વમાં સ્થિર થાઓ. સારી રીતે આત્માની ઓળખાણ થયા પછી સંસારમાં રહેતાં પણ અકળામણ આવશે નહી. કારણ કે તેથી વિકારો ઉત્પન્ન થતાં નથી. કદાચ ઉત્પન્ન થાય તો પણ તેઓનું જોર ચાલતું નથી. પોતાનો ભાવ ભજવી ટળી જાય છે. વિકારોનું જોર ચાલતું હોય તો વિષયમાં આસક્ત માનવો ઉપર.

માતા પિતાએ પોતાની પુત્રી કેળવણી પામીને સુખેથી જીવન ગુજારે તે માટે સારી રીતે ભણાવી. પણ ભણ્યા પછી એમ માનવા લાગી કે પરણવાથી પતિની તાબેદારીમાં રહેવું પડશે. માટે કોઈ શ્રીમંત સાથે પણ લગ્ન કરવું નહી. શિક્ષણ લીધુ છે સારી નોકરી મળી રહેશે અને સારો પગાર મળતાં ખાવા પીવાની ચિન્તા રહેશે નહી. આમ વિચારી લગ્ન કરવાનું માંડી વાળ્યું. કોલેજમાં શિક્ષિકા તરીકે નોકરી મળવાની સાથે પગાર સારી રીતે મળવા લાગ્યો. હવે ખાઈ પીને મોજમઝા કરે છે તેવામાં કોઇ એકની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાથે દોસ્તી થઈ. વાર્તા વિનોદ કરવામાં શો વાંધો છે. આમ ધારી અધિક પરિચયમાં આવતાં સગર્ભા બની. ઘણો પસ્તાવો કરવા લાગી. વિષય સ્પર્શમાં આસક્ત બનવાથી ફજેતી પૂરેપૂરી થઈ. ગર્ભને ગાળવા દવા ખાધી. ગર્ભ નાશ પામ્યો પણ બીમારી અસાધ્ય લાગુ પડી. તેના માતા પિતાને પીડાનો પાર રહ્યો નહી. હવે તો જ્યાં જાય ત્યાં હડધૂત બને છે. દેખો ભાઈઓ ? વિષયના વિકારનો ઠંડો અને ગુઢ માર

## ૧૬૦ જેઓને આત્માની તથા આત્માના ગુણોની ખબર છતાં બડાઈ હાંકતા બોલે છે કે અમો દોષ વિનાના છીએ આશંસા રહિત ક્રિયાઓ કરી આનંદમાં રહીએ છીએ.

આ કથન તેમનું ઉચિત નથી. કારણ માનસિક વૃત્તિઓ જ્યારે આત્મિક ગુણોમાં રમણતા કરતી હોય છે ત્યારે આરંભ-સમારંભના કામો હોતા નથી. નિર્દોષ ધાર્મિક કાર્યો કરવામાં તથા ધર્મધ્યાનમાં લાગેલી હોય છે. કદાચિત્ પાપના કામો થઈ જાય ત્યારે નિન્દા. ગર્હા કરીને પુનઃ તેવા કામો કરવાની રૂચિ થતી નથી. માટે આરંભ સમારંભના કાર્યોને કરીને કહેવું કે અમો નિર્દોષ છીએ તે મિથ્યા છે દોષ રહિતને સંસારની લીલા-ક્રિયાઓ હોતી નથી અને પસંદ પડતી નથી. જે જે સંસારની લીલા કરી રહેલ છે તે સર્વે સદોષી છે આમ સમજી દોષોને દૂર કરવા માટે સતત જાગ્રત્ રહેવું. અને જ્ઞાન પૂર્વક ધાર્મિક કાર્યોમાં મનોવૃત્તિઓ લાગે ત્યારે દોષો ખસતા જાય છે. નહીતર સંસારની લીલા તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવો મીઠો માર મારે છે કે લીલા કરનારને પણ ખબર પડતી નથી. પરંતુ જ્યારે બે હાલ દશા થાય છે ત્યારે કાંઇક વિચાર આવે છે કે સંસારની લીલા–ક્રિયા કરવામાં સઘળી બાબતે બરબાદી થઇ શારીરિક–માનસિક શક્તિઓ નાશ પામી એટલે પરિણામે તો પરિતાપાદિ ઉત્પન્ન કરાવે છે એક શેઠની પાસે બે ઘોડાઓ હતા. તેઓને ગાડીમાં જોડી ફરવા જતા અગર અન્ય કાર્યાર્થે જતાં તેમાં એક અશ્વ, રવાલ ચાલે ચાલતો તેથી શેઠ તેના ઉપર ખુશી થઇ સારી રીતે સંભાળ રાખતો બીજો ઘોડો તોફાની અને બહુ ચંચલ હોવાથી તેને ઘણો માર પડતો અને ઘણી રેતિમાં રગડાવવામાં આવતો ત્યારે થાકી જઈને રીતસર ચાલતો આ પ્રમાણે પરમેશ્વરની આજ્ઞા મુજબ જે વર્તન કરે છે તે નિર્દોષ બનીને સુખી થાય છે પણ મન ગમતી લીલા કરવામાં તો કારમો માર પડે એમાં નવાઇ શી ? માટે સંસારની લીલા તે અંધકાર છે અને અંધકારમાં પ્રકાશ સિવાય અઢળક સંપત્તિ–સત્તા શકિત ગુમાવવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તેમાં કોઇ શું કરે ? પરમેશ્વર તો ફરમાવે છે કે મારી આજ્ઞાને રીતસર ઉઠાવી જ્ઞાન પ્રકાશ કરીને માનસિક વૃત્તિઓને દોડાવો એટલે અંધકારરૂપી સાંસારિક લીલામાં લૂંટવાનું થશે નહી. અને મોક્ષ માર્ગ તરફ સરલતા, સુગમતા એ પ્રયાણ કરવા સમર્થ બનશો પછી તમોને દેવ–દાનવ કે માનવ લૂંટી લેવા માર મારીને બરબાદી કરવા શકતમાન થશે નહી. માટે તમો જાહેરમાં બોલો છો કે અમો નિર્દોષ છીએ તે મુજબ વર્તન રાખશો તો બોલેલું સફલ થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાના દોષોને ગુપ્ત રાખવા જાહેરમાં આવે નહી તે માટે જેટલી બુદ્ધિ હોય તેટલી મહેનત કરે છે બોલવામાં ચાલાકી વાપરે છે પણ છેવટે તે દોષો જાહેરમાં આવતાં વાર લાગતી નથી. માટે તે દોષોને દૂર કરવા જેટલી બુદ્ધિ હોય તે પ્રમાણે પ્રયાસ કરો. પછી ભય શંકા ખેદ જેવું કાંઈ પણ રહેશે નહી. મનુષ્યોમાં પોતાની ઉન્નતિ થાય. તેવી બુદ્ધિ અને બલ રહેલું છે. પણ તેનો સદુપયોગ કરવાનું આવડતું ન હોવાથી ઉન્માર્ગે વાપરી દોષો કરતા રહે છે. અને મહાવિપત્તિઓમાં ફસાઈ દુઃખી બને છે માટે વિવેક પૂર્વક વર્તન કરો, ઘણે ભાગે જગત્ જર કરતાં પત્ની પરિવાર અને જમીન–ઘર મકાન માટે દેવ–દાનવ અને માનવો, દોષોને સેવી સુખી થવાના અભિલાષી હોય છે. પણ દોષો કપટ–પ્રપંચ કરવાથી તો કદાપિ સુખી થવાની અભિલાષા સફલ બનતી નથી. પણ વેર વિરોધાદિક વધે છે. અને બુદ્ધિ બલ તથા સંપત્તિનો હાનિ થવાનો પ્રસંગ આવે છે. બુદ્ધિ બલને ઉન્માર્ગે વાપરી કપટ કલા કરીને કુંટુબમાંથી–કંપનીમાંથી જુદા પડતા. અગર ફારગત થતાં વધારે ભાગને માગશે વધારે ભાગ ન મળતાં તોફાન કંકાસ કરશે અને સામે રહેલ સંબંધી પ્રેમ સાચવવા ખાતર અને સલાહ–સંપ રહે તે માટે વધારે ભાગમાં જર જમીન આપશે પણ જો ભાગ્યમાં નહી હોય. અગર સદ્વર્તન નહી હોય તો ભાગમાં આવેલ ભાગવા માંડશે. સરખુ મળે. અગર ઓછું મળે તો પણ સારા આચાર–વિચાર અને વિવેકવાનોને ભાગ્યાનુસારે અધિક મળી આવે છે અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેનો સદુપયોગ પણ કરી શકે છે. અને તેના યોગે બલ-બુદ્ધિમાં વધારો થતો રહે છે. એક સંસ્કારી કુંટુબ, એક મકાનમાં સંપીને એકત્ર રહેતું હતું. પણ પુત્રાદિ પરિવાર વધવાથી જુદા રહેવાનું થયું એટલે જર-જમીનની વહેંચણી કરવામાં આવી. દરેક ભાઈને સરખું મલ્યું છે પણ નાનો ભાઈ અધિક ધન-અને જમીનની માગણી કરે છે સમજાવ્યો માનતો નથી. અને કલહ કરવામાં તત્પર થાય છે મોટાભાઈ સંસ્કારી અને વિવેકી હતા-અધિક આપીશું તો નાનોભાઈ છે ને ભલે તે લઈને ખુશી થાય. આપણા ભાગ્યમાં હશે તો તેના આપ્યા કરતાં અધિક મળી આવશે આમ વિચારી તેની માગણી પ્રમાણે અર્પણ કર્યું. સંપ-સંબંધ કાયમ રહ્યો જ્ઞાતિમ આબ વધી. મોટાભાઈઓને પણ નીતિ પૂર્વક વ્યાપાર કરતાં તે નાનાભાઈને આપ્યું તે કરતાં વધુ ધન મળી આવ્યું માટે વિરોધ કરવાની જરૂર નથી.

**૧૬૧ તમારામાં ન્યાય નીતિપૂર્વક બુદ્ધિબલનો સદુ-પયોગ છે તો જરૂર ઈચ્છા મુજબ આવી મળવાનું, કારણ કે નીતિ-બુદ્ધિ અને બલથી જર-જમીન વિગેરે મળી આવે છે.**

અને તેનું રક્ષણ કરી શકાય છે જેની પાસે બુદ્ધિબલ તો છે. પણ ન્યાયનીતિ નથી. તેને કદાચ જર-જમીન વિગેરે મળે પણ દશબાર વર્ષો સુધી રહી શકે આગળ રહી શકવી તે દુર્લભ છે કારણ કે અન્યાય-અની તનું ધન-જમીન ટકતી નથી. અને દોષોને આવવાનો અવકાશ મળે છે માટે કોઈ પણ ઉપાયે નીતિ ન્યાય અને ધર્મને સાચવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુભવી સુજ્ઞો કહે છે કે ન્યાય નીતિ અને આત્મ જ્ઞાનથી સંસારમાં લેપવાનું થતું નથી અને શંખની માફક ઉજ્જવલ બનાય છે. પંચવર્ણી માટી ખાઈને શંખ તેજસ્વી અને શ્વેત બને છે તેની માફક જો તમો પાંચ ભુતોમાં-ભૌતિક પદાર્થોમાં લેપાશો નહી તો તમો ઉજવલ બનશો, પરંતુ ભૌતિક પદાર્થોમાં લિપ્ત બનેલા અનુભવી સુજ્ઞોનું કથન તે માનતા નથી અરે હાંસીપાત્ર માની ધિકકારી કાઢે છે પરંતુ જ્યારે અનુભવી જ્ઞાનીઓના વચનને અવગણી અનીતિના માર્ગે જાય છે ત્યારે અનેક વ્યાધિઓ વિડંબનાઓના ભોક્તા બને છે પછી તેમને સાન ઠેકાણે લાવવા માટે વિચાર આવે છે માટે ભૌતિકવાદના રસિકોના વચનો ઉપર અંજાઈ જવું નહી. પણ આત્મવાદમાં પ્રેમ રાખી તે માર્ગે પ્રયત્ન બનવું. ભૌતિક વાદીઓ કહે છે અમો જે કહીયે છીએ તે સુખનો માર્ગ છે અને કોઈની પરાધીનતા તે માર્ગે ગમન કરનારને રહેતી નથી. આત્મવાદમાં રસિયાઓ કેટલા સુખી થયા. તે કહો ? જુઓ અમે મોટર-બસ-એરોપ્લેનમાં મોજ કરીએ છીએ તમારે પગપાળા ચાલવું પડે છે અને કેટલું સંકટ સહન કરવું પડે છે. અમારી માન્યતામાં આવો તો તમોને યથેચ્છ ધનની પ્રાપ્તિ થાય. પત્ની પુત્રાદિક પરિવાર સુખેથી જીવન ગુજારે. આવા આવા લોભન-લાલચ આપીને તમોને આકર્ષણ કરશે પણ તમો બરોબર વિચાર કરશો કે ભૌતિક સુખ તો મદ-માન વિષય વિકારોને ઉત્પન્ન કરાવીને નીચ ગતિમાં ધકેલી દે છે. એમાં સદ્ગતિનું કારણ નથી. ઉલટું ભારે જોખમ છે અને કારમી કતલ છે પૈસાદાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રીમંતોની સંપત્તિ કે સાહ્યબીથી કે મોજમજા કરવાથી માણુ-સાઇ જૈનત્વ આવતું નથી પણ નીતિ નિયમ-વ્રતોની આરાધનાથી માણુસાઈ જૈનત્વ અને તેના યોગે દિવ્યતા પ્રગટે છે.

**૧૬૨ ધનાદિકમાં મોહ પામેલાઓ ધનાદિકને શોધતા પ્રયત્નશીલ બનશે અને અંતે-મરણુ વખતે પણુ તેનો આશાથી મુક્ત થશે નહી.**

કરોડપતિ-લાખોપતિ તો થયા પણુ અબજપતિ થયા નહી અને મોટાઈની ગણુત્રીમાં આવ્યા નહી. આમ અફસોસ કરતા કિલષ્ટ કર્મોનું ભાતું લઈ પરલોક જાય છે ત્યારે નીતિ નિયમ વ્રતોની આરાધના કરનાર ધનાદિકમાંથી મોહ ઓછો કરી સુંદર ધર્મધ્યાનના યોગે શુભ કર્મોનું ભાતું ગ્રહણ કરી પરલોકે પધારે છે.

**૧૬૩ શરીરે લષ્ટ પુષ્ટ દેખીને તથા મનોહર મકાનો અને સાહ્યબી દેખીને વ્રત નિયમને મૂકશો નહી તોજ આ લોકમાં પણુ સુખશાતા રહેશે.**

અને પરલોકમાં સારા સંસ્કારો પડેલા હોવાથી સંપત્તિ-સાહ્યબી મળશે ધનાદિકમાં સુખ માનનારો એક વ્રતધારી-નિયમ પાલનારને કહેવા લાગ્યો કે અલ્યાભાઈ ! વ્રત-તપાદિ કરવાથી તારી કાયા કરમાઇ છે તારામાં અમારા જેટલું બલ રહ્યું નથી. માટે વ્રત નિયમોનો ત્યાગ કરી અમારી માફક ધન મેળવા માટે દરરોજ પ્રયત્ન કર. પાંચમ આઠમે ચોદશે લીલોતરી ખાવી નહી. અને ઉપવાસ વિગેરે કરીને પૌષધ કરવો તેથી તને શો લાભ થયો ? ઉલ્ટો દુકાને નહી જવાથી તારા ગ્રાહકો અન્યત્ર જાય છે તેથી ગેરલાભ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય છે માટે પૌષધાદિનો ત્યાગ કરી દુકાને બેસ. જેથી કમાણી સારી રીતે થાય. અને બચ્ચા સુખી થાય. વ્રતધારીયે કહ્યું કે સુખી થવાનું સાધન તો સંતોષ છે ગમે તેટલી કમાણી થાય તો પણ નિશ્ચિંત જીવને જીવાતું નથી. અને અસંતોષ વધતો રહે છે. ભલે તમો ધન સાહ્યબીના આધારે મોજમજા કરો. પણ તે અસંતોષનો તાપ શમ્યો છે ? અને જ્યાં સુધી તે પાપ શમે નહી ત્યાં સુધી કાંઇક ને કાંઈ દુઃખ રહેવાનું જ. આ મુજબ વાત કરીને બે જણા પોતે પોતાના કામે લાગ્યા. આઠમના દિવસે વ્રતધારીએ સાચી ભક્તિ કરવા માટે ઉપવાસ કરીને પોસહ લીધો. ધર્મધ્યાને આરૂઢ થયો. કાપડની દુકાન બંધ કરેલી હોવાથી તે તરફના વિચારો કરતો નથી. એવામાં ગુંડાઓએ મુંબઈમાં લૂંટ ચલાવી જેની દુકાનો ખુલ્લી હતી તે સઘળાઓને માર મારીને લુંટી લીધા. પેલા ધન -રસિયાની દુકાનનો માલ સઘળો લુંટાયો પણ જેણે પોસહ લીધો હતો તેની દુકાન બંધ હોવાથી તે ગુંડાઓ લૂંટ કરી શકયા નહી. પેલો લૂંટાએલ ઘરે આવીને રડવા લાગ્યો કારણ કે સઘળી મિલ્કતનો માલ દુકાનમાં ભર્યો હતો તે લૂંટાઇ જવાથી તદ્દન ગરીબાઈ આવી. બીજે દિવસે વ્રતધારી પોસહ પાળીને ઘેર આવ્યા. સર્વ લૂંટની માલુમ પડી. અને વિચાર કરવા લાગ્યો કે, સંતોષ રાખીને પોસહ લીધો. તેથી લુંટવાનું થયું નહી. અને ધનમાલનું રક્ષણ થયું અને ધર્મક્રિયાની આરાધના રીતસર થઈ માટે હવે તો કદાપિ ઉપવાસાદિકનો ત્યાગ કરવો નહી. ભલે પેલો અને એના જેવા બોલ્યા કરે પણ પરિણામે લાભ છે. ધનના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંપત્તિના રસિયાનો ગર્વ ગળી ગયો. તે પણ ધીમે ધીમે ધર્મક્રિયાથી સુખી થયો. માટે સદા આત્મવાદને તથા વ્રત-નિયમને ભૂલો નહી. નહી ભુલનારાઓ સાચી સાહ્યબીવાળા બને છે.

**૧૬૪ શારીરિક માનસિક અને આત્મિક વિકાસ સાધવાની ઇચ્છાવાળાએ, એટલે બળવાન થવાના અભિલાષી જનોએ પ્રથમ ક્ષમાને ધારણ કરવી જરૂરની છે.**

આ સિવાય ઉન્નતિનો–વિકાસનો કે શક્તિ–સંપત્તિને પ્રાપ્ત કરવાનો અન્ય માર્ગ નથી. કોઈ એમ કહે કે, ક્ષમા ધારણ કરવી તે નિર્બલ અશક્તનું કાર્ય છે. શક્ત બલવાન માણસો ક્ષમાને ધારણ કરતા નથી. પણ બરોબર શિક્ષા આપે છે. આ તેમનું કહેવું યોગ્ય નથી કારણ કે શક્તિ વિહીન માનવો ક્રોધ વિગેરેને કરતો હોવાથી વધારે બલહીન બને છે તેથી તેમની પોતાનું કામ સાધવાની બુદ્ધિ બહેર મારી જાય છે અને પોતે પોતાની પાયમાલી કરે છે. દુર્યોધને પાંડવો ઉપર કોપાતુર બની કારમો કેર વર્તાવ્યો પણ અંતે પોતાના રાજ્યની–પરિવારની અને કુટુંબ અને જેઓએ તેનો પક્ષ-પાત કર્યો તેઓની પાયમાલી કરી. અને જગતમાં દુર્જન તરીકે જાહેર થયો ત્યારે ક્ષમાને ધારણ કરનાર પાંડવોએ ગએલી રાજ્ય–ઋદ્ધિને પાછી પ્રાપ્ત કરી સજ્જન તરીકે પ્રસિદ્ધ થયા. નીતિ શાસ્ત્રકારો પણ કહે છે

क्षमा बलमशक्तानां, शक्तानां भूषणं क्षमा–
क्षमा वशीकृतिर्लोके क्षमया किं न सिध्यति–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અશકતોને બલ આપનાર તથા બુદ્ધિ–સંપત્તિ આપનાર ક્ષમા છે અને શકતોનું ભૂષણ ક્ષમા છે બલવાન બનીને ક્ષમા રાખે નહી તો શક્તિહીન અને વૈર વિરોધાદિક કરીને પાયમાલ થાય. ક્ષમા વડે સઘળુ જગત વશ બને છે પોતે ભીતિ પામતો નથી અને અન્યજનોને ભયમાં નાંખતો નથી. તેથી ક્ષમાને ધારણ કરનાર કઇ કઇ સિદ્ધિને મેળવતા નથી. વાંછિત સિદ્ધિને પ્રાપ્ત કરી અનુક્રમે આત્મિક વિકાસને સાધી પરમપદને પામે છે અને કષાય કરનાર જન્મ–મરણના સંકટોમાં સપડાઈ સંસારમાં પરિભ્રમણ કરે છે માટે સામે આવેલ પ્રાણીઓ તથા માનવો ઉપસર્ગો મારામારી કરે તો પણ ક્ષમા રાખવાની જરૂર છે. દ્રૌપદીની માફક. કુરૂક્ષેત્રમાં યુદ્ધ કરતાં દુર્યોધને સર્વ સગાંવહાલા–પુત્ર મિત્રો માર્યા ગયા હોવાથી અધિક ક્રોધાતુર બની દ્રોણના પુત્ર અશ્વસ્થામાને કહ્યું કે તું જો પાંડવોના મસ્તકો કાપી મારી પાસે લાવે તો મને શાંતિ થાય. અને તારે પણ તારા પિતાનું વેર વળે અશ્વસ્થામા યુદ્ધમાં સ્વપિતા દ્રોણાચાર્ય મરી ગએલ હોવાથી પાંડવો ઉપર ઘણો ક્રોધી બનેલ છે તેમાં વળી દુર્યોધનના વચનરૂપી ઘ્યાસતેલ રેડાયું. જો કે અશ્વસ્થામા હતો તો બળવાન પણ પાંડવોને પહોંચી શકે એમ નહોતો તેથી રાત્રિના વખતમાં દ્રૌપદીના દીકરા પાંચ જે સ્થલે સૂઇ રહેલા છે અને ભર નિંદ્રામાં છે તે લાગ જાણી પાંડવોના સરખા મુખવાળા જાણી તેઓના મસ્તકો કાપી દુર્યોધનને આપ્યા. પણ સવારમાં તેઓના પુત્રોના મસ્તકો જાણી નાખુશ બન્યો અને કહ્યું કે આ માંથા પાંડવોના નથી. તેમના પુત્રોના છે તેથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અફસોસ કરવા લાગ્યો એક બાજુ પાંડવો અને દ્રૌપદી પોતાના પુત્રોના ધડ દેખી રૂદન કરવા લાગ્યાં. દ્રૌપદીએ કહ્યું કે આ કારમું કામ અશ્વસ્થામાએ કરેલ છે માટે તેને મારી પાસે પકડી લાવો અને તેનું મસ્તક કાપી નાંખો ત્યારે જ મને શાંતિ થશે આ સાંભળી ભીમસેન તેને પકડી લાવી દ્રૌપદીની આગળ હાજર કર્યો. તે વખતે તેની કંગાલ અવસ્થા દેખી દ્રૌપદીને દયા આવી. અને વિચાર-વિવેક કરે છે કે મારા પુત્રો મરણ પામવાથી મને અત્યંત દુઃખ થાય છે અને શોક સંતાપમાં બળવું પડે છે તેમ તેને મારી નખાવવામાં તેની માતાને અધિક દુઃખ થશે શોક પરિતાપ થશે અને મારા પુત્રો મરણ પામેલા તેને મારી નાખવાથી પાછા આવવાના નથી. માટે ક્ષમા રાખવી તે કલ્યાણકર છે આમ સમજી ક્ષમાને ધારણ કરી તેને મુક્ત કરાવ્યો અને અપકારી ઉપર ઉપકાર કરવાનો દાખલો બરોબર બેસાડયો તેથી દ્રૌપદી સતી તરીકે જાહેર થયાં. અને પરમપદને પામ્યાં. માટે આત્મિક માનસિક-શારીરિક બલની સફલતા કરવા માટે ક્ષમા ધારણ કરવી. તેથી આગળ અનંત ગુણોના સ્વામી બનાય છે મૃદુતા-સરલતા-સંતાપ વિગેરે ગુણો વિગેરેને રહેવાનું સ્થાન મળે છે છ ખંડને સાધી જે ચક્રવર્તીઓએ વિજય પ્રાપ્ત કર્યો હોય છે તેના કરતાં ક્ષમાને ધારણ કરીને જે વિજય મેળવ્યો હોય છે તેની કિંમત અનંત ઘણી વધારે છે તેમાં સ્વપરનું કલ્યાણ છે પરંતુ ક્ષમાને ધારણ કર્યા સિવાય સામાનો પરાજય કરવા. કે વૈરની વસુલાત કરવા. મારામારી-લડાઈ કરશો તેમાં સામાનું કલ્યાણ નથી. અને તમારૂં પણ હિત નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કારણ કે સામો માણસ વેર વાળવા સાધનો એકઠા કરીને તમારી સાથે લડાઇ કરવાની ધારણા રાખશે તમે જો આળસમાં રહ્યા તો તે ફાવી જવાનો આમ વેરની પરંપરા વધવા વાથી કોઈ પ્રકારે હિત થવાનું નહી જ.

**૧૬૫ તમારે વેર વાળવું હોયતો અને વિજય મેળવવો હોય તો, ક્રોધાદિક જે શત્રુઓ ખરેખરા છે. અને બરબાદી કરી દુર્ગતિમાં ધકેલી દેનાર છે તેની સાથે યુદ્ધ કરીને વિજય પ્રાપ્ત કરો**

તે મળેલો વિજય દરેક બાબતમાં તમોને સમર્થ બનાવશે. અને આત્માની શક્તિને વધારવામાં સારી રીતે સહકાર આપશે. પછી સાચી સ્વતંત્રતામાં તમો લહેર કરશો. બહારના શત્રુઓનું પણ બલ ચાલશે નહી. અન્યથા તો સાધન સંપન્નતાના આધારે પ્રાપ્ત કરેલો વિજય, પરાજયમાં પરિવર્તન પામશે. ખતે હાલમાં સુખ સાહયબી છે તે પણ રહેશે નહી. क्षमा वीरस्य बलं-भूषणं,

" કોઈ એક માણસ ભૂંડો-લુચ્ચો હોય તેની સાથે ભૂંડાઈ લુચાઈ કરવી તે સજ્જનોનું કર્તવ્ય નથી, તેવાની સામે ભૂંડાઇ કરવામાં આવે તો તેઓ પણ ગુન્હા પાત્ર બને છે. માટે ક્ષમા રાખી સહન કરી લેવું તેમાં સજ્જનતા અને મહત્તા છે. આમ સહન કરવાથી ભૂંડાઇ કરનારોજ દોષ પાત્ર અને શિક્ષાપાત્ર ઠરશે. ભલા સજ્જનો, ઉપર દુર્જનો ભલાઈ કરતા નથી અને ભુંડાઇ કરતા રહે છે, ત્યારે ઓચિંતી તેઓને શિક્ષા બરોબર થાય છે. તે વખતે તે ભૂંડા માણસોજ ઘણા દુઃખી થાય છે. કારણ કે શેરને માથે સવાશેર જગતમાં હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક શેઠ, શ્રીમંત અને સરલ હતા. તેમની પેઢીમાં મુનીમ અને તેના હાથ નીચે ગુમાસ્તા હતા. શેઠની આવક અને શ્રીમંતાઇ દેખી મુનીમને અદેખાઈ થઇ અને માનવા લાગ્યો કે, મારી કુશળતાથી શેઠ બહુ કમાય છે. અને મનમાનતો પગાર આપતા નથી. માટે એવો ઉપાય કરવો કે શેઠની હલકાઈ થાય. અને નિન્દા પાત્ર બને અન્યોપાય ન હોવાથી ગુમાસ્તાઓની આગળ ગુપ્ત છાની નિન્દા કરવા લાગ્યો. કે શેઠ. ઘણા કૃપણ છે. મુંજી છે. માટે તેમને છેતરી રૂપિયા અદ્ધર ઉઠાવી લેવા. તમને પણ ભાગે પડતુ આપવામાં આવશે. કોઇને કહેવું નથી. ગુમાસ્તાઓ પણ લોભી બની તેની વાત માની રૂપિયા ઉઠાવવા લાગ્યા. જ્યારે શેઠ પુછે છે. કે ચોપડામાં જમે છે. અને ત્રિજોરીમાં રૂપિયા નથી. ક્યાં ગયા ? અમોને શી ખબર ? તમે જાણો આ પ્રમાણે કહીને ગુમાસ્તા તથા મુનીમ, ઉઠાવગીર બનેલ છતાં. નિર્દોષતા પોતાની જાહેર કરે છે. અને કહે છે કે, બીજાઓ ઉઠાવી જાય છે. અને અમારા ઉપર ચોરીનો આરોપ મૂકો છો. તે ઠીક નહી. શેઠ વિચાર કરે છે કે તેઓના ઉપર વિશ્વાસ રાખ્યો પણ બરોબર તપાસ રાખી નહી. તેનું આ પરિણામ આવ્યું, હવે બરોબર તકેદારી રાખવી. દરરોજ રોજમેળ તપાસે છે અને આવકની તપાસ કરે છે. તેથી થોડોક વખત લાગ ફાવતો નથી, પણ તેઓની લુચ્ચાઈ કરવાની જે ટેવ પડી છે તે કયાંથી જાય ?

ભૂંડા માણુસો ભલાઇ કરનારના ઉપર ફાવી જાય છે અને ભલાઇ કરનારના ઉપર દોષ આરોપણ કરતાં પણ અચ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફાવતા નથી. દરરોજ તપાસ કરતા હોવાથી રૂપિયા ઉઠાવવાનો લાગ મળતો નથી. તેથી મનમાં મુઝાય છે એટલામાં અગત્યના કામ માટે શેઠને બહાર ગામ જવાનું થયું ત્યારે શેઠે ગુમાસ્તાઓ અને મુનીમને કહ્યું કે બે દિવસે મારે જરૂરના કામે બહાર ગામ જવું પડે એમ છે માટે બરોબર પેઢીનું કામ ચલાવજો આ સાંભળી પેલાઓ ખુશી થયા. અને કહેવા લાગ્યા. તેની ફીકર-ચિન્તા કરતા નહી. અમો બરોબર તપાસ રાખીશું. શેઠ ઘેર ગયા. જમી કરીને તૈયાર થાય છે તેવામાં જે ગામમાં જરૂરનું કામ હતું તે ગામથી સારા માણસ સાથે સંદેશો આવ્યો કે તમારે અત્રે આવવાની જરૂર નથી. ધક્કો નકામો ખાતા નહિ. સઘળુ કામ પતી ગયું છે આ સાંભળી શેઠ ખુશી થયા. અને દુકાન તરફ ચાલવા માંડયું. હવે પેઢીમાં પેલાઓ શેઠ બહાર ગયા છે આમ ધારી છાની રીતે તિજોરી ઉઘાડી રૂપિયા ઉઠાવવા લાગ્યા. અને ગજવામાં મૂકે છે તેટલામાં શેઠ આવીને હાજર થયા. અને કહ્યું કે અલ્યા આ શું કરો છો ? તિજોરી ઉઘાડી રૂપિયા ઉઠાવો છો ને ? અરે બદમાશો ? પહેલાં પણ તમોએ રૂપિયા ચોર્યા છે એમ સાબીત થાય છે તમોજ ચોર છો. અને બીજાના ઉપર આરોપ મૂકો છો આ સાંભળી મુનીમ ગુમાસ્તા શેઠને દમદાટી આપવા લાગ્યા કે માલ લીધેલાના રૂપિયા આપવા માટે તિજોરી ઉઘાડીને રૂપિયા બહાર કાઢીએ છીએ તેવામાં તમો આવ્યા. એટલે અમો ચોર બની ગયા. તમે કેવા છો ? જેમ તેમ ફેંકે રાખો છો ? શેઠે ખીસ્સામાં મૂકેલા રૂપિયા બહાર કાઢયા અને કહ્યું કે તમોને આજથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રજા આપવામાં આવે છે બહાર ચાલ્યા જાઓ. પેલાઓ બહાર ગયા. અને બીજી પેઢીમાં રહ્યા. અને પ્રથમના શેઠની નિન્દા કરવા લાગ્યા. બે ત્રણ વર્ષ તો સારી રીતે રહ્યા. જે ટેવ પડી છે તે પાછી અહિં હાજર થઈ. પાછી આ બીજી પેઢીમાં ચોરી કરવા લાગ્યા. શેઠને કહે છે કે અમો ચોરી કરતા નથી પણ એવો ચોર એવો છે કે તે ચોરી કરતાં દેખાતો નથી. શેઠને વહેમ પડયો અને છટકુ ગોઠવ્યું. તેમાં પેલા મુનીમ વિગેરે પકડાઈ ગયા. શેઠે પોલીશ બોલાવી પકડાવ્યા. બાર માસની શિક્ષા અને એક હજાર દંડના રૂપિયા ભરવા પડયા કેદમાં રહી મજુરી કરવી પડી. નરમઘેંસ જેવા થયા. આબરૂની સાથે રૂપિયા પણ ગયા. હવે તેઓને કોઈ પેઢીમાં રાખતું નથી. મહા દુઃખી થયા. આ પ્રમાણે એવી આફત લુચ્ચાઓને આવી પડે છે કે જીંદગીમાં ચોરી કરવાની ખોડ ભુલી જાય. માટે ભુંડાઇમાં લુચ્ચાઈમાં છેવટે તો સંકટ છે આમ સમજી ભુંડાઈને ભુલી સરલ અને સજ્જન સાથે કપટ રહિતપણે રહેવું. ભલાઈ કરવી તેમાંજ આનંદ છે.

"સંપત્તિ સત્તા અને સાહ્યબીના આધારે મદોન્મત્ત–છાકેલા, શ્રીમંતોને, અનુયાયી માણસોની તથા નોકર–ચાકરની જરૂર રહેલી હોવાથી, તેઓને વિવિધ લાલચો આપી પ્રથમ ખુશી કરે છે. પછી પોતાના તાબેદાર બનાવવા અનેક યુક્તિઓ ઘટનાઓને યોજ્યા કરે છે, તેથી તેઓ અમારી ગરીબાઈ દરિદ્રતા દૂર કરી સુખમાં રાખશે. આમ સમજી તેમના વચનોને શિરસાવંદ્ય માની તેમની તાબેદારી ઉઠાવે છે. અને કષ્ટોને સહન કરીને પણ તેમણે બતાવેલ કાર્યો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે છે. પરંતુ તેવા શ્રીમંતો તે અનુયાયી નોકર-ચાકરની કદર કરતા નથી. સહેજ અપરાધ કે દોષ થતાં તેઓને શિક્ષાપૂર્વક રજા આપે છે. એવાઓની ખુશામત કરનાર અંતે પસ્તાય છે. માટે શેઠીયાઓની ખુશામતમાં અંજાવું નહી, અને તેઓની લાલચમાં લપટાવું નહી. સર્વે શ્રીમંતો છકેલા હોતા નથી. કેટલાક વ્રત નિયમ ધારી પણ હોય છે, તે તો પોતાના અનુયાયીને નોકર-ચાકરનું કલ્યાણ-હિત કરનાર હોય છે, તેઓની કરેલી ખુશામત લેખે લાગે છે, ભલે પછી કષ્ટ લાગતું હોય પણ અંતે લાભદાયી નિવડે છે. અને સુખી જીવન ગુજારે છે. માટે ધાર્મિક શ્રીમંતોની સેવા ચાકરીમાં ધ્યાન રાખવું,

એક શ્રીમંતની પાસે ગાયો ઘણી હતી. તેથી ગોવાળને રાખવાની જરૂર પડી, રાખેલા ગોવાળને પગાર અને સાથે ખાવાનું પણ આપતા તેથી તે ગોવાળ ગાયોની સારી રીતે પોતાની છે આમ માની સંભાળ રાખતો, શેઠ તેને ધર્મ પામે અને કલ્યાણ સાધે તે માટે કહે છે. કે તું દરરોજ દેરાસરમાં જઈને પરમેશ્વરના દર્શન કરે અને ગુરૂને વંદના કરે તો તને પગારમાં બે રૂપિયા અધિક આપવામાં આવશે. ગોવાળ પણ શેઠના કથન મુજબ દર્શન વંદન કરે છે. પછી ગાયો ચારવા જાય છે. એકદા ગોવાળે પ્રશ્ન કર્યો. પરમેશ્વર અને ગુરૂદેવને દર્શન વંદન કરવાથી શો લાભ થાય? શેઠે કહ્યું કે તેમના ગુણો જાણવાના વિચાર જાગ્રત્ થાય અને તેમના ગુણોને ગ્રહણ કરવાથી સાચી સુખ સંપત્તિ મળે. શેઠ ગુણોની ગોવાળને સમજણ આપવાથી પ્રભુ ગુરૂના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુણોમાં ઘણો પ્રેમ જાગ્યો. ગુરૂની પાસે જઈને વંદના પૂર્વક ચોરી-જારી ન કરવાનો નિયમ લીધો. તેથી શેઠ. ઘણા ખુશી થયા. ગાયો ચરાવવાનું મુકાવી દઈ, ઘરના કામકાજમાં જોડયો. ઘરના કામકાજ સારી રીતે કરતો હોવાથી નવકાર મંત્રને શિખવાડી નવકારવાળી ગણાવતો કર્યો હવે તો આ ગોવાળને અધિક આનંદ થયો. ઘરના કામ સફાઈબંધ કરીને ટાઈમ મળતાં નવકારમાં મનોવૃત્તિને સ્થિર કરવા લાગ્યો. તેથી આયુષ્ય પૂર્ણ થયા પછી સદ્ગતિનું ભાજન બન્યો. આવા શેઠીયા-ઓની નોકરી કરેલી સુખશાતા પૂર્વક સદ્ગતિને મેળવવામાં સારૂ સાધન છે. પણ તે વ્રતધારી વિનાના શ્રીમંતો છે તો છે તેઓને જે દર્શન-વંદનાના અભિલાષીઓને દુકાન પેઢી ઉપર રાખવાને ઈચ્છતા નથી. કારણ કે તેઓ એમ માને છે. કે એવા નોકરો દર્શન વંદન કરવામાં વખત લગાડે અને પાછા ચોવિહાર કરતાં હોવાથી સાંજરે વહેલા જાય. માટે એવાને રાખવા નહી. અને જે વ્રતવિનાના-નિયમ વિનાના છે તેઓને રાખવા. આવા શેઠીયાને વિચાર પણ આવતો નથી કે, વ્રતધારી નોકરો ચાકરો ઘરના કામમાં-દુકાનના કાર્યોમાં દગો દેશે નહી. બેવફા બનશે નહી. નિયમવિહીનો તો ક્યારે બેવફા બને છે તે જાણી શકાય નહી. તેવા નોકરો પ્રથમ તો એવું કામ બજાવે વખતસર આવે કે શેઠ ખુશી ખુશી થાય. પરંતુ તેઓની નજર તેમની મિલ્કત ઉપર હોય છે. લાગ મળતાં રૂપિયાની થેલી ઉપાડીને ચાલતા થાય. ત્યારે તેમને માલુમ પડે કે તે નોકરે દગો દીધો. અને રૂપિયા લઈ ચાલ્યો ગયો. આવા ગુન્હાઓ તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેવા નોકરો કરે છે. પણ વ્રતધારીએ કરતા નથી. માટે વ્રતનિયમ ધારી નોકરોને રાખવામાં શાંતિ રહે છે.

એક શ્રીમંતે ઉઘરાણી લાવવા માટે નોકરને રાખ્યો. પૂરતો પગાર આપે છે. છતાં તેને સંતોષ રહેતો નથી. ચાલાક હોવાથી ઉઘરાણીના રૂપિયા જલ્દી લાવીને આપે છે. તેથી ઘરની વસ્તુએ લાવવા માટે તેને કહ્યું. વસ્તુએ લાવી આપે છે. પણ તેમાં ઓછી કિંમતે લાવેલી વસ્તુઓને મોંઘા ભાવે આવેલી છે. આમ કહીને તેમાંથી પૈસા અદ્ધર ઉઠાવવા લાગ્યો. શેઠ–શેઠાણી ખબર પડે નહીં તે માટે જેની દુકાનેથી માલ લાવે છે. તેને કહી મૂકેલું કે. કદાચ શેઠ આવી પુછે તો ત્યારે મારા કથન મુજબ ભાવ કહેવો. આમ દરેક બાબતમાં ઉઠાવગીરી કરવા લાગ્યો. એક વખત શેઠાણીને મોતીનો હાર તૂટી ગયો અને મોતી વેરાઈ ગયા. એકઠા કરતાં બે મોતી હાથમાં આવ્યા નહી. ગુમાસ્તાને કહ્યું કે બે મોતી જડતા નથી. તેઓની તપાસ કર, આમ કહીને શેઠાણી પોતાને ઘેર આવેલ સંબંધી સાથે વાત કરવા લાગી. પેલા નોકરના હાથમાં તપાસ કરતાં ખૂણામાં ગબડી ગએલ મોતી બે હાથમાં આવ્યા. તે દેખીને મન લલચાયું. બે મોતી છાતીના ગજવામાં છાની રીતે મૂકીને કહેવા લાગ્યો શેઠાણી ! તપાસ કરતાં હાથમાં આવ્યા નહી. કોણુ જાણે કયાં ગબડી પડયાં હશે ? શેઠાણીએ શોધ કરી. પણ હોય તો મળેને ? મનવાળી શેઠાણી પોતાના કામમાં લાગી, શેઠને પણ ખબર પડી. પણ તપાસ બરોબર કરી નહી. આ નોકરને પેંધુ પડયું. આમ કરવામાં રૂપિયા મળે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. એક વખત બીજી પેઢી ઉપર શેઠે રૂપિયા ભરવા મોકલ્યો. પણ માર્ગમાંથી જ પૈસા લઈને તે નાશી ગયો. હાથમાં આવ્યો નહી. અને ચાર હજારની નુકશાની વેઠવી પડી. આ પ્રમાણે વિવેક-વ્રત વિનાના નોકરને રાખવાથી મ્હોટી હાનિ થાય છે. માટે જાત-કુલવાન્-નોકરને રાખવા. કારણ કે તેને ભય પણ રહે છે.

## ૧૬૫ ક્રોધાતુર થએલ માનવો સુધરતી અને સુધરેલી પોતાની સ્થિતિને બગાડી નાંખે છે. લાભના બદલે ગેરલાભ ઉઠાવી પોતે જ પોતાની દીનતા હીનતાને ઉભી કરે છે.

ક્રોધને કરતા તેઓ એમ સમજે છે કે તેના વિના માણસો અને પશુ પંખીઓ પોતાના વશવર્તી બનતા નથી, ગુસ્સો કરવાથી ધાર્યું કામ બની શકે છે. જો ક્રોધ-ગુસ્સો કરીએ નહી તો જગતના લોકો નિર્માલ્ય માની અધિક સતાવ્યા કરે, માટે તેની પણ જરૂર છે. આવા વિચારો કરવાથી પણ વિવેક આવી શકતો નથી. અને જ્યારે બરોબર પોતાના કાર્યો બગડે છે. ત્યારે કંઈક વિચાર આવે છે. કાર્ય વિણશી ગયા પછી વિચાર કરવો તે વૃથા છે. ક્રોધની પહેલાં અદેખાઈ હોવાથી તેના સંબંધી તરીકે તે હાજર થાય છે. પછી તો બુદ્ધિ-શુદ્ધિ અને સંબંધનો ખ્યાલ રહેતો નથી.

બે ભાઈઓ એકજ પિતાના પુત્રો હતા, પ્રેમ એવો કે દુધ અને પાણી જેવો એકના દુઃખ-પીડા અને ચિન્તા થાય ત્યારે બીજાને દુઃખ વિગેરે થાય શરીર જુદા પણ મન એક સરખા હતા, તેથી આનંદથી ગૃહસ્થ ધર્મ યોગ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાર્યો રીતસર કરી શકતા. સગાં વહાલાંમાં તેમજ ગામમાં તે બે ભાઈઓના વખાણ થતાં. પરંતુ એક રૂપાળી કન્યા ઉપર બે ભાઈઓને રાગ-પ્રેમ લાગ્યો. મ્હોટો ભાઈ કહે છે. મારે તેની સાથે લગ્ન કરવું. નાનો કહેવા લાગ્યો કે મારે તેની સાથે પરણવું છે. આમ બોલાબોલી કરતાં જે પહેલાં પ્રેમ હતો તે નષ્ટ થયો તેના બદલે અદેખાઈ હાજર થઈ. મ્હોટોભાઈ મ્હોટાઈને તિલાજંલી આપી નાનાભાઈને મારી નાંખવાની યોજના કરવા લાગ્યો. નાનાભાઈને તે યોજનાની ખબર પડી તેથી તે પણ પ્રથમનો પ્રેમ-સ્નેહ ભૂલીને મ્હોટા ભાઈને મારવાની પેરવી કરવા લાગ્યો. હવે તો એક બીજાને દેખે છે ને આંખોમાંથી અંગારા ઝરે છે. પણ મારવાનું ફાવતું નથી. ઘરના માણસો કાર્યવશાત્ બહાર ગયા ત્યારે અદેખાઈએ નવીનરૂપ ધારણ કર્યું, ક્રોધના આવેશમાં આવી. બે ભાઈઓ, લાઠીઓને લઈ મારો ચલાવવા લાગ્યાં. મ્હોટા-ભાઈને મર્મ સ્થલે ચોટ લાગવાથી મૂર્છા ખાઈ નીચે ઢળી પડયો. અને તેની લાકડીની ચોટ નાનાને લાગી તે પણ "હાય હાય" કરતો મરણ પામ્યો. ઘરમાં આવેલ માતપિતા બે પુત્રોને મરણ પામેલા દેખી રડવા લાગ્યાં. અને અફશોસ કરવા લાગ્યાં. કે બે બાઈઓને અનન્ય સ્નેહ હતો છતાં સામાસામી મારો ચલાવીને કેમ મરી ગયા ? તપાસ કરતાં માલુમ પડી બેમાંથી એકને વિચાર-વિવેક આવ્યો હોતે તો મરણ પામત નહી. પણ તે મૂર્ખાઓએ વિચાર પણ કર્યો નહી કે કન્યા એકને પરણશે બે જણાને તો નહી પરણેને ? પણ અદેખાઈના યોગે ક્રોધાતુર બનવાથી કયાંથી સુઝે ? આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુજબ પૈસા ખાતર-જમીન ખાતર એક બીજાને મારી નાંખે છે. કદાચ મારામારી કરતાં કોઈ મરણ પામે નહી. તો પણ રાજા અને કર્મ તેને મુક્ત કરતું નથી. માટે દુન્યવી ચીજો માટે અદેખાઈ કરવી નહી. અને કોપાતુર બનવું નહી, 'દુધમાં ખટાશ પડતાં તે ફાટી જાય છે.' પછી દુધ જેવી મીઠાશ રહેતી નથી. ખટ રાગ થયા પછી સંપત્તિ સાહ્યબી રીતસર સુખ શાંતિ આપે કયાંથી? દાન-શીયલ-તપ ભાવનાથી ભાવિત બનેલ આત્માને ત્યાં સુધી નિર્મલતા રહે છે કે જ્યાં સુધી અદેખાઈ કોપ વગેરે થયો હોય નહી, ત્યાં સુધી. જો તે હાજર થાય તો દુધ જેવો નિર્મલ આત્મા પણ મલીન બને છે. માટે દુન્યવી વસ્તુઓની આસક્તિનો ત્યાગ કરી કષ્ટ પડે તો પણ સહન કરી તેવા પ્રસંગે વિચાર વિવેક લાવવો તે શાંતિનો માર્ગ છે. 'છેવટની શાંતિ આગળના દુઃખોને દબાવી દે છે.' એટલે દુઃખ જેવું લાગતું નથી. આત્માના ગુણના રાગીઓને તો આસકિત નહી હોવાથી સાંસારિક કષ્ટ જનક પ્રસંગો ઉપસ્થિત થતાં વિચાર-વિવેક લાવી સઘળુ સહન કરી લે છે. અને શાંતિ પૂર્વક જીવન વ્યતીત કરી સ્વર્ગે જાય છે.

**૧૬૬ ધર્મને ભૂલી નીતિ ન્યાયનો ત્યાગ કરી માનવો. ક્ષણ ભંગુર નજરે દેખતાં ખસી જતી વસ્તુઓમાં રાજપાટ સુખ સાહ્યબીમાં અધિક લપટાય છે. તેમ તેમ વિકલ્પ-સંકલ્પ-શોક સંતાપ વેલડીની માફક વધતા રહે છે.**

અને વખત આવે ત્યારે પેટ ભરીને માર પણ ખાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. અને રાજપાટ વિગેરે રહેતું પણ નથી. દુર્ધ્યાન થવા લાગે છે. એટલે કોઇ પ્રકારે મન સ્થિરતા ધારણ કરતું નથી 'સત્ય યોગ જો કોઈ હોય તો પ્રથમ મળેલી સાહ્યબીમાં લપટાવું નહી. તે છે. જો લંપટ બન્યા તો આવી બન્યું માનજો. તથા ઋદ્ધિ-સિદ્ધિના આધારે સન્માન-સત્કારની ઇચ્છા રાખશો તે પણ શોક સંતાપાદિને આમંત્રણ આપવા જેવું છે. તમારામાં સદ્ગુણો હશે. ઉદારતા-નિષ્કપટતા ઈન્દ્રિય જય હશે તો સન્માનાદિ નહી ઇચ્છો તો પણ આવી મળશે. જગત્ સન્માનાદિ આપવા તત્પર બનેશે માગે તેને મળતું નથી. નથી માગતા તેને આવી મળે છે. માટે પરસ્પર સહારો આપી દુઃખ પીડાઓમાં આશ્વાસન આપી તથા જ્ઞાન પૂર્વક લંપટપણાનો ત્યાગ કરવા તૈયાર થવું જોઇએ. અને પ્રેમસ્નેહને વધારી હળી મળીને રહેવું—

**૧૬૭ જેના આધારે સગાંવહાલાંઓની આજીવિકા ચાલતી હોય અને મિત્રો વિગેરેને મદદ મળતી હોય તે ઉદારતા-દીર્ઘદર્શિતા વિગેરે ગુણો જાણવા.**

આમ તો દરેક માણસો પોતાનું પેટ ભરે છે તેમાં કાંઈ વિશેષતા કહેવાય નહી. કોઈ ઉપકાર વિના માત્ર પોતાનું પેટ ભરવા અનેક દોષોને સેવે છે તેજીવતા મરેલા કહેવાય છે.

કોઈ શહેરમાં બે ભાઈઓ હતા. તેમાં નાનો ભાઈ ધનાઢય હતો અને મોટો સાધારણ સ્થિતિનો હતો છતાં સદાચારી પ્રભુ ભકિત સેવા કરતો. શકય ઉદ્યોગ કરી પોતાનું અને પરિવારનું જીવન ચલાવતો. નાનો ભાઇ અને તેની સ્રી મોટાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મશ્કરી કરતાં કે કેવો ભિખારી હાલતમાં છે અને તુચ્છ ગણી મોટો મદદ લેવા આવે ત્યારે તેને તિરસ્કાર કરીને કાઢી મૂકતાં કોઈપણ પ્રકારે સહારો આપતાં નહી. તેથી મોટો ભાઈ ચાલીશ ગધેડા રાખીને જંગલમાંથી સુકા લાકડા કાપી બજારમાં વેચીને સ્વવ્યવહાર રીતસર ચલાવતો. એક દિવસ જંગલમાં જઈને લાકડા કાપી ગધેડા ઉપર ભરીને માર્ગમાં ગમન કરી રહેલ છે તેવામાં ધાડપાડુઓ–લુંટારાને દેખી આ મોટો ભાઈ ભય પામી ગધેડાઓને એક પર્વતની ટેકરીની પાછળ તગડી મૂકયા અને પોતે ઘટાવદાર વૃક્ષ ઉપર ચઢી ગયો અને ચોરો કયાં જાય છે અને શું કરે છે તે ગુપ્ત રહીને જોઈ રહેલ છે તેવામાં તે લુંટારા ચોરો પર્વતની ગુફા પાસે આવી તેનું બારણું ઉઘાડવા " ખુલ જા સમ સમ " આ મુજબ બોલતાં તે બારણું ઉઘડયું. અને ઉંટો ઉપર રહેલ સોના મહોરોની થેલીઓ ઉતારી ગુફામાં પેઠા. તેમાં ખાલી કરી પાછા બહાર આવીને બોલ્યા. " બંધ જા સમ સમ " બારણું બંધ થયું અને ઉંટો ઉપર બેસી તે ગચ્છન્તી કરી ગયા. ઝાડ ઉપર રહેલ મોટાભાઈ ચોરોની કરામત તથા વચનો સાંભળી આશ્ચર્ય પામ્યો પછી ખુશી થઈને ગુફાની પાસે આવી તેણે કહ્યું કે " ખુલ જા સમસમ " બારણું ઉઘડયું. અંદર પેસીને જુએ છે. તો સોનામહોરોના ઢગલા રૂપા–સોનાના દાગીના અને અઢળક ઝવેરાત દેખી વિચાર કરે છે આટલી મિલ્કત છે છતાં ચોરો લૂંટનો ગોઝારો ધંધો મૂકતા નથી અને લોકોને લુંટી મારી પાયમાલ બનાવે છે અને લૂંટનો માલ તેઓના ઉપયોગમાં આવતો દેખી ખુશી થાય છે. લાવને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હું પણ તેમાંથી સોનામહોરોની ચાલીશ થેલીઓ લઇને ઘર ભેગો થાઉં. ગધેડાને તગડી લાવી તેઓના ઉપર સોનામહોરોની થેલીઓ બરોબર ગોઠવી અને તેના ઉપર સુકા લાકડાને એ રીતે ગોઠવ્યાં કે બીજાઓને ખબર પડે નહી.

"ચાલીશ ગધેડાને તગડતો પોતાના ઘરમાં તેઓને લઈ ગયો. તેવામાં તેની સ્રીએ તાડૂકીને કહ્યું કે, તમોને ભાન નથી. ઘરમાં બધાઓને લઇ આવ્યા–તેણે ઈશારો કર્યો. ચૂપ રહે બોલીશ નહી. સ્રી છાની રહી. તેણે લાકડાને ઘરની બહાર નાંખી થેલીઓને નીચે ઉતારી નાંખી સ્રીતો હરખાતી ત્યાં આવીને જોવા લાગી-કે એમાં શું છે ? તેમાં રહેલી સોનામહોરોને દેખી ગાંડી ઘેલી બની ગઇ અને બોલવા લાગી. આટલી બધી સોનામહોરો કયાંથી લાવ્યા ? તેણે કહ્યું. ઉંચે સાદથી બોલ નહી. કોઈ જાણી જશે. સઘળી બીના તેણીને કહી. અને ઘરમાં દાટવા માટે ખાડો ખોદવા લાગ્યો. ઉભા રહો ? કેટલી છે. હું ગણી લઉં ગણવા લાગી તેનો પાર આવ્યો નહી ત્યારે માપીયાથી માપવા માટે ઇચ્છા દર્શાવી. પોતાના ઘરમાં નહી હોવાથી દેરાણીના ઘેર જવા માટે નીકળી. તેણે કહ્યું કે જવાદે તારી દેરાણી બડી ચતુર અને ઠગારી છે. માપીયો માગતાં ચેતી જશે. અને તે અને નાનો ભાઈ વખતે જાહેર કરે તો તે લૂંટારાઓ ઘણા હેરાન કરશે. સ્રીએ કહ્યું. એમાં શું જાંણી જવાના છે ? આમ કહી તેણીના ઘેર જઈને શેરના માપની માગણી કરી. દેરાણી મનમાં બબડવા લાગી. ઘરમાં તો શેર લોટ પણ નથી. અને માપીયું લેવા આવી છે. છતાં કાંઇકથી તેનો ધણી લાવ્યો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય તો કહી શકાય નહી. આમધારી માપીયાના નીચે મીણુ ચોપડીને આપ્યું. તે લઇને ઘેર આવી. તે માપથી સોનામહોરો ભરીને ગણી. કે આટલી થઇ. આમ સોનામહોરોને માપી. તેની ગણત્રી કરી. પણ તેના તળીયે એક સોનામહોર મીણમાં ચોંટી ગઇ. તેની ખબર રહી નહી. તપાસ કર્યા વિના પાછી આપી આવી. દેરાણીએ તપાસ કરી તો સોના મહોર ચોંટેલી દેખી. તેણે અનુમાનથી કર્યું કે, સોનામહોરોને માપવા લઈ ગઇ. અહો ત્યારે કેટલી હશે. જરૂર લાખ–કરોડો હોવી જોઇએ. પોતાના પતિને વાત કહી. ધનનો લોભી હવે ભાઇ પાસે આવી કહેવા લાગ્યો કે સાચું બોલ આટલી સોનામહોરો કયાંથી લાવ્યો. કે ગણી શકાઈ નહી. અને માપની જરૂર પડી. મોટાભાઇએ સઘળી બીના કહી. તેથી નાનો ભાઇ હું તેનાથી અધિક ધનવાન્ બનું. આમ ધારી–ઈર્ષ્યાથી બળતો તે ગુફા પાસે આવી. 'ખુલજા સમસમ' બારણું ઉઘડયું. તેમાંથી મોટાભાઈના કરતા ડબલ થેલીઓ તો લીધી. પણ આનંદમાં અને અદેખાઈમાં બંધ કરવાનો મંત્ર ભૂલી ગયો. યાદ કરતાં બપોર થયું. તેવામાં પેલા ચોરો આવ્યા. ખુલ્લા બારણાને દેખી વિસ્મય પામ્યા. અંદર પેઠા–ત્યારે નાના ભાઈને દેખ્યો. તેને મારી નાંખ્યો. થેલીઓ પાછી ગોઠવી દીધી. જ્યારે ઘેર ગયો નહી ત્યારે તેનો પરિવાર રડવા કુટવા માંડયો. માટે સંપ રાખી કોઈનો તિરસ્કાર–ઇર્ષ્યા કરવી નહી.

**૧૬૮ "આત્મા થકી પર વસ્તુઓને ગ્રહણ કરવામાં મગ્ન થએલા પોતાના ગુણોને ભૂલી સુખશાંતિને**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રાપ્ત કરવા ખાતર પ્રમાણિકતાનો ત્યાગ કરી અન્યાયના માર્ગે દોડયા જાય છે.**

પરંતુ સુખશાંતિના બદલામાં ચિન્તા-શોક આવીને ઉપસ્થિત થાય છે અને વાંછિત વસ્તુ તેઓને મળતી નથી માટે જો પટુતા હોય તો પ્રમાણુતાને પાટુ મારો નહી. અને કુશળતાને કાપો નહી. ડહાપણુના દરિયામાં બુડો નહી. સદ્ગુણો સિવાય મેળવેલી પટુતા-કુશળતા ઉન્માર્ગે લઈ જશે. સદ્ગુણો હોય તોજ પ્રવીણુતા શોભાસ્પદ બને છે ત્યાં વેશ-વય વિગેરે કામમાં આવતા નથી. સત્તાધારી તથા શ્રીમંતો જો આત્મિક ગુણો વિનય-વિવેક. વ્રત નિયમોમાં ન હોય તો વિવિધ ઉપદ્રવો ઉભા કરે છે માતપિતાની કે સંબંધીઓની શરમ લાગતી નથી. ભલે પછી તેઓએ કોલેજમાં મનગમતી કેળવણી લીધી હોય. સહેજ બાબતમાં મગજ ગુમાવી તિરસ્કાર કરવા બેસી જાય છે માટે કેળવણી સાથે ધાર્મિક-આત્મિક ગુણોની પણુ કુશળતા મેળવવી. કે જેથી મનોવાંછિત વસ્તુ આવી મળે અને તેનો સદુપયોગ થાય.

કોલેજમાં અધ્યાપક-વિદ્યાર્થીઓને વિજ્ઞાનનો અભ્યાસ કરાવતા અને સાથે સાથે આત્મિક ધાર્મિક ગુણોનું પણુ વિજ્ઞાન રીતસર આપતા. એક દીવસ તેઓની પરીક્ષા કરવા વિચાર થયો કે આ વિદ્યાર્થીઓ ફકત જડવાદમાં પ્રવીણુ છે કે આત્મવાદમાં તેની તપાસ કરવી. અધ્યાપકને સંતાનમાં એકજ પુત્રી હતી તે પણુ આત્મિક ગુણોનું સમ્યગ્ જ્ઞાન ગ્રહણુ કરીને પ્રવીણુ છે. યુવાવસ્થાના આંગણે પગ મૂકતાં અધ્યાપકને ચિન્તા થઇ. કેની સાથે તેણીને પરણાવવી. લાયક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર મળે તો તેણીને સુખશાતા રહે લાયક વિનાને પરણાવવામાં આવે તો પગલે પગલે વિડંબના થાય. આમ વિચારી બીજે સ્થલે તપાસ ન કરતાં પોતાના વિદ્યાર્થીઓને કહ્યું કે તમો શ્રીમંતના નબીરા છો અને વિજ્ઞાનને જાણી સારી રીતે પટુતા-કુશળતા મેળવી છે તેથી મારી પુત્રીને લાયક વરની જરૂર છે માટે તમારામાંથી તમો વસ્ત્રાભૂષણ અને હજાર સોનામહોરો કોઈ દેખે નહી અને કોઇ પણ જાણે નહી તે લઇને આવો તો અમોને પસંદ પડશે તેની સાથે લગ્ન કરાવીશું. વિદ્યાર્થીઓએ તે કન્યાને દેખી હતી. રૂપવતી અને વિવેકી તથા વિજ્ઞાનમાં કુશળ હોવાથી તેના ઉપર સઘળા વિદ્યાર્થીઓનો ઘણો પ્રેમ હતો તેથી સર્વે વસ્ત્રાભૂષણ તથા સોનામહોરો લેવા માટે પોતાના ઘેર ગયા. પણ પોતાની પાસે ન હોવાથી ઘરમાં છાની માની રીતે ચોરી કરીને લાવીને અધ્યાપકને આપી. તે વિદ્યાર્થીઓ પૈકી એક વિદ્યાર્થી પ્રમાણિક હતો અને ન્યાય નીતિ ધર્મમાં તથા આત્મ જ્ઞાનમાં પ્રવીણ હતો. તે વિચાર કરવા લાગ્યો. મારી પાસે તો તે કન્યાને યોગ્ય વસ્ત્રાભૂષણ નથી તેમજ એક પણ સોનામહોર નથી. ચોરી કરીને માતાપિતાને છેતરી લઇ જઉં તો મારૂં જ્ઞાન લજવાય-હાંસીપાત્ર બને-માટે માત પિતાને છેતરી ગુપ્ત રીતે જવામાં કાંઇ માલ નથી. તથા માતપિતા વિગેરે દેખે નહી. પણ હું પોતે તો દેખું છું અને અધ્યાપકે તો કહ્યું છે. કોઈ પણ દેખે નહી અને જાણે પણ નહી આ મુજબ લાવવી, તો પછી તે વસ્ત્રાભૂષણ વિગેરે છાના લીધા કરતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખાલી હાથે જવું તેમાં જ કુશળતા છે. અને વિજ્ઞાન જે જાણ્યું તેની સાર્થકતા અને સફલતા છે. આમ વિવેક કરીને ખાલી હાથે આ વિદ્યાર્થી આવ્યો. અધ્યાપકે પુછ્યું કે તારા સિવાય સઘળા વિદ્યાર્થીઓ ઘરેણા ગાંઠા લઈને આવ્યા. તું કેમ લાવ્યો નહી ? સાહેબ ? કેવી રીતે લાવું ? મારી પાસે તો પહેરેલા સિવાય વસ્ત્રાભૂષણો તથા સોનામહોરો છે જ નહી. ઘરમાં ચોરી કરી ગુપ્ત રીતે લાવું તો કરેલો અભ્યાસ વૃથા થાય. નીતિ ધર્મ ઉપર લાત પડે. અને જાહેરમાં આવું તો હાંસીપાત્ર બનું. તેમજ વળી તમે કહ્યું હતું કે કોઈ દેખે-જાણે નહી તે મુજબ લાવવી પરંતુ કદાચ સગાં સંબંધી દેખે જાણે નહી. પણ હું પોતે તો દેખું અને જાણું છું કે ચોરી કરીને આ માલ લાવવામાં આવ્યો છે. માટે કાંઇ પણ લાવ્યો નહી. મ્હને પત્ની કરતાં પ્રમાણિકતામાં અધિક પ્રીતિ છે. આ સાંભળી અધ્યાપક મનમાં ખુશી થયા. અને કહ્યું કે તું જ મારી કન્યાને લાયક છે, ચોરી કરીને લાવેલા વિદ્યાર્થીઓને કહ્યું. તમો ભણ્યા-પણ ગણ્યા નહી. તમોએ કષ્ટ કરીને વિજ્ઞાનનો અભ્યાસ કર્યો તે ફોગટ છે. અભ્યાસ કરીને ચોરી કરવાનું શિખ્યા તેથી તમારામાંથી કોઇને આ ખાલી હાથે આવેલા વિદ્યાર્થી સિવાય કન્યા દેવામાં આવશે નહી. મારી પાસે વસ્ત્રાભૂષણોનો તથા સોના-મહોરોનો તોટો નથી. આ તો તમારી પરીક્ષા કરવા માટે કહ્યું. આમ કહીને પોતાની કન્યા પ્રમાણિક અને પોતાના આત્માને ઓળખનાર વિદ્યાર્થીને પરણાવી. અને કન્યાદાન અધિક દીધું. કન્યા પણ લાયક પતિ મળવાથી આત્મ સાધન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્વક વ્યવહાર ચલાવવા લાગી. આ પ્રમાણે શ્રીમંતો પણ ન્યાય નીતિ અને આત્માના ધર્મને ભૂલે નહી તો સુર સુંદરી-તથા શિવ સુંદરી વરમાલા પહેરાવી આત્યાંતિક સુખ અર્પણ કરે અને આધિ-વ્યાધિ અને ઉપાધિનો વલોપાત ટળે માટે ભણો વ્યવહાર ચલાવો તો તે વ્યાવહાર આત્મિક ધર્મના આધારે શ્રેયસ્કર બને.

"દેવ-ગુરૂ અને ધર્મની આરાધનાના યોગે પુણ્યોદય થતાં, દેવદુર્લભ મોંઘેરો મનુષ્ય ભવ મળ્યો. અને સાથે આર્યકુલ-પાંચ ઇન્દ્રિયોની પટુતા. બલવાન્ શરીર વિગેરે પ્રાપ્ત થયું. પણ તેઓની સફલતા-સાર્થકતા કરીને આત્મોન્નતિ કરી શકયા નહી. અને પ્રભુ પુણ્યને ભૂલી પૈસાને મેળવવામાં. અને અધિકાધિક પ્રાપ્ત કરવામાં પ્રયત્ન કર્યો તેને જ સર્વસ્વ માની કોઈ પ્રકારે કેમ વધુ એકઠા થાય તેના ઘાટ કરવા લાગ્યો. તેથી કોઇએ થાપણ મૂકી હોય તેમાં પણ લંપટ બની લાખોપતિ થવા ઈચ્છયું પરંતુ જ્યારે અંતે આફત ઓચિંતી આવી પડે છે. ત્યારે હાય પીટ કરવા મંડી પડે છે. એક લાખોપતિ શ્રીમંત હતો. વ્યવહારિક કાર્યોમાં કુશળ હોવાથી આબરૂ પણ સારી જામી. વેપાર ધમધોકાર ચાલતો. આવકમાં વર્ષે વર્ષે વધારો થતો. પણ આ સઘળી અનુકુલતા સાથી મળી છે. કયા કારણોથી ઉપલબ્ધ થઇ છે. તેનો વિચાર સરખો પણ કરતો નથી. વિવેક તો કયાંથી આવે? પૈસા પૈસામાં લાગી રહેલ છે. 'એક વેપારીને શુભ ભાવના થઇ કે, પૈસા-પરિવાર વિગેરે પુણ્યોદયે મળ્યું છે. પુણ્ય ખતમ થતાં પામર બનાશે માટે લાવ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યાત્રા કરવા જાઉં, ત્યાં દેવ ગુરૂ ધર્મની આરાધના કરવાનો સમય રીતસર મળી આવશે. આ વિચારમાં ઝવેરાત તથા સોના મહોરોની ચિન્તા થઈ. મારી ગેર હાજરીમાં કોઈ ગઠીઓ દગો–પ્રપંચ કરીને ઠગી જાય તો આ ધારીને ઝવેરાત તથા સોના મહોરો, સારી પેટીમાં ભરીને તથા તેના ઉપર 'અખરોટ' બરોબર ઠાંસી ઠાંસીને મૂકી, ઉપર લખેલ લક્ષાધિપતિને ત્યાં થાપણ મૂકવા આવ્યો. તે વખતે આ ધનાઢ્ય પોતાના ઘરમાં ભજન કરતો હતો. તેને કહ્યું કે મારે યાત્રા કરવા જવું છે. માટે આ અખરોટની પેટી તમારે ત્યાં મૂકો. તેણે કહ્યું કે ભાઈ તમારી પેટી મારી વખારમાં મૂકો. યાત્રાએ જનારે વખારના એક ખૂણામાં મૂકી ઘરની બરોબર વ્યવસ્થા કરી પોતે યાત્રા કરવા નીકળ્યો. તીર્થે જઈને સારી ભાવનાથી દેવગુરૂ ધર્મની આરાધના કરીને વેપારાર્થે બીજે સ્થલે ગામ–નગરાદિમાં વેપાર કરતાં ઘણો લાભ મેળવ્યો, અને સાત વર્ષ પછી પોતાના વતનમાં આવ્યો. તે દરમ્યાન જેની પાસે થાપણ મૂકી છે. તે શેઠ વખારમાં ગયા. અખરોટ ખાવાની ઈચ્છા થઈ. પેટીને ઉઘાડી બે ત્રણ ફળ હાથમાં લીધા. પણ તે ઘણો વખત લાગવાથી ખરાબ થએલ હોવાથી નીચે સારા હશે આમ ધારીને તેની નીચે રહેલા અખરોટ ફલને કાઢવા લાગ્યા.

પણ બધા ખરાબ થએલ હોવાથી નીચે નાંખી દીધા. તેવામાં સોના મહોરો એક હજાર અને ઝવેરાત દેખી લલચાયો અને ઝવેરાત દશ હજારનું અને એક હજાર સોનામહોર હતી તે લઈ નવા અખરોટ ફલ લાવી પેટીમાં ભર્યાં અને મનમાં મલકાવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાગ્યો અને વિચાર વિવેક પણ આવ્યો નહી કે પારકાની થાપણ ઓળવવી તે મહા પાપ છે. મારે કયાં ઓછું છે આવો ખ્યાલ પૈસાના પૂજારીને આવ્યો નહી. થાપણ મૂકનાર સાત વર્ષે પોતાને ઘેર આવીને તેની પાસે જઇને પેટીની માગણી કરી. તેના કહેવાથી વખારમાંથી પેટી લઈ સ્વસ્થાને જઇને પેટી ઉઘાડી તપાસ કરે છે પણ ઝવેરાત–અને સોના-મહોરો દેખી નહી. તેથી પેલા શ્રીમંતની પાસે આવી કહેવા લાગ્યો કે શેઠજી ! પેટીમાં અખરોટના ફલો નીચે મૂકેલ ઝવેરાત વિગેરે નથી. શેઠ બોલ્યા ઝવેરાત કેવું અને સોના-મહોરો કેવી ? અખરોટની પેઢી કહી તેને તે વખારમાં મૂકાવી છે નાહકનો ગળે પડે છે. તેણે કહ્યું શેઠજી ! શા માટે તકરાર કરાવો છો ? અખરોટ નીચે મેં ઝવેરાત–સોનામહોરો મૂકી હતી. તે તમારા વિશ્વાસને લઇને. નહી આપો તો ફરિયાદ કરવી પડશે. જા જા કચેરી ઉઘાડી છે. ઘણી આજીજી કરી પણ માન્યું નહી. ત્યારે કોર્ટમાં કેશ દાખલ કર્યો. ન્યાયાધીશે સાક્ષી પૂરાવા નહી મળવાથી શેઠને ગુન્હેગાર ઠરાવ્યો. નહી. છેવટે રાજાની પાસે જઇને ફરિયાદ કરી. રાજાએ ઘણા વ્યવહારમાં કુશળ બુદ્ધિમાનને કહ્યું કે તમે આનો નિકાલ લાવો. તેણે પેલી પેટી મંગાવી. અને તપાસ કરી કે સાત વર્ષ સુધી આ અખરોટ સારા રહે નહી. સડી જાય. આતો નવા તાજા દેખાય છે માટે તેનું ઝવેરાત વિગેરે લઇને નવાં પેટીમાં ભર્યા છે માટે જરૂર આ શેઠે ઝવેરાત વિગેરે લીધું છે. શેઠે કહ્યું કે જેવાંભર્યાં તેવા છે જો તેવા રહેલ હોય તો વેપારીઓને બોલાવી પુછો. વેપારીઓએ કહ્યું. બે વર્ષમાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બગડી ખરાબ થાય છે તેથી શેઠ મૌન રહ્યા. રાજાએ ઘણી ધમકી આપેલ હોવાથી ઓળવેલ–સઘળું આપવું પડ્યું અને આબરૂ ગઇ તે વધારે. થાપણ મુકનાર તે મિલ્કતને લઈ ઘેર ગયો અને શેઠ ગમગીન બની સ્વઘેર ગયો અને હાંસીપાત્ર બન્યો. માટે ધન દોલત જે મળી છે. તેમાં સંતોષ રાખી લોભ લાલચથી પારકી થાપણ ઓળવવામાં ધન અને ધર્મ–આબરૂ રહેતી નથી. અને વેરવિરોધ વધતો રહે છે ધનાઢયોએ ધન સાત ક્ષેત્રોમાં વાપરવું જોઇએ કે તેમાંથી ઉઠાવવું જોઇયે? ઉઠાવનાર એ ભવો કે ઘણા ભવો સુધી પોતાનું કલ્યાણનું લીલામ કરે છે અને તેના વિઘ્નો વારે વારે આવી સતાવ્યા કરે છે માટે મમતાનો ત્યાગ કરો.

## ૧૬૯ પ્રાણીઓ–તથા દેવ દાનવ અને માનવોની યોગ્યતા તેઓની શારીરિક જાડાઇ–તથા ભભકા ઉપર નથી. પણ શક્તિ–શાણ પણ ઉદારતા અને પવિત્રતા ઉપર છે. તેથી જ દાનવ મટી માંનવ બને છે.

અને માનવદેવ જેવો બને છે. અને પવિત્રતાથી આત્માનો વિકાસ સાધવા સમર્થ બને છે. આવા સમર્થને કોઈ દાનવ જેવો કહે કે યાતો નિર્બલ અને માયકાંગલો છે. તેથી તે આત્માનો વિકાસ કરનાર, દાનવ કે માય કાંગલો બનતો નથી સોનાની વીંટીમાં જડેલ મણિ કે હીરાને અજ્ઞજનો પથ્થર જેવો કહે તેથી તેઓની કિંમત ઘટી સકતી નથી. તથા પિત્તળની વીંટીમાં જડેલ હીરાને કે મણિને પરખનાર ઝવેરી તેમાં જડનારનો દોષ કહે છે. માટે દુનિયામાં સઘળા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જનો ડહાપણવાળા હોતા નથી. આમ જાણી આત્મજ્ઞાની, રાગ-દ્વેષ અને મોહાદિને ધારણ કરતા નથી. અને દુન્યવી વાતાવરણમાં ફસાતા નથી. જલકમલની માફક નિર્લેપ રહે છે. આત્મોન્નતિમાં આગળ વધતા રહે છે. ડાહ્યા અને વિદ્વાન ગણાતા, સમય-કાલના પરિવર્તનમાં પોતાની દિવ્યતા-અને પવિત્રતાનો ત્યાગ કરી લોકલહેરીમાં ફસાઇ પડે તો તેઓની બુદ્ધિ-શક્તિ ઉન્માર્ગે જાય, અને વિચારો પણ ઉન્માર્ગ ગામી બનતાં જે દેશમાં-સમાજમાં કે જ્ઞાતિમાં એકતા રહે છે. તેમાં ભેદ પડાવી ભાગલા પાડે તેથી તેઓનું પણ હિત સધાય નહી. કારણ કે એકતામાં બલ-બુદ્ધિ વિગેરેની સાર્થકતા છે. તમારામાં બુદ્ધિ બલ હોય તો દુન્યવી ભૌતિક પદાર્થો ખાતર ભેદ પડાવો નહી. અને ભાગલા પાડો નહી. બેની આગળ બે મૂકવામાં આવે તો બાવીશ થાય. બાવીશ બનતાં બાવીશ પરિસહોને જીતવાની શક્તિ આવે અને બે બગડાની આગળ બીજા બે બગડાઓ મૂકવામાં આવે તો બે હજાર બાવીશ થાય. એટલે બાવીસોને બાવીશ બને તો પણ પૂર્ણ વિકાસ સધાતો નથી. તેથી જે ચાર બગડા છે તેથી આગળ પાંચમો બગડો મૂકો-અગર મૂકાવાનો વિચાર રાખો. પછી જોઇલો કે બાહ્ય અને અન્તરના શત્રુઓ કેવા ભાગા ભાગી કરી જાય છે? જરૂર રહેશે નહી. અને સાચી સ્વાધીનતા આવી હાજર થશે. તમે કહેશો કે, એ પાંચ બગડા કયા! જ્ઞાન-અને ક્રિયા-"સંવર અને નિર્જરા "ક્ષમા અને સંતોષ "શૌચ-સત્ય" આત્માના વિકાસની તમન્ના-અને દેહાધ્યાસનો ત્યાગ, આ મુજબ વર્તન કરનારની કાયા કલ્પવૃક્ષ કરવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અધિક કિંમતી અને મહિમાવંત છે.

**૧૭૦ "મોહમુગ્ધ અજ્ઞજનોને માલુમ પડતી નથી કે દેવદુર્લભ મનુષ્યની કાયા મલી છે. દેવો પણ આ કાયાને ઇચ્છી રહ્યા છે. કે ક્યારે મનુષ્યની કાયા-શરીર મળે, ને અમો જ્ઞાનક્રિયા વિગેરેની આરાધના કરી અપાર સંસાર સાગરનો પાર પામીયે.**

આવી કાયા, સર્વ શક્તિઓનો તથા સિદ્ધિ-શુદ્ધિને પ્રાપ્ત કરવા મલી છે. તેનો સદુપયોગ કરવા પૂર્વક સંસાર સાગરનો પાર પામીએ અને આધિ-વ્યાધિ અને ઉપાધિઓ મૂલમાંથી ખસે તેવો પ્રયાસ કરીએ. સાંસારિક વિષયોમાં તો પરિણામે પરિતાપ જ છે. આવી સમજણ નહી હોવાથી અમુલ્ય કાયાને જેમ તેમ વિષય કષાયના વિચારોમાં અને વિકારોમાં વૃથા વેડફી દે છે, કોઇ એક માળીના બગીચામાં વિવિધ વેલડીઓ સુગંધથી મહેકી રહેલ છે. વૃક્ષો પોતાની શીતલ છાયા વડે બાગમાં આવેલને આરામ આપી રહેલ છે. તથા ન ઓળખાય એવી જડીબુટ્ટીઓની વનસ્પતિ પણ ઉગી રહેલ છે. તથા તેઓ અંદર ઢોર ઢાંખરને ખાવા લાયક ઘાસ પણ ઉગેલ છે. બગીચાનો માલી-ઉગેલા ઘાસને ઉખેડી નાંખતો હતો. અને ઘાસ સાથે ભેગી રહેલ જડીબુટ્ટી-ઔષધિને ઉખેડી નાંખવા લાગ્યો. તેવામાં આવેલ કુશળ વૈદ્યે કહ્યું કે અરે માલી! ઘાસ ભેગી આ રોગનાશક ઔષધિને ઉખેડી નાંખ નહિં-જો તેનું રીતસર પોષણ મળશે તો તને અને જન સમુદાયને ઘણો લાભ થશે. આવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઔષધિ જ્યાં ત્યાં મળતી નથી, લોકો તો આવી વ્યાધિ-નાશક ઔષધિને ઘણે સ્થલે તપાસ કરતા ફરે છે. તારૂ ભાગ્ય છે. કે આવી અમુલ્ય ઔષધિ મલી છે. આ સાંભળી માલીએ કહ્યું કે. હું એને ઓળખતો નથી. અને ઓળખીને પણ શું કરૂં, મારૂ શરીર નિરોગી છે, માટે તેની જરૂર નથી. વૈદ્યે કહ્યું કે તારે જરૂર ન હોય-પણ જન સમુદાયને લાભ કર્તા હોવાથી જરૂર છે. ઘણું સમજાવ્યો પણ માન્યો નહી. અને ઉખેડીને ફેંકી દીધી. આ મુજબ કાયા પણ ભવોભવના રોગ નાશક છે. પણ તેનો સદુપયોગ કરવામાં આવે તો લાભદાયક બને, અને ઉન્માર્ગે-અનીતિના માર્ગે વાપરવામાં આવે તો તેનો લાભ મળે નહી. સુજ્ઞ મુનિવર્યો કહે છે કે. આત્માને-પ્રભુને પરખવા માટે કાયા મળી છે. તેને કલેશ-કંકાસમાં-કુસંપમાં ઉખેડી નાંખો નહી-વૃથા ગુમાવો નહી. તમે કાયાની કિંમત જાણતા નથી પણ સુજ્ઞજનો તો જાણે છે. તેમનો ઉપદેશ સાંભળી, તપ-જપ-જ્ઞાન ક્રિયા રૂપી પાણીનું સિંચન કરી પોષણ કરો. વિવિધ અણ ચિન્તવ્યા વિઘ્નો-વિપાત્તઓ અને વિડંબનાઓ જે આવી સતાવી રહે છે. પીડાઓ ઉત્પન્ન કરી રહેલ છે તેનો નાશ થશે.

## ૧૭૧ મહોટા અને સદ્ગુણી સુજ્ઞોના આધારે આગળ વધેલા, સાધારણ મનુષ્યોને કોઈ પુછે ત્યારે કહેતાં શરમાય છે, અને હલકાઇની શંકા ધારણ કરીને બડાઈ હાંકતા કહે છે. કે

અમો અમારી શક્તિથી જ વધ્યા છીએ આમ બોલી પોતાની હલકાઇને આમંત્રણ આપી રહેલા છે. જેઓના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આધારે વધ્યા છે તેઓનો ઉપકાર માનવાના બદલે અપકાર-નિન્દા કરવા તત્પર બને છે. તેથી તેઓની હલકાઈ જાહેર થાય છે. અને સદ્‌ગુણોના રાગી બની શકતા નથી. માટે સદ્‌ગુણો મેળવવા હોય અને તેના યોગે મહત્તા પ્રાપ્ત કરવી હોય તો થએલ અલ્પ ઉપકારને ભૂલો નહી. થએલા થોડા ઉપકારને નહી ભૂલવાથી ઘણા ઉપકારોનું વિસ્મરણ થશે નહી. અને સ્વયમેવ મહત્તા આવી મળશે. અન્યથા જેવા હશો તેથી પણ નીચતા ઉપસ્થિત થશે. ‘એક ગૃહસ્થે સંસારની અનિત્યતા જાણી ઘરબાર–પૂજા પરિવારાદિકનો ત્યાગ કરવા પૂર્વક સંન્યાસ સ્વીકાર્યો. મઠ બાંધીને જંગલમાં રહીને કંદ મૂલાદિ વડે જીવન ચલાવે છે. ૐકારનો જાપ કરીને આત્માને સ્થિર કરવા પ્રયાસ કરી રહેલ છે. તે અરસામાં એક વિદ્યાવાળો હજામ વિદ્યાના આધારે આ સંન્યાસીની હજામત કરવા આવ્યો. ખાલી હાથે આવેલ હોવાથી તેને પુછવામાં આવ્યું. સાધન વિના તું કેવીરીતે હજામત કરીશ, હજામે કહ્યું કે, તેની ચિન્તા કરો નહી. જુઓ ! આકાશ માર્ગે, અસ્ત્રો નખહરણી વિગેરે આવી રહેલ છે. આવેલા દેખી સંન્યાસીને અચંબો થયો. આવી વિદ્યા મારી પાસે હોય તો જનસમુદાયમાં માન-સત્કાર પૂર્વક જમવાનું સારી રીતે મળે અને લોકો દોડં દોડ કરતા આમંત્રણ આપવા આવે માટે કોઇબી પ્રકારે હજામની પાસેથી વિદ્યા પ્રાપ્ત કરવી. હજામત કરી રહ્યા પછી સંન્યાસીએ તેને કહ્યું કે. તું તારી પાસે રહેલી વિદ્યા મને શિખવાડ, હજામે ભલે આપ સુખેથી લઈ ને તેની બરોબર આરાધના કરો. તમોને આપતાં બાધ જેવું નથી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આમ કહીને વિદ્યાની સાથે આરાધવાની આનંદથી સઘળી વિધિ દર્શાવી. સંન્યાસીએ એકાગ્રતાથી તે વિદ્યાને સાધી. હવે તે સંન્યાસી વસ્તીમાં આવે છે ત્યારે દંડ, કમંડલ–કામળ માલા વિગેરે વિદ્યાના પ્રભાવે તેમની સાથે આકાશમાં આવી રહેલા હોવાથી માનવીઓને આશ્ચર્ય થયું. અહો ! આ સંન્યાસી ચમત્કારી દેખાય છે. આપણે જો આદર સત્કાર પૂર્વક ઘરમાં જમાડીએ તો કલ્યાણ થાય, જન સમુદાય ચમત્કારને દેખી આદર પૂર્વક ઘરમાં ભાવતા ભોજન જમાડે છે. અને અમો તરી ગયા માને છે. હવે દરેક માણસો જંગલમાં આમંત્રણ આપી જમાડીને ખુશી થયેલા છે. સંન્યાસી બાવાની મહત્તા સાથે પ્રભાવ વધ્યો. ખમાખમા થવા લાગી. પણ સંન્યાસી તે પ્રભાવને પચાવી શકયા નહી. માન–સત્કાર પ્રભાવ વિગેરે મળવો તે ઠીક છે પણ પચાવવો દુષ્કર છે. એક દીવસ વસ્તીમાં આવી રહેલ છે દંડ–કમંડલ વિગેરે આકાશમાં આવી રહેલ છે તે વખતે એક ભગતે પુછયું કે, તમો કયાંથી આવી પ્રભાવશાળી વિદ્યા શીખ્યા કે દંડ વિગેરે તમારી સાથે આકાશમાં આવે છે કહો તો ખરા, હજામે પુછનાર ભગતને સંન્યાસીને વિદ્યા આપવાની વાત કહેલી હોવાથી તેણે પુછયું. અરે ભાઈ–ભગત, મને વળી વિદ્યા કોણ અર્પણ કરે. મેં પોતે ધ્યાન કરવાથી મેળવી છે બીજો કોણ આવી પ્રભાવશાલી વિદ્યા શીખવાડે ? હજામનું નામ દેતાં હલકાઈ થાય. અને માનપાનમાં હાનિ થાય. આમ વિચારીને કોઇએ મને વિદ્યા આપી નથી. આમ બોલતાં દંડ–કમંડલ વિગેરે આકાશમાંથી જમીન ઉપર પડયા. લોકો એકઠા થાય. પુછવા લાગ્યા કે આમ કેમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થયું ? સંન્યાસીને શરમ આવી નીચુ મુખ રાખીને ઉભા કેમ રહ્યા છો ? શું હજામતું નામ દેતાં લાજ શરમ આવી ઉપકાર કરવો તો દૂર રહ્યો તેનું નામ દેતાં તમોને હલકાઇ ભાસી ? ભેગા થએલ લોકો પણ હાંસી કરવા લાગ્યા. અને વીલા મુખે સંન્યાસી મઠમાં આવી પસ્તાવો કરવા લાગ્યા. ભગતે ભેગા થએલાને કહ્યું કે આ સંન્યાસીને હજામે જ વિદ્યા આપી હતી. તેનું નામ દેતાં શરમ આવી તેથી વીલા મુખે જવું પડયું. અને હાંસીપાત્ર બન્યા. સત્ય વાત કહેવામાં તો અધિક મહત્તા મળી હોત તેથી સુજ્ઞ માનવીઓએ કહ્યું કે, સાધારણ કે હલકા પ્રાણીઓ કે મનુષ્યો દ્વારા ઉપકાર થએલ તે ભૂલો નહી. તેના ઉપકારનું સ્મરણ ભૂલવું નહી. સામે ઉપકાર કરવાનો પ્રસંગ મલ્યો હોય નહી તો નામની યાદી તો રાખવી. પણ અપકાર કદાપિ કરવો નહી. નિન્દા પાછળ કરવી નહી. અપકાર કરનારને તથા પાછળ નન્દા કરનારને જાણીતા માનવો તિરસ્કારે છે કોઇ તેની સાથે કામ પાડતું નથી.

એક ગામમાં એક શ્રીમંતે એક સંબંધીને આગળ વધારવા માટે પોતાના ઘરમાં રાખ્યો પ્રથમ તો વિશ્વાસ બેસાડવા માટે રીતસર રહેવા લાગ્યો. શેઠને તેના ઉપર વિશ્વાસ બેઠો તેથી ઘરનું તથા દુકાનનું સર્વ કાર્ય તેને સોંપવામાં આવ્યું. શેઠની મિલકત દેખી મુગ્ધ બન્યો. પોતે શ્રીમંત થવાની લાલચમાં ઘરમાંથી દાગીના–ઝવેરાતની ચોરી કરી બજારમાં વેચે છે આમ છતાં પણ શેઠને શંકા તેના ઉપર આવતી નથી. છેવટે શેઠાણીને પણ મારી નાંખવા યુક્તિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવા લાગ્યો. વ્યાધિ થવાથી શેઠાણી મરણ પામી. હવે શેઠને મારવા યોજના ઘડવા લાગ્યો. પણ ખબર પડી ગએલ હોવાથી તેને કાઢી મૂકયો અંતે દુઃખી થયો અને આબરૂ ગઈ તે વધારે માટે અપકારનો કરવો નહી જ.

## ૧૭૨ કર્મોને લઇને પ્રાણીઓ–માનવ–દાનવ અને દેવોની ભિન્ન ભિન્ન પ્રકૃતિઓ હોય છે તો પછી સરખા વિચાર અને અવસ્થા હોય કયાંથી ?

જ્યારે સર્વે કર્મો–ઘાતીયા–અને અઘાતીયા તથા દેશથી ઘાતીયા કર્મો મૂલમાંથી નષ્ટ થાય છે ત્યારે જ સર્વ પ્રાણીઓનો સરખો સ્વભાવ થાય છે. આ સિવાય માનવાદિને જુદી જુદી અવસ્થા થાય છે કોઇને આંતરડાની વ્યાધિ હોય અને પેટમાં પીડા થતી હતી હોય–આહારાદિ પાચન થતા ન હોય ત્યારે આ વ્યાધિ કયારે નાશ પામશે તેની કલ્પના થયા કરે, કોઇને સ્ત્રી માંદી રહેતી હોય, શ્યામ હોવાથી બીજી ગોરીને પરણવાની આશા હોય, કોઈને વળી પુત્રાદિકના અભાવે ચિન્તા સતાવતી હોય છે. તથા કોઇને સાધન સામગ્રી હોય છતાં તાવ–તરીયો આવતો હોવાથી તેને દૂર કરવા વિચાર કરતો હોય છે. તથા કોઇને વળી પેટ ભરવાની ચિન્તા રહેલી હોય છે. આ પ્રમાણે દુઃખો આવી ઘેરો ઘાલે છે. ત્યારે તેઓને ટાળવા માટે વિવિધ પ્રયાસ કરતા ખાય છે. છતાં જ્યારે તે તે દુઃખ ખસતા નથી ત્યારે કોઇ વિધાતાને કોઇ પ્રભુ પરમેશ્વરને ઉપાલંભ આપે છે. કે હે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિધાતા અમારા દુઃખ-સંકટ-અને પીડાઓને ક્યારે ટાળીશ, તું અમારા ઉપર દુષ્ટ થએલ છે કે શું ? આ સાંભળી ધારો કે વિધાતાએ રાજા મહારાજાનું રૂપ ધારણ કરીને આવીને ઢંઢેરો પીટાવી જાહેર કર્યું કે જેઓને પીડાઓ સંકટ-વિપત્તિઓ હોય તેઓએ અમારી પાસે આવી તે દુઃખોને ટાળવા માટે દવા લઈ જવી સર્વે માણસો દોડતા દોડતા આવી લાગ્યા. આંતરડાની અને પેટની વ્યાધિવાળાને પ્રથમ રેચની દવા આપી. તેથી સંડાસમાં જઈ જઇને થાકી ગયા. પીડા તો નષ્ટ થઈ પણ અશક્તિ અધિક થઇ માંદી સ્ત્રી વાળો આવ્યો તેને નિરોગી બનવાની દવા આપી. સાજી થઇ ત્યારે દરેક બાબતમાં ચિડાઇને ગુસ્સો કરવા લાગી ત્યારે તેનો પતિ વિચારે છે. માંદી હતી તે ઠીક હતું. કે સામુ બોલતી નહી. ધીમે ધીમે પણ શાંત રહીને ઘરનું કામકાજ કરતી-અત્યારે તો કહે છે કે રસોઇયો લાવો પાણી ભરવા માટે એક દાસ-દાસી રાખો. આવક ઓછી છે ક્યાંથી નોકર-રસોઈયાનું ખર્ચ પહોંચી વળાય-અરે પ્રભુ આ તો પ્રથમના કરતાં અધિક સંકટ આવ્યું. કાળી સ્ત્રીવાળો વિધાતાની દયા હોવાથી ગોરી બાયડીને લાવ્યો પણ આ તો એવી નીકળી કે તેને સૂતો વેચે એવી બડી ઠગારી અને ઘમંડવાળી-તેના પતિને અધિક વિડંબના થઈ અને વિચાર કરવા લાગ્યો કે કાળી સારી છે જે કહીએ તે ખમી લે છે. સામો ઉત્તર આપતી નથી. પણ હવે શું થાય ? આ ચિન્તામાં તે બીચારો બની લેવાઈ ગયો. જેને પુત્ર હતો નહી. તેને વિધાતાએ દશબાર સંતાનો આપ્યા. પણ તે પુત્રાદિક મોટા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થયા પછી તો અને પરણાવ્યા પછી મિલ્કતની માગણી કરવા લાગ્યા કે અમારે જુદું રહેવું છે માટે વહેંચી આપો અને સરખા ભાગે. બાપ તો બિચારો બની અફસોસ કરે છે આના કરતાં વાંઝીયા હતા તે સારૂ હતું. મિલ્કતના ભાગ તો પડતા નહી. તથા આવક જેને નહોતી તેને આવક થઈ અને અધિક મહેનત કરવા લાગ્યો, પૈસા દેખીને ખુશી તો થાય છે પણ હવે ભેગા થએલા પૈસા કયાં મૂકવા તેની ચિન્તા થવા લાગી. આ પ્રમાણે ભાગ્ય યોગે કામના ફલીભૂત થાય છે. પરંતુ એક ઇચ્છા પૂર્ણ થતાં બીજી બે ઈચ્છાઓ જન્મે છે તે પૂર્ણ કરતાં. ચાર ઉભી થાય છે. એટલે ઈચ્છાઓનો કાંઈ આરો નથી. માટે જે પુણ્યયોગે પ્રાપ્ત થએલ છે તેનો સદુપયોગ કરતા રહો અને જે કર્તવ્ય છે તે કર્યા કરો. ધન કરતાં ધર્મની આરાધના કરો. તમારી સર્વે ઇચ્છાઓ અને આશાઓ પૂર્ણ થશે અને સદાચારી બની સન્માર્ગે પ્રયાણ કરી આત્મિક હિતને સાધી શકશો, ઇચ્છાઓને પૂરી કરવા ખાતર ધનને સંગ્રહશો તો પણ ઇચ્છા–આશા અધૂરી રહેવાનીજ અને મદ માન વિગેરેમાં વધારો થવાનો અનેઅ હંકાર આવી મેળવેલી મૂડીને ઓછી કરતા રહેશો. એક વેપારી પ્રથમ તો સાધારણ હતો પણ હુંશીઆરી અને લાગવગથી ધનાઢય બન્યો. એ ત્રણ લાખનો માલીક બન્યો અને મનમાં માનવા લાગ્યો કે, મારા જેવો ખાનપાન–વ્યવહાર વિગેરેમાં નિપુણ નથી. ગુમાસ્તાને પણ કહી મૂકયું. કોઈ એવા પ્રસંગે મારૂ નાક રાખવું. પાછું હઠવું નહીં. શેઠને રીંગણા બહુ ભાવતા હોવાથી ગુમાસ્તાને કહ્યું કે આજે એક ટોપલો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીંગણાનો બજારમાંથી વેચાતો લાવજે. ગુમાસ્તો બજારમાં ગયો રીંગણાનો ટોપલો દેખ્યો. તેની કિંમત પુછે છે તેવામાં બીજા શેઠનો ગુમાસ્તો પણ રીંગણા લેવા આવ્યો. તેણે રીંગણા વેચનારને કહ્યું કે, તું જે એક રૂપિયો કહે છે તો બે રૂપિયા આપું. અને મને જ આપ. પ્રથમ આવેલો વિચાર કરવા લાગ્યો. આ વધારે કિંમત આપી લઈ જશે તો શેઠનો નોક રહેશે નહી. આમ વિચારી તેણે તે ટોપલાના ચાર કહ્યા. બીજાએ પણ મદમાં અવી. આઠ કર્યા આમ હરિફાઇ થતાં પાંચ હજાર–દશહજાર વીશ હજાર–ચાલીશ હજાર સુધી પહોંચ્યા. બીજાએ હરિફાઈ મૂકી દીધી. પ્રથમ આવેલ ગુમાસ્તાએ ચાલીશ હજારથી ખરીદી રીંગણાનો ટોપલો લીધો. શેઠને સઘળી બીના કહી. શેઠ ખુશી થયા. નોક તો રાખ્યું ને? ચાલીશ હજાર ખર્ચીને રીંગણાનો ટોપલો ખરીદનાર અને ખુશી થનાર. શેઠ કેવો કહેવાય? મૂર્ખ કે પાગલ? નોક રાખતા નાક રહ્યું નહી. આ પ્રમાણે ધનવાનો મદમાં આવે ત્યારે સઘળુ ભૂલી જાય છે અને પૈસાની બરબાદીક રે છે.

માણસોને પ્રથમ પૈસા મેળવવાની ભાવના જાગે ભાવના યોગે અને ભાગ્યયોગે પ્રયત્ન કરવાથી પૈસાદાર બને છે. ધનાઢય બન્યા પછી ઇજ્જત આબરૂ મેળવવા અને તેનું રક્ષણ કરવાની તમન્ના જાગે છે માન સત્કાર મેળવવા ખાતર તલપી રહેલ હોય છે. જો કોઇએ સત્કાર કર્યો નહી તો તેનો બરોબર ખબર લેવા વિચાર રાખે છે પણ શ્રદ્ધા સહિત સમ્યગ્ જ્ઞાન મેળવવા પ્રયત્ન કરતો નથી. તેથી કોઇએ યોગ્ય સન્માન કર્યું નહી તો જોઈ લો? ભાઈના દેદાર? ધનાઢ્ય બનેલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય તો સુંદર વિચાર જાગે કે, હે આત્મન્ તારામાં એવા કયા ગુણો છે કે તું તારી પોતાની સ્તુતિની ઈચ્છા કરે છે! અને તેં એવું કયું આશ્ચર્યકારક મહાનકાર્ય છે અને જ્ઞાન ક્રિયાની આરાધના કરવા પૂર્વક આત્મવિકાસ સાધ્યો છે. સાત ભય ઉપર જીત મેળવી છે. પણ આવી ભાવના કયાંથી આવે! જ્યાં પૈસા મેળવી પ્રશંસા પાત્ર બનવું હોય આવા ધનાઢ્યના ઘેર લગ્નાદિ પ્રસંગો આવે ત્યારે તો નોકર ચાકરોનો મરો, બહારના કામો કરાવી તેઓને થકવી નાંખે. વખતસર ખાવા પીવા માટે પણ રજા આપે નહી. અને મનપસંદ કામ ન થતાં જેમ તેમ બોલવા બેસે. સામે જો જવાબ આપે તો તગડી મૂકે. "કહેવત છે કે વાઘને ઘેર લગન અને ગધેડાનો મરો" માટે ધનાઢયોએ ધનાદિ મેળવ્યું. ધર્મ ક્યારે મેળવશો કે, જેના આધારે ઈચ્છા વિના પણ સ્તુતિ-સત્કાર–સંમાનાદિ મળી રહે ધનાઢ્ય તમો હશો નહી પણ ધર્માઢ્ય હશો તો સર્વ વાંછિત આવી હાજર થશે માટે માણસાઈને લાવી કોઈના ઉપર ગુસ્સો ન કરતાં દુર્ગુણો ઉપર ગુસ્સો કરી તેઓને દૂર કરો તો જ તમારી શોભા છે ધાર્મિક ધનાઢ્યો દરેક વખતે સારા વિચારો કરતા હોવાથી કોઈના ઉપર ક્રોધાતુર બનતાં નથી. ક્રોધ ન કરવો તે ધાર્મિકતાની અને શ્રીમંતાઈની સાર્થકતા છે અને સફલતા છે જ્યારે સાનુકુલતા હોય છે ત્યારે શાંત રહેવાય પરંતુ પ્રતિકુલતાના પ્રસંગે ક્રોધનો વિપાક જાણી તેને વિફલ બનાવીને શાંત રહેવું તેમાંજ ખુબી છે અને કસોટી છે.

૧૭૩ શત્રુઓ અંતરના તથા બહારના આમ બે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રકારે હોય છે તેમાં પ્રતિકુલ શત્રુઓને આપણે એકલા જીતી શકતા નથી.**

અન્યની મદદની જરૂર રહે છે સહકાર હોય તો જ તેઓને પરાજીત કરાય. એકલો બધાયને પહોંચી વળે નહી. માનો કે, એક વડો પ્રધાન છે. સારા પ્રાંતની સંભાળ રાખે છે પણ તે પ્રાંતમાં જ બળવો થયો. હુલ્લડ થયું. તે વખતે વડો પ્રધાન એકાકી શું કરી શકે? એટલે પોલીશોને હાજર કરી શસ્ત્રો સહિત સામનો કરવા મોકલે છે તે વખતે શત્રુઓ પરાજય પામે છે એથી કરીને વડો પ્રધાન અહંકારમાં આવી એમ કહે કે મેંજ પ્રતિકાર કરી શત્રુઓને દબાવી દીધા. આ મુજબનું કથન યોગ્ય નથી. તે પ્રમાણે કોઈ સભામાં પ્રમુખને વધારે વોટ–મત મલ્યા, તે કથન પણ વ્યાજબી નથી. અરે પોળમાં પાડામાં કે શેરીમાં તકરાર થતાં જે તમો જય મેળવો છો તે ત્રણ ચાર પાડોશીના સહકારથી અને સ્વજનના સહારાથી. તમે એકલા તકરારને દૂર કરી શકો નહી. એટલે સામા પ્રતિકુલ વર્ગનો શત્રુઓનો પરાજય કરવો હોય તેમાં અન્યના સહારાની જરૂર છે માટે ઘમંડનો ત્યાગ કરી જય મેળવ્યા પછી નમ્રતાને ધારણ કરો, એક પોળમાં હાથમાં લાઠી લઇ માણસ જતો હતો તેવામાં પોળમાં રહેલા કુતરા ભેગા થઈ તેને ભસવાની સાથે કરડવા ધસારો કર્યો. પેલા માણસે લાઠી ઉગામી તેથી મારના બીકે પાછા હઠી દૂર રહીને ભસવા લાગ્યા. તે વખતે લાઠીવાળા માણસે કહ્યું કે આઘા આવો દૂર રહીને ભસ્યા કર્યા કરો છો પાસે આવો તો બરોબર સ્વાદ ચખાડું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારે જાણે મોટો લાઠીચો કુતરો કહેતો હોય નો શું ! અરે ભલા ઘમંડ કર નહી. તારાથી ભય પામતા નથી. લાઠી મૂકી દે તો બરોબર તને પણ સ્વાદ ચખાડીયે આ સાંભળી ચૂપ બનીને ચાલ્યો ગયો લાઠીનો ત્યાગ કર્યો હોત તો તે કુતરાઓ કરડવામાં બાકી રાખત નહી. માટે લાઠીની મદદ હતી ત્યારે કુતરાઓને દૂર ખસ્યા. એટલે બીજાઓની તે પ્રસંગે જરૂર રહે છે પરંતુ અન્તરના શત્રુઓને જીતવા માટે પોતે જો સમર્થ હોય તથા જ્ઞાન દર્શન ચારિત્રથી યુક્ત હોય તો બીજાઓની આવશ્યક્તા રહેતી નથી. એકલોજ કામ-ક્રોધાદિ પરાજય કરી વિજયમાલા પહેરી અનન્ય સાહ્યબીનો સ્વામી થાય છે. જન્મ-જરા મરણની વિડંબના રહેતી નથી. માટે બાહ્ય શત્રુઓનો પરાજય કર્યો અને વિજય-પ્રાપ્ત કર્યો. હવે આન્તરિક શત્રુઓને જીતવા માટે ક્યારે પરાક્રમ ફોરવશો. ફક્ત બાહ્યના શત્રુઓને જીતવાથી સાચો વિજય કહેવાય નહી.

### ૧૭૪ વિપત્તિ-સંકટની વેળાએ ઘણા માણસો અધીરાબની એવા ઉપાયો લે છે કે તેજ ઉપાયો તેમને ભારે દુઃખમાં લાવી મૂકે છે.

કેટલાક બીજાનો આશરો લે છે પણ તેઓ સારી રીતે સમજે છે કે ઠીક લાગ આવ્યો છે આપણું કામ સાધી લેવા દેને ! ક્યાં વારે વારે આવો વખત આવવાનો હતો આમ સમજી એવા કામમાં જોડે છે કે આશરો લેનાર ત્રાહિ-ત્રાહિ પોકારે કે ક્યાં આવીને ફસાઈ પડ્યા. આના કરતાં પ્રથમ જે દુઃખ હતું તે સહી લીધું હોત તો બહુ સારૂ થાત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલે જે સ્થલે રહ્યા હઈએ તે સ્થલમાં ઘરમાં કે ગામમાં દુઃખને સહન કરવા માટે તૈયાર રહેવું.

એક શેઠને પુત્રો અને એક પુત્રી હતી. ઉંમર લાયક થતાં ચારે સંતાનો ધનાઢ્યના ઘેર પરણાવ્યાં. ત્યાર બાદ ત્રણેક વર્ષો ગયા બાદ તે સંતાનોના માતપિતા ગુજરી ગયા ત્રણ ભાઈઓએ ભેગા રહી સંપીલા બની ઘરનો ભાર ઉપાડયો. તથા પૈસામાં પ્રતિષ્ઠામાં વધારો કર્યો. જેના ઘેર દીકરી પરણાવી છે તેના સાસરીયા થોડીક ભૂલ થતાં જેમ આવે તેમ મેંણાનો માર મારે છે. શેઠના ઘરની આ પુત્રી હોવાથી ઘરના કામકાજમાં નિપુણ બનેલ નહોતી. ભૂલો થતી અને સુધારવા પ્રયત્ન કરતી. છતાં તેના સાસરીયા, આવડી મોટી ખાઈપીને કાયાને વધારી પણ ડોબા જેવી રહી. તારા જેવડી વહુઓ ઘણી ચાલાક હોય છે. આ પ્રમાણે દરરોજ ટકટકારો અને મેંણા મારતા હોવાથી કંટાળી સહન કરી શકી નહી તેથી કંટાળીને પિયરમાં ગઇ. થોડા દિવસ તો તેના ભાઈ ભાભીઓએ સારી રીતે રાખી. પણ બે ત્રણ મહિના થયા પણ સાસરે ગઈ નહી ત્યારે ભાઈઓ તો પોતાની સગી બહેન જાણી કાંઇ પણ કહેતા નથી. ભાભીઓના મન ઉંચા થવા લાગ્યા કે કયાં સુધી પડી રહેશે તેના ઘેર જાય તો બહુ સારૂં, પણ પોતાને ઘેર જતી નથી. તેથી તેની ભાભીઓએ ઘરનું કામ કરવા ધીમે ધીમે કહેવા માંડયું. કચવાતા મને અહી પણ કામ કરવું પડે છે, થોડીવાર આરામ લેતા પણ આ કામ બાકી છે આ કામ બાકી છે. કેમ બેસી રહ્યા છો ઉઠો રસોઈ બનાવવાનો વખત થયો છે હમણા તમારા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાઈઓ દુકાનેથી આવશે બેસી રહેવું પોલવે નહી. આ મુજબ દરરોજ સહજ આરામ લેતાં પણ ટકટકારો થતો હોવાથી બીચારી કંટાળી ગઈ અને વિચાર કરવા લાગી કે પિયરમાં આવવાથી તો અધિક પીલાવાનું થયું. હવે અહી રહેવામાં માલ નથી. ભાભીઓને ગમતું નથી. ચાલ જીવડા સાસરે. આમ આત્માને સમજાવી પોતાને ઘેર આવી અને સ્થિરતા ધારણ કરી. માટે પોતાના સ્થલે એટલે આત્મગુણોમાં સ્થિરતાયે રહેવું તે હિતકર છે.

### ૧૭૫ સંકટ પડે પણ સહન કરવામાં ભવિષ્યમાં હિત સધાય છે નહીતર ભારે દુઃખ સહન કરવું પડે ડહાપણવાળા તો સંકટને સહન કરે છે.

પણ અન્યત્ર ભટકતા નથી. એક ગુમાસ્તાને તેનો શેઠ વારે વારે કામકાજ માટે ટકોર કરતો અને થતી ભૂલોને સુધારવા ઠપકો પણ આપતો તેથી બીજી દુકાને ગયો ત્યાં પણ પ્રથમના શેઠ કરતાં બીજો શેઠ અધિક કામને બતાવતા સહજ આરામ લેતાં દમદાટી આપી કહેતો કે કેમ બેસી રહેવા આવેલ છે. પગાર મુજબ કામ કરવું જોઈએ. હાડકાનો હરામ થએલ દેખાય છે. ઉઠ ? આમ બેસી રહે તે મને પાલવે નહી. આ પ્રમાણે શેઠની દરરોજ દમદાટી થતી હોવાથી અને એક ઘડીનો આરામ નહી મળતો હોવાથી–વિચાર કરવા લાગ્યો કે, આ શેઠના કરતા પ્રથમના શેઠ સારા હતા. દમદાટી દેતા તો નહી. હવે શું કરવું ? એક દિવસ–પ્રથમના શેઠની પાસે કહેવા લાગ્યો કે ગમે એમ કરીને, મને રાખો. અહીંયાં તો કામકાજનો પાર આવતો નથી ઘણો થાક



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાગે છે. અને ઉપરથી દમદાટી-તેથી બહુ કંટાળ્યો છે. તમો કહેશો તે મુજબ વર્તન રાખીશ, શેઠે કહ્યું કે બીજે સ્થલે જતાં તેં વિચાર કર્યો નહી–કે તે બીજા શેઠ થોડા કાકા મામા છે. ત્યાં પણ કામ કરવાનું હોય છે જ. ગુમાસ્તાએ કહ્યું. મારી ભૂલ થઈ. માફ કરો. પુનઃ આવી ભૂલ કરીશ નહી. પ્રથમના શેઠને દયા આવી તેને રાખ્યો. હવે તો ભૂલ થતાં ઠપકો આપે છે. તે સહી લે છે. અને અનુક્રમે નામાઠામામાં દુકાનના દરેક કાર્યોમાં કુશળ થએલ હોવાથી મ્હોટો મુનીમ બનાવી અધિક પગાર આપ્યો. શેઠ પણ તેને પુછી વ્યાપાર કરે છે. અને ચાર પાંચ ગુમાસ્તા હાથ નીચે રહેલા છે. આ રીતે પ્રથમના સ્થલે આવતાં સુખી થયો. અને શેઠનો ઉપકાર માનવા લાગ્યો. જૈનધર્મનો ત્યાગ કરી કેટલા મુગ્ધ જૈનેતર ધર્મમાં જોડાય છે. ત્યાં જ્યારે અધિક કષ્ટ પડે છે. ત્યારે ઘણા પસ્તાય છે. કારણ કે ત્યાં તો દયા–કરૂણાનો અભાવ હોવાથી કોઈ સહારો આપતા નથી. મજુરી–મહેનત કરે તો પણ પૂરૂં પેટ ભરાતું નથી. અને કોઈ ખબર–અન્તર પુછવા પણ આવતું નથી. માટે પોતાના ધર્મમાં સ્થિર થાય છે ત્યારે સુખી થાય છે. માટે પોતાની જગ્યામાં રહેવામાં જ મજા છે.

કદાચ જોખમ ભરેલા કામમાં પણ એકવાર ફાવટ આવે તેથી માની લેવું નહીં કે પુનઃપુનઃ ફાવી જવાશે અને ઘણો લાભ મળશે. જે સ્થલે એકવાર ગમે તે રીતે ફાવી ગયા. તે સ્થલના માણસો સાવધ બનતાં તમને ફાવવા દેશે નહી. વાયદાના વેપારમાં તમે શું વારેવારે ફાવી જાઓ છો ? નહી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ વેપાર જોખમ ભરેલો છે ને માટે જે વેપાર કરતા હો તેનો ત્યાગ કરશો નહી. વાયદાના વેપારના છાંબડાએ જશો નહી:

## ૧૭૬ "વાયદાનો વ્યાપાર કરવો તે વાઘરીવાડે શીયાળને ખાવા માટે જવા બરોબર છે.

એકવાર શીયાળને વાઘરીના ઘરમાં ખાવાની મજા પડી. વાઘરી નિદ્રામાં ઘેરાએલ હોવાથી શિયાળની ઘરમાં આવ્યાની ખબર પડી નહિ. તેથી તેને એક દીવસ ખાવાની તક મળી. બીજે દિવસે પણ ખાવાનો લાગ મળ્યો. હવે તો શિયાળને પેંધુ પડયું. દરરોજ ખાઈ જતી હોવાથી વાઘરી છાનો માનો તક જોઈ હાથમાં ડંગોરો ગ્રહણ કરી છાનો માનો ઘરના ખૂણામાં સંતાઈ રહેલ છે. તે અરસામાં શિયાળ ખાવા આવી. અને ભાજનમાં રહેલ ભોજન ખાવા જાય છે. તે વખતે એવો માર માર્યો કે બે ભાન થઈ ભૂમિમાં ઢળી પડી. બે ઘડી પછી શુદ્ધિ આવતાં નાસી ગઈ. અને વાઘરી વાડે જવાની ખો ભૂલી ગઈ. તે મુજબ વાયદાનો વેપાર કરનાર ભાગ્યયોગે એક બે વાર ફાવી જાય છે. લાભ લઈ શકે છે. પણ દરેક વખતે કયાંથી ખાટી જાય? તો પણ તેવા વેપારમાં પેધું પડેલ હોવાથી કષ્ટદાયક–પરિણામે મહા વિપત્તિમાં નાંખનાર તે વેપારનો ત્યાગ કરતા નથી ત્યારે એવો ગૂઢ માર પડે છે. કે બીજીવાર ઉભા થવું અશકય બને છે. માટે એવા જોખમ ભરેલા વેપારમાં એક બે વાર ફાવી જવાય તેથી માનવું નહી કે, દરેક વખતે ફાવી જઈશું. માટે તેનો છંદ ત્યાગ કરવા જેવો છે. "કહેવત છે કે" વાયદામાં ફાયદો હોતો નથી. અરે ધાર્મિક કાર્યોમાં કે પરો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકાર કાર્યમાં વાયદો કરવો તે પણ ખોટનો વેપાર છે. કાલે શું થશે તે સમ્યગ્જ્ઞાની વિના કહેવાને કોઈ સમર્થ નથી. કારણ કે માણસોની મનોવૃત્તિઓના અને પોતાની મનોવૃત્તિઓના પરિવર્તનો ક્ષણે ક્ષણે થયા કરે છે. તેનો પાર પમાતાનો નથી. લાભ લેવાના અવસરે વાયદો કરવામાં આવે તો વખત તે લાભને ખાઈ જાય છે. માટે તરત લાભ લેવા પ્રમાદ–આળસનો ત્યાગ કરવો આવશ્યક છે. પ્રમાદ–આળસ–કે વાયદો કરવો હોય તો દુરાચાર સેવવામાં કરો. તેમાં તમોને લાભ થશે. અને સાધન સંપન્ન બનશો પ્રમાદ–આળસ કરીને લાભ લેવામાં માંદા પડેલા–અને વેપાર કરીને પાયમાલ થએલ વ્યક્તિઓને ઘણા માણસો શિખામણ–દેવા આપવા મંડી પડે છે. પણ કોઈ પૈસાદાર સગા વહાલાંમાંથી પૈસાની મદદ કરવા આવતું નથી. તે કેવું છે. માંદી નિર્ધન ડોસીને શીરો ખાવાનો ઉપદેશ આપવો–તે બરોબર છે. બહુ બોલ્યા કરતાં શિખામણની સાથે સહકાર આપે તેમાં ડહાપણ છે. અને બોલ્યા વિના અવસર જાણી શકય મદદ કરે, તેની બલિહારી છે. માટે માંદા ન પડાય તેની સાવધાની રાખો.

## ૧૭૭ વૈષયિક સુખની આસક્તિ ઓછી થાય છે ત્યારે અરસ્પરસ શકય સહકાર આપતાં સંપત્તિ અને સંપ દૂર હોય તો પણ સમીપમાં હાજર થાય છે.

અને ધાર્મિક કાર્યો તથા વ્યવહારિક કાર્યો નિર્વિઘ્ને સફલ બને છે. અને યથેચ્છ લાભ મળતો રહે છે. એક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાંકળના અંકોડા માંહોમાંહી પ્રતિબદ્ધ હોવાથી હજાર મણ પોલાદને ખેંચી શકે છે. અને માળ ઉપર લઈ જવા સમર્થ બને છે, પણ તે અંકોડા પ્રતિબદ્ધ હોય નહી, છૂટા પડેલા હોય તો એક નાનો બાલક પણ તેને ઉપાડી ફગાવી દે છે. એટલે રઝળતો અટવાય છે. માટે આસક્તિને ઓછી કરી મિથઃપ્રતિબદ્ધ સહકાર આપતા રહેવામાં માણુસાઈની સાર્થકતા છે. અન્યથા તો પશુતા કહેવાય. તમારી પાસે સહારો આપવાની શકય સામગ્રી ન હોય તો કાયાથી સેવા મદદ કરો. માનસિક શુભેચ્છા રાખો કે કયારે હું સહકાર આપનાર બનીશ. તેના આર્થિક સંકટને ટાળનાર બનીશ, જો મને સાધન સામગ્રી મળે તો સાચા દીલથી જરૂર તેને મદદગાર થઉં. આ પ્રમાણે સાચા દીલથી શુભેચ્છા કરનારને યોગ્ય સાધનો મળી રહે છે. પરંતુ શુભેચ્છામાં પણ ખામી હોય ત્યાં એક બીજાને મદદ કેવી રીતે કરી શકે તેથી જ સમાજ જ્ઞાતિ, અને ધાર્મિકતાની પડતી થાય છે. એક અવાજ નહી થવાથી શત્રુઓ આવી દબાવી પાડે છે. સંપીલા હોય તો શત્રુઓ તેઓની શક્તિને જાણી ભાગી જાય છે.

એક છોકરી પાસે તેની માતાએ ગોળ મંગાવ્યો. માટલામાંથી ગોળ લઈને આવતાં ખાવાની ઈચ્છા થઈ થોડોક ખાતા ગોળનો ગેર નીચે પડયો. તેની સુગંધથી એક ઉંદર તેને ખાવા આવ્યો. તેવામાં ભમતો મંકોડો પણ પડેલી ગોળની ગેર લેવા આવ્યો બંને લેવામાં જોર કરી રહેલ છે. ઉંદર બળવાન્ હોવાથી મંકોડાને લેવા દેતો નથી. એવામાં બીજા મંકોડા કીડીઓ મદદે આવ્યા. એક બે કીડીઓએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉંદરની પુછડીએ ચટકો ભર્યો. એક મંકોડાએ તેના પગમાં ડંખ માર્યો. ઉંદરે જાણ્યું કે હવે આપણે ગોળ લેવામાં ફાવીશું નહી. માટે નાશી જવામાં મજાહ છે. બળ વાપરીશ તો પણ ફાવટ આવશે નહી. અને માર્યા જઈશું ચૂં ચૂં કરતો નાશી ગયો. અને મંકોડા કીડીઓએ ભેગા મળી પડેલા ગોળની ઉજાણી કરી. આ મુજબ ઉંદર કરતાં નિર્બલ મંકોડા અને કીડીઓ પણ સંપીલા હોવાથી બલીષ્ઠ ઉંદરને નસાડયો. ત્રિઈન્દ્રિયો કરતાં પંચેન્દ્રિય માનવોમાં સંપ દેખાતો નથી ત્યારે અફશોસ થાય છે. એક કુટુંબમાં પણ વેર વિરોધ અદેખાઇ દેખાય છે. એક બીજાનું અનિષ્ટ ઈચ્છી રહેલ હોય છે, એક ઉપર કષ્ટ પડતાં. વિપત્તિ આવતાં બીજાઓ ખુશી થાય છે. ઠીક થયું. આ લાગનો છે. આ વિચારી જાણે ઘણા કાલનો વિરોધી હોયની શું તે મુજબ વર્તે છે. પણ તેઓને અદેખાઈની એટલી પણ ખબર પડતી નથી કે, આજે એને વિડંબના આવી છે. તો કાલે અમારા ઉપર આવી પડશે ત્યારે સહારો કોણ આપશે ? એક શેરીના કુતરાઓ કેવા સંપીલા છે ? પરશેરીનો પોળપાડાનો બીજો કાળીઓ ધોળીઓ કે મોતીઓ કુતરો આવે તો ભેગા સંપ કરીને ઉભી પુછડીએ નસાડી મૂકે ત્યારે જંપીને બેસે છે. આટલી એકતા સંપ એક કુટુંબમાં અરે એક ઘરમાં પણ નથી. અને પાછા માને છે અમારા કષ્ટો અમારી વિડંબનાઓ દૂર ટળો. કયારે ટળશે ? હે પ્રભો ! અમારા પર દયા કરૂણા કરો કે જેથી અમારી વિપત્તિ નાશ પામે. અને સુખી થઈએ પરમેશ્વર તો ફરમાવે છે. કે તમો ઇર્ષ્યા અદેખાઇ વેર વિરોધાદિકનો ત્યાગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરશો તો સુખી બનશો. દીનતા યાચના કરવાની જરૂર નથી. મારી સ્તુતિ સેવા પૂજા વિગેરે વેર વિરોધાદિકના ત્યાગમાં સફલ બને છે. અને તમારી સ્તુતિ વિગેરેની સાર્થકતા થાય છે. પણ તમારે તો માંહોમાંહી વેર વિરોધ વિગેરે કરવો છે. અને વિપત્તિઓને દૂર હઠાવવી છે. તે બનવું જ અશક્ય છે. માટે સ્તુતિ સેવાદિક કરીને વેર વિરોધ અદેખાઈને દૂર કરવા કોશીશ કરો. દરેક બાબતમાં શક્તિશાલી બનશો.

## ૧૭૮ રંક માણસો જ્યારે સત્સંગતિ પામે છે ત્યારે ગુરૂગમ પામીને સમ્યગજ્ઞાન પામતાં મહાન્ બની સ્વપરનું કલ્યાણ સાધી શકે છે.

રંકોને પણ સ્વપરનું કલ્યાણ સાધવાની શક્તિ જે તિરોભાવે હતી તે ગુરૂગમ પામવાથી પ્રગટ થઈ અજ્ઞાનતા દીનતા-હીનતા ખસી ગઈ. શકય ધાર્મિકક્રિયામાં પ્રેમ લાગવાથી પુણ્યોદય જાગ્રત થયા પછી યથેચ્છ અનુકુલતા આવી મલે છે. પછી તેઓને પ્રથમ સ્થિતિનું ભાન હોવાથી અહંકાર-મમત્વ ભાવ રહેતો નથી. તેથી નમ્ર બની સ્વપર હિત સાધતા રહે છે. માટે સત્સંગતિનો પ્રભાવ અલૌકિક છે. શ્રીમંતોને જો કે પુણ્યોદયે સાનુકુલતા તો રહેલી હોય છે પરંતુ શ્રીમંતાઈના નશામાં સત્સંગતિ-વ્રતનિયમાદિ કરવાના વિચારો જાગ્રત થતા નથી. વ્રત નિયમાદિ કરવામાં તેઓને કષ્ટ ભાસે છે તેથી પુણ્ય ખવાતું જાય છે. તેની ખબર પડતી નથી. એટલે રંક બની પરલોકે જાય છે બીજા ભવમા રંકપણું-દીનતા-હીનતા હાજર થાય તેમાં શી નવાઈ ? માટે શ્રીમંતોએ સાનુકુલતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મળેલી હોય તો વ્રત નિયમોને ધારણ કરવા જોઇએ. કારણ કે મોજશોખમાં પુણ્ય ખવાતું જાય છે પણ પુણ્યબંધાદિકથી તેની આવક થતી હોવાથી આ લોકમાં અને પરલોકમાં દરેક બાબતની અનુકુલતા મળી રહે છે.

એક માણસ તદ્દન ગરીબ હાલતમાં હતો. પોતાનું તથા પુત્ર પરિવારનું રીતસર પાલન પોષણ કરવામાં અસમર્થ હતો. એક દીવસ તેને ગુરૂદેવ પાસે જવાની ભાવના જાગેલી હોવાથી ઉપાશ્રયમાં જઈ વંદના કરીને બેઠો અને સ્વ સ્થિતિની સઘળી બીના કહી. ગુરૂદેવને કરૂણા આવવાથી વંદન કરવા આવેલ શ્રીમંતને તેને સહારો આપવા માટે કહ્યું. આ શ્રાવક શ્રીમંત અને વ્રત નિયમધારી હોવાથી તેણે ગરીબને શકય સહાય આપી. પૈસાઓ મળવાથી ખંત પૂર્વક પોતાને લાયક ધંધો કરવા લાગ્યો. નીતિ પૂર્વક વેપાર કરતો હોવાથી ઘણા લોકો તેની પાસેથી લાભ લેવા લાગ્યા. દીવસે દીવસે લાભ મળતો હોવાથી આ રંક પૈસાદાર બન્યો તેથી પોતાની પ્રથમ અવસ્થાનું ભાન હોવાથી પૈસાનો કેફ ચઢતો નથી. સર્વેજનોની સાથે નમ્રતા—સરલતા રાખીને વર્તે છે અને ગુરૂદેવની પાસે જતો રહે છે ગુરૂમહારાજ તેનો વિશિષ્ટ ઉદ્ધાર કરવા ઉપદેશ આપે છે કે અરે મહાનુભાવ! પુત્ર પરિવારનું જે કષ્ટ હતું તે હવે નથી અને સુખેથી પાલન પોષણ કરવા સમર્થ બનેલ છો માટે સ્વાત્માનો ઉદ્ધાર કરવા તત્પર બનવું આવશ્યક છે. બાર વ્રતોને ગ્રહણ કરી પુણ્યને વધારી પોષણ કર, અને જેની પાસેથી તને પૈસાની મદદ મળી છે તેનો ઉપકાર માની વ્યાજ સાથે પાછા આપવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિવેક કરવો તે ઊચિત છે. આ મુજબ ઉપદેશ શ્રવણ કરી શ્રીમંતની પાસે આવીને વ્યાજ સહિત પૈસા આપવા લાગ્યો પણ શ્રીમંતે કહ્યું કે, વ્યાજ સાથે મને રકમ મળી છે. મારે હવે લેવાય નહી. તેણે કહ્યું કે મેં તો રકમ આપી નથી. તમને કયાંથી મળી ? શેઠે કહ્યું કે નીતિ ન્યાય સહિત તું વેપાર કરે છે અને વ્રતધારી બનેલ છે તેથી ઘણો ખુશી થએલ છું. અમો વ્રતનિયમ-નીતિન્યાય અને પ્રમાણિકતાને પૈસાઓ માનીયે છીએ માટે લાવેલી રકમ પાછી લઇ જા. અને કોઈ સીદાતો દુઃખી હોય તેને મદદ કરજે. આથી આપણ બંનેને લાભ મળશે. રકમ પાછી લઈને ઘેર આવી શ્રીમંત શેઠના ગુણોની અનુમોદના-પ્રશંસા કરવાની સાથે સીદાતા દુઃખીને યથાશકિત સહકાર આપવાથી સાનુકુલતા સંતોષાદિ ગુણોએ આવીને નિવાસ કર્યો. તેથી આ લોક પરલોકમાં સુખી થયો. સત્સંગતિ ગુરૂદેવનો પ્રભાવ એ બેન્ને સુખી બનાવે છે. શ્રીમંતોને નશો ચઢતો નથી. તેમજ રંક શ્રીમંત બનેલાને પણ કેફ ચઢતો નથી. માટે સદ્‌ગુરૂની વાણીના પ્રવાહમાં દરરોજ સ્નાન કરતા રહેવું. આ સિવાય ઉદ્ધાર થવાનો માર્ગ બીજો નથી. દરરોજ ઉપદેશમાં સ્નાન કરનાર નિર્મલ બની સ્વહિત સાધી શકે છે

**૧૭૯ "આ જગતમાં સંગતિના ગુણ અને દોષથી દુર્જનસજ્જન બને છે. અપરાધો કરનાર નિરપરાધી બને છે. નીચ કુલ જાતિમાન્-ઉચ્ચ કુલ જાતિમાન્ બની પ્રશંસા પાત્ર બને છે.**

સજ્જન સંગતિના દોષોથી દુર્જન બની અનેક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અપરાધો કરી વિવિધ ઉપદ્રવો કરી બેસે છે. પછી ભલે ઉચ્ચ કુલનો હોય-સુંદર જાતિમાન્ ગણાતો હોય, સંગતિના દોષથી દુષ્ટ જેવો બની ત્રાસરૂપ બની અધોગતિનું પાત્ર બને છે. "સ્વરૂપ અને સ્વભાવનું પરિવર્તન થતાં વિલંબ લાગતો નથી. સ્વભાવ નેતરના સરખો છે. અને સ્વરૂપ કમલના સરખું કોમળ છે. માટે સોબત કરતાં પહેલાં બરોબર વિચાર અને વિવેક કરવાની આવશ્યક્તા છે. દુર્જનની સંગતિ થતાં આત્મધર્મનો ત્યાગ થતાં જડવાદ ભૌતિકવાદમાં પ્રેમ જાગે છે. અને પાર્થિવ પદાર્થોમાં સાચા સુખની ભ્રમણા થતાં તે પદાર્થોને સંગ્રહ કરવામાં સઘળો પ્રયાસ કરવાની વૃત્તિ જાગે છે. અને સંગ્રહ કરવામાં જ જીવન વ્યતીત થાય છે, આત્માનું ભાન રહેતું નથી. માટે સંગતિ કરવી હોય તો ગુણીયલ ગુરૂદેવની સંગતિ કરો. કે જેથી પાર્થિવ પદાર્થોમાંથી પ્રીતિ અલ્પ થાય અને આત્મપ્રેમ જાગે. "રાગીની સંગતિથી રાગ દશા વધે આત્મધર્મ ભૂલાય. તેથી વિષય વિચારો અને વિકારો અધિક પ્રમાણમાં વકરી રાગીને બરબાદીમાં લાવી મૂકે છે. તમારી પાસે જે ભૌતિક પદાર્થોનો સંગ્રહ કરતા રહો છો તેથી તમોને શો લાભ થયો. ગાડી ઘોડાઓ દોડાવ્યા-મોટરોમાં મજા કરી, ખાઈ પીને મસ્ત બન્યા પણ શારીરિક માનસિક શક્તિમાં વધારો થયો કે ઘટાડો થયો તેની તલસ્પર્શી વિચારણા કરી છે. શ્રીમંતોની સ્થિતિ બહારથી જોવામાં મનોહર માલુમ પડે છે. પણ આન્તરિક જીવન તો શોક જનક-ચિન્તા જનક હોય છે. કોઈને લોહીદબાણની કોઈને દમની-અજીર્ણની વ્યાધિ પીડા ઉત્પન્ન કરતી હોય છે. કારણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે ભૌતિક પદાર્થોના સુખમાં મગ્ન બનેલ હોવાથી-અહિંસા સંયમ અને તપ વિગેરેનો ત્યાગ કરેલો હોય છે. એટલે વિવિધ વ્યાધિનું ઘર બનેલ હોવાથી સુખ કયાંથી હોય ? અને સત્સંગતિ કરીને પાર્થિવ પદાર્થોમાંથી પ્રેમને અલ્પ કરી ધર્મમાં પ્રતિ લગાવો. તો જ શ્રીમંતાઇ શેઠાઈ કાયમ રહે છે. માયા-મમતા અને મોહનો માર પડશે નહી. નિરોગી બનશો તો ધર્મમાં સ્થિરતા થશે. પાર્થિવ પદાર્થોમાં અત્યંત પ્રીતિવાળાઓ ખરાબ સંસ્કાર-વાસના સિવાય કાંઇ લઈ ગયા નથી. અને લઇ જશે પણ નહી.

**૧૮૦ સાત સાધુઓમાં શ્રેષ્ઠતમ ધાતુ વીર્ય છે. તેથી તેને શારીરિક શકિતનો રાજા કહેવાય છે. જો વીર્ય નૃપ નિર્બલ હોય તો અન્ય ધાતુઓ બલહીન બને છે. અને કોપાયમાન બને છે.**

તોફાને ચઢી આત્મિક શક્તિ-સત્તાને સ્થિર રહેવા દેતી નથી. માટે શુભ વિચાર અને વિવેક પૂર્વક તેનું રક્ષણ અને વર્ધન કરવાની કોશીશ કરવી આવશ્યક છે. તે વિના મગજની તાકાત-શરીરની શોભા તેજસ્વિતા, તથા દૃષ્ટિની નિર્મલતા થશે નહી માટે સારા ઉપાયો વડે તેનું રક્ષણ કરવું તથા પોષણ કરવા દરરોજ સતત ઉપયોગી બનવું. વીર્ય બલના આધારે ઉત્સાહ વધે છે. પરાક્રમની પ્રેરણા થાય છે. અને દ્રવ્ય ભાવે રહેલા શત્રુઓનું બલ ઘટે છે. માનસિક તરંગોમાં તે વીર્યને વેડફી નાંખવાથી મનુષ્યો માયકાગલાં બની પાયમાલ બનતા હોવાથી તેઓની કિંમત રહેતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી. ઉદ્યોગ-વેપાર વગેરે વ્યાવહારિક કાર્યોમાં તેઓને રીત સર ગમ પડતી નથી. મુંઝવણમાં પડી હતાશ બનતો હોવાથી માનવભવની સાર્થકતા થતી નથી. વીર્યવાન્ માનવોને શત્રુઓનો તથા પ્રતિકુલવર્ગનો ભય રહેતો નથી. તેઓને મદદ કરનાર હોંશે હોંશ મળી રહે છે. જ્યારે ધાર્મિક કાર્યો કરવા બેસે ત્યારે પણ નિર્ભય બની જેજે શુભ કાર્યો કરવા ધારેલા હોય, તેને કષ્ટ વેઠીને પણ પૂર્ણ કરે છે. તથા સ્મરણ શક્તિની વૃદ્ધિ થવાથી શ્રવણ કરેલુ. ભણેલું ભૂલતા નથી. માટે તેનું રક્ષણ પોષણ કરવા, અભક્ષ્ય આહારનો અને અપેયનો ત્યાગ કરો, તેથી ખરાબ વિચારો અને વિકારો આવશે નહી. અને વીર્ય ઘટ બની સ્થિર થશે. બલ વિનાના માનવીઓ, કષ્ટદાયક, આફતદાયક પ્રસંગો આવતા ભયભીત બની કંપવા લાગે છે. તેથી કષ્ટ વિગેરેનું અધિક જોર થાય છે. તે પ્રસંગે કોઈ સહારો આપવા સમર્થ બનતું નથી. મુંબાઈમાં ગુંડાઓએ ગુજરાતી-મારવાડી અને સૌરાષ્ટ વેપારીઓને તથા અન્ય જનોને હેરાન પરેશાન કર્યા હોય તો નિર્બલોનેજ,સબલ માનવોએ તો જોરદાર સામનો કરી તેઓના બલને ફાવવા દીધું નથી. સિક્કા નગરમાં દાગીના પહેરેલા બાળકને લૂંટવા તે ગુંડાઓ આવ્યા. તેણે બુમ પાડી. તેની માતા ઘણી બલવતી હતી. લાઠીને ગ્રહણ કરીને સામે ધસારો કર્યો. બીજાઓ પણ તેણીની મદદે આવ્યા. ઘણો માર પડવાથી તે ગુંડાઓ ઉભી પુંછડીએ નાઠા-આ પ્રમાણે વેપારીઓ તથા ઇતર માનવો નિર્ભય બની સંગઠ્ઠન કરીને સામનો કર્યો હોત તો ધન માલનું અને પ્રાણોનું રક્ષણ કરી શકત, અને ભાગાભાગો કરીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાશી જાત નહી. "બલની કસોટી વિડંબના વખતે થાય છે."

**૧૯૧ સંપત્તિ સત્તા અને સાહ્યબીમાં ખુશી થવા જેવું નથી. પણ તેનું રક્ષણ કરનારે સ્વવીર્યને પ્રાપ્ત કરવા પૂર્વ કરક્ષણ અને વધારો કરવામાં ખુશી થવું જોઈએ.**

તેથી આત્મબલમાં પણ સારી રીતે સહકાર મળે છે. બલ વિહીન હઠયોગ રાજયોગ વિગેરે સાધવા સમર્થ બનતો નથી. ઉલ્ટો કંટાળીને માંદો પડીને મૂકી દે છે. એટલે વીર્યવાન્ પ્રાપ્ત સંપત્તિ, સત્તા અને સમૃદ્ધિનું રક્ષણ, પોષણ કરતો આગળ વધતો રહે છે. તથા નિર્બલને ડરાવતો નથી અને શત્રુઓથી ડરતો નથી. તેથી જ ભૌતિક પદાર્થોનો સહારો લઈ આત્મિક ધર્મની સત્તામાં પુષ્ટ બને છે.

એક નૈષ્ઠિક બ્રહ્મચારી પોતાના શારીરિક અને આત્મિક બલના આધારે પશુ પ્રાણીઓથી પણ ભય પામતો નહોતો બાહ્યદૃષ્ટિએ અને આત્મિક દૃષ્ટિએ તેજસ્વી હોવાથી રાજા મહારાજા તેમજ ઈતર માણસો પ્રણામ કરતા અને આશીર્વાદ માગતા. આપેલો આશીર્વાદ સફલ બનતો તેથી ખાવા પીવાની ચિન્તા રહેતી નહી. જે જોઈએ તે જન સમુદાય હાજર કરતો. તેથી એકાગ્રતા સહિત એક મંદિરમાં બેસી પરમેશ્વરના ગુણોનું ધ્યાન કરીને આનંદનો અનુભવ લેતો. એક દિવસ રાજાનો હસ્તી આવીને તેના પર ધસ્યો. છતાં નિર્ભય બની સ્થિર રહ્યો. એટલે કાંઇ કરી શકયો નહી. પણ હાથીને ખરાબ ટેવ પડી. દરરોજ આવીને છંછેડવા લાગ્યો. તેથી તેની ખોડ ભુલાવવા બ્રહ્મચારી ઉઠીને પુંછડે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બરાબર પકડી ફેરવવા લાગ્યો. હાથી શરીરે જાડો હોવાથી ફરતાં ઘણી તકલીફ પડતી હોવાથી પીડા પામવા લાગ્યો. પુછડું છોડાવવા શૂંઢ વીંઝે છે. પણ પકડાતો નથી. અને ખસી જતો નથી. પાછળથી માર પડતો હોવાથી. અને પુનઃપુનઃ ભમવું પડતું હોવાથી હાથી ઘણો થાકી ગયો. અને નાસી ગયો. રાજાને આ બીનાની ખબર પડી- અને વિચાર કરવા લાગ્યો કે, આવા બલવાન્ હસ્તીને થકવી નાંખ્યો તો કોઈ પ્રસંગે મને પણ થકવે. હરાવે તેમાં આશ્ચર્ય શું ? માટે તેનું બલ કેમ ઓછું થાય તેવો ઉપાય લેવો તે ઠીક છે. આ ધારી રાજાએ આગ્રહ પૂર્વક રૂપવતિ કન્યા પરણાવી. પણ તેનું બલ ઓછું થયું નહી. જ્યારે સંતાનો થયા અને તેઓની ભરણ પોષણની ચિન્તા થઈ અને વધી ત્યારે બલ અલ્પ થયું. હવે તે હાથીને હરાવી શકતો નથી. તેની શક્તિ તેને દેખી કંપારો થાય છે. આ મુજબ રાજાએ વાત જાણી અને ખુશી થયો. એટલે જ્યાં સુધી લગ્ન કર્યું નહોતું અને પરિવાર વધ્યો નહોતો ત્યાં સુધી તે બેફીકર રહેતો ત્યારે હાથી જેવા પ્રાણીઓને પણ હરાવી શકતો. પરંતુ ફીકર ચિન્તા વધી તેથી બલહીન બની ભયને ધારણ કરવા લાગ્યો. માટે શારીરિક માનસિક અને આત્મિક બલ મેળવવા માટે બ્રહ્મચર્ય પાલી વીર્યને પુષ્ટ કરો.

### ૧૮૨ "પ્રમાદી અને આળસુ બનીને બેસી રહેવું તે પોતાને કેદખાનામાં નાંખવા જેવું છે.

કારણ કે તેવા માનવો-બીજાઓની નિન્દા કુથલી કરવામાં, કે શોક ચિન્તા કરવામાં અમુલ્ય અવસરને વૃથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુમાવે છે. ધર્મ ધ્યાન કે સ્વ યોગ્ય કાર્ય કરવાનું તેઓને સુઝતું નથી. અને નિન્દા કુથલી અગર સંતાપ-પરિતાપાદિ કરીને કર્મોના બંધનમાં પડે છે. તેથી કહેવાય છે, કે કર્મોનું બંધન તે પણ આન્તર દૃષ્ટિએ કેદખાનું છે. આવા ખરાબ બંધનથી કદાપિ મુક્ત થવાતું નથી. અભિલાષાઓ સફલ બનતી નથી. અને પ્રતિકુલતા હાજર થાય છે. માટે દુષ્ટ કર્મોના બંધનમાં પડો નહી. આ કેદખાનું એવું છે કે, દેખ્યું દેખાતું નથી. જો સદ્ગુરૂ સંત મહા-ભાગોની સંગતિ થાય નહી તો અનંત કાલ-અનંત ભવો સુધી તેમાં જ ઝકડાઈ રહેવું પડે છે. તમોને સ્વા-ધીનતા તો પ્રિય છે જ, પણ માર્ગ લીધો છે સ્વચ્છંદતા-પરાધીનતાનો તો પછી સ્વાધીનતા કયાંથી મળે? માટે દુન્યવી પદાર્થોની અનુકુલતા મળી હોય તો આત્મોન્નતિ માટે અને પરોપકારાર્થે માનસિક વાચિક અને કાયિક વૃત્તિઓને-તથા પ્રવૃત્તિઓને યોજો. કે જેથી પ્રમાદ અને આળસ દૂર ખસે અને અનુભવ આવતો રહે. કોઈના કાર્યોમાં અહંકાર-અદે-ખાઈથી વિઘ્નો નાંખશો નહી. વિઘ્નો નાંખવાથી પોતાની પડતીના જ કારણો ઉપસ્થિત થાય છે. તેથી વેર વિરોધાદિ ઘણા ભવ સુધી ખસતા નથી. "સાધન સંપન્ન હોતો-તપ જપ-સંયમ-અને પરોપકાર વિગેરેમાં પરાયણ બનીને શરીરને બરોબર કસો. સોનાને પણ કષવામાં આવે છે. અને તેના વસા જોવામાં આવે છે. ત્યારે તેની કિંમત થાય છે. ખાઈ પીને પેટને પંપાળી તથા મેદને વધારવાથી કિંમત વધતી નથી. અને બલ આવતું નથી. પણ ઘટતું રહે છે. માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોજ શોખનો ત્યાગ કરીને શરીરને કસવાની જરૂર છે. ખોરાકમાં–પોશાકમાં અને વહીવટમાં શકય સાદાઈ રાખો. ચોરી જારી વિગેરે સાત વ્યસનમાં લંપટ બનો નહી. પોતાનાથી બને એવું કાર્ય પોતે જાતે કરો. એટલે પગભર બનશો. બનતા સુધી નોકર–ચાકરનો કામ ભરાવો નહી. એટલે પરાધીનતા ખસતી જશે. અને સ્વાધીનતાનો અનુભવ આવતો રહેશે. જે શ્રીમંતો પોતાનાથી બનતું કાર્ય નોકરો–ચાકરોને ભળાવે છે. તેથી પરાધીનતા ખસતી નથી. તેથી વિષમ–વિકટ વેળાએ તેમને ઘણું કષ્ટ પડે છે. દીન હીન બને છે.

## ૧૮૩ શરીર–અને મનને કસીને કાબુ રાખનાર શ્રીમંત સાધારણ હોય તો પણ વિષમ-વિકટ અવસ્થામાં જોખમના પ્રસંગો આવી મળતાં ગભરાતો નથી.

અને મુંઝાતો નથી. તેવી અવસ્થામાં પોતાનો માર્ગ શોધી લે છે. તેથી તેવી સ્થિતિ કાયમ રહેતી નથી અને પ્રથમની સ્થિતિ કરતાં સુંદર અવસ્થા આવી મળે છે એટલે શરીરની સાથે મનોવૃત્તિને કસીને કાબુ રાખવી તે ઉમદા અવસ્થાની નિશાની છે. જો આ પ્રમાણે વર્તવામાં આવે નહી તો સંસારમાં કોઈ વિચારો અને ભાવ અનંતજ્ઞાની સિવાય જાણી શકતા નથી. પશુપંખી અને કપટી પ્રપંચી–દંભીઓ પ્રાયઃ વિશેષતાયે માલુમ પડે છે કયારે આવી વિઘ્નો ઉપસ્થિત કરી વિકટ પ્રસંગો લાવી મૂકે તે કહી શકાય નહી. તે વખતે શરીર અને મન ઉપર કાબુ નહી હોય તો ઘણી વિપત્તિમાં ફસાવું પડશે અને તેનાથી નીકળવાનો રસ્તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાણશે નહી. કૃતજ્ઞતા કરતાં કૃતઘ્નતા વિશેષ પ્રમાણુમાં હોય છે. એક શ્રીમંતે વહીવટના કાર્યો કરવા માટે તથા ઘરના કાર્યો કરવા માટે નોકર–ચાકરો રાખ્યા. અને પોતે એશ-આરામમાં ગુલતાન બન્યો. કોઇપણ કાર્યની ઝીણવટથી તપાસ કરતો નથી. તો પછી પોતાના કાર્ય રીતસર ક્યાંથી બને ? નોકરો ચાકરો ફાવે તેમ વર્તે છે. શેઠ જાણે છે કે તેઓ સારૂ કામ બજાવે છે પરંતુ આ લોકો મુખે મધુરતા અને હૃદયમાં કાતી રાખતા હોવાથી ક્યારે લાગ આવે ને શેઠની પાયમાલી કરીયે. ઘરમાં તો શેઠાણી કુશળ હોવાથી ફાવી શકતા નથી. પણ દુકાનના વહીવટમાં ફાવટ આવશે આમ ધારી એક નોકરે હોટલમાં ચા લાવી તેમાં બેભાન થવાની વસ્તુ નાંખીને પાયો. ચા પીધો પછી શેઠ બેભાન થયા. તે અરસામાં નોકર ત્રણ હજારની રકમ લઇ પલાયન કરી ગયો. શુદ્ધિમાં આવ્યા પછી ખબર પડી કે અમુક નોકર રકમ ઉપાડી નાશી ગયો. તપાસ કરતાં પકડાઇ ગયો. પણ ત્રણ હજારની રકમ હાથમાં આવી નહી. હવે શેઠને ખ્યાલ આવ્યો નોકરો સાથે કામ લેવામાં પરિણામે પરિતાપની સાથે નુકશાની થાય છે. તેઓની મધુર વાણીમાં વિશ્વાસ રાખવો નહી. આમ સમજી વહીવટનું કામ પોતે જાતે તપાસવા લાગ્યા. પોતાનાથી બનતું કાર્ય સ્વયમેવ કરવું અને બીજા કાર્યો કરવામાં પણ આળસ કરવી નહી. આ મુજબ વર્તન કરવાથી શરીર કસોટીમાં આવ્યું. સાથે સાથે શકિત વધવાથી આનંદ થવા લાગ્યો. આ પ્રમાણે જો મનને વ્રતનિયમ તપજપાદિકથી કષવામાં આવે તો પ્રથમના આનંદ કરતાં ઓર આનંદની ખુમારી આવતી રહે અને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્મોના બંધન ઢીલા થાય. માટે એશઆરામનો ત્યાગ કરી મન વચન કાયાને કસો.

## ૧૮૪ પોતાના અંતઃકરણ-માનસિક વૃત્તિઓની શુદ્ધિ માટે જ પ્રભુ સ્તુતિ–સ્તવન-સ્મરણ તથા પૂજાદિ કરાય છે. માનસિક શુદ્ધિ દ્વારા આત્મોન્નતિ થતી રહે છે.

આત્મા અને અંતઃકરણ અયોગી ચૌદમા ગુણસ્થાનકે જુદા થાય છે. સયોગી તેરમા ગુણસ્થાનકમાં પણ દ્રવ્ય મન રહેલ છે. જ્યારે સર્વથા યોગનો નિરોધ થાય છે. ત્યારે આત્મા સાથે રહેલ અંતકરણનો વિયોગ થતાં આત્મા સંપૂર્ણ નિર્મલ બની સિદ્ધ સ્વરૂપે બને છે. તેથી પ્રથમ પરમેશ્વરની પ્રાર્થના–પૂજા ભકિત કરવાથી માનસિક વૃત્તિઓ નિર્મલ બનતી રહે છે. પરમેશ્વરની પ્રાર્થના–પૂજા બે પ્રકારે બની શકે છે. એક તો ઘણા મનુષ્યો ભેગા થએલ હોય તેમાં, અને બીજી એકાંત સ્થલે બેસીને, સમુદાયિક પ્રાર્થના વિગેરેમાં ભાવની વૃદ્ધિ થતાં ઉલ્લાસ જાગે છે. અન્યત્ર મન પરિભ્રમણ કરતું નથી. પછી માનસિક વૃત્તિઓ સ્થિર થતાં એકાંતમાં પ્રાર્થના પૂજા કરવામાં ઓર આનંદ આવતો રહે છે. એટલે સામુદાયિક પ્રાર્થના વિગેરે કરવામાં મનની નિર્મલતા થતી હોવાથી તેની પણ આવશ્યકતા છે જ, એકદમ એકાંતમાં બેસવાથી અભ્યાસના અભાવે સ્થિરતા રહેવી દુઃશકય છે. માટે ચિત્તની પ્રસન્નતા માટે સામુદાયિક— પ્રાર્થનાદિકની જરૂર છે. અને એકાંતની પણ આવશ્યકતા છે. કારણ કે તે સિવાય પ્રાણું નિયમન ચિત્તનિરોધ-શુદ્ધિ–એકા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અતા અને આત્મ ચિન્તવન બનવું દુષ્કર છે. તથા આત્મ બલ વધતું નથી, સમયની અનુકુલતા મુજબ એકાંતમાં આધિ વ્યાધિ અને ઉપાધિ રહિત ધીરજ પૂર્વક શાંત મનથી કરેલી જીનેશ્વરની આરાધના, અનેક ભવના સંચિત કર્મોને દુર કરે છે, પણ બેદરકારીથી-એકાગ્રતા વિના કરેલી ઉપાસના યથાર્થ ફલવતી બનતી નથી. ફક્ત કાંઈક પુણ્યબંધમાં કૃતાર્થ બને છે. આપણે તો કર્મ મલને દુર કરવો છે. તે સ્થિરતા વિના કયાંથી બને ? પુણ્યોદયે પારસમણિ પ્રાપ્ત થએલ હોય. તેનો સ્પર્શ થતાં સુવર્ણ થાય છે. અને સુવર્ણથી સાધન સંપન્ન બનાય છે. આજીવિકાદિકની ચિન્તા રહેતી નથી. પણ તેનાથી કર્મકાટની શુદ્ધિ થતી નથી. પરંતુ ભક્તિ ભાવ પૂર્વક એકાગ્રતાથી કરેલી ઉપાસના, મનો શુદ્ધિ કરીને કર્મ મલને કાઢવા સમર્થ બને છે. માટે દરરોજ ત્રણેય કાલ જીનેશ્વરની પ્રાર્થના-પૂજા-સ્તુતિ કરવી જોઇએ. આ સિવાય આધિ-વ્યાધિ-વિડંબના ખસતી નથી. અને માનસિક વૃત્તિ સ્થિર થતી નથી. તે માટે સત્ય સુખના અભિલાષીજનો ઉપરોક્ત ઉપાસના કરીને સાચા સુખના સ્વામી બન્યા છે.

## ૧૮૫ " જીનેશ્વર-પરમેશ્વરના ગુણોની દઢ શ્રદ્ધા અને આત્મામાં પૂર્ણ વિશ્વાસ વિના એકાગ્રતાથી ભક્તિ ઉપાસના બનવી અશકય છે.

શ્રદ્ધા અને વિશ્વાસથી સદ્દગુણી બનાય છે. નહી કે ચિન્તા-સંતાપ વિગેરે કરવાથી. કર્મોના આધારે સંસાર સાગરમાં અનંતવાર પરિભ્રમણ થએલ છે અને થશે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દરમ્યાન અનંત યાતના ભોગવી હશે. અને ભોગવવી પડશે. માટે દેવ દુર્લભ માનવ ભવ પામીને એવી ઉમદા ઉપાસના કરો કે અનંત ભવના કર્મો ખસવા માંડે અને લઘુકર્મી બની અલ્પભવમાં સંસાર સાગરનો પાર થાય. સોનુ ચાંદી–કે નોટોનો સંગ્રહ કરવાથી શોક–ચિન્તા–કલેશ–કંકાસાદિ સંસારનો આરો આવશે નહી. પાર પહોંચાશે નહી–ઉલ્ટી કર્મો બંધ સાથે ચિન્તા પરિતાપાદિ જ્વાલાઓ વધવાની જ. "એક ઝવેરીની એવી માન્યતા હતી કે સોનુ ચાંદી–વિગેરેનો સંગ્રહ હશે તો ચિન્તાઓ નાબુદ થશે. નિશ્ચિંત રહી શકાશે આ વિચારી તેનો સંગ્રહ કરવા લાગ્યો કે પારસમણિ મળે તો શાંતિ મળે. આવો વિચાર કરીને પારસમણિની શોધમાં ગામોગામ–નગરે નગરે ભટકે છે. પણ તે પ્રાપ્ત થએલ નહી હોવાથી કંટાળી કોઇ એક ગામની બહાર વૃક્ષની છાયામાં આરામ લેવા બેઠો. તેવામાં ભરવાડના મ્હોટા ઘેટાના ગળામાં બાંધેલ પારસમણિ દેખી ઘણો ખુશી થયો. હૃદયમાં ઉત્સાહ આવ્યો. ભરવાડને તેની ઇચ્છા મુજબ રકમ આપી તે ગ્રહણ કરીને પોતાના સ્થલે આવી ગામમાં જેટલું લોખંડ હતું તે એકઠુ કરી પારસમણિના સ્પર્શથી સોનુ બનાવ્યું. તો પણ ચિન્તા વલોપાત ગયો નહી. બીજા ગામમાંથી તથા શહેરમાંથી લોખંડ લાવી સુવર્ણ બનાવ્યું. હવે તો તેનું રક્ષણ કરવાની ચિન્તા બાળવા લાગી. એક ઘડી પણ ચેન પડતું નથી. જયારે પારસમણિ હતો નહી ત્યારે ઘડી ભર શાંતિ રહેતી તેથી ચિન્તાને દૂર કરવા માટે ગુરૂદેવની પાસે આવી વંદના પૂર્વક હૃદયનો દાહ મટે અને શાંતિ મળે. તે માટે પુછવા લાગ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુરૂદેવે કહ્યું કે દેવ-દેવેન્દ્રની સાહ્યબી મળે તો પણ ચિન્તા વલોપાત ખસવો અશક્ય છે. માટે ચિન્તા શોકને દૂર કરવો હોય તો જીનેશ્વરની એકાગ્રતા પૂર્વક પૂજા-પ્રાર્થના-ભક્તિ કર કે જેથી તારી મનોશુદ્ધિ થાય અને વલોપાત વિગેરે સતાવે નહી. આજીવિકાનું સાધન તો તારી પાસે મન માન્યું છે. તેથી ક્લેશ ખસશે નહી. આ શ્રવણ કરી દરરોજ ત્રણેય કાલે સ્થિરતાથી સમુદાયમાં તેમજ એકાંતમાં ઉપાસના કરવા લાગ્યો. ચિન્તા શોક વિગેરે ગયા. અને સુખશાતાનો અનુભવ આવવા લાગ્યો.

**૧૮૬ આપણે મનુષ્યભવ પામ્યા છીએ તે જનસમૂહના સારા-ખરાબ અભિપ્રાયો-કાર્યો જાણી તથા સાંભળી હર્ષ-શોક-વલોપાતાદિ કરવા પ્રાપ્ત કરેલ નથી.**

પરંતુ પોતાનું તથા પરનું કલ્યાણ સાધવા અને શુભ કાર્યો કરવા જન્મ ધારણ કરેલ છે તે ક્ષણે ક્ષણે લક્ષ્ય રાખવાની જરૂર છે. તેથી જ કોઇપણ વ્યક્તિ સાથે વાત ચિત કરતાં મુખમાંથી એક પણ શબ્દ તુચ્છતાનો પીડાજનક નીકળવો ન જોઈએ તેથી ઘણા કંકાસ-ક્લેશ થતાં વિરામ પામે છે, અને વચનયોગે પાપો-અપરાધો થતા નથી. ઉપયોગ પૂર્વક બોલવાથી કાયિક અને માનસિક વૃત્તિઓમાં શુભ અસર થાય છે અને સંગઠ્ઠન સાધી શકાય છે. સદ્ગુણો પણ ક્યારે આવીને નિવાસ કરે ? કે જ્યારે કાયિક-વાચિક અને માનસિક વૃત્તિ-પ્રવૃત્તિમાં શુભ સંસ્કાર પડ્યા હોય ત્યારે જ કાબુમાં આવે છે. ભલે પછી ધનાઢ્ય હોય કે સત્તાધારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય પણ મન વચન અને કાયાનો જેઓએ કબજો મેળવ્યો નથી. તેઓની સભ્ય જનસમુદાયમાં કદર થતી નથી. સ્વાર્થને લઈ સ્વાર્થી માનવો વખાણ કરે પ્રશંસા તથા કદર કરે તેથી શું? સભ્ય સુજ્ઞ સમુદાય તો સદ્ગુણોની કિંમત આંકી કદર કરે છે સંપત્તિ અને સત્તા તો આજ છે અને કાલે નથી. માટે જનસમુદાયના સારા-નરસા અભિપ્રાયોને જાણી-સાંભળી હર્ષ શોકને ધારણ કરો નહી. અને મન-વચન-કાયાની વૃત્તિ-પ્રવૃત્તિઓ ઉપર લક્ષ રાખો. અનાદિ કાલથી હર્ષ શોક-સંતાપાદિ કરવાની ટેવ હોવાથી ઉપયોગ રહે નહી. અને વૃત્તિઓ-પ્રવૃત્તિમાં મલીનતા થાય તે બનવા જોગ છે પરંતુ આત્મામાં નિરીક્ષણ કરવાની શક્તિ રહેલી છે તેથી આત્માને વળગેલી મલીનતાને ખસેડવા માટે પ્રયત્નશીલ બનો પણ જેમ તેમ ચાલવા દો નહી. અધિક મલીનતા થવાથી નીચેના ધોરણમાં જવું પડશે તે ધોરણમાં અનીચ્છાએ, પૂરો માર પડશે તે વખતે તમારી પીડાના શબ્દો કોઈ સાંભળશે નહી. તે પણ દશ-બાર વર્ષો સુધી નહી. હજારો વર્ષ પર્યંત. માટે નશો ઉતારીને ચેતો? મનુષ્યભવ આગળ વધવાને મળ્યો છે. પાછલા ધોરણમાં પડવા માટે નહી. જો ઉપયોગ રાખીને ચેત્યા છો તો કોઈપણ વ્યક્તિ તમોને હલકા અને પીડાજનક ધોરણમાં પાડવા માટે સમર્થ નથી. સ્વયમેવ સારા વિચાર-વિવેક પ્રવૃત્તિના આધારે ઉંચા ધોરણમાં જઈ શકે છે માણસાઈના-દિવ્યતાના લાભો લેવા સમર્થ બને છે, અન્યથા હલકા-નીચા ધોરણમાં, કેવા સંકટો છે તે તમો જાણી ગયા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**૧૮૭ સદ્દગુણી સજ્જનોની ટીકા કરનાર નિન્દા-તિરસ્કાર કરનાર ઘણા જગતમાં હોય છે. કારણ કે લોકોને સદ્દગુણો પસંદ પડતા નથી.**

તેથી કહેવા મંડી પડે છે. કે આ લોકો નિર્બલ-બાયલા છે. જગતનું કલ્યાણ કરવા શક્તિમાન્ નથી. સામે આવેલા પ્રતિકુલ વર્ગની બરોબર ખબર લેતા નથી, અને કોઈ અપમાન-નુકશાન કરે તો પણ સહન કરી લે છે. આ પ્રમાણે તેવા માણુસો બોલે તો પણ ગભરાવું નહી, ટીકા-નિન્દા થયા વિના આગળ ઉન્નતિમાં વધાતું નથી. અને માની લેવું કે જે ટીકા કરનારો છે તે ભવિષ્યમાં પસ્તાવો કરનાર બનશે ભલે અત્યારે જેમ ફાવે તેમ ફેંકે રાખે પણ સદ્દગુણો સિવાય કોઇને પણ ત્રણેય કાલમાં સુખ શાંતિ મળી શકતી નથી. ભલે પછી અહિંસા-સંયમ-તપાદિ અને પાંચ મહાવ્રતો માનતા હોય નહી. પરંતુ જ્યારે વ્રત નિયમાદિ વિનાનાને, મિથ્યાત્વ-અવિરતિ કષાયયોગ અને પ્રમાદથી વિપત્તિઓ-વિડંબનાઓ આવી લાગે ત્યારે પોકારો પાડતા સદ્દગુણીની પાસે આવી પોતાનો રક્ષણ માર્ગ પુછે છે. માટે सत्यमेव मंगलम् આ સૂત્રને અનુસરનારાજ પ્રશંસા પાત્ર બને છે. અને વ્રતાદિકને નહી માનનારા-માર ખાઇ વિટંબના ભોગવી પછી અહિંસા સંયમ-સત્યતપાદિકને માનનારા બને છે. 'કેટલીક વાર પથ્થર જેવા માણસો પણ આફત પ્રસંગે નમ્રતા-સરલતાને ધારણ કરી સત્ય સમજે છે. અને સ્વીકાર કરે છે. સદ્દગુણીઓને તો સંપત્તિના સમયે તેમજ વિપત્તિની વેલાએ હર્ષશોક સંતાપ થતો નથી. તે તો સમજે છે કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેવું વાવેલું છે. તેવું આવી મલે છે. આ મુજબ ધારણા હોવાથી મોહમુગ્ધ બનતા નથી. કારણ કે ઔદયિક ભાવે ઉપસ્થિત થએલી સંપત્તિ અને વિપત્તિ–વિટંબના કાયમ રહેતી નથી. તેને જાણનાર આત્મા કાયમ ત્રણે કાલમાં રહે છે. અને હર્ષશોક જ્યારે થાય નહી ત્યારે ઉત્તરોત્તર આત્મા, નિર્મલ થતો અને વિકાસ પામતો જાય છે.' કોઈ સદ્ગુણી સદાચારીને એવા ભાગ્યોદયે સાહ્યબી–સંપત્તિ ખસી ગઈ, તેના બદલામાં વિટંબના–આફત આવી તો પણ નિર્ભય બની દીર્ઘ દૃષ્ટિએ સહન કરીને વ્રત નિયમાદિકનું પાલન કરવામાં તત્પર બનેલ સંપત્તિ સાહ્યબી ચાલી ગઈ પણ આત્મ વિશ્વાસ અને સુદેવ–સુગુરૂ અને સુધર્મની દૃઢ શ્રદ્ધાના યોગે તેમની આજ્ઞા મુજબ વ્યાપાર કરતાં સંઘરેલા માલનો ભાવ વધતાં વિપત્તિ દૂર થઇ. સાધન સંપન્ન બની પ્રથમ કરતાં પણ અધિક સદાચારનું પાલન કરવા લાગ્યો. અને અનુભવ આવ્યો કે, આત્મતત્ત્વ અને તેના સાધનો જગતમાં જયવંતા છે. અને પ્રારબ્ધ યોગે મળેલ સંયોગો કાયમ રાખવા માટે ઇચ્છીએ તો પણ રહેતા નથી.

**૧૮૮ " દંભી અને દોષીજનો પોતાનો સ્વાર્થ સાધવા અને સ્વદોષોને ગુપ્ત રાખવા ખાતર વિનય નમ્રતા સારી રીતે કરે છે.**

તેથી ખુશી થવા જેવું નથી. પણ તેઓનાથી ચેતી ચાલવા જેવું છે. કારણ કે સ્વાર્થ સધાઇ રહ્યા પછી પોતાનો ભાવ ભજવવામાં બાકી રાખશે નહી, પરંતુ જેઓ નિર્દંભ અને સરલ પરિણામી છે. તેઓ કદાચ રીતસર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓ વિનય કરે નહી તો પણ નાખુશ થતા નથી. કારણ કે તેઓને સ્વાર્થ સાધવો નથી. અને સ્વ દોષોને છુપાવવા નથી. પોતાનું કલ્યાણ સાધવા માટે રીતસર વિનયવાન્ હોય છે તે નમ્રતાને ધારણ કરીને નિર્દંભી બનીને ગુરૂદેવને પુછે છે. હે ગુરૂદેવ મારૂં કલ્યાણ શ્રેયઃ કયા આધારે સધાય? સમ્યગ્જ્ઞાની ગુરૂ મહારાજ કહે કે, અરે ભાગ્યશાલી આવા પ્રશ્નને પુછનાર વિરલ હોય છે. સાંભળીને બરોબર ધારી રાખ! હું એકલો છું. પરિવાર રહિત સહાય વિનાનો છું, મારૂં કલ્યાણ કેવી રીતે સધાશે. આવો વલોપાત કદાપિ કરવો નહી. પણ શકય પુરૂષાથ કરવામાં પ્રમાદ કરવો નહી. ભાગ્ય પુરૂષાર્થને આધીન છે. મનુષ્યો-પુરૂષાર્થને આધારે ભાગ્ય વધારી શકે છે. અને સંસારના વિષય-કષાયમાં રગડા-જગડામાં અન્યને છેતરવામાં જો પુરૂષાર્થ માને તો દુર્ભાગ્યને આમંત્રણ આપી દુઃખી બને છે ભલે એકાકી-પરિવાર વિનાનો તેમજ સહાય રહિત હોય, તો પણ જે દંભ કરતો નથી. વ્યભિચાર ચોરી જારી કરતો નથી અને જીનેશ્વરની આજ્ઞા મુજબ રીતસર ધાર્મિક ક્રિયામાં આરૂઢ થાય છે. તેઓનું કલ્યાણ સધાય છે. રાજાનો પ્રભુનો ગુન્હેગાર બનતો નથી તેથી ભાગ્ય વધતાં તેઓને અનુકુલતા મળી રહે છે. જે ચોરી જારી કરતો હોય કરાવતો હોય, તેની અનુમોદના-પ્રશંસા જાહેરમાં પણ કરતો હોય-તેવાને એકાંત સ્થાનમાં રાખવા માટે અનુકુલતા કરી આપતો હોય, તેઓની પાસેથી સા પડાવી લેતો હોય-મસલત ખાનગી કરતો હોય તે સર્વે ચોર-વ્યભિચારની કોટિમાં ગણાય છે. માટે તેવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અપરાધોનો ત્યાગ કરી ન્યાય નીતિ પૂર્વક વર્તન રાખવું તેથી સ્વપરનું હિત સધાય છે. માટે હું એકાકી વિગેરે છું. તેવી ચિન્તા કર નહી, એકાકી ધાર્મિક અને નિર્દંભી આત્મના સ્વરૂપને ઓળખવામાં જે શક્તિમાન બને છે. તેને અનુકુલતા મળી રહે છે. જ્યારે ત્યારે એકાકી થયા સિવાય પરિવારવાળાને નિશ્ચિંત બનાતું નથી. પરિવારવાળા સમ્યગ્ જ્ઞાનીને એકલા બનવું તે અધિક પસંદ હોય છે. પણ એકાકી થવું તે દુષ્કર છે. કારણ કે.

**૧૮૯ તેઓને પરિવારની ચિન્તા તેમને આગળ વધારવાની ઇચ્છા આડી આવીને ઉપસ્થિત થાય છે જે ભાગ્યશાલી, સમ્યગજ્ઞાની અને આજ્ઞા મુજબ શકય વર્તનશાલી હોય તે રીતસર આત્મ તત્ત્વમાં રમણતા કરે છે.**

માટે આત્મ કલ્યાણ સાધવું હોય તો દુન્યવી વલોપાતનો ત્યાગ કરી યથાશક્તિ પુરૂષાર્થ કર ? પરિવાર પ્રાપ્ત થયા પછી જ્યારે તેનો વિયોગ થાય છે. ત્યારે પરિવારમાં માન્યતા ધરાનારને ઘણું કષ્ટ સતાવ્યા કરે છે. પરિવાર કાયમ હોય તો પણ આયુષ્ય ખતમ થતાં તેઓને મૂકીને પરલોકે તો જવું પડે છે ને ? તો પછી ચિન્તા કરવાની જરૂર નથી. આત્મહિતનું કાર્ય અસાધ્ય માનવું નહી. યુક્તિ પૂર્વક કાર્ય કરવાની પાત્રતા–યોગ્યતા, દીર્ઘદર્શી અને તલસ્પર્શી વિચાર સમજ શક્તિની બક્ષીસ હોય અગર એકાગ્રતા પૂર્વક પ્રાપ્ત કરી હોય તો સાધ્ય બને છે. રંક હોય તો પણ મહારાજા બને છે. શઠ હોય તે શેઠ બને છે, બેહોશ હોય તે બહાદુર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બને છે, ફક્ત જીનેશ્વરની આજ્ઞા મુજબ વર્તનશાલી થાય તોજ. અન્યથા સંસારાટવીમાં ઠેર ઠેર કંટકો ઉપસ્થિત થઈ વિઘ્નો ઉભા થાય છે. માટે હિત સાધવું હોય તો કથન મુજબ વર્તન-વિચાર અને વિવેક રાખવો. એક ગૃહસ્થને આજીવિકાનું સાધન સારૂં હતું. પણ પટારા-ખટારા ભરાય એવું ધન હતું નહી. મોજમજાહ-એશઆરામની અધિક તમન્ના હતી. પણ મોજમજા નહી મળતી હોવાથી દરરોજ ચિન્તા-સંતાપ કરતો. ભાગ્યયોગે સાધર્મિક બંધુની સહાય મળવાથી વેપાર કરતાં ફાવી ગયો. અને ધનાઢ્ય બન્યો અને માનસિક અભિલાષાને પૂર્ણ કરવા એશઆરામ-મોજમજાહમાં ગુલ્તાન બન્યો પણ જે વેપારમાં ફાવટ આવતી હતી. તેમાં ફાવ્યો નહી. મિલ્કત ઓછી થવા માંડી. સાથે સાથે અશક્તિ અને વ્યાધિએ બરોબર ઘેરો નાંખ્યો. રંડીબાજીમાં મોજમજાહમાં સ્વશરીરની અને આત્માની અધોગતિમાં શુભ વિચાર-વિવેક પણ હોય ક્યાંથી? આતો પ્રથમની સ્થિતિ કરતાં અધિક દુઃખી થયો. રંક-કંગાલ જેવો બન્યો. દવામાં હજારો રૂપિયાનો વ્યય કર્યો, એકલી દવા શું કરે? છેવટે કંટાળી તદ્દન અશક્ત બનેલ હોવાથી સુદેવ-સુગુરૂનું શરણું સ્વીકાર્યું ગુરૂદેવે યુક્તિ પૂર્વક ઉપદેશ આપી સન્માર્ગે વાળ્યો પડેલા વ્યસનનો ત્યાગ કરવાથી અને ધર્મની રીતસર આરાધના કરવાથી ચિન્તા-વલોપાતની સાથે અશક્તિ અને વ્યાધિ પણ ખસી ગઈ. પૈસાઓને સાત ક્ષેત્રોમાં વાપરવાથી મોજમજા કરતાં પણ અધિક આનંદ અને ઉત્સાહ થવા લાગ્યો. અંતે પરિવારની ચિન્તાનો પણ ત્યાગ કરી આત્મહિતાર્થે સર્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંયોગોનો ત્યાગ કરી મહારાજ બન્યો. સ્વપરનું શ્રેય સાધ્યું.

૧૯૦ શ્રી સર્વજ્ઞ-અનંતજ્ઞાનીએ કથિત સૂત્રોનો અગર એક પણ સૂત્રનો વિચાર અને વિવેક પૂર્વક પુનઃપુનઃ મનન નિદિધ્યાસન કરવામાં આવે તો માનવો મદ-મદનનો ત્યાગ કરી આત્મ તત્ત્વમાં વિરામ પામી અનંત ભવના પરિભ્રમણને ટાળવા માટે સમર્થ બને.

તે વિના કર્મોની નિર્જરા થવી અશક્ય છે. અને સાચા સુખને મેળવવાનો સાચો ઉપાય પણ નથી. સુખના અર્થીજનો વિવિધ પ્રયાસ કરે છે, લાગેલા અગ્નિને બુઝાવવામાં આવી પડેલી વ્યાધિને કાઢવામાં શત્રુઓનો નિગ્રહ કરવામાં ઉઘરાણી હોય તો વસુલ કરવામાં અને ધન ધાન્યાદિ પરિગ્રહનો સંગ્રહમાં તથા માથે દેવું હોય તો તેને દૂર કરવામાં વિલંબ કરતા નથી. છતાં સાચા સુખની પ્રાપ્તિ થતી નથી. કારણ કે, કર્મોનું દેવું ઋણુ બાકી છે. તેને દૂર કરેલું નથી. તેથી વારે વારે સત્ય સુખમાં વિઘ્નો આવીને હાજર થાય છે. કોઇ પણ પ્રકારે સ્થિરતા થતી નથી. માટે આજીવિકાના સુખ ખાતર પ્રયાસો કર્યા પણ કર્મોને દુર કરવા માટે કયારે પ્રયાસ કરશો ? તમારી ચતુરાઇ બહાદુરી, અગર વિદ્વતા કયારે મનાય અને કયારે સાર્થકતા ગણાય કે જયારે કર્મોને દૂર કરવા જ્ઞાન પૂર્વક પ્રયત્નશીલ બનો ત્યારે. નહીતર તે ચતુરાઇ વિગેરે સંસાર સાગરમાં પુનઃપુનઃ પરિભ્રમણ કરાવીને થકવી નાંખશે અને સત્ય શાંતિ લાખો યોજન દૂર રહેશે તમો ભાગ્યોદયે ધનાઢય બન્યા. સન્માન-સત્કારાદિ, જનસમુદાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તરફથી કે અધિકારી સરકાર તરફથી મેળવ્યું અને ખુશી થયા પરંતુ જ્યારે ઘાતીયા કર્મોનો ઘાત કરી આત્મ સ્વરૂપમાં રમણતા થાય ત્યારેજ ખુશી થવા જેવું છે. માટે તે કર્મોનો ઘાત કરવાનો વિચાર–પ્રયત્ન કરવો તે આવશ્યક છે. સંસારની ભૂલ ભૂલામણીમાંથી અને ભ્રમણામાંથી બહાર નીકળે તે બહાદુર અને શૂરવીર. સમ્યગ્ શ્રદ્ધા પૂર્વક સમ્યગ્જ્ઞાની વ્યાવહારિક કાર્યો પ્રમાણિકતાએ કરીને પણ કર્મોને દૂર કરવામાં પ્રમાદ કરતા નથી, કારણ કે તે આધારે માણસાઈ મળી અન્તરાત્મા બનાયું. હવે પરમાત્મા પદની પ્રાપ્તિ માટે અવશ્ય પ્રયત્ન શીલ બને છે. કેટલાક ધનાઢ્ય કહે છે. કે અમોને ચિન્તા શોક–સંતાપ જેવું છે નહી. તેતો ઠીક છે. પરંતુ શોક સંતાપ–વિડંબનાના મૂલીયાં અદ્યાપિ વિદ્યમાન છે. તે ક્યારે પાંગરી નવપલ્લવિત બને સંકટ સંતાપાદિક ક્યારે ઉપસ્થિત થાય તે જ્ઞાની સિવાય કહેવા માટે કોઇ સમર્થ નથી. તેથી તેઓના મૂલને દુર કરવા પ્રયત્ન શીલ બનવાની જરૂર છે. માટે પરિગ્રહની મમતાનો ત્યાગ કરીને આત્મતત્ત્વ ઓળખવા માટે સંતોષને ધારણ કરી ધર્મ ક્રિયામાં તત્પર બનો.

**૧૯૧ વર્તમાનકાલમાં કર્મોની કટુતાને દૂર કરવા આરંભ સમારંભ કરવા પૂર્વક પરિગ્રહનો સંગ્રહ કરીને મીઠાશ માની પણ તેની કટુતા ગઇ નથી,**

માટે ભાવિમાં શુભ ફલોની મીઠાશ લેવી તથા તેનો ઉમદો આસ્વાદ લેવો તે ભવિષ્ય તમારા હાથમાં છે ભાવીને સુધારશો તો વર્તમાનકાલ સુધરેલો છે તે માનશો. સુંદર ફલોની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મીઠાશનો અનુભવ આવ્યા કરશે. કડવા ફલ આપે તેવું વૃક્ષ ઘર આંગણે રહ્યું હોય તેને તમો મૂલમાંથી દૂર કરો નહી અને ઉપર ઉપરથી ડાળા-પાંખડાને દૂર કરો તો તેથી કડવા ફલ નષ્ટ થતાં નથી. વખત જતાં તેવા કટુક ફલોને આપવા વૃક્ષસમર્થ બને છે માટે તેને દૂર કરો.

જ્ઞાનીઓ કર્મોરૂપી વૃક્ષોને દૂર કરવા કમ્મર કસે છે અને મૂલમાં લૂણો લગાવી દૂર કરે છે તેથી તેઓ સાચા સુખના સ્વામી બની આનંદનો આસ્વાદ લીધા કરે છે કટુક વૃક્ષોને દૂર કર્યા સિવાય અને મધુરા વૃક્ષોને રોપ્યા વિના મીઠાશ કયાંથી આવશે ? નીતિશાસ્ત્ર કહે છે કે, બલવાનને નમસ્કાર કરીને વશ કરવો શૂરાઓને ભેદ પડાવી કબજે કરવો અને સરખે સરખાને પરાક્રમ બતાવીને વશ કરવો. પરંતુ કર્મો તો તમારી આગળ-અન્તરાત્મા બનેલની આગળ કંગાળ છે. તો પછી તેઓને કબજે કરી દૂર હઠાવવા માટે આળસ કરવી જોઇએ નહી. પ્રમાદમાં પડી અગર ઉપેક્ષાવૃત્તિ ધારણ કરશો તો તે કંગાલો કારમો કેર કરશે પછી લહેર કયાં ભાગી જશે તેની ખબર પડશે નહી. પરિગ્રહ તે ભયંકર ગ્રહ છે તેની સદાય વક્રગતિ છે તેથી મૂલ રાશીમાં આવતો નથી. જેમ તેમ પરિભ્રમણ કરવા પ્રયત્નશીલ છે માટે પરિગ્રહ કારમો કેર કરે નહી તે માટે કબજે કરી મૂલ આત્મસ્વરૂપને પ્રાપ્ત કરવા તેનો સહારો લો પણ વધારો નહી. જો વધાર્યા કરશો તો મમતા-અહંકાર તથા ક્રોધાદિને ઉશ્કેરી જે અલ્પ પ્રમાણમાં શક્તિ છે તેનો પણ નાશ કરીને પટકી પાડશે. પાપોનું તથા દુઃખ પીડાનું મૂલ પરિગ્રહ છે. પરિગ્રહના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર રાજ્યના અધિકારીઓ તથા ચોર-ખીસા કાતરનારાઓ નજર ફેરવ્યા કરે છે. અને ટેક્ષ-લાગાઓ નાંખી હેરાન કરવા બાકી રાખતા નથી. અનીચ્છાએ રાજ્યના અધિકારીઓને અને ચોર ગુંડાઓને આપવું પડે છે એટલે પરિગ્રહ વધારવામાં સંતોષ હશે નહી. અને પાપ દુઃખ આવીને ઉલ્ટુ વધ્યું. તેના કરતાં પરિગ્રહ હોય તો પરોપકાર કરો અગર સંતોષ રાખી ધાર્મિક માર્ગને ગ્રહણ કરી ભવિષ્યમાં સારા-મધુરા ફલ મળે તે માટે બલને ફેરવો તેથી જ પરિગ્રહની સફલતા થાય છે. પરિગ્રહ તો પરિણામે ગળે ટુંપો દે એવો છે. ટુંપો લાગવાથી ઘણાય માનવો મરણ પામ્યા.

પોતાના કુલના-પરિવારના રક્ષણ માટે એકનો ત્યાગ કરનાર-ગામ-નગરના રક્ષણ માટે કુલનો ત્યાગ કરનાર તથા દેશ-રાષ્ટ્રના રક્ષણ માટે ગામનો ત્યાગ કરનાર ઘણાએ હોય છે. પરંતુ પોતાના આત્માના રક્ષણ માટે કુલ પરિવાર-તથા ગ્રામાદિનો ત્યાગ કરનાર વિરલ હોય છે. કારણ કે કુલાદિના ત્યાગ કરવામાં યશઃકીર્તિ તથા પ્રશંસાની અભિલાષા હોવાથી આનંદ પૂર્વક તેઓનો ત્યાગ કરી શકે છે. પણ તેઓ અહંકાર-મમતા-અદેખાઈ-નિન્દાદિકનો ત્યાગ કરી શકતા નથી. પરંતુ આત્માના રક્ષણમાં તો અહંતા-માયા-મમતાનો ત્યાગ કરવાનો હોવાથી, એટલે સર્વસ્વનો ત્યાગ હોવાથી તે કુલાદિકનો જ્યારે ત્યાગ કરવાનો અવસર આવે ત્યારે મોહ મુગ્ધ મુંઝવણમાં પડે છે. પરંતુ રાગ-દ્વેષ-મોહાદિકના ત્યાગ કર્યા સિવાય જેનો ત્યાગ કર્યો તેની કિંમત કેટલી ? શરીર વિગેરેનું રક્ષણ કર્યું. પણ શરીરમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહેનાર આત્માને રખડતો મૂકયો તેની સંભાળ કરી નહી, તો જે ત્યાગ કર્યો તેથી શું ? વસ્તુતઃ માયા મમતા અદેખાઇ નિન્દા વિગેરેના ત્યાગમાં સર્વસ્વનો ત્યાગ સમાએલ છે. અને આત્માનું રક્ષણ છે. જ્યારે આયુષ્ય પૂર્ણ થાય છે ત્યારે કુલ પરિવાર વિગેરે સર્વ સંયોગોનો ત્યાગ, અનીચ્છાએ પણ કરવો પડે છે. પણ આત્માનું રક્ષણ કરેલ નહી હોવાથી કર્મોને સાથે લઇને પરલોકે જવાનું હોય છે. એટલે સંસારના સંબંધોના ત્યાગની સાથે અહંકારાદિકનો ત્યાગ કરી આત્માના રક્ષણ માટે પ્રયાસ કરવો તે સત્યત્યાગ છે. આવા ત્યાગથી આત્માનું કલ્યાણ અને સ્વશ્રેય છે. આ ત્યાગ પોતાના કલ્યાણ સાથે સૌના કલ્યાણમાં પણ ઉપકારક છે.

**આંતર જ્યોતિ સમાપ્ત.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



For Private And Personal Use Only